# વેળાવેળાની છાંયડી



સોરઠી જીવનની નવલકથા

# વેળા વેળાની છાંયડી

## ચુનીલાલ મડિયા

હે અલક્ષ્મી રૂક્ષકેશી તુમિ દેવી અચંચલા;
તોમાર રીતિ સરલ અતિ, નાહિ જાન છલકલા.
**રવીન્દ્રનાથ ટાગોર**

**પ્રાપ્તિ સ્થાન**

નવભારત સાહિત્ય મંદિર

જૈન દેરાસર પાસે, ગાંધી રોડ, અમદાવાદ-૧
ફોન: (૦૭૯) ૨૨૧૩૯૨૫૩, ૨૨૧૩૨૯૨૧

૨૦૨, પેલિકન હાઉસ, આશ્રમ રોડ, અમદાવાદ-૯
Email: info@navbharatonline.com
Web: www.navbharatonline.com
fb.com/NavbharatSahityaMandir

Vela Vela ni Chhanyadi
By Chunilal Madia
Navbharat Sahitya Mandir, Ahmedabad, 2019
ISBN: 978-81-8440-219-3

© શ્રીમતી દક્ષા મડિયા

ચૌદમી આવૃત્તિ: ૨૦૧૧
પંદરમી આવૃત્તિ: ૨૦૧૯

પ્રકાશક:
મહેન્દ્ર પી. શાહ
**નવભારત સાહિત્ય મંદિર**
જૈન દેરાસર પાસે, ગાંધી રોડ, અમદાવાદ-૧
ફોન: (૦૭૯) ૨૨૧૩૯૨૫૩, ૨૨૧૩૨૯૨૧
Email: info@navbharatonline.com
Web: www.navbharatonline.com
fb.com NavbharatSahityaMandir

**મૂલ્ય: રૂ. ૩૫૦**

લેઆઉટ/ટાઇપસેટિંગ:

www.e-shabda.com

મુદ્રક: **યશ પ્રિન્ટર્સ, અમદાવાદ**

# નિવેદન

**'જનશક્તિ'** દૈનિકના તંત્રી શ્રી રવિશંકર વિ. મહેતાએ એમના અખબાર માટે નવલકથાની માગણી કરી, ત્યારે મને કલ્પના નહોતી કે દર અઠવાડિયે એકેક હફ્તો લખવાનું કામ કેટલું મુશ્કેલ છે, એ તો નવલકથા અરધે પહોંચી ત્યારે જ ખબર પડી. પછી તો એવું પણ બનતું કે અંક પ્રગટ થવાને આગલે દિવસે એનું પ્રકરણ લખાતું હોય. શ્રી લક્ષ્મણ વર્મા અગાઉથી ચિત્ર તૈયાર કરી નાખે, એના બ્લૉક ગોઠવાઈ જાય પછી એનું લખાણ તૈયાર થાય એવું પણ ઘણી વાર બન્યું છે. કથાની હેમખેમ પૂર્ણાહુતિ કરવામાં શ્રી રવિભાઈ ઉપરાંત ચિત્રકાર શ્રી લક્ષ્મણ વર્મા, 'જનશક્તિ' તંત્રીમંડળના ભાઈઓ શ્રી દોલત દેસાઈ, શ્રી ભગવાનદાસ કાપડિયા, શ્રી ઈશ્વર પંચોલી, શ્રી હરીન્દ્ર દવે, શ્રી ચંદ્રવદન શુક્લ, શ્રી અનિલ કોઠારી, શ્રી રમેશ તિજોરીવાળા, શ્રી જશ શાહ, શ્રી શકુન્ત રાવળ, શ્રી રજનીકાન્ત ઉપાધ્યાય, શ્રી ભાવસાર તથા 'ફ્રી પ્રેસ જર્નલ'વાળા શ્રી શાંતિલાલ શાહનો પણ હિસ્સો છે.

**ચુનીલાલ મડિયા**

## પુનર્મુદ્રણ પ્રસંગે

'જનશક્તિ' અખબારમાં તૈયાર થયેલી આ નવલકથાનું પુનર્મુદ્રણ શક્ય બનાવનાર મારા ચાહક વાચકોનો આ પ્રસંગે હૃદયપૂર્વક આભાર માનું છું.

શ્રી રવિભાઈ વિ. મહેતાએ આ કથાનું અવલોકન આ પુનર્મુદ્રણમાં પણ સામેલ કરવાની રજા આપી છે એ બદલ એમનો ઋણી છું.

**ચુનીલાલ મડિયા**

*

## બીજું પુનર્મુદ્રણ

જાણીતા ચલચિત્ર-નિર્માતા શ્રી સોહરાબ મોદીએ આ કથા પરથી 'સમય બડા બલવાન' નામે હિન્દીમાં ચિત્ર ઉતાર્યું હતું, એની સાભાર નોંધ આ બીજા પુનર્મુદ્રણ પ્રસંગે લઉં છું.

**ચુનીલાલ મડિયા**

*

[આ નવલકથાના અનુવાદ તેમજ નાટ્યકરણ સહિત સર્વ અધિકારો લેખકને સ્વાધીન છે. લેખકના પરિવારની અનુમતિ વિના આ કથાના કોઈ પણ પાત્રનો કે પ્રસંગોનો કોઈ પણ પ્રકારે ઉપયોગ થયો જણાશે તો કૉપીરાઇટનો ભંગ થયો ગણાશે.]

# અનુક્રમ


નિવેદન . . . . . . . . . . . . . . . . . . . ૩

લોકજીવનનો અધ્યાસ . . . . . . . . . . . . . . ૭

૧. ઘોડાગાડીના ઘૂઘરા . . . . . . . . . . . . . ૧૩

૨. વગડા વચ્ચે . . . . . . . . . . . . . . . . ૨૦

૩. ત્રણ જુવાન હૈયાં. . . . . . . . . . . . . . ૨૮

૪. રંગમાં ભંગ . . . . . . . . . . . . . . . . ૩૬

૫. નણંદ અને ભોજાઈ . . . . . . . . . . . . . ૪૧

૬. કરો કંકુના . . . . . . . . . . . . . . . . ૪૯

૭. પંછી બન બોલે . . . . . . . . . . . . . . ૫૮

૮. સાચાં સપનાં . . . . . . . . . . . . . . . ૬૭

૯. કાગળ ને કડાકો. . . . . . . . . . . . . . . ૭૬

૧૦. જીવનરંગ . . . . . . . . . . . . . . . . ૮૩

૧૧. હું તો વાત કહું સાચી . . . . . . . . . . . ૯૧

૧૨. ભાભીનો દિયર . . . . . . . . . . . . . . ૧૦૦

૧૩. કીલો કાંગસીવાળો . . . . . . . . . . . . . ૧૧૩

૧૪. મારો માનો જણ્યો! . . . . . . . . . . . . ૧૨૬

૧૫. 'મલકનો ચોરટો'. . . . . . . . . . . . . . ૧૩૬

૧૬. ઉજળિયાત વરણનો માણસ . . . . . . . . . ૧૪૮

૧૭. આ તો મારા જેઠ! . . . . . . . . . . . . . ૧૫૭

૧૮. વિપદ પડે પણ વણસે નહીં . . . . . . . . . ૧૬૭

૧૯. મારો દકુભાઈ! . . . . . . . . . . . . . . ૧૮૧

૨૦. કામદાર નહીં, કાંગસીવાળો. . . . . . . . . . ૧૯૪

૨૧. મૂંગી વેદનાની મુસ્કરાહટ . . . . . . . . . . . . . ૨૦૪
૨૨. હું લાજી મરું છું . . . . . . . . . . . . . . . . . ૨૧૩
૨૩. પાણી પરખાઈ ગયું . . . . . . . . . . . . . . . ૨૨૫
૨૪. મનોમન . . . . . . . . . . . . . . . . . . . ૨૩૫
૨૫. ઉષાની રંગોળી . . . . . . . . . . . . . . . . ૨૪૩
૨૬. ચંપાનો વર . . . . . . . . . . . . . . . . . ૨૫૬
૨૭. ગમે ત્યાંથી ગોતી કાઢો! . . . . . . . . . . . . . ૨૬૫
૨૮. કામદાર કા લડકા . . . . . . . . . . . . . . . ૨૭૮
૨૯. પ્રારબ્ધનો પરિહાસ . . . . . . . . . . . . . . . ૨૮૯
૩૦. બહેનનો ભાઈ . . . . . . . . . . . . . . . . ૩૦૪
૩૧. હું એને નહીં પરણું!. . . . . . . . . . . . . . . ૩૧૪
૩૨. સંદેશો અને સંકેત . . . . . . . . . . . . . . . ૩૨૪
૩૩. સ્વાર્થનાં સગાંઓ. . . . . . . . . . . . . . . . ૩૩૫
૩૪. પાંખ વિનાની પારેવડી . . . . . . . . . . . . . ૩૪૬
૩૫. જ્યોત ઝગે . . . . . . . . . . . . . . . . . ૩૫૯
૩૬. કોથળીનો ચોર કોણ? . . . . . . . . . . . . . . ૩૭૦
૩૭. બંધમોચન. . . . . . . . . . . . . . . . . . ૩૭૮
૩૮. બાપનો વેરી . . . . . . . . . . . . . . . . . ૩૮૯
૩૯. ઊનાં ઊનાં આંસુ . . . . . . . . . . . . . . . ૩૯૭
૪૦. આગલા ભવનો વેરી. . . . . . . . . . . . . . . ૪૦૫
૪૧. હર્ષ-શોકની ગંગાજમના. . . . . . . . . . . . . . ૪૧૯
૪૨. પ્રાયશ્ચિત્ત . . . . . . . . . . . . . . . . . . ૪૩૨
૪૩. ભગવાને મોકલ્યા! . . . . . . . . . . . . . . . ૪૪૩
૪૪. મોંઘો મજૂર . . . . . . . . . . . . . . . . . ૪૪૮
૪૫. ગ્રહશાંતિ . . . . . . . . . . . . . . . . . . ૪૫૧
૪૬. ઘોડાગાડીના ઘૂઘરા . . . . . . . . . . . . . . ૪૫૭

# લોકજીવનનો અધ્યાસ

**આ** પુસ્તકની પ્રસ્તાવનામાં નવલકથાની સફળ પૂર્ણાહુતિના ખાટસવાદિયા જશભાગીઓની નામાવલિમાં શ્રી મડિયાએ મારા નામનો પણ ઉમેરો કરીને તેનું મૂલ્યાંકન કરવાનું મારું કામ અમુક અંશે અનુચિત બનાવી દીધું છે. છતાં આ અવલોકન લખતાં મને ખાસ ક્ષોભ થતો નથી તેનાં બે કારણ છે: એક, એ કે આ પુસ્તકની 'જનશક્તિ'ના વાચકોને મારે સિફારસ કરવી નથી; કેમ કે એવી સિફારસ તો, આ કથા વાર્તારૂપે આ પત્રમાં પ્રગટ થતી હતી તે દરમ્યાન પ્રત્યક્ષ રીતે સેંકડો અને પરોક્ષ રીતે હજારો વાચકોએ સામેથી મને અને લેખકને કરેલી છે. બીજું, આ વાતનો રસાસ્વાદ એ પ્રસ્તાવના લખાય તે પહેલાં જ હું માણી ચૂકેલ છું. એનું રસદર્શન એ વખતે જે રીતે અને જે કારણોસર થયેલું તેથી વિશેષ અહીં કંઈ કહેવાનો મારો ઉદ્યમ નથી.

આ વાર્તા વાંચવાની શરૂઆત મેં ધંધાદારી ફરજરૂપે કરેલી અને પછીથી વાચનની બેત્રણ આવૃત્તિઓ ધંધાદારી કરતાં રસપિપાસુ વાચક તરીકે જ કરેલી. તે પછીથી વરસેક દિવસે એ જ વાત ફરી પુસ્તક રૂપે હાથમાં આવી ત્યારે એટલા જ રસપૂર્વક ફરીથી વંચાશે કે કેમ એવી થોડી શંકા હતી, પરંતુ ચાલુ વાર્તા તરીકે છપાતી હતી, તેના કરતાં આમાં લેખકે કાંઈ ફેરફાર કર્યા છે કે કેમ, એવી જિજ્ઞાસાથી પાનાંઓ પર નજર નાખવા લાગ્યો; અને શું કરી રહ્યો છું તેની ખબર પડે તે પહેલાં તો આખીયે નવલકથા લગભગ એક જ બેઠકે ફરીથી વંચાઈ ગઈ. આવી એની રસાત્મકતા છે. રસજ્ઞ વાચકની સરેરાશમાં જો મારો સમાવેશ થઈ શકે તો નવલકથાના ગુણની પ્રશંસામાં એથી વિશેષ કાંઈ કહેવાનું ભાગ્યે જ જરૂરી ગણાય.

લલિત વાઙ્મયના કોઈ પણ સ્વરૂપની રસદાયકતા એ એનો પ્રધાન અને નિર્ણાયક ગુણ ગણાય, પરંતુ રસાસ્વાદ અને રસમીમાંસા એ બે અલગ જ વસ્તુઓ છે. આ પાછલો વ્યવસાય શુષ્ક છે, પરંતુ તેને જરૂરી એટલા માટે ગણવામાં આવે છે કે, રસોત્પાદક અંગો કે તત્ત્વોનાં પૃથક્કરણને પરિણામે રસાસ્વાદની માત્રા વધુ તીવ્ર અને તેની અસર વધુ સ્થાયી અને વધુ પરિતોષજનક બને છે, આ દૃષ્ટિએ આ નવલકથામાં જે ગુણો મને દેખાય છે તે ટૂંકામાં આવા છે:

ટૂંકી વાર્તા તેમજ નવલકથામાં કેટલાક લેખકો તેમજ વિવેચકો વસ્તુસંકલના-Plot-anecdoteનું નિર્ણયાત્મક પ્રાધાન્ય લેખે છે. પ્રાધાન્યનો ઇન્કાર તો કોઈથી કરી શકાય નહીં, પણ તેને નિર્ણયાત્મક ગણવાનું મને યોગ્ય નથી લાગતું, જીવનમાં તેમજ કથાઓમાં આપણે સાવ સામાન્ય લાગે દિલધડક-dramatic—જરાય ન લાગે એવા પ્રસંગોમાં પણ અન્યથા જરાય ધ્યાન ન ખેંચે એવાં માણસો કે પાત્રોને સમાચાર કે દુરાચારની દૃષ્ટિએ અસામાન્ય રીતે વર્તતાં જોઈએ છીએ; અને એવો તેમનો—વાણી કે કાર્યનો—વર્તાવ પોતે જ ચિત્તાકર્ષક અને યાદગાર બની જાય છે, એટલે નાટકી પ્રસંગયોજના કે વસ્તુસંકલના લેખકની પાત્રાલેખન, વર્ણન, સંવાદ વગેરેને લગતી શક્તિઓનો ઉત્કર્ષ દાખવવાને વધુ તક પૂરી પાડે છે એટલી જ તેની મહત્તા લેખી શકાય. પરંતુ એ વિના વાર્તા જામે જ નહીં એમ નિરપવાદ રીતે ન કહી શકાય.

એ વિવાદને બાજુએ રાખતાં આ નવલકથાની વસ્તુસંકલના વિશે સાનુકૂલ કે પ્રતિકૂલ અભિપ્રાય ઉચ્ચારવાનું મને શક્ય કે જરૂરી નથી લાગતું.

લેખકે બતાવ્યું છે તેમ આ નવલકથા મૂળ તો તેમની એક નવલિકા પરથી ઊપજી છે; અને એ નવલિકામાં કથાપ્રસંગોનું માત્ર કલેવર જ રજૂ થઈ શક્યું હશે; છતાં, એ દૃષ્ટિએ પણ તે ઘણાંને સંતોષકારક લાગી હતી. એટલે, કથાની વસ્તુસંકલનાને ગુણવિશેષનું પ્રમાણપત્ર ન આપતાં સંતોષકારક ગણીને; વસ્તુસંકલનમાં જે એક વસ્તુ અન્યથા ગૌરવાન્વિત એવી આ કથાને

સહેજ સસ્તી બનાવનાર તરીકે મને ખૂંચી છે તેનો નિર્દેશ કરીને આગળ વધીએ. એ વસ્તુ તે નવલકથાના પ્રવાહમાં શારદાનો પ્રવેશ, શારદા ચંપાનો સંદેશ લઈ નરોત્તમ પાસે આવે અને રમકડાં રૂપી પ્રેમ-પ્રતીકોની બંને વચ્ચે આપલે કરે એ કથાના suspenseને હાનિ પહોંચાડનારું અને સોંઘા લાગણીવેડા જેવું મને લાગ્યું છે. એ એક અપવાદ સિવાય અઘટનીય જેવું અથવા તો કથાના ઉદાત્ત રસ સાથે અસંગત હોય એવું કશું જ મને લાગ્યું નથી.

'જનશક્તિ'ના લગભગ તમામ વાચકો કથાવસ્તુથી સુપરિચિત છે, એવા ખ્યાલથી વસ્તુનો સાર અહીં રજૂ કરવાનું ટાળીને તેનું નિરીક્ષણ માત્ર અહીં રજૂ કર્યું છે, અને એ સમજને આધારે જ કથાનાં બીજાં અંગોના વિવેચનમાં સીધો ઝુકાવું છું.

આ નવલકથામાં મને જો કાંઈ સહુથી વધારે ચિત્તાકર્ષક લાગ્યું હોય તો તેનું સો ટકા શુદ્ધ કાઠિયાવાડી વાતાવરણ છે. બે પેઢી પહેલાંનું કાઠિયાવાડ આમાં તાદૃશ રજૂ થાય છે. એની રેલવે, એનાં વાહનો, રસ્તા, ઘરો, પાત્રો, પ્રસંગો, વર્ણન, સંવાદો અને લોકમાનસ એ બધાં અને બારીકમાં બારીક વિગતો—આ બધાં શુદ્ધ અને સાંગોપાંગ કાઠિયાવાડી છે. આ વૃત્તિમય અને ચિત્રાત્મક વાસ્તવિકતાનો આભાસ એટલો સંપૂર્ણ છે કે આ બધાંનો જેમને ખ્યાલ ન હોય તેમનામાં એ સ્વાનુભવનો રસ જગાવી શકે છે, અને જેમને એવો ખ્યાલ ન હોય તેવા વાચકોને યથાર્થતા-Authenticity—ના ખ્યાલમાં પ્રભાવિત કરે છે. જેને બ્રહ્મની સૃષ્ટિમાં તેનાં સર્જિતોને ઘણુંક પ્રિય-અપ્રિય લાગતું હોવા છતાં કંઈ જ અનુચિત નથી લાગતું, તેમજ શ્રી મડિયાની આ મર્યાદિત સૃષ્ટિમાં વાચકને કશું જ અનુચિત કે અપ્રસ્તુત નથી લાગતું. એને હું લેખકની સર્જક પ્રતિભાનો અસામાન્ય ઉત્કર્ષ લેખું છું.

એવી જ છાપ એમનું પાત્રાલેખન ઉપજાવી રહે છે. રેલવે સ્ટેશન બહાર પરબનું પાણી પાતી વિધવા બ્રાહ્મણ ડોશી કે રેલવે સ્ટેશનને ઘર બનાવી રહેતા ગંજેરી દાવલશા ફકીરથી માંડીને કથાનાયક ઓતમચંદ સુધીનાં નાનાં-મોટાં એકેએક પાત્રમાં ઉપર્યુક્ત યથાર્થતા-Authenticity—નો પૂરો

પ્રત્યય વાચકને ઊપજી રહે છે. દરેક પાત્ર તે મુકાયું છે તેવા પ્રસંગમાં બસ આ રીતે જ વિચારે, બોલે અને વર્તે એવી પ્રતીતિ વાચકોને થાય છે; અને કેવળ પાત્રો જ નહીં, અનામી લોકસમૂહ પણ આવી પ્રતીતિજનક રીતે જ વર્તતો હોય છે અને દરેક પાત્રની બોલીની શુદ્ધ કાઠિયાવાડી શબ્દરચના જ નહીં, પણ એ બોલીનો વળ-tone and texture—એ યથાર્થતાની પ્રતીતિને સંપૂર્ણ બનાવી રહે છે.

પાત્રાલેખન શબ્દ મેં વાપર્યો છે; પરંતુ શ્રી મડિયાએ અહીં રજૂ કરેલાં પાત્રો વિશે તે યોગ્ય રીતે વાપરી શકાય કે કેમ એ શંકાયુક્ત છે. 'પાત્રાલેખન' શબ્દમાં લેખકની સર્જક અહંતાનો ભાવ कर्तुं अकर्तुं अन्यथाकर्तुं समर्थ એવો ઈશ્વરભાવ રહેલો છે. શ્રી મુનશીનાં અને બીજા કેટલાક સમર્થ લેખકોનાં પાત્રાલેખનમાં આવો ઈશ્વરભાવ અંતર્ગત રહેલો દેખાય છે. પાત્રો અંગેની શ્રી મડિયાની સર્જકપ્રતિભા આથી જુદા પ્રકારની દેખાય છે. પ્રકૃતિને ચાલના આપી તેના સ્વભાવગત નિયમાનુસાર રચાતી અને કર્માનુસાર શુભાશુભ યોગો પામતી સૃષ્ટિ વિશે બ્રહ્મા જેમ નિરપેક્ષ હોય છે તેવું માનસ લેખકનું જણાય છે. ચોક્કસ પાત્રોનો સંભવ સ્વીકારી લીધા પછી સ્વભાવાનુસાર રચાતી તેમની લીલાના લેખક સમતા અને સહાનુભૂતિપૂર્ણ સાક્ષી બની રહે છે. બધાં જ નાનાંમોટાં પાત્રો પ્રત્યે તેમની આત્મીયતા હોય છે અને પોતાના કથનકૌશલ્યથી તેઓ એ આત્મીયતા વાચકોમાં પણ જગાવી શકે છે. આ વાર્તાના પ્રસંગો અને પાત્રો વિશે વાસ્તવિકતા અને પરિચિતતાનો જે અધ્યાસ હજારો વાચકોને ઊપજ્યો છે, તેનું રહસ્ય આ છે.

અને કેવી મનમોહક એ સૃષ્ટિ છે! ઓતમચંદ, કીલો કાંગસીવાળો, નરોત્તમ, એભલ આયર, મંચેરશા, ચંપા, લાડકોર, હીરી આહીરાણી, મીઠીબાઈ સ્વામી વગેરે શ્રેયાર્થી માનવતાની જીવંત જ્યોત જેવાં પાત્રો: કપૂરશેઠ, વશરામ ગાડીવાળો, બટુક, સંતોકબા, જસી, સમરથ વગેરે સરેરાશ માનવતાના નમૂના જેવાં પાત્રો; અને મકનજી મુનીમ, મનસુખલાલ, દકુભાઈ વગેરે સ્વભાવદુષ્ટ પાત્રો; એ બધાં જ પોતપોતાની જીવનલીલા અહીં વ્યક્ત કરે છે. તેમનાં ચરિત્રો

પ્રત્યે વાચકને આદર કે અનાદરની લાગણીઓ જાગે છે, પણ આત્મીયતા-સ્વાનુભવરસિકતા—જેવું તો બધાં જ ને વિશે લાગે છે. લેખકની ચરિત્ર-ચિત્રણકલાનું એ કામણ છે.

મારા મતે નવલકથાનાં આ મુખ્ય તત્ત્વો વાસ્તવિક જીવનનો એક ખૂબ જ સંમોહક અધ્યાસ ઊભો કરે છે. કથાનાં તમામ પ્રસંગો અને પાત્રો કલ્પિત છે એ લેખકની વાત સાચી છે. છતાં બે'ક પેઢી પહેલાંના સૌરાષ્ટ્રના મધ્યમવર્ગીય જીવનનો એવો યથાર્થ અને તાદશ ચિતાર તેઓ રજૂ કરે છે કે તેને સૌરાષ્ટ્રના લોકજીવનના ચોક્કસ સમય અને સમાજજીવનના ચોક્કસ ખંડનું દસ્તાવેજી ચિત્ર ગણી લેવામાં લેશમાત્ર અનૌચિત્ય ન ગણાય. હજારો વાચકોએ—જેમાં આ લખનારનો પણ સમાવેશ થાય છે—તેને એવું ગણ્યું જ છે. વાસ્તવિક જીવનનો આવો અધ્યાસ ઊભો કરવો એ સર્જનાત્મક લેખનની કૃતકૃત્યતા લેખાય. એવી કૃતકૃત્યતા શ્રી મડિયાએ આ લખીને અનુભવી હશે અથવા તેમણે અનુભવવી જોઈએ.

રવિશંકર વિ. મહેતા

...A writer should create living people, not characters. A character is a caricature. If writer can make people live there may be no great characters in his book, but it is possible that his book will remain as a whole, as an entity...

Ernest Hemingway

*

દેખ ગુલશન કી તરફ, દેખ જરા લુત્ફે બહાર
રક્સ કરના હૈ તો ફિર પાંવ કી જંજીર ન દેખ.

'મજરૂહ' સુલતાનપુરી

*

ન ફિર હમ ન અપસાનાગો અય શબે ગમ!
સહર તક હૈ કિસ્સા તમામ અપના અપના.

'શાદ' અજીમાબાદી

A novel is great and good in direct proportion to the illusion it gives of life and a sense of living. It is great in direct proportion to the degree it enfolds the reader and permits him to walk in imagination with the people of an artificial but very real world, sharing their joys and sorrows, understanding their perplexities...

Johan P. Marpuand

૧

# ઘોડાગાડીના ઘૂઘરા

**વાઘણિયાની** સીમમાં અત્યારે ઓતમચંદ શેઠની ઘોડાગાડીના ઘૂઘરા વાગતા હતા. વાઘણિયાથી અમરગઢ સ્ટેશન સુધીનો ગાડામારગ ગાજી ઊઠ્યો હતો.

આડે દિવસે તો આ મારગ ઉપર ભાગ્યે જ એકાદબે ગાડાં, બે-ચાર પગપાળા ખેડૂતો કે ખેપિયા, સરકારી 'બીંડલ' લઈને જતો અસવાર અને ટપાલ ખાતાનો પગપાળો હેલકારો પસાર થતાં હોય. એ સિવાય સીમમાં સામાન્ય રીતે સૂનકાર જ છવાયો રહેતો. કોઈ વાર ભરવાડનો છોકરો દર્દભરી વાંસળી વગાડે, કોઈ રડીખડી ગાય બાંબરડું નાખે કે ધણખૂંટ ભાંભરે, એ સિવાય આખી સીમ જાણે કે સૂની જ રહેતી.

પણ અત્યારે અસલ જાતવંત ઘોડાના ડાબલાએ દિશાઓ ગજાવી મૂકી હતી. વેંત વેંત ઊંડા ધૂળના થર ભરેલ એ કાચા મારગ પર ઘોડાના ડાબલા પડતાં ખેપટ ઊડતી હતી.

માથોડું માથોડું ઊંચી ચડતી ડમરીમાંથી ધૂળના રજકણ ઊડીને ઘોડાગાડીની અંદર આવતા હતા અને ચારપાંચ વરસની ઉંમરના એક કિશોરની આંખમાં ભરાતા હતા. પણ કિશોર ઘોડાગાડીની સહેલનો એવો તો શોખીન હતો અને અત્યારે મારગની બેય બાજુએ પથરાયેલાં હરિયાળાં ખેતરોનાં દશ્યો જોવામાં એ એવો તો ગુલતાન હતો કે ધૂળના ગોટાને એ ગણકારતો નહોતો.

'કાકા, કાકા, ઓલ્યું જાય એ શું કે'વાય? ખેતરમાં ઝડપભેર પસાર થતા એક ચોપગા પ્રાણી તરફ આંગળી ચીંધીને કિશોરે ગાડીમાં બેઠેલા એક મોટેરા માણસને પૂછ્યું.

'એનું નામ હરણ... ...' કાકાએ સાવ સરળ જવાબ આપ્યો.

ગાડીની અંદર કાકો-ભત્રીજો આવી ગોષ્ઠી કરી રહ્યા હતા ત્યારે આગલી બેઠક પર ગાડી હાંકનાર વશરામે ગેલમાં આવી જઈને પોતાને મનગમતા નાટકના ગીતની લીટી છેડી હતી:

*સુણો દિલ્લી તખત ધરનાર*
*ક્ષત્રી કલંક કેમ લેશે રે...*
*મારે ઘેર છે પતિવ્રતા નાર,*
*ક્ષત્રી કલંક કેમ લેશે રે...*

'કાકા, મારે ગાડી હાંકવી છે,' કિશોરે રઢ લીધી.

'ગાડી ન હંકાય, પડી જવાય.'

'ના, ન પડાય. મારે ગાડી હાંકવી છે,' રુદનનો અભિનય કરીને કિશોરે આગ્રહ કર્યો.

વશરામે પોતાના પ્રિય ગીતની લીટી અધૂરી મેલીને કહ્યું: 'નાના શેઠ, બટુકભાઈને રોવરાવો મા. ભલે મારા ખોળામાં બેસે. ઘડીક લગામ ઝાલશે તો એનું વેન ભાંગશે.'

ગાડી ઘડીક વાર ઊભી રહી. વશરામે પાછળ ફરીને બટુકને તેડી લીધો અને 'હાલો, ગાડી હાંકો, બટુકભાઈ!' કરતોકને એને પ્રેમપૂર્વક પોતાના ખોળામાં બેસાડી દીધો.

બટુક રાજી રાજી થઈ ગયો. એના ટચૂકડા હાથમાં વશરામે ઘોડાની લગામ પકડાવી—બલકે પકડાવી હોવાનો દેખાવ કર્યો. અને ફરી ગાડી અમરગઢ સ્ટેશનને મારગે મારમાર કરતી ઊપડી.

ધૂળિયા રસ્તા પર પડતા ઘોડાના ડાબલાના પેલા તબડક તબડક અવાજ અને ડોકે બાંધેલ ઘૂઘરાના ઘેરા રણકાર સાંભળીને મારગના કાંઠા પરનાં ખેતરમાં કામ કરતા ખેડૂતો ઘડીભર કામકાજ છોડીને શેઢે આવી ઊભા રહેતા અને આ રજવાડી વાહન જોઈને ક્ષણભર આનંદ, આશ્ચર્ય અને અહોભાવ અનુભવી રહેતા. કાઠિયાવાડની ધરતી

પર હજી 'તેલની ગાડી'-મોટર-નું આગમન નહોતું થયું. ઓતમચંદ શેઠની આ 'ફેટન' ઘોડાગાડી પણ હજી મોટાં મોટાં રજવાડાં અને ગણ્યાગાંઠ્યા ધનિકોને આંગણે જ આવી શકી હતી. બળદગાડીની સંસ્કૃતિમાં ઘોડાગાડી પણ એક કૌતુક હતું.

તેથી જ, આ કૌતુક જોવા માટે ભથવારીઓ માથા પરની દોણી-તાંસળી ઝાલીને ઊભી રહી જતી હતી. વગડો કરવા નીકળેલી ડોસીઓ અડાયાં-કરગઠિયાંનો ભારો હેઠો મેલીને કપાળ પર હથેળીનું છાજું ગોઠવી, આ ચાર પૈડાંવાળી નવતર ગાડીનું નિરીક્ષણ કરી રહેતી અને પછી ઉદ્‌ગારો કાઢતી:

'આ તો વાઘણિયાવાળા ઓતાશેઠની ગાડી...'

'ને માલીપા બેઠો'તો ઈ કોણ?'

'ઈ ઓતાશેઠનો નાનો ભાઈ, નરોત્તમભાઈ.'

'નાનો ભાઈ? પેઢીમાં તકિયે બેહે છે ઈ? છોકરો મોટો થઈ ગયો!'

'વરહને જાતાં શું વાર લાગે? માબાપ તો બચારાને સાવ નાનકડો મેલીને મરી ગ્યાં'તાં. ઓતાશેઠે નાના ભાઈને ઉછેરીને મોટો કર્યો. ભાઈ માનો જણ્યો હતો, પણ ભોજાઈ તો પારકી જણી કે'વાય ને! પણ લાડકોર શેઠાણીએ નાનકડા દેરને સગા દીકરાથીયે સવાયો ગણીને ઉછેર્યો. આજે આ છોકરે વેપારનો સંધોય ભાર ઉપાડી લીધો.

વશરામ મસ્ત બનીને ગીત ગાતો હતો. બટુક આ ગાડીવાનના ખોળામાં કૂદી કૂદીને ઘોડાને જાણે કે પોતે જ દોડાવી રહ્યો હોય એવો સંતોષ અનુભવતો હતો. નરોત્તમ થોડી વારમાં જ ટ્રેનમાંથી ઊતરનાર અમરગઢના મહેમાનો અંગે કલ્પનાઓ કરી રહ્યો હતો.

વચ્ચે આવતા કોઈ ગામડાના પાદરમાં રમતી નાગાંપૂગાં છોકરાંની ટીણિયાંટોળી આ જાજરમાન ઘોડાગાડી જોઈને આનંદની ચિચિયારી કરી ઊઠતી હતી. કોઈ કોઈ ભારાડી છોકરા તો આ નવતર

વાહનની સહેલગાહ માણવા ગાડીની પછવાડે ટિંગાઈ પણ રહેતા હતા.

બટુકને આજે આનંદનો દિવસ હતો. જ્યારથી ઓતમચંદ શેઠે ઘરઆંગણે ગાડી બાંધી ત્યારથી વશરામે આ કિશોરને ઘોડાગાડીનો—અને પોતાનો પણ—એવો તો હેવાયો કરી મેલ્યો હતો કે અણસમજુ બટુક આખો દિવસ ગાડીમાં જ ફર્યા કરતો. વહાલસોયા વશરામે બટુકને માત્ર ગાડીમાં બેસવાનું જ નહીં, ગાડી હાંકવાનું પણ બંધાણ કરાવી દીધું હતું.

અત્યારે પણ બટુકને ઘોડાની લગામ પકડવાથી જ સંતોષ નહોતો થતો. થોડી વારમાં એણે વશરામને હુકમ કર્યો:

'સોટી લાવો, સોટી!'

વયોવૃદ્ધ વશરામે આ બાળાશેઠને રાજી કરવા એના ટચૂકડા હાથમાં નેતરની સોટી પકડાવી દીધી.

હવે બટુક ખરેખર રંગમાં આવ્યો હતો. 'ચાલ, ઘોડા, ચાલ!' કરીને ઘોડાની પીઠ પર સબોસબ સોટી સબોડતો જતો હતો.

હટાણે નીકળતા પરિચિત ખેડૂતો ગાડી હાંકતા આ બાળકને ઓળખી કાઢતા અને કહેતા હતા: 'કોણ બટુકભાઈ કે?' અને પછી પ્રશંસા અને આનંદ વ્યક્ત કરતા હતા: 'વાહ બહાદુર, વાહ!'

કોઈ વછિયાતી વેપારી સામે મળતાં પૂછતા હતા:

'કાં નરોત્તમભાઈ? કેની કોર?'

નરોત્તમ જવાબ આપતો: 'મેંગણીવાળા કપૂરશેઠ ટેસણે ઊતરે છે, સામો જાઉં છું.'

'વાસ્તુ ઉપર આવતા હશે!'

'હા, હા.'

'ભલે, ભલે ભાઈ, પૂગો ઝટ. આજે રેલ અઢી જ કલાક મોડી છે એટલે અબઘડીએ આવી પૂગશે.'

રાબેતા મુજબ અઢી કલાક 'લેટ'ની ગણતરીએ જ વાઘણિયાથી નીકળેલા નરોત્તમને થયું રખેને ટ્રેન અઢી કલાકથી વધારે મોડી ન થાય તો તો કદાચ ચૂકી પણ જવાય. એણે વશરામને હુકમ કર્યો:

'હવે બટુકને ખોળામાંથી હેઠો ઉતારીને જરાક ઝપાટો કર. ગાડી આવી પૂગશે ને આપણે મોડા પૂગશું તો કપૂરશેઠને માઠું લાગશે....'

વશરામે અનિચ્છાએ બટુકના હાથમાંથી લગામ લીધી. બટુકે એ સામે ઘણો વિરોધ કર્યો પણ હવે તો ઝડપભેર સ્ટેશન પર પહોંચ્યા વિના છૂટકો જ નહોતો. વશરામે ગીત ગાવાનું પણ માંડી વાળી ગાડીની ઝડપ વધારી.

'જગડિયાની સીમમાં ધુંવાડા દેખાય છે, નરોત્તમે દૂર દૂર દેખાતી ટ્રેન અંગે વશરામને નિર્દેશ કર્યો.

વશરામે બટુકના હાથમાંથી પોતાની સોટી પાછી લઈ લીધી અને ઘોડાની પીઠ ઉપર સબોડી. ગાડી પૂરપાટ ઊપડી...

...અને સાથે સાથે નરોત્તમના ચિત્તમાં વિચારસંક્રમણ પણ પૂરપાટ શરૂ થયું.

નરોત્તમ વિચારતો હતો: ઉતારવા જવા માટે તો મોટા ભાઈએ મકનજી મુનીમને તૈયાર કર્યો જ હતો... પણ છેલ્લી ઘડીએ ભાભીએ મુનીમને બદલે મને શા માટે આ કામ સોંપ્યું હશે?'

'કાકા, કાકા, કાગડો!' ગાડીમાં બેઠેલો બટુક બોલતો હતો, પણ અત્યારે એ અણસમજુ છોકરાને 'હા બેટા, કાગડો!' જેવો ઔપચારિક ઉત્તર આપવાનો પણ કાકાને અવકાશ ક્યાં હતો!

ઓછાબોલાં અને સગી માતાથીયે અદકાં પ્રેમાળ લાડકોરભાભી ભાગ્યે જ કોઈ વાર પોતાના અધિકારની રૂએ લાડકા દિયરની મશ્કરી કરતાં. પણ આજે વાઘણિયેથી ઘોડાગાડી ઉપાડતાં પહેલાં ભાભીએ નરોત્તમને નજીક બોલાવીને આંખો નચાવતાં નચાવતાં કાનમાં જે હળવી ફૂંક મારેલી એ શબ્દો સાંભળીને નરોત્તમના

કાનની બૂટ લાલ લાલ થઈ ગયેલી. અત્યારે પણ ભાભીનું એ વાક્ય યાદ આવતાં નરોત્તમ ગાડીમાં બેઠો બેઠો જાણે કે મુગ્ધાની જેમ શરમ, સંકોચ, ક્ષોભ અને એ સહુને પરિણામે કોઈક વિચિત્ર પ્રકારનો આહ્‌લાદ પણ અનુભવી રહ્યો હતો.

આવા વિચિત્ર રીતે નિશ્ચિત ભાવો અનુભવવાનું કારણ એ હતું કે અમરગઢ સ્ટેશને ઊતરનાર મહેમાનો અંગે નરોત્તમ કલ્પનાના ઘોડા દોડાવી રહ્યો હતો.

'કાકા, ઓલ્યું ઝાડ ઉપર બેઠું છે એને શું કહેવાય?'

વિચારોના સુમધુર સંક્રમણમાં આ અણસમજુ કિશોર ખલેલ કર્યા કરતો હતો, પણ નરોત્તમ અત્યારે કલ્પનાના કેફમાં આવી ખલેલોને ગણકારતો નહોતો.

પણ બટુક આજે કાકાના કલ્પનાવિહારમાં સતત વિઘ્નો નાખવાનો નિર્ધાર કરીને જ બેઠો હતો. મૌખિક પ્રશ્નના ઉત્તરો ન મળતાં એણે આખરે કાકાને બે હાથ વડે હલબલાવી હુકમ કર્યો:

'કાકા, મારી આ પી-પી ખોટકાઈ ગઈ, વાગતી નથી. સમી કરી આપો ને!'

કલ્પનાના ઉડ્ડયનમાંથી ધરતી પર ઊતર્યા વિના નરોત્તમને છૂટકો જ નહોતો. બટુકનો બંધ પડી ગયેલો પાવો ફરી વાગતો કરવા માટે એમાં ફૂંક મારીને કચરો સાફ કરતાં કરતાં નરોત્તમની નજર દૂર દૂર દેખાતા રેલવે સિગ્નલ ઉપર ગઈ અને એ એકદમ બોલી ઊઠ્યો:

'વશરામ, વશરામ, પણે જો, હાથલો પડી ગયો છે. ગાડી આવતી લાગે છે. દબાવ જરા, દબાવ!'

વશરામે ઘોડાને એક વધારે સોટી લગાવી. પાણીપંથો ઘોડો તો આમેય પૂરપાટ જતો જ હતો પણ હવે એનો વેગ અદકો વધ્યો.

અને છતાં નરોત્તમને લાગતું હતું કે ગાડી આજ સાવ ધીમી ચાલે છે.

વશરામ સમજતો હતો કે નાનાશેઠને અમરગઢ સ્ટેશને આંબવાની ઉતાવળ છે—મહેમાનોને ઉતારીને ઘોડાગાડીમાં બેસાડવાની ઉતાવળ છે. સાચી ઉતાવળ શી હતી એ તો એકલો નરોત્તમ જ જાણતો હતો.

*

૨

## વગડા વચ્ચે

**અમરગઢ** સ્ટેશનને હજી પ્લૅટફૉર્મ નહોતું સાંપડી શક્યું. ખુલ્લા ખેતરમાં રેલવેનો એક જ પાટો પસાર થતો હતો અને બાજુમાં એકઢાળિયા ખોરડા જેવું છાપરું ઊભું કરી દેવાયેલું એને જ સ્ટેશન ગણીને લોકો સંતોષ માનતાં હતાં. આ પંથકમાં દાનવીર ગણાતા ઓતમચંદ શેઠે ઉતારુઓની સગવડ સાચવવા 'બ્રાહ્મણિયા પાણી'ની પરબ બંધાવેલી. એની છાપરીમાં એક મોટીબધી નાંદ ને ત્રણચાર માટલાં પડ્યાં રહેતાં.

માથે મુંડો કરાવેલી એક બ્રાહ્મણ ડોસી ટ્રેનના અવરજવરને સમયે ઉતારુઓને પાણી પાતી.

અમરગઢની આજુબાજુમાં ઉપરવાડિયાં ગામ ઘણાં હોવાથી અને રાતવરતની ગાડીનાં છડિયાંઓને રાતવાસાની બહુ અગવડ પડતી હોવાથી સ્ટેશનથી એકાદ ખેતરવા આઘે પડતર ખરાબામાં ઓતમચંદ શેઠે કૂવો ખોદાવીને પાઘડીપને લાંબી ઓસરી ને થોડાક ઓરડા ઉતારેલા. અલારખા નામના એક મકરાણી પગીને આ 'ધરમશાળા'ની દેખભાળ સોંપવામાં આવેલી. આ સાર્વજનિક સ્થળે ગરીબગુરબાં, બાવાસાધુ અને અપંગ-અભ્યાગતો તો કાયમના અડિંગા નાખીને પડ્યાં જ રહેતાં અને એવા ખુદાબક્ષોને ખાતર ઓતમચંદ શેઠે તાજેતરમાં રોજની એક ટંક ખીચડીનું સદાવ્રત પણ શરૂ કરેલું.

ઘોડાગાડી હજી તો સ્ટેશનથી આવી હતી ત્યાં જ ઘૂઘરા સાંભળીને સહુના કાન ચમકી ઊઠ્યા. 'ઓતમચંદ શેઠ આવતા લાગે છે!'

સ્ટેશનનાં પગથિયાં પાસે વશરામે ગાડી થોભાવી કે તરત જ

એને ચારે બાજુથી લોકો ઘેરી વળ્યાં. એ ટોળામાં ખુદ સ્ટેશન માસ્તર હતા, પરબ પર બેસનાર કંકુડોસી હતી, અલારખો પગી હતો, કેટલાંક નવરાં કુતૂહલપ્રિય માણસો હતાં. મોટા શેઠ પાસેથી કશીક ખેરાત મળશે એવી આશાએ એકાદબે ફકીરફકરા પણ આવી પહોંચ્યા હતા.

પણ ઘોડાગાડીમાં ઓતમચંદ શેઠને બદલે નાનાશેઠ અને બટુકને જોઈને આ સહુ નિરાશ થયાં. જોકે એક લંગડા માણસે તો નરોત્તમને પણ આશીર્વાદ આપીને બદલામાં 'એક કાવડિયું આપશો, બાપા?' કહીને યાચના કરી જોઈ, પણ સામેથી ભખભખ કરતી ગાડીનું એન્જિન સિગ્નલ સુધી આવી પહોંચ્યું હોવાથી નરોત્તમ ઝડપભેર બટુકને લઈને પાટા નજીક પહોંચી ગયો.

જૂના મૉડેલનું, બે હાથ ઊંચા ભૂંગળાવાળું ઍંજિન છકછક છાકોટા નાખતું નજીક આવ્યું કે તરત જ નીચે ઊભેલાં ગામડિયાં ઉતારુઓ થડકી ઊઠ્યાં ને થોડાં ડગલાં પાછાં હઠી ગયાં. ગાડીમાંથી મેંગણીવાળા કપૂરશેઠ ઊતર્યા. સાથે એમનાં પત્ની સંતોકબા, મોટી પુત્રી ચંપા અને નાનકડી પુત્રી જસી પણ ઊતર્યાં.

બીજા થોડાક ખેડૂતો અને એકાદબે ટિકિટ વિના જ પ્રવાસ કરનાર ખુદાબક્ષ બાવાસાધુને બાદ કરતાં આજે ટ્રેનમાંથી ઊતરનાર મુખ્ય ઉતારુઓમાં કપૂરશેઠનું કુટુંબ જ ગણી શકાય. જાણે કોઈ રાજામહારાજાનું આગમન થયું હોય એવી અદબ અને અહોભાવથી લોકો આ આગંતુકોને જોઈ રહ્યાં. ખુદ સ્ટેશન માસ્તર પણ દરવાજે ઊભીને બીજાં છડિયાંની ટિકિટો ઉઘરાવવાને બદલે ઓતમચંદ શેઠના આ મહેમાનોની તહેનાતમાં આવી ઊભા. સાંધાવાળો 'લાઇન-ક્લીઅર'નો કાગળિયો ઍંજિન-ડ્રાઇવરને આપી આવીને આ શેઠિયાઓનો સરસામાન ઊંચકવા આવી પહોંચ્યો. પરબ પર બેઠેલાં કંકુમાએ ઝટપટ જમીન પરથી ધૂળ લઈને કળશા પર હાથ ફેરવી,

વીછળી નાખ્યો અને ટાઢા ગોળામાંથી પાણી ભરી, હાથમાં બેત્રણ પ્યાલા લઈને શેઠિયા મહેમાનને પાણી પાવા આવી ઊભાં.

અમરગઢના ભૂખડીબારસ જેવા સ્ટેશન પર ભાગ્યે જ જોવા મળતાં આવાં ઉજળિયાત ઉતારુઓથી લોકો એવાં તો અંજાઈ ગયાં હતાં કે જોતજોતામાં તો મહેમાનોની આસપાસ ખાસ્સું ટોળું જામી ગયું. આજુબાજુ રખડતાં નાગાંપૂગાં છોકરાં પણ આ આગુંતકોને ઘેરી વળ્યાં. સાંધાવાળાના ઘરનાં બૈરાંઓ પણ લાજના ઘૂમટા આડેથી આ મોટા ઘરનાં માણસોને નીરખવાનું કુતૂહલ રોકી ન શક્યાં.

મહેમાનોનો સરસામાન ઉપાડીને ઘોડાગાડીમાં મેલવા માટે સંખ્યાબંધ 'સ્વયંસેવકો' તૈયાર થઈ ગયા. ઘણાખરા માણસો તો સીધી યા આડકતરી રીતે ઓતમશેઠના આશરાગતિયા જેવા હોવાથી પોતાના એ આશ્રયદાતાને સારું લગાડવા થનગની રહ્યા હતા. ખુદ સ્ટેશન માસ્તરે મહેમાનોની ભાતાની પેટી ઉપાડવાનો વિવેક કરી જોયો પણ સમજુ નરોત્તમે એમને અટકાવ્યા.

આ પ્રદેશમાં ચાનું પીણું હજી તાજું જ દાખલ થયેલું અને લોકોને મન આ નવા પીણાનો મહિમા બહુ મોટો હતો તેથી એક લોહાણો ડોસો 'ભ્રામણિયા ચા'ની કીટલી અહીં ફેરવતો એ પણ અત્યારે શેઠિયા માણસની કૃપાદૃષ્ટિ પ્રાપ્ત કરવાની લાલચે કીટલી લઈને આવી પહોંચ્યો અને પિત્તળનાં કપ-રકાબીમાં ફરફરતી ચા રેડવા જતો હતો, પણ ધર્મચુસ્ત કપૂરશેઠે એને બે હાથ જોડીને સંભાળવી દીધું: 'અમારે ચા પીવાની અગડ છે.' અને પછી આવશ્યકતા નહોતી છતાં અગડનું કારણ ઉમેર્યું: 'કિયે છે કે ચાના બગીચામાં ભૂકી ઉપર લોહીનો પટ દિયે છે એટલે ઉકાળાનો રંગ રાતોચોળ થાય છે.'

ખુલાસો સાંભળીને આજુબાજુમાં કેટલાક માણસો મૂછમાં હસ્યા ને બીજા કેટલાકને મહેમાનની આવી ધર્મપરાયણતા પ્રત્યે આદર ઊપજ્યો.

આખરે વશરામે જ મહેમાનનો સરસામાન ઉપાડી લીધો અને

ઘેરામાંથી જગ્યા કરતો નરોત્તમ આગળ વધ્યો.

'અરે બટુક ક્યાં ગયો, બટુક?' નરોત્તમ બોલી ઊઠ્યો: 'હજી હમણાં તો મારી આંગળીએ હતો ને!'

થોડી વાર તો સહુ ઘાંઘાં થઈ ગયાં અને બટુકની ગોતાગોત કરવા લાગ્યાં. પણ ત્યાં તો સામાન લઈને ઘોડાગાડી સુધી પહોંચી ગયેલ વશરામની બૂમ સંભળાઈ:

'એ... ફકર કરો મા, બટુકભાઈ તો આંયાંકણે આવી ગયા છે!'

જોયું તો ગાડીમાં વશરામની બેઠક ઉપર બટુક હાથમાં લગામ ઝાલીને છટાપૂર્વક બેઠો હતો અને ઘોડાને દોડાવવા વશરામની નકલ કરીને મોઢેથી બચકારા બોલાવતો હતો, પણ બટુક કરતાં વધારે સમજુ ઘોડો જરાય ચસતો નહોતો.

'એલા, તું તો મોટો થાતાં સાઈસ થાઈશ, સાઈસ,' નરોત્તમે ભત્રીજાને હસતાં હસતાં સંભળાવી અને સહુ ગાડીમાં ગોઠવાયાં.

ટોળું ફરી વાર ગાડીને ઘેરી વળ્યું. હવે તો ધીરગંભીર નરોત્તમને પણ આ ગુંદરિયા લોકો પ્રત્યે જરા અણગમો ઊપજ્યો. અણગમો ઊપજવાનું એક કારણ એ પણ હતું કે આ ટોળાબંધીને કારણે નરોત્તમ મહેમાનો સાથે હજી સુધી મોકળે મને વાત સુધ્ધાં કરી શક્યો નહોતો. વશરામે બટુકભાઈને ખોળામાં લઈને ધીમેથી ગાડી આગળ ચલાવી છતાં થોડાક આશરાગતિયા લોકો તો ગાડીનો કઠેરો ઝાલીને આગળ આગળ ચાલવા લાગ્યા. કોઈએ કહ્યું કે હું સવારનો ભૂખ્યો છું. બીજાએ કહ્યું કે પહેરવાનું સાજું લૂગડું નથી. ત્રીજાએ કહ્યું કે બાયડી માંદી છે ને મને આંખે ઝાંખ આવે છે. આ રગરગતા ભિક્ષુકોની ઉપર ઉદારદિલ નરોત્તમને પણ અત્યારે દાઝ ચડી. એમને ટાળવા માટે એણે પત્રમ્ પુષ્પમ્ વડે પતાવ્યા.

'મલકમાં માગણ બહુ વધી ગયાં,' કપૂરશેઠે ટાહ્યલા જેવું વાક્ય ઉચ્ચાર્યું અને પછી અંતકડીની જેમ 'માગણ' શબ્દના અનુસંધાનમાં

પોતાને એક કહેવત યાદ આવી ગઈ એ પણ ઓચરી નાખી: 'માગણ થવામાં ત્રણ ગુણ: નહીં વેરો, નહીં વેઠ, માગણ માગણ સહુ કરે ને સખે ભરે પેટ.

ઓછાબોલા નરોત્તમે આવા અસંબદ્ધ વાર્તાલાપમાં કશો ભાગ ન લીધો તેથી કપૂરશેઠ જરા છોભીલા પડી ગયા અને બોલવા ખાતર જ બોલી નાખ્યું:

'અમારે મેંગરીમાં આટલા બધા માગણ નહીં... આંઈ તો આટલા બધા—

'અરે, હજી તો ઓછા છે, શેઠ!' વચમાં વશરામ બોલ્યો: 'હજી તો વાઘણિયે પૂગશું તંયે ખબર પડશે માગણની તો. વાસ્તુનું નામ સાંભળીને ગામેગામથી માગણની નાત્યું ઊમટી પડી છે—જમણવારની એંઠય આરોગવા—'

'મારી ચંપાને વાઘણિયું જોવાનું બવ મન હતું. કેદુની કૂદી રઈ'તી,' કપૂરશેઠનાં ધર્મપત્ની સૌ. સંતોકબા ઓચર્યાં.

ચંપા ક્યારની ચોરીછૂપીથી નરોત્તમ સામે જ તાકી રહી હતી. એ આ ટકોર સાંભળીને શરમથી પાંપણ ઢાળી ગઈ.

હવે એ ઢાળેલી પાંપણવાળા પુષ્ટ ફૂલગુલાબી પોપચાં ભણી તાકી રહેવાનો વારો નરોત્તમનો હતો.

'મેં તો કીધું કે હમણાં મોસમ ટાણે મારાથી દુકાન રેઢી મેલાય નહીં. પણ ઓતમચંદ શેઠે ભારે તાણ્ય કરીને તેડાવ્યાં. લખ્યું કે તમારા આવ્યા વિના વાસ્તુનું મુરત નહીં થાય એટલે અમારે નીકળવું પડ્યું,' કપૂરશેઠ આવાં વિવેકવાક્યો ઉચ્ચારી રહ્યા હતા પણ નરોત્તમ ભાગ્યે જ એમાંથી એકાદો શબ્દ સમજ્યો હશે અથવા સમજવાનો પ્રયત્ન કર્યો હશે. માત્ર મહેમાનના માન ખાતર એ 'હં... હં...' કરીને યંત્રવત્ હોંકારો ભણ્યે જતો હતો.

એનું ચિત્ત તો અત્યારે ચંપાના ચંપકવરણા દેહ ઉપર ચોંટ્યું હતું.

ફરી પાછી વાઘણિયાની સીમ ઘૂઘરાના ઘેરા નાદથી ગુંજી ઊઠી.

ફરી વશરામે ગેલમાં આવી જઈને ગીત ઉપાડ્યું.

ફરી બટુક ખેતરમાં દેખાતાં પશુપક્ષી ભણી આંગળી ચીંધીને નરોત્તમને પૂછવા લાગ્યો: 'કાકા, કાકા, ઓલ્યું ઊડે છે એને શું કે'વાય?'

પણ અત્યારે બટુકના આવા બાલિશ પ્રશ્નોના ઉત્તર આપવાનો નરોત્તમને અવકાશ જ ક્યાં હતો? ખેતરમાં ઊડતાં સ્થૂલ પક્ષીઓની અત્યારે એને ખેવના નહોતી. એના હૃદયમાં જ કુહુ કુહુ રવે એક પક્ષીએ કલરવ કરી મૂક્યો હતો.

'કાકા, ઓલ્યા ઝાડ ઉપર બેઠું છે એને શું કે'વાય?' જિદ્દી છોકરો હજી કાકાનો કેડો મેલતો નહોતો.

કપૂરશેઠ અને સંતોકબાને પણ બટુકની બાલિશતા કંટાળો પ્રેરતી હતી.

પણ બટુકની ધીરજ ખૂટે એમ નહોતી. એણે તો મોંપાટ ચાલુ જ રાખી:

'કાકા, કિયોની, ઓલ્યું શું કે'વાય?'

અચાનક જ જાણે કે રૂપેરી ઘંટડી રણકી ઊઠી હોય એવો મંજુલ અવાજ સંભળાયો: 'કોયલ.'

બટુકના કુતૂહલનું સાંત્વન કરવા નરોત્તમને બદલે ચંપાએ એ જવાબ આપી દીધો હતો.

નરોત્તમે ઊંચે જોયું. 'કોયલ' શબ્દોચ્ચાર ભૂલી જઈને, જે કંઠમાંથી એ ઉચ્ચાર થયો હતો એ કોકિલા સામે એ જોઈ રહ્યો.

ગાડીની સામી બેઠકમાં બેઠેલી ચંપાએ પણ નરોત્તમની આ કુતૂહલભરી નજરનું અનુસંધાન કર્યું અને આ વગડા વચ્ચે ઘોડાગાડીમાં ઘડીભર તારામૈત્રક રચાઈ રહ્યું.

કપૂરશેઠ તો આવતી મોસમમાં કપાસનો ભાવ શું બોલાશે એની ઊંડી ચિંતામાં ચડી ગયા હતા; પણ ચકોર સંતોકબાની નજર ચંપા અને નરોત્તમના આ તારામૈત્રક તરફ ગઈ. એકાદ ક્ષણ તો એમને

આ દશ્ય ગમ્યું. પોતે મેંગણીથી નીકળતી વેળા ઉંમરલાયક પુત્રીને ઠેકાણે પાડવાની જે લાંબા ગાળાની યોજના પતિ સાથે મળીને વિચારી રાખેલી એ યોજનાના અમલનો જ મંગલ આરંભ થતો જણાયો. પણ તુરત એમના રૂઢિગ્રસ્ત માનસમાં ઊંડે ઊંડે પડેલા વાણી, વહેવાર અને વર્તન અંગેના પરંપરાગત ખ્યાલો સળવળી ઊઠ્યા.

સંતોકબાને અત્યારે ઉધરસ નહોતી આવતી છતાં એમણે પરાણે–પ્રયત્નપૂર્વક–કૃત્રિમ ખોંખારો ખાધો અને નરોત્તમની આંખમાં આંખ પરોવીને બેઠેલી પુત્રીને જાગ્રત કરી.

શરમાળ ચંપાએ તુરત નરોત્તમની સામેથી દૃષ્ટિ વાળી લીધી અને તારામૈત્રક ત્યાં જ તૂટી ગયું.

ચંપાએ શરમાતાં શરમાતાં સંતોકબા સામે જોયું તો માતાની કૃત્રિમ ક્રોધમિશ્રિત નજરમાં ઠપકો ભર્યો હતો કે સંમતિ હતી એ આ બાળીભોળી યુવતીને બરાબર સમજાયું નહીં.

ચંપા કરતાં ઉંમરમાં નાની પણ લુચ્ચાઈમાં બહુ આગળ નીકળી ગયેલી નટખટ જસી ક્યારની ઝીણી નજરે મૂંગી મૂંગી મોટી બહેનનું વર્તન અવલોકી રહી હતી.

તારામૈત્રક તૂટ્યા પછી ચંપાએ નાની બહેન સામે જોયું ત્યારે આવી બાબતોમાં વધારે પડતી જાણકારી ધરાવનાર જસી આંખો નચાવતી નચાવતી ચંપા સામે તાકી જ રહી. એની ચંચળ આખો ચંપા પર મૂંગું તહોમત મૂકી રહી હતી–જાણે કે કહેતી ન હોય: 'મેં તમને પકડી પાડ્યાં છે! મારાથી કાંઈ અજાણ્યું નથી હો!' અને તુરત જસીએ મોટી બહેનને જાણે કે એના ગુનાની સજા ફટકારતી હોય એમ છૂપી રીતે ચંપાના સાથળમાં હળવેકથી ચૂંટી ખણી.

નરોત્તમ સિવાય કોઈને એ ખબર ન પડી.

સહુની હાજરીમાં ચંપા ચીસ તો પાડી શકે એમ નહોતી પણ મૂંગી ફિલમના દશ્યની જેમ એણે ઓઠ ઉઘાડીને અવાજ ન થાય

એ રીતે સિસકારો તો કર્યો જ.

નરોત્તમે એ જોયું ને મૂછમાં હસી પડ્યો.

'આ મોસમે કપાસ કેવોક ઊતરે એમ લાગે છે?' મોસમ અંગે ક્યારના મૂંગા મૂંગા ચિન્તન કરી રહેલા કપૂરશેઠે આવા ખુશનુમા વાતાવરણમાં આવો નિરસ પ્રશ્ન પૂછ્યો તેથી નરોત્તમ નારાજ થઈ ગયો. એણે પણ એટલી જ નિરસતાથી ઉત્તર આપી દીધો:

'સારો ઊતરશે.'

ફરી ગાડીમાં શાંતિ પથરાઈ ગઈ. બટુક પણ કોઈક પક્ષી અંગેની ચિંતામાં ડૂબી ગયો લાગતો હતો. એકમાત્ર વશરામને મોઢેથી જૂની રંગભૂમિનાં લોકપ્રિય ગીતો અવિરત ચાલુ રહ્યાં હતાં. પણ એ તો આ ઉતારુઓ તરફ પીઠ ફેરવીને બેઠો હોવાથી કોઈની ગણતરીમાં જ નહોતો.

સંતોકબાના કૃત્રિમ ખોંખારા પછી ચંપા તારામૈત્રક રચવાની હિંમત નહોતી કરી શકતી. પણ એને નરોત્તમ સાથે દૃષ્ટિનો દોર પરોવવાની જરૂર જ ક્યાં હતી? બંને જુવાન હૈયાંની આંખને બદલે હૃદયના તાર જ આખે રસ્તે મૂંગી ગોઠડી કરી રહ્યા હતા.

અને નટખટ નાની બહેન જસી ઘડીક ચંપા તરફ તો ઘડીક નરોત્તમ તરફ જોઈને અજબ કુતૂહલથી આ અજ્ઞેય 'લીલા' અવલોકી રહી હતી.

'કાકા, મારે કોયલ જોઈએ!' લાંબું મૌન જાળવ્યા પછી આખરે બટુકે પોતાની માગણી રજૂ કરી.

'હવે ઘેર જઈને બધી વાત,' નરોત્તમે કહ્યું, 'જો, ઘર આવી ગયું.'

વાઘણિયાનું પાદર આવતાં વશરામે ગાડી ધીમી પાડી દીધી અને ઝાંપા નજીક કબૂતરની પરબડી પાસે તો ગાડી થોભાવી જ દીધી. ઓતમચંદ શેઠ, એમના સાળા દકુભાઈ, મુનીમ મકનજી વગેરે સહુ મહેમાનોનો સત્કાર કરવા છેક પાદર સુધી સામા આવ્યા હતા.

*

૩

# ત્રણ જુવાન હૈયાં

**ઓતમચંદને** જોતાં જ કપૂરશેઠ ગાડીમાંથી ઊતરી ગયા અને યજમાન તથા મહેમાન ભાવપૂર્વક ભેટી પડ્યા. પછી ઓતમચંદે ગાડીમાં બેઠેલા નરોત્તમને કહ્યું:

'તમે તમારે ઝટ ઘેર પહોંચો. અમે હવે હાલતા આવશું.'

વશરામે ગાડી નાકામાં વાળી અને પાછળ પાછળ ઓતમચંદે પોતાના મહેમાનને લઈને ચાલવા માંડ્યું.

રસ્તામાં એણે પોતાની સાથે આવેલા દકુભાઈની ઓળખાણ કરાવી:

'આ દકુભાઈને તમે નહીં ઓળખતા હો... મારા સાળા થાય—ઓતમચંદે એક ખંધા આદમીની ઓળખાણ આપવા માંડી.

'નામથી ઓળખું છું—કાગળપત્તરમાં એની સહી આવે છે એ ઉપરથી,' કપૂરશેઠે કહ્યું.

'પેઢીનો બધો ભાર દકુભાઈએ ઉપાડી લીધો છે. મારે હવે વેપાર બાબતની જરાય ફિકર જ નથી રહી,' ઓતમચંદે પોતાના સાળાનાં વખાણ કર્યાં.

'ફિકર શાની રહે? આવું ઘરનું જ ગણાય એવું વિશ્વાસુ માણસ મળે પછી તો નફકરા...' દકુભાઈની પ્રશસ્તિમાં કપૂરશેઠે સૂર પુરાવી દીધો.

'ને આ અમારા મકનજી મુનીમ,' ઓતમચંદે એક અદોદળા શરીરવાળા સીસમવરણા માણસની ઓળખાણ આપી. 'નામાંઠામાંમાં એક્કા છે. લાખથી પાણ સુધીના સંધાય હિસાબ જીભને ટેરવે. ચોપડો આખો મોઢે બોલી જાય... કઈ રકમ કોના ખાતામાં કેટલામે પાને,

કઈ મિતિએ ખતવી છે, એ ઊંઘમાં પૂછો તોય હાજર જવાબ!'

'એનું નામ સાચા મુનીમ!' કપૂરશેઠે આ પ્રશસ્તિમાં પણ સૂર પુરાવ્યો અને તુરત એક કહેવત યાદ આવતાં એનો ઉપયોગ કરી નાખ્યો: 'ગલઢાવે કીધું છે કે નામું ચોખું એનું નસીબ ચોખું.'

વાતો કરતાં કરતાં સહુ ઘર સુધી પહોંચ્યા ત્યારે ડેલીના આંગણામાં વશરામે ગાડી છોડી નાખી હતી અને ઘોડાને તબેલામાં બાંધવા જતો હતો ત્યાં બટુકે ઘોડા પર બેસવાનું વેન લીધું હોવાથી વશરામ આ બાળઅસવારને ઘોડા પર બેસાડતો હતો.

પુરુષવર્ગ ઓસરીમાં હીંચકે બેઠો હતો ત્યારે અંદરના ઓરડામાં લાડકોર સંતોકબાની આગતાસ્વાગતા કરી રહી હતી; મેંગણીના સરસમાચાર પૂછતી અને વચ્ચે વચ્ચે ચંપા તથા જસી તરફ ઝીણી નજરે જોયા કરતી હતી. ચતુર લાડકોર આ બંને બહેનોની સાવ ભિન્ન ભિન્ન રીતભાત, હાવભાવ અને ચહેરામહોરાનું નિરીક્ષણ કરી રહી હતી. સાથે સાથે, પોતાના કુંવારા દિયર નરોત્તમ માટે આ બેમાંથી કઈ કન્યા અનુકૂળ ગણાય એનો અભ્યાસ કરતી જતી હતી.

ઓસરીમાં પાટલા પથરાયા અને પુરુષો જમવા બેઠા. દકુભાઈ અને મુનીમ ક્યારના કશીક છૂપી ગુફ્તેગો કરી રહ્યા હતા તે અત્યારે જમવાટાણે પણ ઇરાદાપૂર્વક જરાક આઘેરા બેઠા, જેથી એમની ગુપ્ત મંત્રણાઓમાં અંતરાય ન આવી શકે.

મકનજી મુનીમ દકુભાઈના કાનમાં ફૂંક મારતો હતો: 'ઠીકાઠીકનો જોગ છે. ને છોકરી પણ બરોબર બાલુના બરની જ છે. મહેમાનનું મન માને તો બાલુનો ભવ સુધરી જાય એમ છે...'

અંદરના રાંધણિયામાંથી દકુભાઈનો છેલબટાઉ છોકરો બાલુ હાથમાં લાડવાની થાળી લઈને પીરસવા આવ્યો અને કપૂરશેઠ તો આ યુવાનના વરણાગી વેશ સામે જોઈ જ રહ્યા. ઓસરીમાં બાલુની એન્ટ્રી, ભવાઈમાં થતા રંગલાના આગમન જેટલી આકર્ષક—બલકે

આઘાતજનક—હતી. કપૂરશેઠ તો આ જુવાન છોકરાની 'એક્ટરકટ' કલમ અને ઓડિયા વાળ તરફ જ તાકી રહ્યા. ખુદ મકનજી પણ મૂછમાં હસી રહ્યો. પણ પારકાંને જતિ કરવામાં પાવરધા આ મુનીમે દકુભાઈને ચડાવ્યો:

'મહેમાનને ઓળખાણ કરાવો, ઓળખાણ.'

અને પછી અક્કલમાં આનીભાર ઓછા દકુભાઈએ પોતાના સુપુત્રની પ્રશસ્તિ શરૂ કરી દીધી:

'છોકરાની ઉંમર નાની છે પણ બુદ્ધિનો ફેલાવો બહુ...' બાલુના દરેક પરાક્રમના વર્ણનને અંતે દકુભાઈએ આ વાક્ય ઉચ્ચારવા માંડ્યું.

મુનીમ મકનજી આ પરાક્રમોના સમર્થન રૂપે ટાપશી પૂરતો જતો હતો.

કપૂરશેઠ સભ્યતા ખાતર પણ હા-હોંકારો ભર્યે જતા હતા.

એકમાત્ર ઓતમચંદ પોતાના સાળાના આ અર્થહીન બકવાટથી અકળાઈ ઊઠીને નીચી મૂંડીએ મૂંગો મૂંગો જમ્યા કરતો હતો.

સગા બાપને મોઢેથી પોતાની બિરદાવલિઓ સાંભળીને બાલુ એવો તો ફુલાઈ ગયો હતો કે બમણા ઉત્સાહથી એ પીરસવાનું કામ કરવા લાગ્યો હતો—અલબત્ત, વચ્ચે વચ્ચે એ પોતાના વીંખાઈ જતા કેશકલાપમાં કાંસકો ફેરવી લેતો હતો ખરો. એમ કરવા પાછળ પણ એનો ઉદ્દેશ તો મહેમાનને આંજી નાખવાનો જ હતો.

'હજી તો તમે બાલુને ગાતાં સાંભળ્યો નથી.' દકુભાઈએ પુત્રના બહુમુખી વ્યક્તિત્વનું બીજું એક પાસું રજૂ કર્યું: 'ગળું તો એવું મીઠું છે કે તબિયત હલાવી નાખે.'

'એમ કે?' મહેમાને આશ્ચર્ય અને અહોભાવ વ્યક્ત કર્યાં.

'જી, હા.' દકુભાઈએ કહ્યું: 'બપોર પછી એકાદબે ચીજ ગવરાવશું.'

પણ દકુભાઈને કમનસીબે બપોર પછી તો થાક્યાપાક્યા મહેમાનોએ વામકુક્ષિ કરી અને એ પછી પણ દકુભાઈને પોતાના

પુત્રની શક્તિઓનો પરચો આપવાની તક મળી શકી નહીં, કેમ કે તડકો નમતાં જ ઓતમચંદે મહેમાનને આદેશ આપી દીધો: 'ચાલો, નવી મેડી જોવા જઈએ... કાલે તો વાસ્તુ થશે એટલે એની ધમાલ રહેશે... આજે નિરાંતે બધુંય જોઈ લઈએ.'

અને કપૂરશેઠ યજમાન સાથે ઊપડ્યા. પુરુષવર્ગનો આવશ્યક મલાજો રાખીને તેમની પાછળ પાછળ થોડું અંતર જાળવીને સ્ત્રીવર્ગ પણ ઊપડ્યો. લાડકોર હોંશે હોંશે સંતોકબાને અને એમની બંને પુત્રીઓને પોતાનું નવું બંધાયેલું મકાન બતાવવા ઊપડી.

જૂના જમાનાના શિષ્ટાચારના કેટલાક અણલખ્યા શિરસ્તાઓ મુજબ નરોત્તમે ખરી રીતે તો પુરુષવર્ગની સાથે જવું જોઈતું હતું પણ એનું યૌવનસુલભ ચાંચલ્ય અત્યારે ચંપાની સાથે ચાલવાનું પ્રલોભન ટાળી શક્યું નહીં.

નરોત્તમના આ ચાંચલ્યનો ચેપ બાલુને પણ લાગ્યો અને એણે પણ ઇરાદાપૂર્વક પાછળ રહી જઈ એકાદ ગાયનની લીટી ગણગણવા માંડી.

બાલુના આવા વરણાગીવેડા લાડકોરને પહેલેથી જ પસંદ નહોતા. અત્યારે અજાણ્યા મહેમાનોની હાજરીમાં એ વરણાગીપણાનું પ્રદર્શન થતું જોઈને એણે બાલુ તરફ ફરીને આંખ કાઢી, પણ આવા સંકેત સમજવાની શક્તિ જ એ બુદ્ધુ છોકરામાં ક્યાં હતી? એ તો ટકોરાને બદલે ડફણાને જ પાત્ર હતો.

'આ આપણી મેડી...' દસ-વીસ ફૂટ દૂરથી એક નવું જ બંધાયેલું મકાન બતાવતાં ઓતમચંદે કહ્યું.

'ઓહો... હો... હો!' તમે તો વગડો વાળ્યો છે, વગડો, ઓતમચંદભાઈ!' મકાનનો વિસ્તાર અને આસપાસની ખુલ્લી જગ્યા જોઈને જ કપૂરશેઠે અહોભાવ વ્યક્ત કરી દીધો.

'જમીન સાવ સસ્તામાં જ જડી ગઈ ને વળી વેત આવી ગયો એટલે કીધું કે વાળી લઈએ...' ઓતમચંદે કહ્યું: 'આજ એવું કાલ

નહીં. આપણા બહોળા વેપારનાં જોખમ પણ બહોળાં... કોને ખબર છે કાલની?'

'પણ પાણામાં આટલો બધો પૈસો નાખી દેવાય, ભલા માણસ?' કપૂરશેઠે કહ્યું: 'આમાંથી તો ટકો વ્યાજ પણ ન છૂટે.'

'વ્યાજ ભલે ને ન છૂટે... પાણામાં નાખ્યું સચવાય તો ખરું ને! વેપારમાં તો તડકાછાયા... આવે ને જાય... પણ આ પાણા કોઈ નહીં ઉપાડી જાય...'

'સાચું, સાચું, સાવ સાચું...' કપૂરશેઠે પણ સૂર પુરાવ્યો: 'મેડી ચણાવીને તમે ભારે ડહાપણનું કામ કર્યું છે, ઓતમચંદભાઈ!'

બે શેઠિયાઓની આ વહેવારની વાતો સાંભળીને પાછળ પાછળ ચાલતા મુનીમ અને દકુભાઈ મૂછમાં હસતા હતા. એમને આવી દીર્ઘદૃષ્ટિયુક્ત વહેવારની વાતો સાવ વાહિયાત લાગતી હતી, કેમ કે, એમની દૃષ્ટિ જ ટૂંકી હતી.

દરવાજામાં દાખલ થતાં જ કપૂરશેઠે કમાન પર મોટે અક્ષરે કોતરાયેલા શબ્દો વાંચ્યા:

'હ-રિ-નિ-વા-સ.'

અને થોડી વાર વિચાર કરીને એમણે કહ્યું: 'તમે તો મેડી ઉપર તમારે બદલે ભગવાનનું નામ લખી નાખ્યું!'

'આ બધી ઈશ્વરની જ લીલા છે ને! આપણે તો એના હાથમાં રમતાં રમકડાં છીએ—'

'સાચું... સાચું...'

'ધન, લક્ષ્મી પણ એની જ લીલા છે, નાણું તો હાથનો મેલ છે... આજે આવે ને કાલે ચાલ્યું જાય... આજે આવતો દી છે, કાલે માઠો દી આવે...'

'બરોબર—'

'એટલે જ આવતા દીનો એંકાર ન કરવો... માઠા દીનો શોક

ન કરવો... જિંદગી તો તડકાછાયા છે,' ઓતમચંદે કહ્યું: 'માયાની મમત ન કરાય. આ મેડી ભલે મેં બાંધી, પણ એ મારી છે એમ ન કહેવાય. મિલકત તો વારા બદલે... આજે એનો ભોગવટો હું કરું છું, કાલે સવારે કોઈ બીજો ધણી એનો ભોગવટો કરે... એટલે જ મેં એને ભગવાનનું નામ આપી દીધું... ભગવાનને અર્પણ કરી દીધી...

ઓતમચંદ ભેંસ આગળ ભાગવતની જેમ ફિલસૂફી ઠાલવી રહ્યો હતો ત્યારે દકુભાઈ અને મુનીમે ફરી મૂછમાં હસવા માંડ્યું હતું.

ઓતમચંદે ઓરડે ઓરડે ફરીને મહેમાનને મકાન બતાવ્યું.

'આ આગલી ઓસરી... આ રાંધણિયું... આ કોઠાર... આ બેઠકના ઓરડા...'

બરોબર એ જ વખતે ઉપલે માળે લાડકોર પણ સંતોકબાને ઓરડે ઓરડે ફેરવી રહી હતી.

'આ અમારો સૂવા-બેસવાનો ઓરડો... આ કોઈ મહીમહેમાન આવે એના ઉતારાનો ઓરડો... ને આ અમારા નરોત્તમભાઈની આવતી વહુનો ઓરડો...'

સાંભળીને નરોત્તમ તો, સ્વાભાવિક રીતે શરમાયો જ, પણ કોણ જાણે કેમ, ચંપાના રતૂમડા મોં ઉપર પણ શરમના શેરડા પડતાં એ ગૌરવર્ણું મોં વધારે રતૂમડું બની ગયું.

મોટી બહેનના ચહેરા પર એકાએક આવી ગયેલો આ ભાવપલટો, કાગદષ્ટિ ધરાવનાર જસીની નજર બહાર રહી શક્યો નહીં. વળી એ ભાવપલટાનું કારણ—કહો કે નિમિત્ત—પણ નાની બહેનની જાણ બહાર નહોતું.

તુરત જસીએ હસતાં હસતાં હળવેક રહીને ચંપાના પડખામાં ચૂંટી ખણી.

સારું થયું કે બંને વડીલો—લાડકોર અને સંતોકબા—બે ડગલાં આગળ નીકળી ગયાં હતાં; કેમ કે, જસીએ ચૂંટી ખણતાં ચંપા પણ

મીઠું મલકી ઊઠેલી અને એના મલકાટનો જાણે ચેપ લાગ્યો હોય એમ નરોત્તમ પણ હસી પડેલો. તેથી આ ત્રણેય જુવાન હૈયાનું ઊભરાતું હાસ્ય મોટેરાંઓએ જોયું હોત તો એમના મનમાં ગેરસમજ થવા પામી હોત.

સારું થયું કે પુરુષવર્ગ અત્યારે વાસ્તુવિધિ માટે તૈયાર થતા યજ્ઞકુંડનું નિરીક્ષણ કરી રહ્યો હતો. અને લાડકોર, આ નવી મેડીમાં ઉતારેલાં નવી ઢબનાં આરિયાં—કબાટ—ખોલીને એમાં રહેલી છૂપાં 'ચોરખાના'ની કરામત સંતોકબાને સમજાવી રહી હતી.

બાલગંધર્વ બાલુએ આ દરમિયાન પોતાના કિન્નરકંઠનો પરચો આપવા એકાદબે કર્કશ ગીતો ગાવાનો પ્રયત્ન કરી જોયેલો. પણ દકુભાઈ સિવાય બીજા કોઈ શ્રોતા તરફથી 'દુબારા!' કે 'માશા અલ્લા!'ની દાદ નહીં મળતાં એ બિચારો કલાકાર જીવ નાસીપાસ થઈને ઘરભેગો થઈ ગયેલો; પણ ઘરઆંગણે એ એકલો પડી ગયો અને 'ભોક્તા વિણ કલા નહીં'ના સૂત્રનું સત્ય સમજાતાં એ ફરી નવી મેડી તરફ દોડી આવ્યો અને નીચેથી જ હાક મારી:

'રસોઈ થઈ ગઈ છે. મહારાજ જમવા બોલાવે છે...'

'ચાલો, ચાલો,' કરતાં સહુ નીચે ઊતરતાં હતાં ત્યાં એમાં ચંપા અને નરોત્તમ જ ખૂટતાં જણાયાં.

'ક્યાં ગઈ ચંપા? ક્યાં ગઈ ચંપા?' ઘડીભર તો સંતોકબા બિચારાં જીવ બાવરાં બની ગયાં. ખુદ લાડકોર પણ વિમાસણ અનુભવી રહી.

સારું થયું કે આ નાજુક પ્રશ્ન બહુ વધારે વાર ચર્ચાયો નહીં. તુરત જસી ઉપલા માળની બંગલીમાં દોડી ગઈ અને મોટેથી જાહેર કર્યું:

'ચંપાબેન ને નરોત્તમભાઈ અહીં છે...'

આ સાંભળનારાં સહુ પોતપોતાની રીતે જુદા જુદા વિચારો કરવા લાગ્યાં.

ચંપા અને નરોત્તમ શરમાતા શરમાતાં નીચી મૂંડીએ દાદર ઊતર્યાં.

એકમાત્ર જસી, પોતે 'કેવાં પકડી પાડ્યાં!'નો વિજય-ગર્વ અનુભવતી મોટી બહેન તરફ જોઈને હસ્યા કરતી હતી.

ઘેર પાછાં ફરતાં, રસ્તામાં ચંપા, કોઈ ન જાણે એવી રીતે જસીની પડખે ચડી અને પોતાની ફજેતી કર્યાની શિક્ષા તરીકે નાની બહેનના પડખામાં બમણા જોરથી ચૂંટી ખણી—જસીએ અગાઉ બે વાર મોટી બહેનને આ રીતે પજવેલી એનું ચંપાએ સાટું વાળી દીધું.

અને પછી આ જુવાન હૃદયત્રિપુટી આખે રસ્તે મૂંગું હસતી હસતી ઘેર પહોંચી.

*

૪

# રંગમાં ભંગ

**બીજે** દિવસે ઓતમચંદને ઘેર વધારે મહેમાનો આવ્યા. ખોબા જેવડું વાઘણિયું ગામ માણસોથી ઊભરાઈ ગયું.

વાસ્તવિધિ સાથે મોટો જમણવાર પણ હતો તેથી ગામ આખામાં એક પ્રકારનું ચેતન ફેલાઈ ગયું. આખા પંથકના વહિયાતી વેપારીઓને ઓતમચંદે આ શુભ પ્રસંગે પોતાને આંગણે નોતર્યા હતા. બજારો અને શેરીઓ બહારગામના માણસોથી ભરચક્ક લાગતી હતી.

ગામલોકોને આ પ્રસંગનું મોટામાં મોટું આકર્ષણ તો અલબત્ત, જમણવારનું જ હતું. ગામમાં ઓતમચંદ જેવા શ્રીમંતો તો આંગળીને વેઢે ગણાય એટલા જ હતા. બાકી ગામની વસ્તી એકંદરે ગરીબ જ હતી. તેથી જ ગરીબગુરબા તથા વસવાયાં સહુ આ મોટે ખોરડે થનાર જમણવારની રાહ જોતાં દાઢ કકડાવીને બેઠાં હતાં. મેડીનું વાસ્તુપૂજન મોટી ધામધૂમથી થવાનું છે એ સમાચાર ફેલાતાં આજુબાજુનાં ઉપરવાડિયાં ગામડાંમાંથી પણ માગણલોક મોટી સંખ્યામાં વાઘણિયામાં આવી પહોચ્યાં હતાં. બીજી રીતે શુષ્ક લાગતાં ગામવાસીઓનાં એકધારા જીવનમાં શ્રીમંતોને ઘેર થતાં આવાં જલસા-જયાફતો પણ રસનું સિંચન કરતાં હતાં.

વહેલી સવારથી જ નવી મેડીમાં શરણાઈ-નોબત વાગવા માંડી હતી. દરવાજાની કમાન પર, બારણાની બારસાખે તેમજ ટોડલે આસોપાલવનાં તોરણ ટિંગાતાં હતાં. ગામનો શંભુ ગોર યજ્ઞકુંડની આજુબાજુ વાસ્તુપૂજન માટે પૂજાપાની સામગ્રીઓ ગોઠવી રહ્યો હતો.

ઓતમચંદ પોતાના લગન વખતે સિવડાવેલો રેશમી ડગલો પહેરીને

પૂજા માટે પાટલા પર બેઠો હતો. બાજુમાં બેઠેલી લાડકોરે પણ લગન વખતનું ઘરચોળું પહેર્યું હતું.

બાજુના રસોડામાં જમણવારની ધમાલ ચાલતી હતી, તેથી માણસોની અવરજવર વધી ગઈ હતી. પણ એમાં ક્યાંય દકુભાઈનાં દર્શન ન થતાં ઓતમચંદને આશ્ચર્ય થતું હતું.

આ આશ્ચર્ય અવધિએ પહોચ્યું ત્યારે ઓતમચંદે મુનીમને નજીક બોલાવીને ચાલુ પૂજનવિધિએ પૂછ્યું:

'દકુભાઈ ક્યાં છે?'

ખંધો મુનીમ બોલ્યો: 'મને ખબર નથી,' અને પછી મર્મયુક્ત મુસ્કરાહટ કરીને ચાલ્યો ગયો.

શંભુ ગોર શ્લોકો ગગડાવતો જતો હતો, ઓતમચંદ મૂંગો મૂંગો એ સાંભળી રહ્યો હતો, અને ગોર મહારાજ તરફથી જે જે વસ્તુના 'સમર્પયામિ' આદેશ મળે તે તે વસ્તુઓનું સમર્પણ કરતો જતો હતો. બધું યંત્રવત્ જ. ઓતમચંદનું ચિત્ત આ યજ્ઞવિધિમાં નહોતું ચોટતું.

દકુભાઈની ગેરહાજરીએ ઓતમચંદને અકળાવી મૂક્યો હતો. બેચાર જણાને પૃચ્છા કરી જોઈ પણ કોઈ તરફથી સંતોષકારક જવાબ ન મળતાં એ નાસીપાસ થયો. આવા શુભ પ્રસંગે પોતાના સગા સાળાની ગેરહાજરી સહેતુક હોવા અંગે ઓતમચંદને અંદેશો ઊપજ્યો.

આ બધા સમય દરમિયાન સમજુ લાડકોર એકધારું મૌન જાળવી રહી હતી. પણ પૂજનવિધિએ જ્યારે ઓતમચંદે દકુભાઈ અંગે વધારે પડતી પૂછગાછ કરવા માંડી ત્યારે લાડકોરથી ન રહેવાયું. પોતાના સ્વભાવ પ્રમાણે એણે પતિને પ્રેમાળ પણ મક્કમ અવાજે મીઠો ઠપકો આપ્યો:

'તમે મૂંગા રિયો ને! પૂજા કરવા ટાણે તો જીવને શાંતિ રાખો!'

'પણ દકુભાઈ ક્યાંય દેખાતો નથી!'

'દેખાશે એની મેળે... ક્યાંક આઘોપાછો ગયો હશે, જરાક–' લાડકોરે મર્મવાણી ઉચ્ચારી અને ફરી એ જ મીઠાશભર્યો અવાજે આદેશ આપ્યો: 'હવે પૂજા ટાણે બહુ બોલ બોલ કરો મા, ને ગોર મા'રાજ કહે તેમ કરતા જાઓ.'

પ્રેમાળ પત્નીની આ આજ્ઞાને આધીન થયા વિના ઓતમચંદને હવે છૂટકો જ નહોતો. એ મૂંગો તો થઈ જ ગયો-બોલ બોલ બંધ કરી દીધી. પણ એનું ચિત્ત અસ્વસ્થ થઈ ગયું. દકુભાઈની ભેદી ગેરહાજરીએ ઓતમચંદના મનમાં અનેકાનેક આશંકાઓ ઉત્પન્ન કરી.

વાસ્તુવિધિ આગળ વધતો ગયો અને જેમ જેમ શંભુ ગોરને મોઢેથી 'સમર્પયામિ'ના સૂત્રોચ્ચાર વધતા ગયા તેમ તેમ ઓતમચંદના મનમાં આ આશંકાઓ વધારે ને વધારે પ્રબળ બનતી ગઈ. પણ પડખે બેઠેલી પ્રેમાળ પત્નીએ આપેલો મૌન જાળવવાનો આદેશ એવો તો અસરકારક નીવડેલો કે લાડકોરની આજ્ઞા કદાપિ ન ઉથાપનાર ઓતમચંદ અત્યારે પણ એ આજ્ઞાનું ઉલ્લંઘન કરી શક્યો નહીં.

પૂજનવિધિ પૂરો થયો અને ગોર મા'રાજે ઊભા થવાની છૂટ આપી કે તરત જ ઓતમચંદે હાક મારી: 'બાલુ!'

પણ બાલુએ ક્યાંયથી હોંકારો ન દીધો. ફરી ઓતમચંદે હાક મારી અને આજુબાજુ ઊભેલા માણસોને પૂછ્યું: 'બાલુ ક્યાં ગયો?'

'હમણાં ઘર ઢાળો જાતો જોયો,' એક ખેડૂતના છોકરાએ કહ્યું.

ઓતમચંદનો વિચાર દકુભાઈને બોલાવવા માટે બાલુને દોડાવવાનો હતો, પણ બાલુ પોતે પણ ઘેર ગયો છે એમ જણાતાં તુરત એમણે એક કણબીને કહ્યું: 'ટપૂ, જા ઝટ, ઘેર જઈને દકુભાઈને તેડી આવ.'

દકુભાઈની હાજરી માટેનો પતિનો આ વધારે પડતો ઉત્સાહ જોઈને લાડકોર મનમાં જરા ખિજાતી હતી, પણ કશું બોલી શકતી નહોતી. વળી, એ એક પ્રકારની મૂંઝવણ પણ અનુભવી રહી હતી. દકુભાઈ અત્યારે શા માટે ગેરહાજર છે એનું કારણ લાડકોર તો

જાણતી જ હતી. પણ પતિને એ અંગે વાકેફ કરતાં એ અચકાતી હતી. સાળાની ગેરહાજરીથી ઓતમચંદ આટલા બધા અકળાઈ ઊઠશે એવી તો લાડકોરને કલ્પના પણ નહોતી.

લાડકોર કામે વળગી પણ કામમાં એનું ચિત્ત ચોંટ્યું નહીં.

દરમિયાન દકુભાઈને તેડવા ગયેલા ટપૂ કણબીએ આવીને ઓતમચંદને સમાચાર આપ્યા:

'દકુભાઈને સુવાણ નથી એટલે સૂતા છે. એણે કીધું છે કે મારી વાટ જોજો મા.'

પડખેના ઓરડામાં લાડકોરે આ વાક્ય સાંભળ્યું અને સગા ભાઈની આવી વિચિત્ર વર્તણૂક જાણીને એ મનમાં ને મનમાં સળગી રહી.

હવે લાડકોરને લાગ્યું કે પતિને સાચી હકીકતની જાણ કરવાની જરૂર છે. જે વાત વહેલી કે મોડી છતી થયા વિના રહેવાની જ નથી એને હવે છુપાવવાનો નિષ્ફળ પ્રયત્ન શા માટે કરવો? આમ વિચારીને લાડકોર બહાર ઓશરીમાં આવી ત્યાં તો મકનજી મુનીમે કહ્યું:

'શેઠ તો ગયા દકુભાઈને ઘેર... પગમાં પગરખાં પહેરવાનુંય ભૂલી ગયા...'

લાડકોર મૂંગી મૂંગી સાંભળી રહી. મુનીમ વધારે મર્માળાં વાક્યો ઉચ્ચારતો રહ્યો:

'પગરખાં તો ભુલાઈ જ જાય ને! દકુભાઈ પથારીએ પડ્યા છે એમ સાંભળ્યા પછી શેઠનો જીવ કેમ હાથ રહે?'

મુનીમ આ બધું દાઢમાંથી બોલે છે એ સમજતાં ચતુર લાડકોરને વાર ન લાગી. મુનીમ અને દકુભાઈ મૂળથી જ મળતિયા હતા એ હકીકત લાડકોર જાણતી હતી. અને આજે સવારે બની ગયેલ બનાવની પણ દકુભાઈએ મુનીમને જાણ કરી દીધી છે. દકુભાઈની ગેરહાજરીનું કારણ મુનીમની જાણ બહાર નથી જ, એ વાત લાડકોર પામી ગઈ.

અને સવારના પહોરમાં બનેલા એ અઘટિત બનાવ બદલ લાડકોર વ્યથા અનુભવી રહી. એનું વ્યથિત હૃદય પોતાના વર્તન બદલ થોડી વિમાસણ અનુભવી રહ્યું. આજના મંગલ પ્રસંગે આવો અઘટિત બનાવ ન બન્યો હોત, પોતે ભોજાઈ સમક્ષ જે આકરાં વેણ બોલી નાખ્યાં એ ન બોલાયાં હોત તો સારું હતું એમ લાંબો વિચાર કરતાં લાડકોરને લાગ્યું.

પણ હવે શું થાય? લાડકોરનાં એ આકરાં વેણ તો પણછમાંથી તીર છૂટે એમ છૂટી ગયાં હતાં. છૂટેલું તીર પાછું ખેંચી શકાય તો જ બોલાયેલાં વેણ પાછાં વાળી શકાય. છૂટેલાં વેણે પણ જે હોનારત સર્જવાની હતી એ તો સર્જી નાખી હતી, હવે તો એના પ્રત્યાઘાતો જ ભોગવવાના રહ્યા હતા.

*

૫

# નણંદ અને ભોજાઈ

બનેલું એમ, કે દકુભાઈની વહુ સમરથ આજે સવારના પહોરમાં લાડકોર પાસે આવેલી. દકુભાઈ પોતે વાંઢો હતો ત્યાં સુધી તો એ માબાપ વિનાનો અનાથ છોકરો બહેન-બનેવીને આંગણે આશરાગતિયા તરીકે પડ્યો રહેતો. પણ એ મોટો થતાં ઓતમચંદે એને ભણાવ્યો-પરણાવ્યો અને કામની આવડત જોઈને જતે દિવસે વેપારમાં પણ એક આની ભાગ કરી આપેલો. પછી દકુભાઈએ બનેવીની પડોશમાં જ નોખું ઘર માંડેલું. નોખું ઘર માંડવામાં દકુભાઈની પત્નીનો કર્કશ સ્વભાવ પણ કારણભૂત હતો જ. એ કર્કશા સમરથ આજે સવારના પહોરમાં લાડકોર પાસે આવેલી અને એમાંથી જ આજની આખી રામાયણ ઊભી થયેલી.

સમરથ સ્વભાવથી જ ભૂખાળવી હતી. પણ એ ભૂખાળવાપણાની સાથે એનામાં ભારોભાર મોટાઈ-ખોટી મોટાઈ-પણ હતી, એ કારણે નણંદભોજાઈ વચ્ચે ઘણી વાર ચકમક ઝરી જતી. ઓછું પાતર ને અદકું ભણેલ જેવી સમરથને વાત વાતમાં મોં મચકોડવાની, છણકા કરવાની અને ઓછું આણવાની આદત હતી. પોતાના ધણીની સ્થિતિ સામાન્ય હોવા છતાં એ હરહંમેશ નણંદના ઘરની નકલ કરવા મથતી, પોતાને લાડકોરની સમોવડી સમજતી અને એમાં જ્યારે જ્યારે નિષ્ફળતા મળતી ત્યારે ત્યારે નાસીપાસ થતી સમરથ પોતાના ઘરની રહેણીકરણીમાં, પહેરવા-ઓઢવામાં બધી બાબતમાં લાડકોરની સરસાઈ કરવા મથતી. એક વેળા પોતાને પિયર જવાનું હતું ત્યારે અમરગઢ સ્ટેશને પહોંચવા માટે સમરથે વશરામને કહીને

ઘોડાગાડી મંગાવેલી અને લાડકોરે 'ગાડી તો અમારા બટુક સારુ ધારી છે, તારા સારુ નહીં.' એમ કહેવડાવ્યું ત્યારે સમરથની માખી છીંકાઈ ગયેલી અને આ ઘોર અપમાન બદલ બરોબર બે મહિના સુધી નણંદ સાથે અબોલા રાખેલા.

આજે સવારમાં પણ સમરથ શેઠાણી આવી જ એક ભિક્ષા કાજે ઓતમચંદને આંગણે આવેલાં. આવતાંવેંત જ એણે લાડકોર સમક્ષ પોતાની માગણી રજૂ કરેલી:

'તમારી મોહનમાળા આજનો દી પહેરવા આપોની.'

'કેમ ભલા?' લાડકોરે પૂછેલું.

'મારી ડોક અડવી છે.'

'મંગળ-સાંકળી છે ને?'

'દોરા જેવી સાંકળી તો દીઠામાંય ન આવે.'

'દીઠામાં ન આવે તો દેખાડવાની એવી શું જરૂર છે?'

'આટલાં બધાં મહેમાનોની વચ્ચે હું ભૂંડી ન લાગું?'

'જેવાં હોઈએ એવાં લાગીએ એમાં શરમાવાનું શું ભલા?' લાડકોરે પૂછ્યું. અને પછી નાદાન ભોજાઈને શિખામણ આપી: 'ફાટ્યે લૂગડે અને દૂબળે માવતરે શરમાઈએ નહીં, સમજી?'

નણંદનાં આવાં શિખામણસૂત્રો કાને ધરવાની સમરથની તૈયારી નહોતી. એ વરણાગીને તો બસ, પહેરી-ઓઢીને મહાલવાનું જ મન હતું. એથી જ એણે મોહનમાળાની માગણીના સમર્થનમાં વિચિત્ર દલીલ કરી:

'તમારી પાસે એક મોહનમાળા વધારાની છે એટલે માગવા આવી છું.'

'વધારાનું હોય એટલું બધુંય કોઈને આપવા સારુ ન હોય, સમજી?'

પણ સમરથ એમ સમજી જાય એવી સમજુ નહોતી. એણે તો વધારે વિચિત્ર દલીલ કરી:

'તમારા પટારામાં મોહનમાળા પડી પડી વિયાશે?'

'પટારામાં મોહનમાળા વિયાશે કે નહીં વિયાશે એની પંચાત તારે શું કામ કરવી પડે ભલા?' લાડકોરે જરા ઉગ્ર અવાજે પૂછ્યું. અને ફરી આ અકલમઠી ભોજાઈને શિખામણ આપવા બેઠી: 'તારી આ ટેવ જ ખોટી છે. આપણું હોય એટલેથી સંતોષ માનવો જોઈએ, કોઈની મેડી જોઈને પોતાનું ઝૂંપડું પાડી ન નખાય, સમજી?'

'પણ આટલાં બહોળાં મહીમહેમાનમાં અડવે અંગે ફરું તો એમાં મારી આબરૂ—'

'આબરૂ તો મારા દકુભાઈની જેવી છે એવી છે જ, ને સહુ એ જાણે પણ છે. માગ્યો દાગીનો પહેરીશ તો આબરૂ વધી નહીં જાય ને નહીં પહેરે તો ઘટી નહીં જાય. સમજી?'

પણ આ વખતે તો સમરથે કશું સમજવાને બદલે સામેથી છણકો જ કર્યો:

'તમને તમારી શેઠાઈનો એંકાર આવી ગયો છે એટલે આમ ફાટ્યું ફાટ્યું બોલો છો.'

'અમારું અમે જાણીએ. પણ તું તો વગર શેઠાઈએ આટલો એંકાર શેનો કરે છે એની ખબર પડે કાંઈ?' આખરે લાડકોરે પણ સમરથને સીધી વાત સંભળાવી દીધી. 'ધણીનાં લૂગડાંમાં સાંજ પડ્યે શેર ધૂળ ભરાય ને બાઈને મોટી શેઠાણી થવાના શોખ!'

સમરથ આ નગ્ન સત્ય જીરવી શકી નહીં. નણંદના આ ચાબખાએ એને પોતાની કંગાલિયતનું ભાન કરાવી દીધું હતું. આંખમાં સાચાં કે ખોટાં આંસુ લાવીને એણે કહ્યું:

'અમે તમારાં ઓશિયાળાં થઈને રહીએ છીએ એટલે જ આવી સંભળામણી કરો છો ને!'

'કોણ તમને કહે છે કે અમારાં ઓશિયાળાં થઈને રહો?... ત્રેવડ હોય તો થાઓ ને નોખાં, ને કરો ને નોખો વેપાર!' લાડકોરે

આખરે પડકાર કર્યો જ. અને પછી, ઘણા દિવસની ભેગી થયેલી ખીજ પણ મોકો મળતાં ઠાલવી દીધી:

'આ તો તૈયાર ગાદી પડી ગઈ છે એટલે તનકારા કરો છો. પરસેવો પાડીને પાંચ પૈસા પેદા કરો તો ખબર પડે!'

વાઘણ જેવી સમરથ આ પડકાર સાંભળીને સસલા જેવી શાંત થઈ ગઈ. હવે એની આંખમાંથી સાચાં આંસુ ખર્યાં.

લાડકોરે પણ લાગ જોઈને ઘણા દિવસનો મનનો ઊભરો ઠાલવી જ નાખ્યો:

'આ તો ભૂખની છોકરી ભાઠમાં પડ્યા જેવું છે... ધણી બિચારો ઢેફાં ભાંગે ને બાઈને મેલાતની સાહ્યબી જોઈએ...'

સમરથ સમસમી રહી હતી. હવે બોલવાનો વારો ભોજાઈનો હતો:

'તમારો દીધો રોટલો ખાઈએ છીએ એટલે જ આવાં મેણાંટોણા સાંભળવાં પડે છે ને!...

'તો હવે તમારો પોતાનો રોટલો ખાઈ જુઓ તો ખબર પડે કે કેટલી વીસે સો થાય છે.'

સમરથે પડકાર ઉપાડી લીધો:

'તો આજથી હવે તમારા ઘરના ગોળાનું પાણી હરામ... અમારું ભાગ્ય કાંઈ વેચી નથી ખાધું... હવે સૂકા રોટલામાં કાંઈ નહીં જડે તો મીઠું દાબીશું, પણ તમારે આંગણે ભીખ નહીં માગીએ.'

આટલું કહીને સમરથ પીઠ ફેરવી ગઈ... લાડકોરના પ્રત્યાઘાતો જાણવા પણ એ ન રોકાઈ. વિફરેલી વાઘણની જેમ એ ઘેર જઈ પહોંચી.

*

ઘરમાં દકુભાઈ અને મકનજી મુનીમ કપૂરશેઠની પુત્રીઓ વિશે ચર્ચા કરી રહ્યા હતા. બાલુ માટે શેઠની મોટી દીકરી અનુકૂળ ગણાય કે નાની દીકરી, એનો નિવેડો સહેલાઈથી નહોતો થઈ શકતો તેથી જરા

મૂંઝવણમાં લાગતા હતા ત્યાં જ કોપાયમાન ચંડિકા સમી સમરથ બારણામાં આવી ઊભી અને પતિ સામે જોઈને પડકાર કર્યો:

'તમારામાં પાણી છે કે સાવ નપાણિયા ખીજડિયા જેવું જ છે?'

દકુભાઈ તો ડઘાઈ જઈને પત્નીના મોં સામે ટગર ટગર જોઈ જ રહ્યો.

'તમારાં બાવડાંમાં બળ છે કે બધુંય હારી બેઠા છો?'

પત્નીના આ બીજા પ્રશ્નનો પણ પૂર્વાપર સંબંધ દકુભાઈને સમજાયો નહીં તેથી એણે ખુલાસો માગ્યો:

'શું છે પણ? આટલી વારમાં આ શું થઈ ગયું?'

મકનજી મુનીમ પણ ચોંકી ઊઠીને પૂછવા લાગ્યો:

'શું થયું, શેઠાણી? સરખી વાત તો કરો!'

પણ શીઘ્રકોપી સમરથ સીધી વાત કરવા નહોતી માગતી. એણે તો પતિને ચડાવવા ત્રીજો પ્રશ્ન પણ આડકતરો જ પૂછ્યો:

'શેર બાજરો કમાવાની તમારામાં ત્રેવડ નથી?'

'શેર શું મણ બાજરી કમાવાની દકુભાઈમાં ત્રેવડ છે,' મકનજીએ કહ્યું, 'પણ આજ તમને થયું છે શું એ વાત તો કરો!'

પત્નીનું કાલિકાસ્વરૂપ જોઈને, મૂળથી જ પોચી છાતીવાળા દકુભાઈની છાતી બેસી ગઈ હતી. આ પુણ્યપ્રકોપ અંગે તેઓ કશી પૂછગાછ કરવા માંડે એ પહેલાં તો સમરથે જાણે કે માથે આભ તૂટી પડ્યું હોય એમ ઠૂઠવો મૂકીને મોટે સાદે રડવા જ માંડ્યું.

મકનજી જેવો મહા ઉસ્તાદ મુનીમ પણ આ નાટક જોઈને મૂંઝાઈ ગયો. દકુભાઈએ હિંમત કેળવીને પત્નીને ધીમે ધીમે પૂછગાછ કરવા માંડી.

પણ સમરથ તો ઉત્તરોત્તર મોટાં થતાં જતાં ડૂસકાં ભરવા સિવાય બીજું કશું સંભળાવવા જ નહોતી માગતી.

આખરે પતિની વિનવણી અને કાકલૂદીને માન આપીને પત્નીએ

ડૂસકાંની એકસૂરી તરજ વચ્ચે અરધાંપરધાં વાક્યોના આંતરા પણ ગીતના લયમાં ગાવા માંડ્યા:

'હું અભાગણી... ઓછાં નસીબની... મારે કરમે કટકા લખ્યા... માથે મેણાં ને ટૂંબો... છતે ધણીએ ઓશિયાળી... માગવું ને મરવું બેય બરાબર... નાણાંવાળી નણંદનો મિજાસ... ન સાંભળવા જેવાં વેણ સાંભળવાં પડે... પંડ્યના ધણીમાં રતિ નહીં તંયે જ સાંભળવાં પડે ને?...'

આટલા રુદનમિશ્રિત સંગીતના ધ્વનિ પરથી દકુભાઈ એટલું તો સમજી શક્યા કે નણંદભોજાઈ વચ્ચે કશીક ચકમક ઝરી ગઈ છે. પણ શા કારણથી આમ થવા પામ્યું છે એ તો સમરથ અપદ્યાગદ્યની અઘરી શૈલી છોડીને સીધાસાદા ગદ્યમાં વાત કરતી થાય તો જ ખબર પડે એમ હતી.

સારી વાર પછી સમરથ પદ્ય છોડીને ગદ્ય તરફ વળી અને ડૂસકાં શમી ગયાં ત્યારે એણે લાડકોર સાથે થઈ ગયેલી ટપાટપીનો સવિસ્તર અહેવાલ સારા પ્રમાણમાં મસાલાનો અવેજ ભરીને રજૂ કર્યો.

સાંભળીને ખરી રીતે તો દકુભાઈએ જ ઉશ્કેરાવું જોઈતું હતું, પણ આડેથી મકનજી ઉશ્કેરાઈ ઊઠ્યો:

'અ...ર...ર...ર લાડકોર શેઠાણીનો આટલો મિજાસ! આટલો બધો એંકાર! સગાં ભાઈભોજાઈને આવાં આકરાં વેણ સંભળાવી જાય?'

છતાં દકુભાઈને જરાય પાનો ન ચડ્યો ત્યારે મુનીમે વધારે વિવેચન કર્યું:

'દકુભાઈ, આમાં તમારું નાક વઢાઈ ગયું, નાક!... તમારી સોના જેવી આબરૂના કાંકરા... તમે સગાં બેનબનેવીનું ગણીને આટલાં વૈતરાં કરો ને બેન તો તમને બે દોકડાના વાણોતરથી બેજ ગણે! તમે ઘરની દુકાન ગણીને કાયાતોડ કરો ને ઘરધણીને મન તો તમારી કોડીનીય કિંમત નહીં... ગણ ઉપર અવગણ... જશને માથે જૂતિયાં!'

દોણાંફોડ મુનીમ આખરે દકુભાઈને પાનો ચડાવી શક્યો ખરો. સમરથને પગલે ચાલીને દકુભાઈએ પણ શપથ લીધા:

'આજથી બેનના ઘરનો રોટલો મારે ગવમેટ બરાબર...'

'તમે તો આટલાં વરસ સાવ પાણીમાં જ નાખ્યાં,' મુનીમે કહ્યું: 'મજૂરી કરી કરીને પારકું જ ઘર ભર્યું. મહેનત તમારી ને તનકારા કોક પારકાં કરે એ ન્યાય ક્યાંનો? તમે આટલાં વરસ વૈતરાં કર્યાં તોય મારી ભાભીને તો ડોકમાં મોહનમાળા સાંપડી જ નહીં. શેઠના નાના ભાઈ સારુ ઉપરાઉપર કન્યાનાં માગાં આવે ને કલૈયાકુંવર જેવા તમારા બાલુ સામે કોઈ નજરેય ન કરે!'

હંમેશાં પત્નીના પ્રભાવમાં અંજાતા દકુભાઈને લાગ્યું કે મુનીમની વાત તો સાચી છે!

અને પછી તો દકુભાઈએ વેપારમાં બનેવીથી જુદા થઈ જવાનો નિર્ણય પાકો કરી નાખ્યો.

ભવિષ્ય માટેની યોજના તો મકનજી પાસે તૈયાર જ હતી.

'મહિના દીમાં ઓતમચંદ શેઠની પેઢીનું ઉઠમણું ન થઈ જાય તો મારી મૂછ મૂંડાવી નાખું, મૂછ!' મકનજીએ મૂછ પર તાવ દઈને દકુભાઈને ખાતરી આપી.

હૈયાફૂટા દકુભાઈએ મનમાં હરખ અનુભવ્યો.

'ને એની સામે દકુભાઈની સવાઈ સધ્ધર પેઢી જમાવી દઈએ!'

દકુભાઈએ સવાયો હરખ અનુભવ્યો.

સાળાબનેવી વચ્ચે બરોબર ફાચર લાગી ગઈ છે એની ખાતરી થયા પછી મકનજી ઊઠ્યો.

*

ઓતમચંદ તો ઉઘાડે પગે દકુભાઈનાં મનામણાં કરવા ગયો છે એમ સમજતાં લાડકોર અસ્વસ્થતા અનુભવી રહી. પોતે આકરાં

વેણ ઉચ્ચારી નાખીને ભોજાઈને દૂભવેલી એનું જ આ પરિણામ આવ્યું, એમ સમજતાં લાડકોરે થોડો પશ્ચાત્તાપ પણ અનુભવ્યો. હવે ભાઈ-ભોજાઈનાં ઝટપટ મનામણાં થઈ જાય ને આ મંગળ પ્રસંગે બંને જણાં આવી પહોંચે તો સારું એમ લાડકોર મનમાં ભાવના ભાવી રહી.

બરોબર એ જ વખતે દકુભાઈને ઘેર ઓતમચંદ પોતાના સાળાને પગે પડીને વાસ્તુપૂજનમાં આવવા વીનવી રહ્યો હતો, ગઈગુજરી ભૂલી જવા કહી રહ્યો હતો, લાડકોરના ઉદ્દંડ વર્તાવ બદલ પોતે માફી માગી રહ્યો હતો.

પણ કજિયાખોર સમરથ અને દોણીફોડ મુનીમે કાચા કાનના દકુભાઈના મનમાં એવું તો ભૂત ભરાવી દીધેલું કે ઓતમચંદની ખેલદિલીની કદર થઈ શકી જ નહીં.

લાડકોર ઉત્કંઠ બનીને દકુભાઈના ઘર તરફના રસ્તા પર નજર માંડી રહી હતી અને પતિની સાથે આવનાર પોતાના સગા ભાઈની પ્રતીક્ષા કરી રહી હતી પણ આખરે એણે એકલા ઓતમચંદને જ આવતો જોયો.

સાળાને ઘેરથી નિરાશ થઈને આવતા ઓતમચંદના પગ જાણે કે ભાંગી ગયા હતા.

*

## ૬
# કરો કંકુના

**આખરે**, રંગમાં ભંગ પડ્યો જ. ઓતમચંદે ઉદ્વેગ અનુભવ્યો. લાડકોર, થઈ ગયેલી ભૂલના પશ્ચાત્તાપમાં ડૂબી ગઈ. એકમાત્ર મુનીમ મનમાં હરખાયો.

મકનજીનો આ હરખ એના મનમાં મર્યાદિત નહોતો રહ્યો. 'હરિનિવાસ'માં હાજર રહેલા સહુ મહેમાનોને એણે સીધી યા આડકતરી રીતે દકુભાઈનાં રૂસણાંના સમાચાર કહી સંભળાવ્યા ત્યારે એના જીવને શાંતિ વળી.

ઓતમચંદે વાસ્તુવિધિ આટોપ્યો, પણ જરાય ઉત્સાહ વિના.

ઉત્સવને અંતે સંતોકબાએ કપૂરશેઠને એક ખૂણામાં બોલાવીને વાત કરી:

'ઓતમચંદ શેઠનો નાનો ભાઈ તમને કેમ લાગ્યો?'

'તને કેમ લાગ્યો એ કહેની!' કપૂરશેઠે સામો એ જ પ્રશ્ન કર્યો.

'મારી તો નજરમાં વસી ગયો છે.'

'મને પણ છોકરો તો પાણીવાળો લાગે છે. એની હુશિયારી અછતી નથી રહેતી.'

'ને આપણી નાનકડી જસી મને કે'તી'તી કે ચંપાને પણ નરોત્તમ બહુ ગમી ગયો છે...' સંતોકબાએ પાકટ ઉંમરે પણ આ ગમી જવાની વાત કરતાં જરા લજ્જા અનુભવી.

'ચંપાને ગમ્યું તો ભગવાનને ગમ્યું એમ ગણવું,' કપૂરશેઠે પુત્રીની પસંદગી પર ભગવાનને નામે પોતાની મહોર મારી દીધી.

'તો ઓતમચંદ શેઠને કાને વાત નાખો.'

'પણ શેઠ માનશે ખરા?'

'શું કામે ન માને? મારી ચંપામાં કંઈ કહેવાપણું છે? આવી દીકરી તો જેના ઘરમાં જાય એનો ભવ સુધરી જાય.'

'પણ સાંભળ્યું છે કે નરોત્તમ સારુ તો મોટી મોટી આસામીનાં ઘરનાં કહેણ આવ્યા કરે છે—'

'આપણે ભલે નાની આસામી ગણાઈએ. પણ દાણો તો દાબી જુઓ!' સંતોકબાએ વહેવારની વાત કહી. ને પછી એવી જ વહેવારની એક કહેવત ઉમેરી: 'ઉકરડી દેખે ત્યાં સહુ કચરો નાખવા જાય—'

બરોબર એ જ વખતે બાજુના ઓરડામાં લાડકોર ઓતમચંદને કહી રહી હતી:

'કપૂરશેઠની ચંપાને તમે જોઈ?'

'કેમ ભલા?'

'આપણા નરોત્તમભાઈનું ચંપા હારે ગોઠવાય તો જુગતે જોડી જામે એમ છે.'

'પણ નરોત્તમ તો હજી ના ના કીધા કરે છે એનું શું? ઓતમચંદે પોતાનો અનુભવ કહી સંભળાવ્યો.

'હવે આ ચંપાને જોઈને ના નહીં કહે.'

'તેં કેમ કરીને જાણ્યું ભલા, કે ના નહીં કહે?'

'આવી વાતમાં તમને ભાયડાઓને શું ખબર પડે?' લાડકોરે ગર્વભેર કહ્યું: 'બાયડીઓની વાત બાયડીઓ જ જાણે!'

'એટલે?'

'એટલે એમ કે નરોત્તમભાઈ ને ચંપાના જીવ હળીમળી ગયા છે.'

'ઓહોહો! આ બે-ત્રણ દિવસમાં તો જીવ પણ હળીમળી ગયા?'

'બે-ત્રણ દિવસમાં શું, બેત્રણ ઘડીમાં પણ જીવ તો મળી જાય,' લાડકોરે એક અનુભવવચન ઉચ્ચાર્યું, અને પછી, ઘણાં વરસે પોતાની મુગ્ધાવસ્થાનો એક પ્રસંગ યાદ કરીને, શરમાતાં શરમાતાં પૂછ્યું:

'ભૂલી ગયા આપણી પોતાની વાત?'

પત્નીએ આપેલી ભૂતકાળની એક યાદથી ખુદ ઓતમચંદ પણ મધુર લજ્જા અનુભવી રહ્યો. પછી એણે હસતાં હસતાં પૂછ્યું:

'તે હવે તને ઝટપટ દેરાણી લાવવાની ઉતાવળ આવી છે, એમ કે?'

'હા, મારે દેરાણી લાવવાની ઉતાવળ છે,' લાડકોરે કબૂલ કર્યું. 'ને એ પણ ચંપા સિવાય બીજી કોઈ દેરાણી મારે ન જોઈએ—'

'ચંપામાં તારું મન એટલું બધું મોહ્યું છે?'

'મારું નહીં, તમારા નાનકડા ભાઈનું.'

'નાનકડો ભાઈ પરણશે તો પછી દેરાણી-જેઠાણી વચ્ચે રોજ કજિયા નહીં થાય?'

'ભલે થાય, પણ મને હવે આવડા મોટા ઘરમાં દેરાણી વગર ગમતું નથી.'

'તને કે નરોત્તમને?'

'અમને બેયને.'

બીજે દિવસે સાંજ સુધીમાં ઘણાખરા મહેમાનો વાઘણિયામાંથી વિદાય થઈ ગયા. માત્ર કપૂરશેઠનાં કુટુંબને ઓતમચંદે આગ્રહ કરીને રોક્યું—કહો કે કપૂરશેઠ પોતે જ ઇચ્છાપૂર્વક રોકાઈ ગયા.

ઓતમચંદ પેઢીમાં એક મોટા તકિયાને અઢેલીને બેઠો હતો. ઘરઆંગણે મોટો પ્રસંગ ઊકલી ગયો એ બદલ એ નિરાંત અનુભવતો હતો. માત્ર, ખરે ટાણે દકુભાઈએ રૂસણાં લઈને રંગ બગાડી નાખ્યો એનો થોડો વસવસો થતો હતો.

ત્રણ-ત્રણ દિવસ સુધી ઉત્સવને કારણે બંધ રહેલી દુકાન આજે પહેલી જ વાર ઊઘડી હતી એ કારણે ધમાલ જરા વધારે દેખાતી હતી. હેલકારો જે ટપાલ આપી ગયો એમાં પણ પત્રોની સંખ્યા રોજના કરતાં ઘણી વધારે હતી. જોકે, એમાંય ઘણા કાગળ તો ઓતમચંદે લખેલી વાસ્તુપૂજનની કંકોત્રીઓના ઔપચારિક ઉત્તરોના

જ હતા: 'અમારે ખાતે લખીને પાંચ રૂપિયાનું વધાવું સ્વીકારશો.' એવા વાણિયાશાઈ વહેવારની વાતો જ એ પત્રોમાં લખી હતી. આ ખાતા-જમાની રકમ કોઈ પક્ષે કદી વસૂલ કરવાની હોય જ નહીં, એ વાત ઓતમચંદ સારી પેઠે જાણતો હોવાથી આવા પત્રો વાંચતો જતો હતો અને મનમાં મલકાતો જતો હતો.

રાબેતા મુજબ આજની ટપાલમાંથી પણ સંખ્યાબંધ હૂંડીપત્રીઓ નીકળી. મોસમટાણું હોવાથી નાણાંનો હાથબદલો મોટા પ્રમાણમાં થતો ને પરિણામે હૂંડીની હેરફેર પણ ઘણી વધી પડી હતી.

હૂંડીના પત્રો બધા ભેગા કરીને ઓતમચંદે મકનજી મુનીમને દીધા. મકનજીએ એની નોંધ કરીને ખતવણી શરૂ કરી દીધી.

એક તરફ નામુંઠામું ચાલતું હતું. બીજી તરફ વછિયાતી વેપારીઓ બેઠા બેઠા માલની લે-વેચની ચર્ચા કરી રહ્યા હતા. આજે ઓતમચંદની દુકાને વધુમાં વધુ વછિયાતી વેપારીઓનું આગમન થયેલું. વખારના ડેલામાં વધુમાં વધુ સંખ્યામાં ઘોડાં બંધાયાં હતાં. ડેલા બહાર પંદર-વીસ જેટલાં ગાડાં છૂટ્યાં હતાં. વખારમાંથી માલની હેરફેર ઝડપભેર ચાલી રહી હતી.

આ બધામાં દકુભાઈની ગેરહાજરી જણાઈ આવતી હતી. કેટલાક વેપારીઓએ તો મુનીમને સામેથી પૂછ્યું પણ ખરું કે દકુભાઈ કેમ જણાતા નથી. એ સહુ પૃચ્છકોને ઉસ્તાદ મુનીમે અષ્ટમપષ્ટમ ભણાવી દીધું.

આજે તો ઓતમચંદ પત્રો વાંચી વાંચીને કંટાળી ગયો. જે યુગમાં સંદેશાવ્યવહાર માટે ખેપિયા અને મૌખિક કહેણનો જ બહુધા ઉપયોગ થતો એ યુગમાં માણસ લેખિત સંદેશાઓ વાંચીને કંટાળો અનુભવે એ સ્વાભાવિક હતું.

આજની ટપાલમાં નરોત્તમ માટે પોતાની પુત્રીનું માગું નાખનાર માબાપોના પત્રોની સંખ્યા પણ મોટી હતી! એ જોઈને ઓતમચંદ

ઘડીભર વિચારી રહ્યો: 'આનો હવે શો ઉપાય કરવો?' તુરત જ એને યાદ આવ્યું કે આનો ઉપાય તો લાડકોરે સૂચવ્યો જ હતો. અને એ અનુસાર તો કપૂરશેઠને આગ્રહભેર રોકી દેવામાં આવ્યા હતા.

આમ તો નરોત્તમ ઉપર નાનપણથી જ અનેક પુત્રીપિતાઓ નજર ટાંપીને બેઠા હતા. એમાં અલબત્ત, આબરૂદાર ઘરની સુખસાહ્યબી ઉપરાંત ઓતમચંદની અંગત સુવાસ પણ કારણભૂત હતી જ. અને કહેવું જોઈએ કે ઓતમચંદ કરતાં પણ અદકી સુવાસ તો ગરવી ગૃહિણી લાડકોરની ફેલાયેલી હતી. નરોત્તમનાં માબાપ તો છોકરાને છ-સાત વરસનો મૂકીને જ ગુજરી ગયેલાં. આ ભાઈભોજાઈએ એ બાળકને ઉછેરેલો અને આજે એને સગા દીકરાથીય સવાયો ગણીને સાચવતાં હતાં એ હકીકત આખા પંથકમાં જાણીતી હતી. પરિણામે, આવા ખાનદાન ખોરડા સાથે સહુ પુત્રીપિતાઓ સંબંધ બાંધવા પ્રેરાય એમાં શી નવાઈ! અને કપૂરશેઠની પુત્રીની પસંદગી તો ખુદ લાડકોરે જ કરી હતી. ઓતમચંદને હવે યાદ આવ્યું કે મેંગણીમાં લાડકોરનાં દૂર દૂરનાં મોસાળિયાં સગાં રહેતાં અને એક વેળા મેંગણી જવાનું બનેલું ત્યારે કપૂરશેઠને ઘેર વેપારને નાતે જમવાનું નોતરું મળેલું એ વેળા લાડકોરે ચંપાને જોયેલી; માત્ર જોયેલી એટલું જ નહીં, એ બાલિકાની હોશિયારી, સુશીલતા અને સદ્‌ગુણોની પરીક્ષા પણ કરી જોયેલી—પોતાના દિયરનું સગપણ કરવાની દૃષ્ટિએ. તેથી જ, વાસ્તુપૂજન પ્રસંગે કપૂરશેઠનું કુટુંબ વાઘણિયે આવ્યું ત્યારે એમને અમરગઢ સ્ટેશને ઉતારવા જવા માટે લાડકોરે બીજા કોઈને નહીં ને નરોત્તમને જ આગ્રહપૂર્વક મોકલેલો... દીર્ઘદૃષ્ટિ ધરાવનાર પત્નીએ આટલો ઊંડો વ્યૂહ ગોઠવી રાખેલો એ સમજાતાં ઓતમચંદ મનમાં ને મનમાં મલકી ઊઠ્યો. અને તેથી જ, પત્નીની આજ્ઞા કદી ન ઉથાપનાર ઓતમચંદે આજનું સૂચન પણ સત્વર સ્વીકારી લીધું. કુલયોગિની લાડકોર જે કાંઈ સૂચવે એ કુટુંબ માટે શ્રેયસ્કર જ

હોય એવી ઓતમચંદને શ્રદ્ધા હતી. તેથી જ એણે મકનજીને આદેશ આપ્યો:

'શંભુ ગોરને જરા સાદ કરતા આવો ને!'

મકનજી સમજી ગયો. નરોત્તમના વેવિશાળ અંગે છાને ખૂણે વેતરણ ચાલતી હતી એની ગંધ આ મુનીમને આવી જ ગઈ હતી. મૂંગો મૂંગો એ શંભુ ગોરના ઘર તરફ જવા નીકળ્યો.

મકનજીએ શંભુ ગોરને સાદ કરીને પછી દકુભાઈના ઘર તરફ પગલાં વાળ્યાં.

ઘરમાં લમણે હાથ દઈને બેઠેલો દકુભાઈ રિસાણો લાગતો હતો. સમરથનો વૈરાગ્નિ હજી ધૂંધવાતો હતો. બાલુને મહેમાનો સમક્ષ પોતાના કિન્નરકંઠનો પરચો આપવાની તક ન મળી તેથી એ પણ ભગ્નાશ થયેલા કલાકારની જેમ એક તરફ ઉદાસ બેઠો હતો.

આવા સ્ફોટક વાતાવરણમાં મકનજીએ પ્રવેશ કર્યો ને ઉંબરામાં પગ મૂકતાં જ ગર્જના કરી: 'ગઈ!'

એક જ શબ્દની આ ઉદ્‌ઘોષણા કોઈને સમજાઈ હોય એમ લાગ્યું નહીં તેથી મકનજીએ એનું પુનરુચ્ચારણ કર્યું:

'ગઈ! ગઈ!'

'કોણ પણ?' દકુભાઈએ પૂછ્યું.

'કપૂરશેઠની છોડી, બીજું કોણ?'

'ક્યાં ગઈ?'

'નરોત્તમ વેરે,' મકનજીએ સ્ફોટ કર્યો. 'કપૂરિયો પણ લાભ જોઈને લપટાઈ ગયો છે.'

'એ જ લાગનો છે, સમરથે વચ્ચે પોતાનો અભિપ્રાય આપ્યો. અને પછી પોતાની ફરિયાદ પણ રજૂ કરી: 'નાણાંવાળાના છોકરા ઘૂઘરે રમે એ તો દુનિયામાં આદિકાળથી ચાલતું આવ્યું છે... મારા કલૈયાકુંવર જેવા બાલુની સામે કોઈ નજરેય નથી કરતું.'

'બાલુ સારુ તો હું પદમણી જેવી કન્યા ગોતી કાઢીશ. તમે જોજો તો ખરા!' મકનજીએ સધિયારો આપ્યો. અને પછી ઘૂડપંખની જેમ બેઠેલા દકુભાઈ તરફ ફરીને પૂછ્યું:

'તમે કેમ આમ સાવ નિમાણા થઈ ગયા છો?'

'આપણે તો હવે આપણા ગામભેગા થઈ જવું છે ઝટ. પેઢીમાંથી હિસાબ ચોખ્ખો થાય એટલે હું મારે રસ્તે પડીશ,' દકુભાઈએ કહ્યું. 'આ વાઘણિયામાંથી આપણાં અંજળપાણી પૂરાં થઈ ગયાં છે. હવે તો ભલું મારું ઈશ્વરિયું ને ભલો હું.'

'વાઘણિયાની ધરતી હારે અમારી લેણાદેણી પૂરી થઈ ગઈ,' સમરથે પણ સૂર પુરાવ્યો.

'એમ અમને મેલીને ઈશ્વરિયે ભાગી જવાતું હશે?' મકનજીએ લાડ કરતાં કહ્યું. 'દકુભાઈ વિના આ મકનજીને રોટલો કેમ કરીને ભાવશે?'

'કહેતા નથી કે વિપત પડે તંયે બાપદાદાનું ગામ સાંભરે?' સમરથે કહ્યું. 'આજ અમારા ઉપર વિપત પડી છે તો ઈશ્વરિયું અમને સંઘરશે.'

'પણ મને આંહીં વાઘણિયામાં દકુભાઈ વિના સોરવશે નહીં', મકનજીએ ફરી ચાગલે અવાજે સિફારસ કરી. 'હું અને દકુભાઈ તો એકબીજાની અરધી એંઠી બીડી પીનારા ભાઈબંધ. તમે એકલાં એકલાં ઈશ્વરિયે હાલ્યા જાશો તો વાંસે આ ભાઈબંધને ચેન નહીં પડે... ને આ ગરીબ મુનીમને તમારે ભેગો લઈ જાવો પડશે, દકુભાઈ!'

'તમારે તો ઓતમચંદ શેઠના રાજમાં બકડિયાં છે, બકડિયાં,' દકુભાઈએ કહ્યું. 'તમને ઈશ્વરિયે લઈ જાવાનું મારું ગજું નહીં, તમ જેવા મુનીમનો હાથી તો ઓતમચંદ શેઠ જ બાંધી શકે.'

'ધારો તો તમેય બાંધી શકો.' મકનજી બોલ્યો, 'ધારો તો તમે ઓતમચંદનેય ઈશ્વરિયામાં વાણોતરું કરાવી શકો એમ છો.'

સાંભળીને સમરથના પેટમાં ટાઢો શેરડો પડ્યો.

દકુભાઈ આ મુનીમની અર્થસૂચક વાણી મૂંગો મૂંગો સાંભળી રહ્યો.

'તમારામાં આવડત હોય તો ઓતમચંદ શેઠ જેવા સાત શેઠિયાને ઈશ્વરિયાની પેઢીમાં સંજવારી કઢાવી શકો એમ છો,' મકનજીએ ફરી ચોંકાવનારું નિવેદન કર્યું. અને પછી આખો નચાવતાં નચાવતાં ઉમેર્યું: 'આવડત જોઈએ, આવડત. બીજું કાંઈ નહીં. આવડત જ.'

દકુભાઈ તો ફાટી આંખે ને અધખુલ્લે મોઢે મુનીમની સામે તાકી રહ્યો. આ આવડત એટલે શું એનો અર્થ સમજવા ઉત્કંઠ થઈ રહ્યો.

'આમ ઓરા આવો, ઓરા,' મકનજીએ દકુભાઈનું બાવડું ઝાલીને ઊભો કર્યો. અને પછી ખાનગી સંતલસ કરવા અંદરના ઓરડા તરફ દોર્યો. રસ્તામાં પણ એણે બોલવાનું તો ચાલુ જ રાખ્યું હતું: 'આવડત હોય તો અટાણે ઠીકાઠીકનો મોકો આવ્યો છે... ઘા ભેગો ઘસરકો થઈ જાય એમ છે... બૂમ ભેગો ચિચિયો, મારા ભાઈ! દકુભાઈની ત્રણ પેઢી તરી જાય... સંધુંય સમુંસૂતર ઊતરે તો રાજા થઈ જાવ, રાજા...'

દકુભાઈ અને મુનીમ આ રીતે સંતલસ કરી રહ્યા હતા ત્યારે પેઢી પર શંભુ ગોર ટીપણા સાથે જઈ પહોંચ્યો હતો.

'કયું ચોઘડિયું સારું છે, ગોર?' ઓતમચંદે પૂછ્યું.

'કઈ જાતનું શુભ કાર્ય કરવાનું છે એ કહો.'

'સગપણબગપણ કરીએ કોઈનું—'

'કોનું? બટુકભાઈનું?' શંભુ ગોરે પૂછ્યું.

'ના રે ના, બટુક તો હજી ઢીંગલે રમે એવડો છે. આ તો આપણો નરોત્તમભાઈ મોટો થયો છે તો હવે ક્યાંક સારે ઠેકાણે—'

'બવ રાજી થાવા જેવું, બવ રાજી થાવા જેવું,' શંભુ ગોર પોકારી ઊઠ્યો.

પેઢીમાં જ્યારે સગપણ માટેનું શુભ ચોઘડિયું જોવાઈ રહ્યું હતું

ત્યારે ઘરઆંગણે લાડકોર લાપસી માટે ઘઉં ભરડાવવાની વેતરણ કરી રહી હતી.

અને એ જ વખતે 'હરિનિવાસ'ને ઉપલે મજલે નરોત્તમ અને ચંપા ગોષ્ઠી કરી રહ્યાં હતાં અને નટખટ જસી આ બંનેની મીઠી મશ્કરીઓ કરી રહી હતી.

અને દકુભાઈને ઘેર મકનજી ખાનગીમાં એક ભયંકર પ્રસ્તાવ મૂકી રહ્યો હતો.

*

૭

# પંછી બન બોલે

**શંભુ** ગોરે જોઈ આપેલા શુભ ચોઘડિયે ચંપા-નરોત્તમના વેવિશાળનો વિધિ પતી ગયો.

વાસ્તુપૂજનમાં તો દકુભાઈનું કુટુંબ ગેરહાજર રહેલું, પણ વેવિશાળ જેવા મંગલ પ્રસંગે ભાઈભોજાઈને નિમંત્રણ આપવા ખુદ લાડકોર ગયેલી અને એમને રીઝવવા માફામાફી પણ કરી જોયેલી, છતાં જિદ્દી સ્વભાવની સમરથ જરાય પીગળેલી નહીં. સગી બહેનની આગ્રહભરી વિનવણીથી પ્રભાવિત થઈને દકુભાઈ તો એક વખત બનેવીને આંગણે જવા તૈયાર થઈ ગયેલો પણ સાક્ષાત્ કાળકામાતા જેવી સમરથની કરડાકીભરી નજર જોઈને એ પત્નીને તાબે થઈ ગયેલો.

તરણોપાય તરીકે લાડકોરે કહેલું: 'ન આવો તો તમને મારા સાત ખોટના છોકરા બટુકના સમ છે.'

બોલતાં બોલતાં લાડકોરના હોઠ ધ્રૂજી ઊઠેલા. અવાજ ગળગળો થઈ ગયેલો. હમણાં આંખમાંથી દડદડ કરતાં આંસુ ખરી પડશે કે શું, એવું લાગતું હતું. તુરત દકુભાઈ ઉપર આ તરણોપાયની અસર થઈ, અને એ બોલી ઊઠ્યો:

'હં... હં.. બેન, આવા આકરા સમસાગરા ન દેવાય... સાત ખોટના બટુકને ભગવાન સો વરસનો કરે...'

સમરથે જોયું કે બાજી હાથથી ગઈ છે. લાડકોરે અખત્યાર કરેલું સોગંદનું શસ્ત્ર રામબાણ જેવું પુરવાર થયું હતું. દકુભાઈ તો ઊભો થઈને માથા પર પાઘડી વીંટવા લાગ્યો હતો અને બોલતો હતો:

'હાલો, હું આગળ હાલીને તમારે ઘેર આવેલો અવસર ઉકેલી

દઉં... બટુક તો એકમાંથી એકવીસ થાય ને એની આડીવાડી વધે ને ભગવાન એને ઝાઝી આવરદા આપે...'

પણ આમ બાજી હાથમાંથી જવા દે તો તો સમરથ શાની? તુરત એણે લાડકોરના શસ્ત્રનો પૂરેપૂરો પ્રતિકાર કરી શકે એવું શસ્ત્ર પતિ પર અજમાવ્યું:

'ઉંબરા બારણે પગ મેલો તો તમને તમારા સગા દીકરા બાલુના સમ છે!'

ઉંબરો ઓળંગી રહેલા દકુભાઈનો એક પગ ઉંબરામાં જ અટકી ગયો. સિંહણ જેવી સમરથે શસ્ત્ર તો અકસીર યોજ્યું હતું. એની અસર તળે મેંઢા જેવો દકુભાઈ દબાઈ ગયો. એણે ઓસરીમાં નજર કરી તો જુવાનજોધ બાલુ આરસા સામે ઊભો ઊભો વાળ ઓળી રહ્યો હતો.

દકુભાઈની સ્થિતિ વિષમ થઈ પડી. એક તરફ બહેન ઊભી હતી, બીજી તરફ પત્ની ઊભી હતી. એક તરફથી ભાણેજના સોગન દેવાયા હતા, બીજી તરફથી સગા દીકરાની આણ આપવામાં આવી હતી. એક બાજુ માની જણી બહેનની પ્રેમાળ આંખોમાં યાચના હતી: 'આવો મારે આંગણે આવો,' બીજી બાજુ કુપિત પત્નીની આગઝરતી આંખોમાંથી આદેશ વંચાતો હતો: 'ખબરદાર, ઉંબરાની બહાર પગ મૂક્યો છે તો!' એક તરફ લોહીની સગાઈનું ખેંચાણ હતું, બીજી તરફ પ્રેમસગાઈનું આકર્ષણ હતું.

આવી કપરી દ્વિધામાંથી મુક્ત થઈને સ્વતંત્રપણે નિર્ણય કરવાનું કામ દકુભાઈના ગજા બહારનું હતું. પારકે મોટે પાણી પીનારો એ પરમતિલો અને પરવશ પતિ ઘરના ઉંબરામાં જ ઢીલોઢફ થઈને બેસી ગયો. લાડકોરને એણે સાવ ઢીલે ને વીલે અવાજે સંભળાવી દીધું:

'બેન મારી, તું તારે ઘેર જા. આ અભાગિયા ભાઈના ઓરતા હવે છોડી દે. આપણી વચ્ચે હવે લેણાદેણી પૂરી થઈ ગઈ લાગે છે... મનમાં જરાય ઓછું આણજે મા... તારી આંતરડી દુભાવીને

હું સાત ભવેય નહીં છૂટું...'

લાડકોરે પાંપણમાં પ્રયત્નપૂર્વક ખાળી રાખેલાં આંસુ સગા ભાઈની આવી આર્તવાણી સાંભળીને દડદડ કરતાં સરી પડ્યાં. સમરથે એમાં પોતનો વિજય વાંચ્યો.

લાડકોરને રડતી જોઈને દકુભાઈ પણ ગળગળો થઈ ગયો. એણે કહ્યું:

'બેન, કોચવા મા, હવે બવ કોચવા મા. આપણાં અંજળપાણી ખૂટી ગયાં લાગે છે. બધી લેણદેણની વાત છે. જા બેન, ઘેર જા.'

પળે પળે વધતી જતી પતિની આ લાચારી જોઈને સમરથનો વિજયોન્માદ પણ વધતો જતો હતો. આખરે એણે પરાજિત લાડકોર તરફ અસીમ તુચ્છકારથી હાથનો અંગૂઠો બતાવ્યો.

અને તુરત તલવારની ધાર જેવી તેજીલી લાડકોરનો પુણ્યપ્રકોપ પ્રજ્વળી ઊઠ્યો:

'હં... અ... ને, તું ત્રણ ટકાની તરકડી જેવી ઊઠીને મને અંગૂઠો બતાવવા નીકળી છો? તારા ઉપર આટઆટલા ગણ કર્યા એનો સામેથી આવો અવગણ? સગી ભોજાઈનું ઘર ગણીને હું ભાઈબાપા કરતી આવી એનો મને આવો સરપા આપે છે? મારા સાત ખોટના દીકરાના સમ દીધા એનીય તને કાંઈ શરમ ન આવી?'

શ્વાસભેર આટલું બોલી જઈને લાડકોરે પોતાનો આખરી નિર્ણય સંભળાવી દીધો:

'તો જાવ, આજથી મારેય તમારા ગોળાનું પાણી ન ખપે. તમારા ઘરનો દાણો મારે મન ગાયની માટી સમજજો. મારી જનેતાએ ભાઈને જણ્યો જ નહોતો એમ હું આજથી સમજી લઈશ.'

અને લાડકોર ઝડપભેર પીઠ ફેરવી ગઈ.

પચ્છમબુદ્ધિ દકુભાઈ અચાનક આવેશમાં આવી જઈને પોકારી ઊઠ્યો: 'બેન! બેન!'

પણ લાડકોર તો ડેલીને ઉંબરે પહોંચી ગઈ હતી.
દકુભાઈએ બૂમ પાડી: 'બેન, મારું સાંભળ તો ખરી!...'
પણ શેરીમાં પહોંચી ગયેલી લાડકોર કશું સાંભળવા જ નહોતી માંગતી.
સમરથે કરડાકીભર્યા અવાજે પતિને સંભળાવ્યું:
'બેન બેન કરતાં હવે મૂંગા બેસો ને! જાણે બેનના ભાઈ ના જોયા હોય!'
પત્નીની આજ્ઞાને શિરસાવંદ્ય ગણીને દયામણો દકુભાઈ સાચે જ મૂંગો બેસી ગયેલો!

*

મનમાં સમસમી રહેલી લાડકોરે ઘેર આવીને પતિને કહેલું: 'આજથી મારો દકુભાઈ મરી ગયો છે એમ જ જાણજો.'
'કેમ ભલા?' એમ ઓતમચંદે પૂછેલું ત્યારે આંખમાંથી દડદડ આંસુ પાડતાં લાડકોરે કહેલું:
'આજથી છતે ભાઈએ હું નભાઈ થઈ એમ ગણજો... આજથી મારે માવતરના ઘરની દશ્ય દેવાઈ ગઈ એમ સમજજો... મારી પિયરવાટ બંધ...'
ઓતમચંદ કશું બોલી શકેલો નહીં પણ મનમાં તો એણે પણ અપાર વેદના અનુભવેલી.
આ અણધારી આપત્તિથી વ્યથિત બનેલાં દંપતીએ મોઢા ઉપર મુસ્કરાહટ રાખીને નરોત્તમનો વેવિશાળવિધિ પતાવેલો. આખા પ્રસંગ દરમિયાન ઓતમચંદને હોઠે તો એક જ વાક્ય હતું: 'જેવી હરિની ઇચ્છા...'
પોતે મેડી ચણાવી ને વાસ્તુવિધિ કર્યો એમાં ઓતમચંદને હરિની ઇચ્છા જણાઈ હતી. નરોત્તમ અને ચંપાનો વાગ્દાનવિધિ થયો એમાં

પણ ઓતમચંદે હરિની ઇચ્છાથી થયેલો ઈશ્વરી સંકેત વાંચ્યો હતો. અને
આ બંને ઉત્સવોમાં અસહકાર કરીને દકુભાઈએ રંગમાં ભંગ પાડ્યો
એમાં પણ એણે 'જેવી હરિની ઇચ્છા' જેવું સમાધાન મેળવ્યું હતું.

*

અને ફરી એક વાર વાઘણિયાની સીમમાં ઘોડાગાડીના ઘૂઘરા ઘમકી ઊઠ્યા.

વેવાઈને વિદાય કરવા માટે ઓતમચંદે વહેલી સવારમાં ગાડી જોડાવી હતી. આ વખતે પણ લાડકોરે મહેમાનોને અમરગઢ સ્ટેશને પહોંચતા કરવાની મીઠી ફરજ નરોત્તમ ઉપર જ નાખી હતી. અલબત્ત, આ વખતે નરોત્તમની 'પરિસ્થિતિ' તેમજ પદવી પણ પલટાઈ ગઈ હોવાથી નાજુકાઈભરી સ્થિતિમાં એણે પ્રથમ તો વોળાવિયા તરીકે જવાની શરમાતાં શરમાતાં ભાભીને મોઢે ના કહેલી. પણ આખાબોલી લાડકોરે સુરત દિયરજીને દબડાવેલા: 'મનમાં ભાવે છે ને મુંડો હલાવે છે?' નરોત્તમ મનમાં જ હસતો હસતો, આ મનગમતી ફરજની બજવણી માટે ગાડીમાં ચડી બેઠેલો.

અને સહેલગાહના શોખીન બટુકને તો આવી બાબતમાં કહેવું પડે એમ જ ક્યાં હતું? એ તો ઘોડાગાડીનું નામ સાંભળીને ઘરમાં સહુથી વહેલેરો ઊઠીને અંધારામાં જ વશરામની બેઠક ઉપર ગોઠવાઈ ગયો હતો.

વહેલી પરોઢના અંધકારમાં જ બંને વેવાઈઓ વચ્ચે 'આવજો... આવજો'નો ઉપચારવિધિ થઈ ગયો અને વશરામે પરભાતિયું ઉપાડ્યું ને ગાડી પણ અમરગઢને મારગે ઊપડી.

ગાડીની બહારના તેમજ અંદરના વાતાવરણમાં ખુશનુમા તાજગી હતી. હજી ચાર દિવસ પહેલાં અમરગઢથી વાઘણિયે આવતી વેળાએ જ ગાડીમાં સંકોચ, ક્ષોભ અને વધારે પડતા શિષ્ટાચારનું જે ભારઝલ્લું

વાતાવરણ જામેલું એ આ વળતી ખેપમાં દૂર થઈ ગયું હતું. એની જગ્યાએ નિકટતા, નિખાલસતા અને નર્યા ઉલ્લાસની હવા જામી હતી. પહેલી ખેપ વેળા ચંપા અને નરોત્તમ એકમેકની નજીક બેઠાં હોવા છતાં બંનેની વચ્ચે જાણે કે જોજનનું અંતર હતું. આ વખતે બંને હૃદયો અજબ સામીપ્ય અનુભવી રહ્યાં હતાં.

ગાડીવાન વશરામ હલકાભેર પરભાતિયું ગાતો હતો:

*જાગિયે રઘુનાથ કુંવર...*
*પંછી બન બોલે...*

સંતોકબા કે કપૂરશેઠને આવા 'ગીતડા'માં જરાય રસ નહોતો પણ ચંપા અને નરોત્તમ તો 'પંછી બન બોલે...'ની તૂક સાંભળીને અજબ આહ્‌લાદ અનુભવી રહ્યાં હતાં.

મારગની બેય બાજુએ ઊભેલી વનરાજીમાં પંખીઓ જાગી ઊઠ્યાં હતાં. વૃક્ષોનાં પાંદડાં વચ્ચે પાંખનો ફફડાટ સંભળાતો હતો. રાત આખી ચાંચમાં ચાંચ પરોવીને એકબીજાની ગોદમાં પડી રહેલાં પક્ષી યુગલો પોતાના કંઠમાંથી પ્રભાતનું મંગલ ગાન છેડી રહ્યાં હતાં. ગાડીમાં બેઠેલું એક હૃદયયુગ્મ પણ એવા જ અનુભવમાંથી પસાર થઈ રહ્યું હતું. અલબત્ત, વડીલોની હાજરીમાં એમની જીભ સિવાઈ ગઈ હતી, પણ ઊડું ઊડું થવા મથતી એમની પાંખોમાં ફફડાટ અછતો નહોતો રહેતો. એમના મૂંગા કંઠમાં પણ નવજીવનના પરોઢનું નિઃશબ્દ ગાન નીકળવા મથી રહ્યું હતું. સૃષ્ટિનું એ સનાતન ગાન બંને જણાંને ઓઠે આવીને અટકી જતાં આખરે આંખો વાટે છલકાઈ રહ્યું હતું.

પ્રથમ પ્રવાસ વખતે નરોત્તમ અને ચંપાનાં તારામૈત્રકો પકડી પાડીને મોટી બહેનને હેરાનપરેશાન કરી મૂકનાર નખરાળી જસી પણ અત્યારે બહેન-બનેવી વચ્ચે રચાતાં દૃષ્ટિસંધાનની પવિત્ર અદબ જાળવીને મૂંગી બેઠી રહી હતી. અરે, આમ આડે દિવસે તો 'કાકા, આનું નામ શું?' ને 'પેલાને શું કહેવાય?' એવા બાલિશ પ્રશ્નો પૂછી

પૂછીને નરોત્તમનો જીવ ખાઈ જનાર બટુક પણ કોઈ અંતઃસ્ફુરણાને વશ થઈને સાવ મૂંગો બેસી રહ્યો હતો.

આ સાર્વત્રિક મૌનનો ચેપ જાણે કે સંતોકબા અને કપૂરશેઠને પણ લાગુ પડેલો, તેથી તેઓ મનમાં ને મનમાં લગનની તૈયારીઓની યોજના ઘડી રહ્યાં હતાં. એમ પણ વિચારતાં હતાં કે ચંપા ઠેકાણે પડી એટલે હવે નાનકડી જસી માટે પણ મનગમતો મુરતિયો મળી જાય તો બેય બહેનોનાં લગન એકસાથે જ ઉકેલી નાખીએ.

'લ્યો, આ ઠેસન તો કળાણું!' પરભાતિયાં ગાઈ ગાઈને થાક્યા પછી વશરામે કોઈને ઉદ્દેશ્યા વિના જ જાહેર નિવેદન કર્યું.

છતાં વશરામના આ નિવેદનમાં હા-હોંકારો ભણવાનું કોઈને ન સૂઝ્યું. પોતપોતાનાં દિવાસ્વપ્નોમાં વિહરી રહેલાં આ પ્રવાસીઓ હજી પણ મૂંગાં જ રહેવા માગતાં હતાં.

પણ વાતોડિયા વશરામ માટે આ મૌન અસહ્ય હતું. એણે તો પછવાડે જોઈને પૂછ્યું: 'કેમ બટુકભાઈ, કાંઈ બોલતા નથી?'

કાચી ઊંઘમાંથી ઊઠીને ગાડીમાં ચડી બેઠેલો બટુક, સવારના પહોરની શીતળ લહેરીઓની અસર થતાં ચંપાના ખોળામાં જ ઊંઘી ગયેલો તે વશરામના આ પડકારનો પરિચિત અવાજ કાને પડતાં ઝબકીને જાગી ગયો.

ગાડીમાંથી કોઈ પણ માણસ અત્યારે મારી સાથે વાતચીત કરવાના 'મૂડ'માં નથી એમ સમજાતાં વશરામે બટુકને જ પૂછ્યું: 'કોના ખોળામાં ઊંઘી ગ્યા'તા, હેં બટુકભાઈ?'

'કહો કે કાકીના ખોળામાં—'

પ્રભાતના રમ્ય વાતાવરણમાં પહેલી જ વાર રૂપાની ઘંટડી રણકી ઊઠી.

ચંપા આ વાક્ય બોલતાં તો બોલી ગઈ, પણ ગજબની શરમાઈ ગઈ.

બટુકે તો એથીયે અદકા મધુર અવાજે કાલી કાલી ભાષામાં એ

વાક્યનું પુનરુચ્ચારણ કર્યું: 'કાકીના ખોળામાં.'

ગાડીમાં પહેલી જ વાર સહુને મોકળે મને હસવાનું મળતાં વાતાવરણનો ભાર થોડો હળવો થયો.

હવે તો ઓછાબોલાં સંતોકબાને પણ આ સંવાદોમાં રસ પડતાં એમણે પૂછ્યું:

'કાકી ભેળું મેંગણી આવવું છે, બટુકભાઈ?'

'મોટો થાઈશ ને, પછી આવીશ.' બટુક બોલ્યો.

'બટુકભાઈ, કહોને કે કાકીને તેડવા આવીશ—' વશરામે પાઠ પઢાવ્યો.

'કાકીને તેલવા આવીશ—'

'ઘોડાગાડી લઈને તેડવા આવીશ—' વશરામે વધારે વિગતો આપી.

'ઘોડાગાડી લઈને તેલવા આવીશ—'

'ભલે, ભલે, જરૂર આવજો હો!' હવે તો કપૂરશેઠે પણ વિવેક કર્યો.

'લ્યો, આ ઠેસન આવી પૂગ્યું,' વશરામે હાકલ કરી.

ગાડી ઊભી રહેતાં, રાબેતા મુજબ અનેક આશરાગતિયાં માણસોનું ટોળું જમા થઈ ગયું. પણ આજે એ લોકોને દાદ આપવાની નરોત્તમને ફુરસદ જ ક્યાં હતી? આગલે સ્ટેશને ગાડી છૂટી ગઈ હોવાથી સહુ ઝડપભેર પ્લૅટફૉર્મ પર પહોંચી ગયાં.

કપૂરશેઠ અને સંતોકબા દૂરંદેશીથી કે પછી સાહજિક રીતે જ કોઈક કામને વિશે જરા આઘેરાં નીકળી ગયાં અને નરોત્તમ તથા ચંપા-જસીને થોડી વાર એકલાં પડવા દીધાં. આ તકનો લાભ લઈને નરોત્તમે થોડી ધીમી ગુફ્તેગો કરી. જોકે વચ્ચે વચ્ચે 'કાકા, શું કિયો છો? મને કિયો, મને કિયો'ની બટુકની બાલિશ ખલેલ તો ચાલુ જ હતી, પણ આ બંને જુવાન હૈયાં અત્યારે બટુકની હાજરી સાવ ભૂલી જ ગયાં હતાં.

થોડી જ વારમાં ભખ ભખ કરતું ઍંજિન આવી પહોંચ્યું અને બટુકે

ચીસ પાડી: 'ગાડી આવી' અને બંને જણાંની પ્રણયગોષ્ઠી અધૂરી રહી.

'આવજો, આવજો!'ના અવાજો વચ્ચે ગાડી ઊપડી અને નરોત્તમ એ ઝડપભેર જતી ટ્રેનની પાછળ તાકી રહ્યો— અનિમિષ આંખે તાકી જ રહ્યો.

અને એ મુગ્ધ નજર સામે, થોડે દૂર ઊભેલો વશરામ મનમાં મલકાતો તાકી રહ્યો.

આમ ને આમ સારી વાર થઈ ગઈ, ટ્રેન દેખાતી પણ બંધ થઈ ગઈ છતાં બે ચકચકતા પાટાની અનંત લંબાઈ તરફ તાકી રહેલા નરોત્તમે પોતાની દૃષ્ટિ પાછી વાળી જ નહીં ત્યારે તો વહેવારડાહ્યો વશરામ વધારે મલકાયો. પણ માદક સ્વપ્નોના ઘેનમાં પડેલા નાનાશેઠે રેલવેના પાટા ઉપર જે દૃષ્ટિ પરોવી હતી એને પાછી વાળવા કહેવાનું વશરામને ઉચિત ન લાગ્યું. એ કામગીરી તો આખરે બટુક જ બજાવવાનો હતો.

ફરી પાછા ઘોડાગાડીમાં બેસવા માટે અધીરા થઈ ગયેલા આ બાળકે કાકાને એમની સ્વપ્નાવસ્થામાંથી જાગ્રત કર્યા વિના છૂટકો જ નહોતો. એણે નરોત્તમનો હાથ ખેંચીને જોરથી હલબલાવ્યો: 'કાકા, હાલોની ઝટ, ગાડી તો ગઈ!'

'હેં?' નરોત્તમ સાચે જ ઝબકીને જાગ્યો. પછી બટુકને સંભળાવવા કરતાં વધારે તો પોતાની જાતને જ સંભળાવ્યું:

'હા, ગાડી તો ગઈ!... ગઈ જ!'

નરોત્તમ ગાડીમાં ગોઠવાયો. એના કાનમાં—અને હૃદયમાં પણ—હજી વશરામે ગાયેલા પરભાતિયાની તૂક ગુંજતી હતી: 'પંછી બન બોલે...'

*

૮

# સાચાં સપનાં

**સૂરજ** આથમવા ટાણે કપૂરશેઠ મેંગણીને સીમાડે પહોચ્યા ત્યારે પાદરમાં એભલ આહીર પણ પોતાનાં ગાયભેંસનું ખાડું ભેગું કરીને ગામમાં પ્રવેશતો હતો.

શેઠને જોતાં જ એભલે આનંદપૂર્વક પૂછ્યું: 'કાં કપૂરબાપા, ગામતરે જઈ આવ્યા ને?'

'હા, હા.' શેઠે પણ એટલા જ આનંદભેર ઉત્તર આપ્યો: 'ગામતરે જઈ આવ્યાં ને એક સારા સમાચાર પણ લેતાં આવ્યાં–'

'શું સારા સમાચાર છે?'

'આપણી ચંપાબેનનું સગપણ કરતાં આવ્યાં,' શેઠને બદલે અધીરાં સંતોકબાએ જ એભલને ઉત્તર આપી દીધો.

'બવ હારું, બવ હારું, મા!' ભોળા આહીરે હરખ કર્યો. 'હવે ઝટ ઝટ લગન કરો એટલે અમ જેવાનાં મોઢાં ગળ્યાં થાય–'

'અટાણે તો અમારે દોઢ શેર દૂધ જોઈશે' સંતોકબાએ સામેથી કહ્યું, 'હીરબાઈને કહે કે ઝટ ઢોર દોહી લિયે.'

'આ અબ ઘડીએ ઢોરાં દોવાઈ ગ્યાં હમજો ની!' એભલે ઝાંપામાં દાખલ થઈને પોતાના વાડા તરફ વળતાં કહ્યું. કપૂરશેઠે વરસોથી એભલ આહીરને ઘેર દૂધનું લગડું બાંધી રાખેલું અને પરિણામે બંને ઘર વચ્ચે સારો નાતો બંધાઈ ગયેલો.

ડેલીએ પહોંચતાં જ સંતોકબાએ ચંપાને હુકમ કર્યો:

'જા, ઝટ હીરબાઈને વાડેથી દૂધનો કળશો ભરી આવ્ય. અટાણે તાજેતાજું દોવાતું હશે. દૂધનું ગળું ને છાશનું તળું. ગામ આખું

ઉલેચી જાય પછી એ દૂધમાં સ્વાદ ન રહે.'

ચંપાએ ઝટપટ પાણિયારાની કાંધી પરથી દોઢશેરિયો કળશો ઉતારીને માથે રાખવાળો હાથ ફેરવી લીધો. પછી એ ઝગમગતા વાસણમાં પોતાના ઝગમગતા મુખારવિંદનું પ્રતિબિંબ નિહાળતી નિહાળતી એ એભલ આહીરના વાડા તરફ જવા નીકળી.

એભલ આહીરના વાડાના વિશાળ ફળિયામાં હીરબાઈ ભેંસ દોહી રહ્યાં હતાં. ભગરીનાં આઉમાંથી તાંબડીમાં છમછમ દૂધની શેડ પડતી હતી. પાતળી સોટા જેવી સુડોળ આહીરાણીની ગૌરવરણી ખુલ્લી પીઠ પરનો બરડો, હરિયાળા ખેતર વચ્ચેથી વહેતા ધોરિયાની જેમ શોભી રહ્યો હતો. એ પીઠ પર અત્યારે એભલનો નાનકડો છોકરો બીજલ પલાણ કરતો હતો ને 'મા, મને ભૂખ લાગી... રોટલો દે, નીકર ભગરીને ભડકાવી મેલીશ,' એવી ધમકીઓ દઈ દઈને માતાને પ્રેમાળ રીતે પજવી રહ્યો હતો.

હીરબાઈ આ અણસમજુ છોકરાને ફોસલાવી-પટાવી રહી હતી: 'અબઘડી ચાર શેડ પાડીને તને રોટલો દઈશ, હો ગગા! ભલો થઈને ભગરીને ભડકાવજે મા, નીકર અબઘડીએ ઓલી ચંપીબેન દૂધ લેવા આવી ઊભશે તો દૂધને સાટે શું દઈશ, મારાં કાળજાં?'

'કાળજાં નહીં, મારે તો દૂધ જોઈએ, દૂધ!' વાડામાં પ્રવેશતાં જ ચંપાએ મીઠો ટહુકો કર્યો.

ચંપાને જોઈને બીજલ માની પીઠ પરથી ઊતરી ગયો. ચંપાને આવકાર આપ્યો:

'આવો, બેનબા, આવો! આજ તો કાંઈ બવ મલકાતાં મલકાતાં આવો છો ને! હરખ તો જાણે કે હૈયે માતો નથી! આટલો બધો શેનો હરખ છે, મને વાત તો કર!'

'એભલકાકાએ તમને સંધાય સમાચાર દઈ દીધા લાગે છે!' ચંપાએ કહ્યું.

'મને કોઈએ કાંઈ સમાચાર નથી દીધા,' હીરબાઈએ અજાણ હોવાનો ડોળ કર્યો.

'તમને સંધીય ખબર પડી ગઈ લાગે છે!'

'તારા વિના મને કોણ વાવડ આપે?' હીરબાઈએ દૂધની તાંબડી લઈને ખાટલા ઉપર બેસી જતાં કહ્યું.

'હીરીકાકી, હવે મને ઝટ દૂધ ભરી દિયો, નીકર વાળુમાં અસૂરું થાશે.' હીરબાઈની ગોદમાં લાડપૂર્વક બેસી જતાં ચંપાએ કહ્યું.

'ભલે અસૂર થાય, મને સરખીથી વાત નહીં કર ત્યાં લગણ હું દૂધ નહીં આપું.'

હીરબાઈની વત્સલ ગોદમાં ચંપા વહાલસોયી માતાની હૂંફ માણી રહી. આહીરાણી પણ આ યુવતી કેમ જાણે પોતાનું પેટજણ્યું સંતાન હોય એવી મમતાથી ચંપાની પાંગરતી દેહલતા પર પ્રેમાળ હાથ ફેરવી રહી.

સગપણના સમાચાર તો આહીરાણીએ પતિને મોઢેથી સાંભળ્યા જ હતા, છતાં એ અજબ રસપૂર્વક ચંપાને મોઢેથી સવિસ્તર અહેવાલ સાંભળી રહી. ચંપાએ પણ મોકળે મને પોતાના મનોભાવ વ્યક્ત કર્યા. દૂધનો કળશો જાણે કે વિસરાઈ ગયો અને બંને સ્ત્રીહૃદયો સ્વાભાવિક રીતે જ સમયનું ભાન ભૂલી ગયાં...

'મોટીબેન, કેટલી વાર? વાડામાં જસી આવી ઊભી અને ભાવી જીવનનાં સપનાં સંભળાવી રહેલી ચંપાને જાગ્રત કરી: 'બા તો વાટ જોઈને થાકી ગયાં!'

'આય હાય! મને હીરીકાકીએ વાત કરવા બેસાડી રાખી ને હું તો ભૂલી જ ગઈ!' કહીને ચંપા ખાટલા પરથી ઊઠી.

હીરબાઈએ દૂધ ભરી આપીને ચંપાને વિદાય આપી: 'ઠીક લ્યો જાવ, અટાણે તો અસૂરું થયું, પણ પછે નિરાંતે પેટ ભરીને વાતું કરશું—'

ચંપાએ ઘરના ઉંબરામાં પગ મેલ્યો કે તુરત સંતોકબાની જીભ ઊપડી:

'તારે હવે ટાણેકટાણે બવ બહાર જવાનું નહીં, સમજી? હવે તું નાનકડી નથી, કાલ સવારે સાસરે જઈશ—'

જનેતાની જીભમાંથી પહેલી જ વાર આવાં આકરાં વેણ છૂટ્યાં હતાં. આકરી જબાનથી અપરિચિત ચંપાને આ વેણ તીખાં પણ લાગ્યાં ને મીઠાં પણ લાગ્યાં. તીખાં એટલા માટે કે એ મુગ્ધાને આવા મેણાંટોણા સાંભળવાનો મહાવરો નહોતો. મીઠાં એટલા માટે કે એમાં કાલ સવારે સાસરિયે જવાનો મનગમતો ઉલ્લેખ હતો. ધીમે ધીમે આ ઉપાલંભમાં રહેલી તીખાશ ભુલાઈ ગઈ અને નરી મીઠાશ એના મનને ભરી રહી.

'કાલ સવારે!'

શબ્દો તો ટૂંક સમયના ભાવર્થમાં વપરાયા હતા, પણ વાઘણિયેથી ચંપા સપનાનો જે સોમરસ પી આવી હતી એના કેફમાં એણે આ શબ્દોને વાચ્યાર્થમાં જ ઘટાવ્યા: કાલ સવારે! બસ, કાલ સવારે જ સાજનને ઘેર જવાનું છે! વાસ્તવમાં તો, લગ્ન થવાને હજી એકાદ વરસ સહેજે વીતી જાય એમ હતું, પણ પતિમિલનની ઉત્સુકતાના આસવ વડે ચકચૂર થઈ ગયેલી ચંપાને મન તો એ વરસદિવસની મુદત એક પ્રલંબ વિરહરાત્રિ જ હતી.

વાળુપાણી પતાવતાં આજે ઠીક ઠીક મોડું થઈ ગયું. અને એ પછી પણ કપૂરશેઠ અને સંતોકબા મોડે સુધી ઓસરીમાં જાગતાં બેઠાં. કપૂરશેઠ પોતાના રોજના નિયમ મુજબ ઓસરીને હીંચકે તકિયો નાખીને હીંચકતા બેઠા હતા. સંતોકબા પોતાના નિયતસ્થાને ઓસરીની થાંભલીને અઢેલીને પગ લાંબા કરીને બેઠાં હતાં. ઘરકામ તો બધું છોકરીઓ ઉપર જ નાખેલું હોવાથી સાંજ પડતાં જ સંતોકબાના સ્થૂળ પગ થાકીને લોથપોથ થઈ જતા તેથી સૂતાં પહેલાં બંને પુત્રી

પાસે એકેક પગ સારા પ્રમાણમાં દબાવડાવે તો જ એમને ઊંઘ આવી શકતી. અત્યારે પણ નિયમ મુજબ બંને પુત્રીઓ માતાના એકેક પગની માવજત કરી રહી હતી. ચંપા જમણો પગ દાબે ને જસી ડાબો પગ દાબે એવો એક અણલખ્યો નિયમ જ થઈ ગયો હતો. અને તેથી જ પુત્રવિહોણાં સંતોકબા બંને પુત્રીઓને ડાબી-જમણી આંખ ગણીને સંતોષ અનુભવતાં હતાં.

હીંચકા પર કપૂરશેઠ સોપારી વાંતરતાં વાંતરતાં ભવિષ્યના લગ્નપ્રસંગની તૈયારીઓની આછી રૂપરેખા આંકતા હતા. સંતોકબા એમાં હા-હોંકારો ભર્યે જતાં હતાં.

'હવે કાલ સવારે ચંપા તો સાસરે જશે. પછી તમારો જમણો પગ કોણ દાબશે?' પતિએ મજાકમાં પૂછ્યું.

સાંભળીને સંતોકબા જરા વિચારમાં પડી ગયાં. તેઓ હજી કશો ઉત્તર આપે એ પહેલાં તો જસીએ વચ્ચે જણાવી દીધું:

'હું દાબીશ. જમણો ને ડાબો બેય હું દાબીશ.'

સંતોકબાએ નિસાસો મૂકીને કહ્યું:

'તું પણ પારકી થાપણ. તારા ઓરતા પણ હવે કેટલા દી?'

'મારો વિચાર તો વાઘણિયામાં ચંપા ભેગું જસીનું પણ પતાવી જ નાખવાનો હતો.' કપૂરશેઠ બોલ્યા. દકુભાઈના છોકરા બાલુ સારુ થઈને મકનજી મુનીમ મને બહુ દબાણ કરતો હતો.'

'કોને સારુ?' જસીના કાન ચમક્યા.

'ઓતમચંદ વેવાઈના સાળા દકુભાઈ હતા ને, એનો છોકરો—બાલુ—'

સાંભળીને જસી મીઠી લજ્જામાં આંખો ઢાળી ગઈ અને પછેડાનો એક છેડો લઈને ચાવવા લાગી.

પતિએ પત્નીને પૂછ્યું: 'બાલુ કેવોક પાણીદાર લાગ્યો તમને?'

જસીએ વધુ લજ્જા અનુભવતાં નખ વડે જમીન ખોતરવા માંડી.

બાલુના 'પાણી'નો તાગ લઈને સંતોકબા હજી તો કશો ઉત્તર આપેએ પહેલાં કોણ જાણે કેમ, ચંપાએ તિરસ્કારમાં પોતાનો ઓઠ મરડ્યો. ચંપાના એ આંગિક અભિનયનો, વાચિક અભિનયમાં આ પ્રમાણે અનુવાદ થઈ શકે: 'જોયો હવે બાલુ! એમાં તે વળી પાણી કયે દહાડે બળ્યું હતું!'

મોટીબહેનનો આ અભિનય જોઈને જસી છેડાઈ પડી. એણે ઉગ્ર અવાજે પૂછ્યું: 'કેમ હોઠ મરડવો પડ્યો, ભલા?'

આ પ્રશ્ન જ એવો હતો, જેનો ઉત્તર આપવા માટે ચંપાએ ફરી વાર એ જ ઓષ્ઠાભિનયનો આશરો લેવો પડે. સારું થયું એ પહેલાં સંતોકબાએ જ અભિનયનું વિવેચન કરી નાખ્યું:

'બાલુ તો સાવ બાઈમાલી જેવો લાગે છે. એનામાં રતિ ક્યાં છે?'

'બોલો મા, બા, એવું બોલો મા,' ચંપાએ સંતોકબાને અટકાવ્યાં. 'જસીને તો બાલુ બહુ જ ગમી ગયો છે—જાણે રાજાનો કુંવર! કેમ જસી?'

જસી ત્રીજી વાર લજ્જા અનુભવીને આંખો ઢાળવા જતી હતી ત્યાં તો સંતાકબાએ તોડીફોડીને કહી જ દીધું:

'અરે ધૂળ રાજાનો કુંવર! મોઢા ઉપરથી માખ ઉડાડવાની તો સૂધ નથી. દિવસ આખો નાયકાની જેમ પટિયાં પાડીને ફર્યા કરે ને રાગડા તાણ્યા કરે એમાં શું વળ્યું? દોકડાભાર રતિ તો એમાં દેખાણી નહીં.'

'મને પણ છોકરો સાવ મવાલી જેવો લાગ્યો,' પતિએ સમર્થન કર્યું. 'ક્યાં નરોત્તમ ને ક્યાં બાલુ!... હાથીઘોડાનો ફેર... જેનામાં પાણી હોય એ કાંઈ અછતું રહે?'

જસીને બગાસું નહોતું આવતું છતાં એણે મોટે અવાજે કૃત્રિમ બગાસું ખાધું અને બોલી ઊઠી: 'મને તો ઊંઘ આવે છે, સૂઈ જાઉં, જલદી.'

કોઈ તરફથી હજી બેસવાનો આગ્રહ થાય એ પહેલાં તો જસી ઊભી થઈને ચાલી પણ ગઈ.

ચંપાએ કહ્યું: 'બા, તમે બાલુની ઠેકડી કરી એ જસીને ન ગમ્યું.'

'જસીને વળી ગમવા-ન ગમવાનું શું હોય? એને શું ખબર પડે કે સોનું શું કહેવાય ને કથીર કોને કહેવાય? હજી એ છોકરીની ઉંમર શું ને વાત શું?' કપૂરશેઠે બાલુની સાથે જસીની શક્તિઓ ઉપર પણ વિવેચન કરી નાખ્યું. પછી પત્નીની જાણ માટે ઉમેર્યું: 'મકનજી મુનીમ તો મને વળગી જ પડ્યો કે બાલુ વેરે જસીનો ગોળ ખાઈને જ જાવ, પણ હું શું મૂરખ છું કે આવી રતન જેવી છોકરીને બાલુ જેવા વરણાગિયા વેરે વરાવી દઉં?'

'તમે મુનીમને શું જવાબ આપ્યો?' સંતોકબાએ પૂછ્યું.

'એમ મોઢામોઢ ચોખ્ખી ના કહીએ તો તો એને માઠું લાગે ને!' મેં કીધું કે, 'બહુ ઉતાવળ કરવી ઠીક નહીં... મેંગણી જઈને વિચાર કરશે ને પછી તમને કાગળ લખશું... જાય ભેંસ પાણીમાં!' કહીને શેઠ ખડખડાટ હસી પડ્યા.

ચંપા બોલી: 'બાપુજી, બહુ સારું કર્યું. બાલુમાં એકેય લક્ષણ સારું નથી.'

'ને પાછી દકુભાઈની વહુ પણ, કહે છે કે, બહુ કજિયાળી છે.' સંતોકબાએ ઉમેર્યું. 'આવી કંકાસણી ને વઢકણી સાસુ જડે તો તો મારી જસીને કાયમની કઠણાઈ થઈ પડે ને!'

'જસી સારુ પણ બરોબર નરોત્તમ જેવો છોકરો ગોતી કાઢશું.' કપૂરશેઠે કહ્યું.

'મારી જસીને હજુ કાંઈ ઉતાવળ નથી,' સંતોકબા બોલ્યાં અને પછી એમને એકાએક યાદ આવ્યું તેથી સૂચન કર્યું: 'ચંપાને વરાવી એના સમાચાર એના મામાને લખવા પડશે ને?'

'લખાશે હવે. ઉતાવળ શું છે?' પતિએ કહ્યું.

'ના, એમ, "લખાશે" કહો એ ન ચાલે. મારો મનસુખભાઈ તો પહેલો. સમાચાર મોડા લખીએ તો એને માઠું લાગી જાતાં વાર ન લાગે. ગઈ દિવાળીએ હું રાજકોટ ગઈ'તી ત્યારે એણે તો ચોખ્ખું કીધું હતું કે મને પૂછ્યા વિના ચંપાનું વેશવાળ જ ન કરશો.'

'એમ?'

'હા, એ તો કહે છે કે ચંપા તો મોટા લખપતિને આંગણે શોભે એવી દીકરી છે. એને જેવેતેવે ઠેકાણે નાખી ન દેશો.'

'પણ આપણે ક્યાં મોળું ઠેકાણું ગોત્યું છે?'

'પણ ચંપાના મામાને પૂછી-કારવીને પછી ગોળ ખાધો હોત તો ઠીક થાત,' સંતોકબાએ એકાએક ગંભીર અવાજે કહ્યું.

'હવે ન પૂછ્યું તો એમાં શું ખાટુંમોળું થઈ જાવાનું હતું?'

'ખાટુંમોળું તો નહીં, પણ મારા ભાઈનો સ્વભાવ તમે જાણતા નથી? ધૂળ જેવી વાતમાં એને માઠું લાગી જતાં વાર ન લાગે.' સંતોકબા બોલ્યાં. 'આ તો લગન જેવી મોટી વાત, એમાં મોસાળિયાંને મોટાઈ આપી હોય તો સારું લાગે; બીજું શું?'

'ઠીક લ્યો, હવે કાલ સવારમાં જ હું મનસુખભાઈને મજાનો કાગળ લખી નાખીશ. આપણે ક્યાં મોળું ઠેકાણું ગોત્યું છે તે એને માઠું લાગે?'

ચંપાનું ચિત્ત આવી વહેવારડાહી વાતોમાં નહોતું. વસંતના વાયરાથી પુલકિત બનેલી એની મનોસૃષ્ટિમાં તો એક નવી જ દુનિયા વસી ગઈ હતી. એ નૂતન સૃષ્ટિમાં રમમાણ ચિત્ત લઈને એ મોડે મોડે મેડી પર સૂવા ગઈ.

પથારીમાં પડી, પણ આંખમાં ઊંઘ જ ક્યાં છે! એનાં પોપચાં પર નવજાત પ્રણયનો જે પરિમલ પથરાયો હતો એ બંને પાંપણને ભેગી થવા દે એમ ક્યાં હતો?

અત્યારે પણ આ પ્રણયમુગ્ધા સૂતી તો હતી મેંગણી ગામની

મેડીમાં, પણ એનું મનપંખી તો કલ્પનાની પાંખે ઊડતું ઊડતું એક સુમધુર સ્વપ્નભોમમાં પહોંચી ગયું હતું... પોતે નરોત્તમને વરમાળા પહેરાવતી હતી... આજુબાજુ સુવાસણો મંગળ ગીતો ગાતી હતી... વરઘોડિયાં વાજતેગાજતે વાઘણિયાના પાદરમાં પહોંચ્યાં હતાં... સૂરીલી શરણાઈ વડે સામૈયાં થતાં હતાં... 'હરિનિવાસ'ની મેડીને આંગણે વરકન્યા પોંખાતાં હતાં... ચંપા પોતાની વત્સલ જેઠાણી લાડકોરને પગે પડતી હતી... જીવતાં રહો.. સો વરસનાં થાવ... આડીવાડી વધારો...' એવાં આશીર્વચનો વડીલો તરફથી ઉચ્ચારાતાં હતાં... મોડી રાતે નવવધૂ મેડી પરના શયનગૃહમાં ગઈ...

અર્ધ-સુષુપ્ત અવસ્થામાં સ્વપ્નના સોમરસ વડે મત્ત બનેલી ચંપાને સ્વપ્નભંગ કરાવતું ડૂસકું સંભળાયું. એ ઝબકીને જાગી ઊઠી. જોયું તો નજીકમાં સૂતેલી જસી હીબકાં ભરતી હતી.

*

૯

# કાગળ ને કડાકો

'કાગળ લેજો, કપૂરબાપા!'

ઓસરીનાં પગથિયાં પાસે ઊભીને ભૂરા ટપાલીએ બૂમ પાડી અને ચંપાના કાન ચમકી ઊઠ્યા. હમણાં હમણાં કોણ જાણે કેમ, પણ ટપાલ આવવાને સમયે ચંપા જાણ્યે-અજાણ્યે કોઈના પત્રની પ્રતીક્ષા કરવા લાગી જતી.

કપૂરશેઠે પત્ર લીધો અને પછી હિંડોળા ઉપર બેસીને વાંચવા માંડ્યો એટલી વારમાં તો સંતોકબા પણ રસોડામાંથી બહાર નીકળ્યાં અને પૂછ્યું: 'કોનો કાગળ છે?'

રસોડામાં ચૂલા પાસે બેસીને રોટલા થાબડતી ચંપા પણ કુતૂહલથી જરા નજીક આવી અને કોઈ જોઈ ન જાય એ રીતે રસોડાના કમાડની ઓથે લપાઈને ઊભી રહી.

પોતે પૂછેલા પ્રશ્નનો તુરત ઉત્તર ન મળતાં સંતોકબાએ ફરી પૂછ્યું: 'કયા ગામનો કાગળ છે?'

ચંપાની જિજ્ઞાસા વધારે તીવ્ર બની. પિતાને મોઢેથી 'વાઘણિયાનો' શબ્દ સાંભળવાને એ ઉત્સુક બની રહી. પણ ત્યાં તો કાગળ વાંચી રહેલા કપૂરશેઠ ઓચર્યા: 'રાજકોટનો—'

સાંભળીને ચંપા હતાશ થઈ, પણ સંતોકબાને સંતોષ થયો. બોલ્યાં: 'હા... મારા મનસુખભાઈનો કાગળ આવ્યો—ચંપાના સગપણની ખુશાલીનો—'

'ખુશાલીનો નથી...'

'હેં? શું કીધું?'

'ખુશાલીનો નથી,' વાંચતાં વાંચતાં કાગળને છેડે આવી પહોંચેલ કપૂરશેઠે ભારેખમ અવાજે ઉમેર્યું: 'જાણે ખરખરાનો છે–'

આવો અણધાર્યો ઉત્તર સાંભળીને સંતોકબા એવાં તો ડઘાઈ ગયાં કે હવે વધારે પૂછગાછ કરવાના પણ એમને હોશ ન રહ્યા. કમાડની ઓથે લપાઈને ઊભેલી ચંપા પણ ચિત્રવિચિત્ર તર્ક કરવા લાગી.

આખરે કપૂરશેઠે જ પોતાના પ્રથમ કથનનો સ્ફોટ કર્યો: 'ચંપાને વાઘણિયે વરાવી એમાં એના મામાને બહુ મનદુઃખ થયું છે...'

'કાં? કેમ ભલા?'

'લખે છે કે રતન જેવી દીકરીને ઉકરડે નાખી દીધી.'

'પણ ઓતમચંદ શેઠનું ઘર ઉકરડો ગણાય?... કેવું મજાનું–'

'મનસુખભાઈ તો લખે છે કે વાઘણિયા જેવા ગામડાગામમાં ચંપાનો અવતાર બળી જશે.'

'પણ આપણું મેંગણી ક્યાં મોટું શહેર છે?' સંતોકબાએ સામો પ્રશ્ન કર્યો.

'મેંગણી ભલે ને વાઘણિયા કરતાંય નાનું રહ્યું,' કપૂરશેઠ બોલ્યા: 'પણ ચંપાના મામા તો લખે છે કે મારી ભાણેજ તો રાજકોટ જેવા મોટા શહેરમાં શોભે એવી છે.'

'પણ મોટા શહેરમાં ઓતમચંદ શેઠના જેવું ખાનદાન ખોરડું જડે ખરું?'

'મનસુખભાઈ તો લખે છે કે મને કીધું હોત તો આઠ ઓતમચંદને આંટે એવું મોભાવાળું ઘર ગોતી દેત–'

'ને નરોત્તમ જેવો જમાઈ–'

'લખે છે કે ફૂલફૂલિયા કુંવર જેવા સાતસેં મુરતિયા મારા ખિસ્સામાં હતા. પણ ઉતાવળ કરીને ચંપાને ગામડામાં ફેંકી દીધી.' કપૂરશેઠ કાગળમાંથી અવતરણો ટાંકતા જતા હતા.

'તો હવે જસી સારુ એના મામાને કહીને કોઈ શહેરનો મુરતિયો ગોતશું. પછી છે કાંઈ?'

'પણ મામો તો લખે છે કે હજી બહુ મોડું નથી થયું—'

'એટલે? મોડું નથી થયું એટલે શું?' સંતોકબાએ ગભરાઈ જઈને પૂછ્યું, 'હું કાંઈ સમજી નહીં—'

'મનસુખભાઈનું કહેવું એમ છે કે હજી પણ ચંપાનું સગપણ તોડી નાખો તો શહેરમાં સારામાં સારે ઠેકાણે ફરીથી વરાવી દઉં...'

કપૂરશેઠ થોથવાતી જીભે આ વાક્ય ઉચ્ચારી ગયા. સાંભળીને સંતોકબા પણ અવાક થઈ ગયાં. પણ રસોડામાં ઊભેલી ચંપાએ તો આ વાક્યથી વજ્રાઘાત જ અનુભવ્યો.

ઓસરીમાં ભયંકર મૌન છવાઈ ગયું. કપૂરશેઠના હૃદયની વ્યથા એમના મોઢા પર અંકિત થઈ ગઈ હતી. અને સંતોકબા તો આવી અવળવાણી સાંભળીને એવાં તો શરમાઈ ગયાં હતાં કે ઊંચે જોઈને પતિ સામે નજર સાંધવાની પણ એમનામાં હિંમત રહી નહોતી. ક્યાંય સુધી નીચી મૂંડીએ તેઓ જમીન ખોતરતાં રહ્યાં.

વેવિશાળ ફોક કરી નાખવાનું આવું ભયંકર સૂચન પ્રશાંત ચિત્તસરમાં વમળો ઊભાં કરે એ સ્વાભાવિક હતું. મનસુખભાઈ પોતે મૂળ તો મેંગણી કરતાંય નાનકડા ગામના વતની હતા, પણ સંજોગબળે તેઓ શહેરમાં જઈ ચડેલા. વેપારમાં આપબળે આગળ વધીને તેઓ કાઠિયાવાડની કાચી ખેતી-ચીજોની ખરીદી કરનાર એક માલેતુજાર અંગ્રેજ પેઢીના આડતિયા બનેલા. આ પેઢી વતી તેઓ આખા કાઠિયાવાડમાં કપાસની ખરીદી કરતા અને એ માલ પરદેશ ચડાવતા. આ ખરીદીની આડત તરીકે મળતી બહોળી હકશીને પરિણામે મનસુખલાલ પોતે પણ, એ જમાનાના કાઠિયાવાડમાં 'માલદાર' ગણાતા થઈ ગયા હતા. પરદેશી પેઢીના સંપર્કને કારણે એમનો મોભો પણ બેહદ વધી ગયેલો. પરિણામે તેઓ પોતાની જાતને બીજાઓ કરતાં ઊંચી-અતિઘણી ઊંચી—ગણવા લાગ્યા હતા. બીજાઓ પ્રત્યે—વિશેષ કરીને તો ગામડાંઓનાં માણસો પ્રત્યે—એમણે સારા પ્રમાણમાં સૂગ પણ કેળવી હતી. રાજકોટ

જંક્શનના સ્ટેશનની સામેના મકાનમાં મનસુખલાલ વર્ણસંકર જેવી અર્ધવિદેશી ઢબે રહેતા હતા. એમની આ 'વિલાયતી' રહેણીકરણી એ જમાનામાં વાતચીતનો વિષય બની ચૂકેલી. સાહેબ લોકોની ઢબે રહેનાર આ વણિક શેઠ દેશી ઢબે રહેનારાં પ્રત્યે તિરસ્કારથી જોતા થઈ ગયેલા. મનસુખલાલની આ મહિમાગ્રંથિ આજે મેંગણીથી આવેલા પત્રમાં શબ્દે શબ્દે વ્યક્ત થતી હતી.

પત્ર વાંચ્યા પછી પતિપત્ની ઊંડા વિચારમાં પડી ગયાં. શું બોલવું એ બેમાંથી કોઈને સૂઝતું નહોતું. અલબત્ત, આમ તો કપૂરશેઠ કોઈ પણ નિર્ણય લેવા માટે મુખત્યાર હતા, પણ મનસુખલાલભાઈનો નવો માનમરતબો અને મોભો જોતાં તેઓ સાળાની શેહમાં આડકતરી રીતે પણ જરા દબાતા હતા. તેથી જ હવે આવા આકરા પત્રનો શો ઉત્તર લખવો એની વિમાસણમાં તેઓ પડી ગયા હતા.

સંતોકબા વ્યગ્ર ચિત્તે બેઠાં હતાં ત્યાં રસોડામાંથી તાવડી પર રોટલો દાઝતો હોવાની વાસ એમના નાકમાં આવી અને તેઓ સફાળાં ઊભાં થયાં. રસોડામાં જઈને જોયું તો ચૂલા પર રોટલો દાઝતો હતો. અને બારણાની ઓથે ઊભેલી ચંપાની આંખમાંથી દડદડ આંસુ સરતાં હતાં.

*

થોડા દિવસ થયા ને મેંગણી ગામમાં વાયરે વાત આવી: 'વાઘણિયાવાળા ઓતમચંદ શેઠની આસામી મોળી પડી છે.'

કપૂરશેઠને કાને સમાચાર આવવા લાગ્યા: 'ઓતમચંદ શેઠ ભારે હાથભીડમાં આવી ગયા છે.'

'પેઢીને મોટો ધક્કો લાગી ગયો—'

'મોટી મોટી હૂંડી પાછી ફરે છે...'

સહુને મીઠી લાગતી આ પારકી વાત બજારમાંથી ઘર ઘરમાં પહોંચી ગઈ. કપૂરશેઠના ઘરમાં પણ છાને ખૂણે આ નાજુક સમાચાર

ચર્ચાઈ ગયા. કહે છે કે દકુભાઈ પોતાના બનેવીથી રિસાઈને પેઢીમાંથી છૂટો થઈ ગયો, વાઘણિયું છોડીને એ તો ઈશ્વરિયે રહેવા ચાલ્યો ગયો છે, મકનજી મુનીમે પણ પેઢીનું મુનીમપદું છોડી દીધું છે, ઓતમચંદ શેઠ ચારે કોરથી ઘેરાઈ ગયા છે ને પાઘડી ફેરવવાના વેતમાં છે...

વાતો સાંભળીને કપૂરશેઠ વ્યગ્ર બન્યા, પણ ચંપાની વ્યગ્રતા સહુથી વધારે હતી. એણે બીતાં બીતાં પણ પિતાને સૂચન કર્યું:

'બાપુજી, તમે પોતે વાઘણિયે જઈને તપાસ તો કરો, સાચી વાત શું છે! એ લોકો મુશ્કેલીમાં હોય તો મદદ કરવાની આપણી ફરજ ગણાય ને!'

પુત્રીનું આવું સૂચન પિતાને નાને મોઢે મોટી વાત જેવું તો લાગ્યું, પણ એમાં રહેલું શાણપણ પણ એમને સમજાયું. પોતે વાઘણિયે જઈને જાત-તપાસ કરે અને વેવાઈની આબરૂ બચી શકે તો બચાવવામાં પોતાને જ લાંબે ગાળે લાભ છે એ સત્ય સમજાતાં કપૂરશેઠ સત્વર વાઘણિયા જવા ઊપડ્યા.

*

ત્યાં પહોંચતાં વાર જ કપૂરશેઠને સમજાયું કે પોતે સાંભળેલા ઊડતા સમાચારોમાં અતિશયોક્તિ નહીં પણ અલ્પોક્તિ જ હતી. પોતે કલ્પી હતી એના કરતાંય વાસ્તવિક સ્થિતિ વધારે વિષમ હતી. પણ કપૂરશેઠને નવાઈ તો એ લાગી કે આટલી આપત્તિ વચ્ચે પણ ઓતમચંદ શેઠ સંપૂર્ણપણે સ્વસ્થ હતા. એમને આ વણસેલી સ્થિતિનો જરાય વસવસો નહોતો.

'હશે. જે થયું તે થયું. જેવી હરિની ઇચ્છા, પોતાના દરેક કથનને અંતે ઓતમચંદ આ તૂક ઉમેરતો હતો.

'પણ હવે આનો કોઈ ઉપાય?' કપૂરશેઠે પૂછ્યું, 'કોઈ આરોવારો?'

'નહીં ઉપાય કે નહીં આરોવારો,' ઓતમચંદે કહ્યું, 'ઘર ફૂટે ઘર જાય એવી આ વાત છે. ઘરનાં જ ઘાતકી થયાં એમાં બીજાનો શું વાંક કાઢું? જેવી હરિની ઇચ્છા!'

વ્યાવહારિક આંટીઘૂંટીના જાણકાર કપૂરશેઠે સિફતપૂર્વક આ આપત્તિમાંથી મુક્ત થવાનો માર્ગ સૂચવ્યો. સ્થાવર અસ્કામત સગાંવહાલાંઓને નામે ચડાવી દેવાનું સૂચવ્યું. અને દરદાગીના વગેરે મિલકત સગેવગે કરી નાખવાનો માર્ગ બતાવ્યો. પણ આમાંનો એક પણ ઉપાય ઓતમચંદને ગળે ઊતરે એમ નહોતો.

'ના, ના, એવું અણહકનું મને ન ખપે. લેણદારનું લેણું સોનામહોર જેવું. અપાશે ત્યાં સુધી દૂધે ધોઈને આપીશ. નહીં પહોંચાય ત્યારે લાચાર. પણ મારે મારી દાનત નથી બગાડવી. કોઈનું ઓળવીને આવતે ભવે પણ છૂટું નહીં.'

'આમ ચૂકવવા બેસશો તો તો બાવા થઈ જાશો, બાવા.'

પણ 'હરિની ઇચ્છા—' ઓતમચંદે ફરી એ જ ઉદ્ગાર કાઢ્યો. 'બાકી કૂડકપટ કરવામાં મારું મન માનતું નથી.'

'તમે તો સાવ નરસીં મેતા જેવા માણસ છો!' કપૂરશેઠે જરા ઉગ્ર અવાજે ઠપકો આપ્યો. 'આગળપાછળનો પણ જરાય વિચાર નથી કરતા. હજી તો નાનો ભાઈ છે, એ પરણશે, પશટાશે... ઘેરે ભગવાનનો દીધો દીકરો છે—'

'સહુ પોતપોતાની શેર બાજરી લખાવીને આવ્યા છે, શેઠ!' ઓતમચંદે ગર્વભેર ઉત્તર આપ્યો. 'હાથમાંથી હાલ્યું જાશે પણ કપાળમાં લખ્યું હશે એ લઈ લેવાનું કોઈનું ગજું નથી.'

ઓતમચંદની આવી ફિલસૂફીના ગબારાને કપૂરશેઠ ક્યાંથી આંબી શકે? કપૂરશેઠને તો પોતાની પુત્રીના હિતની જ પડી હતી. એ કારણે પોતાના જમાઈની શાખ જળવાઈ રહે એ જોવા તેઓ ઇંતેજાર હતા. પણ એકમાત્ર 'હરિની ઇચ્છા'ને આધીન રહીને ચાલનાર ઓતમચંદ તો પોતાની સાથે નાના ભાઈ નરોત્તમનું ભાવિ પણ ડૂલ કરવા તૈયાર થયો હતો. આ વાત કપૂરશેઠને ગળે કેમેય ઊતરી શકે એમ નહોતી. એમને તો નરોત્તમના 'કપાળમાં લખેલી' એ નહીં

પણ ઘરના કોઠારમાંની સાચી શેર બાજરી સલામત બનાવવાની ચિંતા હતી. તેથી જ, એમણે ઓતમચંદની આ આપત્તિમાં થોડીઘણી આર્થિક મદદ કરવાની તૈયારી બતાવી. આવા મોટા ખોરડાની લાખ રૂપિયાની આબરૂ બચાવી લેવા માટે કપૂરશેઠે જરા સંકોચ સાથે પણ ખેલદિલીથી થોડી ધીરધાર કરવાની 'ઑફર' મૂકી.

'એ વાત તો તમે કરજો મા,' ઓતમચંદે આ ઑફરનો ઘસીને અસ્વીકાર કર્યો. 'તમારી પહેલાં અહીં ઘણાંય સગાંવહાલાં આવી ગયાં ને પોતપોતાની ગજાસંપત પ્રમાણે પાંચ પૈસા ધીરવાની વાત કરી ગયાં, પણ સહુને મેં એક જ જવાબ દઈ દીધો કે મારે માથે આટલું મોટું રણ છે જ, એમાં હવે પારકાના પૈસા લઈને વધારો નથી કરવો.'

'પણ મને તમે પારકો ગણો છો?' કપૂરશેઠે પહેલી જ વાર ખાનદાનીભર્યો પ્રશ્ન પૂછ્યો.

'તમે તો પંડના કરતાંય અદકા છો, સહુથી વહાલા સગા છો, પણ પારકી તુંબડીએ કેટલુંક તરાય? માગ્યે ઘીએ બહુ બહુ તો રોટલી ચોપડાય, ચૂરમાના લાડવા ન વળાય. સમજ્યા ને?'

'પણ તમારી ભીડને ટાણે અમે ભેગાં ન ઊભાં રહીએ તો પછી અમે સગાં થયાં શું કામનાં?' કપૂરશેઠે ચંપાનું શાણું સૂચન યાદ કરીને ફરી વાર આગ્રહ કર્યો.

અને ઓતમચંદે એટલા જ આગ્રહપૂર્વક એ 'ઑફર'નો અસ્વીકાર કર્યો: 'જુઓ શેઠ, મારા ઉપર તો અટાણે આભ ફાટ્યું છે, એમાં તમ જેવા કેટલાંક થીંગડાં દઈ શકશો?'

અને પછી ફરી વાર એ જ જૂની ઉક્તિ ઉમેરી: 'જેવી હરિની ઇચ્છા!'

*

## ૧૦
## જીવનરંગ

'એલા એય, સાંભળ્યું કે? ઓતમચંદનાં ડબલાં ડૂલ!'

'પેઢીના પાટલા સફાચટ!'

'ઓતમચંદની દુકાનનું ઉઠમણું!'

'લાખના બાર હજાર ને લાટનું લિલામ!'

'ધોળે દીએ દેવાળું કાઢીને રાંડીરાંડુંને રોવરાવી—'

'મોટાંની મોટી પોલ!'

'નામી વેપારી મારી ખાય ને નામી ચોર માર્યો જાય!'

'બાંધી મૂઠી લાખની ને ઉઘાડી વા ખાય...'

'કાલના લાખના ને આજના રાખના.'

અખબારોમાં આકર્ષક મથાળાં બની શકે એવાં મિતભાષી સુભાષિતો વાઘણિયાની શેરીએ ને ગલીએ સંભળાવા લાગ્યાં. તીરે ઊભેલાં લોકોને સારો તમાશો જોવા મળ્યો. હજી ગઈ કાલ સુધી ગામનું—કહો કે આખા પંથકનું—નાક ગણાતી ઓતમચંદની પેઢીનું ઉઠમણું થઈ ગયું એ ઘટના આ ખોબા જેવડા ગામ માટે અતિ મોટી ગણાય. તેથી જ લોકો બમણા કુતૂહલથી આ ઘટનામાંથી પરિણમતી બીજી ઘટના-પરંપરાને અવલોકી રહ્યાં.

અવલોકનકારો સાથે ટીકાકારોની પણ કમી નહોતી. કાર્યકારણની સાંકળ જોડીને આ લોકો મનફાવતા અભિપ્રાયો આપી દેતા હતા:

'ઘર સાજું રાખીને ગામને નવરાવી નાખ્યું.'

'હવે રોશે રાતી પાઘડીવાળા—'

'લોકો પણ એ જ લાગનાં છે. સહુ આંખ મીંચીને ઓતમચંદને

ઘેર મૂડી મૂકી આવતા હતા. મૂડી કરતાં વ્યાજ વધારે વહાલાં ગણવા ગયા, તો હવે ભલે રોતા—'

'વાછડું બહુ કૂદે તે ખીલાના જોર ઉપર. ઓતમચંદે આટલો મોટો પથારો કર્યો હતો તે કન્યાની કેડ ઉપર જ ને? હવે ભલે ગામ આખું બગહરાનો ચોફાળ ઓઢે! ઓતમચંદે પોતે તો સાત પેઢીનું સાજું કરી લીધું હશે.'

'ગામ આખાને તો ભલે ચોફાળ ઓઢાડ્યો, પણ ગરીબ બિચારી રાંડીરાંડુને રોવરાવી ન હોત તો ઠીક થાત. દુખાયેલ બાઈયું પોતાનું ચપટીમૂઠી ભેગું કરીને શાહજોગ પેઢી ગણીને સાચવવા મૂકી ગઈ'તી, એનો તો હવે રોટલો રઝળ્યો ને!'

પણ પછી જે ઘટનાઓ બનતી રહી એ ઉપરથી ઘણા ટીકાકારોને સમજાયું કે આપણે ટીકા કરવામાં ઉતાવળ કરી નાખી છે.

આ આભ-કડાકાનો આરંભ કેવી રીતે થયો એ તો ખુદ ઓતમચંદ પણ પૂરેપૂરું સમજી શક્યો નહોતો. એને તો માત્ર એટલું યાદ હતું કે વાઘણિયામાંથી દકુભાઈની વિદાય પછી એક બહુ મોટી રકમની હૂંડી અણધારી રીતે 'સ્વીકાર' માટે આવેલી. એ વખતે પેઢીમાં એટલી રોકડ રકમ હાથવગી નહોતી. હૂંડીના 'સ્વીકાર'માં ઓતમચંદે અઠવાડિયાની મુદત માગતાં, એ પાછી ફરેલી. તુરત જાણે કોઈ પૂર્વયોજિત વ્યૂહ પ્રમાણે નાનીમોટી સંખ્યાબંધ હૂંડીઓ એકસામટી સ્વીકાર માટે આવવા માંડેલી. એ બધીને પહોંચી વળવાનું મુશ્કેલ જણાતાં અફવા ઊડી કે પેઢી બેસતી જાય છે. અફવાને કારણે વળી વધારે લેણદારોએ તકાદા કર્યા.

તુરત ઓતમચંદ ચેતી ગયો. પોતાનાં જ સ્વજનોએ સરજેલી આ આપત્તિમાંથી ઊગરી શકાય તો ઊગરવા એણે બહુ પ્રયત્નો કર્યા, પણ કોઈ રીતે પહોંચી શકાય એમ નથી એ સમજાતાં એણે પ્રામાણિકપણે જેટલું ચૂકવાય એટલું ચૂકવવા માંડ્યું, અને એમાં એણે

પહેલી પસંદગી અનાથ વિધવાઓ અને ધર્માદા સંસ્થાઓને આપી. પણ એમાં વિધિવક્રતા તો એ બની કે ઓતમચંદે જ્યારે મૂડી પાછી સોંપવાની તૈયારી બતાવી ત્યારે કેટલીક વિધવાઓ અને ધર્માદા સંસ્થાઓએ એ લેવાનો ઇનકાર કર્યો. એમને ઓતમચંદ કરતાં વધારે સધ્ધર આસામી શોધવાની મુશ્કેલી હતી. એમને એ ખ્યાલ નહોતો કે આ સધ્ધર આસામી હવે ડૂલ થવાની તૈયારીમાં છે. ઓતમચંદે એમને સાનમાં ઘણું ઘણું સમજાવ્યું કે હવે સમય બહુ બારીક આવતો જાય છે, પોતાની પૂંજી પોતાની જ પાસે રાખવી સારી, મારે પણ હવે માથેથી ભારણ ઓછું કરવું છે પણ લેણદારો એમાંથી કશું સમજવા જ તૈયાર નહોતા. પરિણામે જ્યારે કડાકો થયો ત્યારે જેમનાં નાણાં રહી ગયાં તે રહી જ ગયાં...

રહ્યુંસહ્યું સગેવગે કરવાની સ્નેહીઓની સલાહ અવગણીને ઓતમચંદે જેટલું ચૂકવી શકાય એટલું ચૂકવી આપવા કેડ કસી. પેઢીનો સઘળો વહીવટ એણે લેણદારો સમક્ષ ખુલ્લો મૂકી દીધો. ઘરની સઘળી અસ્કામત એણે હોડમાં મૂકી દીધી. 'મારી પાસે આટલું છે, એમાંથી લેવાય એટલું લઈ લો.'

નવી બંધાયેલી મેડી આમેય ગામલોકોની આંખે ચડેલી તેથી લેણદારોની નજર પણ આ ઇમારત ઉપર બગડેલી. ઓતમચંદે મેડી વેચવા કાઢી ત્યારે કેટલાંક લોકો દુઃખી થયાં, પણ ઘણાં તો રાજી થયાં.

'ગરીબનાં ગળાં લૂઈ લૂઈને મેડીના પાયા નંખાયા હતા, એ અણહકનું કેટલાક દી ટકે?'

'ભગવાનના ઘરનો બધો હિસાબ અહીં ને અહીં જ થાય છે.'

આફ્રિકા ખેડીને આવેલા એક લુહાણા વેપારીએ ઓતમચંદની મેડી ખરીદી લીધી. જૂનું ઘર તેમજ ગામમાંની દુકાનો પણ વેચી નાખવી પડી, તેથી ઓતમચંદે એક ખેડૂતનું નાનું સરખું મકાન ભાડે રાખીને એમાં વાસ કર્યો.

જે દિવસે તેઓ 'હરિનિવાસ' ખાલી કરીને ભાડાના મકાનમાં રહેવા ગયાં તે દિવસે સમજુ નરોત્તમ તો કાઠી છાતીએ હિંમત જાળવી શકેલો પણ લાડકોરને બહુ લાગી આવ્યું. કેટકેટલાં અરમાન સાથે એ આ મકાનમાં રહેવા આવેલી! લાડકોરના સઘળા મનસૂબા મનમાં જ રહ્યા. ઓતમચંદ એને એક જ આશ્વાસન આપી શકે એમ હતા: 'જેવી હરિની ઇચ્છા!'

લાડકોર તો ગમે તેટલી લાગણીશીલ હોવા છતાં ઊંડી સમજશક્તિ ધરાવતી હોવાથી આ જીવનપલટો જીરવી શકી. પણ નાનકડો બટુક, જે પૂરો સમજુ પણ નહોતો અને સાવ અણસમજુ પણ ન ગણાય, એની સ્થિતિ અત્યંત વિષમ હતી. એ અબુધ બાળક, નાટકના તખ્તાની જેમ પલટાતા આ જીવનરંગ સમજી શકે એમ નહોતો, તેમ સહન પણ કરી શકતો નહોતો. વારે ઘડીએ એ પૃચ્છા કર્યા કરતો: 'બા, આપણી નવી મેડી શું કામે ખાલી કરી?' આ પ્રસંગે માબાપને મર્મસ્થાને ઘા લાગતો.

સાપ કાંચળી ઉતારે એટલી આસાનીથી ઓતમચંદે એક પછી એક પરિગ્રહ તજવા માંડ્યા હતા. સંજોગવશાત્ આ સમજુ માણસે પોતાના ચિત્તમાં સમાધાન યોજી લીધું હતું, તેથી એને પોતાને તો આ જીવનપલટા અંગે બહુ ઝાઝો અફસોસ નહોતો. પણ સુખચેનની દોમ દોમ સાહ્યબી ભોગવેલ લાડકોરનું અંતર કોરાતું હતું. એ ચતુર ગૃહિણીને જેટલી ચિંતા પોતાના સાત ખોટના પુત્ર બટુકના ભાવી અંગે હતી એથીય અદકેરી ચિંતા, દીકરાથી સવાયા દિયર—નરોત્તમ—ના તાત્કાલિક ભાવી અંગે થતી હતી, 'હવે નરોત્તમનાં લગનનું શું થાશે? નાણાંનો ને આબરૂનો બેવડો ધક્કો લાગ્યો છે એટલે હવે વેવાઈવાળા વેવિશાળ ફોક તો નહીં કરી નાખે ને?' લાડકોર આ શંકા પતિ સમક્ષ વ્યક્ત તો ન કરતી, પણ એ ચિંતા એના હૃદયમાં શલ્યની જેમ ભોંકાયા કરતી. અનેકવિધ આપત્તિઓમાં ગળાબૂડ

ડૂબેલા ઓતમચંદને સ્વપ્ને પણ આવી શંકા ઊપજતી નહોતી, બલકે એ સંભવિત આપત્તિ સુધી કલ્પના દોડાવવાનો હાલ એને અવકાશ જ નહોતો. પણ લાડકોરનું સ્ત્રીહૃદય આવી સંભાવનાને કેમ ઉવેખી શકે? એની ચકોર નજર જોઈ શકતી હતી કે નરોત્તમના ચહેરા ઉપર ઓતમચંદ કરતાંય બમણો વિષાદ તોળાઈ રહ્યો છે. લગ્નોન્મુખ દિયરની એ ગમગીનીનું કારણ કળવાનું લાડકોર માટે જરાય મુશ્કેલ નહોતું. તેથી એણે અગમબુદ્ધિ વાપરીને પતિને બીતાં બીતાં સૂચન કરેલું:

'આપણે તો પાયમાલ થઈ જ ગયાં, પણ નાના ભાઈ નરોત્તમનું તો ઘર સાજું રાખો... ...કે આપણા ભેગો એનેય બાવો કરી મૂકવો છે?'

'કોઈ કોઈને બાવો કરી શકે એમ નથી,' ઓતમચંદે પોતાની ફિલસૂફી ડહોળી. 'સહુ પોતપોતાની શેર બાજરી બંધાવીને આવ્યા છે, સમજી?'

'હું તો સમજી, પણ વેવાઈવાળા સમજશે?' લાડકોરે માર્મિક પ્રશ્ન પૂછ્યો. 'ઘસાઈ ગયેલે ઘેર દીકરી વરાવતાં એમનું મન માનશે ખરું?'

'એમાં જ એની પરીક્ષા થાશે—ખબર તો પડશે કે આપણા વેવાઈ કેટલા પાણીમાં છે!' ઓતમચંદે ગમગીન ચહેરે કહ્યું. 'આવે પ્રસંગે માણસનું પાણી પરખાય. સાચું મોતી હોય તો આવા હજાર ઘા ખમી ખાય, ફટકિયું ફટ કરતુંકને ફૂટી જાય, સમજી?'

પતિની સલાહસૂચના લાડકોરને સમજાય કે ન સમજાય પણ એ શિરસાવંદ્ય તો ગણાય જ.

ઓતમચંદ એક પછી એક મહામૂલાં રાચ પરિહરવા લાગ્યો. એકેક ચીજ વેચાતી હતી ને લોકોને વગોવણીનો એકેક વધારે વિષય મળતો જતો હતો. હરેક પ્રસંગે લાડકોરનો જીવ કળીએ કળીએ કપાતો હતો પણ ઓતમચંદના સદાય પ્રસન્ન રહેતા ચહેરા પર લગીરેય રંજ નહોતો દેખાતો. એ તો જાણે કે જનક વિદેહીની અનાસક્તિથી

એક પછી એક મિલકત આ સર્વભક્ષી આગમાં હોમતો જતો હતો.

મેડી વેચી, ગામમાંથી બેત્રણ દુકાનો વેચી, અમરગઢ સ્ટેશન પાસેની ધર્મશાળા પણ વેચવા કાઢી. પણ ઘોડાગાડી વેચવાનો વારો આવ્યો ત્યારે ઓતમચંદ પહેલી જ વાર જરા અચકાયો. એનું કારણ હતું: ઘોડાગાડી સાથે નાનકડા બટુકને લાગણીનો નાતો બંધાઈ ચૂકેલો. એ ગાડી, ઘોડો તેમજ એનો હાંકનાર વશરામ ત્રણેયની સાથે બટુકને એવી તો આત્મીયતા થઈ ગયેલી કે એ વિનાના બટુકની કલ્પના કરતાં ઓતમચંદ ધ્રૂજી ઊઠ્યા. અનેક મોટી મોટી મુરાદોએ બાંધેલું નવું મકાન વેચી મારતાં જરા પણ થડક ન અનુભવનાર ઓતમચંદે ઘોડાગાડી કોઈ પારકાના હાથમાં સોંપતાં સો વાર વિચાર કરી જોયો. એક વાર તો એને એમ પણ થઈ આવ્યું કે ઘોડાગાડી વેચવાનું માંડી જ વાળું, અને એ રીતે બટુકને આઘાતમાંથી ઉગારી લઉં. પણ તુરત એને સમજાયું કે બધું જ ફૂંકી માર્યા પછી એક ગાડી રાખી મૂકીશ તો લોકો કહેશે કે ઘર સાજું રાખીને ગામને નવરાવી નાખ્યું છે. વળી, હવે મારા રાંક આંગણે ગાડીઘોડા શોભે પણ ખરાં કે? નાહક ફતન-દેવાળિયામાં ખપીને ગામલોકોની આંખે ચડું ને?

મન કાઠું કરીને ઓતમચંદે ઘોડાગાડી વેચવા કાઢી. પણ મુશ્કેલી એ નડી કે મોંઘી કિંમતની ગાડી અને અસલી ઓલાદના ઘોડાને ખરીદનાર કોઈ ઘરાક ઝટ મળ્યો નહીં. એ જમાનામાં ઘેરે ગાડી બાંધવાનું કાચાપોચા માણસનું ગજું નહોતું. વાહન વસાવવું એટલે ઘેરે હાથી બાંધવા જેટલી જવાબદારી ગણાતી. આખરે, બરાડમાંથી સારા પ્રમાણમાં કમાઈને આવેલા શેખાણી કરીને એક મેમણ શેઠિયાએ આ રૂપકડી ગાડી ખરીદવાની તૈયારી બતાવી.

જે દિવસે ગાડી તથા એના સરસામાનનો કબજો સોંપવાનો હતો તે દિવસે ઘરમાં ઉદાસી છવાઈ ગઈ. અણસમજુ બટુક પણ એટલું તો સમજી શક્યો હતો કે હવે પછી આ ગાડીમાં વશરામના ખોળામાં

બેસીને ઘોડાને ‘ચાલ, ઘોડા, ચાલ!’ કહીને ચાબુક ફટકારવાની તક નહીં મળે. તેથી એણે સવારથી જ ધ્રુસકે ધ્રુસકે રોવા માંડ્યું હતું. અણસમજુ પુત્રને રડતો જોઈને દુ:ખથી ઘેરાયેલી લાડકોરનું પણ હૈયું હાથ ન રહ્યું. માત્ર ઓતમચંદે સઘળી વેદના દાબી દઈને હસતે મુખે આ અણગમતી ફરજ બજાવી.

ગાડી સાથે વશરામ પણ આપમેળે જ ઓતમચંદને આંગણેથી છૂટો થતો હતો. શેખાણીએ વશરામને પોતાના ગાડીવાન તરીકે ગાડી ખરીદતી વખતે જ રોકી લીધો એટલું એ ગરીબ માણસનું સદ્ભાગ્ય ગણાય. વિદાય વખતે વશરામ ગળગળો થઈ ગયો. બટુકને કાખમાં તેડીને ખૂબ ખૂબ વહાલ કર્યાં ને આખરે ભારે હૃદયે એ નવા શેઠના નોકર તરીકે ફરજ બજાવવા ગયો.

‘એલા એય જોયું ને, આ ઓતમચંદની બાઈ બેસી ગઈ, એ! સંધુંય ચિતળના પાદરની જેમ સફાચટ!’

ઓતમચંદના પલટાયેલા જીવનરંગ જોઈને ગામલોકોને ફરી વાર ચેષ્ટારી સૂઝી.

‘લખમી તો ચંચળ છે. ભલભલાને હાથતાળી આપી જાય.’

‘એટલે તો કીધું છે કે લખમીનો એંકાર ન કરવો. એંકાર તો રાજા રાવણનોય નથી રહ્યો, તો ઓતમચંદ વળી કઈ વાડીનો મૂળો?’

જેનો ધણી એક દી પોતાને ખરચે ધરમશાળા ને સદાવ્રત ચલાવતો એને પોતાને આજે સદાવ્રતમાં માગવા જાવું પડે એવા બારીક દિવસ આવી ગયા—’

‘અહીંનાં કર્યાં અહીં જ ભોગવવાનાં છે. વેપારમાં રોજ હજાર વાર સાચાંખોટાં ને કાળાધોળાં કરવાં પડે. એનો બદલો મળ્યા વિના રહે?’

‘એ તો દૂધના દૂધમાં અને પાણીના પાણીમાં, ઉપરવાળા પાસે તો ચોખ્ખો ને ચટ્ટ હિસાબ છે.’

વિઘ્નસંતોષીઓ આ રીતે રાજી થતા હતા ત્યારે કોઈ કોઈ

સમદુખિયા જીવ ઓતમચંદની આપત્તિ અંગે સહાનુકંપા પણ વ્યક્ત કરતા હતા:

'આ તો તડકા-છાયા છે. આવે ને જાય. કદીક સાત ભાતની સુખડી તો કદીક સૂકો રોટલો. એનો હરખ પણ ન હોય ને અફસોસ પણ ન હોય. સમતા એ સાચું સુખ સમજવું.'

'ભાઈ, પુરુષના નસીબ આડે તો પાંદડું કહેવાય છે. નસીબમાં હશે, તો હતું એના કરતાંય કાલ સવારે સવાયું થઈ જશે.'

*

૧૧

# હું તો વાત કહું સાચી

**'ઓતમચંદ** એ જ લાગનો હતો... હાથે કરીને હેરાન થયો.'

વાઘણિયેથી પાછા ફર્યા બાદ કપૂરશેઠના પ્રત્યાઘાતો આવું વલણ પકડી રહ્યા હતા.

'આગળપાછળનો જરાય વિચાર કર્યો નહીં ને હાથે કરીને પાયમાલ થયો.'

'કેટલોય સમજાવ્યો કે જમાનો બારીક આવતો જાય છે. ખાધાંજોગું થોડુંક સગેવગે કરી દિયો, પણ છેવટની ઘડી લગી સમજ્યો નહીં ને અંતે સંધુંય ખોઈ બેઠો.'

પિતાના શ્રીમુખેથી વારંવાર ઉચ્ચાર પામતા આવા આઘાત-પ્રત્યાઘાતો ચંપા મૂંગી મૂંગી સાંભળ્યા કરતી હતી.

'એમાં આપણે શું કરીએ? આપણે તો સગાં સમજીને એને રસ્તો દેખાડવા ગયા. પણ ઓતમચંદને તો પોતાની પાછળના શું ખાશે એની પડી જ નહોતી. એને તો પોતાનું નાક રાખવું હતું ને!'

'ઓતમચંદ તો સતવાદી થાવા ગયો! એને તો આ કળજુગમાં રાજા હરિશ્ચંદ્ર થાવું છે! તો ભલે થાતો હરિશ્ચંદ્રથી સવાયો! ને ભલે સગા દીકરાને અને નાના ભાઈને શકોરું લઈને ભીખ માગવી પડે!'

કપૂરશેઠ દાઝે બળ્યા આવાં વાક્યો ઉચ્ચારતા હતા અને ચંપાને એના શબ્દે શબ્દે અંતરદાહ ઊઠતો હતો. પોતાના સસરાપક્ષ પર શી આસમાન સલતાની વીતી ગઈ એનો ચંપાને હજી પૂરેપૂરો ખ્યાલ આવી શક્યો નહોતો. કપૂરશેઠે ક્રોધાવેશમાં ઉચ્ચારેલી છૂટીછવાયી વક્રોક્તિઓ પરથી એ એટલું જાણી શકી હતી કે ઓતમચંદે

આ આપત્તિમાં અપ્રામાણિકતા આચરવાનો ઇન્કાર કર્યો હતો. સગાંવહાલાંઓની આર્થિક સહાય સ્વીકારવાની પણ એણે ઘસીને ના પાડી હતી. ઓતમચંદના આવા અક્કડ વલણથી કપૂરશેઠ ઉશ્કેરાઈ ગયા હતા પણ ચંપાના અંતરમાં તો પોતાના શ્વશુરપક્ષ પ્રત્યે ઊંડો આદર જ ઉત્પન્ન થયો હતો.

દિવસો જતા ગયા તેમ કપૂરશેઠની અસ્વસ્થતા વધતી ગઈ. અસ્વસ્થતાનું કારણ એ હતું કે ચંપાનું વેવિશાળ કર્યાને આટલા મહિના થઈ ગયા છતાં વેવાઈઓ તરફથી કપડાં-દાગીના આવ્યાં નહોતાં. આ અસ્વસ્થતા સાથે એમનો ઉશ્કેરાટ પણ વધતો ચાલ્યો.

'હવે એ ભિખારચોટ્ટો શું દાગીના ઘડાવવાનો હતો! ઘરમાં ચંપાના સમુરતાનો પ્રશ્ન ચર્ચાય ત્યારે કપૂરશેઠ ઉશ્કેરાટ અનુભવીને આખી ચર્ચાનું ભરતવાક્ય ઉચ્ચારી નાખતા.

ચંપા છાને ખૂણે ઊભી ઊભી માતાપિતા વચ્ચેનો ખાનગી સંવાદ સાંભળતી.

'હવે તો ગામ આખું પૂછ પૂછ કરે છે કે ચંપાનું સમુરતું કેમ નથી આવ્યું...?' સંતોકબા ફરિયાદ કરતાં.

'અરે, હું તો બજાર વચ્ચે ઊંચું માથું લઈને ચાલી નથી શકતો.' કપૂરશેઠ કહેતા. 'મારા વાલીડા વેપારી પણ વાતમાં ને વાતમાં પૂછે છે: 'કાં, વાઘણિયાવાળા વેવાઈના શું વાવડ છે? સાકરચૂંદડી ચડાવવા કેદી આવે છે?'

'સહુ પૂછે તો ખરા જ ને!'

'આમાં તો આપણી ને વેવાઈની બેયની આબરૂ ભેગી રહી. એટલે હું જેમતેમ ગોળ ગોળ જવાબ આપી દઉં, એમ એમ તો મારા દીકરાવ વધારે ને વધારે દાઢમાં બોલતા જાય: હમણાં સોનાનો ભાવ તેજ છે એટલે ઢાળિયો પડાવવા જતાં આપણો જ ઢાળિયો થઈ જાય એવું છે... સોનાની દુકાનનો ઉંબરો ચડવા જેવો આ સમો

નથી... આવાં આવાં વેણ બોલી બોલીને સહુ ચેષ્ટારી કર્યા કરે છે...'

'કરે જ તો, પારકી પંચાત કોને મીઠી ન લાગે?' વહેવારકુશળ સંતોકબા કહેતાં. 'આપણે ધીરજ ધરવી સારી... વેવાઈ પણ એના વેતામાં જ હશે ને? ત્રેવડ થાશે કે તરત આવી પૂગશે—'

'પણ ત્રેવડ કે'દી થાશે?' કપૂરશેઠ તાડૂકી ઊઠતા. 'આમ ને આમ આપણી છોકરીનો અવતાર પૂરો થઈ જાશે તે દી? વરાવેલી કન્યા આટલા દી લગણ સાકરચૂંદડી વિનાની રહી હોય એવું સાંભળ્યું છે ક્યાંય દુનિયામાં?'

આ તબક્કે ચંપાને વચ્ચે બોલવાનું મન થઈ આવતું કે, 'બાપુજી, શા માટે ફિકર કરો છો? મારે દાગીના-ઘરેણાં નથી જોઈતાં... સોનું પહેર્યા વિના હું શું ભૂંડી લાગું છું?...' પણ વડીલો સમક્ષ આવી વાત ઉચ્ચારવાની એ ગભરુ કન્યામાં હિંમત નહોતી તેથી એ મનમાં ને મનમાં સમસમી રહેતી.

*

દિવસે દિવસે ચંપાની માનસિક યંત્રણા વધવા લાગી. વડીલોનું વલણ વણસતું ગયું તેમ તેમ ચંપાને ભાવિ પણ વધારે ને વધારે અનિશ્ચિત લાગવા માંડ્યું. નરોત્તમ શું વિચારતો હશે? એને પણ મારા જેવી જ મનોવેદના થતી હશે?... પણ એના સમાચાર તો શી રીતે મળી શકે?...

સમાચાર! હમણાં હમણાં ચંપા ટપાલ આવવા સમયે રોજ આતુરતાપૂર્વક ડેલીનાં બારણાં ભણી તાકી રહેતી. અલબત્ત, નરોત્તમનો પત્ર આવવાની તો આશા જ નહોતી, છતાં કોણ જાણે કેમ એનું વ્યથિત હૃદય ટપાલને સમયે હંમેશાં પત્રની પ્રતીક્ષા કરવા માંડતું.

'કાં? કપૂરબાપા!...'

એક દિવસ બરોબર ટપાલને સમયે જ ડેલીનાં બારણામાં બૂમ

પડતાં ચંપાએ રસોડામાંથી ડોક ઊંચી કરીને જાળિયામાંથી જોયું તો ટપાલીને બદલે એક રુક્ષ ચહેરાવાળો માણસ લઘરવઘર વેશે ઊભો હતો. ચંપા તો એને ઓળખી ન શકી પણ ત્યાં તો હિંડોળે હીંચકતા પિતાજીએ એને 'આવો, આવો, મકનજીભાઈ!' કહીને આવકાર આપ્યો એ ઉપરથી સમજાયું કે આ તો વાઘણિયામાં જોયેલો એ ઓતમચંદ શેઠનો મુનીમ છે.

'કેમ, કાંઈ ઓચિંતા જ આ તરફ?' મહેમાનને આસન આપ્યા પછી કપૂરશેઠે પૂછ્યું.

'જાતો'તો ઈશ્વરિયે... દકુભાઈને ઘેર... કીધું કે કપૂરબાપાને જેજે કરતો જાઉં...'

'ભલે, ભલે આવ્યા... તમારું જ ઘર છે...' કહીને કપૂરશેઠે રસોડા તરફ મોઢું ફેરવીને હુકમ છોડ્યો: 'અરે સાંભળ્યું કે? મકનજીભાઈ આવ્યા છે... પાટલા નાખજો...' અને પછી મહેમાનને ભોજન માટે તૈયાર થવા સૂચવ્યું: 'હાલો, ઊઠો, હાથમોઢું ધોઈ લો, સૂઝતા આહાર ઉપર જ તમે આવી પૂગ્યા છો.'

*

જમતાં જમતાં વાઘણિયાની વાત નીકળી. ઓતમચંદ ઉપર આવી પડેલી અણધારી આપત્તિ અંગે મકનજીએ સિફતપૂર્વક પોતાનો શોક વ્યક્ત કર્યો. કપૂરશેઠ આ નાજુક પ્રશ્ન છેડવા નહોતા માગતા, છતાં પોતાના વેવાઈ વિશે સાચી હકીકત જાણવાનું કુતૂહલ પણ રોકી શકતા નહોતા. એમણે હોશિયારીપૂર્વક આ વાત છેડી:

'ઓતમચંદ શેઠને આટલો મોટો માર કેમ કરતાં લાગી ગયો?'

'વધારે પડતો પથારો કરી બેઠા એનાં આ પરિણામ,' મકનજીએ એક પછી એક કારણ રજૂ કરવા માંડ્યાં. 'લાભ થાય એમ લોભ વધે. માણસ લખપતિ હોય તો કરોડપતિ થવાનું મન થાય. ઓતમચંદ

શેઠને પણ અમે બહુ વાર્યા કે ભાઈ, ઝાઝો પથારો કરવો રહેવા દિયો, ઝાઝા વેપારમાં ઝાઝું જોખમ, પણ તૃષ્ણા એવી ચીજ છે કે માણસનું મન હાથ ન જ રહે...'

કપૂરશેઠ જે ખુલાસો સાંભળવા ઉત્સુક હતા એ વિશે તો મુનીમ એક હરફ પણ ઉચ્ચારતો નહોતો તેથી એમણે પોતે જ એ નાજુક પ્રશ્ન છેડ્યો:

'આમાં દકુભાઈને કોઈ—'

'અરે દકુભાઈ વળી એટલા નસીબદાર સમજો કે વેળાસર છૂટા થઈ ગયા. નહીંતર તો આમાં દકુભાઈને શકોરું લેવાનો વારો આવત...'

મકનજીની એક આંખ જમવાની થાળી ઉપર હતી, બીજી આંખ ઊના ઊના ફૂલકા પીરસી રહેલી જસી ઉપર હતી. એક જ બટકે ઉદરસ્થ થઈ જતા એ ઘીમાં તરબોળ ફૂલકાનાં વખાણ કરવાં કે સબ સબ કરીને ચાલતી અને વીજ-ઝબકારા કરતી જસીનાં વખાણ કરવાં, એ મકનજીને માટે મહા વિકટ કોયડો થઈ પડેલો. ઉત્તરોત્તર વધારે ઝડપથી એ રોટલી પર હાથ મારી રહ્યો હતો અને પીરસવા માટે હરફર કરી રહેલી જસીને ઝીણી નજરે અવલોકી રહ્યો હતો. કોળિયે કોળિયે બિસ્મિલ્લાહ પોકારનારની જેમ મકનજી પણ રોટલીને બટકે બટકે મનમાં ઝંખી રહ્યો હતો: આ બાઈનું ભાગ્ય દકુભાઈના બાલુ હારે જોડાય તો રંગ રહી જાય!

'કેમ ધીમા પડ્યા, મકનજીભાઈ?' ફૂલકા ઝાપટવાની મુનીમની ઝડપ જરી ધીમી પડી હોવાનો વહેમ જતાં કપૂરશેઠે ટકોર કરી.

આ ટકોર થઈ ત્યારે જ મકનજીને ખ્યાલ આવ્યો કે પોતે જસી અને બાલુની જોડી જોડવાના ઘોડા ઘડી રહ્યો હતો એ દરમિયાન થાળી પર ઝાપટ બોલાવનાર એનો હાથ જરા ધીમો પડી ગયો હતો. પણ તુરત એણે બમણી ઝડપ કરીને, થાળીમાં એકઠી થઈ ગયેલી રોટલીનો જથ્થો સાફ કરી નાખ્યો.

આ દરમિયાન રસોડામાં ચંપાએ મુનીમના જઠરાગ્નિથી ચેતી જઈને રોટલીના લોટની કણક ફરી વાર બાંધી લીધી હતી અને સંતોકબા ઉંબરા ઉપર બેઠાં બેઠાં મહેમાનના મોઢા સામે ડોળા ફાડીને તાકી રહ્યાં હતાં.

જીભ જરાક નવરી થઈ કે તરત મકનજીએ કપૂરશેઠને મર્મભર્યો પ્રશ્ન પૂછ્યો: 'બેનનાં લગન ઓણ કરશો કે પોર?'

મુનીમના આવા મુત્સદ્દીગીરીભર્યા પ્રશ્નનો જવાબ આપવાનું કામ કપૂરશેઠ માટે કઠિન-અતિકઠિન-હતું.

વ્યવહારડાહ્યા કપૂરશેઠે મૂંગા રહેવાનું જ મુનાસિબ ગણ્યું.

સંતોકબાની આંખો મુનીમ તરફ વધારે રોષ ઠાલવતી રહી.

પણ મુનીમ આવી નાજુક વાતનો છેડો એમ સહેલાઈથી છોડે એમ નહોતો. પોતાના પ્રશ્નનો યેનકેન પ્રકારેણ ઉત્તર મેળવવા માટે એણે ઉસ્તાદ ધારાશાસ્ત્રીની અદાથી ઊલટતપાસ કરતો આડકતરો પ્રશ્ન ફેંક્યો: 'વાઘણિયેથી લૂગડાં-દાગીના ચડાવી ગયા કે?'

કપૂરશેઠ સમજી ગયા કે મુનીમ આ બધા પ્રશ્નો દાઢમાં પૂછી રહ્યો છે. તેથી, એમણે મિતાક્ષરી—કહો કે એકાક્ષરી—ઉત્તર જ આપી દીધો: 'ના.'

'બહુ મોડું કર્યું ઓતમચંદ શેઠે તો.' મુનીમે વાત આગળ વધારી. 'સમુરતું ચડાવવામાં આટલી ઢીલ થાતી સાંભળી છે ક્યાંય? દાગીના ઘડાવવામાં શું દસ-બાર વરસ લાગતાં હશે?'

કપૂરશેઠને લાગ્યું કે મારા અંતરની વાતને જ આ મુનીમ વાચા આપી રહ્યો છે. છતાં આ પારકા માણસ સાથે લોલમાં લોલ પુરાવતાં કપૂરશેઠને ખાનદાની આડે આવતી હતી.

રસોડામાં રોટલી વણી રહેલી ચંપા સરવા કાન કરીને ઓસરીમાં થતી વાતચીતો સાંભળી રહી હતી. પણ મકનજીએ હવે પ્રશ્નનું હાર્દ પકડ્યું હોવાથી એણે વાતની નાજુકાઈને કારણે પોતાની નુક્તેચીનીનો

સૂર જરા નીચો ઉતારી નાખ્યો હતો. પરિણામે ચંપાને કાને મુનીમનાં તૂટક તૂટક વાક્યો જ સંભળાતાં હતાં:

'એ તલમાં હવે તેલ નથી... એટલામાં સમજી જાવ!... ઘરમાં ખાવાનાં ધાંધિયાં છે એમાં ઘરેણાં ક્યાંથી ઘડાવશે? લાડકોર શેઠાણીની ડોકમાંથી મંગળસૂતર સિક્કે ઉતારી લેવું પડ્યું છે, એ હવે સમુરતું કેમ કરીને ચડાવે?... હતી તે દી સરગાપુરી જેવી સાહ્યબી હતી. હવે મોતીનાં પાણી ઊતરી ગયાં, એટલામાં સમજી જાવ!... દીકરી દઈને તમે તો ભારે ભાઠમાં પડી ગયા, શેઠ... ઘરણપાણીની જ વાત... નહીંતર ચંપા જેવી કન્યાને તો ફૂલફૂલિયા મુરતિયા જડી રહેતા... હવે તો બગડી બાજી સુધારી લેતાં આવડવું જોઈએ... હું તો વાત કહું સાચી... પેટનાં જણ્યાંનો ભવ બગડે એ માબાપથી દેખ્યું કેમ જાય? હું તો વાત કહું સાચી... રસ્તો?... રસ્તો તો ગોતીએ તો એની મેળે સૂઝી જાય... હજી તો સગપણ થયું છે... ક્યાં હથેવાળો થઈ ગયો છે? ચાર ફેરા ફરી લીધા હોય તો વળી ફિકર... વેશવાળ તો હજી મોઢાની વાત ગણાય... ફરજંદનું હિત જોવું હોય તો વાત ફેરવી વાળવી પડે... હું તો વાત કહું સાચી... આબરૂ?... આબરૂ બાબરૂ તો સંધુંય સમજ્યા હવે... આપણે તો આપણા સંતાનનો ભવ સુધારવો છે કે બગાડવો છે?... ગામને મોઢે તો ગળણું ન બંધાય... બે દિવસ વાત કરીને પછી બધુંય ભૂલી જય... ધણીને સૂઝે ઢાંકણીમાં... હા, હું તો વાત કહું સાચી... નરોત્તમના નામનું માંડી વાળો... એ તલમાં હવે તેલ નથી... હું તો વાત કહું સાચી...'

કથરોટમાંની કણકમાંથી છેલ્લી રોટલી વણાઈ રહી ત્યાં સુધી ચંપાએ મુનીમની આ 'સાચી વાતો' સાંભળ્યા કરી. એની આંસુભીની આંખમાંથી જે છેલ્લે આંસુ ખર્યું એ પણ રોટલીમાં વણાઈ ગયું. એ રોટલી વડે મુનીમને ધરાવ થયો અને 'હવે બસ!' કહ્યું ત્યારે જ ચંપાએ નિરાંત અનુભવી.

જમ્યા પછી મકનજીએ હિંડોળા ઉપર કપૂરશેઠની બાજુમાં બેઠક લીધી. ભોજન દરમિયાન એણે ચંપાનાં લગ્નનો અધ્યાય પૂરો કર્યો હતો તેથી હવે સૂડી-સોપારી આપવા આવેલી જસી સામે એ ટગર ટગર જોઈ રહ્યો. થોડી વાર પછી એણે મમરો મૂક્યો:

'હવે આ નાનકડીને તો કોઈ સારું ઠેકાણું જોઈને વરાવજો—'

'હવે કમાડની આડશે ઊભીને સરવા કાને વાતો સાંભળવાનો વારો જસીનો હતો.'

'તમારા ધ્યાનમાં કોઈ સારું ઠેકાણું હોય તો બતાવો—' કપૂરશેઠે કહ્યું.

'સારાં ઠેકાણાં ગોતવાનું મારા જેવા ગરીબ માણસનું ગજું શું?'

'તમે મલક આખામાં ફરો છો એટલે તમારા ધ્યાન બહાર કાંઈ હોય નહીં.' કપૂરશેઠ વિવેકવાણી વાપરતા હતા.

હવે પછી મકનજીને શ્રીમુખેથી ખરનારા શબ્દો ઝીલવાની જસીની જિજ્ઞાસા વધી ગઈ. અને એક પછી એક શબ્દાવલિ સંભળાવા લાગી:

'મારા ધ્યાનમાં તો દકુભાઈનો દીકરો બાલુ છે... છોકરો ભારે હોશિયાર... કાંઈ કહેવાપણું નહીં... ગોતવા જાઈએ તો ન જડે એવું ઠેકાણું... ના રે ના, એ તો કોઈ હાંડલાફોડે ગપાટા હાંક્યા હશે... છોકરો પાંચે આંગળીએ ચોખો... કાંઈ કહેતાં કાંઈ કહેવાપણું ન નીકળે... હું કહું છું ને. ચાલચલગત સાવ ચોખી... તમને કોઈએ ભરમાવી દીધા લાગે છે. શેઠ... હું તો વાત કહું સાચી... જસી જેમ તમારી દીકરી એમ મારી પણ દીકરી જ છે... એનું અહિત થાય એવી વાત જ હું ન કરું... બાલુ જેવો છોકરો તો દીવો લઈને ગોતવા જાવ તોય ન જડે... કહેણ માને ન માને એનો આધાર તો દકુભાઈની મુનસફી ઉપર... એને ઘેર તો સવાર પડે છે ને સત્તરસો ઘરનાં માગાં આવે છે... હું તો વાત કહું સાચી... આપણાં નસીબ સવળાં હોય તો વળી કદાચ પાટો બાઝી જાય... કન્યાએ

પાંચે આંગળીએ પરમેશ્વર પૂજ્યા હોય તો આવું ઠેકાણું પામે... હું તો વાત કહું સાચી... દકુભાઈ હા પાડશે કે કેમ એ તો હું નથી કહી શકતો, પણ તમારો આગ્રહ છે તો હું એને કાને વેણ નાખીશ ખરો... હા, હા, જરૂર, જરૂર. હું મારાથી થશે એટલી ભલામણ કરીશ, એમાં વળી કહેવાપણું હોય?... શેઠ, તમારું અનાજ મારી દાઢમાં છે... સવળે શકને વાત કરીશ તો દકુભાઈ ના નહીં પાડે...'

મકનજીની વિદાય પછી અંદરના ઓરડામાં જસી-ચંપા સામસામાં મળી ગયા ત્યારે જસીની આંખમાંથી આનંદ ઊભરાતો હતો, ચંપાની આંખમાંથી આંસુ.

*

૧૨

# ભાભીનો દિયર

'બાપુ! ઘોડાગાડી જાય!'

વાઘણિયાની શેરીમાંથી ટનનન... ટનનન કરતી શેખાણી શેઠની ઘોડાગાડી પસાર થતી કે તુરત એનો અવાજ સાંભળીને બટુકના કાન ચમકી ઊઠતા. ગાડી જોવા માટે એ બારીએ આવી ઊભતો અને પિતાને પણ ત્યાં આવવા કહેતો: 'બાપુ, અહીં આવોની, ઘોડાગાડી જોવી હોય તો!'

ઓતમચંદ અણસમજુ પુત્રની આ આજ્ઞાનું પાલન કરતો અને બારીએ આવી ઊભતો.

'જુવો આપણી ગાડી જાય!... જુવો આપણો ઘોડો જાય!... જુવો, આપણો વશરામ જાય!' બટુક બારીમાંથી જોવાલાયક જે વસ્તુઓ બતાવતો એ ઓતમચંદે જોવી પડતી. મોં ઉપર જિજ્ઞાસુ કિશોર જેટલો જ પરિતોષ લાવીને એ કહેતો: 'હા બેટા! ગાડી જોઈ; ઘોડો જોયો; વશરામને પણ જોયો!'

પલટાયેલા જીવનરંગમાં છ-છ મહિનાથી ઓતમચંદ આ રીતે જીવી રહ્યો હતો. આ છ મહિના દરમિયાન એને ઘણું ઘણું જ્ઞાન પ્રાપ્ત થયું હતું. એમાંનું એક જ્ઞાન તો એ હતું કે પેઢીનું અણધાર્યું પતન આણવામાં દકુભાઈનું જ કારસ્તાન કામ કરી ગયું હતું. એ કારસ્તાનના પાકા પુરાવા પણ હવે તો સાંપડી રહ્યા હતા. દગાખોર દકુભાઈ સામે કાયદેસર પગલાં લેવાનું કેટલાક હિતૈષીઓ ઓતમચંદને સમજાવી રહ્યા હતા. સઘળી સાધનસંપત્તિ ગુમાવીને અકિંચન બની બેઠેલો ઓતમચંદ પોતાના સગા સાળા સામે અદાલતે ચડવાનું વિચારે તોપણ હવે તો એ શક્ય નહોતું,

કેમ કે, દકુભાઈ દૂરંદેશી વાપરીને એકાએક બર્મા ભણી ઊપડી ગયા હતા.

બાયડી-છોકરાને મકનજીની દેખભાળ તળે ઈશ્વરિયામાં મૂકીને દકુભાઈ મોલમિનમાં એક ઓળખીતા વેપારીની ચાવલ મિલમાં રહી ગયા હતા. મોલમિન જતાં પહેલાં તેઓ એવી હવા ફેલાવતા ગયેલા કે બનેવીએ મને બાવો કરીને કાઢી મેલ્યો, તેથી રોટલો રળવા મોલમિન જેટલો આઘો પરદેશનો પલ્લો કરવો પડે છે... રફતે રફતે ઓતમચંદને સાચી વાત સમજાયેલી, પણ એ એણે મનમાં જ રાખેલી. દકુભાઈનાં કારસ્તાનોની લાડકોરને ગંધ સરખી ન જાય એની એણે તકેદારી રાખેલી. પોતાનો માનો જણ્યો ભાઈ ઊઠીને બહેનના ઘરમાં ધામો મારી ગયો છે એવી જાણ થતાં લાડકોરના વ્યથિત હૃદયને વધારે વ્યથા થશે, એમ લાગતાં ઓતમચંદ આ બાબતમાં સાવ મૂંગો જ રહેલો. તેથી જ તો, ભાઈભાભીની અવળચંડાઈ પ્રત્યેનો લાડકોરનો રોષ થોડા દિવસમાં જ શમી ગયેલો ને? અને એ ક્ષણિક રોષ ઓસરી ગયા પછી લાડકોર પોતાનાં ભાઈભોજાઈ પ્રત્યે ફરી પાછી હેતાળ બની ગયેલી. વસુંધરા સમા એના વિશાળ અને વત્સલ હૃદયમાં નાનેરા ભાઈ પ્રત્યે પહેલાંના જેવું જ પ્રેમઝરણ વહેવા લાગેલું. તેથી જ તો દકુભાઈ પોતાની સલામતી ખાતર બ્રહ્મદેશ ભાગી ગયો ત્યારે લાડકોરે દુખિયા ભાઈની દયા ખાધેલી:

'પરદેશ ન જાય તો બીજું શું કરે બિચારો? ગમે ત્યાંથી શેર બાજરો તો પેદા કરવો જ પડે ને? અમારી પેઢીમાં પડ્યો રહ્યો હોત તો આજે મૂળાને પાંદડે મઝા કરતો હોત. પણ અંજળપાણી એને અહીંથી ઈશ્વરિયે ઉપાડી ગયાં. બિચારો બચરવાળ માણસ... બાયડીછોકરાંનાં પેટ તો ભરવાં પડે ને? ચપટીમૂઠી કમાવા સારુ જનમભોમકા છોડીને કાળે પાણીએ ઠેઠ મોલમિન જાવું પડ્યું... ભગવાન એને સાજો નરવો રાખે!'

દકુભાઈને અંગે ઓતમચંદને ઇષ્ટ હતું એવું જ ઉદાર વલણ લાડકોરે ધીમે ધીમે અખત્યાર કર્યું તેથી ઓતમચંદને આનંદ થયો. વઢકણી ભોજાઈ સમરથ પ્રત્યે પણ લાડકોર ધીમે ધીમે સમભાવ કેળવતી હતી એ જોઈને ઓતમચંદને અદકો સંતોષ થયો. આ સાગરપેટા શાણા ગૃહસ્થની એકમાત્ર એષણા એ હતી કે દુનિયાદારીની દૃષ્ટિએ અકિંચન બનેલા આ ઘરમાંથી ખાનદાનીનો લોપ ન થાય. આર્થિક સંપત્તિ તો સંજોગવશાત્ આ ઘરનો ત્યાગ કરી ગઈ હતી; પણ હવે સ્નેહની સંપદા આ રાંક ઘરનું આંગણું છાંડી ન જાય એની ઓતમચંદ તકેદારી રાખતો હતો. કુલયોગિની લાડકોરના હૃદયનું સ્નેહઝરણું અસ્ખલિત રહી શક્યું એ જોઈને પતિએ પરમ તૃપ્તિ અનુભવી.

*

નાના ભાઈ નરોત્તમ ઉપર વરસતી આ દંપતીની અણખૂટ વાત્સલ્યધારા લગીરે વિચલિત ન બને એ માટે તેઓ સતત જાગ્રત રહ્યાં કરતાં... નરોત્તમ અંગે ઓતમચંદના હૃદયમાં એક ડંખ રહી ગયો હતો. ઘર તેમજ પેઢી હજી સુધી બંને ભાઈઓનાં મજિયારાં હતાં. નરોત્તમની સહિયારી મિલકત પોતે વેપારમાં ગુમાવી દીધી એ વાતનું દુઃખ ઓતમચંદને રહ્યા કરતું હતું. નાનાભાઈનો હિસ્સો આ રીતે હોમી દેવાનો મને શો અધિકાર હતો? મારે કારણે જ નિર્દોષ નરોત્તમ પણ આપત્તિમાં આવી પડ્યો, એવી કલ્પના મોટા ભાઈના હૃદયને કોરી ખાતી હતી.

નરોત્તમનું પોતાનું વલણ વળી જુદી જ જાતનું હતું. એને મનમાં થયા કરતું હતું કે મોટા ભાઈની પડતી દશામાં હું એમના પર ભારરૂપ થઈ રહ્યો છું. પેઢીનો સંકેલો કર્યા પછી ઓતમચંદે લાજની લગીરેય દરકાર કર્યા વિના વાઘણિયાની બજાર વચ્ચે જ

નાનીસરખી હાટડી નાખી હતી. એ કહેતો, 'વાણિયાનો દીકરો તો આદિકાળથી તેલ-પળી કરતો જ આવ્યો છે, એમાં વળી શરમ શેની?' પણ નરોત્તમને લાગ્યા કરતું હતું કે આ નાનકડી હાટડીમાંથી ભાગ્યે જ બે ભાઈઓનો રોટલો નીકળી શકશે. તેથી, મોટા ભાઈ ઉપરથી પોતાનો બોજો દૂર કરવા એ શહેરમાં જઈને સ્વતંત્ર રીતે કમાવા માગતો હતો, અને એ રીતે એ ઓતમચંદને ટેકારૂપ થવા ઇચ્છતો હતો.

પણ નરોત્તમ જ્યારે જ્યારે પરગામ જવાનો પ્રસ્તાવ મૂકતો ત્યારે ત્યારે ઓતમચંદ એક જ જવાબ આપતો:

'ના રે ભાઈ, આપણે ઘરની છોડીને આઘે ક્યાંય જાવું નથી. ભલું આપણું બાપદાદાનું ગામ ને ભલી આપણી ખોબા જેવડી હાટડી... આ હાટડીમાંથી ભગવાન એક રોટલો આપશે તોય આપણે બે ભાઈ અરધો અરધો મીઠો કરીને ખાઈશું. પણ તને પારકા પરદેશમાં મોકલતાં મારું મન નથી માનતું.'

લાડકોર પણ નાના દિયરને બહારગામ જતો રોકતી:

'ના... રે... બાપુ, મારી આંખ આગળથી આઘા થાવ એ મને ન ગમે. આંહીં તમને કોઈ વાતનું દુઃખ છે? આજે આપણો સમો નબળો આવ્યો છે એથી શું થઈ ગયું? ઘરના માણસને બહાર કાઢી મુકાતા હશે! નથી જોઈતી અમારે તમારી શહેરની કમાણી... પૈસો આપણે ક્યાં નથી જોયો? ને નસીબમાં હશે તો વળી કાલ સવારે ફરી જોવા પામશું. પણ તમે ઘર છોડીને જાવ તો ગામ શું વાત કરે એ ખબર છે? કોઈ કહેશે કે ભાઈભોજાઈને એક દિયેરનું ભાણું ભારે પડ્યું. ના... રે... બાઈ, મારે તમને બહારગામ નથી જાવા દેવા. મારી આંખનાં બે રતન: એક બટુક ને બીજા તમે. તમને મેં કોઈ દિવસ દિયર નથી ગણ્યા, સગા દીકરા જ ગણીને ઉછેર્યા છે. ને હવે તમે મારી નજરથી આઘા થાવ તો મને કેવું લાગે?... ને

ગામમાં માણસ પણ કેવું માને? કહેશે કે મોટે ખોરડે ભૂખ આવી ને ભોજાઈને એક દિયરના રોટલા ભારે પડ્યા એટલે એને ઘર બહાર કાઢ્યો. ના... રે... બાઈ, આવાં મહેણાં મારે નથી સાંભળવાં... હું તમને વાઘણિયાની સીમ નહીં વળોટવા દઉં.'

નરોત્તમ બહાર જવા માટે જેમ જેમ વધારે આગ્રહ કરતો હતો તેમ ભાઈભાભીનો એ સામે વિરોધ પણ વધતો જતો હતો. એ જાણતો હતો કે આ વિરોધ પાછળ ભાઈભાભીનો મારા પ્રત્યેનો અનન્ય પ્રેમ જ કામ કરી રહ્યો છે. પણ નરોત્તમની વિચક્ષણ આંખો રોજ ઊઠીને ઘરમાં જે સૂચક દૃશ્યો જોયા કરતી હતી એને પરિણામે એ અકળામણ અનુભવી રહ્યો હતો.

ઓતમચંદ જે ભાડાના ઘરમાં રહેવા ગયેલો એ શેરીમાં થઈને શેખાણી શેઠની ઘોડાગાડી રોજ સવારસાંજ પસાર થતી. ટનનન અવાજ થાય કે તરત બટુક બારીએ જઈ ઊભતો અને પછી ગાડીમાં બેસવાનું અને ઘોડા પર સવારી કરવાનું વેન લેતો. આવે પ્રસંગે ઓતમચંદ તેમજ લાડકોરનાં હૃદય બહુ કોચવાતાં. તેઓ ઘણુંય ઇચ્છતા કે એક વેળાની આપણી માલિકીની ગાડી હવે આપણે આંગણે થઈને પસાર ન થાય તો સારું. પણ શેખાણી શેઠને ફરવા જવા માટે આ શેરીમાંથી નીકળ્યા વિના છૂટકો જ નહોતો.

આવી રીતે એક દિવસ ઘોડાગાડીના ઘૂઘરા સંભળાયા અને બટુકના કાન ચમક્યા. તુરત એ આદત મુજબ બારીએ જઈ ઊભો ને બૂમો પાડવા લાગ્યો: 'વશરામ! વશરામ!'

વશરામે બટુકનો પરિચિત અવાજ સાંભળ્યો ને સામેથી અવાજ કર્યો: 'કેમ છો, બટુકભાઈ?'

બટુકે વળતી માગણી કરી: 'મને ઘોડા ઉપર બેસાડ!'

પણ ત્યાં તો ઝડપભેર જતી ગાડી શેરીમાંથી પસાર થઈ ગઈ હતી.

અને બટુકની રડારડ શરૂ થઈ ગઈ હતી: 'મને ઘોડા ઉપર બેસાડો! બાપુ, મને ઘોડા ઉપર બેસાડો!'

ઓતમચંદ જોઈ રહ્યો. લાડકોર જોઈ રહી, નરોત્તમ પણ લાચાર બનીને જોઈ રહ્યો.

બટુકનું બુમરાણ વધતું ગયું. પણ આવા નાજુક પ્રશ્ન અંગે એને શી રીતે સમજાવવો એ કોઈને સૂઝતું નહોતું. સૌ પોતપોતાની રીતે મનમાં આ પ્રશ્નની સૂચક ગંભીરતા વિચારી રહ્યાં હતાં, પણ જીભ પર એક પણ હરફ આવી શકતો નહોતો, સૌ સમજતાં હતાં કે બટુકનો આ કજિયો બાલિશ છે, પણ એમ બોલવાની કોઈનામાં હિંમત નહોતી.

અને ગાડીના વેન ઉપર બટુક કજિયે ચડ્યો અને માબાપના જીવ દુભાવા લાગ્યા. પુત્રને કયા શબ્દોમાં સાંત્વન આપવું એ એમને સમજાતું નહોતું. 'હમણાં વશરામને બોલાવીને તેને ઘોડા ઉપર બેસાડશું,' એમ કહેવું? ના, ના, એ તો હીણપતભર્યું હતું. 'આપણે પોતે જ નવી ઘોડાગાડી વસાવશે.' એવો સધિયારો આપવો? ના, ના, એ પણ એક આત્મછલના જ ગણાય.

બટુકની આંખમાંથી દડદડ આંસુ વહેતાં હતાં અને માબાપ દીન વદને એ જોઈ રહ્યાં હતાં. નરોત્તમ અકળામણ અનુભવી રહ્યો હતો.

આખરે ઓતમચંદને આમાંથી રસ્તો સૂઝ્યો. એ ગંભીર ચહેરે ઊભો થયો, બટુક ચાબુક તરીકે જે ટચૂકડી સોટી વાપરતો એ શોધી કાઢીને એણે પુત્રના હાથમાં પકડાવી.

ઓતમચંદ શું કરવા માગે છે એ કોઈને સમજાયું નહીં. લાડકોર અને નરોત્તમ તો કુતૂહલભરી નજરે મૂંગા મૂંગાં જોઈ રહ્યાં.

ઓતમચંદ તો અજબ આસાનીથી નીચો નમીને ચાર પગે ઘોડો થઈ ગયો અને પોશ પોશ આંસુએ રડતા બટુકને પોતાની પીઠ પર બેસાડી દીધો.

લાડકોર અને નરોત્તમ ફાટી આંખે આ જોઈ રહ્યાં.

'ચાલો હવે આપણે ઘોડો ઘોડો રમીએ,' કહીને ઓતમચંદે તો ઓરડામાં રીતસર ચાર પગે આમથી તેમ ફરવા માંડ્યું.

સાચા ઘોડા પર નહીં તોય પિતાની પીઠ પર સવારી કરવાનું મળ્યું તેથી રડતો બટુક શાંત થઈ ગયો.

હજી પણ નરોત્તમ અને લાડકોર તો આ વિચિત્ર દૃશ્ય મૂંગાં મૂંગાં અવલોકી જ રહ્યાં હતાં.

પણ પોતાનું ઘોડેસવારીનું વેન ભાંગતાં બટુક એવો તો ગેલમાં આવી ગયો હતો કે એ ઘડીભર તો ભૂલી ગયો કે પોતે ચોપગા ઘોડા ઉપર નહીં પણ પિતાની પીઠ પર ભારરૂપ થઈ રહ્યો છે. એણે તો સવારીની ઝડપ વધારવા ઓતમચંદની પીઠ પર સોટી પણ સબોડી દીધી.

આ જોઈને નરોત્તમ અકળાઈ ઊઠ્યો પણ કશું બોલી શક્યો નહીં. પણ લાડકોરથી તો હવે ન જ રહેવાયું. એણે ઠપકાભર્યા અવાજે પતિને કહ્યું:

'આ તે તમે કેવી રમત માંડી છે! છોકરાને અત્યારથી આવાં ખોટાં લખણ શીખવાતાં હશે? ને દીકરો ઊઠીને બાપને સોટી મારે એ શોભતું હશે?'

'પણ આમાં ક્યાં સાચે જ સોટી મારવાનું છે?' હજી પણ નીચી મુંડીએ ચોપગાની જેમ આમથી તેમ ફરી રહેલા ઓતમચંદે ઊંચે જોઈને પત્નીને જવાબ આપ્યો: 'આ તો અમે બેય જણા ઘોડો ઘોડોની રમત રમીએ છીએ.'

'આવી રમત તે કાંઈ રમાતી હશે?' લાડકોરે વધારે ઉગ્ર અવાજે પૂછ્યું.

'રોતા છોકરાને છાનો રાખવો હોય તો રમવી પડે.' ઓતમચંદે કહ્યું. 'અણસમજુ છોકરું તે રૂવેય ખરું, પણ એમાં ક્યાં સાચાં મોતીનાં

આંસુ ખરી જતાં હતાં?' લાડકોરે કહ્યું, 'આજથી છોકરાને આવાં લાડચાગ કરાવો છો તો મોટા થાતાં આકરાં પડશે. દીકરો ઊઠીને બાપને સોટી મારે એવાં લાડ તો મલકમાં ક્યાંય જોયાં નથી.'

'ઠીક લ્યો!' કહીને ઓતમચંદે પત્નીને શાંત પાડવા ખાતર પુત્રને કહ્યું, 'બેટા, હવે ધીમે ધીમે સોટી મારજે હો! આ ઘોડાને બહુ ચમચમે છે—'

અને ફરી એ ઝડપભેર ઓરડા આખામાં ચાર પગે ઘૂમવા લાગ્યો.

ઓતમચંદની આંખમાંથી જે વાત્સલ્ય નીતરતું હતું એ જોઈને લાડકોરની જીભ સિવાઈ ગઈ. હવે એ કશી ટીકા કરી શકે એમ નહોતી. આવું વિચિત્ર દૃશ્ય જોઈને એનું હૃદય દ્રવી ઊઠ્યું. આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. એ આંસુમાં રહેલી અનુકંપા વહાલસોયા પુત્ર પ્રત્યેની હતી કે પુત્રથીય અદકા સરલહૃદય એવા પતિ પ્રત્યેની હતી એ કહેવું મુશ્કેલ હતું.

આવું હૃદયસ્પર્શી દૃશ્ય જોઈને નરોત્તમ એટલો તો લાગણીવશ થઈ ગયો કે એ બહાર ઓશરીમાં ચાલ્યો ગયો. ઘણા દિવસથી મનમાં ઘોળાતી મૂંઝવણ એને ગૂંગળાવી રહી ગઈ. કાલની અનેકાનેક ચિંતાઓ જાણે કે એકસામટી ધસી આવી.

નરોત્તમની આંખ સામે સોનચંપાના ફૂલ સમી વાગ્દત્તા ચંપા ચમકી ગઈ... એ વાગ્દાન તૂટવાની તૈયારીમાં છે એવા ગામગપાટા કાનમાં ઘણના ઘા મારી ગયા... અસહાય છતાં અસીમ ઔદાર્યની મૂર્તિ સમા મોટા ભાઈ આવી ઊભા... અણસમજુ બટુક અને ગૃહલક્ષ્મી લાડકોરની મૂર્તિ આંખ સામે ખડી થઈ... અને પ્રેમ, જવાબદારી, ફરજ વગેરેનાં વિવિધ બળો વચ્ચે નરોત્તમ ખેંચાવા લાગ્યો. ભવિષ્ય જાણે કે સાવ અંધકારમય લાગ્યું. પ્રકાશકિરણ શોધવા એણે બહુ બહુ પ્રયત્નો કર્યા, અનેક મથામણો કરી... અને સમજાયું કે આવી ક્રૂર વાસ્તવિકતાઓ પ્રત્યે આંખમિચામણાં કરીને બેસી રહેવાનું ન

પાલવે, આમાંથી કોઈક માર્ગ કાઢ્યે જ છૂટકો છે... તીરે ઊભીને તમાશો જોયા કરવાથી તો હું મોટા ભાઈ પ્રત્યેની મારી ફરજ બજવણીમાં બેવફા બની રહ્યો છું...

અને આખરે નરોત્તમને અંધકાર વચ્ચે એક પ્રકાશકિરણ લાધ્યું. રાજકોટમાં એક દૂરના સગા રહેતા હતા. બે પૈસે સુખી પણ હતા. એમની લાગવગ પણ સારી હતી. રાજકોટ જેવું તખત શહેર છે, તો હું સ્વતંત્ર રીતે કાંઈક કમાતો થાઉં, ને મોટા ભાઈને મદદરૂપ થાઉં... અહીંના જીવનસંગ્રામમાં મૂંગા સાક્ષી તરીકે જીવવામાં તો હું ગુનેગાર બની રહ્યો છું, મારે અહીંથી જવું જોઈએ, જવું જ જોઈએ...

*

નરોત્તમના આ નિર્ધારને વધારે મક્કમ બનાવે એવો એક સૂચક બનાવ પણ એ જ અરસામાં બની ગયો.

આમ તો ઘરમાં એવો શિરસ્તો હતો કે સાંજે વાળુ કરવા માટે દુકાનેથી પહેલવહેલો નરોત્તમ આવે. નરોત્તમ જમીને પાછો દુકાને જાય પછી ઓતમચંદ આવે. પતિ પણ જમી રહે પછી જ લાડકોર જમવા બેસતી. પણ એક દિવસ આ ક્રમ જ ઊલટાઈ ગયો. નરોત્તમ બીજા કોઈક કામમાં રોકાયો હશે તેથી એણે કહ્યું કે, 'મોટા ભાઈ, તમે પહેલાં વાળુ કરી આવો, હું પછી જઈશ.' એ અનુસાર ઓતમચંદ આવીને જમી ગયા. એ પછી મોડે મોડે કામમાંથી પરવારીને નરોત્તમ જમવા આવ્યો ત્યારે અંધારું થઈ ચૂક્યું હતું. રસોડામાં લાડકોર ફાનસને અજવાળે દિયરના આગમનની રાહ જોતી બેઠી હતી.

'ભાભી, મેં તમને કેટલી વાર કીધું કે મારે મોડું થાય તો તમારે જમી લેવું, ને મારે સારુ થાળી ઢાંકી મૂકવી?' પાણિયારે હાથમોં ધોતાં ધોતાં નરોત્તમ બોલ્યો.

'થાળી ઢાંકી રાખીએ એમાં સ્વાદ શું રહે, ભાઈ?' લાડકોરે મીઠાશભર્યો ટહુકો કર્યો.

'પણ મારે લીધે તમારે અધરાત લગી ભૂખ્યાં ચોડવાઈ રહેવું પડે છે ને!'

'એ તો કોઈ દિવસ વહેલુંમોડુંય થાય, એમાં શું? અમારે બાયડી માણસે વહેલાં જમીને વળી ક્યાં હૂંડી વટાવવા જવી છે? પાટિયામાંથી કડછી વડે કાંસાની થાળીમાં ખીચડી કાઢતાં લાડકોરે કહ્યું.

હંમેશ મુજબ આજે પણ લાડકોરે દિયરને આગ્રહ કરી કરીને જમાડ્યો. નરોત્તમ ના કહેતો જાય તેમ તેમ લાડકોર તાણ કરી કરીને ભાણામાં પીરસતી જ જાય.

'બસ કરો, ભાભી! હવે વધારે નહીં ખવાય.'

'અરે, આટલું ખાધું એમાં શું પેટ ભરાઈ ગયું? તમારા કરતાં તો બટુક બે કોળિયા વધારે ખાય છે,' એમ કહી કહીને લાડકોર દિયરના ભાણામાં ખીચડી ને રોટલો મૂકતી જ જતી હતી.

ભોજ્યેષુ માતા સમી ભોજાઈની આ રીતરસમથી નરોત્તમ અજાણ નહોતો. પણ આજે કોણ જાણે કેમ, એને લાગતું હતું કે ભાભી પોતાના ભાગનું ભોજન પણ મને પીરસી આપે છે. લાડકોરને લાગ્યું કે પાટિયામાં ખીચડી ખૂટવા આવી હોવાનો નરોત્તમને વહેમ ગયો છે તેથી એણે વળી બમણો આગ્રહ કરીને પીરસવાનું ચાલુ રાખ્યું.

આખરે ભાભીના આ ભોજનભાવમાં નરોત્તમ ગૂંગળાઈ ગયો. એણે હવે થાળી ઉપર પોતાના બંને હાથ ઢાંકી દઈને વધારે વસ્તુ પીરસાતી અટકાવવા કરી જોયું. પણ લાડકોરે તો પ્રેમપૂર્વક એ હાથ આઘા કરીને પરાણે પીરસી જ દીધું.

હવે નરોત્તમની જબાન બંધ થઈ ગઈ.

'આ તમને તાણ કરવા રોકાણી એમાં પાણીનો કળશો ભરીને ભાણા ઉપર મૂકવાનું તો ભૂલી ગઈ!' મસોતા વડે હાથ લૂછીને

લાડકોર ઊભી થઈ અને બહાર પાણિયારા તરફ ગઈ.

હવે નરોત્તમનું કુતૂહલ હાથ ન રહ્યું. હળવેકથી એણે ચૂલા નજીક જઈને હાંડલા ઉપરથી ઢાંકણી ઉઘાડી જોઈ તો પાટિયામાં ખીચડીને બદલે સાવ ખાલીખમ્મ જણાયું. લાડકોરે લૂઈ-પીને બધું જ પીરસી દીધું હતું.

નરોત્તમ મૂંગો મૂંગો જમવા લાગ્યો, પણ હવે ભોજનમાંથી સ્વાદ ઊડી ગયો હોય એમ લાગ્યું.

થાળીની બાજુમાં પાણીનો કળશ મૂકીને લાડકોર ફરી પાછી ચૂલા નજીક જઈ બેઠી. દિયરને સાવ ધીમે ધીમે કોળિયા ભરતો જોઈને એને મશ્કરી સૂઝી:

'હવે તમને મારા હાથનું રાંધણું બહુ ભાવતું લાગતું નથી.'

છતાં નરોત્તમ મૂંગો જ રહ્યો તેથી લાડકોરે મશ્કરી આગળ વધારી:

'હવે મારા હાથનું કાચુંપાકું રાંધણું ક્યાંથી ભાવે? હવે તો કાલ સવારે મારી દેરાણી આવશે પછી તમને બત્રી ભાતનાં ભોજન ને છત્રી ભાતનાં શાક વઘારીને જમાડશે... પછી તો હુંય આ ચૂલાનું ભઠિયારું નહીં કરું, સંધુંય ચંપાને જ સોંપી દઈશ.'

ચંપાને જ સોંપી દઈશ!

'દેરાણી' અને 'ચંપા' એવા બબ્બે શબ્દો ઉચ્ચારાઈ ગયા છતાં નરોત્તમના મોં ઉપર જરાય મુસ્કરાહટ ન આવી તેથી લાડકોરને બહુ નવાઈ લાગી. પણ એને ક્યાં ખબર હતી કે આજે દિયરને હસવાના હોશ નહોતા રહ્યા!

જમવાનું જેમતેમ પતાવી, ચળુ કરીને નરોત્તમ મૂંગો મૂંગો જ દુકાને ચાલ્યો ગયો.

રાતે પણ એને ઊંઘ ન આવી. જમતી વેળા જે જોવા મળ્યું હતું એથી નરોત્તમનું મગજ ભમી ગયું હતું. કેટકેટલા દિવસથી ભાભી મારે કારણે ભૂખ્યાં રહેતાં હશે! ખુદ મોટા ભાઈને પણ ભલા જીવને

આ વાતની જાણ નથી લાગતી... ભાભી તો પેટે પાટા બાંધીને અમારાં પેટ ભરે છે! ના, ના, હવે હું એમના પર બોજારૂપ નહીં જ થાઉં... હું ચાલ્યો જઈશ, ગમે ત્યાં ચાલ્યો જઈશ... મારે અહીંથી જવું જોઈએ... જવું જ જોઈએ...

*

રાત આખી નરોત્તમે ઉદ્વિગ્ન ચિત્તે જે વાક્યનું રટણ કર્યું હતું એ સવાર પડતાં જ એણે ઓતમચંદ સમક્ષ ઉચ્ચારી નાખ્યું:

'મોટા ભાઈ, મારે જવું જ જોઈએ.'

'પણ તું અજાણ્યા ગામમાં ક્યાં જઈશ?'

'ચોખૂટ ધરતી પડી છે. ગમે ત્યાંથી પાટુ મારીને પૈસો પેદા કરીશ.'

'પણ તેં કોઈ દિવસ ઉંબરા બહાર પગ મૂક્યો નથી. અજાણ્યો ક્યાં જઈને ઊભો રહીશ?'

'રાજકોટમાં આપણા આઘેરા સગા રહે છે ને—દામોદરમાસા—? એને કહીશ તો ક્યાંક નોકરીબોકરી અપાવશે.'

'ભાઈ, મામામાસા કહેવાના, ને હોય ત્યાં લગી ખાવાના.' ઓતમચંદે વહેવારની વાણી ઉચ્ચારી. 'માસા સાથે સગપણ હતું તે દી સોના જેવું હતું. પણ હવે આપણો માઠો દી આવ્યો છે એટલે કદાચ એને સગપણ યાદ પણ ન રહ્યું હોય—'

ઓતમચંદની સાથે લાડકોર પણ નરોત્તમને જતો અટકાવી રહી. પણ આ વખતે નરોત્તમનો નિર્ધાર મક્કમ હતો. પૂરા ત્રણ-ત્રણ દિવસની લમણાંઝીકને અંતે નરોત્તમ પોતાનું દૃષ્ટિબિંદુ સમજાવી શક્યો. ભાઈભાભીને અત્યંત અનિચ્છાએ પણ હા ભણવી પડી. પણ ત્યાં તો બટુકે વાંધો લીધો:

'કાકાને નહીં જાવા દઉં.'

પણ બટુકને રીઝવવાનું સહેલું હતું. નરોત્તમે એને ઘોડાગાડીની

લાલચ આપી: 'જો, રાજકોટ જઈને તને ટચૂકડી ઘોડાગાડી મોકલીશ, હો!'

ભત્રીજો રાજી રાજી થઈ ગયો.

વિદાયને દિવસે લાડકોરે ઘરમાં ગમે તેમ ગોઠવણ કરીને પણ કંસાર રાંધ્યો. દિયરને ભાવપૂર્વક જમાડ્યો અને જતી વખતે એના હાથમાં ચાંદીનો રૂપિયો તથા શ્રીફળ મૂકીને પસ ભરાવ્યો. પછી બંને હાથ વડે દિયરનાં દુખણાં લઈને દસેય આંગળાંના ટાચકા ફોડતાં હૃદયપૂર્વક આશિષ આપી:

'સાજાનરવા રહેજો ને વહેલા વહેલા પાછા ઘેરે આવજો!'

પોતાની પાંપણ ભીની થાય એ પહેલાં જ નરોત્તમે પગલું ઉપાડ્યું.

*

૧૩

# કીલો કાંગસીવાળો

**રાજકોટના** રાજમાર્ગ ઉપર નરોત્તમ ટહેલતો હતો.

વાઘણિયેથી નીકળતી વેળા ઓતમચંદે જે કેટલીક શાણી સલાહસૂચના આપેલી એમાંની એક એ હતી કે દૂરની સગાઈના દામોદર માસાનો દાણો દાબી જોવો ખરો, પણ એમને સામે વળગતા જવું નહીં. મોટા ભાઈની આ સૂચના નરોત્તમે બરોબર અમલમાં મૂકેલી – કહો કે વધારે પડતી અમલમાં મૂકી દીધેલી. સ્વમાન સાચવવા ખાતર એણે કોઈ સગાંસ્નેહીને ત્યાં જવાને બદલે શરૂઆતમાં સ્ટેશન નજીકની ધરમશાળામાં જ ધામા નાખેલા.

શહેરના સરિયામ રસ્તા પર ઊભો ઊભો નરોત્તમ પસાર થતી માનવ-વણજારને અવલોકી રહ્યો હતો. એ દિવસોમાં પશ્ચિમની સંસ્કૃતિની પ્રથમ લહેરો આવવા લાગેલી છતાં સોરઠી સંસ્કૃતિની અસલિયત હજી સુધી અકબંધ જળવાઈ રહેલી. અલબત્ત, રાજકોટમાં પણ પોલિટિકલ એજન્ટની કોઠી પડી ચૂકી હતી તેથી થોડા ગોરા સાહેબલોક ને થોડા દેશી 'જાંગલાઓ' નજરે પડતા ખરા; છતાં એકંદરે આમજનતામાંથી અસલિયતની અસ્મિતા હજી ઓસરી નહોતી. વાઘણિયામાં ભાગ્યે જ જોવા મળતો, કાઠિયાવાડના વિવિધ પ્રદેશોનો પચરંગી પહેરવેશ આ નગરના પહોળા રાજમાર્ગો ઉપર નરોત્તમ આશ્ચર્યમુગ્ધ નજરે અવલોકી રહ્યો.

જુદાં જુદાં રજવાડાંના ભાયાતો ને મૂળ ગરાસદારો, કામદારો ને કારભારીઓ, ખવાસો ને ખાસદારો, વેપારીઓ ને વાણોતરોનું અહીં એકસામટું દર્શન થઈ શકતું હતું. વિવિધરંગી ફેંટા ને ફીંડલ, સાફા

ને સરપા. આંટીવાળી પાઘડી અને ચકરી પાઘડી, કસવાળાં કેડિયાં ને બાલાબંધી અંગરખાં, ચૂડીદાર ચોળણી ને તસતસતી સુરવાળ, અસલી સૌરાષ્ટ્રના સઘળા વેશ પરિધાનનું જાણે કે આ શહેરમાં પ્રદર્શન ભરાયું હતું.

નરોત્તમને વાઘણિયું યાદ આવતાં મોટા ભાઈ ઉપર પહોંચનો પત્ર લખવાનું યાદ આવ્યું. કોઈને પૂછીને એણે પોસ્ટ ઑફિસ શોધી કાઢી. 'મૂડિયા છાપ' કાવડિયું ખિસ્સામાંથી કાઢીને એણે રાજા સાતમા ઍડ્વર્ડની છાપવાળું એક પૈસાનું પોસ્ટકાર્ડ ખરીદ કર્યું અને મોટા ભાઈ ઉપર પહોંચનો પત્ર લખી નાખ્યો.

નરોત્તમનો ખ્યાલ એવો હતો કે શક્ય હોય ત્યાં સુધી કોઈ સગાંસ્નેહીઓનો ઉપકાર માથે ન ચડવા દેવો. તેથી જ તો દામોદર-માસાને ઘેર જવાનું એણે તુરત પૂરતું માંડી વાળ્યું. નોકરી કે કામધંધાની તલાશ પણ નિરાંતે કરીશ, એવું વિચારીને એ તો તખત શહેરની જીવનલીલા અવલોકવામાં જ ગુલતાન થઈ ગયો.

એક અરધો દિવસ તો નરોત્તમે જુદાં જુદાં રજવાડાંના આલીશાન ઉતારાની ઇમારતો જોવામાં જ ગાળ્યો. આવા ભવ્ય રાજમહાલયો એણે જીવતરમાં કદી જોયા નહોતા. નરોત્તમે રાજકુમાર કૉલેજ જોઈ... જુદી જુદી રિયાસતોના રાજકુંવર જોયા... અને મેદાનમાં 'બૅટ-બૉલની રમત રમાતી જોઈ ત્યારે તો એના આશ્ચર્યની અવધિ આવી રહી.

આ બધું કુતૂહલ શમ્યા પછી જ નરોત્તમે દામોદરમાસાને મળી જોવાનું વિચાર્યું. એ માટે પણ સીધેસીધો માસાને ઘેર ન ગયો. સરનામું વાંચીને શેરીને નાકે જ ઊભો રહ્યો. માસા દેવદર્શને જતાંઆવતાં મળી જ જશે એવી એને શ્રદ્ધા હતી. અને એ આશા ફળી પણ ખરી. વયોવૃદ્ધ માસા આંખ પર હાથની છાજલી મૂકીને નાકું વળોટતા હતા ત્યાં જ નરોત્તમે એમને આંતર્યા:

‘કાં, માસા? ઓળખાણ પડે છે?’

‘કોણ, ભાઈ?’ હાથની છાજલી જરા નીચી ઉતારીને માસાએ ઝીણી આંખે નજર કરતાં પૂછ્યું.

‘બસ! ભૂલી ગયા?’ નરોત્તમે પૂછ્યું, ‘વાઘણિયાવાળા કોઈ સગા યાદ આવે છે?’

માસા જરા ચમક્યા. પછી બોલ્યા: ‘કોણ? ઓતમચંદ કરીને—’

‘હા, હા. ઓતમચંદભાઈ વાઘણિયાવાળા.’

‘સાચા, સાચા. ઓતમચંદ તો લાખનું માણસ. એને કેમ ભુલાય?’ કહીને માસાએ ઉમેર્યું: ‘પણ હમણાં બિચારા બવ ભીડમાં આવી ગયા, એમ સાંભળ્યું. સાચી વાત?’

‘હા, માસા,’ નરોત્તમે કહ્યું, ‘જરાક ધક્કો લાગી ગયો—’

‘એમ જ હાલે એ તો. વેપારમાં તો આવે ને જાય,’ માસાએ વેદાંતીની ઢબે ફિલસૂફી ડહોળી. ‘એનો હરખ પણ નહીં ને અફસોસ પણ નહીં.’

માસાના ખંધા ચહેરા સામે તાકીને નરોત્તમ મૂંગો મૂંગો ઊભો રહ્યો એટલે થોડી વારે માસા જ ઓચર્યા:

‘ઠીક, લે ભાઈ, મારે દરસનમાં મોડું થાશે તો ઝાંખી નહીં થાય.’

અને નરોત્તમ કશુંક બોલે-કારવે એ પહેલાં તો માસાએ ચલતી પકડી.

અને નરોત્તમના મનમાં જે રહ્યોસહ્યો ભ્રમ હતો એ પણ ભાંગી ગયો. સીધો એ પોસ્ટ ઑફિસ તરફ ઊપડ્યો. આ વખતે એણે એક પૈસાવાળું પોસ્ટકાર્ડ લેવાને બદલે બે પૈસાવાળું પરબીડિયું જ ખરીદ કર્યું અને લાંબી લેખણે વિગતવાર પત્ર લખી નાખ્યો:

વડીલ મોટા ભાઈની સેવામાં,

અહીં આવ્યા પછી પહોંચનું પત્તું લખેલું એ મળ્યું હશે. આજે

દામોદર માસાને ઘેર ગયો હતો. મને જોઈને માસા તથા માસી તો અરધાં અરધાં થઈ ગયાં. તમારાં તથા ભાભીનાં ખેમકુશળ પૂછ્યાં. હું માસાને ઘેર ઊતરવાને બદલે બહાર ઊતર્યો એથી એમને બહુ ખોટું લાગ્યું. મને કહ્યું કે, અમારું ઘર એ ઓતમચંદનું જ ઘર ગણજે, જરાય જુદાઈ જાણીશ મા. મેં કહ્યું કે ભલે, તમારે ઘેરે પણ વખતોવખત આવતો રહીશ. મારે લાયક કાંઈ કામધંધો ગોતી આપવાનું માસાએ કહ્યું છે. માટે એ વિશે ફિકર કરશો નહીં. મારું પાકું સરનામું હવે પછીના કાગળમાં લખીશ.

બટુક માટે નાનકડી ઘોડાગાડીની તપાસ રમકડાંવાળાની દુકાને કરું છું. મળશે એટલે કોઈ સથવારે મોકલી આપીશ. બટુક મને વારે ઘડીએ યાદ આવ્યા કરે છે. એનું મન રાજી થાય એવી મજાની ઘોડાગાડી મોકલીશ.

મારાં ભાભીને મારાં પગેલાગણ કહેશો. એનું મન કોચવીને હું અહીં આવ્યો છું પણ મને અહીં કોઈ વાતની મૂંઝવણ નથી, એમ કહેજો. એમની આશિષે અહીં બધી વાતની સરખાઈ આવી જશે ને થોડાં વરસમાં આપણે સહુ તરી જઈશું.

હમણાં તો કામધંધાની તપાસમાં ફરું છું, એટલે મારો કાગળ વહેલોમોડો થાય તો ફિકર કરશો નહીં.

લખિતંગ,

**નરોત્તમનાં પગેલાગણ**

હવે નરોત્તમને શહેરના રંગરાગ જોવામાં રસ ન રહ્યો. શહેરના રાજમાર્ગો કે શેરીઓમાં રખડવાને બદલે એ રેલવે સ્ટેશન પર જ લટાર મારવા લાગ્યો. આવતી-જતી ટ્રેઇન જોઈને એ આહ્લાદ અનુભવતો. લાંબા પ્લૅટફૉર્મના એક છેડાથી બીજા છેડા સુધી નિરુદ્દેશ આંટા મારવામાં એને આનંદ આવતો. સામાન જોખવાનો કાંટો,

સિગ્નલનો હાથલો વગેરે યાંત્રિક કરામતો નરોત્તમને અદ્‌ભુત લાગતી હતી. અને એથીય વધારે રસભરપૂર તો હતી પ્લૅટફૉર્મ પરની નાનીસરખી દુનિયા.

આ દુનિયામાં વસાહતીઓની સંખ્યા તો બહુ નાની હતી. પણ એમાંના એકેએક પાત્રને પોતાનું વિશિષ્ટ વ્યક્તિત્વ હતું. સ્ટેશનમાસ્તરથી માંડીને સાંધાવાળો અને સાકરિયા દૂધપેંડા વેચનારથી માંડીને પાણીની પરબ પર બેસનાર ડોસી સુધીનાં પાત્રો પાસે પોતપોતાની જીવનકલા હતી. દિવસ-રાત પ્લૅટફૉર્મ પર પડી રહીને ગાંજોચરસ ફૂંક્યા કરનાર દાવલશા ફકીર, દેખીતો પાગલ છતાં ડહાપણના ભંડાર સમો ભગલો ગાંડો, ગણવેશ પર બિલ્લા લગાવીને મજૂરી કરનાર પૉર્ટરો, આ સ્ટેશનની દુનિયાનાં નમૂનેદાર પાત્રો હતાં. આ સહુમાં શિરમોર સમું પાત્ર હતું કીલા કાંગસીવાળાનું.

આ કીલા કાંગસીવાળાનું અનોખું વ્યક્તિત્વ નરોત્તમ પર કામણ કરી ગયું.

કીલાનું મૂળ નામ તો હતું કીલાચંદ કામદાર. પણ આવડું મોટું ને માનવાચક નામ તો હવે ખુદ કીલાને પણ યાદ નહીં રહ્યું હોય. ગામ આખામાં એ કીલા કાંગસીવાળા તરીકે જ જાણીતો હતો. 'કાંગસીવાળા'ના વ્યવસાયસૂચક ઇલકાબની પાછળ પણ સમાજશાસ્ત્રીઓ માટે રસનો વિષય થઈ પડે એવો એક રસિક ઇતિહાસ પડ્યો હતો:

કહેવાતું કે કીલો નાનપણમાં સોનાને ઘૂઘરે રમેલો. એક વેળા દોમદોમ સાહ્યબીમાં ઊછરેલા આ માણસે દરિદ્રતા પણ ઝિંદાદિલીથી જીરવી જાણી હતી. સ્વમાનભેર રોટલો રળવા માગતો કીલો કિસમ કિસમના વ્યવસાયો કરી ચૂક્યો હતો. દિવાળીના દિવસોમાં એ ફટાકડાની ફેરી કરે, કેરીની મોસમમાં કેરીની વખાર નાખે અને આડે દિવસે શેરીએ શેરીએ ફરીને કાચની બંગડી પણ વેચે. પેટગુજારા

માટે કોઈ પણ પ્રકારની પ્રવૃત્તિ કરવામાં કીલો નાનમ ન સમજતો.

પણ કીલાને સાંપડેલું 'કાંગસીવાળા'નું બિરુદ તો બીજી જ એક પ્રવૃત્તિનું પરિણામ હતું. એ યુગમાં કાઠિયાવાડમાં કેશગુંફન માટે ખડબચડા ખંપારાનો જ ઉપયોગ થતો. પુરુષવર્ગને તો બહુ વાળ ઓળવાપણું હતું જ નહીં—કોઈ કોઈ નવાં છોકરડાં નાનકડી બાબરી રાખતાં શીખ્યાં હતાં એટલું જ. સ્ત્રીવર્ગના કેશસંમાર્જન માટે વાઘરણો ઘેર ઘેર ફરીને ટાઢા રોટલાના બદલામાં હાથબનાવટના ખંપારા ને ખરસટ કાંસકા વેચી જતી. કોમલાંગીઓ માટેની કલામય કાંગસીઓ મુંબઈ જેવાં મોટાં શહેરો સિવાય બીજે મળતી નહીં. કીલાએ પહેલવહેલી મુંબઈગરા મહેમાનો પાસે આ નાજુક કાંગસીઓ જોયેલી અને ત્યારથી જ એની વ્યવહારદક્ષ અને વ્યાપારદક્ષ બુદ્ધિને સમજાઈ ચૂકેલું કે કાંગસીના વેપારમાં કસ છે. એણે ઉછીઉધાર કરીને થોડીક મૂડીનો જોગ કર્યો ને મુંબઈના એક ઓળખીતા વેપારી મારફત કાંગસીની પહેલવહેલી આયાત કરી. પરિણામે રાજકોટમાં ને કાઠિયાવાડભરમાં કાંગસીનો પહેલવહેલો પ્રચાર કરવાનું માન કીલો ખાટી ગયો.

સ્વાશ્રયી કીલાએ પોતાના જીવનસંગ્રામ માટે અર્વાચીન કિસાન-મજદૂર સંઘોને શોભે એવું સૂત્ર યોજી કાઢેલું: 'હુન્નર હાથ એને હરકત શી?' તરેહ તરેહના હુન્નરો ઉપર આ માણસ હાથ અજમાવી ચૂક્યો હતો અને પરિણામે જીવન ગુજારવામાં એને કશી હરકત આવી નહોતી. એવી જ રીતે, નવો નવો કાંગસીનો હુન્નર હાથ આવતાં કીલાને પોતાની પ્રતિભા બતાવી આપવા માટે મોકળું મેદાન મળી રહ્યું: 'લ્યો કોઈ વિલાયતી કાંગસી...' કરીને કીલાએ શહેરની શેરીએ શેરીએ સાદ દેવા માંડ્યો. કુનેહબાજ કીલાની જીભ પણ એવી મીઠી કે ગૃહિણીઓના ગ્રાહકવર્ગમાં એ ઘડીકમાં ઘરોબો કેળવી લેતો. આંખની પણ ઓળખાણ વિના એ કોઈને કાકીમા કહીને

બોલાવે. કોઈ સાથે માસી-ભાણેજનું સગપણ શોધી કાઢે. ઘરનાં છોકરાં જેમને ફઈબા કહીને બોલાવતાં હોય એમને કીલો પણ સગાં ફઈબા ગણીને જ સંબોધે. 'કાં ભાભુ, કાંગસી આપું કે?' કરતોકને કીલો મોઢું ભરાઈ જાય એવાં માનવાચક સંબોધનો સાથે હાજર થાય. પછી, પોતાને વેપારની બહુ પડી નથી, એવું સૂચવવા એ પોતે સાધ્ય કરેલી બૈરક બોલીમાં અલકમલકના ગપાટા હાંકીને ઘરનાં માણસો સાથે સાહજિકતાથી ઘરોબો કેળવી લ્યે. વચ્ચે સિફતપૂર્વક પોતાના માલની પ્રશસ્તિ ઘુસાડી દિયે: 'આ ઓલી વાઘરણ વેચી જાય છે એવા ભાલા જેવા ખંપારા નથી, હોં ભાભુ! આ તો અસ્સલ વિલાયતનો નંબરી માલ છે, નંબરી.' પછી, આ વાતોડિયા માણસના વાણીપ્રવાહમાં ભીંજાયેલાં ભાભુની દેન નહીં કે એની પાસેથી કાંગસી ખરીદ કર્યા વિના રહી શકે.

સમય જતાં કાંગસીના ધંધામાં પણ હરીફો ઊભા થતાં આ વેપારમાંથી કસ ચાલ્યો ગયો અને પરિણામે કીલો બીજા 'હુન્નર' તરફ વળ્યો. આ દરમિયાન કાઠિયાવાડમાં રેલવેના નવા નવા ફાંટા નંખાતા જતા હતા અને લોકો પણ પગપાળા કે ગાડામાર્ગે જવાને બદલે ઇંજિનવાળી ગાડીમાં પ્રવાસ કરતાં થયેલાં તેથી રાજકોટ જંક્શનનું વેપારી દૃષ્ટિએ મહત્ત્વ વધતું જતું હતું. સમયપારખુ કીલાએ અગમબુદ્ધિ વાપરીને જંક્શન ઉપર રમકડાંની ફેરી કરવા માંડી. પણ 'કાંગસીવાળા' તરીકેનું એનું જૂનું બિરુદ તો કાયમ જ રહેલું અને લોકોમાં—ખાસ કરીને સ્ત્રીવર્ગમાં—કીલાની લોકપ્રિયતા પણ અકબંધ રહેલી. રાજકોટ શહેરમાં તો કીલો એક જાહેર વ્યક્તિ તરીકે જાણીતો હતો જ, પણ રેલવે જંક્શન પર રમકડાંની રેંકડી ફેરવવા માંડી ત્યારથી એ ગામ-પરગામના પ્રવાસીઓમાં પણ લોકપ્રિય થઈ પડ્યો.

કીલાની રમકડાંની રેંકડી નરોત્તમ ઉપર કામણ કરી ગઈ. આ રેંકડીમાં મહુવાના સંઘાડિયાઓએ ઉતારેલાં રંગબેરંગી રમકડાં હતાં:

મોર ને ચકલી, ઘંટી ને ઘૂઘરા, હાથી ને સિંહ. એક જુઓ ને બીજું ભૂલો એવાં રૂપકડાં આ રમકડાં હતાં. નરોત્તમ તો મુગ્ધ ભાવે આ રંગમેળા તરફ તાકી જ રહેતો. એમાં પચરંગી પોપટલાકડી હતી. અને એક ટચૂકડી ઘોડાગાડી જોઈને તો નરોત્તમ રાજી રાજી થઈ ગયો. તરત એને બટુક યાદ આવી ગયો. આ ઘોડાગાડી વાઘણિયે મોકલી આપું તો બટુક રીઝી જાય.

એક દિવસ સ્ટેશન પર શાંતિ હતી ને કીલો પીપળાને છાંયડે રેંકડી ઊભી રાખીને આકડાનાં પાનની બીડીઓ વાળતો હતો ત્યારે નરોત્તમે જરા સંકોચ સાથે રેંકડી નજીક જઈને ઘોડાગાડી ઉપાડી. કારીગરે આ રમકડું આબેહૂબ ઘોડાગાડી જેવું જ બનાવેલું.

ઘોડાગાડીના રૂપરંગ ને ઘાટ અવલોકી રહ્યા પછી નરોત્તમે એની કિંમત પૂછવાનું વિચાર્યું, પણ પૂછતાં સંકોચ અનુભવી રહ્યો.

બીડીની ભૂંગળી વાળીને માથે રાતો દોરો વીંટતો કીલો આ ગ્રાહકને કાતર નજરે અવલોકી રહ્યો.

નરોત્તમે અચકાતાં પૂછ્યું: 'આ ઘોડાગાડીનું શું બેસશે?'

'સાવ સસ્તી છે; લઈ જાવ...'

'સસ્તી તોય કેટલામાં?'

'અરે લઈ જાવ ને તમતમારે, તમને કાંઈ લૂંટી નહીં લઉં,' કીલાએ કહ્યું.

'પણ તમે નામ તો પાડો—' નરોત્તમે ગાડીનો ભાવ જાણવા પૂછ્યું.

'બજારમાં પૂછશો તો રૂપિયો દોઢ કહેશે. પણ તમારી પાસેથી મારે કમાવું નથી. લઈ જાવ રૂપિયે—'

સાંભળીને નરોત્તમે ખિસ્સામાં હાથ નાખ્યો. ઘડીક વાર વિચારી રહ્યો. પછી હળવેક રહીને, ઘોડાગાડી જ્યાંથી ઉપાડી હતી ત્યાં પાછી ગોઠવી દીધી ને ભારે પગલે પાછો વળવા જતો હતો ત્યાં જ કીલાએ હાક મારી:

'કાં જુવાન, કેમ પાછો હાલ્યો?'

નરોત્તમ નિરુત્તર રહ્યો એટલે કીલાએ કહ્યું: 'લઈ જા, લઈ જા, આવી ગાડી ગામ આખામાં નહીં જડે. અસલ મહુવાનો માલ છે—'

આટલો આગ્રહ છતાં નરોત્તમ પીગળતો ન લાગ્યો, ત્યારે કીલાએ પૂછ્યું: 'તારે શું આપવું છે?'

હજી નરોત્તમ મૂંગો જ રહ્યો ત્યારે કીલાએ જરા ઉગ્ર અવાજે પૂછ્યું:

'લેવી છે કે પછી અમથી ઉડામણી જ કરવી છે?'

'લેવી છે, લેવી છે,' નરોત્તમે કહ્યું.

'આનો ઓછો આપજે, ઉપાડ... મારી રેંકડીમાં જગ્યા થાય.'

પણ નરોત્તમે ગાડી ઉપાડી નહીં ને કીલાની રેંકડીમાં જગ્યા કરી નહીં. શરમાતા શરમાતો એ કશું બોલ્યા વિના ચાલ્યો ગયો.

નરોત્તમને સ્થાને બીજો કોઈ ગ્રાહક હોત તો કીલાએ એના સ્વભાવ પ્રમાણે સંભળાવી દીધી હોત: 'ગૂંજામાં ફદિયાં લઈને આવ્યો છે કે પછી હાલી જ નીકળ્યો છે ભાતું બાંધ્યા વિના?' પણ માણસપારખુ કીલાએ પારખી લીધેલું કે નરોત્તમ કોઈક જુદી જ માટીનો જુવાન છે, તેથી એ કશું બોલ્યો નહીં પણ નરોત્તમની પીઠ પાછળ કુતૂહલભરી નજરે તાકી રહ્યો.

બીજે દિવસે રોંઢા ટાણે કીલો તો એના નિયમ મુજબ ઝાડને છાંયડે રેંકડી ઊભી રાખીને બાજુમાં બેઠો બેઠો બીડીઓ વાળતો હતો, અને દાવલશા ફકીર તથા ભગલા ગાંડા સાથે ગામગપાટા હાંકતો હતો.

રમકડાંમાંથી થતી આવકમાં પૂર્તિ કરવા કીલાએ નવરાશના સમયમાં બીડીઓ વાળવાનો આ ઉદ્યમ શોધી કાઢ્યો હતો. આ ઉદ્યમ પાછળ પણ એનું જીવનસૂત્ર હતું: 'હુન્નર હાથ એને હરકત શી?' અત્યારે પણ એ તૈયાર થયેલી બીડીઓ પાનવાળાને પહોંચાડવા જવા માટે પચીસ પચીસની ઝૂડીઓ વાળી રહ્યો હતો ત્યાં જ ધીમે પગલે નરોત્તમ આવી પહોંચ્યો.

કીલો પોતાનું કામ કરતાં કરતાં ત્રાંસી નજરે નરોત્તમને અવલોકી રહ્યો.

નરોત્તમ રેંકડીમાંની ઘોડાગાડી તરફ તાકી રહ્યો. રમકડું હાથમાં લઈને ફરી વાર ભાવપૂર્વક તપાસી જોવાનું એને મન થયું, પણ આ વખતે એની હિંમત ન ચાલી.

કીલો આ વિચિત્ર લાગતા ગ્રાહક તરફ સમભાવપૂર્વક તાકી રહ્યો.

સારી વાર સુધી નરોત્તમ રેંકડી સામે ઊભો રહ્યો. પછી એક નિઃશ્વાસ મૂકી પાછો ચાલ્યો.

કીલાએ એને હાક મારી: 'કાં મોટા! ઓરો આવ્ય, ઓરો!'

અવાજમાં રહેલી ઉષ્મા પારખીને નરોત્તમ પાછો વળ્યો.

કીલાને લાગ્યું કે આ કોઈ ફાલતુ માણસ નથી. દિવસો થયા એ પ્લૅટફૉર્મ પર આંટા માર્યા કરે એમાં કશોક ભેદ છે. અને એ ભેદ જાણવો જ જોઈએ, એમ વિચારીને એણે નરોત્તમને ભાવપૂર્વક પોતાની બાજુમાં બેસાડ્યો.

'કયું ગામ? ક્યાં રહેવું? નાતે કેવા?' જેવી ઔપચારિક પૂછગાછથી જ ન અટકતાં કીલો આ આગંતુકના જીવનમાં વધારે ઊંડો ઊતર્યો. જેમ જેમ વધારે પૃચ્છા કરતો ગયો તેમ તેમ હજી વધારે વિગતો જાણવાની એની આતુરતા વધતી ગઈ.

નરોત્તમ પણ સમભાવપૂર્વક પુછાતા પ્રશ્નોના ઉત્તરો નિખાલસતાથી આપતો ગયો.

વાતમાં ને વાતમાં કીલાએ નરોત્તમ સાથે સાત-આઠ પેઢીનું દૂર દૂરનું સગપણ શોધી કાઢ્યું કે આપણે બેય તો એક જ ગોતરિયા છીએ એટલે કુટુંબી ગણાઈએ.

આ સાંભળી નરોત્તમનો રહ્યોસહ્યો સંકોચ પણ દૂર થઈ ગયો અને એણે મોકળે મને પોતાની આપવીતી કહેવા માંડી. હવે તો બંને જણા એવું તો ઐક્ય અનુભવી રહ્યા કે કીલાએ પણ વચ્ચે વચ્ચે

પોતાના જીવનની કથની કહેવા માંડી. નરોત્તમની જીવનઘટનાઓ સાથે પોતાના જીવનના પ્રસંગોની સરખામણી કરવા માંડી. નરોત્તમને લાગ્યું કે કીલો પણ મારા જેવો જ સમદુખિયો જીવ છે. પરિણામે, બંને જણા વધારે આત્મીયતા અનુભવી રહ્યા.

કીલો આ ભલાભોળા યુવાનની નિર્વ્યાજ નિખાલસતા પર એટલો તો પ્રસન્ન થઈ ગયો કે પોતાની પ્રસન્નતાના પ્રતીક તરીકે એણે પેલી ટચૂકડી ઘોડાગાડી નરોત્તમને ભેટ આપી દીધી.

નરોત્તમે આવું મોંઘું રમકડું મફત સ્વીકારવામાં જરા આનાકાની કરી ત્યારે કીલાએ કહ્યું: 'આપણે તો એક જ ગોતરિયા નીકળ્યા એટલે હવે કુટુંબી કહેવાઈએ. બટુક જેમ તારો ભત્રીજો થાય, એમ હવે મારોય ભત્રીજો જ ગણાય. એને આપવાના રમકડાનાં ફદિયાં મારાથી ન લેવાય.'

પછી તો આ બંને કુટુંબીઓએ સાંજ સુધી વાતોના સેલારા માર્યા. નરોત્તમે વાત વાતમાં જણાવ્યું કે મારે આ અજાણ્યા ગામમાં રહેવા માટે જગ્યા શોધવાની મુશ્કેલી છે, ત્યારે કીલાએ કહ્યું: 'ઓય ધાડેના! અટાણ લગી બોલ્યો શું કામ નહીં? આ કીલાની ઓરડી અફલાતૂન છે! આવી જા રહેવા, અટાણથી જ!'

આ આમંત્રણથી નરોત્તમ રાજી થઈ ગયો.

કીલાએ હસતાં હસતાં શરત મૂકી: 'આપણી ઓરડી ઉપર હથુકાં કરવાં પડશે હોં! હા, કીલાના વાંઢાવિલાસમાં કોઈ રાંધનારી નથી. ને આ અવસ્થાએ હવે કોઈ રોટલા ઘડનારી આવે એમ પણ નથી.'

'મને રાંધતાં તો નથી આવડતું, પણ તમારી પાસેથી શીખીશ, ને આવડશે એવી મહેનત કરીશ.' નરોત્તમે કહ્યું.

કીલાએ એ શરત સ્વીકારી અને નરોત્તમ એની ઓરડીએ રહેવા ગયો.

ઓરડીને ચારે ખૂણે ફેલાયેલી ભયંકર અરાજકતા જોઈને નરોત્તમને

આરંભમાં તો આઘાત લાગી ગયો. અવિવાહિત માણસના જીવનની અવ્યવસ્થા આ ઓરડીમાં મૂર્તિમંત દેખાતી હતી. એક દિવસ સાફસૂફી કરતાં કરતાં નરોત્તમે રોટલા ઘડી રહેલા કીલાને ટકોર કરી:

'કીલાભાઈ, રોટલા ઘડનારી લઈ આવો તો કેવું સારું! આ બધી પંચાત મટી જાય.'

'ના, ભાઈ, ના, કીલાને એવી પળોજણ પોસાય નહીં. એના કરતાં આ હથુકાં સાત થોકે સારાં. લગન તો લાકડાના લાડુ છે, ભાઈ નરોત્તમ!– ખાઈને પછી પણ પસ્તાવાનું જ હોય તો ન ખાઈને જ પસ્તાવો કરવો શું ખોટો? તને પણ વીસનહોરી વળગશે પછી ખબર પડશે, ભાઈ નરોત્તમ!'

કીલાની ઓરડીમાં થાળે પડ્યા પછી નરોત્તમે વાઘણિયે મોટા ભાઈ ઉપર વિગતવાર કાગળ લખી નાખ્યો અને આ ઓરડીનું પાકું સરનામું પણ લખી જણાવ્યું. કીલા સાથે વાત વાતમાં જ નીકળી પડેલા દૂર દૂરના સગપણની વિગતો જણાવીને મોટા ભાઈને સધિયારો આપ્યો કે કીલાભાઈની દેખરેખ તળે હું સહીસલામત છું.

તુરત કીલાએ વાઘણિયાનો એક સથવારો શોધી કાઢ્યો. લગ્નઅવસરનું મોટું હટાણું કરવા આવેલા એક પટેલની સાથે નરોત્તમે પેલી ટચૂકડી ઘોડાગાડી મોટા ભાઈ ઉપર મોકલી આપી. સાથે મોઢાનાં ક્ષેમકુશળ પણ કહેવરાવ્યાં.

હવે નરોત્તમ માટે કશોક રોજગાર શોધવાનો પ્રશ્ન ઊભો થયો. કીલાએ એને બાંયધરી આપી: 'કાંડામાં જોર હોય તો કાવડિયાં તો રસ્તામાં પડ્યાં છે—ઉસરડી લઈએ એટલી જ વાર.' અને પછી પોતાનું જીવનસૂત્ર ઉચ્ચાર્યું: 'હુન્નર હાથ એને હરકત શી?'

પણ મુશ્કેલી એ હતી કે જિંદગીના તડકાછાંયાથી અજાણ એવા નરોત્તમને કીલા જેટલા હુન્નરો હસ્તગત નહોતા. જીવનની આકરી તાવણીમાં તળાઈ તળાઈને કીલો તો સોયમાં સોંસરવો

નીકળી શકે એવો સિફતબાજ થઈ ગયો હતો. નરોત્તમે જિંદગીનો ઝંઝાવાત હજી જોયો નહોતો. પણ કીલાએ એને હિંમત આપી: 'મારી ભેગો છ મહિના કામ કરીશ તો હુતિયો થઈ જઈશ.' અને પછી પોતાની આત્મપ્રશસ્તિ ઉમેરી: 'હું કોણ? જાણે છે?—કીલો કાંગસીવાળો—ભલભલા ચમરબંધીનેય ભૂ પાઈ દેનારો—'

*

૧૪

# મારો માનો જણ્યો!

કાકાએ મોકલેલી ઘોડાગાડી જોઈને બટુક તો ગાંડોતૂર થઈ ગયો. 'કાકાએ રાજકોટથી ગાડી મોકલી,' એમ કરતો કરતો એ શેરીમાં સહુ ભાઈબંધોને આ નવીન રમકડું બતાવી આવ્યો.

પુત્રને આ રીતે આનંદિત જોઈને ઓતમચંદ તથા લાડકોર પણ પોતાની અંતરવેદના વીસરી જતાં લાગ્યાં. બટુક તો આ રંગીન રમકડાની સોબતમાં કોઈક નવી દુનિયામાં વિહરવા લાગેલો. લાકડાની ગાડી અને લાકડાના ઘોડા સાથે એને દિલ્લગી બંધાઈ ગઈ. એ નિર્જીવ વસ્તુ સાથે એ વાર્તાલાપ કરતો, મસ્તીતોફાન કરતો, મહોબત પણ કરતો. પુત્ર આ રીતે રમકડામાં રમમાણ રહે છે એ જોઈને લાડકોરની આંખ ઠરી. કાળજે વાગેલો કારમો જખમ હવે જાણે કે રુઝાઈ ગયો. ભૂતકાળનાં વસમાં સંભારણાં વિસરાઈ ગયાં. બેવફા નીવડનાર ભાઈ-ભોજાઈ પ્રત્યેનો રોષ પણ ઓસરી ગયો. લાડકોરના વત્સલ હૃદયમાં સહુ સગાંસ્નેહીઓ પ્રત્યેના સ્નેહની સરિતાઓ પૂર્વવત્ વહેવા લાગી. જીવનમાં જાણે કે કશો ઝંઝાવાત આવ્યો જ નથી, પૂર્વરંગમાં જરાય ફરક પડ્યો જ નથી, એવી પરિતૃપ્તિ લાડકોર અનુભવી રહી.

આ દરમિયાન દકુભાઈ પણ મોલમિનની એક ખેપ કરીને ઈશ્વરિયે આંટો આવ્યા હતા. મોલમિન જેટલે દૂરથી બહુ ટૂંકી ખેપ કરીને ઓચિંતા તેઓ શા માટે પાછા આવી પહોંચ્યા એ અંગે ઈશ્વરિયામાં તરેહવાર અટકળો થતી. દકુભાઈની પુરાણી શાખથી જેઓ પરિચિત હતાં તેઓ તો કહેતાં હતાં કે બર્મામાં પણ આ કાબો

કશુંક બખડજંતર કરીને આવ્યો છે. એથી વધારે જાણભેદુઓ વળી જુદી જ વાત કહેતા હતા: દકુભાઈના કંધોતર અને કરમી દીકરા બાલુએ બાપની ગેરહાજરીમાં ગામમાં કબાડું કરેલું—લોકવાયકા પ્રમાણે કોઈ આહીરાણીને 'હરામના હમેલ' રહી ગયેલા—તેથી પુત્રના એ પરાક્રમને ભીનું સંકેલવા પિતાએ અંતરિયાળ દેશની વાટ પકડવી પડેલી. એક અનુમાન એવું પણ હતું કે ઓતમચંદના ઘરમાં ધામો મારીને કાયદાની બીકે બર્મા ભાગી ગયેલા દકુભાઈને હવે કોર્ટનું કાંઈ લફરું થવાની બીક ન હોવાથી બેધડક પાછા આવતા રહ્યા હતા. ગમે તેમ હોય, પણ દકુભાઈ આ ફેરે ઓટીવાળ દીકરાને વરાવી-પરણાવીને ઠેકાણે પાડવા કૃતનિશ્ચય બનીને આવ્યા હતા એ તો ચોક્કસ; કેમ કે, ઈશ્વરિયામાં પગ મેલતાંની વાર જ એમણે મકનજી મુનીમને બાલુ માટે કાણી-કૂબડી, બાડી-બોબડી કોઈ પણ કન્યા શોધી લાવવાનું ફરમાવી દીધેલું, અને કહ્યાગરો મુનીમ પણ દકુભાઈ શેઠની સમૃદ્ધિનાં ગુણગાન દિગંતમાં ફેલાવતો ફેલાવતો ગામડે ગોઠડે ફરવા લાગેલો.

દકુભાઈની આ નૂતન સમૃદ્ધિની ખ્યાતિ કર્ણોપકર્ણ લાડકોરના કાન સુધી આવી પહોંચેલી. જે જમાનામાં ગોરા સાહેબોની મડમો સિવાય બીજાં કોઈ લોકો બાળકોને બાબાગાડીમાં બેસાડીને ફરવા નીકળતાં જ નહીં, જ્યારે આ કૌતુકભર્યું વિદેશી વાહન કોઈ અપવાદરૂપ પારસી કુટુંબ સિવાય હિંદમાં હજી અપનાવાયું નહોતું, એવે સમયે દકુભાઈ પોતાના નાનકડા બાબા માટે છેક બર્માથી રંગીન બાબાગાડી લેતો આવેલો અને આખા ઈશ્વરિયાનાં લોકોને આંજી નાખેલાં. પહેલે દિવસે નાનકડા બાબાને આ ગાડીમાં બેસાડીને દકુભાઈ ઈશ્વરિયાની ઊભી બજારે નીકળ્યો ત્યારે બજારનો રસ્તો જાણે કે એને સાંકડો પડતો લાગ્યો. જન્મારામાં પણ જે લોકોએ બળદગાડાં સિવાય બીજું કોઈ ગાડું જોયું નહોતું એમને આ નવતર વાહન વિસ્મયકારક લાગેલું. આ ઉપરાંત દકુભાઈ બર્મી બનાવટનાં જે રંગબેરંગી રમકડાં લાવેલો એ

જોવા માટે તો એમને આંગણે દિવસો લગી ગામના ખેડૂતોની લંગાર લાગેલી. સમરથવહુ તો આમેય ધરતીથી એક વેંત ઊંચી ચાલવાને ટેવાયેલી જ હતી, એ આ નૂતન સમૃદ્ધિથી ચકચૂર બનીને જાણે આભમાં પાટુ મારવા લાગેલી, અને ગભરુ ગામલોકોને ગર્વભેર ધમકી પણ આપવા લાગેલી કે, 'જોજો તો ખરાં, હજી તો અમારે આંગણે મોલમિનથી મોટર આવશે મોટર, તેલ પૂરીને હંકારાય એવી મોટર!'

દકુભાઈની સાહ્યબીની આવી આવી વાતો લાડકોરને કાને આવતી ત્યારે એ નર્યો આનંદ જ અનુભવતી અને ઊંડો સંતોષ વ્યક્ત કરતી: 'ભલે કમાણો મારો વીર. દકુભાઈ પણ મારો માનો જણ્યો ભાઈ જ છે ને! પારકો થોડો છે? ભાઈના ઘરમાં આવતો દી હશે ને હાથ પહોંચતો હશે તો અમને કળોયાંને કાપડું સાંપડશે. ભગવાન એને હજીય ઝાઝી કમાણી દિયે! સગાંનો હાથ પહોંચતો હશે તો અટક્યેસટક્યે પૈસા માગવાય જવાશે. પારકાં પાસે થોડો હાથ લાંબો કરાશે?'

અને સાચે જ, દકુભાઈ પાસે હાથ લાંબો કરવા જવું પડે, એવો કરુણ પ્રસંગ લાડકોરના જીવનમાં આવી ઊભો.

એક દિવસ સાંજે બહુ મોડેથી દુકાન વધાવીને ઓતમચંદ ઘેર આવ્યો. સામાન્ય નિયમ—અથવા કહો કે રાબેતો—એવો હતો કે આ સમયે હસમુખી લાડકોર ઉંબરામાં જ ઊભી હોય અને એની અમીવર્ષણ આંખો પતિને મૂંગો આવકાર આપતી હોય. પણ આજે દુકાનેથી થાક્યાપાક્યા આવેલા ઓતમચંદે પત્નીને આંગણામાં કે ઉંબરામાં ન જોતાં એને નવાઈ લાગી. આજે મારે મોડું થયું છે એટલે વાટ જોઈ જોઈને થાકી ગયાં હશે, એમ સમજીને ઓતમચંદે પોતાનું ગૃહાગમન જાહેર કરવા સાંકેતિક ખોંખારો ખાધો.

આમ તો પતિનો પગરવ સાંભળતાં વાર નવોઢા જેટલી ઉત્સુકતાથી પગથિયાં પર દોડી આવતી પત્નીનાં દર્શન આજે હજી સુધી ન થયાં

તેથી પતિના મનમાં આશ્ચર્ય સાથે શંકા પણ ભળી. શું થયું હશે, એવા સાહજિક કુતૂહલથી ઓતમચંદ ચોંપભેર ઓસરીમાં દાખલ થયો તો ઘરમાં દીવો પણ ન દેખાયો, ભૂખરી સંધ્યાના આછેરા ઉજાશમાં એણે જોયું તો લાડકોર ઓસરીને એક છેડે માથા પર સાડલાની સોડ તાણીને બટુકને ગોદમાં લઈને સૂતી હતી.

ઓતમચંદ થોડી વાર સુધી તો વિસ્ફારિત આંખે આ દૃશ્ય જોઈ રહ્યો.

લાડકોરના ગળામાંથી દબાયેલું ડૂસકું સંભળાયું ત્યારે ઓતમચંદનો જીવ હાથ ન રહ્યો. એણે પત્નીને ઢંઢોળીને પૂછ્યું: 'શું થયું? શું થયું? ડિલ સારું નથી? સુવાણ નથી?'

પતિ આવી પહોંચ્યા છે એમ જાણતાં જ લાડકોર સફાળી બેઠી થઈ ગઈ, સાડલાના છેડાવતી ઝટપટ ભીની આંખ લૂછી નાખી ત્યારે જ એને ખ્યાલ આવ્યો કે અંધારું થઈ ગયું હોવા છતાં હજી ઘરમાં દીવો નથી કર્યો. પહેલાં એણે ઝટપટ ગોખલામાં ગણપતિ સમક્ષ ઘીનો દીવો કર્યો અને મૂંગાં મૂંગાં હરિકેન ફાનસ પેટાવ્યું.

ઓતમચંદે ફરી પ્રશ્ન કર્યો: 'કેમ ભલા, આજે ડિલ સારું નથી?'

હજી લાડકોર મૂંગી જ રહી ત્યારે ઓતમચંદે ફરી પૂછ્યું: 'બટુક કેમ આજે વહેલો ઊંઘી ગયો?'

કશો જવાબ આપવાને બદલે લાડકોરે રાંધણિયામાં જઈને વાળુ કાઢવા માંડ્યું ત્યારે ઓતમચંદે ફરી પૂછ્યું: 'આજે શું થયું છે? કાંઈ માઠા સમાચાર આવ્યા છે?'

પણ લાડકોરને ગળે એવો તો ડૂમો ભરાયો હતો કે એ કશો ઉત્તર આપવા ધારે તોપણ આપી શકે એમ નહોતી. એણે તો યંત્રવત્ પતિ માટે થાળી પીરસી દીધી અને પોતે લમણે હાથ દઈને બેસી ગઈ.

હાથ-મોં ધોઈને ઓતમચંદ પાટલા પર બેઠો તો ખરો પણ પત્નીની રડમસ સૂરત જોઈને એ કોળિયો ભરી શક્યો નહીં. હંમેશના નિયમ

મુજબ એણે પૃચ્છા કરી: 'બટુકે જમી લીધું છે ને?'
લાડકોરે એકાક્ષરી ઉત્તર આપ્યો: 'ના.'

સાંભળીને ઓતમચંદની શંકાઓ વધારે ઘેરી બની. પૂછ્યું: 'કેમ જમ્યો નથી? તાવબાવ ભરાણો છે?'

'ના,' લાડકોરે કહ્યું.

'તો પછી ખાધું કેમ નહીં?'

'ખાતાં ખાતાં કથળી પડ્યો ને પછી રોઈ રોઈને ઊંઘી ગયો.' લાડકોરે ખુલાસો કર્યો.

થાળીમાંથી કોળિયો ભરવા લંબાયેલો ઓતમચંદનો હાથ થંભી ગયો. પત્નીની ઉદાસીનતાનું રહસ્ય પણ એ પામી ગયો.

'ખાતાં ખાતાં શું કામ કથળ્યો?' ઓતમચંદે પૂછ્યું: 'તમે કાંઈ વઢ્યાં?'

'હું શું કામને વઢું ભલા?' લાડકોરે કહ્યું, 'છોકરો તમને વહાલો છે ને મને કાંઈ દવલો છે?'

'તો પછી ભૂખ્યો ને ભૂખ્યો શું કામે સૂઈ ગયો?'

એ તો એણે દૂધપેંડાનો કજિયો કર્યો. સાંજરે સોનીના છોકરાના હાથમાં દૂધપેંડો જોયો હશે એટલે બટુકે પણ વેન લીધું: 'દૂધપેંડો આપો તો જ ખાઉં, નીકર નહીં. અણસમજુ છોકરાને કેમ કરીને સમજાવાય કે—'

લાડકોરે વાક્ય અધૂરું મેલી દીધું. પત્ની બટુકને શી વાત સમજાવવા માગતી હતી એ ઓતમચંદ આછી ઇશારતમાં જ સમજી ગયા. ઘરના સંજોગોની વાસ્તવિકતાની યાદ તાજી થતાં એ મૂંઝવણ સાથે વિમાસણ પણ અનુભવી રહ્યો.

હવે ઓતમચંદને ભોજનમાંથી સ્વાદ ઊડી ગયો. ભોજનથાળ ઠંડો થતો રહ્યો અને આ દુખિયારાં દંપતી વ્યવહારના અત્યંત નાજુક પ્રશ્નની ચર્ચાએ ચડી ગયાં.

'આમ ને આમ કેટલા દિવસ કાઢશું?' લાડકોર પૂછતી હતી.

'કરમમાં માંડ્યા હશે એટલા,' ઓતમચંદ ફરી ફરીને એક જ ઉત્તર આપ્યા કરતો હતો.

ભૂખ્યે પેટે ઊંઘી ગયેલા પુત્રનું દુઃખ જોઈને આ દંપતી એવાં તો વ્યગ્ર બની ગયાં કે ઓતમચંદ પીરસેલ ભાણેથી આખરે ઊભો થઈ ગયો. લાડકોરને પણ જમવામાં સ્વાદ ન રહ્યો.

*

મોડી રાતે ગજર ભાંગી ગયો અને અડોશપડોશમાં બધેય બોલાશ બંધ થઈ ગયો ત્યારે પણ આ ઘરના શયનખંડમાં પતિ-પત્ની વચ્ચે એક ગંભીર પ્રશ્ન પર ગોષ્ઠી ચાલી રહી હતી.

પતિને સાવ હતાશ થયેલો જોઈને લાડકોર હિંમત આપતી હતી: 'તમે ભાયડાની જાત ઊઠીને આમ ચૂડલાવાળાની જેમ સાવ પોચા કાં થઈ જાવ? હોય એ તો. મલકમાં આપણા સિવાય બીજા કોઈને વેપારમાં ખોટ નહીં આવતી હોય? દુનિયા આખીમાં કોઈ દેવાળાં નહીં કાઢતા હોય? વેપારધંધા કોને કહે! એ તો તડકાછાંયા છે... કાલ સવારે બટુકનાં નસીબ ઊઘડશે તો પાછાં તરતાં થઈ જશે... ને એ જ અગાશીવાળી મેડી લુવાણા પાસેથી પાછી લઈ લઈશું... દી આવતો થાશે તો સંધુંય પહેલાંના કરતાં સવાયું સુધરી જાતાં વાર નહીં લાગે.'

ઓતમચંદ તો જાણે કે કશું સાંભળતો જ ન હોય એમ અન્યમનસ્ક બનીને મૂંગો રહ્યો.

પતિની મૂંઝવણ ઓછી કરવા લાડકોરે અચકાતાં અચકાતાં સૂચન કર્યું:

'તમે એક વાર ઈશ્વરિયે જઈને મારા દકુભાઈને વાત તો કરો—'

સાંભળી ઓતમચંદની આંખનો ડોળો ફરી ગયા. પણ એ રોષ

વાણી વાટે વ્યક્ત કરીને પત્નીને નારાજ કરવાનું એને યોગ્ય ન લાગ
પતિના મૌનને સંમતિ સમજીને લાડકોરે ફરી વાર એ સૂચન ક
'તમે અબઘડીએ જ ઈશ્વરિયે જાવ... મારો દકુભાઈ તમા
હાથ પાછો નહીં ઠેલે—'
ઓતમચંદે સ્વસ્થ ચિત્તે ટૂંકો જ ઉત્તર આપ્યોઃ 'કોઈનું આ
ને તાપ્યું કેટલા દી બેઠું રહે?'
'પણ ક્યાં કોઈ પારકા પાસે માગવા જાવાનું છે?' લાડકોરે કહ
'આ તો મારો માનો જણ્યો દકુભાઈ—'
'ભાણાની ભાંગે... ભવની નહીં.' ઓતમચંદ મિતાક્ષરી ઉત્ત
આપીને ફરી મૂંગો થઈ ગયો.
'અટાણે તો ભાણાની ભાંગે તોય ભગવાનનો પાડ માનવા જે
સમો છે,' લાડકોરે ઘરની કંગાલિયત એક જ વાક્યમાં રજૂ કરી દીધ
'એમ જ હાલે. આપણો સમો બદલ્યો તેમાં કોઈનો શું વાંક?
'પણ બટુકે આજે તો એક ચીજનો કજિયો કર્યો, કાલ સવા
ઊઠીને બીજું કાંઈક માગશે...' લાડકોરે કહ્યું, 'સાત ખોટના દીકરા
બોર બોર જેવડાં આંસુ મારાથી જોયાં નહીં જાય.'
'બિચારો ગભૂડો છોકરો કાંઈ સમજે છે કે કઈ ચીજ મગા
ને કઈ ચીજ ન મગાય?'
'એટલે તો કહું છું કે, બીજા કોઈ સારુ નહીં તો આ ગભૂ
છોકરાની દયા ખાઈને પણ મારા દકુભાઈને વાત કરો,' લાડકો
ભૂખ્યે પેટે ઘસઘસાટ ઊંઘતા બટુક તરફ આંગળી ચીંધીને કહ્યું. 'સ
મામો ઊઠીને આ ભાણેજને ભૂખ્યો નહીં રહેવા દિયે... સાસ્તરમ
સો ભામણ બરાબર એક ભાણેજ કીધો છે. મારો દકુભાઈ—'
લાડકોરે 'મારો દકુભાઈ'ની જ્યારે મોંપાટ જ લેવા માંડી ત્યા
ઓતમચંદથી મૂંગું ન રહેવાયું. એણે પોતાના એક હાથનો પોંચ
સીધો કરીને પત્નીને પૂછ્યુંઃ 'આ શું કહેવાય?'

'આંગળાં, બીજું શું?' લાડકોરે ઉત્તર આપ્યો.

'બરોબર... ને આ શું કહેવાય?'

'નખ વળી.'

'એ પણ બરોબર,' કહીને ઓતમચંદે એક વિલક્ષણ પ્રશ્ન પૂછ્યો: 'પણ આ આંગળાંથી નખ છેટા છે?'

અને પછી પત્નીના ઉત્તરની રાહ જોયા વિના જ ઓતમચંદે ભારેખમ અવાજે ચુકાદો આપી દીધો:

'દકુભાઈ આપણો સાત સગો હોય, પણ આંગળીથી નખ વેગળા એટલે વેગળા જ. એટલામાં સંધુંય સમજી જાવું.'

'મારો માનો જણ્યો દકુભાઈ સગી બેન હારે આવી જુદાઈ જાણતો હશે?' લાડકોરે જરા છણકો કર્યો, 'તમે મારાં પિયરિયાંને સાવ ભૂખ સમજી બેઠા છો?'

'ભગવાન કોઈને ભૂખ ન આપે!' ઓતમચંદે સ્વાનુભવથી દુઆ ગુજારી. પછી ઉમેર્યું: 'પણ હું તો એમ કહેતો હતો કે આમ પારકું આપ્યું ને તાપ્યું તે કેટલા દી બેઠું રહે? એમ માગ્યે ઘીએ ચૂરમા થાય? અને પછી પોતાને જ સંભળાવતો હોય એમ ધીમે અવાજે ઉદ્ગાર કાઢ્યો: 'માગતાં તો મુક્તાફળ મળે, પણ ભીખને માથે ભટ્ટ!'

'વાહ રે તમારી વાત!' લાડકોરે અજબ સ્રૈણ લટકા સાથે ફરી છણકો કર્યો: 'સગા ભાઈ આગળ બેન હાથ લાંબો કરે એ તમારે મન ભીખ ગણાતી હશે! અમ કળોયાં તો જીવીએ ત્યાં સુધી ભાઈ પાસે માગીએ. અમારો તો લાગો લેખાય.'

ઓતમચંદ પત્નીના ભોળપણ પર મનમાં હસી રહ્યો.

ક્ષમા અને ઔદાર્યની મૂર્તિ લાડકોર, પોતાના દકુભાઈએ કરેલો હજી ગઈ કાલનો દ્રોહ આજે ભૂલી ગઈ હતી! એ તો, ઉત્સાહભેર પોતાના ભાઈની આર્થિક પ્રગતિનું વર્ણન કરી રહી હતી:

'ને મારા દકુભાઈનો હાથ તો હવે સારીપટ પોંચતો થયો છે. આ

ખેપે તો મોલમિનથી ગાંસડા ને ગાંસડા ઢસરડી આવ્યો છે. દસકો આવતો થયો તે કેવો તરી ગયો, જોતા નથી! ઈશ્વરિયેથી આવનાર સહુ માણસ વાત કરે છે કે મારી સમરથભાભીને તો પગથી માથા લગી સૂંડલે સોને મઢી દીધી છે. ને મારા ભત્રીજા બાલુ સારુ તો મોટા મોટા નગરશેઠની છોકરીઓનાં નાળિયેર દકુભાઈને ઉંબરે પછડાય છે એ તમને ખબર છે?'

'હા. હમણાં ટોપરાનું બજાર તેજ છે ખરું,' ઓતમચંદે કહ્યું, 'મને ખબર નહીં કે તારા દકુભાઈએ નાળિયેરનો ખેલો માંડ્યો છે!'

આફત અને ચિંતાઓથી ઘેરાયેલા ઓતમચંદમાંથી રમૂજવૃત્તિએ હજી વિદાય લીધી નહોતી.

*

ઈશ્વરિયે જવું કે ન જવું, એની ચર્ચા મોડી રાત સુધી ચાલી. દકુભાઈનાં કરતૂકો બરાબર જાણી ગયેલ ઓતમચંદ એ બે દોકડાના માણસ પાસે હાથ લંબાવવા જતાં અચકાતો હતો. એનો ખ્યાલ એવો હતો કે રાજકોટ ખાતે કમાવા ગયેલ નરોત્તમ થોડી થોડી રકમ મોકલતો થશે તો થોડા દિવસમાં જ અહીંનું ગાડું પાટે ચડી જશે, વેપાર પણ થોડો વધારી શકાશે અને કોઈ પારકાંની ઓશિયાળ કરવી નહીં પડે. પણ લાડકોરમાં એટલી ધીરજ નહોતી—ખાસ કરીને તો ગઈ સાંજે બની ગયેલા બનાવ પછી એ સ્ત્રીસહજ અકળામણ અનુભવી રહી હતી અને તેથી જ, ઓતમચંદને ઈશ્વરિયે જવા માટે ઊંબેળી રહી હતી.

અને છતાં, ઈશ્વરિયે જવું કે ન જવું, એની દ્વિધામાં ઓતમચંદે ઘણો સમય ગાળ્યો. પણ આખરે પ્રેમાળ પત્નીનો વિજય થયો. લાંબા મથામણને અંતે, પત્નીનું મન સાચવવા, તથા કહેવાતી મોલમિનની કમાણીથી શાહુકાર બની બેઠેલા સાળાનો દાણો દાબી જોવાન

ઉદ્દેશથી ઓતમચંદ ઈશ્વરિયે જવા તૈયાર થયો. જોકે, છેવટ સુધી એના મનમાં ઊંડે ઊંડે ક્ષોભ તો રહ્યા જ કરતો હતો કે દકુભાઈએ હવે સઘળો સંબંધ અને વ્યવહાર તોડી નાખ્યો હોવાથી એને આંગણે વણનોતર્યા જવું એમાં નામોશી ગણાય. પણ અત્યારે 'માના જણ્યા દકુભાઈમય' બની ગયેલી લાડકોર આવી દલીલ સાંભળવા તૈયાર જ ક્યાં હતી?

જામેલા વેપારના દિવસોમાં વછિયાતી ઉઘરાણી પાછળ જે ઘોડી પરથી જીન ન ઊતરતાં એ પવનવેગી ચંદરી તો દેવાળું કાઢ્યા પછી લેણદારોને ખંડી આપવી પડેલી. તેથી ઓતમચંદે પગપાળા જ પંથ કાપવાનો હતો. ઘરમાંથી ઘી જેવી ચીજનો તો સ્વાદ જ જાણે કે ભુલાઈ ગયો હતો તેથી ગોળપાપડીનું ભાતું બાંધવાનો પ્રશ્ન જ ઊભો નહોતો થતો. લાડકોરે વહેલી પરોઢમાં જ સાથવાનો ભૂકો શેકી નાખ્યો અને સાથે ગોળનો ગાંગડો બાંધીને ઓતમચંદ માટે રસ્તે ખાવાનું ભાતું તૈયાર કરી નાખ્યું.

વહેલી સવારમાં વિદાય થતી વેળા બટુક જાગી ગયો હોવાથી એણે પિતાને પૂછ્યું: 'ક્યાં જાવ છો?'

ઓતમચંદ બાળાભોળા બટુકને સાચો ઉત્તર આપતાં અચકાયો, પણ લાડકોરે તુરત હરખભેર કહી દીધું: 'બેટા, મામાને ઘેર જાય છે...' અને પછી પુત્રને રીઝવવા માટે માતાએ ઉમેર્યું: 'તારે સારુ વાવા લાવશે, રમકડાં લાવશે. ઘણું ઘણુંય લાવશે...'

માતાએ આપેલાં મોટાં મોટાં વચનોથી બટુક રાજી થઈ ગયો. પુત્રના ચહેરા પરની મુસ્કરાહટને ફિલસૂફની ગમગીન નજરે અવલોકતાં ઓતમચંદે ઈશ્વરિયાનો કેડો લીધો.

*

૧૫

# 'મલકનો ચોરટો'

'હવે હાંઉં કરો, હાંઉં—'

'અરે, એમ તે હાંઉં કરાતાં હશે! એક પ્યાલો રેડવા દિયો.'

'પણ બહુ થઈ ગયું—'

'આમાં શું બહુ થઈ ગયું?... ના પાડે એને સહુથી વહાલા સગાના સમ!'

દકુભાઈએ પોતાના ઘરના જે ઓરડાને 'દીવાનખાના' જેવું ભારેખમ નામ આપેલું એમાં અત્યારે કેસરિયા દૂધના કટોરાની જ્યાફત ઊડી રહી હતી.

મેંગણીથી કપૂરશેઠ પોતાની નાની પુત્રી જસીનું બાલુ જોડે વેવિશાળ કરવા આવ્યા હતા—અથવા કહો કે મકનજી મુનીમ કપૂરશેઠને આગ્રહ કરીને અહીં તેડી લાવ્યો હતો અને કેસરિયા દૂધના કટોરા પર કટોરા રેડીને એમને શીશામાં ઉતારી રહ્યો હતો.

કપૂરશેઠની સાથે આ વખતે રાજકોટવાળા મનસુખલાલ પણ આવેલા. ચંપાના વેવિશાળમાં એના મામાની પૂર્વસંમતિ કે સલાહ નહોતી લીધી એને પરિણામે મનસુખલાલને જે માઠું લાગી ગયેલું એનું પ્રાયશ્ચિત્ત કરવા કપૂરશેઠે જસીના વેવિશાળમાં પોતાના સાળાને મોખરે કર્યા હતા.

દકુભાઈની નૂતન સમૃદ્ધિથી કપૂરશેઠ તો ક્યારના અંજાઈ ગયા હતા—બલકે, એ સમૃદ્ધિનાં પ્રત્યક્ષ દર્શન કર્યા પહેલાં જ, મકનજીને મોઢેથી વાતો સાંભળીને પીગળી ગયા હતા અને બાલુ વેરે જસીને વરાવવા માટે તલપાપડ થઈ રહ્યા હતા. પણ રાજકોટ જેવા શહેરમાં

વસનાર મનસુખલાલભાઈની વાત જુદી હતી. આ શહેરી માણસને પોતાની શેઠાઈની શેહમાં તાણવા માટે દકુભાઈને ભારે જહેમત ઉઠાવવી પડી હતી.

દીવાનખાનાની સજાવટમાં દકુભાઈએ જરા પણ કચાશ રાખી નહોતી. બર્મી જીવનનું નાનું સરખું પ્રદર્શન જ આ ઓરડામાં ગોઠવાઈ ગયું હતું. ભીંત પરનાં ચિત્રોમાં બર્મી નિસર્ગદૃશ્યો ને બર્મી રૂપસુંદરીઓ, ભોંયે બિછાવેલ જાજમ-ગાલીચા બર્મી બનાવટનાં; પાનસોપારીની તાસક અને ડબ્બાનું નકશીકામ પણ બર્માનું; કાચના કબાટમાં દેખાતાં કાષ્ઠ-કોતરકામનાં રમકડાંયે બર્મી. આવો જાજરમાન ઝળહળાટ જોઈને કપૂરશેઠ તો અહોભાવથી ડઘાઈ જ ગયા હતા. શહેરમાં વસનાર મનસુખલાલને પણ આ ઝળહળાટથી પ્રભાવિત થતાં વાર ન લાગી.

દકુભાઈ પોતાની વાતચીતમાં પોતે જોયેલાં મોટાં મોટાં શહેરો-રંગૂન, અક્યાબ, પ્રોમ ને હેન્ઝાડા—નાં વર્ણનો કરતા હતા અને દર ત્રીજે વાક્યે 'અમારા મોલમિન'નો ઉલ્લેખ કરતા હતા. 'અમારે મોલમિનમાં તો...' એ એમનો જપતાલ હતો.

મનસુખભાઈ જેવા શહેરી માણસને પણ લાગ્યું કે જસી માટે આવું સુખી ઘર કદાચ કાઠિયાવાડમાં મળવું મુશ્કેલ છે.

અત્યારે શુભ ચોઘડિયું ચાલતું હોવાથી વેવિશાળનો વિધિ ઝટપટ પતાવી નાખવાનું નક્કી થયું હતું અને એની પ્રાથમિક તૈયારીઓ માટે બાલુને બજારમાં મોકલ્યો હતો. મકનજીનો વ્યૂહ એવો હતો કે મહાજનની હાજરીમાં વેવિશાળનો ગોળ ખવાઈ જાય ત્યાં સુધી બાલુને એક યા બીજા બહાના તળે ઘરની બહાર જ રાખવો, જેથી એ ઓટીવાળ છોકરાની અક્કલનું પ્રદર્શન મહેમાનો સમક્ષ થવાનો અવકાશ ન રહે. આ યોજના અનુસાર દકુભાઈએ બાલુને શાકભાજી લાવવાનું તથા લહાણાં-બીડાં માટે સોની નોટના રોકડા રૂપિયા કરાવી લાવવાનું વગેરે કામ સોંપીને ઘરની બહાર કાઢી મૂક્યો હતો.

કાચની સંસ્કૃતિનું આવું પ્રદર્શન જોઈ કપૂરશેઠ તો એવા અંજાઈ ગયેલા કે કુતૂહલથી અનેક પ્રકારના બાલિશ પ્રશ્નો પૂછવા લાગેલા. કાચનાં કપરકાબીમાં બદામ-પિસ્તાં ને ચારોળી મિશ્રિત દૂધ આવ્યું ત્યારે ભોળા ભાવે પૂછી નાખેલું:

'દકુભાઈશેઠ, આ ઠામ વળી કઈ ધાતુનાં?'

'ધાતુ નથી, કાચ છે કાચ!' દકુભાઈએ ગર્વભેર જવાબ આપ્યો. 'ફણફણતાં દૂધ રેડો તોય હાથ ન દાઝે.'

કાઠિયાવાડમાં એકાદબે રેલવે જંક્શનોના અંગ્રેજી ઢબના રિફ્રેશમેન્ટ રૂમ સિવાય બીજે ક્યાંય કાચનાં વાસણોનો વિસ્તાર હજી નહોતો વધ્યો ત્યારની આ વાત. કપૂરશેઠે સ્વાભાવિક જિજ્ઞાસાથી જ પૂછી નાખ્યું:

'આ ઠામ મોઢે માંડવામાં ધરમનો કાંઈ બાધ નહીં ને?'

દકુભાઈએ ખડખડાટ હસી પડીને આખા દીવાનખાનાને ગજવી મૂક્યું. બોલ્યા:

'અરે મારા શેઠ, આવાં કપરકાબી તો આગલે ભવે જેણે પાંચે આંગળીએ પુણ્ય કર્યાં હોય એને જ જડે. અમારે મોલમિનમાં તો કાચની જ થાળી ને કાચનાં જ કચોળાં... અમારે મોલમિનમાં તો કુલહોલ યુરોપિયન સ્ટાઇલથી જ રહેવાનું... અમારે મોલમિનમાં તો—' વાક્ય અધૂરું રહી ગયું. દીવાનખાનાના બારણામાં ઓતમચંદ આવી ઊભા.

ઓતમચંદનો દીદાર અત્યારે એવો હતો કે પહેલી નજરે તો એને ઓળખવો મુશ્કેલ પડે. પગપાળા કાપેલા લાંબા પંથે એના ઉઘાડા પગની ઘૂંટી સુધી ખેતરાઉ ધૂળના થથેરા લગાવી દીધા હતા. પેટમાં પડેલા વેંતએકના ખાડાના કારણે એની આંખો વધારે ઊંડી ઊતરી લાગતી હતી. વધેલી દાઢી ધૂળિયા મારગે રજોટાતાં આખો દીદાર વિચિત્ર લાગતો હતો.

દકુભાઈને મોઢેથી આવકારનાં ઉપચાર-વાક્યોની રાહ જોતો ઓતમચંદ ઉંબરામાં જ ઓડાની જેમ ઊભો રહ્યો.

ભાવિ વેવાઈઓ સમક્ષ પોતાની સમૃદ્ધિ અને શાહુકારીનું વર્ણન ચાલી રહ્યું હતું એ જ ઘડીએ, દેવાળું કાઢીને દરિદ્ર બનેલા બનેવીએ બારણામાં દેખાવ દીધો તેથી દકુભાઈને એવી તો દાઝ ચડી કે મૂંગી ચીડમાં એમની આંખો ચાર થઈ ગઈ. કૂતરું વડછકું ભરે એમ દકુભાઈ તાડૂકી ઊઠ્યો:

'ટાણુંકટાણું કાંઈ જુવો છો કે પછી હાલી જ નીકળ્યા છો ભાતું બાંધીને?'

કઢેલ દૂધકટોરા ને નાસ્તાની જયાફત જોઈને જ ઓતમચંદ ડઘાઈ ગયો હતો. એમાં દકુભાઈને મોંએથી આવો અણધાર્યો ટોણો સાંભળતાં એ ગમ ખાઈ ગયા. એની થાકેલી આંખ સામે લાલ, પીળો ને વાદળી ત્રણેય મૂળ રંગોની મેળવણી થવા લાગી.

દકુભાઈથી આ ટોણો મારતાં તો મરાઈ ગયો, પણ પછી એમને ભાન થયું કે ભાવિ વેવાઈઓ સમક્ષ આવું ઉદ્દંડ વર્તન ખાનદાનીના દેવાળામાં ખપશે. બનેવીએ તો આર્થિક દેવાળું કાઢ્યું જ છે, પણ હું સજ્જનતાનો દેવાળિયો પુરવાર થઈશ, એમ સમજીને તુરત એમણે બગડી બાજી સુધારી લેવાના ઇરાદાથી ઓતમચંદને કહ્યું:

'ઓસરીમાં વિસામો ખાવ જરાક.'

ઓતમચંદ દીવાનખાનાને ઉંબરેથી પાછો ફરીને થાક્યોપાક્યો ઓસરીમાં બેસતાં મનોમન ગણગણ્યો: 'વગર પૈસે ખાવા જડે એવી ચીજ તો એક વિસામો જ છે ને!'

દીવાનખાનાને ઉંબરે જરીક વાર ડોકાતી વેળા ડઘાઈ ગયેલો ઓતમચંદ પોતાના વેવાઈ કપૂરશેઠને બરોબર ઓળખી શક્યો નહોતો, પણ કપૂરશેઠે તો ઓતમચંદને પહેલી નજરે જ ઓળખી કાઢેલો. તુરત એમણે મનસુખભાઈના કાનમાં ધીમો ગણગણાટ કર્યો: 'આ... આ આપણી ચંપાના જેઠ થાય... નરોત્તમના મોટા ભાઈ—'

આ સાંભળીને ચિબાવલા મનસુખલાલે મોઢું મચકોડ્યું.

આથી, અસ્વસ્થ દકુભાઈ વધારે અસ્વસ્થ થઈ ગયા. તેમણે પૃચ્છક નજરે કપૂરશેઠ સામે જોયું.

'વાણિયો બિચારો ભારે હાથભીડમાં આવી ગયો.'

'હાથે કરીને હાથભીડમાં આવે એમાં કોઈ શું કરે? દકુભાઈના ગુનાહિત માનસમાં જે સૂઝ્યું તે એમણે વ્યક્ત કરી દીધું. પછી ઉમેર્યું: 'ગજું માપ્યા વિના મોટા વેપલા કરવા જાય પછી તો આમ જ થાય ને! આજે તો સહુને લખપતિ થઈ જાવું છે, પણ રૂપિયા એમ ક્યાં રેઢા પડ્યા છે? આ તમારી નજર સામે અમે પોતે લીલાં માથાં લઈને મોલમિન ખેડ્યું તંયે આ આવતો દી જોવા પામ્યા છીએ.'

દકુભાઈના આવા આત્મશ્લાઘાના ઉદ્‌ગારો સાંભળીને મનસુખલાલ એમના પ્રત્યે જોઈ રહ્યા.

ઓસરીમાં બેઠેલા ઓતમચંદે પોતે અનુભવેલા નિર્ઘૃણ અપમાન બદલ સાળાને નહીં પણ પત્નીને દોષ દઈ રહ્યો હતો. દકુભાઈ પર નહીં પણ લાડકોર પર મનમાં રોષ ઠાલવી રહ્યો હતો.

આજે બાલુના વેવિશાળની ખુશાલીમાં લાપસી-ભજિયાંનું મિષ્ટાન્ન રંધાઈ રહ્યું હતું. રસોડામાંથી સમરથ ચૂલે તવો મૂકીને ભજિયાં તળવાનું તેલ ઓસરીમાંના ખાણિયામાંથી કાઢવા માટે હાથમાં ખાલી બરણી લઈને બહાર આવી. ઓસરીમાં ઘૂડપંખની જેમ ઉદાસીન ચહેરે બેઠેલા ઓતમચંદને ઓળખી કાઢતાં સમરથવહુ પહેલાં તો ચોંકી ઊઠી. તુરત જૂની આદતને જોરે એણે નણદોઈની હાજરીમાં હાથએકનો ઘૂમટો તાણી લીધો અને સંકોચાતી-શરમાતી તેલના ખાણિયા તરફ ગઈ.

સમરથવહુએ ખાણિયા પરની પથ્થરની ભારેસલ્લ ચાકી ખેસવી અને કેડસમાણી એ ભૂગર્ભ કોઠીમાંથી તેલની બરણી ભરી લીધી. એક વેળાના હાકેમ જેવા નણદોઈના સાન્નિધ્યમાં સમરથવહુએ અત્યારે એટલો તો ક્ષોભ અનુભવ્યો કે ખુલ્લા ખાણિયા પર ફરી પાછું ઢાંકણ વાસવા પણ એ ન રોકાઈ અને ફરી શરમાતી-સંકોચાતી

રસોડામાં દોડી ગઈ. એણે મનમાં વિચારેલું: 'એંઠવાડ કાઢ્યા પછી નવરી થઈશ એટલે નિરાંતે ખાણિયો ઢાંકી દઈશ.'

ઓતમચંદ ઓસરીમાં એકલો બેઠો બેઠો પોતાના જીવનરંગ પર વિચાર કરી રહ્યો હતો, ત્યાં બજારમાંથી બાલુ આવી પહોંચ્યો.

બાલુના બંને હાથમાં એકેકી ફાંટ હતી. એક ફાંટ એણે સીધી રસોડાના ઉંબરા પર ઠાલવી. એમાંથી કેળાં, રીંગણાં, તૂરિયાં વગેરે શાકભાજીનો ઢગલો થયો. બીજા હાથમાંની કોથળી જરા ભારે વજનવાળી હતી એમ બાલુના મોંની તંગ રેખાઓ કહી આપતી હતી.

રસોડામાંથી તેમજ દીવાનખાનામાંથી બાલુને ઉદ્દેશીને ઉચ્ચારાયેલા સમરથવહુના તથા દકુભાઈના અવાજો ઓતમચંદે સાંભળ્યા.

સમરથવહુએ પુત્રને અનુલક્ષીને છણકો કર્યો: 'મારા તવાનું તેલ બળી ગયું ત્યારે તું શાકપાંદડાં લાવ્યો તે હું ક્યારે એનાં પતીકાં કરીશ ને ક્યારે એનાં ભજિયાં ઉતારીશ!'

દકુભાઈએ બાલુને ઉદ્દેશીને બૂમ મારી: 'તુળજા ગોરને બરકી આવ્યો?'

'આવું છું, એમ કીધું.' બાલુએ જવાબ આપ્યો.

'એમ આવું છું કીધે નહીં ચાલે મારે ઘેર, કહી દે એને ચોખ્ખું,' દકુભાઈએ આદેશ આપ્યો, 'કહી દે તુળજાને કે આવવું હોય ને દખણાની ગરજ હોય તો અબઘડીએ જ કંકાવટી લઈને હાજર થઈ જાય... ...આ કાંઈ નાતનાં લાહાં ખોરડાં માંઈલું ખોરડું નથી... જા ઝટ, ઊભાઊભ પાછો જા, ને તુળજા ગોરને તારા ભેગો જ તેડતો આવ!'

દકુભાઈના શંકાશીલ માનસમાં શંકા પેઠી હતી કે થનાર વેવાઈઓ સમક્ષ બનેવીની દરિદ્રતાનું તેમજ પોતાની ઉદ્દંડતાનું જે કમનસીબ પ્રદર્શન થઈ ગયું છે, એ જોઈને વેવાઈઓ કદાચ બાલુ જોડે સગપણ કરવાનો પોતાનો નિર્ણય ફેરવી નાખશે! 'સારાં કામ આડે સો વિઘ્ન' એમ વિચારી, બનેવીએ ઊભા કરેલા આ અણધાર્યા વિઘ્ન બદલ

એના પ્રત્યે મૂંગે મોઢે દાંત કચકચાવતાં દકુભાઈએ આ શુભ કાર્ય ઝટપટ આટોપી લેવાનું નક્કી કર્યું.

બાલુ પણ યૌવનસહજ ઉત્સુકતાથી કપાળ કંકુઆળું કરાવવા માટે એવો તો થનગની રહ્યો હતો કે પોતાના હાથમાંની બીજી થેલી પટારામાં મૂકવા રોકાયા વિના, ખાણિયાની પાળ પર જ મૂકીને, જે ઝડપે આવ્યો હતો એથીય વધારે ઝડપે તુળજા ગોરને તેડવા દોડ્યો.

દીવાનખાનામાં કપૂરશેઠ ક્યારના ઓતમચંદના ક્ષેમકુશળ પૂછવા માટે ઓસરીમાં આવવા ઊંચાનીચા થઈ રહ્યા હતા. ઝીણી નજરવાળો મકનજી આ ઉત્સુકતા પારખી જતાં એ કોઈ પણ હિસાબે મહેમાનને એમના આસન ઉપર જ બેસાડી રાખવા મથતો હતો. પોતે તો મુનીમ તરીકે આચરેલી બેવફાઈ બદલ મનમાં એટલી ભોંઠપ અનુભવી રહ્યો હતો કે ઓરડાની બહાર નીકળીને જૂના શેઠને મોટું બતાવવાની પણ એનામાં હિંમત નહોતી. પણ કપૂરશેઠ પણ રખે ને બહાર નીકળે ને ઓતમચંદ એમના કાન ભંભેરે, તો અત્યાર સુધીનું કર્યું-કારવ્યું ધૂળમાં મળે એવા ભયથી મકનજી નાસ્તાની રકાબીઓ ફરી ફરીને ભરતો હતો અને મહેમાનોનાં કાંડાં મરડી મરડીને મીઠાં સમસાગરાં દઈ દઈને એમને આસન પર જ બેસાડી રાખતો હતો.

દકુભાઈની અકળામણ ક્ષણે ક્ષણે વધતી જતી હતી. ઘરણ ટાણાના સાપની જેમ વણનોતર્યા આવી ઊભેલા બનેવીને શી રીતે માનભેર પતાવવા એની યોજના તેઓ ચિંતવી રહ્યા હતા, પણ કોઈ ઉકેલ સૂઝતો નહોતો.

સમરથે રસોડામાં ઓસામણનો વઘાર કર્યો હતો અને ભજિયાં તળવા માટે તેલનો છમકારો કર્યો હતો. આવી આબોહવાએ ભૂખ્યા ડાંસ ઓતમચંદને ઓસરીમાં જાણે કે સો-સો કીડીઓના ચટકા ભરાવ્યા. તેજોવધ અનુભવી ચૂકેલા એ માણસને આવા હીણપતભર્યા વાતાવરણમાં એક ઘડી પણ હાજર રહેવાનું અસહ્ય લાગ્યું. ઘવાયેલા

સ્વમાનનો ઘા હૃદયમાં જ સંઘરીને મૂંગો મૂંગો એ ઊભો થઈ ગયો.

ઘરમાં કોઈને પણ કશી જાણ કર્યા વિના એ ડેલી બહાર નીકળી ગયો.

ઈશ્વરિયા ગામમાં રખે ને કોઈ પોતાને ઓળખી જાય એ ભયે ઓતમચંદ લપાતોછુપાતો ઝડપભેર ઝાંપા બહાર નીકળી ગયો.

ઝાંપામાં જ ખાટલો ઢાળીને બેઠેલા બે પસાયતાઓ આ લઘરવઘર વેશધારી આદમીને કોઈ ડફેર સમજીને એની પાછળ શંકાશીલ નજરે તાકી રહ્યા.

ઈશ્વરિયાની સીમ છાંડી ત્યારે 'હાશ, છૂટ્યો!' એવી નિરાંત અનુભવતો ઓતમચંદ વાઘણિયાનો પંથ કાપવા લાગ્યો.

દકુભાઈ દીવાનખાનામાં બેઠા બેઠા તુળજાશંકર ગોરના આગમનની રાહ જોતા હતા ત્યાં જ બહારથી આવી ચડેલાં બે બિલાડાંઓ ઓસરીમાં 'વવ! વવ!' કરીને ઝઘડવા લાગ્યાં અને એવી તો ધમાચકડી મચાવી મૂકી કે કશુંક પછડાવાનો ભફાક કરતોકને અવાજ થયો. મહેમાનો માટે બર્મી તાસકમાં સોપારી વાંતરતાં વાંતરતાં દકુભાઈ આ અવાજથી ચોંકી ઊઠ્યા અને રાડ નાખીને પત્નીને પૂછ્યું:

'એ આ શું પછડાયું?'

'મૂવાં મીંદડેમીંદડાં વઢે છે,' ભજિયાં તળવામાં મશગૂલ બની ગયેલ સમરથે રસોડામાંથી જ જવાબ આપીને પતાવી દીધું.

'જજમાનની જે કલ્યાણ!' પોતાને જ મુખેથી પોતાના જ નેકી-પોકાર સાથે તુળજાશંકર ગોરે છેક ખડકીમાંથી પોતાનું આગમન જાહેર કર્યું.

ગોરદેવતા અંતે આવ્યા ખરા, એમ સમજીને દકુભાઈએ નિરાંત અનુભવી.

તુળજા ગોરે આવીને કહ્યું: 'ફરમાવો, શેઠજી!'

*

રોંઢો નમતાં સુધીમાં તો ઓતમચંદે વાઘણિયાનો અરધો પંથ કાપી નાખ્યો.

આખે મારગે એના મનમાં એક જ પ્રશ્ન વારે વારે ઊઠી રહ્યો હતો: 'હું અહીં આવ્યો જ શા માટે? મને આવા નૂગરા માણસને ઘેરે મોકલવાની અવળમતિ લાડકોરને સૂઝી જ શી રીતે?'

ઓતમચંદના નાકમાંથી કઢેલા દૂધની સોડમ દૂર થતાં લાડકોરે પ્રેમપૂર્વક સાથે બંધાવેલો સાથવો એને યાદ આવ્યો.

નદીનું ખળખળિયું આવતાં ઝાડનો છાંયો શોધીને ઓતમચંદે સાથવો છોડ્યો. દકુભાઈના દીવાનખાનાના દૃશ્ય પ્રત્યે ફિલસૂફની અદાથી હસતાં હસતાં એ ખળખળિયામાંથી પાણીનો કળશો ભરી આવ્યો ને એમાં ગોળનો ગાંગડો પલાળવા નાખ્યો.

નદીનું આ ખળખળિયું ત્રણ ગામને ત્રિભેટે વહેતું હતું. અહીંથી એક મારગ મેંગણી જતો હતો. ઓતરાદો કેડો ઈશ્વરિયાનો હતો ને દખણાદો વાઘણિયાનો. અત્યારે ચારે દિશાઓ નિર્જન લાગતી હતી. થોડેક દૂરની એક વાડીમાં થોડાંક ઢોર ચરતાં હતાં. મેંગણીના મારગ તરફ નજર જતાં ઓતમચંદને પોતાના વેવાઈઓ યાદ આવી ગયા, નરોત્તમ યાદ આવી ગયો, પોતાને ત્યાં ગૃહલક્ષ્મી બનનારી ચંપા પણ યાદ આવી ગઈ. પણ પોતાની હાલની મુફલિસ હાલતમાં ચંપા પોતાનું ઘરઆંગણું અજવાળશે ખરી? આવો એક વિચિત્ર પ્રશ્ન ઓતમચંદે પોતાને મનોમન પૂછ્યો. પણ એના હૃદયમાંથી સંતોષકારક હોંકારો ન સંભળાયો.

કળશામાં ગોળનો ગાંગડો ઓગળી રહ્યો. ઓતમચંદે સાથવાના શેકેલા લોટના ભૂકામાં એ ગળ્યું પાણી રેડ્યું. ઘેઘૂર આંબલીને છાંયડે બેસીને કોળિયો ચોળ્યો.

પણ પહેલો જ કોળિયો હજી તો મોંમાં મૂકવા જાય છે ત્યાં તો પાછળથી કોઈએ આવી એની બોચી પકડી.

જોયું તો પાછળ ઈશ્વરિયાના ઝાંપામાં જોયેલા એ બે દરબારી

પસાયતા ઘોડા લઈને આવી પહોંચ્યા હતા. ઓતમચંદ આ બધું સમજવાનો પ્રયત્ન કરે એ પહેલાં તો એક પસાયતાએ એને અડબોથ મારી દીધી હતી.

'સાલ્લા ચોરટા મલકના!' પસાયતો કહેતો હતો, 'પારકા ગામમાં આવીને આવા ગોરખધંધા કરે છે?'

'પણ છે શું ભાઈસા'બ?' ઓતમચંદે પૂછ્યું, 'મારો કાંઈ વાંકગનો?'

'વાંકગનાની પૂંછડી! તારી વાણિયાગત અમારી આગળ નહીં હાલે.' પસાયતાએ દમદાટી દીધી. 'સીધો થઈને રૂપિયા સંધાય ગણી દે.'

'શેના રૂપિયા? કોના રૂપિયા?'

'શાવકારની પૂંછડી થા મા, સાલા ડફેર?' એક પસાયતાએ ઓતમચંદના પડખામાં ઠોંસો લગાવતાં કહ્યું, 'દકુભાઈની ઓસરીમાંથી કોથળીસોતા રૂપિયા લઈને—'

'નહીં ભાઈસા'બ! તમે માણસ ભૂલ્યા—'

'હવે મૂંગો રે મૂંગો, માળા ભામટા! અમને ઊંઠાં ભણાવવા નીકળ્યો છો! અમારા ગુરુ થવા બેઠો છો?' હવે બીજા પસાયતાએ પ્રહારો સાથે ગાલિપ્રદાન શરૂ કર્યું.

'પણ આમાં કાંઈ સમજફેર થાતી લાગે છે,' ઓતમચંદે બચાવ કર્યો, 'કોકનું આળ મારા ઉપર—'

'સમજફેર શેની થાય?' પસાયતાએ કહ્યું, 'દકુભાઈ શેઠે દીધાં ઈ સંધાંય એંધાણ આ રિયાં... આ ચોમાળાની ધરો જેટલી વધેલી દાઢી... આ કોરી ગજીનું કડિયું ને આ બગહરાની પછેડી... ઝાંપામાંથી તું નીકળ્યો તંયે જ અમને તો વેમ ગયો'તો કે કોકના ઘરમાં ધામો મારીને નીકળ્યો છે. ત્યાં તો દકુશેઠે જ દોડતા આવીને વાત કરી કે ધોળે દીએ રૂપિયાની કોથળી ઉપાડીને એક વાણિયો ભાગ્યો છે.'

'પણ એ હું નહીં, બીજો કોક હશે.'

'તમારું ડાહી માના દીકરાનું ડહાપણ આ ડંગોરા પાસે નહીં હાલે

હો!' પસાયતાએ ચૌદમું રતન બતાવતાં કહ્યું, 'સીધો થઈને કોથળી સોંપી દઈશ તો સારો માણસ ગણીને પોલીસ-કેસ થવા નહીં દઈએ.'

'પણ કઈ કોથળી?'

'મારો બેટો હજી સતનું પૂતળું થાવા જાય છે!' કહીને એક પસાયતાએ ઓતમચંદના વાંસામાં સબોસબ લાકડી ફટકારવા માંડી. બીજા પસાયતાએ ગડદાપાટું શરૂ કર્યાં. એક જોરદાર ગડદો આવ્યો ને પેડુ ઉપર પાટુ પડતાં જ ભૂખ્યા ને થાકેલા ઓતમચંદના મોંમાંથી ઓયકારો નીકળી ગયો.

'ઓલ્યો બાલુભાઈ તને સાજાની માણસ ગણીને ખાણિયાની પાળે કોથળી મેલી ગયો ને તેં એને બાપાનો માલ ગણીને બગલમાં મારી!'

'હું અડ્યો હોઉં તો મારા સગા દીકરાના સમ!' ઓતમચંદે ધ્રૂજતાં ધ્રૂજતાં તૂટક તૂટક અવાજે કહ્યું. અને તુરત એને સાત ખોટનો બટુક યાદ આવી ગયો. અને મનમાં ને મનમાં એણે પુત્રના ક્ષેમકુશળ માટે પ્રાર્થના કરી.

'સગા દીકરાના સમ ખાવાવાળી! અમને આવું વાણિયાસાસ્તર ભણાવવા બેઠો છો?' પસાયતાએ ગુસ્સે થઈને સીસાની કડીઆળી ડાંગ ઓતમચંદને ફટકારી.

આ વખતે તો ઓયકારો કરવાની પણ ઓતમચંદને સૂધસાન ન રહી. એ ડોળા તારવી ગયો.

પસાયતાઓ તો હજી પણ ગાળભેળ ને પ્રહારો સાથે પ્રશ્નો પૂછતા જતા હતા:

'નદીમાં કયે ઠેકાણે કોથળી દાટી છે? બોલ, નીકર ચીરીને મીઠું ભરી દઈશું.'

આરોપી આંખ મીંચી જઈને ઢોંગ કરે છે એમ સમજીને પસાયતાઓએ વધારે પ્રહારો સાથે પૂછવા માંડ્યું:

'મુદ્દામાલની ભાળ દઈ દે, નીકર જીવતો ભોંયમાં ભંડારી દઈશું.'

સમજાવટ માટે સામ, દામ, ભેદ, દંડ સર્વ પ્રકારો અજમાવાતા હતા.

'રૂપિયા ક્યાં દાટ્યા છે એનું એંધાણ આપી દે તો અમે અમારી મેળે ગોતી લઈશું.'

'તને હેમખેમ જાવા દઈશું.'

'તારી આબરૂય સચવાઈ જાશે.'

'ક્યાં દાટ્યા છે, બોલ જોઈએ!'

પ્રશ્નોનો એક અક્ષર સુધ્ધાં સાંભળવાને ઓતમચંદ શક્તિમાન નહોતો. એ તો આંબલીના થડ નજીક ઢગલો થઈને ઢળી પડ્યો હતો.

*

લાઠીપ્રહારોને અંતે જ્યારે પસાયતાઓને જ સમજાયું કે આમાં તો કાંઈક આંધળે બહેરું કુટાયું છે, ત્યારે બહુ મોડું થઈ ચૂક્યું હતું. ઓતમચંદ જરાય સળવળતો ન હતો.

ગુનેગારને આવો ઢોરમાર મારવા બદલ આપણે પોતે જ કદાચ ગુનેગાર ગણાઈશું, એવો ખ્યાલ આવતાં પસાયતાઓ ઘોડે ચડીને ગુપચુપ ગામભણી વિદાય થઈ ગયા.

*

૧૬

# ઉજળિયાત વરણનો માણસ

**ડૂબતા** સૂરજનાં છેલ્લાં કિરણો મેંગણીમાં એભલ આહીરના વાડામાં પથરાયાં હતાં ત્યારે ડેલીએ સાદ પડ્યો: 'હીરીકાકી!'

'કોણ? ચંપા?'

'હા.'

'આવ્ય, આવ્ય, બેન!' કહીને હીરબાઈએ ખડકી ઉઘાડી.

બારણામાં, હંમેશના નિયમ મુજબ દૂધ લેવા આવેલી ચંપા ઊભી હતી. એના એક હાથમાં ઊટકેલ કળશો સંધ્યાનાં સોનેરી કિરણોમાં ઝગારા કરતો હતો. પણ ચંપાના સોનવરણા ચહેરા પરના ઝળહળાટ પાસે આ વાસણનો ઝળહળાટ કશી વિસાતમાં નહોતો લાગતો. રોજનાં પરિચિત હીરબાઈ પણ ચંપાના પ્રતિદિન પ્રફુલ્લિત બની રહેલ મુખારવિંદ તરફ આજે તાકી તાકીને જોઈ રહ્યાં.

'હજી ધણમાંથી ઢોર નથી આવ્યાં?' વાડો આખો ખાલીખમ જોઈને ચંપાએ પૂછ્યું.

'મારગમાં જ હશે, અબઘડીએ આવી પૂગશે,' કહીને હીરબાઈએ ચંપાને ખાટલા પર પોતાની પડખે બેસાડી.

ફરી હીરબાઈ આ યુવતીની પાંગરતી દેહયષ્ટિને ઝીણી નજરે અવલોકી રહ્યાં. સ્ત્રીસુલભ કુતૂહલથી બોલ્યાં:

'એલી તું તો બવ ડિલ ઘાલવા મંડી છો કાંઈ! પરણ્યા પછી તો આડી ને ઊભી વધવા મંડીશ એમ લાગે છે.'

સાંભળીને, સ્ત્રીની હાજરીમાં પણ ચંપાએ મીઠી શરમ અનુભવી. વિષયાંતર ખાતર જ એણે પૂછી નાખ્યું:

'એભલકાકાને કેમ આજ મોડું થયું ભલા?'

કાપડામાં ખાપું ભરતાં ભરતાં જ હીરબાઈએ યંત્રવત્ ઉત્તર આપી દીધો:

'ઢોરાં ક્યાંક આઘાંપાછાં થઈ ગયાં હશે એટલે ગોત્ય કરતા હશે.'

આરસી જેવા ચકચકિત કળશામાં ચંપા પોતાનું ગોરમટું મોઢું જોવા લાગી.

હીરબાઈએ ફરી વાર ઠેકડી કરી:

'વગર જોયે જ બવ રૂપાળી લાગશ. ઊજળાં માણહને વળી આભલાંનો શું ખપ પડે!'

'ઊજળાં ખરાં, પણ તમ કરતાં હેઠ,' હવે મજાક કરવાનો વારો ચંપાનો હતો. હસતી હસતી એ આહીરાણીની સુડોળ દેહલતાને અહોભાવથી નીરખી રહી.

'અમે તો રિયાં લોકવરણ... દી આખો દાખડા કરવાના... ઢોર-ઢાંખરનાં છાણવાસીદાં કરવાનાં,' અજબ નમ્રતાથી હીરબાઈએ કહ્યું, 'ને તું કાલ સવારે પરણીને વાઘણિયાની મેડીને ગોખ જઈ બેહીશ.'

આહીરાણીએ અપેક્ષા તો એવી રાખી હતી કે આ વાક્ય સાંભળીને ચંપા આનંદાવેશમાં અરધી થઈ જશે, પણ પરિણામ સાવ વિપરીત જ આવ્યું.

લગ્ન, વાઘણિયું, મેડી-ગોખ વગેરેની વાત સાંભળીને ચંપાએ મણ એકનો નિસાસો નાખ્યો.

ચતુર આહીરાણીની ચકોર નજરથી ચંપાનો આ નિઃશ્વાસ અજાણ્યો ન રહ્યો. હીરબાઈએ પૂછ્યું:

'તારું મોઢું કાં પડી ગયું, ભલા?'

ચંપા કશો ઉત્તર ન આપી શકી. માત્ર પોયણીશી પાંપણમાં ઝળઝળિયાં ઝબકી ગયાં.

'અરે મારી દીકરી! આવી પોચા હાડની છો ઈ તો આજે જ જાણ્યું!' વત્સલ માતાની જેમ હીરબાઈએ ચંપાને ગોદમાં લીધી. પછી પૂછ્યું: 'એવા તી તારા ઉપર કયા દુઃખના ડુંગર આવી પડ્યા છે તી આમ કોચવાવા માંડી છો?'

હીરબાઈની હૂંફાળી ગોદમાં ચંપાના સંતપ્ત હૃદયે ખરેખર શાતા અનુભવી, હૃદયની વ્યથા વ્યક્ત કરવા માટે હમદર્દીભર્યું પાત્ર પણ એને સાંપડી રહ્યું. વાઘણિયેથી કર્ણોપકર્ણ વહેતી આવેલી વાતો ચંપાએ હીરબાઈને કહી સંભળાવી. પોતાના ભાવિ પતિને વાઘણિયું છોડીને શહેરમાં જવું પડ્યું છે, અને શહેરમાં એ જેમતેમ કરીને દિવસ ગુજારે છે એવી શહેરનાં માણસોને મોઢેથી સાંભળેલી વાતો પણ ચંપાએ વ્યથિત હૃદયે કહી સંભળાવી.

'અરે ગાંડી છોકરી! આવી ધૂળઢેફાં જેવી વાતમાં આટલું ઓછું શું આવી ગયું તને?' હીરબાઈએ હસી પડીને ચંપાને હિંમત આપી: 'સુખદુઃખ તો ચાંદા-સૂરજની જેમ વારાફરતી આવ્યાં કરે. એની કાંઈ નવી નવાઈ છે? પણ માણહ જેવા માણહથી કંઈ હિંમત હારી જવાય? બીજી સંધીય ખોટ ખમાય, એક માણહની ખોટ ન ખમાય. માણહ પંડ્યે સાજાં-નરવાં હોય તો સંધાંય સુખદુઃખને પહોંચી વળાય. ઠાલો જીવ બાળ મા, બેન. તમે વરવહુ સાજાં-નરવાં રિયો ને તનકારા કરો. બાકી, નાણું તો કોણે કર્યું?—માણહે પંડ્યે જ ને? નાણાંને તો કૂતરાંય નથી સૂંઘતાં. નાણાં કરતાં સાચો મહિમા તો નેકીનો છે મારી બાઈ!'

અને પછી ચંપાને ગેલમાં લાવવાના ઇરાદાથી હીરબાઈએ હોંશભેર પૂછ્યું:

'લગન હવે કે'દીનાં છે, બોલ જોઈએ ઝટ!'

મકનજી મુનીમ એક વેળા રોટલા ટાણે આવી ચડેલો ને પિતાને વમળમાં નાખતો ગયેલો એ પ્રસંગ યાદ આવતાં ચંપાને કહેવાનું મન

તો થઈ ગયું કે લગનની વાત પણ હવે તો ટોડલે ચડી છે—થાય ત્યારે સાચાં. પણ આવી અણગમતી વાણી ઉચ્ચારવા માટે એની જીભ જ ઊપડી શકી નહીં. હીરબાઈનો પ્રશ્ન રોળીટોળી નાખવા એણે સરળ જવાબ આપી દીધો .

'બાપુજીનો વિચાર મારાં ને જસીનાં લગન ભેગાં જ કરવાનો છે.'

'પણ જસીનું સગપણ તો હજી—'

'બાપુજી આજે જ કરવા ગયા છે.'

'ક્યાં? કિયે ગામ?'

'ઈશ્વરિયે,' ચંપાએ કહ્યું.

'કોને ઘીરે?' હીરબાઈએ કેવળ કુતૂહલથી પૂછી નાખ્યું. ઈશ્વરિયામાં હીરબાઈનાં સગાંવહાલાં ને નાતીલાં સારી સંખ્યામાં રહેતાં તેથી એ ગામ સાથે એમને આત્મીયતા હતી.

'દકુભાઈ શેઠનું નામ સાંભળ્યું છે?'

'હં... ક... ને ઓલ્યા પરદેશ ખેડી આવ્યા છે ઈ જ ને?'

'હા, તમે ઓળખતાં લાગો છો!'

'દકુશેઠને કોણ ન ઓળખે!' હીરબાઈ જરા દાઢમાં બોલી ગયાં. પણ પછી એમને ખ્યાલ આવ્યો કે આવી વ્યંગવાણી કદાચ ચંપાને નહીં રૂચે તેથી એમણે વાક્યના ઉત્તરાર્ધમાં વાતનો ધ્વનિ બદલી નાખ્યો: 'પરદેશથી ગાડા મોઢે નાણું ઉસરડી આવ્યા છે, એમ કહેવાય છે.'

'હા, એના દીકરા બાલુ વેરે જસીનું સગપણ—'

'બાલુ વેરે? દકુભાઈના છોકરા વેરે જસીનું સગપણ?' ચંપાને અધવચ્ચે અટકાવીને હીરબાઈએ પોતાનું આશ્ચર્ય વ્યક્ત કર્યું.

'હા, કેમ?' ચંપાએ પણ સામું બમણું આશ્ચર્ય બતાવ્યું.

'દકુશેઠના છોકરા વેરે આપણી જસીબેનનું સગપણ થાશે, એમ?'

'થાશે નહીં, થઈ ગયું જ હશે,' ચંપાએ કહ્યું, 'બાપુજી ને મનસુખમામા આજે સવારમાં ઈશ્વરિયે પૂગી ગયા છે. આજે બપોરના

તો ગોળ ખવાઈ પણ ગયો હશે.'

'ખવાઈ ગયો હોય તો ખલાસ હવે.'

'કેમ ખલાસ બોલો છો?' ચંપાએ ચિંતાતુર અવાજે પૂછ્યું: 'તમે દકુશેઠના દીકરાને ઓળખો છો?'

'હું તો ઓળખતી નથી,' હીરબાઈ બોલ્યાં, 'પણ અમારાં નાતીલાં સંધાંય ઈ શેઠના છોકરાને સારીપટ ઓળખે છે.'

'છોકરામાં કાંઈ કે'વાપણું છે?'

'કરમીના દીકરામાં કે'વાપણું બીજું શું હોય? પણ... પણ...' કાંઈ નહીં, કાંઈ નહીં. જેવાં આપણી જસીબેનનાં નસીબ—'

'સાચી વાત કરો, હીરીકાકી!' ચંપાએ વધારે ચિંતાતુર અવાજે પૂછ્યું, 'મનેય આજ સવારની મનમાં ચિંતા તો થયા જ કરે છે કે, બાપુજીએ બહુ સારું ઠેકાણું તો નથી ગોત્યું.'

'સાચી વાત તો હું શું જાણું, મારી બાઈ! આપણે કોઈ થોડાં નજરે જોવા ગયાં છીએ?' હીરબાઈએ કહ્યું, 'આ તો હું અખાતરીજે ઈશ્વરિયે ગઈ'તી તંયે થોડાક ગામગપાટા સાંભળ્યા'તા—'

'શું?'

'કિયે છે કે દકુશેઠના છોકરાની ચાલચલગત સારી નથી.'

'સાચે જ?'

'કાનને દોષ છે, મારી બાઈ! આપણે નજરે કાંઈ નથી જોયું. પણ સાંભળ્યું છે કે ઈ ઉઠેલપાનિયા છોકરે અમારી નાતની એક છોકરીની છેડતી કરી'તી... મોંસૂઝણાં મોર્ય લગવાનું દૂધ દેવા ગઈ તંયે ઈ છેલબટાવે ચાળો કર્યો'તો—'

'શું વાત કરો છો!' ચંપા ચોંકી ઊઠી.

'સાંભળેલી વાત... નજરે જોવા નથી ગયાં. ગામગપાટા ખોટા પણ હોય,' હોશિયાર હીરબાઈએ પોતાનું વક્તવ્ય મોળું કરી નાખ્યું.

ચંપા વ્યથા અનુભવતી રહી: 'અરેરે... જરાક વહેલી ખબર

પડી હોત તો?... બાપુજીને કાને વાત નાખી હોત તો ફેર પડત... પણ મકનજી મુનીમની ને મોલમિનની કમાણીની વાતું સાંભળીને સહુ આંધળાભીંત થઈ ગયા. મનસુખમામા જેવા શહેરી માણસ પણ દકુશેઠની સાહ્યબી સાંભળીને મોહી પડ્યા... બિચારી જસીના કરમમાં કોણ જાણે કેવાં વીતક માંડ્યાં હશે!'

વાત વાતમાં જ પોતે આ રીતે ચંપાને વમળમાં નાખી દીધી છે, એ હકીકતનું ભાન થતાં હીરબાઈ વિષયાંતર કરવા બોલી ઊઠ્યાં:

'અરે? આ અંધારાં થવાં આવ્યાં તોય હજી ધણ ક્યાં રોકાણાં? કે પછી ખાડા ઉપર દીપડો પડ્યો હશે?'

'હમણાં કહે છે કે આપણી કોર્ય દીપડો બહુ હર્યો છે... સાચી વાત?' ચંપાએ પૂછ્યું.

'હા, તરભેટે બકરાં-સસલાંનું મારણ કરીને ખળખળડીમાં રોજ પાણી પીવા આવે છે.'

'પણ એભલકાકાના ડોબા ઉપર પડવાનું દીપડાનું ગજું નહીં.' ચંપાએ અહોભાવથી હસતાં હસતાં કહ્યું. 'એભલકાકા તો એક ડંગોરા ભેગો દીપડાને ગૂંદી નાખે.'

'પણ આજુ ફેરે મૂવે દીપડે લોહી ચાખ્યું લાગે છે,' હીરબાઈએ કહ્યું, 'હજી ચાર દન મોર્ય એક ગવતરીને ચૂંથી ખાધી'તી, ને હવે તો રોજ હરી ગયો છે. એકેય ડોબું છૂટું મેલાય એમ નથી.'

*

હીરબાઈ આવી ફિકર કરતાં હતાં ત્યાં જ પાદરમાં રમવા ગયેલો બીજલ આવી પહોંચ્યો ને બોલ્યો:

'મા, મા, ધણ આવી ગયાં... ઝટ ખાટલો ઢાળો, ખાટલો.'

'કાં? ખાટલાનું શું કામ પડ્યું વળી?'

'બાપુને ખંધોલે ભાર છે. મને કીધું કે જા ઝટ, ખાટલો ઢળાવ્ય!'

'શું હશે? કોણ હશે? શું થયું હશે?' એવી ફિકર કરતાં કરતાં હીરબાઈ ઓરડામાં ગયાં ને ઝટ ઝટ ખાટલો ઢાળીને માથે ધોળીફૂલ ધડકી બિછાવી દીધી.

ચંપા મૂંગી ઇંતેજારીથી આ બધું અવલોકી રહી.

વાડાના ખુલ્લા બારણામાંથી ઢોર ધસારાબંધ અંદર ધસી આવ્યાં

એમની પાછળ ખભે બાંધેલી પછેડીની ફાંટના વજનથી સહેજ વાંકો વળી ગયેલ એભલ આહીર દાખલ થયો.

આહીરાણીએ મૂંગા મૂંગા આંખના અણસારથી જ પતિને ઓરડામ ખાટલા ભણી દોર્યો.

ખંધોલે ભારેખમ ભાર ઉપાડીને થાકી ગયેલા એભલે ખાટલ પર પછેડીની ફાંટ છોડતાં છોડતાં જ શ્વાસભેર પત્નીને હુકમ કર્યો

'ચૂલે દેવતા કરો, દેવતા... ને ખોરડેથી બેચાર નળિયાં ઉતાર લ્યો ઝટ. શેક કરવો પડશે.'

'છે શું પણ?' હીરબાઈએ ગભરાતાં ગભરાતાં પૂછ્યું.

'જુઓ આ!' ખાટલા પર એક બેશુદ્ધ માનવશરીરને સુવડાવત એભલે કહ્યું.

'આ કોણ?' દૃશ્ય જોઈને હીરબાઈ ધ્રૂજી ઊઠ્યાં.

'હું ક્યાં ઓળખું છું?'

'ક્યાંથી લઈ આવ્યા?'

'ખળખળિયાને કાંઠેથી,' એભલે કહ્યું.

આટલું સાંભળીને ચંપાની જિજ્ઞાસા વધતાં એ ઉંબરા નજીક આવી ઊભી.

'પણ જણ બોલતોચાલતો કાં નથી?' હીરબાઈએ પૂછ્યું.

'આમ, અવાચક જ પડ્યો'તો,' એભલે કહ્યું, 'હું ડુંગરની ધારેથી ઢોરાં લઈને ઊતર્યો ને ખળખળિયામાં પગ મેલવા જાતો'તો ત્યાં આંબલી નીચે કોક આડું પડીને સૂતું હોય એમ લાગ્યું. પે'લાં તો મને થયું

કોક થાક્યોપાક્યો વટેમાર્ગુ પોરો ખાતો હશે. પણ આટલા અસૂરા પોરો ખાવાનું તો કોને પોસાય, એમ સમજીને હું જરાક ઓરો ગયો તો લાગ્યું કે, જણ ઊંઘતો નથી. 'એલા ભાઈ! એલા ભાઈ!' એમ કરીને બેચાર સાદ પાડ્યા પણ હોંકારો નો દીધો એટલે મને વેમ ગયો—'

'પછી?' હીરબાઈએ અધ્ધર શ્વાસે પૂછ્યું.

ચંપા વધારે જિજ્ઞાસાથી નજીક આવી.

'પછી તો મારો જીવ હાથ નો રિયો એટલે મેં તો એને હલબલાવી જોયો પણ તોય હોંકારો નો દીધો એટલે પેટમાં ફાળ પડી. હાથપગ ટાઢાબોળ લાગ્યા એટલે થયું કે કદાચ રામ રમી ગયા હશે પણ તાળવે હાથ મેલ્યો તો જરાક તપાટ લાગ્યો ને નાક ઉપર આંગળી મેલી જોઈ તો ખોળિયામાં ધીમો ધીમો સાસ હાલતો'તો એટલે જણ હજી જીવતો છે એમ લાગ્યું...'

'એરુબેરુ તો નહીં આભડ્યો હોય ને?' હીરબાઈએ પૂછ્યું.

'મનેય મૂળ તો એવો જ વહેમ હતો, પણ એને ડિલે આખે નજર કરી તો વાંસામાં લાકડીઉના લીલા લીલા સોળ ઊઠી આવ્યા દેખાણા એટલે સમજાયું કે જણને સારીપટ મૂઢ માર લાગ્યો છે, બીજું કાંઈ બીક જેવું નથી. પણ એવી બીકાળી જગામાં આવા અજાણ્યા માણહને રેઢો મેલીને આવતાં મારો જીવ માન્યો નહીં. ઓલ્યો કૂતરો રોજ રાતે બકરાં-ગાડરાંનાં મારણ કરીને ખળખળિયામાં પાણી પીવા પડે છે ઈ કાળી રાતે આનો તો કોળિયો જ કરી જાય ને! એટલે હું તો લાંબો વિચાર કર્યા વિના, ભગવાનને ભરોસે પછેડીની ફાંટમાં બાંધીને એને ભેગો લેતો આવ્યો છું...'

'ભલે લઈ આવ્યા,' હીરબાઈએ કહ્યું, 'લાગે છે તો કોઈ ઉજળિયાત વરણનો જીવ.' અને પછી પુત્રને હુકમ કર્યો: 'બીજલ બેટા, ખોરડે ચડીને નેવેથી બેચાર નળિયાં સાજાં જોઈને ઉતાર્ય...' અને પછી ચૂલા તરફ ફરતાં બોલ્યાં: 'લ્યો, હું નવો ઓબાર ભરીને શેક કરું

તો મૂઢ મારનો નતોડ ઊતરી જાય–

'લાગે છે તો કોઈ ઉજળિયાત વરણ, પણ ડિલે જનોઈ કે ટીલાટપકાં નથી એટલે ભામણ તો નથી લાગતો,' એભલે કહ્યું, 'કદાચ વાણિયો વેપારી હોય.'

'કોણ છે, એભલકાકા?' કરતીક ચંપા ખાટલા સામે આવી ઊભી અને બેભાન અવસ્થામાં સૂતેલા માણસનું મોઢું જોતાં જ એ ડઘાઈ ગઈ.

ચંપાએ સ્વયંસ્ફુરણાથી જ કપાળ પર ઓઢણીનો છેડો જરી ઓરો ખેંચ્યો.

*

## ૧૭

# આ તો મારા જેઠ!

'આ તો મારા જેઠ થાય—સગા જેઠ, ખાટલાની ઈસ પર બેસીને બેભાન માણસના પગને તળિયે ખરડ કરતાં કરતાં ચંપાએ હીરબાઈને કહ્યું, 'આ તો વાઘણિયાવાળા ઓતમચંદ શેઠ છે.'

'સાચોસાચ?'

'હા, હું વાઘણિયે ગઈ'તી તંયે નજરોનજર જોયા'તા.'

એભલ વાડામાં ઢોર બાંધવા ગયો પછી ઓતમચંદને ખાટલે શુશ્રૂષા કરી રહેલાં બે સ્ત્રીહૃદય વાતોએ ચડ્યાં હતાં.

ચંપાએ ચાતુરી વાપરીને બીજલ સાથે દૂધનો કળશો ઘરે મોકલાવી દીધેલો અને માતાને સંદેશો પણ કહેવડાવી દીધેલો કે હું થોડી વારમાં આવું છું, જેથી સંતોકબા પુત્રીની ફિકર ન કરે.

'બિચારા જીવ ખળખળિયાને કાંઠે ક્યાંથી આવી પોગ્યા હશે!' હીરબાઈએ પૂછ્યું.

'ભગવાન જાણે!' ચંપા બોલી, 'કદાચ ઉઘરાણી-બુઘરાણીને મસે નીકળ્યા હોય—'

'ને કોઈ ડફેર કે આડોડિયાએ આંતરીને લૂંટી લીધા હોય! આવો મૂઢ માર તો બીજું કોણ મારે?'

'ભગવાન જાણે!'

'તારી બાને વાવડ કેવરાવવા પડશે ને?' હીરબાઈ બોલ્યાં.

'વાવડ શું, મહેમાનનો ખાટલો જ અમારે ઘરે લઈ જાવો પડશે,' ચંપાએ કહ્યું, 'પણ ઈ આંખ ઉઘાડે નહીં ત્યાં લગણ આંહીંથી આઘા ખસતાં મારો જીવ ન હાલે.'

ગરમાગરમ ખરડ ને ગરમ શેકની બેવડી અસરથી ઓતમચંદનાં ઠુંગરાઈ ગયેલાં અંગોમાં ચેતના આવવા લાગી. એણે હાથ સહેજ હલાવ્યો અને પગ સહેજ સંકોર્યો ત્યારે હીરબાઈના ચિંતાગ્રસ્ત ચહેરા પર આશાની સુરખી ફરકી ગઈ. બોલ્યાં: 'હવે સુવાણ્ય થઈ જાશે.'

અત્યાર સુધી ઓતમચંદના દાંતની દોઢ્ય વળી ગઈ હતી એ ઊઘડી ગઈ ને એણે ઓઠ પર જીભ ફેરવવા માંડી.

'જો, દાંતની દોઢ્ય ઊઘડી ગઈ!' હીરબાઈ આનંદિત થઈને બોલી ઊઠ્યાં: 'હોઠ ઉપર જીભ ફેરવે છે એટલે ગળું સુકાતું હશે, ગગી! ઊભી થઈને પાણી પા!'

ચંપા ખાટલેથી ઊઠીને પાણિયારા તરફ ગઈ એટલે હીરબાઈએ એને સૂચના આપી: 'ગોળેથી પાણી ભરજે મા, હો!'

'કાં ભલા?' ચંપાને નવાઈ લાગી.

'આયરના ગોળાનું પાણી પાઈને ઉજળિયાતની દેઈ નો અભડાવાય.'

'હવે રાખો રાખો!' ચંપાએ હસતાં હસતાં કહ્યું, 'ચાંગળું પાણી પેટમાં ગયે એમ દેઈ વટલાઈ જતી હશે!'

'ના માડી, આપણાથી એવું પાપ નો વોરાય. સહુ સહુના ધરમ સહુને વાલા હોય,' કહીને હીરબાઈએ સૂચવ્યું: 'ઓલી ઊટકેલ ટબૂડી લઈને કોઠીમાંથી અણબોટ્યું પાણી ભરી લે.'

ઓતમચંદે ફરી ઓઠ પર જીભ ફેરવી.

'ઝટ ટબૂડી ભરી આવ્ય, ગગી!' હીરબાઈએ આજ્ઞા કરી.

ઓતમચંદની આંખો તો હજી મીંચાયેલી જ હતી છતાં ચંપાએ શ્વશુર પક્ષના વડીલની સન્મુખ બેસતાં પારાવાર સંકોચ અનુભવ્યો. પણ અનિવાર્ય ફરજ સમજીને એણે અત્યંત ક્ષોભ સાથે જાજરમાન જેઠના મોઢામાં ટોયલીએ ટોયલીએ પાણી ટોવા માંડ્યું.

ગટાક ગટાક અવાજ સાથે ઓતમચંદ ગળે પાણી ઉતારવા લાગ્યો. અને ઘૂંટડે ઘૂંટડે એ પરમ તૃપ્તિ અનુભવવા લાગ્યો.

ટબૂડીમાં પાણી ખાલી થતાં ચંપા થંભી ગઈ. પણ ઓતમચંદે તો વધારે જલપાનની આશાએ ફરી મોં ઉઘાડ્યું.

'બીજી ટબૂડી ભરી આવ્ય, ગગી! હજી ગળે સોસ પડતો લાગે છે,' હીરબાઈએ કહ્યું. 'બિચારા જીવ કોણ જાણે ક્યારના તરસ્યા થઈને નદીને કાંઠે પડ્યા હશે!'

ચંપા ફરી ઉશીકા નજીક બેસીને ઓતમચંદના તૃષાર્ત મોઢામાં પાણી ટોવા લાગી. અતિથિનો જાણે કે યુગ યુગનો તરસ્યો કંઠ ઘૂંટડે ઘૂંટડે પરિતોષ અનુભવી રહ્યો. એના નિશ્ચેષ્ટ જેવા જણાતા દેહમાં સ્ફૂર્તિ આવવા લાગી.

થોડી વારમાં જ ઓતમચંદે આંખ ઉઘાડી.

ચંપાએ ચોંપભેર માથા પરથી ઓઢણીનો છેડો કપાળ પર ખેંચ્યો.

હીરબાઈએ હરખભેર પતિને બૂમ મારી: 'એ... ઘરમાં આવો ઝટ!'

એભલ ઓરડામાં દાખલ થયો એટલે હીરબાઈએ કહ્યું: 'જુઓ, મહેમાને આંખ ઉઘાડી!'

નાનકડો બીજલ પણ ઘરમાં દોડી આવ્યો ને સહુ આ અતિથિના ખાટલાને ઘેરી વળ્યાં.

ઓતમચંદ આ અપરિચિત વાતાવરણ અને અપરિચિત આદમીઓને અવલોકી રહ્યો.

એભલ આનંદિત ચહેરે ઓતમચંદના માથા નજીક આવીને ઊભો રહ્યો.

*

ઓતમચંદ થોડી વાર તો એભલના ચહેરા સામે ટગર ટગર જોઈ રહ્યા ને એની ઓળખાણ પાડવા મથી રહ્યા. પણ એભલનો અણસાર પણ જરાય પરિચિત ન લાગ્યો ત્યારે એણે પૂછ્યું: 'તમે કોણ?'

'મને તો ક્યાંથી ઓળખો શેઠ! મારું નામ એભલ. ખાડું લઈને વાડીમાંથી ગામઢાળો આવતો'તો તંયે તરભેટે ખળખળિયાને કાંઠે

આંબલી હેઠાળે તમને ભાળ્યા. નાકે આંગળી મેલી જોઈ તંયે સાર
તો બરોબર નો સંભળાણો પણ તાળવે તપાટ હતો એટલે જાણ્યું
જીવ હજી તાળવે ચોંટ્યો છે. વાડીમાં હમણાં દીપડાની રંજાડ્ય વધ
છે ને રોજ રાતે ખળખળિયે પાણી પીવા આવે છે, એટલે તમ
રાતવરતના રેઢા તો કેમ મેલાય?' એભલે સ્ફોટ કર્યો. પછી ઉમેર્યું
'હું તો તમને ઝોળીએ ઘાલીને ઉપાડી આવ્યો—રામને લેખે.'
'ભલું થાજો તમારું, ભાઈ!' ઓતમચંદને હવે નદીકાંઠાનો પ્રસં
યાદ આવી જતાં અહીંના સલામત વાતાવરણમાં પણ એ ભયન
ધ્રુજારી અનુભવી રહ્યા. પણ હવે પોતે ભયમુક્ત છે એ સમજાત
એણે આ અજાણ્યા માણસનો અહેસાન વ્યક્ત કર્યો:
'તમે મને જીવતદાન દીધું, ભાઈ!'
'મેં તો મારાથી બનતું કર્યું, એભલે ઉત્તર આપ્યો, 'માણહ જે
માણહને હાથે કરીને દીપડાને મોઢે થોડા હોમાવા દેવાય છે?'
'આ કિયું ગામ, ભાઈ?' ઓતમચંદે પૂછ્યું, 'ઈશ્વરિયું તો નથી ને
સાંભળીને એભલે જરા હસતાં હસતાં કહ્યું:
'ઈશ્વરિયું તો રહી ગયું આથમણી કોર્યે. પણ તમે તો સાવ બેભા
હતા એટલે ક્યાંથી ખબર પડે? આ તો મેંગણી છે, મેંગણી—'
'મેંગણી? ઓતમચંદના પેટમાં ધ્રાસકો પડ્યો.
'હા. મેંગણી. તમારા વેવાઈનું જ ગામ,' હીરબાઈએ કહ્યું.
'સારું. પણ તમે ક્યાંથી જાણ્યું કે આ વેવાઈનું ગામ છે?'
'આ તમારા નાના ભાઈની વહુ ઊભી!—ચંપાએ તમને ઓળ
કાઢ્યા,' હીરબાઈએ પોતાની બાજુમાં ઊભેલી ચંપા તરફ નિર્દેશ ક
ચંપાએ વધારે ક્ષોભ અનુભવ્યો. અને ઘૂમટો વધારે ઓરો ખેંચ
ઓતમચંદે બીજો આઘાત અનુભવ્યો. ક્ષણભર તો એને થયું કે
અહીં ક્યાં આવી ભરાણો! આ તો ઈશ્વરિયાની ઊલમાંથી નીકળી
ચૂલમાં પડવા જેવું થયું.

'કપૂરશેઠને ને અમારે તો ઘર કરતાંય સરસ નાતો,' એભલ કહેતો હતો.

'ચંપા તો રોજ અમારે ઘેર દૂધ લેવા આવે.' હીરબાઈએ ઉત્સાહભેર બોલવા માંડ્યું:

'તમને ઝોળીમાંથી ખાટલામાં સુવરાવ્યા કે તરત ચંપા તો ઓળખી ગઈ કે આ તો મારા જેઠ થાય ને આનો ખાટલો તો મારે ઘરે જ લઈ જવો પડશે.'

'ના... ના...' ઓતમચંદે તરત નકાર સંભળાવી દીધો. અને પછી સાવ મૂંગો થઈ ગયો.

સાંભળીને સહુએ આશ્ચર્ય અનુભવ્યું. પોતાના વેવાઈને ઘેર જવાની આ માણસ શા માટે ના પાડતો હશે? ચંપા તો મનમાં ને મનમાં તર્ક કરી રહી. અમારે ઘેર આવવામાં એમને શું વાંધો હશે? કાંઈ માઠું લાગ્યું હશે?

'ના... ના...' એટલા અક્ષરો સાંભળી રહ્યા પછી મહેમાનને મોઢેથી વધારે ખુલાસો સાંભળવાની સહુ અપેક્ષા રાખતાં હતાં પણ ઓતમચંદ તો સાવ મૂંગો જ થઈ ગયો હતો. પોતે જે નાજુક અને નામોશીભરી સ્થિતિમાંથી અહીં આવી પહોંચ્યો હતો એની જાણ વેવાઈ પક્ષને થાય તો આખી વાત ચોળાઈને ચીકણી થાય અને પોતાની આબરૂ ધૂળધાણી થાય એમ સમજીને ઓતમચંદે પૂછ્યું:

'કપૂરશેઠને ખબર છે ખરી કે મારો ખાટલો તમારા ઘરમાં છે?'

'ના, પણ ચંપા અબઘડીએ જઈને વાવડ આપશે.' હીરબાઈએ કહ્યું, 'તમે આંખ ઉઘાડો એની જ વાટ જોતી'તી—'

'તો હવે વાવડ આપવા રે'વા દેજો,' લાજ કાઢીને ઊભેલી ચંપાને ઉદ્દેશીને ઓતમચંદે કહ્યું:

'હું જાણે કે મેંગણીમાં આવ્યો જ નથી એમ સમજજો—'

ફરી સહુને નવાઈ લાગી.

'આમ કાં બોલો, શેઠ?' એભલે કહ્યું, 'કપૂરશેઠને ખબર પડે કે તમે અહીં આવી ગયા ને અમે એને જાણ ન કરી, તો પછી અમે ઠપકામાં આવી પડીએ ને!'

'એટલે જ કહું છું કે કપૂરશેઠને ખબર જ પડવા દેજો મા,' ઓતમચંદ બોલ્યો, 'મારે ઝટ વાઘણિયે પૂગવું પડે એમ છે ને કપૂરશેઠને ખબર પડે તો મને અહીં અઠવાડિયા લગી રોકી રાખે. વેવાઈ એવા તો હોંશીલા છે કે મને ઘડીકમાં પાછો નીકળવા જ ન દિયે—'

સહુ સાંભળી રહ્યાં, પણ કોઈને આ ખુલાસો ગળે ન ઊતરી શક્યો.

'લ્યો, આ ચંપા તો જાય છે ઘેર.' હીરબાઈ બોલ્યાં, 'અબઘડીએ કપૂરશેઠ કેડ્યે કાછડી ખોસતાં આવી પૂગ્યા સમજો!'

'એને કહો કે ઘેર જઈને મારા નામનો એક અક્ષરેય ન બોલે!'

'અરે એમ તે હોય શેઠ! તમે મેંગણીમાં આવ્યા ને ચંપા પોતાનાં માબાપને જાણ ન કરે એવું તે શોભે ક્યાંય?'

'જાણ કરશે તો નહીં શોભે,' ઓતમચંદે કહ્યું, 'એને સહુથી વહાલા સગાના સમ દઈને કહો કે ઘરમાં કોઈને આ વાતની જાણ ન કરે—'

'પણ શેઠ, આમાં તો અમે વાંકગનામાં આવી પડશું,' એભલે ભય વ્યક્ત કર્યો, 'અમારે માથે કપૂરબાપાનું કાયમનું મહેણું રહી જાશે.'

'મહેણું નહીં રહેવા દઉં,' ઓતમચંદે કહ્યું, 'હું વાઘણિયે જઈને બરોબર સાજો થઈ જઈશ પછી આંટો આવી જઈશ. પણ હમણાં તો મેં મેંગણીમાં પગ મેલ્યો છે એટલી વાત પણ કોઈને કાને નાખશો મા, ભલા થઈને.'

'લાજના ઘૂમટા આડે ચંપા બિચારી કાંઈ બોલતી નથી, પણ મનમાં કોચવાય છે,' હીરબાઈ બોલ્યાં, 'આંખમાંથી તો ડળક ડળક આંહુડાં દડવા મંડ્યાં છે.

'કોચવાવ મા, બેટા, કોચવાવ મા,' ઓતમચંદે ખુલાસો કર્યો, 'હું તો વાઘણિયા દરબારનો વજે જોખવા નીકળ્યો હતો એમાં આડોડિયાએ

માર મારીને લૂંટી લીધો... મૂઢ માર તો બહુ લાગ્યો હતો પણ તમ જેવાં સતીનાં પુન્ય આડાં આવ્યાં તે ઊગરી ગયો એટલો પરમેશ્વરનો પાડ સમજો. પણ વાને કાનેય આ વાત ન જાય એનું ધ્યાન રાખજો. મારી આબરૂ વહાલી હોય તો હોઠે તાળું જ મારી દેજો. જાણે કે મેં મેંગણી ગામમાં પગ જ નથી મેલ્યો એમ સમજજો—'

'શેઠ, ચંપા કિયે છ કે ઈ પાંતીની ફકર કરશો મા, કોઈને કાને વાત નઈ જવા દઉં,' દૂર ઊભાં ઊભાં હીરબાઈએ ચંપાનો જવાબ કહી સંભળાવ્યો.

'જીવતી રહે, દીકરી. તારા જેઠની આબરૂ અટાણે તારા હાથમાં છે.'

હીરબાઈ ચંપાના ઘૂમટામાં કાન ધરીને એનું કથન સાંભળતાં જતાં હતાં અને દુભાષિયાની ઢબે એનો સાર ઓતમચંદને સંભળાવતાં જતાં હતાં.

'કિયે છ કે સાસરિયાંની આબરૂ તમ કરતાંય મને વધારે વા'લી છે...'

'એનું નામ ખાનદાનનું ફરજંદ.'

'કિયે છ કે તમારું વેણ નંઈ ઉથાપું... ઘરમાં કોઈને ગંધ પણ નંઈ જાવા દઉં કે મારા જેઠ ગામમાં આવ્યા છે.'

'વાહ દીકરા! આનું નામ ડહાપણ!' ચંપાએ કહેવડાવેલા ઉત્તરો સાંભળીને ઓતમચંદે સંતોષ વ્યક્ત કર્યો.

'ચંપા પૂછે છે કે જેઠની રજા હોય તો હવે હું જાઉં...' હીરબાઈએ કહ્યું.

'જાવ, બેટા, ખુશીથી જાવ,' ઓતમચંદે આદેશ આપ્યો.

અને મનમાં સમાધાન થયા વિનાની અનેકાનેક શંકાઓ સાથે ચંપા ઘર તરફ ઊપડી.

ઘેર પહોંચતાં સુધીમાં આખે રસ્તે આ શંકાઓ વધારે ઘેરી બનતી રહી. જેઠજી પોતાના આગમન અંગે આટલી બધી ગુપ્તતા શા માટે

જાળવવા મથે છે? આ પ્રશ્ન ચંપાને મૂંઝવતો રહ્યો. શંકિત અને વ્યથિત હૃદયે એણે ડેલીના ઉંબરામાં પગ મૂક્યો ત્યાં જ ઓસરીમાંથી ઉચ્ચારાયેલા શબ્દ એના કાન પર અથડાયા:

'ઓતમચંદ જ, બીજું કોઈ નહીં–'

'ભિખારો ને ભામટો...'

'ચોરનો સરદાર–'

મનસુખમામાના શહેરી લહેકા ઓળખાતાં ચંપા સમજી ગઈ કે બાપુજી ઈશ્વરિયેથી 'કંકુના' કરીને પાછા આવી ગયા છે.

હિંડોળા પર હીંચકી રહેલા કપૂરશેઠ બોલતા હતા:

'તમે મર ન માનો મનસુખલાલ, પણ મને તો લાગે છે કે ઓતમચંદ શેઠ જેવો અમીર માણસ આવું કરે નહીં.'

ચંપાએ આ બંને ઉક્તિઓ સાંભળી અને ચુપચાપ સીધી રસોડામાં જ દાખલ થઈ ગઈ.

'ચૂલે આ શું મૂક્યું?' ચંપાએ જસીને પૂછ્યું.

'લાપસીનું આંધણ!' હરખાતાં હરખાતાં જસી બોલી.

'સમજી! બાપુજી આજે બેનબાના ચાંલ્લા કરીને આવ્યા લાગે છે!' જસીએ હકારમાં ગર્વભર્યું સ્મિત વેર્યું.

'ઓતમચંદ વળી અમીર શેનો? હતો તે દી હતો. આજે તો ભૂંડે હાલ થઈ ગયો છે,' ઓસરીમાંથી મનસુખલાલનો અવાજ સંભળાતો હતો. 'સોનું દેખીને તો મુનિવર પણ ચળે... તો પછી એના જેવો મુફલિસ માણસ તો રૂપિયાની રેઢી કોથળી બગલમાં જ મારે ને!'

'કોણ જાણે પણ મારે ગળે આ વાત ઊતરતી નથી,' કપૂરશેઠ કહેતા હતા.

સંતોકબા પોતાની આદત મુજબ ઉંબરે બેઠાં બેઠાં આ વાતનું રહસ્ય ઉકેલવા મથી રહ્યાં હતાં.

જસી જ્યારે ઝટપટ લાપસી રાંધી નાખવામાં રોકાઈ હતી ત્યારે

ચંપા ઉદ્વિગ્ન ચિત્તે આ સંવાદ સાંભળી રહી હતી:

'પણ તો પછી બાલુએ ખાણિયાની પાળે મૂકેલી કોથળી એટલી વારમાં જાય ક્યાં?' મનસુખલાલે હસતાં હસતાં પૂછ્યું: 'કે પછી કોથળીને પગ આવ્યા?'

'ભગવાન જાણે! ભાઈ, આ તો વાએ કમાડ ભીડ્યાં જેવું કૌતુક થઈ ગયું. પણ નજરે જોયાજાણ્યા વિના કોઈના ઉપર આળ ન ચડાવાય.'

'પણ એટલી વારમાં ઓસરીમાં ઓતમચંદ સિવાય બીજું કોઈ આવ્યું જ નહોતું. સીતાજીની જેમ કોથળી સંચોડી ધરતીમાં તો નહીં સમાઈ ગઈ હોય ને!' મનસુખલાલે ફરી હાસ્ય ફેલાવ્યું.

ચંપા વધારે ચિંતાતુર બનીને સાંભળી રહી.

'એક વાર લાખ થાપીને સવા લાખ ઉથાપનારો ધણી આવી સો-બસેં રૂપરડીમાં મોઢું બગાડે ખરો?' કપૂરશેઠ હજી ઓતમચંદને ગુનેગાર ગણવા તૈયાર નહોતા.

'પણ તો પછી ઓસરીમાંથી એ ઓચિંતો હાલ્યો ગયો શું કામ? એના પેટમાં પાપ નહોતું તો કોઈને કીધા વિના જ શું કામ પોબારા ગણી ગયો?'

'એ વાત તમારી સાચી.' કપૂરશેઠે કબૂલ કર્યું, 'મનેય એટલી વાત જરાક વહેમવાળી લાગે છે ખરી.'

'હવે સમજ્યા તમે!' મનસુખભાઈ મોટે અવાજે બોલ્યા, 'એટલા વહેમ ઉપરથી દકુશેઠે વાંસોવાંસ પસાયતાને ધોડાવ્યા ને ખળખળિયાને કાંઠે ઓતમચંદને આંબી લીધો, પણ નદીમાં કોણે જાણે કયે ઠેકાણે કોથળી દાટી દીધી હશે!'

હવે ચંપાને, હીરબાઈને ઘેર સાંભળેલી વાતનો તંત પકડાતો લાગ્યો. જસીએ હસતાં હસતાં ચંપાને કહ્યું: 'તારા જેઠની વાત થાય છે!'

'સમજી!' એટલું જ કહીને ચંપા મૂંગી થઈ ગઈ અને મજૂસ પરથી વાસણો ઉતારવા લાગી.

બહારથી મનસુખભાઈનો અવાજ સંભળાતો હતો:

'એટલે તો હું કહું છું કે હવે ઓતમચંદની જૂની અમીરાતનો મોહ મનમાંથી કાઢી નાખો ને ચંપા સારુ કોઈ લાયક ઠેકાણું ગોતો.'

રસોડામાંથી ખડિંગ કરતોકને અવાજ બહાર ગયો.

'એ... શું થયું?' સંતોકબાએ સાદ પાડીને પૂછ્યું.

'કાંઈ નહીં, કાંઈ નહીં,' જસીએ જવાબ આપ્યો, 'એ તો બેનના હાથમાંથી થાળી પડી.'

'જરીક ધ્યાન રાખીને કામ કરતાં હો તો!' સંતોકબાએ ટિપ્પણ રજૂ કર્યું. 'કાંસાની થાળીમાં તરડ પડતાં શું વાર લાગે? ને કાંસું તો આજકાલ સોના કરતાંય મોંઘું છે—'

માતાએ ઉચ્ચારેલ આ ઠપકાનાં વેણ સાંભળીને જસી રાજી થઈ. એણે ચંપા સામે 'કાં! લેતી જા!' એવો ભાવ સૂચવતી આંખો નચાવી.

ચંપાએ પોતાની આંખો ઢાળી દીધી.

મનસુખભાઈએ જે પ્રશ્ન છેડ્યો હતો એની નાજુકાઈ જોતાં એમણે અવાજ સાવ ધીમો પાડી નાખ્યો. કપૂરશેઠે પણ ગંભીર મુખમુદ્રાએ કાનસૂરિયામાં જ વાતચીત કરવા માંડી તેથી ચંપા પોતાના ભાવિ અંગેની ગુફ્તેગો સ્પષ્ટ સાંભળી શકી નહીં. પણ એને એટલો ખ્યાલ તો આવી શક્યો કે મનસુખભાઈએ મૂકેલો પ્રસ્તાવ બા-બાપુજીને ગળે ઊતરતો નહોતો તેથી એનો ઉગ્ર વિરોધ થઈ રહ્યો હતો.

હવે ચંપાને પણ સમજાઈ ચૂક્યું કે ઓતમચંદ પોતાના આગમનની હકીકત ગુપ્ત રાખવાનો આગ્રહ શા માટે સેવતો હતો. વૈવાહિક સંબંધમાં ભંગાણ પડવાનું છે એવો એને વહેમ આવી ગયો હશે?

ચંપા પોતે જ વહેમના વમળમાં પડી.

*

૧૮

# વિપદ પડે પણ વણસે નહીં

**ઓતમચંદ** વધારે સ્વસ્થ થઈને એભલ તથા હીરબાઈ સાથે સુખદુઃખની વાતોએ વળગ્યો હતો ત્યાં જ બારણામાં ચંપા આવીને ઊભી રહી. એના એક હાથમાં થાળી હતી અને થાળી ઉપર સાડલાનો છેડો ઢાંક્યો હતો.

હીરબાઈએ જોયું કે ઓતમચંદની હાજરીમાં ચંપા અંદર પ્રવેશતાં અચકાય છે તેથી તેઓ પોતે જ ઊઠીને ઓસરીમાં ગયાં.

'અરે! ચંપા તો તમારે સારુ થાળી પીરસીને લઈ આવી છે!' હીરબાઈ ઉત્સાહભેર મોટે અવાજે બોલી ઊઠ્યાં.

'ધીમે, ધીમે, હીરીકાકી!' ચંપાએ હળવે સાદે હીરબાઈને કહ્યું. 'ઘેરેથી છાનીમાની આવી છું. કોઈને ખબર પડવા દેજો મા... ના, મહેમાનનેય નહીં, કોઈને કાને નહીં... ના, ના. ઘરમાં હોળી સળગેલી જ છે એમાં ઠાલું વધારે સળગશે...'

'શું થયું છે?' હીરબાઈએ સચિંત અવાજે પૂછ્યું.4

'સંધીય વાત નિરાંતે સમજાવીશ.' કહીને ચંપાએ મણ એકનો નિસાસો નાખ્યો:

'મારાં અભાગણીનાં નસીબ જ વાંકાં છે. એમાં કોઈ શું કરે?'

આટલા શબ્દો પરથી તો હીરબાઈ ઘણું ઘણું સમજી ગયાં. સાંજે થયેલી વાતચીતનો તંતુ પણ તેઓ પકડી શક્યાં. તેઓ જોઈ શક્યાં કે ચંપાનું અંતર રડી રહ્યું છે. એ ક્રંદન મૂંગું હોવાને કારણે વધારે કરુણ લાગતું હતું.

'મહેમાનને ડિલે હવે કેમ છે?' ચંપાએ પૂછ્યું.

'માર ઠીકાઠીકનો લાગ્યો છે એટલે હાથેપગે હજી કળ વળી નથી. આખું અંગ તૂટે છે,' હીરબાઈએ કહ્યું: 'ફરીથી ખરડ કરીને હાથપગ શેકવા પડશે.' અને પછી સહેજ સંકોચ સાથે પૂછ્યું: 'તે નવરી હો તો આ છીપરડી ઉપર ખરડ વાટી દઈશ?'

'હં... ક... ને, શું કામ નહીં વાટી દઉં?' ચંપાએ હરખભેર કહ્યું, 'મારે ઘેર જઈને કઈ હૂંડી વટાવવાની છે? લાવો, અબઘડીએ વાટી નાખું.'

ઓસરીમાંથી છીપરડી ઉપર ચંપા ખરડનો ભૂકો વાટતી હતી ત્યારે ખાટલામાં બેઠો બેઠો ઓતમચંદ પોતાની સામે ધરાયેલ ભોજનથાળને ભાવપૂર્વક અવલોકી રહ્યો હતો. હીરબાઈએ આપેલા અહેવાલ ઉપરથી એ સમજી ગયો કે ચંપા ઘરનાં માણસોથી છૂપી રીતે આ ભોજનથાળ અહીં લાવી છે. પરિણામે આ અર્ઘ્યનું મૂલ્ય ઓતમચંદને મન અનેકગણું વધી ગયું.

જમતાં જમતાં ઓતમચંદે વાઘણિયે જવાની વાત છેડી ત્યારે એભલે કહ્યું: 'હજી હાલતાચાલતા થ્યા મોર્ય વાઘણિયે કેમ કરીને જાશો?'

'હું મારે ધીમે ધીમે પૂગી જઈશ.'

'ના... રે, એમ તો હું તમને ગાડે બેસારીને મૂકી જાઈશ.' એભલે કહ્યું.

'પણ હવે આમેય બે દી મોડા ને આમેય બે દી મોડા જાવ તો એમાં શું ખાટુંમોળું થઈ જાવાનું છે?'

'ઘેરે સહુ વાટ જોઈ રિયાં હશે—કાગને ડોળે વાટ જોવાતી હશે—'

'કાલ સવારમાં જ ગાડાવાળા હારે વાઘણિયે વાવડ મોકલાવી દઉં કે શેઠની વાટ જોશો મા, બેચાર દી રઈને આવી પૂગશે—'

'ના, ભાઈ, ના. વાઘણિયે કાંઈ વાવડ મોકલજો મા,' ઓતમચંદે કહ્યું:

'ઠાલાં સહુ ફિકરમાં પડી જાય. એ તો એની મેળે જાણશે કે વજે જોખવા ગયા છે એટલે બેચાર દી વહેલુંમોડું થઈ જાય.'

ઓતમચંદ ઘરનાં માણસોને પણ આ વિચિત્ર ઘટનાની જાણ કરવા માગતો નથી. એ જાણીને બહાર ઓસરીમાં બેઠેલી ચંપાને વધારે કૌતુક થયું. મનસુખમામા કહ્યા કરે છે એ ચોરીની વાત સાચી હશે? દકુશેઠની ઓસરીમાંથી ઓતમચંદ જેઠ સાચે જ કોથળી ચોરી આવ્યા હશે? પોતે મેંગણીમાં આવી પડ્યા છે એવી વાત ઘરમાં કોઈને ન કરવાના મારી પાસે સમ ખવરાવ્યા—વહાલામાં વહાલાના સમ ખવરાવ્યા—એની પાછળ શો ભેદ હશે?

અને 'વહાલામાં વહાલાના સમ' શબ્દો યાદ આવતાં ચંપાનાં કલ્પનાચક્ષુ સામે પ્રિયતમ પાત્રની—નરોત્તમની—મૂર્તિ રમી રહી. અત્યારે ક્યાં હશે એ? કેવી સ્થિતિમાં હશે? સુખમાં હશે કે દુઃખમાં? હું એની યાદમાં રાતોની રાતો ઉજાગરા કરીને જીવ બાળ્યા કરું છું, પણ એ મને આવી રીતે યાદ કરતા હશે ખરા?

ઘેરથી કોઈને જાણ કર્યા વિના છૂપી છૂપી ભોજનથાળ લઈ આવેલી ચંપા અંગે ઓતમચંદ વિચારતો હતો: 'આવા ગુણ ને આવી ગરવાઈવાળી ગૃહલક્ષ્મી મારું આંગણું ઉજાળશે? નરોત્તમના ભાગ્યમાં આવી જોગમાયા સમાશે?'

ભોજન પૂરું થયા પછી હીરબાઈએ ઓતમચંદને કહ્યું:

'ભાઈ, તમને ફરીથી સારીપટ ખરડ કરી દઉં, એટલે સવાર પડતાં ડિલ હળવું થઈ જાય—'

આટલા ટૂંકા પરિચયમાં હીરબાઈએ આ આગંતુકને 'ભાઈ' જેવા આત્મીયતાભર્યા શબ્દ વડે સંબોધવાનું શરૂ કરી દીધું હતું.

'બેન, તમને તો મેં દાખડામાં નાંખી દીધાં!' ઓતમચંદે પણ એટલી જ આત્મીયતાથી હીરબાઈને જવાબ આપ્યો.

'એમાં દાખડો શેનો, ભાઈ? માણસનું કામ માણસ નહીં કરે તો

બીજું કોણ કરશે? માણસને માણસ ખપમાં આવે.'

ચંપા ચોસરીમાં બેઠી બેઠી કુતૂહલથી આ 'ભાઈબહેન'નો સંવાદ સાંભળતી હતી.

'તમે તો મને નવી જિંદગી દીધી, બેન! ખળખળિયાને કાંઠે પડ્યો રહ્યો હોત તો દીપડે સાચે જ ફાડી ખાધો હોત.'

'જિંદગી દેનારો તો ઉપર બેઠો છે—હજાર હાથવાળો. એની પાસે આપણું શું ગજું?'

'તમારા આ ઉપકારનું સાટું તો મારાથી કેમ કરીને વળશે!'

'એમાં વળી ઉપકાર શેનો, ભાઈ! માણસ માણસને ખપમાં નહીં આવે તો કોને આવશે?' હીરબાઈએ ફરી સાવ સાદું સત્ય ઉચ્ચાર્યું.

'પણ હું તમને કે'દી ખપમાં આવીશ?'

'તમારે ટાણે તમેય આવશો. માણસ ઊઠીને માણસનું કામ કરે, એ કોઈ દી અબાર ન જાય, સમજ્યા ને ભાઈ!'

'પણ ક્યાં પડ્યું વાઘણિયું ને ક્યાં પડ્યું મેંગણી!' ઓતમચંદે કહ્યું: 'આપણા તો ફરી પાછા કે'દી ભેટા થવાના!'

'સાચી મમતા હશે તો ઘણીય વાર ભેટો થાશે, ભાઈ!' હીરબાઈ બોલ્યાં, 'સાચી હેત-પ્રીત હોય તો હજાર ગાઉથી માણસના મોં-મેળ થાય.'

યજમાનોના નિર્વ્યાજ લાગણીપૂરમાં ઓતમચંદ અવાક બનીને નાહી રહ્યો.

*

થોડી વારે હીરબાઈએ કહ્યું: 'મારે સંધીય વાતનું સુખ છે, પણ એક વાતનું મનમાં દુઃખ રિયા કરતું'તું—'

'શી વાતનું બેન?'

'મારે પિયરિયાંમાં કોઈ નથી. પિયરના નામની દશ્ય દેવાઈ ગઈ

છે. મારે માનો જણ્યો ભાઈ નથી એટલે તમને જ આજથી ધરમના ભાઈ ગણું છું—'

'ભલે બેન, ખુશીથી ગણો તમતમારે,' ઓતમચંદે લાગણીશીલ અવાજે કહ્યું.

આટલી વાતચીત પછી હીરબાઈ પણ લાગણીશીલ બની ગયાં હતાં. થોડી વારે એમણે કહ્યું:

'મારે એક ભાઈ હતો—જુવાનજોધ. પણ પરારની સાલ મરકી આવી એમાં પાછો થયો. એના મોઢાનો અણસાર બરોબર તમારા જેવો હતો. તમને જોઉં છું ને ઈ યાદ આવી જાય છે. એટલે હું તમને મારા ધરમના ભાઈ ગણીને થાપું છું—'

'ભલે બેન, ઘણી જ ખુશીથી—'

હવે એભલ બોલ્યો:

'તમે આમ ઓચિંતા અમારે આંગણે આવ્યા તેમાં ઉપરવાળાની કાંઈક ગણતરી જ હશે. માણસ માણસના મેળાપ કાંઈ અમથા નથી થતા—'

'ભગવાને જ તમને મોકલ્યા હશે, ભાઈ! મારા જેવી ન-ભાઈને ધરમનો ભાઈ જડી રિયે એટલા સારુ—' હીરબાઈ બોલ્યાં.

'ઈશ્વરની લીલા તો અકળ છે, બેન! એમણે મને જીવતો રાખવો હશે તે તમારો ભેટો કરાવી દીધો,' ઓતમચંદે આભારવશ અવાજે કહ્યું:

'નહીંતર આવી કાળી રાતે ખળખળિયાને કાંઠે ભેંકાર જગ્યામાં પડ્યો હોત તો કોને ખબર છે મારું શું થયું હોત!—તમારો તો હું જનમ જનમ ઓશિયાળો રહીશ. તમારો તો જેટલો પાડ માનું એટલો ઓછો જ ગણાય.'

'પાડ માનો પરમેશ્વરનો, ભાઈ!' હીરબાઈએ કહ્યું, 'સંધુંય કરતો કારવતો તો ઉપરવાળો કિરતાર છે. એના હુકમ વિના ઝાડનું પાંદડુંય

નથી હાલતું. આપણી કાળા માથાના માનવીની શી મજાલ છે! આપણે તો ઠાલાં એંકાર કરીએ છીએ કે આ મેં કર્યું, મેં કર્યું...'

'હીરીકાકી!' બહારથી ધીમો અવાજ આવતાં હીરબાઈ ઊઠ્યાં ને ઓસરીમાં ગયાં.

ચંપાએ છીપરડી પર ખરડ વાટીને તૈયાર કરી નાખ્યો હતો.

'હવે હું જાઉં?' કહીને ચંપાએ ઘેર જવાની રજા માગી: 'મારે મોડું થાશે તો બા વઢશે.'

'ખુશીથી જા, દીકરી! કોઈ વઢે એવું ન કરવું.' હીરબાઈએ રજા આપી.

'કાંઈ કામકાજ હોય તો બીજલ હારે કેવરાવજો,' ચંપાએ જતાં જતાં કહ્યું, 'સવારમાં વહેલી આંટો આવી જઈશ.'

મોડું થયું હોવાથી ચંપા ઝડપભેર ઘર તરફ ઊપડી. પોતે કોઈને કશું કહ્યા વિના આવી હતી તેથી ઘેરથી ઠપકો મળશે એવો એને અંદેશો હતો.

રાતે કામકાજમાંથી પરવાર્યા પછી ઓસરીમાં મોઢિયો દીવો મેલીને આહીર દંપતી ફરી પાછાં અતિથિ સાથે વાતોએ વળગ્યાં હતાં. નાનકડો બીજલ વાડાના વિશાળ ફળિયામાં રમી રહ્યો હતો. ઘડીક વાર એ વાંસળી વગાડતો હતો, ઘડીક એ કાષ્ઠઘોડા ઉપર સવારી કરતો હતો.

ઓતમચંદ કોઈક વિચિત્ર કુતૂહલથી બીજલનાં આ ઘરગથ્થુ રમકડાં અવલોકી રહ્યો હતો. થોડી વારે એણે છોકરાને પોતાની પાસે બોલાવ્યો:

'બીજલ!'

પણ પાવો વગાડવામાં મશગૂલ બીજલે આ અવાજ જાણે કે સાંભળ્યો જ નહીં તેથી ઓતમચંદે ફરી વાર પ્રેમભર્યા અવાજે હાક મારી:

'બીજલ!'

છતાં બીજલ ન આવ્યો ત્યારે હીરબાઈએ મોટે અવાજે હાકલ કરીને પુત્રને પાવો વગાડતો અટકાવ્યો ને કહ્યું:

'બેટા બીજલ, મામા બરકે છે. અહીં ઓરો આવ્ય!'

હીરબાઈએ 'મામા' શબ્દ એવો તો ભારપૂર્વક ઉચ્ચાર્યો હતો કે એ સાંભળીને ઓતમચંદ ધન્યતા અનુભવી રહ્યો. એણે બીજલને જાણે કે સગો ભાણેજ સમજીને પ્રેમપૂર્વક ખોળામાં બેસાડ્યો. માથા પર વહાલસોયો હાથ ફેરવતાં પૂછ્યું:

'બીજલ, મને તારાં રમકડાં બતાવીશ, બેટા?'

'ના, નહીં બતાવું,' બીજલે કહ્યું.

'મામાને ના કહેવાય, બેટા?' આ વખતે એભલે પણ મહેમાન માટે 'મામા' શબ્દ વાપર્યો.

'મને જોવા તો દે, તારાં રમકડાં!' ઓતમચંદે બીજલને ફોસલાવવા માંડ્યો.

પણ પોતાનો અમૂલ્ય ભંડાર લૂંટાઈ જશે એવી બીકથી બીજલ વધારે ને વધારે મક્કમ બનતો ગયો.

આખરે મહેમાને તેમજ માબાપે અનેક લાલચો આપી ત્યારે જ આ બાળક પોતાનાં રમકડાંનો ખજાનો બતાવવા તૈયાર થયો.

*

કોઠલામાં ભરી રાખેલાં જાત જાતનાં ને ભાત ભાતનાં રમકડાં જોઈને ઓતમચંદ પ્રસન્ન થયો. આ આખી પ્રવૃત્તિ પાછળ એનો વ્યૂહ તો એવો હતો કે પોતાના પુત્ર બટુક માટે બેચાર સારાં રમકડાં લઈ જવાં. વાઘણિયે જતાં ઘરના ઉંબરામાં પગ મેલતાં જ બટુક તરફથી જે માગણી થવાની હતી એ પૂરી પાડવા ઓતમચંદ અત્યારથી જ પ્રયત્ન કરી રહ્યો હતો.

'બીજલ, અમારે ઘેર તારા જેવો જ એક ભાઈ છે. એનું નામ બટુક.'

'ભગવાન એને સો વરસનો કરે!' હીરબાઈએ આશીર્વાદ ઉચ્ચાર્યા.

'બટુક સારુ તારાં એકાદબે રમકડાં આપીશ મને?' બીજલને સારી પેઠે હુલાવી-ફુલાવીને ઓતમચંદે પૂછ્યું.

તુરત બીજલે વિરોધમાં ચીસ પાડી—જાણે કે પોતાનો અમૂલ્ય ભંડાર આ ઘડીએ જ લૂંટાઈ જતો હોય એમ સમજીને ફૂટપાથ પર પથારો કરી બેઠેલો ફેરિયો પોલીસના આગમનના સમાચાર સાંભળીને સંકેલો કરવા માંડે એમ બીજલ પણ પોતાનો અસબાબ પાછો કોઠલામાં ભરવા માંડ્યો પણ હીરબાઈએ એને અટકાવ્યો.

'મામાના દીકરાને સારુ રમકડાં આપવાની ના પડાય, બેટા?'

ઓતમચંદે કહ્યું:

'તું બટુક સારુ પાવો આપીશ તો બટુક પણ તને હાથી મોકલશે.'

આ જાતનો બદલાનો સોદો બીજલને ગળે ઊતર્યો ખરો. દૂર દૂરના ગામમાં વસતા એક અણદીઠ ને અજાણ્યા ભાઈબંધ માટે એણે એક પાવો ફાજલ પાડ્યો ખરો.

પછી તો પુત્રની આ ઉદારતાનો વધારે લાભ લેવા હીરબાઈએ બીજલને ખૂબ ફોસલાવ્યો, પટાવ્યો, ને બીજાં પણ ચાર-પાંચ રમકડાં બટુક માટે કઢાવી આપ્યાં.

'તને પણ હું ઢગલોએક રમકડાં મોકલીશ, હો બેટા!' ઓતમચંદે આનંદપૂર્વક બીજલને ખાતરી આપી.

આ પ્રસંગ ઉપરથી હીરબાઈએ મહેમાનના ઘરસંસાર વિશે પૃચ્છા શરૂ કરી અને થોડી વારમાં તો બંને કુટુંબો વચ્ચે જાણે જૂનીપુરાણી ઓળખાણ હોય એટલી આત્મીયતા એમની વચ્ચે કેળવાઈ ગઈ.

આ આત્મીયતાથી પ્રેરાઈને જ હીરબાઈ બોલ્યાં: 'ભાઈ. એક વાત કરું?'

'કરોની, બેન!'

'પોર સાલ અખાતરીજે આ બીજલનાં લગન થાશે–'

'આવડા છોકરાનાં વળી લગન થાશે?'

'બીજલ તો બહુ મોટો થઈ ગયો છે. અમારે આયરમાં તો ઘોડિયે લગન થાય ને કાંખમાં બેહીને વરકન્યા ચોરીએ ચડે,' હીરબાઈએ કહ્યું. 'આ તો મારો ભાઈ પાછો થયો એનો શોક આવી પડ્યો, એમાં બીજલનાં લગન આઘાં ઠેલાતાં ગયાં. પણ હવે આવતી સાલ તો એને ઘોડે ચડાવવો જ પડશે.'

'બહુ રાજી થવા જેવું, બેન!'

'એવો મોઢાનો રાજીપો મારે ન જોઈએ,' હીરબાઈએ જરા લાડભર્યા અવાજે કહ્યું, 'તમે પંડ્યે લગનને અવસરે આવી પૂગો તો સાચો રાજીપો સમજું–ને તો જ તમને સાચા ભાઈ ગણું–'

'ખુશીથી આવી પૂગીશ, બેન!'

'સાચોસાચ?'

'હા.'

'ને મારી ભુજાઈને તેડીને?'

'તમારી ભુજાઈનેય ભેગી તેડતો આવીશ. પછી છે કાંઈ?' ઓતમચંદે ઉમંગભેર વચન આપ્યું.

હવે હીરબાઈએ હિંમત કરીને છેલ્લી માંગણી મૂકી દીધી:

'ને ભેગાભેગું બીજલના લગનનું મામેરુંયે લેતા આવશો ને?'

'મામેરુંય ભેગું લેતો આવીશ,' ઓતમચંદે ખાતરી આપી. 'તમને મેં ધરમની બેન ગણ્યાં પછી ભાણિયાના લગનનું મામેરું તો વગર કીધે કરવું જ પડે ને!'

હીરબાઈના હરખનો પાર ન રહ્યો. બીજલના મામેરાનો ખ્યાલ આમ વાત વાતમાં વાસ્તવિક બની જશે એની તો એમને કલ્પના પણ નહોતી. આનંદાવેશમાં અરધાં અરધાં થઈને એમણે કહ્યું:

'એક લીલું નાળિયેર ને ચૂંદડી લઈ આવીને ઊભા રહેશો ને, તોય હું જાણીશ કે મારો ભાઈ મામેરું કરવા આવ્યો.'

'ફિકર કરો મા, બેન! તમે મને નવી જિંદગાની આપી, તો હું ગરીબ માણસ ગજાસંપત પરમાણે મામેરું નહીં કરું?'

'જીવતા રિયો, મારા વીર!' બહેને આંતરડીના આશીર્વાદ આપ્યા. 'તમને ગોઠણ સમાણી જાર થાય... ...ભગવાન તમારી આડીવાડી વધારે ને સંધીય વાતે સુખી કરે.'

આ હેતાળ ગૃહજીવનમાં ઓતમચંદને જે હૂંફ અનુભવવા મળી એને પરિણામે એની શારીરિક વેદના જાણે કે વિસારે પડી ગઈ.

રાતે મોડે મોડે સુધી સહુ સુખદુઃખની વાતો કરતાં રહ્યાં.

એભલ બજારમાં જઈને, વહેલી સવારે કપાસ ભરીને અમરગઢ સ્ટેશને જનાર એક ગાડાવાળા સાથે વાતચીત કરી આવેલો ને એ ગાડામાં મહેમાનને અમરગઢ સ્ટેશન સુધી પહોંચાડવાનો બંદોબસ્ત પણ કરી આવેલો. એ અનુસાર, મોડે મોડે સૂતેલા ઓતમચંદે માંડ એકાદ ઊંઘ ખેંચી હશે ત્યાં ગાડીવાને શેરીમાંથી સાદ કર્યો:

'એભલભાઈ, મહેમાનને સાબદા કરજો! હું અબઘડી માલ ભરીને આવું છું.'

હીરબાઈએ ઝટપટ મહેમાનને દાતણપાણી કરાવ્યાં, શીંકેથી દહીંનું દોણું ઉતાર્યું, કોઠલામાંથી રોટલા કાઢ્યા.

ઓતમચંદને શિરામણ પીરસીને હીરબાઈ ઓસરીમાં આવ્યાં ત્યાં તો ડેલીના ઉંબરામાં, ઉષાની તાજગી ઝીલીને પ્રફુલ્લદલ બનેલ ચંપકફૂલ સમી ચંપા હાથમાં દૂધનો કળશો લઈને ઊભી હતી.

હીરબાઈને નવાઈ લાગી. પૂછ્યું:

'આજ તો અટાણના પહોરમાં?'

'દૂધ લેવા આવી છું—' ચંપાએ કહ્યું.

'પણ હજી તો મેં ઢોર દોયાં નથી—'

'તો બેસો ઝટ દોવા,' ચંપાએ હુકમ ફરમાવ્યો.

'કેમ ભલા, કાંઈ લગન આવ્યાં છે તી આટલી ઉતાવળ કરે છે?'

'લગન તો આવશે જેનાં આવવાનાં હશે એનાં,' ચંપાએ કહ્યું. 'પણ આજે તો મનસુખમામા રાજકોટ જાય છે એટલે આટલી વહેલી દૂધ લેવા આવી છું.'

'પણ ગામગામતરે જાવા ટાણે દૂધ ન પિવાય એટલી તારામાં અક્કલ છે કે નહીં?' હીરબાઈએ કડક અવાજે કહ્યું. 'દૂધ તો અપશકન—'

'પણ મામા દૂધ નથી પીતા: ચા પીએ છે.'

'શું બોલી? શું પીએ છે?'

'ચા... ચા...' ચંપાએ હસીને કહ્યું. 'શહેરમાં હમણાં નવી ભાત્યનું પીણું આવ્યું છે—મામા તો સાહેબલોકની પેઢીમાં કામ કરે છે ને, એટલે ચા પીએ છે.'

આ નૂતન પીણા અંગે સાવ અનભિજ્ઞ એવાં હીરબાઈ તો આ વિચિત્ર નામ સાંભળીને ગમ ખાઈ ગયાં. થોડી વાર મૂંગાં મૂંગાં વિમાસણ અનુભવી રહ્યાં. પછી પૂછ્યું:

'ચા પીવામાં કાંઈ ધરમનો બાધ નહીં આવતો હોય ને?'

'ના રે ના!' ચંપા ફરી હસી પડી. 'મામા તો પાણીની જેમ ચા પીએ છે. શહેરમાં તો હવે સહુ શેઠિયાને ઘેર શિરામણને બદલે ચા-પાણી જ પિવાય છે.'

'તું જાણે બાઈ—! બાકી ગામપરગામ પરિયાણ કરવા ટાણે દૂધ તો અપશુકન ગણાય—'

'પણ મામા તો ગામડાંમાં ક્યાં રહે છે? શહેરના માણસને શકન-અપશકન નડે જ નહીં.'

'તો ઊભી રહે થોડીક વાર,' હીરબાઈએ કહ્યું, 'પહેલાં પરથમ અમારા મહેમાનને ગાડે બેસાડવા દે. પછી તારા મહેમાન સારુ દૂધ

ભરી દઈશ.' અને પછી વધારે સ્પષ્ટતા ખાતર ઉમેર્યું: 'તારા જેઠ આજે વાઘણિયે જાય છે... સમજી?'

ઓતમચંદ વિશેનો ઉલ્લેખ સાંભળીને આજે પહેલી જ વાર ચંપાનું મોઢું પડી ગયું. 'તારા જેઠ' શબ્દોએ આ યુવતીના સંતપ્ત હૃદયમાં વધારે વેદના જગાડી. આગલી રાતે જ ઘરમાં લાંબી લાંબી વિચારણાઓને અંતે લેવાઈ ગયેલો નિર્ણય યાદ આવતાં ચંપા પોતાના મનમાં ને મનમાં પ્રશ્ન પૂછી રહી:

'હવે એ મારા જેઠ ગણાય ખરા?'

લોકવહેવારે તો હવે ચંપાને આ અતિથિ સાથે કશી સગાઈ નહોતી. પણ પ્રેમસગાઈ એમ સહેલાઈથી થોડી તૂટી શકે એમ હતી? આગલી રાતે એભલે ગાડાનો બંદોબસ્ત કરેલો એ વાત ચકોર ચંપાની જાણ બહાર રહી શકી નહોતી. તેથી જ તો, એ પ્રેમસગાઈથી પ્રેરાઈને, વડીલની વિદાય પ્રસંગે એ અમસ્તું દૂધ લેવાનું બહાનું કાઢીને વહેલી વહેલી અહીં આવી પહોંચી હતી ને!

'શું વિચારમાં પડી ગઈ, ગગી?' હીરબાઈએ લાડપૂર્વક પૂછ્યું.

'કાંઈ નહીં, કાંઈ નહીં' કહીને ચંપાએ આદત મુજબ વાત રોળીટોળી નાખી.

'મારાથી કાંઈક છાનું રાખ છ એમ લાગે છે,' હીરબાઈ સમજી ગયાં.

'ના, ના, કાકી, તમારાથી મેં કાંઈ છાનું રાખ્યું છે?'

ચંપા બોલતી હતી ત્યાં ઓતમચંદ બહાર ઓસરીમાં આવી પહોંચ્યો તેથી એ શરમાળ યુવતી માથા પરથી સાડલાનો છેડો કપાળ પર ઓરો ખેંચીને બાજુમાં ખસી ગઈ.

એ મૂંગા અભિનય પરથી તો ઓતમચંદ ઘણું ઘણું સમજી ગયો.

શેરીમાં ગાડું આવી પહોંચ્યાનો ખડખડાટ થયો ને સાદ પણ સંભળાયો:

'એભલભાઈ, હાલો ઝટ!'

ઓતમચંદે ચોંપભેર તૈયારી કરવા માંડી.

હીરબાઈએ ગોળપાપડીનું ભાતું એક ડબલામાં ભરીને ભેગું બંધાવ્યું.

આછા ઘૂંઘટમાંથી ચંપા આ બધી ક્રિયાઓ ચકોર નજરે અવલોકી રહી હતી. એના અંતરની વેદનાથી ઓતમચંદ અજાણ નહોતો—બલકે, એનું સમદુ:ખી હૃદય આ યુવતીની અંતરવ્યથાની અનુભૂતિ કરી રહ્યું હતું. બંને જણ મૂંગાં હતાં—એકે મૂંગી વિદાય લેવાની હતી, બીજાએ મૂંગી વિદાય દેવાની હતી.

ભારે હૃદયે ને ભારે પગલે ઓતમચંદે ડેલીની દિશામાં ડગ માંડ્યાં ત્યારે ચંપાએ અજબ હિંમત કરીને ઘૂમટાભેર ગોઠણભર થઈને વિદાય થતા વડીલને વંદન કર્યાં.

આ દૃશ્ય જોઈને ઓતમચંદનાં ડગ થંભી ગયાં. મિશ્ર લાગણીઓ અનુભવી રહેલું એનું હૃદય એવું તો હલમલી ઊઠ્યું કે કયા શબ્દોમાં આશીર્વચન ઉચ્ચારવાં એ પણ એને ન સૂઝ્યું. આખરે ગદ્‌ગદિત અવાજે એટલું જ બોલ્યો:

'સુખી થાજે, દીકરી!'

આશીર્વચનમાં રહેલો સહૃદય સચ્ચાઈનો રણકો સાંભળીને ચંપાએ કૃતાર્થતા અનુભવી. ઊભી થઈને એણે હીરબાઈને કહ્યું:

'હીરીકાકી, જેઠજીને કિયો કે ચંપાનાં અન્નજળ તમારે ખોરડે જ લખ્યાં છે—'

પોતાના અંતરના અવાજને કોઈ પારકી જીભે અક્ષરશ: વાચા મળે ત્યારે માણસ જે આશ્ચર્ય અનુભવી રહે એવું જ આશ્ચર્ય ઓતમચંદે અનુભવ્યું. આભારવશ અવાજે બોલ્યો:

'જેવા લખ્યા લેખ... ને જેવી લેણાદેણી, દીકરી!... બાકી અટાણે તો અમારા ખોરડા ઉપર આકરી વેળા પડી છે—'

'પણ હીરીકાકી, તમતમારે કઈ દિયો કે મારા નસીબમાં તો વાઘણિયાનું એક જ ખોરડું લખ્યું છે—'

'મનેય એમ જ લાગે છે દીકરી!–મારી માંયલો પણ એમ જ કીધા કરે છે કે આમાં બીજો મીનમેખ નહીં થાય...'

'નહીં જ થાય–' ચંપા હજી પણ લાજના ઘૂમટામાંથી હિંમતભેર બોલતી જતી હતી.

'રંગ છે બેટા!' ઓતમચંદ પણ હવે પુલકિત સ્વરે બોલી ઊઠ્યો: 'વેળા તો વાદળાંની જેમ આવે ને જાય. એના કાંઈ વસવસા ન હોય. વિપદ પડ્યેય વણસે નહીં એનું નામ માણસ.'

અને પછી, જતાં જતાં ધન્યતા અનુભવી રહેલ ઓતમચંદ છેલ્લું વાક્ય ઉચ્ચારતો ગયો:

'તારા જેવી લખમી અમારા રાંક ઘરનું આંગણું અજવાળશે–'

શ્વશુરગૃહના શિરછત્ર સમા વડીલને આ રીતે મનોમન કોલ આપીને ચંપા ધન્યતા અનુભવી રહી.

ગાડામાં બેસતી વેળા ઓતમચંદ પણ આ ત્રણ-ચાર દિવસની મંત્રણાઓના આવા સુમધુર સમાપનથી જાણે કે સઘળી મનોવેદનાઓ વીસરી ગયો. આ શ્રદ્ધાળુ જીવ શાશ્વત 'શુભ'માં અચળ આસ્થા મૂકીને અમરગઢના મારગે આગળ વધ્યો.

*

૧૯

# મારો દકુભાઈ!

'બા, બાપુ આવ્યા!... બાપુ આવ્યા!'

ત્રણ-ત્રણ દિવસથી અમીટ આંખે પિતાની પ્રતીક્ષા કરી રહેલ બટુકે શેરીને નાકે પિતાને આવતા જોયા કે તરત જ એ સમાચાર, એટલી જ ઉત્કટ પ્રતીક્ષા કરી રહેલ માતાને પહોંચાડવા એ ઘરમાં દોડી ગયો.

'ભલે આવ્યા, ભલે આવ્યા...' લાડકોરે આ સમાચાર સાંભળીને આનંદાવેશ તો પુત્ર જેટલો જ, બલકે અદકો અનુભવ્યો. પણ પુત્રના જેવી બાલિશ રીતે એ પ્રદર્શિત કરવાનું એને ઉચિત ન લાગ્યું તેથી એ આનંદોર્મિ એણે મનમાં ને મનમાં જ રાખી.

સાંઢણી પર સવાર થઈને આવેલો કાસદ મહત્ત્વના સમાચાર પાઠવીને ચોંપભેર પાછો ફરે એવી અદાથી બટુક આ આગમનની જાહેરાત કરીને તુરત જ ઝડપભેર ફરી પાછો શેરીમાં દોડી ગયો ને હવે તો ડેલી નજીક આવી પહોંચેલા ઓતમચંદને વળગી પડ્યો.

'લાવો મારાં રમકડાં!... ક્યાં છે મારાં રમકડાં?'

ઘરમાં પગ મૂકતાં સુધીમાં તો બટુકે પિતાને આ પ્રશ્નો વડે પજવી જ નાખ્યા.

ઓતમચંદ આ અણસમજુ બાળકને 'ધીરો ખમ, ધીરો થા જરાક,' કહી કહીને સધિયારો આપ્યા કરતો હતો.

ઉંબરામાં લાડકોર સામી આવીને ઊભી હતી, તેથી ઓતમચંદ ડેલીમાં દાખલ થતાં જ ચાર આંખો મળી ગઈ.

લાડકોરે પોતાના હેતાળ હૃદયના પ્રતીક સમી આછેરી મુસ્કરાહટ

વડે પતિનું સ્વાગત કર્યું અને ઓતમચંદે એવા જ મધુર હાસ્ય વડે એ ઝીલ્યું.

અમરગઢ સ્ટેશનથી વાઘણિયા સુધી પગપાળા આવેલા ઓતમચંદે ખભા પરથી ભાર હળવો કરવા પોટકું હેઠું ઉતાર્યું.

લાડકોર અર્થસૂચક નજરે એ પોટકા ભણી તાકી રહી. દકુભાઈને ઘેરથી આ પોટકામાં શું આવ્યું હશે એની કલ્પના કરી રહી.

'માલીકોર ઘરમાં ઉતારો, ઘરમાં.' લાડકોરે અર્થસૂચક અવાજે કહ્યું. દકુભાઈને ઘેરથી આવેલ જરજોખમ આમ ઓસરીમાં ઉતારવામાં લાડકોરને જોખમ જણાતું હતું.

પત્નીના આ સૂચનનો ધ્વન્યાર્થ સમજતાં ઓતમચંદને વાર ન લાગી. દુનિયાદારીનો આકંઠ અનુભવ કરી ચૂકેલા અને સંસારનાં સુખ-દુઃખને ઘોળીને પી ગયેલ કોઈ ફિલસૂફની અદાથી ઓતમચંદ મનમાં ને મનમાં હસી રહ્યો. પણ એ ભાવ એણે મોઢા પર વ્યક્ત થવા ન દીધો. રખે ને પોતાના આગમન સાથે જ પત્નીએ સેવેલાં સઘળાં સપનાં સરી જાય, એનું ભ્રમનિરસ ન થઈ જાય એ ભયથી શાણા પતિએ પોતાની અર્ધાંગનાની આજ્ઞા શિરસાવંદ્ય ગણીને આજ્ઞાંકિત સેવકની જેમ ઓસરીમાંથી પોટલું ઉપાડી લીધું ને અંદરના ઓરડામાં પટારા પર મૂકી આવ્યો.

પત્નીએ પાણિયારેથી કળશો ભર્યો ને ઓતમચંદ ઓસરીની કોર ઉપર હાથમોઢું ધોવા બેઠો કે તુરત લાડકોર ચોંપભેર અંદરના ઓરડામાં ગઈ. કેડ ઉપરથી કૂંચીનો ઝૂમખો કાઢીને પટારો ઉઘાડ્યો અને 'જરજોખમ તો સાચવીને રાખવાં સારાં,' એમ મનમાં બોલતાં બોલતાં એણે ઝટપટ પેલું પોટલું પટારાના ઊંડાણમાં મેલી દીધું.

વાઘણિયાના જ એક પંકાયેલા લુહારે ઘડેલા આ તિજોરી જેવા સાબૂત પટારામાં નીચા નમીને પોટલું ઉતારતાં ઉતારતાં વળી લાડકોરના મનમાં એક પ્રશ્ન ઊઠ્યો: 'આમાં ભાર તો બવ લાગતો

નથી!—' પણ પછી, એના અસીમ આશાવાદે મનમાં સમાધાન યોજ્યું: 'રોકડને બદલે નોટું આપી હશે—ને કાં તો પંડ્યે જ અંગરખા નીચે કે કાછડીયે જોખમ ચડાવ્યું હશે.'

'લાવો મારાં રમકડાં!' ઓતમચંદ હાથમોઢું ધોઈને પરવાર્યો અને વળગણીએથી ફાળિયું ઉતારીને મોં લૂછવા લાગ્યો ત્યાં સુધીમાં બટુકે તો 'લાવો મારાં રમકડાં'ની એકધારી મોં-પાટ જ ચાલુ રાખી હતી.

પુત્રની આવી બાલસહજ માગણીથી પિતાને એક જાતનો આનંદ થતો હતો અને રમકડાંની સોંપણીમાં એ ઇરાદાપૂર્વક વિલંબ કરીને પુત્રને વધારે પજવવામાં વળી એને અદકો આનંદ થતો હતો; પણ લાડકોરને પુત્રની આવી બાલોચિત રીતભાત અત્યારે અકળાવનારી લાગતાં એણે ડારો દીધો:

'થાક્યાપાક્યા આવ્યા છે એને જરાક વિસામો તો ખાવા દે! રમકડાં, રમકડાં કરીને લોહી પી ગયો તું તો!'

'અરે, અરે, આવાં આકરાં વેણ બોલો મા, બોલો મા.' ઓતમચંદે પત્નીને વારી. 'હું પણ બટુક જેવડો હતો ને, તંયે મોટા બાપુને આમ જ પજવતો, પણ એને લોહી પીધું એમ ન કહેવાય. બિચારાં બાળુડાં કોને કિયે!'

આટલું કહીને ઓતમચંદ અંદરના ઓરડા તરફ જતાં જતાં બોલ્યો:

'લાવો, પોટકું છોડીને છોકરાનો કજિયો ભાંગું—'

'પોટકું તો મેં સાચવીને મેલી દીધું—' લાડકોર બોલી.

'ક્યાં?''

'હળવે સાદે બોલો, હળવે સાદે,' પતિને સૂચના આપીને પછી લાડકોરે પોતે અત્યંત હળવે અવાજે ઓતમચંદના કાનમાં ફૂંક મારી: 'પટારામાં—'

જરાક જ જુદી પરિસ્થિતિ હોત તો ઓતમચંદ આ સાંભળીને ખડખડાટ હસી પડ્યો હોત. પણ આજના નાજુક સંજોગમાં પત્નીને

એ આટલો વહેલો આઘાત આપવા નહોતો ઇચ્છતો તેથી એણે ગંભીર ભાવે લાડકોર પાસેથી પટારાની કૂંચી માંગી લીધી ને મૂંગે મૂંગે પેલા પોટકામાંથી 'માલ' બહાર કાઢી લીધો.

'લે આ પી-પી!' મેંગણીમાંથી બીજલે આપેલી વાંસળી બટુકના હાથમાં મૂકતાં ઓતમચંદે કહ્યું.

વાંસળીમાં ફૂંક મારતાં જ બટુક એનો અવાજ સાંભળીને નાચી ઊઠ્યો.

'વાંસળી કોણે મોકલી બેટા?—બોલ જોઈએ!' લાડકોર પોતાને મહિયરથી આવેલી આ અણમોલ ભેટ પર પ્રેષકનું નામ પુત્રના મનમાં પાકું કરાવવા માગતી હતી.

પણ આ ઉત્સવપ્રિય છોકરો નવો નવો સાંપડેલો પાવો વગાડવામાં જ એવો તો ગુલતાન હતો કે આવી વહેવારડાહી વાતમાં એને રસ જ નહોતો.

'પાવો કોણે મોકલ્યો, બેટા?—બોલ જોઈએ!' પુત્રને મોઢેથી જ પાકો ઉત્તર મેળવવા માતાએ ફરી દબાણ કર્યું.

છતાં જ્યારે બટુકે આ સોગાદ મોકલનારના ઋણસ્વીકારની પરવા ન કરી ત્યારે આખરે ઓતમચંદે જ એને સૂચવવું પડ્યું:

'કહે બેટા, કે મામાના દીકરાએ પાવો મોકલ્યો... દકુભાઈએ મોકલ્યો—'

'મામાના બાલુભાઈએ મોકલ્યો—' પિતાએ પઢાવેલું પોપટવાક્ય પુત્રે જ્યારે યંત્રવત્ ઉચ્ચાર્યું ત્યારે માતાના હર્ષાવેશની અવધિ ન રહી.

અને છતાં, હરખઘેલી લાડકોરને આવા એક જ રસાનુભવથી સંતોષ થાય એમ નહોતો. પાવાના સૂરમાં ગળાબૂડ સેલારા લેતા પુત્રને મોઢેથી એણે ફરી ફરીને પરાણે આ વાક્ય બોલાવ્યા કર્યું:

'મામાએ પાવો મોકલ્યો...'

'મામાએ રમકડાં મોકલ્યાં...'

અને પુત્રના દરેક વાક્યને અંતે માતા 'મારો દકુભાઈ!' 'મારો દકુભાઈ!' કહીને પોતાના ભાઈની ઉદારદિલી અંગે ધન્યતા અનુભવતી રહી. અને એ દરિયાવદિલ ભાઈએ રમકડાં સાથે રોકડ તો કોણ જાણે કેટલી બધી બંધાવી હશે એની તો એ કલ્પના જ કરી રહી. પટારામાં મૂકી દીધેલું પોટલું તો રાતે શેરીમાં સોપો પડી ગયા પછી જ પોતે છોડશે. અત્યારે તો એની મધુર કલ્પનાથી જ એ આનંદ અનુભવી રહી.

*

રમકડાં-પ્રકરણ પત્યા પછી જ લાડકોરને પતિ સાથે વાત કરવાનો અવકાશ મળ્યો. બપોર ટાણે પતિ માટે રસોડામાં થાળી પીરસતાં પીરસતાં એણે કહ્યું:

'તમે તો ઈશ્વરિયે બહુ રોકાઈ ગયા, કાંઈ!'

જવાબમાં ઓતમચંદે અજબ વ્યંગભર્યું મૂંગું હાસ્ય વેર્યું.

'હું તો રોજ ઊઠીને દાળભાત ઓરતાં પહેલાં તમારી વાટ જોઉં. બટુક તો ઠેઠ ઝાંપે જઈને ઊભો રહે ને પછી થાકીને પાછો આવે.'

'મનેય મનમાં તો થાતું કે ઘરે વાટ જોવાતી હશે,' ઓતમચંદને હવે બોલવાની જરૂર જણાઈ. 'પણ તમારો દકુભાઈ મને એમ ઝટ નીકળવા દિયે ખરો?'

'મારો દકુભાઈ!' લાડકોરે ગર્વભેર સંતોષ વ્યક્ત કર્યો.

'રોજ સવારમાં ઊઠીને વાઘણિયે આવવાનું પરિયાણ કરું ને દકુભાઈ સમસાગરા દઈને રોકી દિયે—'

'મારો દકુભાઈ!'

'કાલે સવારે તો હું સાચે જ ખભે ફાળિયું નાખીને નીકળતો'તો, પણ દકુભાઈ ઉંબરા આડે ઊભા રિયા ને કીધું કે જાય એને સહુથી વહાલા સગાના સમ!'

'મારો દકુભાઈ!'

'તાણ્ય કરીને કિયે કે આવ્યા છો તો હવે અઠવાડિયું રોકાઈ જાવ!'

'મારો દકુભાઈ!' પતિના વાક્યે વાક્યે પત્ની તરફથી આ પ્રશસ્તિ શબ્દો ઉચ્ચારાતા હતા.

'આજે પણ સવારે નીકળતો'તો તંયે દકુભાઈએ આડે ઊભીને ઉંબરો બાંધ્યો–'

'મારો દકુભાઈ વેન વિવેકમાં ઓછો ઊતરે એમ નથી!'

'પણ મેં માથું મારીને કીધું કે આજ હવે નીકળ્યા વિના છૂટકો જ નથી. એટલે દકુભાઈ બચારો બવ કોચવાઈ ગયો... નછૂટકે મને શીખ આપી... ભેગું આ ગોળપાપડી ને તલસાંકળીનું ભાતું બંધાવ્યું–' મેંગણીથી આહીરાણીએ બંધાવેલી ખાદ્ય ચીજો લાડકોરે થાળીમાં જ પીરસી દીધી હતી.

'મારો દકુભાઈ!' પતિના વાક્યે વાક્યે પત્નીનો અહોભાવ વધતો જતો હતો. 'ભોજાઈ પારકી જણી એટલે ગમે એવી લોંડીલુચ્ચી હોય, પણ ભાઈ તો મારી માનો જણ્યો... બેન-ભાંડરડાંને કેમ કરીને ભૂલે–'

'હવે હાંઉં કરો, હાંઉં!' પતિનો અવાજ સાંભળીને લાડકોરના કાન ચમક્યા. શી બાબતમાં એ બસ કરવાનું કહે છે–દકુભાઈની પ્રશસ્તિમાં?... એમ લાડકોર વિચારી રહી ત્યાં તો ઓતમચંદે જ સ્ફોટ કર્યો: 'હવે વધારે રોટલી નહીં ખવાય...'

'અરે આટલામાં પેટ ભરાઈ ગયું?' લાડકોરે સામું પૂછ્યું.

'હવે વધારે હાલે એમ નથી.'

'કેમ ભલા? આજે તો લાંબો પંથ ખેડીને આવ્યા એટલે વધારે ભૂખ લાગવી જોઈએ, એને બદલે–'

'આજે તો મુદ્દલ ભૂખ નહોતી લાગી, પણ બેસવા ખાતર પાટલે બેઠો–'

'ભૂખ કેમ ન લાગે ભલા?' પ્રેમાળ સ્વરે પત્નીએ ઊલટતપાસ શરૂ કરી.

'દકુભાઈએ રોજ ને રોજ ભાત ભાતનાં મિષ્ટાન્ન જમાડીને એવો તો ધરવી દીધો છે કે હવે એક મહિના લગી ભૂખ જ નહીં લાગે—'

ઓતમચંદે તો આ વાક્ય હસતાં હસતાં ઉચ્ચાર્યું, પણ ભોળી લાડકોરે એને ગંભીર ભાવે સાચું માન્યું. ફરી એ ભાઈની બહેને બિરદાવલિ ગાવા માંડી:

'મારો દકુભાઈ! આગતાસ્વાગતામાં જરાય ઓછો ઊતરે એમ નથી!'

'ને આગતાસ્વાગતા પણ કેવી! ભલભલા રાજ-રજવાડાંમાંય ન ભાળીએ એવી!' ઓતમચંદે વિગતો રજૂ કરી: 'એક ટંક પૂરણપોળી તો બીજે ટંક પકવાન... એક દી દૂધપાક તો બીજે દી બાસુંદી... એક વાર—'

'મારો દકુભાઈ!—હું તમને નહોતી કે'તી કે ગમે તેવો તોય મારો માનો જણ્યો! તમે ઠાલા ઈશ્વરિયે જતાં ઓઝપાતા'તા—'

'ઈશ્વરિયામાં તો દકુભાઈએ રજવાડું ઊભું કરી દીધું છે રજવાડું. ભલભલા ભૂપતિ એની પાસે ઝાંખા લાગે એવું, ઓહો ને બાસ્તા જેવું ઘર વસાવ્યું છે...'

'મારો દકુભાઈ!... મોલમિન ખેડ્યા પછી આવતો દી થયો તો કેવું સંધીય વાતનું સુખ થઈ ગયું!'

દકુભાઈનો દીબાચો સાંભળીને લાડકોર ચગી હતી. ઓતમચંદે એને હજી વધારે ચગાવી:

'ને દકુભાઈના ઘરમાં કાંઈ રાચરચીલું, કાંઈ રાચરચીલું! ભલભલા લાટસાહેબના બંગલામાંય ગોત્યું ન જડે એવું—'

'સાચોસાચ?'

'હા. મોલમિનથી ગાડામોઢે માલ લઈ આવ્યા છે... કરાફાતની

કારીગરી!... અકલ કામ ન કરે એવી!... એક જુઓ ને બીજી ભૂલો એવી!

'મારો દકુભાઈ! હવે એનો આવતો દી થયો એનાં આ એંધાણ... આપણે ઘેરે રિયો હોત તો જિંદગી આખી વાણોતરું ઢરડ્યા કરત બિચારો.'

'હું તો આટલા દી ઈશ્વરિયાને બદલે જાણે કે પાંચમા દેવલોકમાં પૂગી ગયો હોઉં એવું જ લાગ્યા કરતું હતું,' ઓતમચંદે દ્વિઅર્થી વાક્ય ઉચ્ચારીને પછી ઉમેર્યું: 'દેવલોકમાંય દકુભાઈના ઘર જેવાં દોમદોમ સુખસાહ્યબી નહીં હોય.'

'ક્યાંથી હોય! દકુભાઈએ તો આટઆટલાં દુઃખ ભોગવ્યાં પછી સુખસાહ્યબી સાંપડ્યાં છે—'

'પણ દકુભાઈમાં આવતા દીનો જરાય એંકાર નહીં હોં!' ઓતમચંદે સ્વયંસ્ફુરણાથી જ વણમાગ્યું પ્રમાણપત્ર આપ્યું.

'એનું નામ માણસ!' લાડકોરે સમર્થન કર્યું, 'આંબામાં ને બાવળમાં ફેર એટલો ફેર. બાવળ હંમેશાં ઊંચો જ રહે. ને આંબાને ફળ આવતાં જાય એમ નીચો નમતો જાય—'

'એટલે તો કહું છું કે દકુભાઈએ એવી તો સરસ સરભરા કરી કે હું તો બીજું સંધુંય ભૂલી ગયો.'

'મને સોત ભૂલી ગયા'તા?' લાડકોરે કટાક્ષમાં પૂછ્યું.

આ સાંભળીને ઓતમચંદને પણ હસવું આવ્યું. પ્રૌઢ દંપતીની ચાર આંખો મૂંગી ગોઠડી કરી રહી અને બંનેની નજર પુત્ર ઉપર કેન્દ્રિત થઈ.

'સંધુંય ભુલાઈ ગયું'તું પણ આ બટુક સાંભર્યો એટલે હું પાછો આવ્યો.' ઓતમચંદે સમાપન કરતાં કહ્યું, 'બાકી, દકુભાઈની પરોણાગતથી એવો તો ગળા લગી ધરાઈ રહ્યો છું કે છ મહિના લગી હવે ભૂખ જ નહીં લાગે.'

'મારો દકુભાઈ!' કહીને લાડકોરે છેલ્લો ઉદ્ગાર કાઢ્યો.

*

જમી કારવીને, એંઠવાડ કાઢ્યા પછી લાડકોર સાંજ પડવાની રાહ જોતી રહી. દકુભાઈને ત્યાંથી આવેલ નગદ નાણાંની જાણ રાતે જ થઈ શકે એમ હતી. ઓતમચંદ તો જમી પરવારીને સીધો દુકાને જ ગયો હતો. હવે તો ક્યારે સાંજ પડે ને ક્યારે પતિ વાળુ કરવા આવે એની પ્રતીક્ષા થતી હતી.

લાડકોરને આજનો દિવસ લાંબામાં લાંબો લાગતો હતો—કેમેય કરી સાંજ પડતી જ નહોતી. ઘડીભર તો એને થયું કે પતિની રાહ જોયા વિના હું જ પટારામાંનું પોટલું છોડી નાખું અને જાણી લઉં કે એમાં કેટલીક મૂડી ભરી આવ્યા છે. પણ દામ્પત્યની કેટલીક અણલખી શિસ્તની અંતર્ગત સમજણે લાડકોરને એમ કરતાં રોકી. 'કાંઈ નહીં, ઘડીક વારમાં શું ખાટુંમોળું થઈ જવાનું છે?' એમ વિચારીને એણે પતિની રાહ જોવાનું જ ગનીમત ગણ્યું.

આખરે રાત પડી!

પતિના પગ દાબતાં દાબતાં જ સુખદુ:ખની વાતો કરવાની લાડકોરને આદત હતી. એ આદત મુજબ, આજે પણ વાત વાતમાં જ એણે ઓતમચંદની અનુમતિ માગી:

'પટારો ઉઘાડું?'

સાંભળીને ઓતમચંદ ધ્રૂજી ઊઠ્યો. બપોરથી અત્યાર સુધી ગુપ્ત રાખેલું રહસ્ય હમણાં છતું થઈ જશે! બીજી બધી બાબતોમાં તો પત્નીને સુખદ ભ્રમમાં રાખવામાં પોતે આબાદ સફળ થયો હતો પણ આ પોટકાની બાબતમાં હવે વધુ વાર ભ્રમજાળ જાળવવાનું મુશ્કેલ હતું.

'પટારો ઉઘાડું?'ના ઔપચારિક પ્રશ્નનો ઓતમચંદ કશો ઉત્તર

આપી શક્યો નહીં. લાડકોર આ મૌનને જ અનુમતિ ગણીને ઊભી થઈ અને પટારો ઉઘાડ્યો.

લાડકોરે પટારામાં થોડી વાર આમથી તેમ હાથફેરો કરીને આખરે કહ્યું: 'પોટકું તો કોઈએ છોડી નાખ્યું લાગે છે!'

'મેં જ છોડ્યું છે–' ઓતમચંદે કહ્યું.

'હં... હવે સમજી!' લાડકોર હસતી હસતી પાછી આવી. 'મને છેતરવા સારુ તમે સંધુંય છોડી દીધું છે, કેમ?'

ઓતમચંદે મનમાં વિચાર્યું: હા, છેતરવા સારુ તો આ બધીય લીલા કરવી પડે છે.

'પોટકામાં શું શું હતું હવે કહી દિયો જોઈએ ઝટ!'

'કાંઈ નહોતું.' ઓતમચંદે પહેલી જ વાર સાચી વાત કરી.

'કાંઈ નહોતું કેમ ભલા? મેં મારે સગે હાથે પોટકું પટારામાં મેલ્યું'તું ને અટાણે તો ખાલી ફાળિયું જ પડ્યું છે.'

'એમાં ફક્ત રમકડાં ને ગોળપાપડીનું ભાતું જ ભર્યું'તું.'

'બીજું કાંઈ નો'તું?'

'ના, બીજું કાંઈ કરતાં કાંઈ નો'તું.'

થોડી વાર તો લાડકોર ગમ ખાઈ ગઈ. પણ એનો અસીમ આશાવાદ હજી આમ ઓસરી જાય એમ નહોતો. બોલી:

'હં... સમજી, સમજી! જોખમ સંધુંય અંગરખીના ખિસ્સામાં ભરી આવ્યાં હશો. સાચું કે નહીં?

'ના, અંગરખીનાં ખિસ્સાં સંધાય ખાલી છે.' ઓતમચંદે કહ્યું.

'મારા દકુભાઈએ કાંઈ આપ્યું જ નથી?' લાડકોરે અધ્ધર શ્વાસે પૂછ્યું.

'દકુભાઈએ તો ઘણુંય આપ્યું'તું બિચારે...' ઓતમચંદે ફરી વાર અસત્યનો પ્રયોગ કર્યો.

'આપ્યું'તું તો ગયું ક્યાં?' લાડકોરે પૂછ્યું.

'આપણાં નસીબમાં ન સમાણું.'
'એટલે? શું થયું? સરખી વાત કરો–'
'વાત જાણે એમ થઈ કે ઈશ્વરિયેથી દકુભાઈએ તો આપણી ભવની ભાવટ ભાંગી જાય એટલું સારીપટ આપ્યું'તું... પણ...'
'પણ શું થયું? ઝટ બોલો, મારો જીવ ઊચક થઈ ગયો છે–'
'પણ ગામમાં કાંટિયા વરણની વસ્તી વધારે રહી ને, એટલે કોક જાણભેદુએ આ જરજોખમનો વે'મ રાખી લીધો હશે...'
'હા... ઈશ્વરિયાના આયર તો મૂવા જમડા જેવા... ધોળે દીએ માથાં વાઢી નાખે એવા...'
'તી એમાંથી કોક જાણભેદુને આ જરજોખમની ગંધ આવી ગઈ હશે... સમજી ને?' ઓતમચંદે પત્નીને બરોબર સમજાવી'તી, હું કોથળિયું લઈને વાઘણિયાને કેડે ચડ્યો... ને ખળખળિયે પહોંચીને જરાક પોરો ખાવા બેઠો કે તરત પછવાડેથી કોઈકે આવીને મને બોચીમાંથી ઝાલ્યો...'
'અરર... પીટડિયાવ...'
'બોચી ઝાલીને બોલ્યા કે કાઢી દે સંધોય માલ–'
'પછી? પછી?'
'પછી તો એણે ધોલધપાટ શરૂ કરી... પણ હું શું આપણા બટુક જેવડો કીકલો થોડો હતો કે એમ બીકનો માર્યો માલ સોંપી દઉં?'
'એમ તી સોંપાતું હશે કાંઈ?'
'મેં તો સરાધાર ના જ ભણ્યે રાખી કે મારી પાસે કાંઈ છે જ નહીં... પણ જાણભેદુને પાકો વે'મ હતો એટલે એણે તો હાથમાં પરોણી લઈને મને સબ સબ કરતી સબોડવા જ માંડી...'
'મરે રે મૂવો રાખહ!' લાડકોરે એ જાણભેદુને સ્વસ્તિવચન સંભળાવીને પછી પતિને પૂછ્યું: 'સાચોસાચ તમને પરોણા સબોડ્યા?'
'વિશ્વાસ ન બેસતો હોય તો જોઈ લે, આ રહી વાંસામાં એની

લીલીકાચ ભરોડ્યું...' ઓતમચંદે પીઠ ફેરવીને લાઠીપ્રહારનાં નિશાનો બતાવ્યાં.

મીઠા તેલના મોઢિયાના આછા ઉજાશમાં પણ પતિના બરડા પર આડી ને અવળી ઊપસી આવેલી ભરોડો ને લોહીના ઉઝરડા જોઈને લાડકોરના મોઢામાંથી સિસકારો નીકળી ગયો:

'અરરર... મૂવા જમડાએ માર મારવામાં જરાય પાછું વાળીને જોયું લાગતું નથી... વાંસો આખો ઉતરડી નાખ્યો છે વાલા મૂવાએ?'

'ઢોરમાર ખાઈ ખાઈને હું તો ઢળી પડ્યો. ને એ જોરૂકો આદમી સંધુંય ખંખેરીને, મને હાથેપગે સાવ હળવો કરીને હાલતો થઈ ગયો...'

સાંભળીને લાડકોર સ્તબ્ધ બની ગઈ. પછી પતિનું સર્વસ્વ લૂંટી લેનાર એ શત્રુને ઉદ્દેશીને ધીમે ધીમે શાપવચનો ઉચ્ચારવા લાગી:

'રોયાનાં રઝળે અંતરિયાળ!... રાખહને રૂંવે રૂંવે રગતપિત નીકળે!... આપણા મોંમાંથી રોટલો ઝૂંટી લેનારનું જાય રે જડાબીટ!'

'બિચારાને હવે ગાળભેળ દઈને ઠાલાં શું કામને પાપકરમ બાંધવાં?'

'ગાળભેળ ન દઉં તો શું એને ગોપીચંદન ચડાવું મૂવા મતીરાને?... ઈ શૂળકઢાની સાતેય પેઢીનું સત્યાનાશ નીકળશે!'

'દાણેદાણા ઉપર ખાનારાંનાં નામ લખ્યાં હોય છે. દકુભાઈએ દીધેલું એ આપણા નસીબનું નહીં હોય ને ઓલ્યા જાણભેદુના નસીબમાં માંડ્યું હશે, એટલે લઈ ગયો એમ સમજવું.' પતિએ લાડકોરને આશ્વાસન આપ્યું.

પણ લાડકોરનો પરિતાપ આવાં પોપટવાક્યોથી શમે એમ નહોતો. એ તો હજી વસવસો કરતી જ રહી:

'અરેરે... આ તો તમારે ફોગટ ફેરા જેવું થયું... ઓલ્યા બ્રાહ્મણની જેમ આપણા હાથમાં તો ત્રણ પવાલાંનાં ત્રણ પવાલાં જ રહ્યાં...'

'એટલે તો હું કહેતો'તો કે પારકી આશ સદાય નિરાશ. પારકાનું આપ્યું ને તાપ્યું કેટલી વાર ટકે!' ઓતમચંદે પત્નીનો આઘાત ઓછો

કરવા ફરી વાર ડહાપણનાં સૂત્રો ઉચ્ચારવા માંડ્યાં, 'આ સંસારના સાગરમાં સહુએ પોતપોતાના તૂંબડે જ તરવું જોઈએ... સમજણ પડી ને?'

પણ જેટલી આસાનીથી ઓતમચંદે દકુભાઈનો જાકારો જીરવી જાણ્યો હતો એટલી સહેલાઈથી લાડકોર આ કપોલકલ્પિત અહેવાલનો આઘાત સહન કરી શકે એમ નહોતી. છેક પરોઢ સુધી એનું વ્યથિત હૃદય આ વસમી વેદનાથી કણસતું રહ્યું. ખળખળિયાને કાંઠે ઢોરમાર પડ્યો હતો તો ઓતમચંદની પીઠ ઉપર, પણ એની વેદના લાડકોર અનુભવતી હતી.

એણે પતિને પૂછ્યું: 'વાંસામાં શેકબેક કરી દઉં?'

'ના... રે, એવું બધું ક્યાં વાગ્યું છે કે શેક કરવો પડે!' ઓતમચંદે વાત હસી નાખી.

'તમે તે કેવા મીંઢા કે આવ્યા પછી અટાણ લગી આ વાત જ ન કરી!'

'ઠાલાં તમે ફિકરમાં પડી જાવ ને જીવ બાળ્યા કરો...'

પણ પત્નીની જીવબળતરા તો વધતી જવાની જ હતી. લગભગ આખી રાત અજંપામાં વિતાવ્યા પછી બીજે દિવસે મેંગણીથી કપૂરશેઠનો જે કાગળ આવ્યો એની વિગતો અનેક રાતો સુધી અજંપો ઉત્પન્ન કરનારી તથા જીવબળતરા કરાવનારી હતી.

એ કાગળમાં કપૂરશેઠે નરોત્તમ સાથેનું ચંપાનું વેવિશાળ ફોક કર્યાના સત્તાવાર સમાચાર લખ્યા હતા.

*

૨૦

# કામદાર નહીં, કાંગસીવાળો

**'મોટા,** આમ આવી મામૂલી વાતમાં આટલા મૂંઝાઈ શું ગયા છો? હૈયારી રાખ્ય, હૈયારી... એ તો એમ જ હાલે. સંસાર કોને કહે! ઘડીક સુખ, ઘડીક દુઃખ, વળી પાછું સુખ પણ આવે. સમજ્યો ને? છાતી કઠણ રાખતાં આવડવું જોઈએ, મારા ભાઈ!'

દિવસ આખાના કામકાજથી પરવારીને નરોત્તમ રાતે કીલાની ઓરડી પર આવ્યો ત્યારે વાઘણિયેથી મોટા ભાઈએ લખેલો પત્ર એના હાથમાં આવ્યો. પોતાનું વેવિશાળ ફોક થયાની વિગતો વાંચીને નરોત્તમ હતાશ થઈ ગયો ત્યારે કીલાભાઈએ એને હિંમત આપવા માંડી હતી.

'મોટા, આમ પોચો ગાભા જેવો થઈને શું બેઠો છે?' વધારે પરિચય કેળવાયા પછી કીલાએ પોતાના આ નાનેરા સાથીદારને 'મોટા'ના હુલામણા નામે સંબોધવાનું શરૂ કરેલું.

કીલાભાઈ તરફથી મળેલાં સંખ્યાબંધ સાંત્વનો છતાં નરોત્તમે પોતાનું મૌન ન છોડ્યું ત્યારે કીલાએ પોતાની આદત મુજબ આકરાં વેણ સંભળાવવા માંડ્યાં:

'એલા તું તે મરદ છો કે બાઈમાલી? આમ રાંડી રાંડની ઘોડ્યે માથે હાથ દઈને શું બેસી ગયો છો? બાયડી પરણવી એમાં કઈ મોટી વાત છે! કાલ સવારે તને કંકુઆળો કરાવી દઈશ...' કહીને કીલાએ આદત મુજબ પોતાની આત્મશ્લાઘા શરૂ કરી: 'મને ઓળખે છે તું? હું કોણ? કીલો કાંગસીવાળો!'

પણ 'કાંગસીવાળા'નો આ પરચો પણ સંતપ્ત નરોત્તમને કશું

સાંત્વન ન આપી શક્યો ત્યારે કીલાએ એક બીજો કીમિયો અજમાવવાનું વિચાર્યું.

બીજે દિવસે સવારમાં કીલો હંમેશના નિયમ કરતાં બહુ વહેલો ઊઠ્યો અને ચૂલો પેટાવ્યો ત્યારે નરોત્તમને બહુ નવાઈ લાગી. એણે આટલા વહેલા ઊઠવાનું કારણ પૂછ્યું ત્યારે કીલાએ ટૂંકો જવાબ આપ્યો:

'આજે આપણે અપાસરે જવું છે.'

'અપાસરે?' નરોત્તમને વધારે નવાઈ લાગી. પોતે આટલા દિવસથી આ ઓરડીમાં રહેતો હતો પણ અપાસરાનું નામ તો કીલાએ કોઈ વાર લીધું જ નહોતું.

'કેમ ભલા? ધરમના થાનકમાં જાવામાં તને કાંઈ વાંધો છે?' કીલાએ પૂછ્યું.

'ના રે ના. વાંધો વળી શું હોય?'

'તો ઠીક. ધરમનાં બે વેણ કાનમાં પડશે તો કાયાનું કલ્યાણ થાશે.'

'થાવા દિયો ત્યારે!' નરોત્તમે લાપરવાહીથી કહ્યું.

'અપાસરામાં બાળબ્રહ્મચારી મીઠીબાઈસ્વામી બિરાજે છે... રાજકોટને નસીબે આ ચોમાસે બહુ ગરવાં આરજા આવ્યાં છે. દર્શન કરીએ તો ભવસાગર તરી જાઈએ,' કીલો આ સાધ્વીજીની પ્રશસ્તિ નરોત્તમ કરતાંય વિશેષ તો પોતાને જ સંભળાવી રહ્યો હતો: 'રોજ સવારમાં વખાણ બેસે છે... ને કેવળજ્ઞાની જેવાં મીઠીબાઈસ્વામીના મોઢામાંથી જાણે કે અમૃત ઝરે છે. આવી દેવવાણી સાંભળવા ઠેઠ ક્યાંય ક્યાંયથી શ્રાવક-શ્રાવિકા આવે છે.'

આ પ્રશસ્તિમાં નરોત્તમે કશો રસ ન બતાવ્યો છતાં કીલાએ તો પોતાનું સંભાષણ ચાલુ જ રાખ્યું:

'આરજાની ઉંમર હજી નાની છે પણ પરિષહ કેવા આકરા ખમે છે! સંસાર ત્યાગીને પોતે તો તરી ગયાં ને હવે આપણા જેવા ભારેકરમી જીવને તારી રહ્યાં છે... મીઠીબાઈનો આત્મા જ

કોઈ મહાપુણ્યશાળી હશે... નહીંતર, આ ઉંમરે જેને સંસારનાં
ભોગવવાનાં હોય એ આમ પંચમુષ્ટિલોચ કરીને સાધ્વી થઈ જા

આવી સંબદ્ધ-અસંબદ્ધ સ્વગતોક્તિઓ ઉચ્ચાર્યા કરવાની કીલ
આદતથી નરોત્તમ એટલો ટેવાઈ ગયેલો કે અત્યારે એણે
સાધ્વીપ્રકરણ વિશેના પ્રલાપમાં ખાસ સક્રિય રસ બતાવ્યો
કેવળ કુતૂહલથી એ મૂંગો મૂંગો સાંભળી રહ્યો.

'મોટા, તું ઝટપટ તૈયાર થઈ જા!—વખાણમાં ટેમસર પૂગી
પડશે... આઠ વાગ્યા પહેલાં તો અપાસરો આખો હકડેઠઠ ભ
જાય છે. મોટા અમલદાર ને રાજરજવાડાં વખાણમાં આવે છે,
તો ઊભવાની જગ્યા નથી જડતી—'

'સાચે જ?' હવે નરોત્તમે જરા રસ બતાવ્યો.

'અરે! ચીખલીઆળાના દરબાર હાથિયાવાળા બાપુ પોતે હ
રહે છે. મીઠીબાઈસ્વામીની અમૃતવાણી તેં હજી સાંભળી નથી
સુધી શું કહું તને! જાણે કે સમોસરણમાં વીરપ્રભુ દેશણા દેતા
એવું લાગે! આ પંચમકાળમાં આવા પુણ્યશાળી આત્માનાં
કરીએ તોય આપણાં પાતક ધોવાઈ જાય.'

બેય ભાઈબંધો ઓરડીમાંથી નીકળીને ઉપાશ્રયે પહોંચ્યા ત્યાં
રસ્તામાં પણ કીલાની જીભ શાંત નહોતી રહી. મીઠીબાઈસ્વા
આ પ્રશંસકે પોતાનો વાગ્પ્રવાહ અસ્ખલિત ચાલુ રાખ્યો હતો.

'બાઈને બાળપણમાં જ ખારા સમદર જેવા સંસારની અસ
સમજાઈ ગઈ... બાપાના ઘરની સુખચેનની સાહ્યબી છોડીને
આકરાં વ્રત અંગીકાર કરી લીધાં... ચોથા આરાના કોઈક હળુ
જીવ હશે એટલે આ કળજગમાં કરમ ખપાવવા સંસાર છે
હાલી નીકળ્યાં—'

રાજકોટના રાજમાર્ગ ઉપર કીલો મોટે અવાજે આવા
કરતો જતો હતો તેથી નરોત્તમને જરા ક્ષોભ થયો. હવે એને

સાધ્વીની વાત સાંભળીને કુતૂહલને બદલે જરા ભીતિ પણ ઊપજી. મનમાં થયું, આ કીલાભાઈ મને ક્યાં લઈ જવા માગે છે?—શા માટે લઈ જાય છે? સંસારની અસારતા સમજાવી સમજાવીને મને પણ સાધુજીવનની દીક્ષા અપાવવા માગે છે કે શું?

ઊભી બજારે કીલાને ઘણાંય ઓળખીતાં માણસો સામાં મળતાં હતાં. એ સહુને આ બોલકણો માણસ મોટે અવાજે બોલાવતો: 'કાં અદા! મઝામાં છો ને?' 'કેમ છો કાકા? અટાણમાં કેણી કોર?' કીલો કોઈને 'રામરામ' તો કોઈને 'જેસીકરસન' કરતો અને પછી હળવેકથી નરોત્તમના કાનમાં 'જેશ્રીકૃષ્ણ'નો અપભ્રંશ ઉચ્ચાર 'જેઠી ખતરણ' કહીને ઉમેરતો: 'અમારા ગામના નભા રંગારાની વહુ જેઠી ખતરણને અટાણના પોરમાં યાદ કરવી પડે છે!' એવી જ રીતે, કોઈ ઓળખીતા મુસલમાનને 'સલામ આલેકુ' કહીને પછી નરોત્તમના કાનમાં 'માર સાલેકુ' બોલતો અને ખડખડાટ હસી પડતો.

એક પરિચિત પાનવાળાને કીલાએ સંભળાવી: 'એલા એય, અટાણના પહોરમાં તારું કુબજા જેવું ડાચું મને દેખાડ્યું છે એટલે મારો આજનો આખો દી બગડશે.'

કીલા સાથે મશ્કરીનો વહેવાર ધરાવનાર એક રેંકડીવાળાએ સામેથી કીલાને પણ કટાક્ષમાં પૂછ્યું: 'એલા, અટાણના પહોરમાં શું વેચવા નીકળ્યો છે!'

'અટાણે તો હું પંડ્યે જ વેચાવા નીકળ્યો છું, પણ કોઈ ઘરાક જડતું નથી. આ કીલાની સાડા ત્રણ મણની કાયા છે, પણ એનાં સાડા ત્રણ કાવડિયાંય ક્યાંય ઊપજે એમ નથી.'

પૃચ્છકને આવો આખો જવાબ આપીને કીલાએ નરોત્તમને ગંભીરભાવે કહ્યું:

'આ કૌતક જોયું ને મોટા, કે સંધાય જનાવરનાં નાણાં ઊપજે છે. માત્ર માણસનાં નાણાં નથી ઊપજતાં. મીઠીબાઈસ્વામી વખાણ

વાંચતાં વાંચતાં કહે છે, પણ હું તો નજરોનજર જોઉં છું કે માણસ જેટલું સોંઘું જનાવર બીજું કોઈ નથી.'

કીલાએ ઉપજાવેલી આવી આઘાતજનક ફિલસૂફી જીરવવા જેટલી નરોત્તમની તૈયારી નહોતી, તેથી એ તો પોતાના સાથીદાર તરફ ડઘાઈ ગયેલી નજરે જોઈ જ રહ્યો.

કીલાએ પોતાનું કથન સ્પષ્ટ કરવા ઉદાહરણનો આશરો લીધો: 'તું હજી સમજ્યો નહીં, મોટા! બકરાં-પાડરડાંના પાંચ-દસ રૂપિયા પણ ઊપજે... હાથી તો જીવતો લાખનો અને મરે તો સવા લાખનો ગણાય... પણ માણસનું તો દોકડા એકનુંય મૂલ ન ઊપજે. મરે કે તરત એની રાખ થઈ જાય...'

અને પછી કીલો આ મૂલ્યશાસ્ત્ર છોડીને એકાએક વૈરાગ્યમાં સરી પડ્યો:

'મોટા, આપણે મન ગમે એટલી મમત કરીએ, હુંપદ સેવીએ, પણ કાયા તો કાચનો કૂંપો છે... મીઠીબાઈસ્વામી દૃષ્ટાંત આપશે એટલે તને સમજાશે કે આ ચામડે મઢેલાં હાડકાંના માળખાની બહુ મમત કરવી સારી નથી.'

નરોત્તમ ફરી ગભરાયો. કીલાભાઈ મને અબઘડીએ જ ડિલે ભભૂત ચોળાવી દેશે કે શું?

કીલાની આજની મનોદશા નરોત્તમને રહસ્યભરપૂર લાગતી હતી. વિરક્તિ અને અનાસક્તિની વાતો પાછળનું એનું અંતરવહેણ પારખવું મુશ્કેલ હતું. રસ્તે સામા મળતા પરિચિતોની મશ્કરી કરીને કીલો ઘણી વાર ખડખડાટ હસી પડતો હતો ત્યારે પણ એની આંખમાં કોઈક ઘેરો વિષાદ જ ચમકતો હતો. બહારથી આનંદી લાગતા આ માણસના હૃદયમાં કોઈ અંતરતમ ખૂણે ઊંડી વેદના ભરી છે કે શું? એના મુક્ત હાસ્યની પાછળ કોઈ આંસુની કથા તો લપાયેલી નથી પડી ને? કે પછી રુદન અને હાસ્ય એના જીવનમાં તાણાવાણાની

જેમ વણાઈ ગયાં છે?... આટલા લાંબા સહવાસ પછી પણ નરોત્તમને અત્યારે આ સાથીદાર સાવ અજાણ્યો-અપરિચિત લાગવા માંડ્યો.

*

બંને ભાઈબંધો શક્ય તેટલી ઉતાવળ કરીને ઉપાશ્રયે પહોંચ્યા છતાં જરા મોડા પડ્યા હતા. એટલી વહેલી સવારમાં પણ વ્યાખ્યાનગૃહ શ્રોતાઓ વડે ભરચક્ક થઈ ગયું હતું. પ્રવેશદ્વાર પાસે પગરખાંનો ખાસ્સો ગંજ ખડકાયો હતો એ જોઈને કીલાએ નરોત્તમને કહ્યું:

'આપણા નસીબમાં ખાસડાં જ લખ્યાં લાગે છે?'

સાંભળીને સંતપ્ત નરોત્તમે ખિન્ન હાસ્ય વેર્યું તેથી કીલાએ પોતાના કથનને જુદો જ વળાંક આપ્યો:

'આવાં મોટાં મહાજનનાં પગરખાંય ક્યાંથી!—આવાં પગરખાંની રજને માથે ચડાવીએ તોયે પાવન થઈ જાઈએ, સમજ્યો ને મોટા?'

અને પછી, ભારોભાર કટાક્ષ ભરેલી આ વ્યંગોક્તિ બદલ ઉઘાડપગે કીલો ઉપાનના ગંજ સામે નજર કરીને ફિલસૂફ સમું હાસ્ય વેરી રહ્યો.

'આમાં મીઠીબાઈસ્વામી કોણ?' નરોત્તમે પૂછ્યું.

'ઓળખ્યાં નહીં? જો, પણે આઘે આઘે ઓલ્યાં પાટ ઉપર બેસીને પોથી વાંચે છે એ જ!—વચોવચ બેઠાં એ... અડખેપડખે બીજાં આરજા બેઠાં છે—એટલું કહીને કીલો ફરી પાછો આ સાધ્વીનાં ગુણગાન ગાવા માંડ્યો: 'બીજાં બધાં આરજા ભલે ગમે એવાં રહ્યાં—સંસારત્યાગી સાધુને આપણે પગે લાગીએ—પણ મીઠીબાઈની તોલે કોઈ આવે નહીં. જોતો નથી, ધરમનાં વેણ બોલે છે ને મોઢામાંથી ફૂલડાં ઝરે છે, ફૂલડાં!

નરોત્તમે નજર કરી તો ક્યાંય પુષ્પો તો ન દેખાયાં પણ પીઠ વાળીને બેઠેલા શ્રોતાવૃંદની મોટી મોટી પાઘડીઓ તરવરી રહી.

'સહુથી મોઢા આગળ, પાટના પાયા પાસે બેઠા એ હાથિયાવાળા દરબાર...' કીલાએ ઝીણી નજરે અવલોકન કરતાં હાજર રહેલા શ્રોતાઓની ઓળખ આપવા માંડી. 'એની પડખે બેઠા એ વિક્રમગઢના કારભારી... એની ઓલી પા પીઠડિયાના દીવાન... આણી કોરની હાર્યમાં આંટીઆળી પાઘડી પહેરી છે એ નગરશેઠ મોતીશા... ને આ મોટી પાઘડીઆળું સંધુંય મહાજન—'

નરોત્તમ અહોભાવથી આખા સમુદાયને અવલોકી રહ્યો.

આ અબુધ યુવાનના અહોભાવને જાણે કે આઘાત આપવા જ કીલાએ ઉમેર્યું:

'આંહીં અપાસરામાં ભલે આ સહુ મોટાભા બગલાની પાંખ જેવી પાઘડીઉં વીંટી વીંટીને બેઠા, પણ હું એકેએક જણને સરોસર ઓળખું છું. જેટલી એની પાઘડી ઊજળી બાસ્તા જેવી છે, એટલા જ એ અંદરખાનેથી મનના મેલા હોય છે... જેટલા એની પાઘડીમાં આંટા, એટલા જ એના પેટમાં ફાંટા... સમજ્યો ને મોટા?'

આજે કીલાની એક પણ ઉક્તિ નરોત્તમને સમજાય એમ નહોતી. હજી ઘડીક વાર પહેલાં તો આ માણસ મહાજનના પગની રજ વડે પાવન થવાની વાત કરતો હતો અને અત્યારે એમના મનના મેલની વાતે ચડી ગયો! કીલો ખરેખર ગંભીર ભાવે બોલે છે કે એનું સમગ્ર જીવન અને વ્યવહાર-વર્તન સાંપ્રત સમાજ ઉપર એક ભયંકર ઉપહાસનું પ્રતીક છે? નરોત્તમને કશું સમજાયું નહીં.

વ્યાખ્યાન સાંભળવા આવેલ વિશાળ સ્ત્રીસમુદાયના કાન કદાચ સાધ્વીજીની દિશામાં મંડાયા હશે, પણ એની અનેક આંખો તો કીલા ઉપર જ સ્થિર થઈ હતી. એથી કીલો અકળામણ અનુભવી બોલ્યો:

'આ એક મોટી આફત!'

'શું? શું?' નરોત્તમે ચોંકી ઊઠીને પૂછ્યું.

'આ સાડલાવાળીઉં સંધીયુંય મારી સામે જ ડોળા ફાડી ફાડીને

જોઈ રહી છે ને! સહુના હાથ ઉપર મારી જ પહેરાવેલી બંગડિયું છે... જમાનો બદલાણો એમ બાયડિયુંએ બલોયાં ઉતારીને મારા હાથની બંગડિયું પહેરી એટલે સહુ આ કાંગસીવાળાને ઓળખે—'

'એ તો ઓળખે જ ને!—તમે ઘેર ઘેર ફરીને કાંગસી વેચી હશે!'

'ઓળખે ભલે પણ અટાણે ધરમના થાનકમાં સાધ્વીજીનાં દર્શન કરવાને બદલે નભાઈયું મારી સામે શું કામને નજરું તાણે છે?'

'તમેય પણ સાધુ જેવા જ છો ને!' નરોત્તમે મજાકમાં કહ્યું.

'હું તો સાધુ કરતાંય સવાયો છું. પણ હજી લગી સંસારમાં રહું છું ને માથે મૂંડો નથી કરાવ્યો એટલે મને કોઈ ખસૂડિયલ કૂતરુંય પગે લાગવા નથી આવતું ને આવી આરજાને સહુ ધોડી ધોડી સામેથી વંદણા કરવા જાય છે.'

'તમે તો પોતે મૂંડો કરાવવાને બદલે સામા માણસને મૂંડી નાખો એવા હુશિયાર છો!' નરોત્તમે હસતાં હસતાં હળવેથી કહ્યું, 'મને તો બીક લાગે છે કે આ અપાસરામાં ખેંચી લાવીને મારે માથેય મૂંડો કરાવી નાખશો.'

'ના રે ના!' કીલાએ પ્રેમથી કહ્યું, 'તને તો મારે હજી વરાવવો-પરણાવવો છે... તું જોજે તો ખરો, મોટા! તને એવી તો ધામધૂમથી ઘોડે ચડાવીશ કે દુનિયા આખી જોઈ રહેશે! મને તેં હજી પૂરો ઓળખ્યો નથી... હું કોણ? ખબર છે?—કીલો કાંગસીવાળો!'

*

'કાં કામદાર! આવી પૂગ્યા છો ને!' ધોળી મૂછવાળા એક ડોસાએ કીલાને ખભેથી હલબલાવ્યો.

નરોત્તમને નવાઈ લાગી. બેવડી નવાઈ લાગી. એક તો, આ વિલક્ષણ મુખમુદ્રાવાળા ડોસાને જોઈને, અને બીજી, આ કાંગસીવાળા માટે વપરાયેલ 'કામદાર' સંબોધન સાંભળીને.

'બોલો મા, બોલો મા! કીલાએ કરડાકીથી પેલા વૃદ્ધને કહ્યું, 'ખબરદાર, મને કામદાર કીધો છે તો! કાંગસીવાળો કહો, કાંગસીવાળો!'

'કાંગસી વેચી એટલે કામદાર થોડા મટી જાવાના હતા?' ડોસો હજી આછું હસતો હસતો કહી રહ્યો હતો, 'બાપદાદાની સાત-સાત પેઢીની શાખ એમ સાવ ભુલાઈ જતી હશે, ભલા માણસ?'

'ન ભુલાતી હોય તોય મારે ભુલાવી દેવી છે,' કીલાએ કહ્યું, 'આ મનખો આખો મને કાંગસીવાળો કહીને જ બોલાવે છે—'

'પણ હું તો તમને કામદાર જ કહીશ!' ડોસો બાલ્યો.

'ભલે કહો, પણ આંહીં અપાસરામાં નહીં. કીલાની ઓરડીએ આવીને કહો તો વાંધો નહીં.'

'તમારી ઓરડીએ મારે આવવું જ પડશે. કામ પડ્યું છે.'

'ઓરડી નહીં, કીલાનો આનંદાશ્રમ કહો!'

'ઠીક લ્યો, આનંદાશ્રમ કહું. તમારા આનંદાશ્રમમાં મારે આવવું પડશે—જરાક મૂંઝવણ થઈ છે, એટલે તમારી સલાહ લેવા... કેવે ટાણે આવું?'

'કીલાનો આનંદાશ્રમ, આઠેય પહોર અભંગદ્વાર ઉઘાડો રહે છે,' કીલાએ આદતના જોરે ખડખડાટ હસીને કહ્યું.

આ મુક્ત હાસ્ય ઉપાશ્રયના ઉદાસીન વાતાવરણમાં ખલેલકર્તા બની રહ્યું. એક વધારે પડતા ભાવિક શ્રાવકે તો કીલા તરફ જોઈને ટકોર પણ કરી:

'મહાસતીનું વખાણ સાંભળવા આવ્યા છો કે ઠીઠિયાઠોરી કરવા? જીવને બે ઘડી શાતા રાખીને ધરમનાં વેણ સાંભળો તો આત્માનો ઉદ્ધાર થાશે.'

સાંભળીને કીલો ગમ ખાઈ ગયો. પછી મનમાં ને મનમાં બબડ્યો: 'અમે તો કેદુના ઊધરી ગયેલા છીએ—ભગવાનને ઘેરેથી જ અમે તો

પીળા પાને ઊધરાઈને આવ્યા છીએ... અમે તો આ દુનિયામાં જાંગડ માલ જેવા છીએ... અમારો ભાવ નહીં પુછાય તો પડતર માલની જેમ પાછા મૂળ ધણીને ઘેર પહોંચી જઈશું... ધરમનાં વેણ તો તમે જ ધરાઈ ધરાઈને સાંભળો. અમે તો જનમ ધરીને કાંઈ પાપ જ કર્યાં નથી, પછી ધરમ કરવાની અમારે શું જરૂર? તમે મોટા ધરમના થાંભલા થયા છો તે અમારી મોર સરગાપુરીમાં પૂગજો—અમને વાંધો નથી.'

કીલાનો બબડાટ નરોત્તમ સાંભળી રહ્યો અને મનમાં આ ભાઈબંધ વિશે વધારે ગૂંચ ઊભી થઈ.

મીઠીબાઈસ્વામીનો વાગ્પ્રવાહ અસ્ખલિત વહ્યો જતો હતો... શ્રોતાઓ ભક્તિભાવથી એ વચનામૃતો સાંભળી રહ્યા હતા. બોલકણા સ્વભાવનો કીલો પણ આખરે મૂંગો થઈને કોઈક વિચિત્ર ભાવથી મીઠીબાઈસ્વામીની મુખરેખાઓ અવલોકી રહ્યો હતો.

*

૨૧

# મૂંગી વેદનાની મુસ્કરાહટ

**થોડી** વારમાં કીલાની જીભ એકાએક બંધ થઈ ગઈ તેથી નરોત્તમને નવાઈ લાગી. એણે પોતાના ભાઈબંધના મોઢા તરફ નજર કરી ત્યારે વધારે નવાઈ લાગી. કીલો મૂંગો થઈ ગયો હતો એટલું જ નહીં, એના રમતિયાળ ચહેરા ઉપર ગજબની ઉદાસી છવાઈ ગઈ હતી. એની આંખો સેંકડો શ્રોતાઓની આરપાર થઈને સીધી સાધ્વીજી ઉપર જ કેન્દ્રિત થઈ હતી. એ અનિમિષ નજરમાં કયો ભાવ હતો? સાધ્વીજી પ્રત્યેનો પૂજ્યભાવ? સંસારત્યાગી પ્રત્યેનો આદરભાવ? અનુકંપા? ઉપેક્ષા? ઈર્ષ્યા? કે ઉપાલંભ?... એ સમજવાનું નરોત્તમ જેવા બિનઅનુભવી માણસનું ગજું નહોતું.

વ્યાખ્યાન પૂરું થયું. શ્રોતાઓ વીખરાવા લાગ્યાં. પણ કીલો પોતાના સ્થાન પરથી ખસ્યો નહીં. વ્યાખ્યાન-મંચ પર ખોડાયેલી નજર પણ એણે પાછી ખેંચી નહીં.

નરોત્તમ વધારે આશ્ચર્યથી થોડી વાર તો કીલા સામે તાકી જ રહ્યો. પણ પછી ધીરજ ખૂટતાં એણે પોતાના સાથીદારને જાગ્રત કર્યો:

'કીલાભાઈ, હવે ઘરઢાળા હાલશું ને?'

'મહાસતીને વંદણા કર્યા વિના જ?' ઝબકીને કીલાએ ટૂંકો ઉત્તર આપી દીધો અને ફરી પાછો મૂંગો થઈ ગયો.

ઉપાશ્રય લગભગ આખો ખાલી થઈ ગયો અને સાધ્વીજીઓ પાસે બે-ચાર ભાવિક શ્રાવક-શ્રાવિકાઓ જ ઊભેલાં રહ્યાં ત્યારે કીલો ધીમે પગલે આગળ વધ્યો. 'અહીં સુધી આવ્યા છીએ ને વંદણા કર્યા વિના પાછા જઈએ તો પાપ નો લાગે?' એમ કહીને એણે નરોત્તમને પણ સાથે લીધો.

નરોત્તમ એટલું તો સમજી શક્યો કે કીલાભાઈ ઉત્સાહભેર આગળ વધી રહ્યા છે પણ સાધ્વીજીની સન્મુખ પહોંચતાં એ સંકોચ અનુભવી રહ્યા છે. જાણે કે પગ કંપતા ન હોય!

કીલો સીધો વ્યાખ્યાન-મંચ સુધી પહોંચી જવાને બદલે અધવચ દીવાલની ઓથે જાણે કે ખોટકાઈને ઊભો રહી ગયો તેથી નરોત્તમને ફરી નવાઈ લાગી.

'કેમ? વંદણા કરવા નથી જાવું?' એણે પૂછ્યું

'ધીરો ખમ, ધીરો,' કીલાએ કેટલાક પાઘડીઆળા ગૃહસ્થોનો નિર્દેશ કરીને કહ્યું, 'આ બધા ધરમના થાંભલાને આંહીંથી નીકળવા દે પહેલાં. એને આપણા કરતાં વહેલા મોક્ષે જાવાની ઉતાવળ છે, એટલે એ બમણા બમણા વંદણા કરે છે.' અને પછી, પોતાની લાક્ષણિક ઢબે કટાક્ષ વેર્યો: 'દગલબાજ દોનું નમે... ચિત્તા, ચોર, કમાન—'

લાંબા સમય સુધી મૌન જાળવ્યા પછી કીલાએ આ પહેલવહેલો ચાબખો માર્યો ત્યારે નરોત્તમે આનંદ અનુભવ્યો. હવે કીલો મૂળ રંગમાં આવ્યો.

ધરમના થાંભલાઓ વિદાય થયા કે તરત મહાસતીએ સામેથી જ કીલાને આવકાર આપ્યો:

'આવો, આવો કામદાર! કેમ આટલા આઘા ઊભા છો!'

'કામદાર નહીં, કાંગસીવાળો કહો, મહાસતીજી!'

'કહેવાય મારાથી? જીભ કેમ ઊપડે?' મીઠીબાઈએ અજબ મીઠાશથી જણાવ્યું.

'પણ મલક આખો હવે મને કાંગસીવાળાને નામે જ ઓળખે છે. ગામમાં નાનકડા ને અણસમજુ છોકરાને પૂછો કે મારું નામ શું, તો કહેશે કે કાંગસીવાળો.'

'હું શું નાનકડું અણસમજુ છોકરું છું કે સાચું નામ કે સાચી વાત ન સમજું?'

'સમજનારાં સમજે છે, પણ તમે તો હવે આ સંસાર ત્યાગી ગયાં– ભવસાગર તરી ગયાં... અમારા સંસારીનાં સંભારણાં તમારે શું કામનાં?' કીલાએ લાગણીશીલ સ્વરે કહ્યું.

'સંસાર તો અમે ત્યાગ્યો–સંજોગને આધીન રહીને, મહાસતી બોલ્યાં. 'પણ સંભારણાં ભૂલવાં કાંઈ સહેલ છે, કામદાર?'

'તમે તો કોઈ હળુકરમી જીવ છો એટલે મોહમાયાનાં બંધન કાપી શક્યાં ને કરમ ખપાવીને ભવના ફેરામાંથી છૂટી ગયાં–'

'બધી કરમની ગતિ!' મીઠીબાઈ નિસાસો નાખીને બોલ્યાં, 'કોને ખબર હતી કે આપણી વચ્ચે આવા વિજોગ સરજાશે!'

સાંભળીને કીલાનું હૃદય હલમલી ઊઠ્યું. આરજા પ્રત્યેનો પૂજ્યભાવ વ્યક્ત કરવા એ નીચો નમીને વંદના કરવા લાગ્યો.

'અરે અરે, કામદાર! આ શું કરો છો? વંદના તો મારે તમને કરવી જોઈએ–'મીઠીબાઈ બોલ્યાં.

'મને શરમાવો મા, મહાસતીજી!' કીલાએ કંપતે અવાજે કહ્યું.

અને બંને જણ મૂંગાં થઈ ગયાં. બંનેના સંક્ષુબ્ધ ચિત્તમાં જે તુમુલ વિચારમંથન ચાલી રહ્યું હતું એ એટલું તો નાજુક પ્રકારનું હતું કે એ ચિત્તપ્રવાહો અવ્યક્ત રહે તો જ એનું પાવિત્ર્ય સચવાઈ શકે એમ હતું.

મૌન જ્યારે અસહ્ય લાગ્યું ત્યારે મીઠીબાઈએ પૂછ્યું: 'આ ભાઈ કોણ છે?'

'મારો નવો ભાઈબંધ છે. એનું નામ નરોત્તમ–'

કીલો પોતાના સાથીદાર વિશે વધારે પરિચય આપે એ પહેલાં તો બહારગામથી કેટલાક વધારે ભાવિકો દર્શનાર્થે આવી પહોંચ્યા તેથી બને જણાઓએ મૂંગી વિદાય લીધી.

*

'મોટા, જોયાને જિંદગીના ખેલ!' રસ્તામાં કીલાએ નરોત્તમનો ખભો હચમચાવતાં કહ્યું, 'આનું નામ નસીબની લીલા!'

પણ આ ખેલ કે લીલા વિશે નરોત્તમને કશી સમજ ન પડી અને એણે એમાં હા-હોંકારો ન ભણ્યો તેથી કીલાએ સ્વગતોક્તિ ઉચ્ચારી: 'કરમની ગતિની કોઈને ખબર નથી પડતી—'

કર્મ અને ગતિ વિશેની વધારે ફિલસૂફીમાં પણ નરોત્તમની ચાંચ બૂડી નહીં. એ તો આજ સવારથી સાંજ ઊંડા આશ્ચર્યમાં જ ગરકાવ થઈ ગયો હતો. કીલાને મોઢેથી આવાં અસ્પષ્ટ સંભાષણો સાંભળીને એણે વધારે ગૂંચવાડો અનુભવ્યો.

'આ મીઠીબાઈસ્વામીને ઓળખ્યાં, મોટા?' કહીને કીલાએ આખરે ધડાકો કર્યો: 'એનું સગપણ પહેલવહેલું મારી હારે થયું'તું—'

'એમ?' નરોત્તમ તો આ સાંભળીને ડઘાઈ જ ગયો. અધ્ધર શ્વાસે પૂછ્યું: 'પછી? પછી? શું થયું?'

'પછી તો અમારી બેય જણની આડે આવ્યાં—'

'કોણ? માબાપ? વડીલો?'

'ના રે ના, માબાપ બિચારાં શું આડે આવતાં હતાં?—આડે આવ્યાં અંતરાય કરમ!'

જીવનનો આવો મહત્ત્વનો પ્રશ્ન આ માણસ ઊભી બજારે ચર્ચે એ નરોત્તમને ઉચિત ન લાગતાં એણે વધારે પૃચ્છા માંડી વાળી. પણ કોઈક હેતુપુર:સર પોતાની જીવનકથની આજે કહી સંભળાવવા કૃતનિશ્ચય બનેલ કીલો એમ પોતાના સાથીદાર તરફથી પ્રશ્નોની રાહ જોવા રોકાય ખરો?

'એકબીજાની લેણાદેણી જ નહીં, બીજું શું?' કીલાએ ફરી મૂળ વાત શરૂ કરી. નહીંતર આવા વિજોગ ક્યાંથી ઊભા થાય? મીઠીબાઈ હારે મારું સગપણ તો સાવ નાનપણમાં જ થઈ ગયું'તું. હું હજી નિશાળેય નહોતો બેઠો એ પહેલાં મારા કપાળમાં ચાંદલો થઈ

ગયો'તો, પણ કાંઈક જુદું જ માંડ્યું હશે. હું મોટો થયો ને લગનનું ટાણું આવ્યું ત્યાં જ મને મોટો મંદવાડ આવી પડ્યો.'

'તમને મંદવાડ? મોટો મંદવાડ?'

'હા. મંદવાડનું સાચું નામ તો હજી કોઈ જાણી શક્યાં નથી. પણ ખયરોગ જેવી ઘાસણી થઈ ગઈ'તી—'

'આવા રાતી રાયણ જેવા પંડ્યમાં ઘાસણી થાય?' નરોત્તમે કીલાના કદાવર દેહ ઉપર નજર કરતાં પૂછ્યું.

મનેય નવાઈ લાગી'તી. મને શું, ભલભલા વૈદ્યને નવાઈ લાગી'તી. એટલે જ હું કહું છું ને કે સાચો રોગ શું હતો એ કોઈ પારખી જ ન શક્યું. પણ મંદવાડ મોટો હતો. દિન-બ-દિન ડિલ ઘસાવા માંડ્યું— છાપરડી ઉપર ઓસડિયું ઘસાય એમ. બેવડ કાઠીનો બાંધો ઓસરતો ઓસરતો સાંઠીકડા જેવો થઈ ગયો... અને સહુ ફિકરમાં પડી ગયાં. મંદવાડ વધતો ગયો તેમ લગનની વાત પણ આઘી ને આઘી ઠેલાતી ગઈ. મારા સસરા બિચારા બહુ વિચારમાં પડી ગયા. આવતી સાલ જમાઈને સુવાણ થાશે એટલે લગન કરશું, એમ વાટ જોતાં જોતાં પાકાં ત્રણ વરસ વીતી ગયાં.

'પણ તોય સુવાણ ન થઈ એટલે સહુ સગાંવહાલાંની ચિંતા વધી. હું પથારીમાંથી સાજોનરવો ઊઠીશ એવી આશા વૈદ્યહકીમોએ પણ મૂકી દીધી. મારા સસરાને પણ ખાતરી થઈ ગઈ કે હવે જમાઈ આ મંદવાડમાંથી ઊભો નહીં થાય ને દીકરીને બીજે ક્યાંક વળાવવી પડશે. પણ મારો મંદવાડ તો હતો તેવો જ રહ્યો. નહીં એમાં વધારો કે નહીં ઘટાડો. ખાટલો બહુ લંબાણો એટલે પછી સહુને થયું કે આનો કાંઈક નિકાલ આવે તો સારું. હું જીવીશ એવી આશા તો સહુએ છોડી દીધી'તી એટલે હવે તો મારા મોતની વાટ જોઈને સહુ બેસી રહ્યાં!

આટલું બોલીને કીલો ખડખડાટ હસી પડ્યો. નરોત્તમે જોયું તો

કીલાની આંખમાં ભયાનક ચમક દેખાતી હતી. એણે કહ્યું: 'પણ તમે તો જીવતા જ રહ્યા છો!'

'હું જીવતો રહ્યો, ને મર્યો નહીં એની જ આ મોંકાણ છે ને!' કીલાએ આગળ વાત ચલાવી: 'હું હવે ઝાઝા દિવસ નહીં જીવું એમ સમજીને મારા બાપે મારા સસરાને કહેવરાવ્યું કે તમારી કન્યા સારુ હવે કોઈક બીજું ઠેકાણું ગોતો. એ દિવસોમાં અમારે ઘેર ત્રણ રજવાડાંનું કામદારું હતું એટલે અમારી સુખસાહ્યબી પણ ઠીકાઠીકની હતી. આવા ઘરનો સંબંધ તોડવાનું મારા સસરાને ગમતું નહોતું ને મીઠીબાઈને તો આ વાત સાંભળીને કાળજે ઘા લાગ્યો. પણ કુદરત જ અમારા ઉપર રૂઠી હશે એમાં કોઈ શું કરે? અંતે વાટ જોઈ જોઈને નછૂટકે મીઠીબાઈને બીજે વરાવવાં પડ્યાં. અમારા જેવું જ બીજું એક ખાનદાન ખોરડું ગોતીને મીઠીબાઈનું સગપણ કર્યું.

'પછી?' વેવિશાળની વાત આવતાં હવે નરોત્તમે કીલાના પરિણય-પ્રકરણમાં સક્રિય રસ લેવા માંડ્યો.

'માબાપે સગપણ તો કર્યું પણ મીઠીબાઈનું મન એમાં રાજી નહોતું. પણ હું તો મરવા જ પડ્યો હતો એમાં એ બાઈ બીજું કરે પણ શું? મારા તો દિવસ ગણાતા હતા—આજે ઊકલી જાઉં કે કાલે ઊકલી જાઉં, કોને ખબર! મારા જેવા મડદા હારે કોઈ કોડભરી કન્યાને ફેરા ફેરવાય? સંસારના વહેવાર પ્રમાણે મીઠીબાઈને બીજે પરણ્યા વિના છૂટકો જ નહોતો. માબાપે સારું મુરત જોઈને લગન લખ્યાં. તોરણને ત્રણ દીની વાર રહી ત્યાં તો—'

કીલો એકાએક અટકી ગયો એટલે નરોત્તમે પૂછ્યું: 'કેમ? લગનમાં કાંઈ વિઘન આવ્યું કે શું?'

'મેં તને કીધું નહીં કે મીઠીબાઈના કરમમાં જ સંસારનું સુખ માંડ્યું નહોતું! તને તો ક્યાંથી યાદ હોય, પણ કાઠિયાવાડમાં એ વખતે ગામેગામ મરકી ફાટી નીકળી'તી. ઘેર ઘેર માણસ મરતાં

હતાં. કહેવાતું કે મસાણે આભડવા જનારનાં ફાળિયાં સુકાતાં જ નહીં. એક જણની ચેહ ઠારીને પાછા આવે ત્યાં તો બીજાની નનામી તૈયાર થઈ ગઈ હોય! આવી મરકીમાં બિચારી મીઠીબાઈનો મીંઢળબંધો વર ઊકલી ગયો. તોરણને ત્રણ દીની વાર હતી ત્યાં તો વિવાહમાં વિઘન આવી પડ્યું. પીઠી ચોળેલ જુવાનજોધ વરરાજો આમ પરપોટાની જેમ ફૂટી ગયો ને મીઠીબાઈનો બાંધ્યો માંડવો વીંખાઈ ગયો.'

'અ...ર...ર! બિચારી બાઈનાં કરમ ફૂટેલાં જ!' કહીને નરોત્તમે પૂછ્યું: 'પછી શું થયું?'

'મીઠીબાઈને તો બીજી વાર કાળજે ઘા લાગ્યો. આ વખતે તો એને એવો ઘા લાગ્યો કે આ કડવાઝેર સંસાર ઉપરથી એનું મન ઊઠી ગયું. આવી વિપદ પડે પછી વૈરાગ તો ન આવતો હોય તોય આવી જ જાય ને! મરણ-ખાટલે પડેલો હું બચી ગયો; ને નખમાંય રોગ નહોતો એવો સાજોસારો માણસ આમ ફટાકડાની જેમ ફૂટી ગયો, એટલે મીઠીબાઈને લાગ્યું કે કરમ રૂઠ્યાં છે, મારા કપાળમાં સૌભાગ્યનો ચાંલ્લો નથી લખાયો. ને પાછું કૌતક તો એવું થયું કે હું મસાણને ઉંબરે આવી ગયો'તો ને મારા નામનું સહુએ નાહી નાખ્યું'તું, એમાંથી હું સાજો થવા માંડ્યો! કુદરતની જ બલિહારી! ભલભલા ધન્વંતરિએ હાથ ધોઈ નાખ્યા'તા એમાંથી સુવાણ થવા માંડી. કુદરતની જ કરામત ગણવી ને! મહિનામાં તો હું ખાટલામાંથી ઊઠ્યો ને ઘરમાં હરવાફરવા માંડ્યો.'

'પછી મીઠીબાઈનું શું થયું?' હવે નરોત્તમની જિજ્ઞાસા પરાકાષ્ઠાએ પહોંચી હતી.

'મીઠીબાઈને તો બિચારીને સંતાપનો પાર ન રહ્યો. ગામમાં પણ વાતો થવા લાગી કે મીંઢળબંધો વર મરી ગયો ને મરવા પડેલો જીવી ગયો; એટલે, મીઠીબાઈનું કાળજું કોરાઈ ગયું. એને ડંખ લાગી ગયો

કે કામદારનું ખોરડું મેલીને બીજે સગપણ કર્યું એનું કુદરતે આવું ફળ આપ્યું. સંસારમાંથી બાઈનું મન ઊઠી ગયું એટલે એણે તો દીક્ષા અંગીકાર કરી લીધી ને હાથમાં રજોહરણ લઈ લીધું. સમજ્યોને મોટા, કુદરત માણસને કેવા ખેલ ખેલાવે છે, એનો આ દાખલો!'

સાંભળીને કીલાનો આ 'મોટો' સાવ મૂંગો થઈ ગયો.

'સમજ્યો ને મોટા, આનું નામ જિંદગીની લેણાદેણી!'

પણ 'મોટો' આ કથની ઉપરથી એટલું બધું સમજી ગયો હતો કે એ વિશે કશાં ટીકાટિપ્પણ કરવાનું પણ એને સૂઝતું નહોતું.

'સમજ્યો ને મોટા, આનું નામ ઋણાનુબંધ! આનું નામ કરમની લીલા! ભગવાન માણસને આ ભવાટવીમાં કેવા ફેરા ફેરવે છે તે આનું નામ... સમજ્યો ને મોટા!' કીલાએ આપવીતીમાંથી આવાં તારતમ્યો કાઢવા માંડ્યાં.

કીલાએ તો પોતાની જ આપવીતી વર્ણવી હતી, પણ નરોત્તમને એ પરવીતીમાં પણ આપવીતીની અનુભૂતિ થતી લાગી. કથની તો કીલાએ પોતાની વર્ણવી હતી, પણ એની વેદના નરોત્તમના ચહેરા પર વંચાતી હતી. માનવજીવનની આવી વિચિત્ર ઘટનાઓ સાંભળીને એ એવો તો અંતર્મુખ બની ગયો કે એક શબ્દ સરખો ઉચ્ચારવાના એને હોશ ન રહ્યા.

રખે ને પોતાનો ભાઈબંધ આવી વાતો સાંભળીને ભડકી ગયો હોય એવા અંદેશાથી કીલાએ પોતાના વક્તવ્યનો સૂર બદલ્યો.

'સમજ્યો ને મોટા, સગપણ તૂટી ગયું... નસીબમાં માંડ્યું હશે તો ફરીથી સંધાશે, નહીંતર પછી બિસ્મિલ્લાહ! પણ આમ સાવ પોચો પાપડ જેવો થઈ જઈશ તો જિંદગી હારી બેસીશ.' કીલાએ ફરી મૂળ વાતનો તંતુ સાધ્યો તેથી નરોત્તમને વધારે આશ્ચર્ય થયું.

આ માણસના પ્રથમ દૃષ્ટિએ અસંબદ્ધ લાગતા વાર્તાલાપોમાં સંબદ્ધતાનો અદૃષ્ટ દોર રહેલો છે કે શું? એનું ચિત્તતંત્ર પેલા

શતાવધાનીની જેમ એકીસાથે અનેક વિવિધ સપાટીઓ પર દોડી શકે છે કે શું?

નરોત્તમને હજી પણ મૂંગો રહેલો જોઈને કીલાએ અવાજમાં કૃત્રિમ ઉગ્રતા લાવીને કહ્યું:

'મોટા, તારું રોતલ મોઢું જોઈને મને પણ રોવું આવી જાશે! એવું તે કયું આભ તૂટી પડ્યું છે તારે માથે?... જીવતો નર ભદ્રા પામે, એમ કહેવાય છે. જીવતો રહીશ ને નસીબમાં માંડ્યું હશે તો કંકુઆળો થઈશ. પણ આમ રોવા બેસીશ તો વહેલો ઊકલી જઈશ.'

આખરે નરોત્તમ હસ્યો—કીલાની આજ્ઞાનું પાલન કરવા માટે નહીં પણ એની આખાબોલી અવળવાણી સાંભળીને એનાથી અનાયાસે જ હસી પડાયું.

'હવે મને ગમ્યું. આમ હસતો-રમતો હો તો કેવો વહાલો લાગે!' કીલાએ આનંદ વ્યક્ત કર્યો. 'હા ભાઈ, આ કીલો વાત કહે સાચી, આપણને સોગિયાં ડાચાં ન ગમે.'

નરોત્તમ હસી પડ્યો.

આ જોઈને કીલાએ પણ હાસ્ય વેર્યું.

હવે એમના હાસ્યમાં નિર્ભેળ ઉલ્લાસ નહોતો. બંનેની મુસ્કરાહટમાં એક સમાન મૂંગી વેદના જ છલકાતી હતી.

*

૨૨

# હું લાજી મરું છું

**રાજકોટ** જંક્શનના પ્લૅટફૉર્મ ઉપર વૈશાખ મહિનાની લૂ વરસતી હતી. ઓતરાચીતરાનાં દનિયાં તપતાં હતાં અને બળબળતો વાયરો ફૂંકાતો હતો છતાં પ્લૅટફૉર્મ અત્યારે પ્રવાસીઓથી ભરચક થઈ ગયું હતું, કેમ કે મેઇલ ટ્રેનની રાહ જોવાતી હતી.

આટલા ઉતારુઓમાં રમકડાં ખરીદનાર કોઈ ઘરાક ન મળવાથી કીલો પોતાની રેંકડી પર કોઈ શહેનશાહની અદાથી પલાંઠી વાળીને બેઠો હતો. પાણીની પરબને છાંયડે પડેલી એ રેંકડીની બાજુમાં નરોત્તમ ઊભો હતો. દાવલશા ફકીર ભીંતને અઢેલીને પડ્યો હતો અને થોડી થોડી વારે પોતાના ઓલિયાઓને યાદ કરતો હતો. ભગલો ગાંડો એની આદત મુજબ, અહીંથી પસાર થનારા લોકો સાથે અસંબદ્ધ વાર્તાલાપ કરી રહ્યો હતો.

કીલા સાથે મીઠીબાઈનાં દર્શન કરી આવ્યા પછી અને કીલાએ પોતાનો ભેદી ભૂતકાળ થોડોઘણો ખુલ્લો કર્યા પછી નરોત્તમ એના પ્રત્યે વધારે આત્મીયતા અનુભવી રહ્યો હતો. કીલામાં નરોત્તમને જીવતરનો બળ્યોજળ્યો પણ હમદર્દ માણસ દેખાતો હતો અને એ હમદર્દીને કારણે એ હવે પહેલાં કરતાં વધારે હૂંફ અને નિકટતા અનુભવી રહ્યો હતો. માત્ર કીલો જ નહીં, હવે તો કીલાના આ નિત્યસંગાથીઓ—ફકીર અને ગાંડો—પણ નરોત્તમના નિકટના મિત્રો બની રહ્યા હતા.

*

'મોટા, જરાય મૂંઝાતો નહીં,' કીલો વારે વારે નરોત્તમને કહ્યા કરતો હતો.

હવે નરોત્તમની મૂંઝવણ પોતાના વિચ્છિન્ન વેવિશાળ વિશે નહોતી પણ અર્થપ્રાપ્તિ અંગેની હતી. વાઘણિયેથી અહીં આવ્યાને આટલા દિવસ થયા છતાં હજી ક્યાંય નોકરીધંધો મળતાં નહોતાં તેથી એ મનમાં મૂંઝાયા કરતો હતો.

'મોટા, તને કહું છું કે આ કીલો બેઠો છે ત્યાં લગી તારે કોઈ વાતની મનમાં મૂંઝવણ રાખવી નહીં. આખો દિવસ નોકરી નોકરી શું કર્યા કરે છે? તારા જેવો હોશિયાર માણસ પારકાંનાં વાણોતરાં કરે તો આ કીલો લાજે. તને તો મારે મોટો શેઠિયો બનાવવો છે, શેઠિયો. રાજકોટના તખતમાં તારા નામની આસામી ઊભી ન કરું તો આ કીલો મૂછ મૂંડાવી નાખે, મૂછ—'

કીલાએ જ્યારે લાખ લાખની એ વાતો કરવા માંડી ત્યારે નરોત્તમ હસી પડ્યો:

'હજી તો હું કામધંધા વિનાનો તમારા રોટલા બગાડું છું, ત્યાં તો તમે મોટી આસામીની વાતો કરવા માંડી!'

'ખોટી વાત નથી કરતો, મોટા, આ તો, આટલા દિવસ મારે તારી પરીક્ષા કરવી'તી, પાણી માપવું'તું, એટલે મારી ઓરડીએ બેસાડી રાખ્યો. હવે મેં તારું હીર પારખી લીધું છે. તું જોજે તો ખરો, તારા હાથ નીચે ભલભલાને વાણોતરાં કરાવું છું કે નહીં! મને તું હજી ઓળખતો નથી, મોટા! હું કોણ? કીલો કાંગસીવાળો—'

'આજે જ વાઘણિયેથી મોટા ભાઈનો કાગળ આવ્યો છે. એમાં મારી ફિકર કરે છે. આટલા દી લગી કાંઈ કામધંધા વિના હું દુ:ખી થતો હોઈશ એમ સમજીને ભાભી મને પાછો વાઘણિયે તેડાવે છે.'

'અરે ગાંડાભાઈ, એમ તો કાંઈ વાઘણિયે પાછું જવાતું હશે?' કીલો બોલ્યો, 'આવો ને આવો ધોયેલા મૂળા જેવો જઈને ઉંબરે

ઊભો રહે તો તો ગામમાં સહુ એમ જ કહે ને કે શહેરમાં જઈને ડેલે હાથ દઈ આવ્યો!'

'ડેલે હાથ દીધા જેવું જ થાશે એમ લાગે છે.' નરોત્તમે ખિન્ન અવાજે કહ્યું.

'અરે, એવું થાય તો તો કીલો આ મૂછ મૂંડાવી નાખે, મૂછ!' કીલાએ મૂછ પર તાવ દેતાં દેતાં કહ્યું, 'કામધંધો તો માણસનું મોઢું જોઈને ગોતવો જોઈએ ને, મોટા! તને જેવુંતેવું કામ ગોતીને બેસાડી દઉં તો તારી તો ઠીક, આ કીલાની પણ આબરૂ જાય. તને શું હું ઓળખતો નથી? તારું કુટુંબ કયું? તું ફરજંદ કોનું! માણસ જ્યાં શોભતો હોય ત્યાં શોભે. તને જેવેતેવે ઠેકાણે મેલું તો કાલ સવારે તારા મોટા ભાઈનો ઠપકો આ કીલાને સાંભળવો પડે, સમજ્યો?'

નરોત્તમને આ સાથીદારની વાતોમાંથી હવે શ્રદ્ધા ઓસરવા માંડેલી તેથી એ કશું બોલવાને બદલે મનમાં હસી રહ્યો.

*

પ્લૅટફૉર્મ ઉપર ઉતારુઓની ભીડ વધી ગઈ હતી. આવતી ટ્રેનને સિગ્નલ અપાઈ ગયું હોવાથી મજૂરો સરસામાન ઉપાડવા સજ્જ થઈને ઊભા હતા. કીલાએ પણ પોતાની રેંકડી છાંયડી તળેથી બહાર કાઢી. 'હાલ ભાઈ, બેપાંચ રમકડાંનો વેપલો કરી નાખું,' કહીને એણે એક પચરંગી ઘૂઘરો હાથમાં લઈને વગાડવા માંડ્યો.

પ્લૅટફૉર્મની ફરસબંધી ઉપર મંથરગતિએ ચાલતી રેંકડીની પડખે પડખે નરોત્તમ પણ ચાલતો હતો. ઘૂઘરો વગાડી વગાડીને રેંકડીમાંના રમકડાંની જાહેરાત કરતો હતો એ જોઈને નરોત્તમના મનમાં આજે પહેલી જ વાર એક સવાલ ઊઠ્યો: 'જેના બાપદાદાઓએ પેઢી દર પેઢી રજવાડાંઓનું કામદારું કર્યું છે એ માણસ અત્યારે મામૂલી રમકડાંની રેંકડી ફેરવે છે એ એનું સાચું સ્વરૂપ છે કે માત્ર સ્વાંગ

છે? એક વેળાનો નાણાંવાળાનો નબીરો અત્યારે મુફલિસ માણસનો સ્વાંગ સજીને દુનિયાને છેતરી રહ્યો છે કે પછી પોતાની જાતને છેતરે છે?

'એ... આ મહુવાનાં રંગીન રમકડાં!'

એ... આ ઘંટી ને ઘોડાં—'

એ... આ સૂંઢાળો હાથી ને કળાયેલ મોરલો.'

એ... આ પચરંગી પૂતળી ને પોપટ લાકડી—'

ધોમધખતા તાપમાં એક હાથે પરસેવો લૂછતો, બીજા હાથે ઘૂઘરો વગાડતો અને મોઢેથી આવી જાહેરાતો ઉચ્ચારતો કીલો સળંગ પ્લૅટફૉર્મ ઉપર ધીમે ધીમે રેંકડી ઠેલતો જતો હતો.

નરોત્તમ વિચારતો હતો: પચરંગી રમકડાં વેચનારા આ માણસના જીવનનો સાચો રંગ કયો?—કેસરિયો કે ભગવો? આ મરમી માણસને ઓળખવાનું એંધાણ કયું!—કંકુ કે આસકા? કે પછી જીવનનાં એ બંને તત્ત્વો આ મસ્ત દેખાતા માણસના જીવનપટમાં તાણાવાણાની જેમ વણાઈ ગયાં છે? એ બંને એંધાણ એકબીજાથી ઓળખી ન શકાય એ રીતે એકમેકમાં ઓતપ્રોત થઈ ગયાં છે? ન જાણે!

કીલાએ એકાએક રેંકડી થંભાવી દીધી. રમકડાંની જાહેરાતોનો ઉચ્ચાર અટકી ગયો અને કીલો કોઈક ઊંડા વિચારમાં ઊતરી ગયો.

'મોટા, તને ટેસન ઉપર સરસામાન ઉપાડવાની મજૂરી કરતાં આવડે?' કીલાએ ગંભીર ભાવે પૂછ્યું.

નરોત્તમ તો ડઘાઈ ગયો. થોડી વારે બોલવા ખાતર જ બોલી ગયો: 'એમાં આવડવાનું વળી શું હતું?'

'એમ નહીં,' કીલાએ કરડાકીથી કહ્યું, 'સાચું બોલ, તને સરસામાન ઉપાડતાં આવડે કે નહીં?'

નરોત્તમ વધારે ગભરાયો. બોલ્યો: 'એમાં વળી શીખવા જવું પડતું હશે, કીલાભાઈ?'

'શીખવાનું તો કાંઈ નથી હોતું, પણ મજૂરી કરવામાં માણસને શરમ બહુ લાગે છે—જાણે કે નીચા બાપના થઈ ગયા જેવું લાગે છે. ઉજળિયાતને આવાં કામ કરવામાં નીચાજોણું લાગે છે.' કીલાએ ફરી વાર પૂછ્યું, 'તને તો આમાં શરમ જેવું નહીં લાગે ને?'

આ પ્રશ્નનો જવાબ આપવાનું નરોત્તમ માટે સહેલું નહોતું, પણ કીલાની આંખનો તાપ જોઈને એણે અચકાતાં જ કહી દીધું:

'ના, નહીં લાગે.'

'વાહ બહાદુર, વાહ!' કીલો ખુશ થયો.

*

ગાડી યાર્ડમાં દાખલ થઈ. એન્જિનના ફાડા અને ડબ્બાઓના ખખડાટ-ભભડાટથી જ ભડકી જઈને ઉતારુઓ એક-બે ડગલાં પાછાં હઠી ગયાં.

ટ્રેનની ગતિ ધીમી પડી. ડબ્બાઓનાં બારણાં ઊઘડવા લાગ્યાં.

કીલાએ મોટે અવાજે રમકડાંની જાહેરાતો પોકારવા માંડી.

ગાડી થોભી. ઊઘડેલાં બારણાં પર આવનાર-જનાર પ્રવાસીઓનો ધસારો થયો.

કીલો રમકડાંની જાહેરાત કરતાં કરતાં એકાએક અટકી ગયો. અને સામેના ડબ્બામાંથી ઊતરતા એક પરિચિત સજ્જનને જોઈને પોકારી ઊઠ્યો:

જેજે, શેઠિયા! જેજે!... ગામતરે જઈ આવ્યા?'

સામેથી 'હા' એટલો જ ઉત્તર મળ્યો.

તુરત કીલાએ એ ઉતારુને કહ્યું: 'સરસામાનની ફિકર કરશો મા... આપણી પાસે માણસ છે... ખડકી લગી મેલી જાશે.' અને પછી નરોત્તમને ઉદ્દેશીને સૂચના આપી: 'મોટા, શેઠનો સામાન ઉપાડી લે ને ભીમાણીની ખડકી લગી મેલી આવ!'

આટલું ઝડપભેર કહીને કીલાએ ઘૂઘરો વગાડવા માંડ્યો ને

રમકડાંના ઘરાક શોધવા રેંકડી ઠેલતો ઠેલતો એ આગળ નીકળી ગયો.

પોતાના સાથીદારની આ સૂચના સાંભળી નરોત્તમ તો સ્તબ્ધ થઈ ગયો. હજી ઘડી વાર પહેલાં કીલાએ મજૂરી કરવાની તૈયારી વિશે પૂછેલું ત્યારે નરોત્તમને કલ્પના પણ નહોતી કે એ વાતચીતનો અમલ આટલો વહેલો થશે. પણ હવે એ વિશે વધારે વિચાર કરવાનો અવકાશ જ નહોતો, કેમ કે, કીલો જેમનો સરસામાન ઊંચકવાની ભલામણ કરતો ગયેલો એ સજ્જને તુરત જ નરોત્તમને આદેશ આપી દીધો:

'આ પેટી ઝટ ઉપાડતો હો તો ઉપાડી લે, ભાઈ, નહીંતર બીજો મજૂર ગોતી લઉં. એક તો ગાડી મોડી થઈ છે ને એમાં તું વધારે મોડું કરાવીશ તો ઘરે પહોંચતાં જ સાંજ પડી જાશે.'

નરોત્તમનું ચિત્તતંત્ર એવું તો ડહોળાઈ ગયું હતું કે આ સજ્જન શું બોલી રહ્યા છે એ એને સમજાય એમ જ નહોતું. એને માત્ર સામાન ઊંચકી લેવાનો આદેશ જ સમજાયો હતો. અને એના સાથીદારની સૂચનાને શિરસાવંદ્ય ગણીને એણે તો આ ઉતારુનો સરસામાન પણ શિર ઉપર મૂકી દીધો.

અને એ સામાન ઉપાડીને શેઠની પાછળ પાછળ એણે તો ચાલવા પણ માંડ્યું. .

દરવાજા ઉપર ટિકિટ કલેક્ટરે આ પરિચિત માણસને પૂછ્યું: કેમ મનસુખભાઈ, ક્યાં જઈ આવ્યા?'

'મેંગણી,' કહીને મનસુખભાઈ આગળ વધ્યા.

હવે નરોત્તમને આ માણસના નામઠામ અંગે લવલેશ શંકા ન રહી. કીલાએ આજે અજાણતાં પણ મને ભેખડે ભરાવી દીધો એમ લાગતાં એ મૂંગો મૂંગો આગળ વધ્યો.

અને હવે જ નરોત્તમને ખ્યાલ આવ્યો કે ટ્રેનમાંથી એક નહીં પણ બે ઉતારુઓ ઊતર્યાં છે. મનસુખભાઈની સાથે એમનાં ઘરવાળાં

પણ ઊતર્યાં હશે, જે ધીમી ચાલે આ મજૂરની પાછળ ચાલ્યાં આવે છે. મનસુખભાઈ વારંવાર પાછળ જોઈને ખાતરી કરી લે છે કે ઉપડામણિયો તેમજ પોતાની અર્ધાંગના બંને, પાછળ પોતાને પગલે પગલે આવી રહ્યાં છે.

નરોત્તમને લાગ્યું કે રખે ને આ અજાણ્યો મજૂર સરસામાન સાથે રફુચક્કર થઈ જાય એવા ભયથી શેઠનાં ઘરવાળાં હેતુપૂર્વક પાછળ જ રહ્યાં છે. એટલું વળી સારું છે કે આ લોકો મને દીઠ્યે ઓળખતાં નથી, નહીંતર તો અત્યારે કીલાભાઈએ મારી આબરૂના કાંકરા જ કરાવી નાખ્યા હોત.

*

નરોત્તમના માથા ઉપર સરસામાનનો બોજો તો હતો જ. એમાં વળી આવા વિચારોનો વધારાનો બોજો ઉમેરાતાં એની ધીમી ચાલ વધારે ધીમી પડી.

મનસુખભાઈએ પાછળ જોઈને આ મજૂરની ધીમી ચાલ અંગે ફરિયાદ કરી:

'કીલાએ પણ ઠીક આવું ઠોબારું વળગાડી દીધું છે! પછી મોટેથી આદેશ આપ્યો, 'એલા ભાઈ, આમ રૂપિયે ગજને હિસાબે હાલીશ તો અમને ઘેર પહોંચતાં જ સાંજ પડી જશે.'

અને પછી, મજૂરની પાછળ પાછળ આવતી યુવતીને સૂચના આપી: 'ચંપા, જરાક પગ ઉપાડ, બહેન! તારી મામી વાટ જોતાં હશે.'

આ સૂચના સાંભળીને ચંપાના પગ વધારે ઝડપથી ઊપડ્યા કે કેમ એ તો પોતે જ જાણે, પણ નરોત્તમના પગ તો ક્ષણવાર થંભી ગયા.

એણે કુતૂહલથી પાછળ જોયું અને ચંપાની ચાલ પણ થંભી ગઈ, ક્ષણાર્ધમાં ચાર આંખ મળી ગઈ અને ચંપાના મોઢામાંથી શબ્દ સરી પડ્યા:

'અરે! તમે?... તમે?'

'હા,' એટલો જ એકાક્ષરી ઉત્તર આપીને નરોત્તમે મોં ફેરવી લીધું અને વધારે ઝડપે મનસુખભાઈની પાછળ પાછળ ચાલવા માંડ્યું.

હવે તો આમેય ધીમી ચાલ ધરાવનાર ચંપાએ આ યુવાનને ઠપકો આપવા તેની પાછળ દોડ્યા વિના છૂટકો જ નહોતો. એ ઉતાવળે ઉતાવળે બોલવા લાગી:

'અરે!... આ શું પણ?... આ તમને શું સૂઝ્યું?'

'સંજોગે સુઝાડ્યું' એટલું જ કહીને મજૂર તો આગળ વધ્યો.

'મેલી દિયો સામાન!... ફેંકી દિયો સામાન!... આ તમને શોભે?' પાછળથી અવાજ આવ્યો.

આગળથી ઉત્તર અપાયો: 'સંધુંય શોભે.'

પાછળથી ફરિયાદ થઈ: 'અરે, પણ તમે તો મારા—'

'હવે કાંઈ નહીં,' ફરિયાદ અરધેથી જ કપાઈ ગઈ એ સારું થયું. નહીંતર, 'તમે તો મારા—' પછી સગપણનો કયો શબ્દ બોલવો એની મૂંઝવણ એ યુવતીને જ થઈ પડી હોત.

વળી થોડી વારે એણે આજીજી કરી: 'કહું છું કે પેટી ઉતારી નાખો—આ તમને નથી શોભતું... હું લાજી મરું છું.'

આ વખતે તો યુવાન જરા થોભ્યો અને પાછળ જોઈને જવાબ આપ્યો:

'તમારે શું કામ લાજવું પડે ભલા? હવે મારે ને તમારે શું સંબંધ રહ્યો છે?'

'કાંઈ સંબંધ નથી રહ્યો?'

'હતો ત્યારે હતો. હવે તો... હવે તો તમે—'

'હવે હું તમારી કાંઈ નથી રહી?' ચંપાએ સીધો જ પ્રશ્ન પૂછ્યો.

'મારાથી કેમ કહેવાય? વહેવારને નાતે તો—'

'વહેવાર પડ્યો ચૂલામાં... તમારી માલીપાનું મન શું કહે છે?'

નરોત્તમ આ સચોટ પ્રશ્ન સાંભળી રહ્યો. શો ઉત્તર આપવો એનો નિર્ણય કરી શકે એ પહેલાં તો સામે નાકું વળોટતા મનસુખભાઈની બૂમ સંભળાઈ:

'એલા ભાઈ, ઝટ અમને ઘેર પુગાડ્ય ઝટ!'

યુવક-યુવતી બંને મૂંગાં થઈને ઉતાવળે ચાલવા લાગ્યાં. બંનેનાં હૃદય મૂંગી વેદનાથી વલોવાતાં હતાં પણ અત્યારની વિચિત્ર પરિસ્થિતિમાં અને વિચિત્ર વાતાવરણમાં એ વેદનાને વાચા સાંપડી શકતી નહોતી.

આખરે ભીમાણીની ખડકી આવી.

મનસુખભાઈએ ડેલીનાં તોતિંગ કમાડ ઉઘાડ્યાં.

મહેમાન આવી પહોંચ્યાં છે એમ જાણીને ધીરજમામી ઝડપભેર બહાર આવ્યાં ને 'આવો ચંપાબેન, આવો!' કરતાંકને ચંપાને અંદર લઈ ગયાં.

ચંપા જતાં જતાં પણ નરોત્તમની આંખમાં આંખ પરોવતી ગઈ.

મનસુખભાઈએ મૂંગા મૂંગા ખિસ્સામાંથી પાકીટ કાઢીને આ મજૂરને મજૂરી ચૂકવી દીધી અને ઉંબરેથી પોતે જ સામાન ઉપાડીને ડેલીમાં દાખલ થઈ ગયા. મૂલી-મજૂર જેવાં વસવાયાં વરણને ઉંબરાની અંદર દાખલ કરવામાં આ ડહાપણડાહ્યા શેઠ જોખમ સમજતા હતા.

નરોત્તમ ક્યારનો ખડકીની અંદર ઊભેલી એક વ્યક્તિ તરફ તાકી રહ્યો હતો. તે ડેલીનાં કમાડ જોરદાર અવાજ સાથે બંધ થયાં ત્યારે જ જાગ્રત થયો.

અને જાગીને જોયું તો પોતાના પગ પાસે જ એક પાકીટ પડ્યું હતું. કુતૂહલથી એણે ચામડાનું એ ખિસ્સા-પાકીટ ખોલી જોયું તો એમાં એક બાજુના ખાનામાં દસ દસ રૂપિયાની નોટોની થોકડીઓ અને બીજામાં પરચૂરણના સિક્કા ભર્યા હતા.

નરોત્તમ થોડી વાર તો અનાયાસે સાંપડી ગયેલાં આ નાણાં સામે ટગર ટગર જોઈ રહ્યો. એને સમજાતાં વાર ન લાગી કે શેઠે મજૂરી

ચૂકવવા માટે પાકીટ ખોલેલું એ પાછું ઉતાવળે ડગલાની અંદરના ખિસ્સામાં મૂકવા જતાં, એ ખિસ્સામાં ઊતરવાને બદલે ડગલા સોંસરવું સીધું નીચે જ સરી પડેલું.

થોડી વાર તો નરોત્તમ ખડકીનાં બિડાયેલાં કમાડ તરફ તાકી રહ્યો. એની આંખમાં, એક વ્યક્તિ માટેની ઉત્સુકતા હતી, બીજી આંખમાં બીજી એક વ્યક્તિ પ્રત્યેનો ભારોભાર તિરસ્કાર હતો.

આખરે એણે ડેલીની સાંકળ ખખડાવી.

બારણું ઊઘડ્યું ને મનસુખભાઈ 'કોણ છે?' કરતાકને બહાર આવ્યા.

'આ તમારું પાકીટ અહીં પડી ગયું લાગે છે.'

'અરે! પાકીટ?' મનસુખભાઈનો શ્વાસ અધ્ધર ચડી ગયો.

નરોત્તમ તો પાકીટ સોંપીને ચાલવા જ માંડ્યો.

'એલા ભાઈ, ઊભો રહે! જરાક ઊભો રહે!' શેઠે મજૂરને જરા થોભવાનો આદેશ આપ્યો.

નરોત્તમ આ આદેશ અનુસાર ઊભો રહ્યો. એ દરમિયાન મનસુખભાઈએ અધ્ધર શ્વાસે પાકીટમાંની નોટોની થોકડી ગણવા માંડી.

નરોત્તમને થયું કે શેઠે મને આ પાકીટ પાછું સોંપવા બદલ કંઈક બક્ષિસ આપવા બોલાવ્યો છે.

પણ મનસુખભાઈએ તો નોટો ગણી રહ્યા પછી છૂટું પરચૂરણ પણ હથેળીમાં કાઢીને ગણવા માંડ્યું.

નરોત્તમ મૂંઝવણ અનુભવી રહ્યો. પાકીટ પાછું મળ્યાની ખુશાલીમાં શેઠ કેવડીક મોટી બક્ષિસ આપી દેશે એની કલ્પના કરી રહ્યો. અને સાથોસાથ, કદાચને બક્ષિસ આપવા માંડે તો એ સ્વીકારવી કે કેમ એ અંગે પણ વિમાસણ અનુભવી રહ્યો.

પણ સદ્ભાગ્યે, નરોત્તમની આ મૂંઝવણ ટળી ગઈ. પાકીટમાંની પુરાંત પાઈએ પાઈ સુધ્ધાં મળી રહી અને આ મજૂરે એમાંથી કશું

કાઢી નથી લીધું એની ખાતરી થઈ કે તુરત મનસુખભાઈએ એને જવાની રજા આપી: 'બસ, હવે જા તું તારે—'

*

નરોત્તમ હસતો હસતો સ્ટેશન ભણી જતો હતો ત્યારે મનસુખભાઈ હસતાં હસતાં ઘરમાં સમાચાર આપતા હતા:

'બચી ગયાં! બચી ગયાં!'

ધીરજમામીએ પૂછ્યું: 'શું થયું? શું થયું?'

'અરે ઘરમાં ધામો પડતો રહી ગયો! ગલઢાવનાં પુન્ય આડાં આવ્યાં, એમાં બચી ગયાં!'

'મામા, શું થયું? શું વાત છે?' ચંપાએ પૂછ્યું.

'અરે, હું તો સાવ ભુલકણો જ! ઓલ્યા મજૂરને મજૂરી ચૂકવીને પાકીટ ખિસ્સામાં મેલવા ગયો ત્યાં સીધું નીચે જ પડ્યું—'

'હા... પછી?' ધીરજમામી અને ચંપા પૂછવા લાગ્યાં.

'ઓલ્યા મજૂરના હાથમાં આવ્યું.'

'મજૂર ઉપાડી જાતો'તો કે શું?' ધીરજમામીએ પૂછ્યું.

'અરે એની દેન છે કે એમ પાકીટ ઉપાડી જાય? સીધો પોલીસમાં લઈ જઈને કડી જ પહેરાવી દઉં નહીં!' મનસુખભાઈ ગર્વભેર બોલતા હતા: 'એણે તરત ખડકી ઉઘડાવીને પાકીટ સોંપી દીધું. બચી ગયાં. ગઢલાવનાં પુન્યથી બચી ગયાં! પેઢીની આખી પુરાંત પાકીટમાં જ હતી... બચી ગયાં, ભગવાને બચાવ્યાં.'

'મજૂરે એમાંથી કાંઈ ચોરી ન લીધું એ નવાઈ કહેવાય! પાકીટ પાછું આપ્યું એ જ એની ભલમનસાઈ,' પત્નીએ કહ્યું.

'એના બાપનો માલ હતો તે ચોરી લીયે? સીધો પોલીસના પાંજરામાં જ ન પુરાવી દઉં?'

'પણ મામા, એણે ખડકી ઉઘડાવીને પાકીટ પાછું સોંપી દીધું

એટલી એની ખાનદાની ગણવી જોઈએ,' ચંપા બોલી, 'મજૂર માણસમાં આટલી બધી ખાનદાની હોય?'

'આપણું હક્કનું નાણું હતું એટલે પાછું આવ્યું. અણહક્કનું હોત તો હાલ્યું જાત,' હવે ધીરજમામીએ પોતાના પ્રત્યાઘાત વર્ણવ્યા.

'પણ મામા, એ માણસે આખું પાકીટ પાછું આપી દીધું તે એને તમે કાંઈ ઇનામ-બિનામ આપીને રાજી કર્યો કે નહીં?' ચંપાએ પૂછ્યું.

'અરે એમ જેને તેને રાજી કરવા બેસીએ તો તો સાંજ મોર દીવાળું નીકળે, સમજી?' મનસુખભાઈએ જવાબ આપ્યો.

'ચંપા, તને હજી આ શહેરના જીવનનો અનુભવ નથી. આ મેંગણી નથી, રાજકોટ છે, રાજકોટ. સમજી?'

અને પછી, આ ઉપરથી જ યાદ આવતાં, એમણે પત્નીને સૂચના આપી:

'કાલ સવારમાં એક મુરતિયો ચંપાને જોવા આવશે. બરાબર તૈયારી રાખજે.'

*

# ૨૩

# પાણી પરખાઈ ગયું

'વાહ, બહાદર વાહ!'

'રંગ બહાદર, રંગ!'

'નરોત્તમ પોતાના શ્રમયજ્ઞનો સર્વ પ્રથમ સ્વાનુભવ વર્ણવતો હતો અને કીલો એને વાક્યે વાક્યે શાબાશી આપતો જતો હતો.

'એણે મને કીધું કે આ તમને શું સૂઝ્યું... મેં કીધું કે સંજોગે સુઝાડ્યું!'

'વાહ મોટા, વાહ! સરસ સંભળાવી દીધું!'

નરોત્તમ એકેક સંવાદ સંભળાવતો હતો અને કીલો એના ઉપર વારી જતો હતો.

'એણે મને કીધું કે તમને આ ન શોભે... મેં કીધું કે સંધુંય શોભે—'

'શાબાશ, મોટા શાબાશ!'

નરોત્તમના વાક્યે વાક્યે કીલો એને બિરદાવતો જતો હતો.

'પછી તો એણે મને બહુ બહુ વાર્યો, માથેથી સામાન ઉતારી નાખવાનું સમજાવ્યું. એમ પણ કહી જોયું કે તમે તો મારા—'

'પછી? તેં શું જવાબ આપ્યો?'

'મેં તો કહી દીધું કે હું હવે તમારો કાંઈ નથી રિયો. આપણી વચ્ચે સગપણ તો હતું તે દી હતું. હવે શું?'

'કમાલ કરી દીકરા, તેં તો! ઠીકાઠીકની સંભળાવી!'

પછી નરોત્તમે મનસુખભાઈના ખિસ્સામાંથી પડી ગયેલા પાકીટવાળો પ્રસંગ વર્ણવ્યો ત્યારે તો કીલો ઉત્કંઠ બનીને સાંભળી રહ્યો.

'મેં ખડકીની સાંકળ ખખડાવી ને મનસુખલાલ બહાર આવ્યા. એટલે મેં કીધું કે લ્યો આ તમારું પાકીટ... ખિસ્સામાંથી પડી ગયું છે.'

'પછી?'

'પછી હું તો થઈ ગયો હાલતો—'

'એમ ને એમ જ? કાંઈ વાતચીત?'

'ના. થોડુંક હાલ્યો ત્યાં એણે હાક મારીને પાછો બોલાવ્યો—'

'હા...! પછી? પછી?'

'પછી એણે બરોબર ધ્યાનથી બધી નોટું બબ્બે વાર ગણી લીધી. પાકી ખાતરી કરી લીધા પછી રજા આપી કે હવે તું તારે જા—'

'બસ? ઇનામ-બિનામ કાંઈ ન આપ્યું?'

'ના.' નરોત્તમે કહ્યું, 'ઇનામ વળી શાનું? પાકીટ એનું હતું ને એને સોંપી દીધું—'

સાંભળીને કીલો મૂંગો થઈ ગયો. સારી વાર સુધી એ મનમાં કશુંક વિચારી રહ્યો. પછી એકાએક એણે આંખો ચમકાવતાં પૂછ્યું:

'ભલા, મનસુખભાઈએ સાચે જ પાકીટમાંથી એકાદી નોટ કાઢીને તને ઇનામમાં આપી હોત તો શું કરત?'

'કરત તો શું બીજું? નોટ પાછી એના હાથમાં પધરાવીને કહી દેત કે તમારું નાણું તમારી પાસે જ રાખો. મેં તો નાણુંય બહુ જોયું છે ને આવી નોટુંય બહુ જોઈ નાખી છે.'

આ વખતે કીલાએ, કોણ જાણે કેમ, એક પણ પ્રશંસા-શબ્દ ઉચ્ચાર્યો નહીં. 'રંગ, બહાદર!' કે 'વાહ, મોટા, વાહ'ની એક પણ શાબાશી આપી નહીં. એ તો ઊલટાનો વધારે ગંભીર મુખમુદ્રા ધારણ કરીને ફરી ઊંડા વિચારમાં ડૂબકી મારી ગયો.

કીલાનું મૌન હંમેશાં અર્થસૂચક હોય છે એ હકીકત નરોત્તમને આટલા દિવસના સહવાસને પરિણામે સમજાઈ ચૂકી હતી. કીલાનું અંતરવહેણ અત્યારે કઈ દિશામાં વહી રહ્યું છે એ પારખવું મુશ્કેલ

હતું, તેથી નરોત્તમ પણ મૂંગો મૂંગો એને અવલોકી જ રહ્યો.

કીલાના વિશાળ કપાળ ઉપર જે કરચલીઓ પડતી હતી એ ઘડીક ઊંચી ચડતી હતી, ઘડીક સંકોચાતી હતી, ઘડીક પ્રસરતી હતી તો ઘડીક ગૂંચવાતી હતી. જાણે કે શતરંજ પર સોગઠાંઓ મહત્ત્વની હલચલ કરતાં હતાં. કીલાના ફળદ્રુપ ભેજામાં કોઈક રહસ્યમય વ્યૂહરચના ચાલી રહી હતી. વિશાળ મોરચા પર યુદ્ધ ખેલાતું હોય અને સેનાપતિના મેજ પરના ટચૂકડા નકશા પરની રેખાઓ પલટા લેતી હોય એવું દૃશ્ય અત્યારે કીલાના કપાળ પર દેખાતું હતું.

ધ્યાનસ્થ ઋષિ વર્ષો પછી મૌન તોડે ને એકાદ શબ્દ ઉચ્ચારે એવી અદાથી કીલાએ કહ્યું:

'પાસ! પાસ!'

નરોત્તમને પણ આ શબ્દો મંત્રોચ્ચાર જેટલા જ ગૂઢ લાગ્યા, તેથી એનું રહસ્ય જાણવા એ આંખો ફાડીને કીલા સામે તાકી રહ્યો.

ફરી કીલાએ બે શબ્દો ઉચ્ચાર્યા:

''પોબાર! પોબાર!'

હવે તો, નરોત્તમને કશી સમજણ પડવાને બદલે વધારે ગૂંચવણ જ ઊભી થઈ. 'પોબાર! પોબાર!' કરીને આ માણસ શાની વાત કરી રહ્યો છે? કોઈ રમતના દાવ ખેલે છે? પાસા ફેંકવાની વાત છે? કોઈ પ્રતિસ્પર્ધીને એ પરાજય આપવા માગે છે? કશું જ ન સમજાતાં નરોત્તમ પૃચ્છક નજરે કીલા સામે તાકી રહ્યો.

'હવે બેડો પાર છે તારો, સમજ્યો મોટા? હવે તારે ફતેહના ડંકા!' કીલાએ ફરી મર્મવાણી ઉચ્ચારવા માંડી. નરોત્તમ વધારે ગૂંચવાયો. શાનો બેડો પાર ને શાની ફતેહના ડંકા? તૂટેલું વેવિશાળ ફરી વાર સાંધવાની વેતરણ કરે છે કે શું? કે પછી આમ ને આમ મોઢેથી લાખ લાખની વાતો કરીને આ પોરસીલો માણસ મને પરેશાન કરવા માગે છે?

'મોટા, તારાં ઊઘડી ગ્યાં, વગર અરીઠાંએ ઊઘડી ગ્યાં!'

હવે નરોત્તમની ધીરજ ખૂટતાં એણે પૂછ્યું: 'પણ શું? શું ઊઘડી ગયું?'

'તારું નસીબ! બીજું શું?' કીલાએ આદેશ આપતાં કહ્યું: 'કાલ સવારથી તારે પેઢીને ગાદીતકિયે બેસી જાવાનું છે.'

પ્રયત્ન કરવા છતાં નરોત્તમ હસવાનું રોકી શક્યો નહીં. પૂછ્યું: 'કોની પેઢીની વાત કરો છો?'

'આપણી પોતાની.'

'કઈ? આ રમકડાંની રેંકડીની?' નરોત્તમ ફરી હસી પડ્યો.

'રમકડાંની નહીં, રૂની નિકાસની પેઢીમાં,' કીલાએ સ્ફોટ કર્યો.

'પણ કોની?'

'છે તો મંચેરશા પારસીની પેઢી... ...પણ ઘરની પેઢી કરતાંય સરસ છે—'

'પારસીની પેઢીમાં?'

'હા, કેમ ભલા, કાંઈ નવાઈ લાગે છે? મંચેરશાના બાપુ ને મારા બાપુ એક જ રજવાડામાં નોકરી કરતા. એનો હોદ્દો દીવાનનો ને મારા બાપુનો હોદ્દો કામદારનો. તે દીનો બેય કુટુંબ વચ્ચે ઘર જેવો નાતો. બાપનું દીવાનપદું ગયા પછી મંચેરશા હવે વેપારમાં પડ્યા છે. ઓલી વિલાયતની પેઢી કાઠિયાવાડમાંથી કાચી ચીજ ધમધોકાર દેશાવર ચડાવે છે. એની સામે મંચેરશાએ પોતાની પેઢી ઊભી કરી છે, આપણા જ મુલકમાં આપણા જ માલનો વેપાર અંગ્રેજને આવડે ને આપણને ન આવડે? આ મનસુખભાઈ જેમાં કામ કરે છે એ અંગ્રેજી પેઢીની સામે હરીફાઈમાં મંચેરશાએ પોતાની પેઢી નાખી છે. મંચેરશા પોતે રહ્યા પારસી એટલે અરધા વિલાયતી જેવા તો ગણાય જ. દેશદેશાવરમાં એને ઓળખાણપિછાણ, પણ વેપારમાં હોશિયાર ને વિશ્વાસુ માણસની એને જરૂર હતી—'

'મારા જેવો?' નરોત્તમે વચ્ચે કુતૂહલથી પૂછ્યું.

'તારા જેવો નહીં તો શું મારા જેવો?' કીલાએ કહ્યું, 'મને તો મંચેરશા કેદુનો કીધા કરે છે કે કામદાર, આપણી પેઢી ઉપર બેસી જાવ ને બધુંય કામકાજ સંભાળી લ્યો. પણ હું ના કીધા કરું છું...'

'શું કામે પણ?'

'હું કહું છું કે, ના ભાઈ, મને ભલું આ રેલવાઈનું સ્ટેશન ને ભલી મારી આ રેંકડી. આ રમકડાંની ફેરી એવી તો સદી ગઈ છે કે હવે પેઢીમાં આકોલિયા રૂનાં ગાદીતકિયે બેસું તો હાડકાં દુખવા આવે—'

'તમે પણ અવળવાણી જ બોલો છો, કીલાભાઈ!' નરોત્તમે હસી પડતાં કહ્યું.

'ના, ના, અવળવાણી નથી બોલતો, સાવ સાચું બોલું છું. હું માંડ માંડ દુનિયામાંથી આઘેરો ખસ્યો છું, એમાં ફરીથી વળી આ માયામાં ક્યાં પડવું? ઠાલું, મીઠીબાઈસ્વામી કહે છે એમ, જીવવું થોડું ને જંજાળ ઝાઝી વધારવી?'

'પણ મને આ મંચેરશાની પેઢીમાં વાણોતરું કરવાનું આવડશે?' નરોત્તમે પૂછ્યું.

'વાણોતરું?' એટલું બોલીને કીલો ખડખડાટ હસી પડ્યો. પછી સમજાવ્યું, 'તારે તો પેઢીનો વેપાર-વહીવટ કરવાનો છે. વાઘણિયાના નગરશેઠના ફરજંદ પાસે આ કીલો શું વાણોતરું કરાવશે?'

હવે નરોત્તમને ટોણો મારવાની તક મળી: 'વાણોતરું કરાવવાને બદલે તમે સરસામાન ઉપડાવવાની મજૂરી તો કરાવી—'

'એ તો મારે તારી પરીક્ષા કરવી'તીને, એટલે મજૂરી કરાવી જોઈ.'

'પરીક્ષા? શેની પરીક્ષા?'

'તારું પાણી માપી જોવાની પરીક્ષા.' કીલાએ ખુલાસો કર્યો. 'પેઢીને ગાદીતકિયે બેસનાર માણસને પરસેવો પાડતાંય આવડવું જોઈએ. ખોટું

કહેતો હોઉં તો પૂછી જોજે તારા મોટા ભાઈને. શેઠાઈ કરવી કાંઈ સહેલી નથી. ઊંચે બેસણે બેસીને જીભ હલાવનારને જરૂર પડ્યે કડ્ય ભાંગીને કામ કરતાં પણ આવડવું જોઈએ. હાથ નીચે મર ભલે હજાર વાણોતર હોય, પણ શેઠમાં તો હમાલનું કામ કરવાનીય તૈયારી જોઈએ. ને તો જ એની શેઠાઈ ભોગવી પરમાણ—'

કીલાની આ નવી ફિલસૂફી નરોત્તમ રસપૂર્વક સાંભળી રહ્યો. કીલો બોલતો હતો:

'તારામાં વેપાર-વહીવટની બધીય આવડત છે, એ તો મેં કાચી ઘડીમાં જ જાણી લીધું'તું. ને મંચેરશા તો મને કેદુનો કીધા કરતો'તો, પણ મેં તારી ભલામણ આટલા દી કરી નહીં, કારણ કે તારામાં શેઠાઈનો ગુણ મારે પારખવો'તો. એ, આ મજૂરી કરાવીને પારખી લીધો.'

'સાચું કહો છો?' નરોત્તમને હજી કીલાની આ વાતમાં વિશ્વાસ નહોતો બેસતો.

'હા, મેં તને મંચેરશાની પેઢી ઉપર કેદુનો બેસાડી દીધો હોત ને આજે તારા હાથ નીચે દસબાર વાણોતર તારો પડ્યો બોલ ઝીલતા હોત. પણ આવી શેઠાઈ જીરવવાનું તારામાં જોર છે કે કેમ એટલું જ મારે જાણવું'તું. આવી ધરખમ પેઢીને મોટે મોભારે બેસીને હુકમ છોડવા એ પણ અમલદારી જેવો અમલ છે. એ અમલ જીરવી જાણવો જોઈએ, નહીંતર, એનો અમલ તો માણસનું માથું ફેરવી નાખે. મારે તારું આટલું જ પારખું કરવું'તું, તે આ રેલનાં છડિયાંનો સરસામાન ઉપડાવીને કરી લીધું—'

'રેલનાં છડિયાંનો જ નહીં, એક વારની મારી સગી—'

'સગી વહુનો જ, એમ કહે ને! એમાં શરમાય છે શાનો?' કીલાએ કહ્યું, 'પણ એય એક જોતાં લાભની જ વાત થઈ છે. એક પંથ ને દો કાજ જેવું કામ થઈ ગયું—'

'કેવી રીતે?'

'એણે તારા માથા ઉપર ભાર જોઈને કીધું ને, કે હું લાજી મરું છું?'

'હા, ઉપરાઉપર બેત્રણ વાર કીધું કે મેલી દિયો સામાન નીચે, હું લાજી મરું છું.'

'બસ છે. આ બે વેણ બસ છે.' કીલાએ કહ્યું, 'આ તો તારું પારખું કરવા જાતાં ભેગાભેગું મેં ચંપાનુંય પારખું કરી લીધું.'

'આ બે વેણ ઉપરથી જ?'

'બે શું એક વેણ—અરે અરધા વેણ—ઉપરથી સંધુંય સમજાઈ જાય. સાચાં મોતીનાં પાણી તો નજર નાખ્યાં ભેગાં પરખાઈ જાય. સાચાં ને ફટાકિયાં મોતીમાં ફેર એટલો ફેર, સમજ્યો ને?'

'મને તો આમાં કંઈ સમજાતું નથી.'

'તને ભલે ન સમજાય, મને સંધુંય સમજાઈ ગયું. હું લાજી મરું છું એમ કીધું, એટલું બસ છે. હવે એ છે ને આ કીલો છે. એનો હથેવાળો હવે નરોત્તમ સિવાય બીજા કોઈની હારે નહીં થાય...'

'તમે પણ કીલાભાઈ, ઠીક ટાઢા પહોરની રોનક કરો છો!' નરોત્તમે કહ્યું.

'રોનક નથી કરતો. આ કીલાને રોનક કરતાં આવડતી જ નથી. હું તો રોકડિયો હડમાન છું. આપણી પાસે ઉધાર વાત નહીં, રોકડી નગદ સિવાય બીજી વાત આપણને આવડે નહીં. આ કીલો બોલે એટલું કરી બતાવે. ખોટાં ફીફાં ખાંડવાનું મારા બાપે મને શીખવ્યું જ નથી. હું તને તાંબાને પતરે લખી દઉં કે ચંપાની વરમાળા તારી જ ડોકમાં આરોપાશે. કહેતા હો તો આ ફકીરને ને ગાંડાને આપણા સાક્ષી તરીકે રાખીએ. ને એમાં જરાય મીનમેખ થાય તો આ કીલો પોતાની મૂછ મૂંડાવી નાખે એટલી કબૂલાત. પછી છે કાંઈ?'

કીલો પોતાની ભરાવદાર મૂછને ગર્વભેર વળ ચડાવતો રહ્યો

અને નરોત્તમ એના ભણી અહોભાવથી તાકી રહ્યો, એટલે કીલાએ વધારે ગર્વભેર ઉમેર્યું:

'અરેરે, મોટા, મને તો એક જ વાતનો ઓરતો રહી ગયો કે તેં આ કીલાને હજી લગી ઓળખ્યો જ નહીં! હું કોણ? કીલો કાંગસીવાળો!'

રાતે વાળુપાણી પતાવ્યા પછી નરોત્તમ અને કીલા વચ્ચે મોડે સુધી ગુફ્તેગો ચાલતી રહી.

'કાલ સવારના પહોરમાં જ તારે મંચેરશાની પેઢી ઉપર બેસી જવાનું છે—' કીલાએ આદેશ આપ્યો.

'કાલે જ? સવારના પહોરમાં જ?'

'હા, ધરમના કામમાં વળી ઢીલ શી?'

'આ તો ધરમનું નહીં, કરમનું કામ છે.' નરોત્તમે મજાકમાં કહ્યું. 'એનો આરંભ કરવામાં સારો વાર, સારું ચોઘડિયું, સારું શુકન જોવું જોઈએ ને?

એવાં ડોસી-સાસ્તરમાં આ કીલો માનતો જ નથી. સતપતિના સાતેય વાર સારા જ છે, એમ સમજવું. શુકન-અપશુકન જોવાનું કામ તો સાડલા પહેરનારી બાઈડિયુંને સોંપ્યું. આપણે મરદ માણસને તો આઠેય પહોરનાં ચોઘડિયાં સારાં જ ગણાય. આ કીલો તો એક જ વાત સમજે: કાંડાંમાં જોર જોઈએ, ને કામ કરવાની આવડત જોઈએ.' આમ કહીને કીલાએ પોતાના જીવનસૂત્રનું પુનરુચ્ચારણ કર્યું: 'હુન્નર હાથ, એને હરકત શી?'

કીલાનાં આવાં પ્રેરક વચનોથી ઉત્સાહિત થઈને નરોત્તમે પૂછ્યું: 'હવે વાઘણિયે મોટા ભાઈને કાગળ લખી નાખું ને? કામધંધો જડ્યો એના સમાચાર વાંચીને ભાઈભાભી બિચારાં બહુ રાજી થાશે—'

'ના.' કીલાએ કડક અવાજે નકારમાં જવાબ આપી દીધો. 'મોટા ભાઈને એવો લૂખો કાગળ ન લખાય, કાગળનો કટકો વાંચીને

મોટા ભાઈ આવી વાત માને પણ નહીં કે નરોત્તમ મોટી પેઢીને ગાદી-તકિયે બેસી ગયો છે—'

'તો પછી કેવી રીતે વાત મનાવવી?'

'થોડાક દી પછી નગદ નાણાનું મનીઆડર મોકલીને,' કીલાએ સમજાવ્યું. 'ખોબો ભરાય એટલા રૂપિયા ભાળશે એટલે એની મેળે સમજાઈ જાશે કે નાનો ભાઈ હવે કમાતો થયો ખરો!'

'ખોબો ભરાય એટલા રૂપિયા?'

'ખોબો શું, ખજાનો ભરાય એટલા રૂપિયા મોટા ભાઈને મોકલવા પડશે,' કીલાએ કહ્યું. 'ઓતમચંદને તો હજી મંચેરશાની પેઢીના આડતિયા નીમવા પડશે. ગામેગામના વજે જોખીને માલ ચડાવવાનું કામ ઓતમચંદે કરવું પડશે. એમાં રૂપિયે આનો બે આના આડત જડશે તોય હકશી પેટે લાખની પાણ થાશે.'

'તમે તો બહુ લાંબો વિચાર કરી નાખ્યો છે, કીલાભાઈ!'

'આ કીલો ટૂંકા વિચાર કોઈ દી કરતો જ નથી. હિંગતોળ વેપલો કર્યે ઘરે હાથી ન બંધાય. આંગળી સોઝીને થાંભલો થયો સાંભળ્યો છે ક્યાંય?' ફરી કીલાએ ગર્વોક્તિ ઉચ્ચારી: 'આ કીલો તો એક જ વાત સમજે... મારવો તો મીર, નહીંતર હાથ જોડીને બેઠાં રહેવું.'

'તમે તો ભારે જબરા છો!' કીલાની ગર્વોક્તિથી પ્રભાવિત થઈને નરોત્તમ બોલ્યો. 'તમારી પહોંચ ગજબની છે!'

'પહોંચ વિના હું કામદાર મટીને કાંગસીવાળો થયો હોઈશ?'

'તમે તમારું નામ શું કામ બદલાવી નાખ્યું એ તો હજીયે મને નથી સમજાતું—'

'જિંદગીના રંગ બદલે એમ નામ બદલાવવાં જોઈએ, મોટા! આપણે પોતાની મેળે નામ ન બદલીએ તો દુનિયા જ આપણું નામ બદલી નાખે. ઓલી કહેવત તેં નથી સાંભળી?... ગરથ વિનાનો ગાંગલો, ને ગરથે ગાંગજીભાઈ! ગાંઠમાં ગરથ હોય તો 'ગાંગજીભાઈ

ગાંગજીભાઈ,' થઈ પડે, ને ગરથ ન હોય તો 'ગાંગલો' થઈ જાય. દુનિયાની રફતાર જ એવી છે. એમાં માણસનો વાંક નથી. નામનો મહિમા જબરો છે, મોટા!'

આ નામ-મહિમા નરોત્તમ સાંભળી રહ્યો ને કીલો એકાએક મૂંગો થઈ ગયો. હવે પછી વળી કયો નવો તુક્કો સાંભળવા મળશે એની કલ્પના નરોત્તમ કરી રહ્યો હતો ત્યાં જ કીલાએ ધડાકો કર્યો.

'મોટા, મારે તારું નામ પણ બદલાવવું પડશે!'

'મારું નામ?' નરોત્તમે આઘાત અનુભવતાં પૂછ્યું, 'મારું નામ તો હું અહીં આવ્યો કે તરત જ તમે બદલાવી નાખ્યું છે... નરોત્તમમાંથી 'મોટો' તો કરી નાખ્યું છે. હજી ત્રીજું નામ આપવું છે?'

'મોટો તો હુલામણું નામ છે. વહેવારનું નામ નોખું રાખવું પડશે... મંચેરશાની પેઢીમાં તને નોખે નામે બેસાડવો પડશે.'

'પણ નામ બદલવાની જરૂર શું છે?'

'તને નહીં સમજાય, મોટા! હજી તારી ઉંમર નાની છે, ને દુનિયાના વસમા વહેવારના અનુભવ નથી તને, એટલે આ કીલાની રમત હમણાં નહીં સમજાય.'

'સારું, પણ હવે નવું નામ શું રાખશો?' નરોત્તમે કુતૂહલથી પૂછ્યું.

'આજે રાતે ઊંઘમાં વિચાર કરી જોઈશ,' કીલાએ જવાબ આપ્યો. 'ને સવારમાં નવું નામ પાડી દઈશ. ઊઠતાંવેંત તને નવે નામે જ બોલાવીશ!'

*

# ૨૪
# મનોમન

'હેં મામા, ઓલ્યો મજૂર કોણ હતો?'

'એણે આટલા રૂપિયા ભરેલું પાકીટ પાછું સોંપી દીધું, એ કાંઈ જેવીતેવી વાત છે? માણસ ભલે મજૂરી કરે, પણ લાગે છે સાચક—'

'હેં મામા, તમે એને રૂપિયો બે રૂપિયા આપીને રાજીય ન કર્યો?'

'મામા, એને બિચારાને મનમાં કેવું લાગ્યું હશે! એને થાતું હશે કે આ શેઠ તો સાવ મૂજી નીકળ્યા! અકબંધ પાકીટ પાછું સોંપ્યું, પણ બદલામાં પાવલુંય પરખાવ્યું નહીં...'

ચંપા વારે વારે મનસુખભાઈને આવા પ્રશ્નો પૂછ્યા કરતી હતી. અને મનસુખભાઈ વારે વારે આવા અણગમતા પ્રશ્નો અંગે કંટાળો વ્યક્ત કર્યા કરતા હતા.

'ઓહોહો! તું તો મજૂર મજૂર કરીને અમારો જીવ ખાઈ ગઈ, બાઈ!'

'તું તો વાતનું વતેસર કરી પડી!'

મામા કંટાળો વ્યક્ત કરતા હતા, પણ ભાણેજને જરાય કંટાળો આવતો નહોતો. બલકે, એ તો બમણા ઉત્સાહ ને કુતૂહલથી પૂછગાછ ચાલુ રાખતી હતી.

'પણ મામા, તમે એને મજૂર મજૂર કૂટ્યા કરો છો પણ એના દીદાર મજૂર જેવા લાગતા નો'તા હો!'

'અરે ભાઈ, મજૂર નહીં તો મૂલી કહું, લે! ને મૂલી નામ ન ગમતું હોય તો ઉપડામણિયો કહું, લે! આ તો, ઓલી ડોસીના ત્રણ દીકરાવાળી વાત થઈ—ત્રણેય દીકરાનાં નામ નોખાં નોખાં: એકનું

નામ ધારો, બીજાનું નામ પરવત ને ત્રીજાનું નામ ડુંગર. પણ અંતે તો ત્રણેય પાણા—'

'મામા, એ મજૂરનેય ભલે તમે ઠેકડીમાં મૂલી કહો કે ઉપડામણિયો કહો, પણ એનુંય સાચું નામ તો કાંઈક હશે જ ને?'

'હશે; તે શું થઈ ગયું?' મનસુખભાઈએ જરા ઉગ્ર અવાજે પૂછ્યું.

ચંપાએ બીતાં બીતાં બોલી નાખ્યું: 'એનું નામ તમારે જાણવું જોઈએ—'

'એવા હાલીમવાલીનાં નામ જાણીને મારે શું કરવું છે? એને મારે આંગણે ઉભાડીને પોંખવો છે?'

ચંપાની આંખ ચમકી ઊઠી.

'પોંખવો છે?' શબ્દો સાંભળીને ચંપાના હોઠ ઉપર 'હા' ઉત્તર આવી ગયો, પણ પ્રયત્નપૂર્વક એણે એ શબ્દ પાછો હૃદયમાં ઉતારી દીધો.

'પણ મામા, એને બિચારાને સાવ ખાલી હાથે કાઢ્યો એમાં આપણા ઘરની આબરૂ નહીં જાય?'

'મજૂર માણસ પાસે વળી આબરૂની વાત? એની પાસે આપણી આબરૂ રહી તોય શું ને ગઈ તોય શું?'

ચંપા ઘડીભર મૂંગી થઈ ગઈ. હવે પોતાના મનગમતા વિષયની વાત શી રીતે આગળ વધારવી એ અંગે વિમાસી રહી. આખરે, હૈયામાં ઘોળાઈ રહેલી વાત ફરી હોઠે આવી ગઈ:

'પણ મામા, તમે એને મજૂર મજૂર કૂટ્યા કરો છો, પણ એ મજૂર જ નહોતો—'

'ના, ના, મજૂર નહીં, મોટો માંધાતા હતો!' મનસુખભાઈએ મરડમાં જવાબ આપ્યો. 'તું તો હજી કહે ને કે મોટો લખપતિ હતો, શાવકારનો દીકરો હતો, નવાબજાદો હતો, અરે, નવલશા હીરજી હતો!'

ચંપાને લાગ્યું કે મારે જે શબ્દો બોલવા છે—અને બોલી શકતી નથી—એને મારા મામાને મોઢેથી વાચા મળી રહી છે. મરડમાં ઉચ્ચારાતી આ દાઢાવાણી અક્ષરશઃ સાચી છે એ હું શી રીતે સમજાવું? સ્ટેશન પરથી માથે સામાન ઉપાડી ખડકી સુધી મૂકી ગયેલો એ માણસ ખરેખર નવલશા હીરજી જેવા ખાનદાનનું ફરજંદ છે એ હકીકતની ખાતરી શી રીતે કરાવું?

'પણ મામા, એના દેખાવ ઉપરથી લાગતું'તું જ કે એણે સુખના દિવસો જોયા હશે—'

'ને આ તો અમથો શોખથી મજૂરી કરવા આવ્યો'તો એમ ને?'

'શોખથી તો નહીં પણ માથે વેળા પડી હશે એટલે નછૂટકે આવું નીચાજોણું કામ કરતો હશે—' કહીને ચંપાએ ફરી ફરીને એ જ વાત ઉચ્ચારી: 'એનું મોઢું જ કહી દેતું'તું કે એ માણસે કોઈ દી મજૂરી કરી નથી... ને કરતાં આવડતીય નથી.'

'નહીં આવડતી હોય તો હવે આવડશે.' મનસુખભાઈએ ઠંડે કલેજે જવાબ આપ્યો, 'કામ કામને શીખવે.'

સાંભળીને ચંપા પણ ઠંડીગાર થઈ ગઈ. હવે મામાને આ મજૂરમાં કઈ રીતે રસ લેતા કરવા એ અંગે વિચારી રહી. એક વાર તો એને મનમાં થઈ આવ્યું કે મામાને સીધું સંભળાવી જ દઉં, કે એ મજૂર બીજો કોઈ નહીં પણ વાઘણિયાવાળા ઓતમચંદ શેઠનો નાનો ભાઈ છે અને અને એનું નામ નરોત્તમ છે... પણ બીજી જ ક્ષણે એ વિચાર માંડી વાળ્યો. 'ના, ના. આમ સીધી રીતે કહી દઈશ તો તો એ માણસ તરફ મામાને વધારે અણગમો થશે.'

તો પછી એ મજૂરની ભાળ શી રીતે મેળવવી?... ચંપાની આંખ સામે પોતાના પ્રિયપાત્રની છબી તરવરી રહી. એની એકની એક મુખમુદ્રા જુદાં જુદાં સ્થળમાં ને જુદા જુદા સ્વાંગમાં પણ દેખાતી હતી. પહેલવહેલાં, વાઘણિયે જતી વેળા અમરગઢ સ્ટેશન ઉપર

મહેમાનોને ઉતારવા આવેલ એક મૂર્તિ... રસ્તામાં ઘોડાગાડીમાં બેઠે બેઠે તારામૈત્રક રચનાર બીજી મૂર્તિ... નવી મેડીના માઢમાં ગુપ્તપણે ગોષ્ઠી કરનાર ત્રીજી મૂર્તિ... ફરી પાછાં મેંગણી જતી વેળા ઘોડાગાડીમાં વળાવવા આવેલ, ઊઘડતા પરોઢે જ હૃદયમાં પ્રેમપંખીનો મૂંગો કલશોર મચાવી મૂકનાર ચોથી મૂર્તિ... મેંગણી પહોંચ્યા પછી પહેલી જ રાતે મીઠા અજંપામાં સાચાં સપનાંનો અનુભવ કરાવનાર અને પછી તો રોજ રોજ જાગ્રતાવસ્થામાં પણ સપનાંનો સુરમો આંજી જનાર પાંચમી મૂર્તિ... અને છેલ્લે, અહીં રાજકોટ સ્ટેશનેથી ઘર સુધી સાથે સામાન ઉપાડીને મજૂરનો સ્વાંગ સજનાર—અને તેથીસ્તો વધારે અસ્વસ્થ કરી જનાર—છઠ્ઠી મૂર્તિ...

આમાનાં પહેલા અને છેલ્લા ચિત્ર વચ્ચે બહુ ઝાઝું છેટું પડી ગયેલું. એક મોટા જીવનપલટા જેટલું અંતર દેખાતું. પહેલી વાર જોયેલી અને છેલ્લી વાર અનાયાસે જોવા મળેલી વ્યક્તિ વચ્ચે વિસંવાદ જેવું લાગતું હતું. પણ ચંપા જાણતી હતી કે પેલાં પાંચ ચિત્રો સાચાં, સ્વાભાવિક હતાં, જ્યારે આ છેલ્લું ચિત્ર અસ્વાભાવિક હતું; એ ચિત્રમાં 'સ્વભાવ' નહીં પણ સ્વાંગ હતો.

શા માટે એણે આવો સ્વાંગ સજ્યો? એના ઉપર વિપત પડી છે એ વાત સાચી. પણ સાચોસાચ પેટ ભરવા સારુ જ આવું મજૂરનું કામ કરવું પડ્યું હોય, તોપણ એણે સ્ટેશન ઉપરથી બીજા કોઈનો નહીં ને મામાનો જ સામાન શું કામ ઉપાડ્યો?... જાણી જોઈને ઉપાડ્યો હશે? મામા હારે તો એને આંખની ઓળખાણેય નથી. બેય જણા કોઈ દી હરુભરુ મળ્યા જ નથી. આંખને અણસારેય કોઈ એકબીજાને ઓળખતા નહોતા. તો પછી, ગાડી ઊભતાંવેંત એણે મામાના હાથમાંથી ભાર લઈને ભૂલથી જ પોતાના માથા ઉપર મેલી દીધો હશે...?

આ પ્રસંગ ઉપર વધારે વિચાર કરતાં ચંપાને તુરત એક ત્રીજી વ્યક્તિ યાદ આવી ગઈ... હા, બરોબર, સામેથી કોઈક માણસે મામાને હાંક મારીને કીધું કે ગામતરેથી આવી ગ્યાને મનસુખભાઈ!... આપણો માણસ છે, સામાન ઉપાડીને ખડકી લગી મેલી જાશે...

હં. બરોબર! હવે યાદ આવ્યું. મામાનો સરસામાન એણે અમથો નહોતો ઉપાડી લીધો. કોઈકે એને ચીંધ્યું'તું ખરું!... પણ કોણ હશે એ માણસ? કોણ હશે એને આવું મૂલી-મજૂરીનું કામ ચીંધનારો? એનો કોઈ સગો થાતો હશે? કે એનો વળી શેઠ હશે? એ, પારકા માણસને આમ ન કરવાનું કામ કેમ ચીંધતો હશે? ચીંધી શકતો હશે?

'હા, હવે યાદ આવ્યું, બરોબર યાદ આવ્યું! ગાડી ઊભી રહી ત્યારે એક માણસ રમકડાંની રેંકડી ફેરવતો હતો ખરો. એ એક હાથે ઘૂઘરા વગાડતો હતો ને બીજે હાથે રેંકડી ઠેલતો હતો, ને મોઢેથી 'લ્યો આ મહુવાનાં રંગીન રમકડાં!' એમ રાડ પાડતો હતો.

સ્મૃતિપટ પર એક પછી એક તાણાવાણા ગોઠવાતા જતા હતા અને એમાંથી આખું અકબંધ દશ્ય નજર સામે આવી ઊભતું હતું.

હા, હવે યાદ આવ્યું! મામાની પાછળ પાછળ હું ધીમે ધીમે સ્ટેશનના દરવાજા બહાર નીકળતી હતી ત્યારે એ રમકડાંવાળો મારી સામે ટગર ટગર જોઈ રહ્યો હતો ખરો!... શું કામે જોતો હશે? મામાનો ઓળખીતો હતો એટલે?—મામાને ઘેર આ કોણ નવાં મહેમાન આવ્યાં એ જાણવા સારુ એ આમ જોયા કરતો હશે?... કોણ જાણે બાઈ, પણ હું તો એની બાઘડા જેવી આંખ જોઈને જ બી મરી'તી!...

પ્રસંગની સાંકળમાં ખૂટતી કડીઓ જેમ જેમ ભિડાતી જતી હતી તેમ તેમ ચંપાને આખી સમસ્યા સ્ફુટ થવાને બદલે વધારે રહસ્યમય લાગતી જતી હતી... કોણ હશે એ રમકડાં વેચનારો? મામાનો સરસામાન ઉપાડી લેવાનું એણે શું કામે ચીંધ્યું? ને મારી સામે

આટલી ઝીણવટથી શું કામે જોઈ રહ્યો હશે?... હું મનસુખભાઈની ભાણેજ થાઉં છું, એ વાત એ જાણતો હતો?—જાણી ગયો હશે? મામા મને શું કામે રાજકોટમાં લઈ આવ્યા છે એ વાતની એને ખબર પડી ગઈ હશે?...

કોણ હશે એ રેંકડીવાળો? ઓતમચંદ શેઠનો ઓળખીતો હશે? એના કુટુંબ હારે એને કાંઈ સગાઈ-સગપણ હશે? આ બધું નાટક એણે હાથે કરીને ગોઠવ્યું હશે? કે એની મેળે જ ગોઠવાઈ ગયું હશે?

ચંપાનું વિચારસંક્રમણ ફરી ફરીને મૂળ વાત ઉપર આવતું હતું: ના, ના, આમાં જરૂર કાંઈક ભેદ છે. આવો જોગાનુજોગ કાંઈ અમથો ન ગોઠવાઈ જાય... એણે મારું પારખું કરી જોવા સારુ તો આ બધી રમત નહીં ગોઠવી હોય ને?

અને તુરત આના અનુસંધાનમાં બીજો વિચાર ઝબકી ગયો: મારું પારખું કરવા જ આ રમત ગોઠવી હોય તો તો કેવું સારું! પારખામાં તો હું બરોબર પાર ઊતરી છું. રસ્તામાં મેં બરોબર વાત કરી છે. મેં ક્યાંય કરતાં ક્યાંય ભૂલ નથી ખાધી. મેં તો ચોખ્ખું કહી દીધું કે આ તમને શોભતું નથી, ને તમારે માથે ભાર જોઈને હું લાજી મરું છું... બસ, મારાં આટલાં વેણ ઉપરથી એ મારા મનની વાત નહીં સમજી ગયા હોય? આમ તો કેવા ચતુર ને હોશિયાર છે!—અરધું વેણ બોલીએ તોય આખું સમજી જાય એવા! આવી વાત તો માણસ સાનમાં સમજી જાય. મેં વળી તોડીફોડીને કીધું છે કે હું લાજી મરું છું... બસ છે, તેજીને તો આટલો ટકોરો જ બસ. સંધીય વાત સમજી જ ગયા હશે... ભલે મોઢેથી કાંઈ બોલતા નહોતા, પણ આંખમાંથી નેહ વરસતો'તો એ થોડો છાનો રહી શકે એમ હતો?... છેલ્લી ઘડીએ મેં ડેલીનાં બારણાંમાં પગ મેલતાં મેલતાં પાછું વાળીને જોયું ત્યારે એની આંખ મારા ઉપર જ ખોડાયેલી હતી ને!—બસ છે આટલું તો... અમે બેય જણાં મૂગાં

મૂંગાં મનોમન સંધુંય સમજી ગયાં! ને બેયનાં મનોમન સાક્ષી... હવે અંજળપાણી લખ્યાં હશે તો, જેવાં મનોમન મળ્યાં એવાં જ હરુભરુ ભેગાં થઈ જઈશું.

અને આ સંભવિત મિલનની મનોમન અનુભૂતિ એવી તો ઉત્કટ બની રહી કે ચંપાએ ઉત્સાહભેર મનસુખભાઈને કહ્યું:

'મામા, ઓલ્યા મજૂરની ગોત-ભાળ તો કરો!'

હવે મનસુખભાઈનો મિજાજ હાથથી ગયો. એમણે રોષભરી ત્રાડ પાડી:

'અહોહો! તેં તો મજૂર મજૂર કરીને લોહી પીધાં અમારાં!'

બસ આટલી ગર્જના કરીને મનસુખભાઈ રોષભેર બીજા ઓરડામાં ચાલ્યા ગયા.

તેઓ ત્રાડ પાડીને ચાલ્યા ગયા એ એક રીતે સારું જ થયું. કેમ કે, હાજર રહ્યા હોત તો ચંપાની આંખમાં તગતગી ગયેલાં આંસુ જોઈને એમને અકળામણ થઈ પડી હોત.

'શું છે? શું છે? આ શેના હાકોટા સંભળાય છે?' કરતાંકને રસોડામાંથી ધીરજમામી દોડી આવ્યાં.

ઓરડામાં આવીને જોયું તો ચંપાની બંને અણીવાળી આંખોની પાંપણને છેડે પાણીદાર મોતી સમું એકેક આંસુ તબકતું હતું.

'અરે! મારી ચંપાબેન! આ શું?' ધીરજમામી વિસ્ફારિત આંખે પૂછવા લાગ્યાં:

'મામા વઢ્યા?'

'કોઈએ કાંઈ આકરાં વેણ કીધાં?'

'તમને કંઈ ઓછું આવ્યું?'

આટલા ઉપરાઉપરી પ્રશ્નો પૂછવા છતાં ચંપા તો મૂંગી જ રહી. તેથી ધીરજમામીની અકળામણ વધી. એમણે વધુ પૃચ્છા કરી:

'આંહીં અમારા ઘરમાં ગમતું નથી?'

'મેંગણી યાદ આવી ગયું?'

'માબાપ યાદ આવી ગયાં?'

બિચારાં ધીરજમામીને કોણ સમજાવે કે આ યુવતીને અત્યારે મેંગણી કે માબાપ નહીં પણ એક મજૂરની યાદ સતાવે છે!

સ્ત્રીસહજ નિકટતાના ભાવથી એમણે ચંપાને ગોદમાં લીધી અને પોતાના સાડલાના છેડા વતી એની આંખને ખૂણે તગતગતું આંસુ લૂછવા માંડ્યું.

'શું કામે ઓછું આવી ગયું, બેન? મારા સમ છે, ના બોલો તો!

આંખમાંથી એકેક આંસુ લુછાયું કે તરત, અંદર ક્યારનાં રૂંધાઈ રહેલાં બીજાં આંસુ મોતીની લાંબી સેરની જેમ દડદડ સરી પડ્યાં.

'અરર! મારી બેન, આ શું?' ગુલપાંખડી જેવા ગાલ ઉપર પથરાયેલાં ઝાકળબિંદુ સમાં આંસુ વહાલપૂર્વક લૂછતાં લૂછતાં મામી બોલી રહ્યાં:

'આજે આમ રોવા બેસાય, મારી બાઈ? આજ તો મુનસફનો દીકરો તમને જોવા આવવાનો છે... અરરર! આંખ તો જો, રાતીચોળ થઈ ગઈ આટલી વારમાં! તમારા મામાનો સ્વભાવ તો મૂળથી જ તીખો છે. મનેય વાત વાતમાં રોવરાવે છે. અબઘડીએ જ એને ઠપકો આપું છું, છાની રહી જા, બેન!'

આટલું સાંત્વન આપીને ધીરજમામી પાણીઆરેથી પાણી લાવ્યાં ને હીબકતી ચંપાને પરાણે બેચાર ઘૂંટડા પાયા. અશ્રુપ્રવાહ અટક્યા પછી મામીએ સૂચના આપી:

'માથું-મોઢું કરીને તૈયાર થઈ જા, બેન! અબઘડીએ મુનસફનો છોકરો આવી પૂગશે.'

*

૨૫

# ઉષાની રંગોળી

રોંઢા ટાણું હતું.

વાઘણિયાની વાંકીચૂંકી બજારમાં અત્યારે બિલકુલ ઘરાકી ન હોવાથી હાટડીદારો નવરા બેઠા ઝોકાં ખાતા હતા.

એક ખૂણા તરફ મામૂલી હાટડી માંડીને બેઠેલો ઓતમચંદ પણ અત્યારે ઘરાકીને અભાવે નાનકડા તકિયાને અઢેલીને જરા આડો થઈને પડ્યો હતો.

ધોળે દિવસે સોપો પડી ગયો હોય એવા સૂમસામ વાતાવરણમાં અમરગઢથી આવતા હલકારાએ વાઘણિયાના ઝાંપામાં પ્રવેશ કર્યો. દરવાજાની દોઢીમાં પસાયતો પણ સાંગામાંચી જેવા ખાટલામાં પડ્યો પડ્યો ઘોરતો હતો. એને સરકારી કાગળનું બીંડલ સોંપવા હલકારાએ પોતાના હાથમાંની લાકડી ખખડાવીને જગાડ્યો.

ઝાંપાની નજીકની એક-બે શેરીમાં બે-ત્રણ પત્તાં વહેંચીને એ સીધો બજાર તરફ વળ્યો.

બે ગાડાં સામસામી દિશાએથી આવી ચડે તો એકને પાછું વળવું પડે એવી સાંકડી બજારમાં અહીંતહીં હરાયાં ઢોર સૂતાં હતાં એમની પર ઠેક લેતો લેતો હલકારો આગળ વધ્યો ત્યાં તો એનો પગરવ સાંભળીને ઊંઘતાં કૂતરાં જાગી ઊઠ્યાં અને ટપાલખાતાના આ ખાખી ગણવેશધારીને હાઉ હાઉ અવાજ વડે આવકારી રહ્યાં.

કૂતરાંના અવાજે, કાગાનીંદરમાં પડેલા વેપારીઓને જગાડી દીધા, એકાંતરે દિવસે રોંઢા ટાણે સંભળાતા ડાઘિયાં કૂતરાંના અવાજ પોસ્ટમૅનના આગમનનાં ડંકાનિશાન ગણાતાં.

ગામલોકોની જેમ હલકારો પણ આ વાતાવરણથી ટેવાઈ ગયો હતો. વાઘણિયાનાં કૂતરાં આખા પંથકમાં પંકાતાં, તેથી આ ગામમાં ટપાલ વહેંચવા આવતી વેળા સાથે બડીકો લાવવાનું એ કદી ભૂલતો નહીં. લાંબી કામગીરીને પરિણામે એ એકેએક કૂતરાથી પરિચિત પણ થઈ ગયો હતો. તેથી જ તો, અત્યારે એ એક હાથમાં ટપાલથેલો ને બીજા હાથમાં બડીકો વીંઝતો વીંઝતો કોઈ સુભટની અદાથી આ નવરી બજારમાં આગળ વધતો હતો. સામેથી ભસતાં પરિચિત સ્વજનો જેવાં કૂતરાંઓને 'હવે બેસ બેસ, બાંડિયા!' 'હવે હાંઉ કર્યું, રાતડા!' 'મૂંગો મર્ય, મૂંગો, કાણિયા!' એમ પ્રેમાળ સંબોધનો વડે ગોષ્ઠી કરતો કરતો એ કાગળ વહેંચતો જતો હતો.

વાઘણિયાના વેપારીઓને એક વિચિત્ર આદત હતી. કોની કોની દુકાને કેટલી ટપાલ આવે છે એનું વધારે પડતા કુતૂહલથી તેઓ ધ્યાન રાખતા. અને એ માટે એમણે સરસ કીમિયો શોધી કાઢ્યો હતો. જે દુકાન પાસે હલકારો થોભે એ સ્થળે કૂતરાંના ભસવાનો 'સ્થગિત' અવાજ સંભળાયા કરતો અને એ ખાખી વેશધારી આગળ વધતો રહે એમ કૂતરાંના અવાજ પણ દૂર દૂર જતા રહે. વળી કોઈક સ્થળે ટપાલી થોભે ત્યારે અવાજ સ્થગિત થઈ જાય. આ રીતે કોની દુકાનને ઉંબરે પોસ્ટમૅન થોભે છે અને કેટલો સમય થોભે છે એ પણ બીજા વેપારીઓ જાણી શકતા.

પણ આજે વાઘણિયાના વેપારીઓને જરા નવો અનુભવ થયો. ઓતમચંદની પેઢીનું 'ઉઠમણું' થઈ ગયા પછી એને ત્યાં આવતી ટપાલનું પ્રમાણ બહુ ઘટી ગયું હતું. એક સમયે વાઘણિયામાં આવતા કાગળપત્તરનો અડધો કોથળો ઓતમચંદને ત્યાં જ ઠલવાતો, એ પ્રમાણ હવે આ પડતીના દિવસોમાં નહીંવત્ થઈ ગયું હતું. પરિણામે, હલકારો આવે ત્યારે ઓતમચંદની દુકાન પાસે કૂતરાંએ ભાગ્યે જ ભસવું પડતું. પણ આજે સાવ અવળો જ ઘાટ થયો. બીજા કોઈની

દુકાન પાસે નહીં ને ઓતમચંદની એ કંગાલ હાટડી નજીક કૂતરાં ભસ્યાં તેથી આજુબાજુના દુકાનદારોના કાન ચમક્યા.

વેપારીઓને વધારે આશ્ચર્ય તો એ વાતનું થયું કે ઓતમચંદના આંગણામાં કૂતરાં ભસ્યાં એટલું જ નહીં, સારી વાર સુધી એ ભસવાનું ચાલુ રહ્યું.

ગાદીતકિયે આરામથી પડેલાં અદોદરાં શરીરોને પરિશ્રમ આપીને દુકાનદારોએ બજારમાં ડોકિયું કર્યું તો ઓતમચંદની હાટડી પાસે હલકારો થોભ્યો હતો એટલું જ નહીં, એ તો કૂતરાં કરડવાની બીકે હાટડીની અંદર બેસી ગયો હતો; એક પતાકડા ઉપર કઈ કઈ જગ્યાએ સહીઓ કરવી એની સૂચનાઓ આપતો હતો ને ઓતમચંદ શાહીના ખડિયામાં બરુ બોળી બોળીને અક્ષરો પાડતો હતો.

જોનારાઓની આંખો ચાર થઈ ગઈ.

સહી થયા પછી સાક્ષીની જરૂર પડી. ઓતમચંદે સામી દુકાન તરફ જોઈને બૂમ પાડી: 'ભૂધરભાઈ, જરાક આવજો ને, આમાં શાખ નાખવી પડશે.

મનીઑર્ડરના એ ફારમ તરફ ક્યારના ફાટી આંખે તાકી રહેલા ભૂધરભાઈ જ્યારે શાખ નાખવા ગયા અને પોતાના નામનું મતું મારતાં મારતાં એમણે રકમનો આંકડો વાંચ્યો ત્યારે એમની આંખ વધારે ફાટી ગઈ. એમનાથી પુછાઈ ગયું: 'કિયે ગામથી?'

'રાજકોટથી,' ઓતમચંદે કહ્યું. 'આપણો નાનો ભાઈ છે ને, નરોત્તમ, એણે મોકલ્યા છે—'

બસ, પતી ગયું. ભૂધરભાઈને મોઢેથી આખા બજારમાં ને બજારમાંથી આખા ગામમાં વાત ફેલાઈ ગઈ.

'ઓતમચંદને ઘેરે આજે લાપસીનાં આંધણ!'

'શું કામે પણ?'

'મન્યાડર આવ્યું!'

'રાજકોટથી નરોત્તમે રૂપિયા મોકલ્યા!'

વીજળીવેગે કાનસૂરિયાં ફેલાતાં રહ્યાં.

સાંભળીને કેટલાક લોકો રાજી થયાં. કેટલાંક સાવ સ્થિતપ્રજ્ઞ જેવાં રહ્યાં પણ જેમની કલ્પનાશક્તિ વધારે પડતી સતેજ હતી એમણે આ સમાચાર સાંભળીને વધારે કુતૂહલ વ્યક્ત કર્યું:

'અલ્યા, પણ નરોત્તમે આટલા રૂપિયા કાઢ્યા ક્યાંથી?'

'રાજકોટમાં રૂપિયાનાં ઝાડ ઊગે છે કે માણસ મનફાવે એમ ખંખેરી લે?'

'કે પછી એણે ઘરમાં જ ટંકશાળ પાડી છે?'

ઓતમચંદના હિતેચ્છુઓનાં હૃદયમાંથી ઊઠેલા આ પ્રશ્નો એવા તો ગંભીર હતા કે એમના ઉત્તર સહેલાઈથી મળી શકે એમ નહોતા. પરિણામે એ પ્રશ્નોના પૃચ્છકોએ પોતે જ ઉત્તરો પણ યોજવા પડ્યા.

'નરોત્તમે કોકનો હડફો ફાડ્યો લાગે છે!'

'કોકની દુકાનમાં ગણેશિયો ભરાવ્યો હશે.'

'રાજકોટ જેવા શહેરમાં આટલા રૂપિયા ક્યાં રેઢા પડ્યા છે?'

'હમણાં કોક રાજકોટ ગ્યું'તું એણે તો વાવડ આપ્યા'તા કે નરોત્તમ તો ટેસન ઉપર કોકની રમકડાંની રેંકડી ફેરવે છે. એમાંથી આટલી રકમ ક્યાંથી પેદા કરી નાખે?'

'જરૂર ક્યાંક હાથફેરો કર્યો હશે—'

'ક્યાંક સાટાંદોઢાં કરીને કોકને સુવરાવી દીધો હશે.'

અને પછી કલ્પનાનાં ઘોડાં આગળ વધ્યાં. અનુમાનો અને અટકળો સાથે સમર્થનો પણ શોધાયાં.

'આવાં સાટાંદોઢાં કરવાની એને ખોરડે કાંઈ નવી નવાઈ છે? નરોત્તમ પણ અંતે તો ઓતમચંદનો જ સગો ભાઈ ને! ઓતમચંદે ઈશ્વરિયામાં દકુભાઈની ઓસરીમાંથી રોકડ રૂપિયાની કોથળી બગલમાં મારી'તી... મકનજી મુનીમ નજરે જોયેલી વાત કરતો'તો... નરોત્તમે

પણ એક જ પાણીઆરાના ગોળાનું પાણી પીધું છે ને!... મોટા ભાઈ કરતાં નાનો ભાઈ પોણી સોળ ઊતરે નહીં—'

ગામલોકોને અનુમાનોની અધ્યારી કરતાં મેલીને ઓતમચંદે આજે જરા વહેલી વહેલી દુકાન વધાવી. ઉપરને બારસાખે અને નીચેને ઉંબરે એમ બબ્બે સાંકળ વાસીને ઉપર તાળાં દીધાં પછી આજીવિકાના સાધન સમા આ સ્થળને ત્રણ વાર મૂક વંદના કરીને એ ઘર ભણી વળતો હતો ત્યાં તો સામેથી ટીકી ટીકીને અવલોકી રહેલા ભૂધરભાઈએ ટકોર કરી:

'તાળાં સારીપેઠ ખેંચીને ખખડાવી લેજે, ઓતમચંદભાઈ!'

વેપારીની આવી દાઢાવાણી જેવી જબાન સમજતાં ઓતમચંદને વાર ન લાગી. જવાબમાં એણે મૂંગું, મધુર હાસ્ય વેર્યું, પછી જતાં જતાં એ સ્વગતોક્તિ જેવો ઉત્તર આપતો ગયો:

'હજાર તાળાંકૂંચીએ બાંધી રાખશું તોય જેના નસીબનું હશે એને જ પહોંચવાનું છે, દાણેદાણા ઉપર એનાં ખાનારાંનાં નામ લખ્યાં છે—'

આટલું કહીને ઓતમચંદે અંગરખાની અંદરના કબજામાંના છૂપા ખિસ્સા પર હાથ દબાવીને ખાતરી કરી જ લીધી કે પોતે સાચવીને મૂકેલું જોખમ સહીસલામત છે.

ગામલોકો આ 'મન્યાડર'ના સમાચાર સાંભળીને હેબતાઈ ગયાં હતાં ત્યારે ઓતમચંદ તો જાણે કે કશું જ બન્યું નથી એવી સ્વસ્થતા ધારણ કરીને ઘર સુધી પહોંચ્યો. રોજની આદત મુજબ એણે ઊંચે જોયું તો ઓસરીની કોર ઉપર થાંભલીને અઢેલીને લાડકોર ઊભી હતી. ઓતમચંદે આજે વધારે સભાનપણે પત્ની તરફ ધારી ધારીને જોયું, તો લાડકોરની મુખરેખાઓમાં ખાસ કોઈ પલટો દેખાયો નહીં, પણ એની હસું હસું થઈ રહેલ આંખો થોડી અછતી રહે એમ હતી?'

પ્રૌઢી ધારણ કર્યા પછી આ દંપતીએ મજાકમશ્કરી તો ક્યારનાં છોડી દીધાં હતાં, પણ આજે લાડકોરથી ન રહેવાયું. ઓસરીનાં

પગથિયાં ચડી રહેલા ઓતમચંદને એણે હસતાં હસતાં કહ્યું: 'ઊભા રહો, તમને કળશો કરું—'

'શું કામે ભલા?' ઓતમચંદે પૂછ્યું, 'હું શું તોરણે ચડીને આવ્યો છું?'

'પણ નરોત્તમભાઈનું મન્યાડર તો આવ્યું છે ને?'

'તને કોણે કીધું?'

'બટુકે.'

'બટુકને ક્યાંથી ખબર પડી?'

'શેરીનાં છોકરાંવ પાસેથી—'

'અહોહો! એટલી વારમાં તો શેરી લગી વાત પૂગી ગઈ! ઓતમચંદે આશ્ચર્ય વ્યક્ત કર્યું, 'આ ગામ ગજબનું છે... કાગડા જેવું. કોઈ વાત છાની જ ન રહે.'

'પછી તો ચાર-પાંચ પડોશણ આવી આવીને હરખ કરી ગઈ કે આજ તો લાપસીનું આંધણ મેલજો.'

'લાપસીનું આંધણ?' ઓતમચંદ જરા વિચારમાં પડી ગયો. પછી એકાએક આનંદભેર બોલી ઊઠ્યો: 'થાવા દિયો!'

'શું પણ?'

'લાપસી. બીજું શું?' ઓતમચંદે આદેશ આપ્યો: 'મેલી દિયો આંધણ. ચાર-પાંચ પડોશણ કહી ગઈ, તો પછી પંચ બોલે એ પરમેશ્વર.'

'સાચે જ કિયો છો કે ઠેકડી કરો છો?'

'આવી વાતમાં તે ઠેકડી કરાતી હશે?'

'પણ મન્યાડર સાચોસાચ આવ્યું છે કે પછી ગામના ગપગોળા જ?'

'આ ગામ એટલું બધું પરગજુ નથી કે કારણ વગર આપણી આબરૂ આટલી વધારી મેલે,' કહીને ઓતમચંદે અંદરના કબજામાંથી કડકડતી નોટોનો થોકડો કાઢીને પત્નીને બતાવ્યો.

'અરે, અરે! આમ ધોળે દીએ ઓસરીમાં જોખમ કાઢો મા. લાડકોરે સૂચના આપી. 'પટારામાં સાચવીને મેલી દિયો—'

'લાવો કૂંચી' ઓતમચંદે ઘરમાં જતાં જતાં કહ્યું.

'કૂંચીની જરૂર નથી!' પત્નીએ કહ્યું. 'પટારો ઉઘાડી જ રાખ્યો છે. તમને આઘેથી આવતા ભાળ્યા કે, તરત જ મેં સાચવણું ઉઘાડી નાખ્યું'તું—'

'ઓહોહો! તમે તો બહુ અગમબુદ્ધિ વાપરી ને કાંઈ!' પત્નીના સ્ત્રીસુલભ અત્યુત્સાહને હસી કાઢતાં ઓતમચંદે કહ્યું, 'તમારી સાચવણને તો કોઈ નહીં પૂગે.'

'સાચવવું તો જોઈએ જ ને! બિચારા નરોત્તમભાઈએ ક્યાંક નોકરી કરી કરીને, પરસેવો પાડી પાડીને આટલું ભેગું કર્યું હશે—'

'નોકરી કરે છે જ કોણ?'

'તંયે આટલું બધું ક્યાંથી કમાણા હશે?'

'નરોત્તમ તો ભાગીદારીમાં રહ્યો... મંચેરશા પારસીની પેઢીમાં. આ કાગળ વાંચજો નિરાંતે, એટલે ખબર પડશે.'

'સાચે જ? તો તો તમારા મોઢામાં સાકર—'

'એકલી સાકરથી સંતોષ નહીં થાય. લાપસી જોઈશે, લાપસી.'

'અબઘડીએ આંધણ ચડાવી દઉં, ને ઝપાટામાં પીરસી દઉં. પછી કાંઈ?'

પટારામાં સારી પટ ઊંડે જોખમ ગોઠવતાં ગોઠવતાં ઓતમચંદે પૂછ્યું: 'બટુક કેમ દેખાતો નથી?'

'એ તો મન્યાડર આવ્યાના સમાચાર કહીને પાછો શેરીમાં હાલ્યો ગયો.'

'એને બોલાવીને કહી દિયો કે તારા સારુ નવી ને મોટી ઘોડાગાડી આવે છે—એક સથવારા ભેગી.'

'નરોત્તમભાઈ આ ઘોડાગાડીની વાત હજી ભૂલ્યા લાગતા નથી!'

'કેમ ભૂલે? કાગળમાં તો હજી સાચી ઘોડાગાડી લેવાનું લખે છે. કહે છે કે અબ્દુલાશેઠ માની જાય તો આપણી જ મૂળ ગાડી પાછી લઈ લેજો.'

'સાચોસાચ?'

'વાંચો ને આ કાગળ!'

'પહેલાં મને લાપસી રાંધી લેવા દિયો. પછી નિરાંતે કાગળ વાંચીશ.'

'અરે! હું તો અમથો લાપસી લાપસી કરતો'તો, ને તમે તો સાચે જ રાંધવાની વાત કરો છો!'

'હવે તો રાંધીશ જ, તમારું વેણ રાખવા,' કહીને લાડકોર રસોડા તરફ વળી.

'તો એટલી વારમાં હું આપાભાઈ કાઠીની ડેલીએ જરાક થાતો આવું.'

'કાઠીનું વળી શું કામ પડ્યું?'

'એની ઘોડી કાલનો દી માગી જાવી પડશે—'

'કેમ ભલા? ગામતરે જાવું છે?'

'હવે તો એકાંતરે દિવસે ગામતરાં જ થવાનાં,' ઓતમચંદે કહ્યું, 'આ મોસમમાં આખા પંથકનો કપાસ આપણે ખડી લેવાનો છે.'

'આપણે?' સાંભળીને લાડકોરનો સાદ ફાટી ગયો.

'આપણે એટલે મંચેરશાની પેઢીને હિસાબે—નરોત્તમ વતી,' ઓતમચંદે પત્નીને સાંત્વન આપ્યું.

'તમારો ભાઈ તો શહેરમાં કોક મોટે મોભારે બેઠો લાગે છે! પંથકનો સંધોય કપાસ ખંડી લેવાની વાતું કરે છે.'

'મારો ભાઈ નહીં, તારો દેર, એમ કહે!' ઓતમચંદે પત્નીને મર્મમાં કહ્યું, 'અહીંથી ગયો તંયે તેં એને ઝાઝી આશિષ આપી'તી ને, એ હવે ફળી.'

હજી ભોળુડી લાડકોરને ગળે આ બધી વાત ઊતરતી નહોતી. પતિએ દેવાળું કાઢ્યા પછી પત્નીના માનસમાં જ સાહજિક લઘુતાગ્રંથિ ઘર કરી ગઈ હતી એ અત્યારે બાલિશ પ્રશ્નરૂપે વ્યક્ત થઈ.

'પણ મોટા દરબાર એનો વજેભાગ તમને જોખવા દેશે ખરા?'

'આટલાં વરસ તો આપણે જ જોખતા હતા ને?'

'આટલાં વરસની વાત નોખી હતી... ...આપણી ઊંચી શાખ હતી. પણ હવે—'

'હવે આપણા કરતાંય ઊંચી શાખ મંચેરશા પારસીની છે. સરકારની ટંકશાળ કરતાંય મંચેરશાની હૂંડીના વધારે સિક્કા પડે છે. નામચીન વેપારી મારી ખાય, એના જેવું છે આ તો.'

હજી લાડકોરને આ નવા નવા સાંપડેલા સૌભાગ્યમાં શ્રદ્ધા નહોતી બેસતી. એણે સહજ પ્રશ્ન પૂછ્યો:

'પણ બીજા મોટા મોટા વેપારી આડે નહીં આવે?'

'બીજા બધાય કરતાં આપણે ટકો ભાવ વધારે આપીશું. દામ કરે કામ ને લૂંડી ભરે સલામ, એ તો દુનિયાનો વેવાર છે.'

પતિને મોઢેથી એકેક ઉત્તર સાંભળતી હતી ને લાડકોર હરખાતી જતી હતી. જીવન-નાટકમાં દરિદ્રતાનું લાંબું દૃશ્ય ભજવાયા પછી નૂતન જીવનના પરોઢ ઉપર જે જવનિકા ઊઘડેલી એમાં એને સહેલાઈથી વિશ્વાસ નહોતો બેસતો. તેથી સ્તો એણે ફરી વાર બાલિશ પ્રશ્ન પૂછ્યો:

'આ બધું સાચોસાચ થાશે?'

'અરે તું જોજે તો ખરી, આ ઓતમચંદના સપાટા? એક મોસમ સરખી ઊતરશે તો બેડો પાર છે!'

'તો તો તમારા મોઢામાં સાકર!'

'સાકર નહીં, લાપસી જોઈએ!' જતાં જતાં ઓતમચંદે લાડપૂર્વક કહ્યું અને પત્ની તરફ મુગ્ધભાવે તાકી રહ્યો.

લાડકોરે એ ભાવ બરાબર ઝીલ્યો અને ઘણે વરસે આ પ્રૌઢ દંપતીના જીવનમાં ક્ષણભર નવપ્રેમીઓના જેવું તારામૈત્રક રચાઈ ગયું.

આપાભાઈ કાઠી સાથે ઘોડીનું નક્કી કરીને મોડેથી ઓતમચંદ જમવા બેઠો. ભેગો બટુકને પણ બેસાડ્યો. હરખડી લાડકોરે હોંશે હોંશે લાપસી પીરસવા માંડી, પણ ઓતમચંદે કહ્યું:

'લાપસી નહીં, પહેલાં રોટલો લાવો—'

'રોટલો? રોટલો આજ ઘડ્યો છે જ ક્યાં?'

'સવારનો ટાઢો-સૂકો હશે તોય ચાલશે. રોટલો પહેલાં, પછી લાપસી.'

'રોટલા તો બારેય મહિના ખાવાના જ છે ને!' લાડકોરે કહ્યું, 'આજે તો લાપસી જમો!'

'રોટલા બારેય મહિના નહીં, જિંદગી આખી ખાવાના છે. એટલે જ પહેલાં રોટલો ને પછી મિષ્ટાન્ન,' કહીને ઓતમચંદે ખુલાસો કર્યો: 'મિષ્ટાન્ન તો આજે છે ને કાલે નથી. એટલે જ માણસ ભગવાન પાસેથી લાપસી-લાડવા નથી માગતા પણ સૂકોપાકો રોટલો જ માગે છે, સમજ્યાને? બિરંજ કે બાસુંદી નહીં પણ શેર બાજરી જ માગે છે. ને જિંદગીમાં શેર બાજરી જડતી રિયે એના જેવું સુખ બીજું કયું?'

પતિના આગ્રહને વશ થઈને લાડકોરે સાચે જ સવારના ઘડેલ રોટલાની ફડસ પીરસવી પડી. અને પછી જ ઓતમચંદે લાપસીમાં ઘી ચોળ્યું.

પછી જમતાં જમતાં એણે મિષ્ટાન્ન વિશે વધારે ફિલસૂફી ડહોળી:

'સુખ આવે ત્યારે માણસે હરખાઈ ન જાવું ને દુઃખ પડે તો ગભરાઈ ન જાવું. મિષ્ટાન્ન-પકવાન તો સુખ કરતાં દુઃખમાં વધારે મીઠાં લાગે!'

'દુઃખમાં વધારે મીઠાં લાગે?'

'હા. આ તમે હોંશે હોંશે લાપસી રાંધી છે ને સારી પટ

ણ નાખ્યું છે એટલે મીઠી જ લાગે છે, પણ નાનપણમાં એક
દુઃખના દહાડામાં મેં મારે હાથે લાપસી રાંધીને ખાધી'તી એ
રે મીઠી લાગી હતી.'
હાથે રાંધેલી વધારે મીઠી લાગી એમ?' પોતાની પાકશાસ્ત્રકલાની
ત ઓછી અંકાતી લાગતાં લાડકોરનું સ્વમાન ઘવાયું.
ોતમચંદે ખુલાસો કર્યો:
મેં હાથે રાંધેલી એટલે જ મીઠી લાગી, એમ નહીં. જીભમાં
દ જ વધી ગયો હતો—બહુ દુઃખ પડવાને લીધે. એ વખતે મારા
જીવતા'તા. મા મને ને નરોત્તમને નાનકડા મેલીને ગામતરું કરી
તાં એટલે હું બાપુ ભેગો દુકાનેય બેસું, ને ઘરે આવીને રોટલાય
એ જમાનામાં હજી કપાસનાં વાવેતર બહુ વધેલાં નહીં, એટલે
ણે ઘીનો મોટો વેપાર કરતા. એમાં એક વાર બન્યું એવું કે
ના કોઈ હરામખોરે વખારમાં ખાતર પાડ્યું ને ઘીનાં છલોછલ
ાં વીસ પાળિયાં ઉપાડી ગયો. સવારમાં આ ચોરી થયાની
ર પડી એટલે બાપુ તો બિચારા હેબતાઈ ગયા. હું તો હજી બહુ
જણો નહીં, એટલે ધ્રુસકે ધ્રુસકે રોવા જ મંડ્યો. બાપુએ માંડ
ને મને છાનો રાખ્યો. વખારમાંથી બધાં પાળિયાં ચોરાઈ ગયાં
. પણ દુકાનમાં એક છૂટક વેચાણનું પાળિયું પડ્યું રહ્યું હતું.
બાપુએ મારા હાથમાં મેલીને કીધું કે ઝટ ઘેર જઈને લાપસીનું
ણ મેલી દે! મેં કીધું કે આજે તો આપણે સાવ લૂંટાઈ ગયા, ને
થી લાપસીનું આંધણ? એટલે બાપુ બોલ્યા: 'ઓલ્યો ચોર વીસ
યાં ઉપાડી ગયો છે એટલે ખાંડી જેટલું ઘી ખાશે તો આપણે
ર-અચ્છેર તો આપણા પેટમાં નાખીએ! તે દી અમે વાઢીધારે
રેડી રેડીને જે લાપસી ખાધી છે એનો સ્વાદ તો હજી લગણ
માં રહી ગયો છે. એ પછી તો હજાર વાર લાપસી જમ્યા હોઈશું
તે દીના જેવી મીઠાશ ક્યાંય માણી નથી.'

આટલું કહીને ઓતમચંદ નાના બાળક જેવું નિર્દોષ હાસ્ય વેરી રહ્યો.

બટુકને તો લાપસીમાં કે રોટલામાં, કે એ બંને પાછળની ફિલસૂફીમાં, કશામાં રસ નહોતો. એને તો કાકા તરફથી આવનાર નવી ઘોડાગાડીએ ગાંડોતૂર કરી મૂક્યો હતો. હવે આવનારી નવી ગાડી કેવી હશે, એનો ઘોડો કેવો હશે, એની સતત પૂછગાછ આડે એ પેટ ભરીને જમી પણ ન શક્યો.

રાતે આ દુખિયાં દંપતી નિરાંતે વાતોએ વળગ્યાં.

ઓતમચંદને આવી સુખદુ:ખની ત્રણચાર રાતો યાદ આવી ગઈ. જે દિવસે પોતે દેવાળિયો જાહેર થયેલો એ રાત... જે દિવસે નરોત્તમે શહેરમાં જવાનો હઠાગ્રહ કરેલો એ રાત... જે દિવસે બટુક ખાધા વિના ભૂખ્યો ઊંઘી ગયેલો અને લાડકોરે પતિને ઈશ્વરિયે જવાનું સૂચન કરેલું એ રાત... અને જે દિવસે પોતે મોતના મોઢામાંથી ઊગરી જઈને ઈશ્વરિયેથી ખાલી હાથે પાછો કરેલો અને લાડકોર સમક્ષ પોતાના અનુભવોની અસત્ય કથા કહી સંભળાવેલી એ યાદગાર રાત... આ બધી રાતોએ ઓતમચંદે અજંપો અનુભવેલો. આ પ્રસંગોએ એનું ચિત્ત સંતપ્ત હતું, ત્યારે આજે એ પ્રફુલ્લચિત્ત હતો. અગાઉના અજંપા ઉદ્વેગમાંથી જન્મેલા, આજનો અજંપો પરિતોષજન્ય હતો. અને તેથી જ, આ ઉજાગરો અશાંતિકર નહીં પણ મીઠો લાગતો હતો.

લાડકોરે ફાનસને અજવાળે નરોત્તમનો લાંબો પત્ર ફરી ફરીને બેત્રણ વાર વાંચ્યો છતાંય એને સંતોષ ન થયો. દરેક વાચન વેળાએ એમાંથી વધારે ને વધારે અર્થઘટાવ કરતી જતી હતી. નરોત્તમના નવપ્રસ્થાનમાં રહેલી અપાર શક્યતાઓ ઓતમચંદ સમજાવતો જતો હતો અને લાડકોર વધારે ને વધારે ઉછરંગ અનુભવતી જતી હતી.

શેખચલ્લીની જેમ નહીં પણ સંપૂર્ણ સ્વસ્થ ચિત્તે આ દંપતીએ નવજીવનનાં સુખદ સ્વપ્નોને જાણે કે સાકાર થતાં જોયાં અને એ

સ્વપ્નોની માધુરીમાં લાંબી રાત કેમ કરીને વીતી ગઈ એનો ખ્યાલ ન રહ્યો.

પ્રાગડ પહેલાં ઓતમચંદ ઊભો થયો અને પ્રાત:કર્મોથી પરવારીને આપાભાઈ કાઠીની ડેલીએ ગયો. આગલી સાંજે થયેલી ગોઠવણ મુજબ એ ઘોડી પલાણીને પંથકનાં ગામડાં ખૂંદવા નીકળી પડ્યો ત્યારે આકાશમાં ઉષાની રંગોળી રેલાવા લાગી હતી.

*

૨૬

# ચંપાનો વર

'**તોબાહ,** તારાથી તો?'

'તારાથી તો હવે વાજ આવ્યાં!'

'આવડી નખ જેવડી છોકરીએ અમને થકવી નાખ્યાં!'

મનસુખભાઈ ધુંઆપૂંઆ થઈને તાડૂક્યા કરતા હતા. મામાની સિંહ સમી આવી ઉગ્ર ગર્જનાઓ સામે ગભરુ હરિણી સમી ચંપા હળવા સાદે બોલતી હતી:

'પણ મામા, એમાં મારો શું વાંક?'

'તમે ઠાલા મારા ઉપર ખિજાવ છો.'

'મામા, મેં તમારું શું બગાડ્યું છે?'

ચંપાની ક્ષમાયાચક ઉક્તિઓ સાંભળીને મનસુખભાઈનો રોષ દ્વિગુણિત બન્યો:

'અમારું તો તું શું બગાડવાની હતી? તારું પોતાનું જ ભાગ્ય બગાડી રહી છો!'

'મારા ભાગ્યમાં તો માંડ્યું હશે એમ થાશે!'

'લ્યો, બોલ્યાં બેનબા!—મારા ભાગ્યમાં માંડ્યું હશે એમ થાશે!' મનસુખભાઈએ ફરી મિજાજ ગુમાવ્યો. 'તું તો બાળબુદ્ધિમાં ગમે એમ બોલી નાખે, પણ અમારાથી બાળક હારે બાળક થોડું જ થવાય છે? અમારે તો તારું હિત જોવું જોઈએ ને?'

'કોઈ વાર હિત જોવામાં અહિત થઈ જાય છે.'

'શું બોલી?' મનસુખભાઈએ ફરી ત્રાડ પાડી, 'જીભ કાંઈ બહુ વધી છે?'

મામાની આ ગર્જના સાંભળીને ચંપા એવી તો થરથરી ઊઠી કે કશું જ બોલી શકી નહીં. ભાણેજનું આ મૌન જ મનસુખભાઈ માટે વધારે ઉશ્કેરણીજનક બની રહ્યું.

'તારાથી તો હવે અમે ગળા લગી ભરાઈ રહ્યાં છીએ,' મામાએ પ્રકોપ ઠાલવ્યો. 'તેં તો અમારી આબરૂના કાંકરા કરાવ્યા.'

'તમારી આબરૂના કાંકરા હું શું કામ કરાવું? મને તમારી આબરૂ વહાલી નહીં હોય?' ચંપા હળવે સાદે બોલતી હતી. 'તમારી ને મારી આબરૂ વળી જુદી છે કાંઈ?'

'પણ મારું નાક કપાઈ ગયું, એનું શું?'

'કેવી રીતે?' ચંપાથી પૂછતાં પુછાઈ ગયું.

'કેવી રીતે? હજી તારે વળી રીત જાણવાની બાકી રહી ગઈ છે?' મામાએ કહ્યું, 'મુનસફના છોકરાને ના પાડીને તેં અમારું નાક કપાવ્યું.'

ચંપાના હોઠ ઉપર શબ્દો આવી ગયા: 'નાક કપાઈ ગયું તો હવે નવે નાકે દિવાળી કરજો—' પણ પ્રસંગની ગંભીરતા સમજીને એ મૂંગી જ રહી.

'અમારે તો હવે ડૂબી મરવા જેવો સમો આવી ગયો. મુનસફ જેવા મોટા અમલદાર આગળ ઊંચી આંખે ઊભવા જેવું તેં રહેવા ન દીધું.' મનસુખભાઈ એકની એક વાત જુદી જુદી રીતે કહ્યા કરતા હતા: 'તેં તો અમારી લાખ રૂપિયાની આબરૂ કોડીની કરી મેલી—'

'પણ મામા, એમાં હું શું કરું? મારો શું વાંક?'

'હજી મારે તને તારો વાંક સમજાવવો પડશે? અરે, તું એમ તો વિચાર કર કે મુનસફ જેવા મોટા સાહેબનું ખોરડું રેઢું પડ્યું છે? ને એ, મામૂલી માણસનું કહેણ કાને ધરેય ખરા? આ મારી શાખ સાંભળીને એણે કોક સવળા શકનમાં હા પાડી, ને મુરતિયો વળી તને જોવા આવ્યો. ને વળી તારાં નસીબ સવળાં હશે ને મારી

હથેળીમાં જશ લખ્યો હશે તે છોકરાએ તને પાસ કરી પણ ત્યાં બેનબા પોતે જ ના કહીને ઊભાં રહ્યાં!'

'ના ન કહું, તો બીજું શું કહું?'

'ના સંભળાવવા સારુ એને અહીં બોલાવ્યો હતો? અમારું નાક વઢાવવા એને અહીં લાવ્યા હતા?'

'પણ આમાં મારો શું વાંક?'

'ના ના, વાંક તારો નહીં, અમારો જ. અમે જ મોટે ઉપાડે આ બધું ગોઠવેલું,' કહીને મનસુખભાઈએ ફરી જીભના ચાબખા લગાવવા માંડ્યા. 'તારાં ફૂટેલા નસીબમાં આવું મોભાવાળું ઘર ક્યાંથી માંડ્યું હોય! ગારાના દેવને તો કપાસિયાની જ આંખ શોભે. તારા નસીબમાં તો મુનસફનું ખોરડું નહીં, ઓલ્યા નરોત્તમ જેવા મુફલિસ જ હોય.'

'મામા, બીજું બધુંય બોલજો, પણ એનું કાંઈ ઘસાતું ન બોલજો.'

'કેમ ભલા? નરોત્તમનું કાંઈ બહુ પેટમાં બળે છે?'

'હા.'

'શું બોલી?'

'હા, હા...'

'હજી? બધું પતી ગયા પછીય?'

'હા,' ચંપાએ હિંમતભેર કહી દીધું.

સાંભળી મનસુખલાલ ગમ ખાઈ ગયા. એમણે દેખાવે ડરપોક લાગતી ચંપા પાસેથી આવા મિજાજી ઉત્તરની અપેક્ષા નહોતી રાખી.

ચંપા લાગણીના આવેશમાં આ શબ્દો બોલતાં તો બોલી ગઈ પણ એને સમજાયું કે મેં ઉતાવળમાં બહુ સાહસ કરી નાખ્યું છે. આ દુઃસાહસના શિરપાવ તરીકે હમણાં જ મામા તરફથી મોટો તોપ-ધડાકો સંભળાશે એવો ભય એ અનુભવી રહી.

પણ એ ભય ખોટો ઠર્યો. મનસુખભાઈ એક અક્ષરેય બોલ્યા નહીં. ચંપા આશ્ચર્ય અનુભવી રહી.

મામા મૂંગા રહ્યા એટલું જ નહીં, થોડી વારમાં જ, જાણે કે કશું બન્યું જ નથી એવી સ્વસ્થતા ધારણ કરીને ઓરડામાંથી બહાર નીકળી ગયા.

હવે જ ચંપાએ ખરો ભય અનુભવ્યો. મામાનું મૌન જ આ ગભરુ યુવતી માટે અકળામણનું કારણ બની રહ્યું.

*

'કાં ગગી, ધીરી! કેમ છો દીકરા?'

બપોર પછી કામકાજથી પરવારીને ધીરજમામી ઓસરીમાં પગ ઉપર પગ ચડાવીને નિરાંતે સોપારી કાતરતાં બેઠાં હતાં ત્યાં ખડકીનાં અધખૂલાં બારણાંમાંથી પરિચિત અવાજ આવ્યો.

'કોણ? કીલાભાઈ? આવો, આવો!' ધીરજે આવકાર આપ્યો. ઝાઝે દિવસે તમે તો મોઢું દેખાડ્યું. કંઈ નવી ભાત્યની કાંગસી લઈ આવ્યા છો?'

'હું કાંગસીય નથી લાવ્યો, ને ખંપારાય નથી લાવ્યો. તારા જેવી મોટી શેઠાણી હવે મારી પાસેથી કાંગસી થોડી લિયે?' કીલાએ કહ્યું. 'હું તો ખાલી હાથે આણી કોર નીકળ્યો'તો ને ખડકીમાંથી તને દીઠી એટલે કહ્યું કે હાલ્ય, ગગીની ખબર કાઢતો જાઉં—'

'ભલે, ભલે, બેસો, બેસો.'

'તને કિયે સગપણે ગગી કહું છું, એની ખબર છે તને?' કીલાએ પૂછ્યું.

'ના.'

'તારું મોસાળ કિયે ગામ?'

'રાણસીકી.'

'ને કુટુંબ?'

'દેવાણી.'

'બસ. આપણે બેય એક જ ગોતિરયાં. મારું મોસાળ પણ રાણસીકીનું દેવાણી કુટુંબ. તારા બાપુ ને હું આઘી સગાઈએ ભાઈ થાઈએ.'

'સાચે જ?'

'હા,' કીલાએ કહ્યું, 'તને તો ક્યાંથી સાંભરે, પણ તું નાની હતી ત્યારે મેં તને કાખમાં તેડીને રમાડી છે.'

'સાચે જ?' ધીરજ આનંદી ઊઠી.

'હા, તું કાલું કાલું બોલતી ને મને 'કાકા કાકા' કર્યા કરતી–'

કીલાના ફળદ્રુપ ભેજાએ આવું સગપણ ઉપજાવી કાઢ્યું અને થોડી ક્ષણમાં જ નિકટતા સ્થાપી દીધી.

મનસુખલાલ પેઢી પર પહોંચી ગયા છે એની ખાતરી કરી લીધા પછી જ અહીં આવી પહોંચેલા કીલાએ અલકમલકની આડીઅવળી વાતો કરવા માંડી. આજ સુધી આ વેપારીના ગ્રાહકવર્ગમાંનો મોટો ભાગ સ્ત્રીઓનો જ હોવાથી એમની સાથે વાત વાતમાં જ ઘરોબો કેળવી દેવાની કલા તો લાંબા અનુભવને પરિણામે એને સુસાધ્ય બની ગઈ હતી. ન હોય ત્યાંથી સગાઈ-સગપણો શોધી કાઢીને સામા માણસને વાતચીતના પ્રવાહમાં તાણી જવાની કરામત હવે કીલાને સહજ થઈ ગઈ હતી. અત્યારે પણ અસંબદ્ધ વાતો કરતાં કરતાં પણ એની નજર તો ઓસરીને ચારેય ખૂણે અને ઓરડાની ઊંડે ઊંડે પણ ફર્યા જ કરતી હતી.

'આવી ઠોસરા જેવી કાંગસીથી તારું માથું ઓળે છે?' ધીરજની નજીકમાં પડેલી કાંગસી જોઈને કીલાએ પૂછ્યું.

'આનાથી સારી કાંગસી તો તમે આપી જાવ તો થાય!' ધીરજ બોલી.

'હું આપી જાઉં? અરે, તારે તો મુંબઈથી મંગાવવી જોઈએ મુંબઈથી,' કીલાએ કહ્યું, 'આવું ઠોસરું જોઈને તો તારે બદલે હું લાજી મરું છું.'

'અમારે ગરીબ માણસને એવા શોખ ન પોસાય—'

'તમે ગરીબ માણસ છો? મનસુખભાઈની શેઠાણી ગરીબ કહેવાય? વિલાયતી પેઢીના મુનીમ! અપાસરાના અગ્રેસર!—ધરમના થાંભલા! મનસુખભાઈ એટલે તો મહાજનના મોવડી! મોટા ભા!'

મનસુખભાઈને બિરદાવતાં બિરદાવતાં કીલો એકાએક થંભી ગયો. અંદરના ઓરડામાં એક વ્યક્તિની હરફરનો ઓછાયો દેખાતાં એણે પૂછ્યું:

'કોઈ મહેમાન આવ્યાં છે?'

'હા, મેંગણીથી ભાણેજ આવી છે—ચંપા.'

'બહુ સારું, બહુ સારું!' કહીને કીલાએ સાવ સાહજિક ઢબે પૂછી નાખ્યું: 'મામાને ઘેર ફરવા આવ્યાં હશે!'

'આવ્યાં છે તો કામે, પણ કામ પાર પડે એમ લાગતું નથી—'

જાણે કશું સાંભળ્યું જ નથી એવી સ્વસ્થતાથી કીલાએ વધારે પૃચ્છા કરી: 'કિયે ગામ પરણાવ્યાં છે ભાણીબેનને?' આટલી વારમાં કીલાએ એ અજાણી વ્યક્તિને 'ભાણીબેન' પણ કહી દીધી.

જવાબમાં ધીરજે કૃત્રિમ નિસાસો મૂક્યો: 'અરે કરમમાં અંતરાય ન આવ્યા હોત તો આજે બિચારાં પરણી-પષટીને બેસી ગયાં હોત—'

'પણ શું? કાંઈ વિઘન આવ્યું?'

'વિઘન તો એવું છે કે કહેવાય નહીં ને સહેવાય પણ નહીં—'

ધીરજનું આ વાક્ય સાંભળીને બે વ્યક્તિઓની જિજ્ઞાસા જાગ્રત થઈ. પોતાને વિશે શી વાત થઈ રહી છે એ જાણવા ચંપા અંદરના ઓરડાનાં કમાડની આડશે લપાઈને ઊભી રહી. અને નરોત્તમની એક વેળાની વાગ્દત્તાનું જીવનવહેણ ક્યાં સુધી પહોંચ્યું છે એનો તાગ લેવા કીલો ઉત્સુક બની રહ્યો.

અને પછી તો કીલો અસાધારણ કૌશલથી ધીરજને વાર્તાલાપમાં તાણી ગયો. પોતાને આ પ્રશ્ન સાથે કશી જ નિસ્બત નથી એવો

દેખાવ કરીને એણે પૂછવા જેવું ને ન પૂછવા જેવું પણ ઘણું ઘણું પૂછી નાખ્યું. અને ધીરજે પણ ચંપા વિશેની રજેરજ વાત કહી નાખી.

'આટઆટલા છોકરા બતાવ્યા એમાંથી એકેય એને મનમાં ન ગોઠ્યો. મુનસફના છોકરાની વાતમાં પણ ચોખ્ખી ના કહી દીધી, પછી બીજા કોઈનું તો પૂછવું જ શું?'

'એનું કારણ શું ભલા?'

'કોણ જાણે ભાઈ!' ધીરજે કહ્યું, 'કોઈનું મન કેમ વાંચી શકાય?—મનમનનાં કારણ!'

કીલાને લાગ્યું કે લાંબી મથામણને અંતે વાતચીતની ગાડી ધાર્યા પ્રમાણે પાટા ઉપર ચડી ખરી. હવે પોતાનો ધાર્યો લક્ષ્યવેધ સિદ્ધ કરવા એણે એ જ દિશામાં વાત ચાલુ રાખી અને એમાં ધીરજને મોઢેથી જ પ્રશ્ન પુછાવ્યો:

'કીલાભાઈ, તે દિવસે સ્ટેશન ઉપરથી સામાન ઉપાડવાવાળા માણસને તમે મોકલ્યો હતો?'

'હા, કાંઈ આછું આછું યાદ આવે છે ખરું.'

અંદરના ઓરડામાં લપાઈને ઊભેલી ચંપા આ સંવાદ સાંભળીને ચમકી ઊઠી, એણે વધારે ધ્યાનપૂર્વક ઓસરી તરફ કાન માંડ્યા.

'એ માણસ કોણ હતો? ખબર છે?' ધીરજે વધારે પૃચ્છા કરી.

'સ્ટેશન ઉપર તો હજાર માણસ આવે ને હજાર જાય. હું બધાંયની ખબર તો કેમ કરીને રાખું?'

'એનું નામઠામ કાંઈ જાણો છો?'

'હું તો માણસનો ચહેરોમહોરો જ યાદ રાખું. નામઠામ નહીં,' કીલાએ કહ્યું, 'નામ તો હું મારું પોતાનુંય હવે ભૂલી ગયો છું.'

'એ માણસ હજી સ્ટેશન ઉપર છે ખરો?'

'સ્ટેશન ઉપર કોઈ માણસ કાયમ રહે ખરો? એ તો ધરમશાળા જેવી જગ્યા ગણાય. ગાડીના ભારખાનાની જેમ માણસ આવે ને

જાય. હરાયાં ઢોર પણ રોજ નવાંનોખાં આવે છે, સમજી ગગી!' કહીને કીલાએ ઉમેર્યું: 'સ્ટેશન માસ્તરની ને ટિકિટચેકરનીય વારે ઘડીએ બદલી થયા કરે. સ્ટેશન ઉપર કોઈ ચીજ કાયમ નથી રહેતી. ફક્ત આ કીલો, દાવલશા ફકીર ને ભગલો ગાંડો કાયમના અડિંગા લગાવીને બેઠા છીએ.'

'પણ તમે જે માણસને મોકલ્યો'તો એનું સાચું નામઠામ ક્યાંયથી જાણવા મળે ખરું?' ધીરજે પૃચ્છા ચાલુ રાખી.

'એવા મૂલી-મજૂરનાં નામઠામ જાણવાની તારે શું જરૂર પડી, ગગી?'

'મારે જરૂર નથી પડી—'

'તને નહીં તો કોને? મનસુખભાઈ શેઠને?'

'ના, એનેય નહીં—'

'તો પછી?

હવે આ નાજુક પ્રકારની પૃચ્છા આગળ લંબાવવી કે કેમ એ અંગે ધીરજ થોડી વાર વિમાસણમાં પડી ગઈ. પણ જિજ્ઞાસાનું જોર કેમેય કર્યું નાથી શકાયું નહીં તેથી એ આગળ વધી:

'વાત જરાક પેટમાં રાખવા જેવી છે—'

'એમાં આ કીલાને કહેવું ન પડે, ગગી!'

કીલાએ ધીરજને 'ગગી, ગગી!' કહીને અત્યાર સુધીમાં એટલી તો આત્મીયતા કેળવી નાખી હતી કે અત્યારે ધીરજનો ક્ષોભ ઓછો થઈ ગયો.

'વાત એમ છે, કે એ માણસ અમારી ખડકી લગી આવીને સરસામાન મૂકી ગયો તે દિવસથી...'

ફરી ધીરજ અટકી ગઈ.

'તે દિવસથી શું થયું છે? બોલને ગગી, એમાં ગભરાય છે શું કામે?'

'તે દિવસથી અમારી ચંપાબેને એનું વેન લીધું છે...'
'સાચે જ? મજૂરનું વેન લીધું છે?'
'મજૂર તો કેમ કહેવાય?'
'મજૂરી કરે એ મજૂર. એમાં શું નવાઈ?'
'પણ અમને એ મજૂર જેવો ન લાગ્યો.'
'મજૂર જેવો ન લાગ્યો તો વળી કેવોક લાગ્યો?'
'વાત છાની રાખો તો કહું.'
'આ કીલાને એમાં કહેવું ન પડે, ગગી!'
'એ માણસ ચંપાબેનના વર જેવો લાગ્યો.'

સાંભળીને કીલો ખડખડાટ હસી પડ્યો. બેવડ વળી વળીને હસી રહેલા કીલાને જોઈને ધીરજને નવાઈ લાગી. સારી વાર સુધી હસાહસ કર્યા પછી કીલો બોલ્યો:

'ગાંડી રે બાઈ ગાંડી! તેં તો ગધેડાને તાવ આવે એવી વાત કરી! ચંપાનો વર શું કાંઈ મજૂરી કરે?'

'અમનેય માન્યામાં તો નથી આવતું, પણ ચંપા પાકે પાયે માને છે. ને એને લીધે જ—'

'શું? એને લીધે જ શું?—'

ફરી ધીરજ અટકી ગઈ. સાદ વધારે ધીમો કરીને કહ્યું:

'એને લીધે જ એનું મન ચગડોળે ચડ્યું છે. જાગતાં ને ઊંઘતાં એનું જ રટણ કર્યા કરે છે.'

*

૨૭

# ગમે ત્યાંથી ગોતી કાઢો!

'પધારો, પરભુલાલ શેઠ, પધારો!'

પોતાની ઓરડીને ઓટલે બેઠાં બેઠાં કીલાએ નરોત્તમને આવતો જોયો કે તુરત એને આવકાર આપવા લાગ્યો.

'એ... આવો, આવો શેઠિયા, પધારો!' કહીને કીલો ઓરડીમાં ગયો ને ડામચિયેથી હીરાકણીની ખોળવાળું ગોદડું લઈને ભોંય ઉપર પાથર્યું. ફરી એણે બોલતાં મોઢું ભરાઈ જાય એવો આવકાર આપ્યો, 'બિરાજો, બિરાજો, પરભુલાલ શેઠ!'

નરોત્તમ પહેલવહેલું સ્વાગત-વચન સાંભળીને જ મનમાં હસી રહ્યો હતો. એ હવે તો ખડખડાટ હસી પડ્યો. બોલ્યો:

'કીલાભાઈ, આ ગરીબ માણસની ઠેકડી શું કામે કરો છો?'

'એલા, મશ્કરી મરી ગઈ છે તે ઠેકડી કરું?'

'પણ મારી મશ્કરી, કીલાભાઈ? તમારા 'મોટા'ની મશ્કરી?'

'હવે તને મોટો કહીને ન બોલાવાય,' કીલાએ કહ્યું.

'મોટામાંથી તમે પરભુલાલ તો કર્યું. પણ હવે પાછું પરભુલાલ શેઠ કહો છો ત્યારે તો મારે શરમાવું પડે છે—'

'શેઠ ન કહું તો અપમાન થાય—'

'કેવી વાત કરો છો, કીલાભાઈ! હું તો તમારા દીકરા જેવો ગણાઉં,' નરોત્તમ બોલ્યો. 'મારે વળી માન શું ને અપમાન શું?'

'તારાં માન-અપમાનની આમાં વાત નથી, મોટા! આ તો મંચેરશા ડમરીનાં માન-અપમાનની વાત છે,' કહીને કીલાએ ઉમેર્યું, 'તને પરભુલાલ શેઠ ન કહું તો મંચેરશાની પેઢીની આબરૂ જાય. મોટાં

બેસણાંનો મોભો તો જાળવવો જોઈએ ને, મોટા!'

'પણ તમે ઊઠીને શેઠ શેઠ કરો છો ત્યારે તો મૂંઝાઈ મરું છું.'

'એલા, તું તો હજી સાવ અણસમજુ જ રહ્યો! આટલા દી આ કીલા જેવા કીલાનું પડખું સેવ્યું તોય તારામાં દુનિયાદારીની સમજણ ન આવી! મેં તને નહીં નહીં તોય હજાર વાર કીધું હશે કે ગરથ વિનાનો ગાંગલો ને ગરથે ગાંગજીભાઈ... આદિકાળથી આમ જ હાલતું આવ્યું છે. નાણાં વિનાના નર નિમાણા. આ કીલો પોતે કાલ સવારે પાંચ પૈસાનો પરચો બતાવે તો કીલાચંદ કીલાચંદ થઈ પડે ને મોટા ચમરબંધી પણ ભાઈ ભાઈ કરવા માંડે. સમજ્યા ને પરભુલાલ શેઠ?'

'જુવો, વળી પાછો મને શેઠ કીધો ને!'

'એલા અડબંગ, દુનિયામાં માણસ શેઠાઈ મેળવવા મોટાં ફાંફાં મારે છે, તને શેઠાઈ સામે પગલે હાલીને આવી છે, એ તને ગમતી નથી?'

'મેં તો તમારી જેમ બહુ શેઠાઈ જોઈ છે, જાણી છે, ભોગવી છે. આપણને એની કાંઈ નવી નવાઈ થોડી છે?'

'એટલે તો હું સાચા માણસ સિવાય કોઈને શેઠ કહીને નથી બોલાવતો. મોટા માંધાતાનીય ઓશિયાળ નથી કરતો. સામો માણસ મરની લખપતિ હોય; એ એના ઘરનો. એ લખપતિ હોય તો આ કીલાનો મિજાજ કરોડપતિનો છે, એ તને નહીં ખબર હોય?'

'ખબર છે, સારી પટ ખબર છે,' નરોત્તમે ટકોર કરી.

'તો ઠીક!' કીલો બોલ્યો, 'મેં પોતે શેઠાઈ છોડ્યા પછી આજ લગીમાં, ફક્ત બે જણાને શેઠ કહીને બોલાવ્યા છે—'

'કોને કોને?'

'એક તો મંચેરશા ડમરીને... એનામાં મને સાચી અમીરાત દેખાણી—'

'ને બીજું કોણ?'

'રાજમાન રાજેશ્રી સર્વ શુભોપમા લાયક શ્રી પાંચ પરભુલાલ શેઠ!'

'એ વળી કોણ?'

'એને ઓળખતાં હજી તને વાર લાગશે. એનું સાચું નામ તો નરોત્તમ શેઠ છે. મૂળ રહીશ તો વાઘણિયાના, પણ હવે મંચેરશાની પેઢીની ગાદીએ બેઠા છે. પણ એની ઓળખ થતાં હજી તને વાર લાગશે મોટા! આ નવા શેઠનું નામ જીભે ચઢતાં હજી વાર લાગશે—'

કીલો શક્ય તેટલું ગાંભીર્ય જાળવીને ઠાવકે મોઢે આટલાં વાક્યો બોલી તો ગયો, પણ એ ગાંભીર્ય બહુ ટકી શક્યું નહીં, તુરત એ નાના બાળક જેવું નિર્દોષ મુક્ત હાસ્ય વેરી રહ્યો.

નરોત્તમનું હૃદય આ વડીલના પ્રેમાળ હાસ્ય વડે પ્લાવિત બની ગયું. આ પ્રેમનો ઉત્તર એ હૃદયની મૂક વંદના વડે જ આપી રહ્યો.

ગાંભીર્ય ધારણ કર્યા પછી કીલાએ પહેલો જ પ્રશ્ન પૂછ્યો: 'કેમ છે વેપારપાણી?'

'સારાં.'

'વછિયાતી કામકાજ?'

'મોટા ભાઈએ ઉપાડી લીધું છે.'

બહુ મઝાનું. વછિયાતી કામકાજમાં આવું વિશ્વાસુ માણસ મંચેરશાને બીજું કોઈ ન જડત. બીજા, એક તો બમણી હકશી ચડાવે ને માથેથી વળી નફાનો ગાળો કાઢી લિયે. આ મનસુખભાઈવાળી વિલાયતી પેઢી એમાં જ ઊંચી નથી આવતી ને!'

'આપણે તો આ મોસમમાં બહુ માફકસર ભાવે ને મોટું કામકાજ થાશે,' નરોત્તમે કહ્યું, 'મોટા ભાઈએ બધા જ દરબારના વજેભાગ લઈ લીધા છે... બીજાઓનાં કરતાં ટકાફેર ભાવ આપવો પડશે, ને મોટા ભાઈની હકશી ચડશે તોય વિલાયતી પેઢી કરતાં આપણને માલ સસ્તો પડશે—'



ગમે ત્યાંથી ગોતી કાઢે!

'વાહ, બહાદર, વાહ!'

'ઓણ સાલ વરસ સોળ આની ઊતર્યું છે. પણ આપણી પેઢીને વીસ આની પાકશે.'

'રંગ, બહાદર, રંગ!' નરોત્તમને શાબાશી આપીને કીલાએ ઉમેર્યું: 'આવી ઉપરાઉપર પાંચ મોસમ સારી જાશે તો મનસુખભાઈવાળી પેઢીનું ઉઠમણું થઈ જાશે—'

'એટલું બધું તે હોય!'

'અરે, આ ભવિષ્યવાણી ખોટી પડે તો આ કીલો મૂછ મૂંડાવી નાખે!'

'વિલાયતી પેઢીની વાત થાય? એની પાસે આપણી ગુંજાશ શી?' નરોત્તમે કહ્યું.

'પેઢી ભલેને વિલાયતી હોય! અનુભવ વિના વેપલો થોડો થાય છે? એના મુનીમ મનસુખલાલને ગજના આંકાનું તો ભાન નથી.' કીલાએ કહ્યું, 'આ તો બજારમાં કોઈ હરીફ નહોતો એટલે લાકડાની તલવારે લડ્યા કરતા હતા. હવે એને ખબર પડશે કે કેટલી વીશીએ સો થાય છે.

આ આત્મશ્રદ્ધાભર્યો વાણીપ્રવાહ સાંભળીને નરોત્તમ વિસ્ફારિત આંખે કીલા તરફ તાકી રહ્યો ત્યારે કીલાએ કહ્યું:

'આમ ડોળા શું ફાડી રહ્યો છો? વિશ્વાસ ન બેસતો હોય તો લખી લે ચોપડામાં... અક્ષરેઅક્ષર લખી લે. ને એમાં જરાય ખોટું પડે તો આ કીલો મૂછ મૂંડાવી નાખે મૂછ સમજ્યો ને?'

વારંવાર મૂછ મૂંડાવી નાખવાની વાત સાંભળીને નરોત્તમ મનમાં ને મનમાં હસી રહ્યો હતો. એની ઉપહાસભરી મુખમુદ્રા જોઈને કીલાએ વળી સંભળાવ્યું:

'મારી વાત હજી તને ગળે ઊતરી લાગતી નથી! પણ મોટા, તારા ગ્રહ હમણાં ચડિયાતા લાગે છે?'

'મારા ગ્રહ તમને ચડિયાતા લાગે છે?' નરોત્તમે મજાકમાં પૂછ્યું: 'તમે જોષ જાણો છો?'

'એમાં જોષ વળી શું જોવાના? આ કીલો તો સંધુંયે નજરે જોઈને આવ્યો છે.'

'શું? નજરે શું જોયું વળી?'

'શું જોયું એ હમણાં નહીં કહું. તને એની મેળે ખબર પડશે.'

'ટીપણું જોઈ આવ્યા છો કે શું?' નરોત્તમે પૂછ્યું.

'ટીપણાં જુવે જોષી મહારાજ. આ કીલો ટીપણાંબીપણાંને ગણકારે નહીં. હું તો ભવિષ્યની વાત નજરે જોઈ આવ્યો છું—જેમાં મીનમેખ ન થાય એવી વાત—'

કીલો મભમ વાતો કરી કરીને ઇરાદાપૂર્વક નરોત્તમની જિજ્ઞાસા ઉશ્કેરતો જતો હતો.

કુતૂહલ રોકી ન શકાયું ત્યારે નરોત્તમે પૂછ્યું: 'તમે ક્યાં જઈ આવ્યા છો?'

'મનસુખભાઈને ઘેર, કીલાએ ટૂંકો જવાબ આપ્યો.

'મનસુખભાઈને ઘેર?' નરોત્તમ ચોંકી ઊઠ્યો.

'હા. કેમ ભલા કાંઈ નવાઈ લાગે છે? આ કીલો તો ગામ આખાનો ઉંદર. મોટા મોટા મહાજનને ઘેરેય હું તો પહોંચી જાઉં. મનસુખભાઈ વળી કઈ વાડીનો મૂળો?'

'પણ એને ઘેર તમે ગ્યા'તા શું કામ?'

'શું કામે? આ કીલાને વળી કોઈને ઘેરે જાવામાં કામનું બહાનું જોઈએ? હું તો મારી ગગીની ખબર કાઢવા ગ્યો'તો—'

'કોની?'

'મનસુખભાઈની વહુની... ધીરજની.' કીલાએ કહ્યું, 'ધીરજ મારે છેટી સગાઈએ દીકરી થાય, સમજ્યો?'

આટલા લાંબા સહવાસને પરિણામે નરોત્તમને સમજતાં વાર ન



ગમે ત્યાંથી ગોતી કાઢે!

લાગી કે કીલાભાઈએ આ સગાઈ-સગપણની વાત આખી ઉપજાવી કાઢી છે.

'કેમ અલ્યા, મૂછમાં હસે છે?' કીલાએ મીઠા રોષથી પૂછ્યું, 'હું શું ખોટું બોલું છું?'

'ના, ના. ખોટું બોલો છો એમ મેં ક્યાં કીધું?'

'તો પછી? આમ મારી સામે ડોળા શું કામે ફાડી રહ્યો છો?' કીલાએ પૂછ્યું.

નરોત્તમ મૂંગો રહ્યો.

'કાં એલા મૂંગો થઈ ગયો? મોઢામાં મગ ભર્યા છે? બોલતો કાં નથી?'

'શું બોલું?

'કાંઈ પૂછતો કાં નથી?'

'શું પૂછું?'

હવે કીલો હસી પડ્યો. બોલ્યો:

'એલા, તારે શું પૂછવું છે એ શું હું નથી જાણતો? આ કીલાને કાચી માયા ન સમજતો. હા, મેં મલક આખાને પગ નીચેથી કાઢી નાખ્યો છે. તારે શું પૂછવું છે એ હું ન જાણું એવો કીકલો છું?'

'જાણો છો તો પછી કહી જ દો ને, મારે પૂછવું છે એ!'

'તારે ચંપાની વાત પૂછવી છે, બોલ, સાચું કે ખોટું? ચંપા શું કરે છે, એનું શું થયું, એ સમાચાર જાણવા છે, બરોબર?'

નરોત્તમે શરમાઈ જઈને નકારમાં માથું ધુણાવ્યું.

'એલા, મનમાં ભાવે છે ને પાછો મૂંડો હલાવે છે?'

કીલાએ ફરી મીઠો રોષ ઠાલવવા માંડ્યો: 'મને ઊઠાં ભણાવવા નીકળ્યો છે? મને? આ કીલાને? આ કાંગસીવાળાનો ગુરુ થાવા નીકળ્યો છે?'

'તમને તો કોણ ઊઠાં ભણાવી શકે?' નરોત્તમે અહોભાવથી

કહ્યું, 'તમે તો ભલભલાને ભૂ કરીને પી જાવ એવા છો. તમારા ગુરુ થવાનું તો આ દુનિયામાં કોનું ગજું છે?'

'તો ઠીક!' પોતાની શક્તિનો સ્વીકાર થતાં કીલાએ આત્મસંતોષ અનુભવ્યો. 'તારા મનની વાત મેં કેવી રીતે જાણી લીધી?'

'જાણી જ લીધી છે તો, હવે વધુ જણાવો! મારે જે પૂછવું છે, એનો વગર પૂછ્યે જ જવાબ આપો—'

'હું જવાબ આપું? મરી જાઉં તોય જવાબ ન આપું!' ફરી કીલાનું મગજ ફટક્યું.

'મારો કાંઈ વાંકગુનો થઈ ગયો છે?' નરોત્તમે હસતાં હસતાં પૂછ્યું.

'વાંકગુનો? મારો ગુરુ થાવા ગયો એ જ તારો વાંક. બીજું શું વળી?'

'તો એની માફી માગી લઉં' નરોત્તમે અર્ધગંભીર અવાજે સૂચન કર્યું.

'આ કીલા પાસે માફી કેવી ને બાફી કેવી વળી?

કીલાની આવી પ્રેમાળ ક્રૂરતાનો નરોત્તમને આ અગાઉ ઠીક ઠીક અનુભવ થઈ ચૂક્યો હોવાથી એને ખાતરી હતી કે થોડીક પજવણીને અંતે એનું ગાડું પાછું પાટા ઉપર આવશે જ. પણ વાતચીત મૂળ પાટે ચડે એ પહેલાં તો બહારથી કોઈકનો અવાજ કાને પડ્યો:

'સ્ટેશનવાળા કીલાભાઈ ક્યાં રહે છે?'

સાંભળીને કીલાના કાન ચમક્યા.

'આ... પણે—ઊંચા ઓટલાવાળી ઓરડીમાં—'

કોઈ પડોશીએ પૃચ્છકને માર્ગદર્શન કરાવ્યું એ સાંભળીને ખુદ કીલો જ બહાર ઓટલા ઉપર આવ્યો ને મોટેથી બોલી ઊઠ્યો:

'ઓહોહો! આવો, આવો. મનસુખભાઈ, આવો!'

નરોત્તમ તો આ નામ સાંભળીને જ ચોંકી ઊઠ્યો હતો. એ આ આગંતુકને ઉંબરામાં જોઈને ડઘાઈ ગયો.

'પરભુલાલ શેઠ, આ મહેમાનને બેસવા જેટલી જગ્યા કરો જરાક!' નરોત્તમની બાજુમાં જોડાજોડ આ મહેમાનને બેસાડતાં બેસાડતાં કીલો બોલી રહ્યો: 'આ કીલાની ઓરડીમાં તો મઢી સાંકડી ને બાવા ઝાઝા જેવું છે, મનસુખભાઈ!'

આગંતુકને આ રીતે 'બાવા'માં ખપાવી નાખીને કીલાએ ઔપચારિક ઢબે કહ્યું: 'આજ તો આ ગરીબ કીલાનું આંગણું પાવન કર્યું કાંઈ!'

'હું તો તમને સ્ટેશન ઉપર ગોતવા ગ્યો'તો. પણ ક્યાંય જડ્યા નહીં પછી ઓલ્યા ફકીરે કીધું કે કીલાભાઈ તો ઓરડીએ ગયા છે.'

'ફકીર મારો સાચો ભાઈબંધ છે—'

'એણે ઠેકાણે ચીંધ્યું એટલે ગોતતો ગોતતો અહીં આવી પૂગ્યો—'

'ભલે આવ્યા, ભલે આવ્યા. અમ જેવા રાંક માણસને ઉંબરે તમારા જેવા મહાજનનાં પગલાં ક્યાંથી!' કીલાએ મોઢેથી લાપસી પીરસવા માંડી.

'હમણાં તો ઘણાય દિવસથી તમને જોયા નહોતા, ને આજે વૅગન નોંધાવવા સ્ટેશન ઉપર ગ્યો'તો એટલે તમારી તપાસ કરી, પણ તમે તો અહીં ઓરડીએ આવી પૂગ્યા'તા—'

'શું કરું, ભાઈ? મારે તો હાથે રોટલા ઢીબવાના, એટલે વહેલું આવવું પડે—'

'અરે નસીબદાર છો, નસીબદાર, કીલાભાઈ!'

'આ હથૂકાં ઢીબવાનાં, એટલે નસીબદાર ગણો છો?'

'હા, વળી, અમારા અનુભવ ઉપરથી કહું છું. આ અમારે રોટલા ઢીબનારી છે, પણ રોટલા ભેગા અમનેય ઢીબી નાખે છે.' પોતાનો સ્વભાવ આટલી નિખાલસતાથી રજૂ કરી દીધા પછી મનસુખભાઈને ખ્યાલ આવ્યો કે આ ઓરડીમાં કીલા ઉપરાંત બીજી પણ એક અજાણી વ્યક્તિની હાજરી છે. તુરત એમણે આત્મકથા આગળ લંબાવવાનું અટકાવીને કહ્યું: 'આ શેઠની ઓળખાણ પડી નહીં, કીલાભાઈ!'

'ન ઓળખાયા? આ પરભુલાલ શેઠ!'

મનસુખલાલ ઝીણી નજરે નરોત્તમ તરફ તાકી રહ્યા.

કીલાએ નરોત્તમની વધારે ઓળખ આપી: 'મંચેરશાની પેઢીમાં ભાગીદાર છે.'

'ઓહોહો! પરભુલાલ શેઠ!' મનસુખલાલ ઉમળકાભેર નરોત્તમને ભેટી પડ્યા, 'તમારું નામ તો સાંભળ્યું હતું. આજે અહીં મળી ગયા તેથી બહુ આનંદ થયો—'

'મેં પણ આપનું નામ તો બહુ સાંભળેલું.' નરોત્તમે મનસુખભાઈની આખી ઉક્તિનું પુનરુચ્ચારણ કર્યું, 'આજે અહીં મળી ગયા તેથી બહુ આનંદ થયો—'

કીલો આ બંને મુલાકાતીઓને મૂંગો મૂંગો અવલોકી રહ્યો.

'તમે તો આ મોસમમાં બહુ માલ સંઘરવા માંડ્યો છે, પરભુલાલ શેઠ!' મનસુખભાઈ બોલ્યા.

'અમારા ગજાના પ્રમાણમાં કામ કરીએ છીએ. તમારી વિલાયતી પેઢીની તોલે તો અમે ક્યાંથી આવીએ!' નરોત્તમે કહ્યું.

કીલાએ એમાં સૂર પુરાવ્યો: 'આ તો પેઢીય નવી છે, ને પરભુલાલ શેઠ પણ નવાસવા છે. છોકરાએ છાશ પીવા જેવું કર્યું છે, પણ ધીમે ધીમે શીખશે.'

'એ તો કામ કામને શીખવે, મનસુખભાઈએ મુરબ્બીવટથી ટાહ્યલું ઉચ્ચાર્યું.

નરોત્તમ અને કીલો એકબીજા સામે આંખ માંડીને મૂંગી ગોષ્ઠી કરી રહ્યા. નરોત્તમ જાણે ફરિયાદ કરતો હતો: 'હું તો અહીં ભેખડે ભરાઈ ગયો.' કીલો જાણે કે જવાબ આપતો હતો: 'જોયા કર મોટા, મૂંગો મૂંગો જોયા કર.'

આવું મૌન મનસુખભાઈને કદાચ અપમાનજનક લાગશે એવો ખ્યાલ આવતાં આખરે કીલાએ બોલવાની શરૂઆત કરી:

'શું હુકમ છે મનસુખભાઈ! ફરમાવો!'

'તમારા જેવા હાકેમને હું તે શું હુકમ ફરમાવવાનો હતો!'

'તોપણ મારા જેવું કાંઈ કામકાજ?'

'કામકાજ ખાસ તો કાંઈ નહીં, પણ...'

'ખાસ ન હોય એવી કંઈ કામસેવા?'

'કામસેવામાં બીજું તો કઈ નહીં, પણ... પણ...'

'બોલો બોલો!'

'આ ઓલી ફેરે હું સ્ટેશને ઊતર્યો, ને સામાન ઉપાડવા સારુ તમે ઉપડામણિયો કરી દીધો'તો ને—'

'હા, હા. તે માણસ કંઈ ચોરીચપાટી કરીને ભાગી ગયો કે શું?'

'ના રે ના. ચોરીચપાટી તો બિચારો શું કરે? ઊલટાનું એણે સામેથી—'

'શું? શું? મજૂરીના વધુ પડતા પૈસા માગ્યા કે શું?' કીલાએ પૂછ્યું, 'કે પછી કાંઈ અટકચાળો કર્યો?'

'ના રે ના. બિચારો બહુ ભલો માણસ હતો,' મનસુખભાઈએ ગળું ખૂંખારીને કહ્યું: 'વાત જાણે એમ થઈ કે મજૂરી ચૂકવીને મેં પાકીટ ખિસ્સામાં મૂક્યું ને ઘરમાં ગયો, પણ પાકીટ ખિસ્સામાં ઊતરવાને બદલે સોંસરું નીચે પડી ગયું.'

'અરેરે! પછી! ઓલ્યો માણસ ઉપાડીને હાલતો થઈ ગયો કે શું?'

'એણે ઉપાડી તો લીધું પણ તરત ડેલીની સાંકળ ખખડાવીને મને બોલાવ્યો ને આખુંય પાકીટ અકબંધ સોંપી દીધું—'

'હા... ...પછી?'

'પછી શું? પછી હું તો ઘરમાં ગયો ને સહુને વાત કરી, મારી ભાણી ચંપાએ મને બહુ ઠપકો આપ્યો.'

'કેમ ભલા?'

'કોણ જાણે ભાઈ! પણ મને મહેણાં મારવા માંડી કે આખું પાકીટ

પાછું સોંપી દેનાર માણસને પાંચ પૈસા આપીને રાજી પણ ન કર્યો?'

'લ્યો, સાંભળો સમાચાર!' કીલો હસી પડ્યો, 'મનસુખભાઈ, બાઈ માણસની બુદ્ધિ પાનીએ, એમ કીધું છે એ વાત સાવ ખોટી નથી. સાડલા પહેરનારીને દુનિયાના વ્યવહારની શું ખબર પડે?'

'પણ કીલાભાઈ, હું તો એનાં રોજ રોજ મહેણાં સાંભળીને ગળા લગી આવી રહ્યો છું. હવે તો મારે ઘરમાંથી રોજ સાંભળવું પડે છે કે ઓલ્યા મજૂરને ગોતીને એને બક્ષિસ આપો ને આપો જ!'

'હા, આ તો ભારે થઈ ગઈ!' કીલો બોલ્યો.

'એટલે હું તો નીકળ્યો સ્ટેશન તરફ. મનમાં કીધું કે એ માણસ કીલાભાઈનો ઓળખીતો હશે.'

'ના ભાઈ, ના. મારે ને એને બહુ ઝાઝી ઓળખાણ જ નહોતી. સ્ટેશન ઉપર નવરો પડ્યો પડ્યો કામ માગતો'તો, એટલે મેં એને કામ ચીંધ્યું ને તમારી ભેગો મોકલ્યો—'

'હજી પણ એ છે તો સ્ટેશન ઉપર જ ને?' મનસુખભાઈએ પૂછ્યું.

'ના રે ના, એ તો બીજે-ત્રીજે દી જ ક્યાંક રવાના થઈ ગયો. કાંઈક કામધંધો જડી ગયો હશે એમ લાગે છે.'

'તમે એનું નામઠામ કાંઈ જાણતા નથી?'

'એવા મવાલીને તે વળી નામઠામ હોતાં હશે?'

'પણ મારે એને આ પાંચ રૂપિયાની નોટ પહોંચાડવી છે એનું શું કરવું?'

'મને ક્યાંક ભેટો થઈ જશે તો હું એને મોકલી દઈશ તમારી પેઢી ઉપર,' કીલાએ કહ્યું.

'ના, એમ નહીં, તમને ભેટો થાય, ને એને પેઢી ઉપર મોકલો, ને એ આવે એમાં વરસ નીકળી જાય.'

'પણ બીજું તો શું થાય આપણાથી?' કીલાએ પૂછ્યું. 'ઠામઠેકાણા વિનાના માણસને ગોતવોય કેમ કરીને?'

મનસુખભાઈ થોડી વાર વિચારમાં પડી ગયા. પછી ધીમે અવાજે સૂચન કર્યું: 'એમ કરીએ...'

'શું? ફરમાવો!'

'કે આ પાંચ રૂપિયા હમણાં તમારી પાસે જ મૂકતો જઉં. તમને એ માણસ ક્યાંક ભેગો થઈ જાય તો મારા વતી આપી દેજો.'

'અરે, હું ક્યાં આવી પારકી થાપણ સાચવું!'

'પાંચ રૂપિયામાં વળી કઈ મોટી થાપણ થઈ ગઈ! મનસુખભાઈએ કહ્યું.

'પણ આ કીલો રહ્યો રંગીભંગી માણસ. મારા હાથમાં પૈસા રહે કે ન રહે તો—'

'હવે રાખો, રાખો, બહુ કરી તમે તો કીલાભાઈ!' કહીને મનસુખભાઈએ માર્મિક ટકોર કરી. 'જાણે હું તમને ઓળખતો જ ન હોઉં.'

કીલો શરમાઈ ગયો. પોતાની સાચી ઓળખાણની ધમકી આગળ એના હાથ હેઠા પડ્યા. બોલ્યો:

'ઠીક લ્યો, તમે રાજી થાવ એમ કરો.'

'રાજી તો ઓલ્યા ઉપડામણિયાને કરવાનો છે. ને તો જ અમારે ઘરમાં સહુ રાજી થાય એમ છે. તમે એને ગમે ત્યાંથી પણ ગોતી કાઢજો—'

'ભલે. ઘરવાળાં રાજી તો ભગવાન રાજી.'

'તમે જરાક મારા વતી મહેનત કરીને એ માણસને ગોતી કાઢજો. સમજ્યા?'

'ભલે, ભલે. આ કીલાને એમાં કહેવું ન પડે—'

મનસુખલાલભાઈએ કીલાના હાથમાં રૂપિયા મૂકીને પૂછ્યું: 'હવે રજા લઉં?'

'ખુશીથી.'

'આવજો-આવજોની ઔપચારિક વિદાય પછી કીલો ઓરડીમાં પાછો આવ્યો ને નરોત્તમને ઉદ્દેશી પોકારી ઊઠ્યો:

'એલા મોટા, તેં તો મોટી મોંકાણ ઊભી કરી!'

નરોત્તમ આ નાટક ઉપર હસતો રહ્યો ને કીલો બોલતો રહ્યો:

'એલા તું તો મજૂરી કરવા ગયો ને મનસુખભાઈના ઘરમાં ઉંબાડિયું ઘાલતો આવ્યો!'

'પણ એમાં હું શું કરું?' નરોત્તમે કહ્યું.

'તેં તો કરવાનું હતું એ કરી નાખ્યું.' કીલો બોલ્યો, 'હવે તો આ કીલો છે ને મનસુખભાઈ છે!'

'તે આ પાંચ રૂપિયા મને આપી દિયો ને!' નરોત્તમે મજાકમાં માગણી કરી.

'એલા, રૂપિયા એમ કાંઈ રેઢા પડ્યા છે તે તને આપી દઉં?'

'તો તમે હવે શું કરશો?'

'તું મૂંગો મૂંગો જોયા કર મોટા, કે આ કીલો હવે શું કરે છે!' કીલાએ આખરે ગર્વોક્તિ ઉચ્ચારી: 'તેં હજી લગી મને ઓળખ્યો નહીં. હું કોણ? કીલો કાંગસીવાળો!'

*

૨૮

# કામદાર કા લડકા

'**એલાવ** એય ટાબરિયાંવ! કોની રજાથી સ્ટેશનમાં પગ મેલ્યો?... મારા હાળાવ, કોથળા ફાડી ફાડીને મગફળી ખાવ છો?... તમારા બાપનો માલ સમજી ગયાં છો?... માળાં ભૂખાળવાં, ઘરમાં તમારી માયું રોટલા ઘડીને ખવરાવે છે કે એમ ને એમ તગડી મેલે છે?... કઈ સાલમાં જનમ્યાં છો? છપ્પનિયામાં જ... નીકર પારકી મગફળી ફોલી ફોલીને પેટ ભરવાનું ક્યાંથી સૂઝે? ભાગો ઝટ. નીકર પોલીસને બરકું છું... આ આવડા દોથા ભર્યા છે તે મામાના ઘરનો માલ છે?... કરો ગૂંજાં ખાલી, માળાં ચોરટાવ!...'

સ્ટેશનના નિર્જન પ્લૅટફૉર્મ ઉપર કીલો સાર્વભૌમત્વ ભોગવતા શહેનશાહની અદાથી લટાર મારતો હતો. પોતે 'વૉચ ઍન્ડ વૉર્ડ' ખાતાના અધિકારી હોય એવી ઢબે આ છેડાથી પેલા છેડા સુધી આંટો મારીને સ્ટેશન પરની સ્થાવર-જંગમ મિલકતની રક્ષા કરતો હતો.

સાઇડિંગમાં પડેલ વેગનમાંથી મગફળી ફોલતાં છોકરાંઓને ટપાર્યા પછી એણે બીજી દિશામાં પડકાર શરૂ કર્યો:

'એલી એય, માતાજી! તારો કોઈ ધણીધોરી છે કે પછી તુંય મારા જેવી જ છો?... ઘરબાર છે કે પછી જે સીતારામ?... આ સ્ટેશનને શું મહાજનવાડો સમજી ગઈ છો? આ લીલો રજકો સંધોય તારે સારુ આવે છે, એમ કે! આ પાંજરાપોળ નથી, સ્ટેશન છે, સ્ટેશન. સમજી! ભલી થઈને તારે ખીલે હાલી જા, નીકર ડબા ભેગી કરવી પડશે.'

ગવતરી જેવા મૂંગા પ્રાણી સાથે પણ કીલો આવી સ્વગતોક્તિ જેવા સંવાદો ચલાવતો હતો.

'ઊઠ એય ફકીર! બહુ ઊંઘ્યો, બહુ. માળો દી આખો ઊંઘી રહે ને રાત આખી જાગે. બધીય વાતમાં સામા પૂરના હાલવાવાળા... એલા, હમણાં વન-ડાઉન આવી ઊભશે, બેઠો થા, બેઠો. બે પૈસા ભીખ માગી લે, નીકર ચાનો પ્યાલો પીવા મારી પાસેથી કાવડિયાં લેવાં પડશે.'

કીલો આ રીતે નિરીક્ષણ કરતો કરતો છેક સ્ટેશન માસ્તરના ક્વાર્ટર્સ સુધી પહોંચી ગયો. માસ્તરનાં પત્નીને ઉદ્દેશીને એણે બૂમ મારી:

'દયાબહેન, નળ આવી ગયો છે. પાણી ભરી લ્યો, ઝટ—'

દયાબહેને સામેથી કહ્યું: 'કીલાભાઈ, આ બેડું જરાક નળ નીચે મેલી દેશો?—મારા હાથ એંઠા છે—'

'શું કામ નહીં મેલું?' કરતાંકને કીલાએ બેડું ઉપાડી લીધું, ને નળ તરફ જતાં બોલતો ગયો, 'આ કીલાના કરમમાં આ એક જ કામ કરવાનું બાકી રહી ગયું'તું, તે આજે કરી નાખ્યું—'

ફરી પાછા પ્લૅટફૉર્મ પર લટાર મારતાં મારતાં એણે લુહાણાના એક છોકરાને હાકલ કરી:

'એલી એય ડુંગળી! લાયસન વગર ચેવડો વેચે છે તે આ સ્ટેશનને બોડી બામણીનું ખેતર સમજી બેઠો છો? આજે ગાડીમાંથી એ. જી. જી. સાહેબ ઊતરવાના છે, એની ખબર છે? ઝટ ઘર ભેગો થઈ જા, નીકર હમણાં પોલીસ આવીને, તારા ચેવડા ભેગો તનેય ફેંકી દેશે—'

રેલવે સ્ટેશનનો વિસ્તાર કેમ જાણે કીલાની સુવાંગ માલિકીનો હોય એવા રુઆબથી એ એક પછી એક વટહુકમ છોડતો હતો.

થોડી વારમાં જ પ્લૅટફૉર્મ ઉપર ચકચકતા બિલ્લા પહેરેલી એજન્સીની પોલીસ આવી પહોંચી અને ગોરા સાહેબની સલામતી માટે ભયરૂપ ગણાય એવા માણસોને ભાઠાં મારી મારીને બહાર કાઢવા લાગી. આ કાર્યમાં વરસોથી સ્ટેશન પર વગર પગારે બિનસત્તાવાર રખેવાળું કરનાર કીલાનું માર્ગદર્શન આ સરકારી માણસોને બહુ

ઉપયોગી થઈ પડ્યું. અનાથાશ્રમ, ખોડાં ઢોરની પાંજરાપોળ, છાસની પરબ વગેરે પ્રવૃત્તિઓ માટે ઉઘરાણું કરવા હાથમાં ટચૂકડી પેટીઓ ફેરવનાર માણસોને આજે અનિચ્છનીય વ્યક્તિઓ ગણીને હાંકી કાઢવામાં આવ્યા. કીલાએ માત્ર બે જ જણને બચાવ્યા: દાવલશા ફકીરને અને ભગલા ગાંડાને. આ માણસો ઉપર પણ ધોકાપંથી પોલીસ પોતાનો દંડો ઉગામવા જતી હતી, પણ કીલાએ વચ્ચે પડીને કહ્યું, 'રહેવા દિયો, આ તો આપણા ઘરના માણસ છે.'

લાટસાહેબની પધરામણી થતી હોવાને કારણે આજે સ્ટેશનનું વાતાવરણ એવું તો ભારછલ્લું બની ગયું હતું કે 'વન-ડાઉન'માં જવા માટે જે છડિયાં આવતાં હતાં એય આટલી બધી પોલીસની હરફર જોઈને હેબતાઈ જતાં હતાં. ટિકિટબારી ઉપર પણ બિહામણા સિપાઈઓની હાજરી જોઈને ઉતારુઓ બીતાં બીતાં ટિકિટ કપાવતાં હતાં અને પછી છાનામાના ખૂણેખાંચરે લપાઈ જતા હતા.

ટ્રેનને આગલા સ્ટેશન પર લાઇન મળી કે તુરત કીલાએ પોતાની રેંકડી પરથી શણિયું સંકેલ્યું અને પ્લૅટફૉર્મ પર લલકાર કરવા લાગ્યો:

'એ... આ મહુવાનાં રંગીન રમકડાં—'

'એ... આ ઘૂઘરો ને ઘંટી-ઘોડાં—'

'એ મોરલો ને પોપટલાકડી—'

'એ... બબલો રમે ને બબલાનો બાપ પણ રમે—'

રમકડાંની જાહેરાત સાથે આવી આવી મર્મોક્તિઓ ઉચ્ચારતો કીલો પ્લૅટફૉર્મ પર રેંકડી ફેરવતો હતો ત્યાં જ એકાએક એની આંખ તેમજ રેંકડી બંને થંભી ગયાં.

દરવાજામાંથી મનસુખભાઈ, એમનાં પત્ની ધીરજ અને એમની પાછળ એક યુવતી સંકોચાતી શરમાતી આવતી હતી.

'કેમ છો, કીલાભાઈ?' રેંકડી સાથે ઊભેલા કીલાને જોઈને મનસુખભાઈ પોકારી ઊઠ્યા.

'ઓહોહો! મનસુખભાઈ? કિયે ગામ?' કીલાએ પૂછ્યું.

'મેંગણી.'

'ઓચિંતા જ કાંઈ?'

'આ ચંપાને મૂકવા જાઉં છું–'

'બસ? આટલા દીમાં પાછાં? હજી તો હમણાં જ મેંગણીથી આવ્યાં'તાં...'

'હું તો હજીયે કહું છું કે આવી છો તો મહિનો-બે મહિના રોકાઈ જા, પણ એણે તો મેંગણીનું જ વેન લીધું છે–' મનસુખભાઈ બોલ્યા.

ધીરજે પણ એમાં સૂર પુરાવ્યો: 'ચંપાબેનને અમારે ઘરે સોરવતું નથી–'

'રાજકોટ જેવા શહેરમાં સોરવતું નથી!' કીલાએ કૃત્રિમ આશ્ચર્ય વ્યક્ત કર્યું. અને પછી મનસુખભાઈને ઉદ્દેશીને ઉમેર્યું: 'સારું થયું કે તમારો ભેટો થઈ ગયો... સાંજે હું તમારે ઘરે આવવાનો હતો... મારે ધરમનો ધક્કો જ થાત ને?'

'કેમ ભલા? કાંઈ કામ–'

'કામ તો તમે સોંપેલું એ જ. બીજું શું?'

'ઓલ્યા મજૂરનો પત્તો લાગ્યો?' મનસુખભાઈ અધીરપથી પૂછી રહ્યા.

'પત્તો તો લાગ્યો, માંડ માંડ કરીને–'

'ક્યાં? કેવી રીતે?'

'આજ સવારના મેલમાં જાતો'તો–'

'કેની કોર?'

'મુંબઈ જ જાતો હશે–ફર્સ્ટ ક્લાસના ડબ્બામાં બેઠો'તો, એટલે મામૂલી પરિયાણ તો હોય જ નહીં ને?'

'ફર્સ્ટ ક્લાસમાં બેઠો'તો?' મનસુખભાઈ હેબતાઈ ગયા.

'ફર્સ્ટથી ઊંચો ક્લાસ તો કોઈ છે નહીં, પછી તો ફર્સ્ટમાં જ

બેસવું પડે ને?' કીલાએ કલ્પનાનો તુક્કો અડાવ્યો.

'પણ મજૂરી કરતો કરતો ફર્સ્ટમાં ક્યાંથી પહોંચી ગયો હશે?'

'મને એ જ કૌતુક થાય છે.'

'તમારે કાંઈક દીઠાફેર થઈ ગયો હશે, કીલાભાઈ!... કાંઈક સમજફેર... કોઈ ભળતા મોઢાનો માણસ—'

'આ કીલો કોઈ દી છેતરાય એમ તમે સમજો છો, મનસુખભાઈ?'

'પણ તમે ઓલી પાકીટવાળી વાત એને પૂછી કે નહીં?

'એ સારુ તો મેં એનો કાન પકડ્યો'તો. તમે હુકમ કર્યો'તો કે ગમે ત્યાંથી ગોતી કાઢજો ને પાંચ રૂપિયા બક્ષિસના આપી દેજો, એટલે તો હું ચારેય દિશામાં નજર કર્યા કરતો'તો—'

ચંપા, ધીરજમામીની આડશે ઊભી ઊભી ઉત્કંઠ બનીને આ સંવાદ સાંભળી રહી.

'પછી? પછી તમે એને રૂપિયા આપી જોયા કે નહીં?' મનસુખભાઈએ અધીર અવાજે પૂછ્યું.

'રૂપિયા આપી તો જોયા, પણ... પણ...'

'પણ શું થયું?'

'આપતાં તો આપી જોયા, પણ પછી મને ભોંય ભારે પડી ગઈ—'

'કેમ ભલા? શું થયું!' મનસુખભાઈએ ગભરાઈને પૂછ્યું. 'પાંચ રૂપિયા એને ઓછા પડ્યા કે શું?'

'અરે, ઓછા શું પડશે?' કીલાએ કહ્યું, 'એણે તો આવડું મોટું વડચકું ભરીને મારું મોઢું તોડી લીધું—'

'હેં? શું કીધું? સરખી વાત તો કરો!'

'મેં એને કીધું કે ઓલ્યા લાંબા ડગલાવાળા શેઠને ઘેર સામાન મેલવા ગ્યો'તો, ને ડગલામાંથી એનું પાકીટ પડી ગયેલું એ તેં પાછું સોંપી દીધું, એની ખુશાલીમાં શેઠે આ પાંચ રૂપિયા બક્ષિસના મોકલાવ્યા છે—'

'બરાબર... પછી? પછી?'

'પછી તો એણે મને જે સંભળાવી છે, એ સાત પેઢી સુધીય નહીં ભુલાય—'

'તમને સંભળાવી?'

'સંભળાવી તો તમને જ, પણ તમે તો હાજર નહોતા એટલે આ કીલાએ જ સાંભળવું પડે ને?' કીલાએ રડમસ અવાજે કહ્યું.

'માળો આ મજૂર તો કોક અજબ માયા નીકળ્યો! કરવી મજૂરી ને મિજાજ રાખવો ખાંડીનો!' મનસુખભાઈએ કહ્યું, 'એણે સંભળાવી શું એ તો વાત કરો!'

'એણે કીધું કે પાંચ રૂપરડી જેણે આપી હોય એના હાથમાં પાછી પધરાવી આવ!—'

'માળો માથાનો ફરેલ!'

'ને વળી બોલ્યો, કે આ નોટ આપનારના કરતાં મેં વધારે રૂપિયા દીઠા છે!—'

'માળાના મગજમાં સાચે જ રાઈ ભરી હશે!'

કીલાના વાક્યે વાક્યે મનસુખભાઈનો ઘવાયેલો અહમ્ વાચા પામતો જતો હતો અને ચંપા ઉત્તરોત્તર વધારે સંતોષ અનુભવતી જતી હતી. કીલો પોતે યોજેલી કપોલકલ્પિત કથની આગળ ચલાવતો જતો હતો:

'એણે તો મોટા લખપતિની જેમ સંભળાવી દીધું કે આ રૂપરડી મોકલનાર માણસ જેવાને તો હું મારે ઘેર વાણોતરાં કરાવું એમ છું—'

ચંપાના ફૂલગુલાબી હોઠ ઉપર સંતોષ સૂચવતો મલકાટ ફરકી ગયો, જે ચકોર કીલા સિવાય કોઈના ધ્યાનમાં આવી ન શક્યો.

મનસુખભાઈએ પોતાના ઘવાયેલા અહમ્‌ની કડવાશ વ્યક્ત કરવા માંડી:

'માળો આ તો સરોસર ફાટલ નીકળ્યો! દીકરો દળણાવાળીનો ને નામ ગુલાબદાસ જેવો કોક ઓટીવાળ હોવો જોઈએ! નહીંતર



કામદાર કા લડકા

આવાં ઊંધી ખોપરીનાં વેણ ઉચ્ચારે નહીં.'

'ના, મનસુખભાઈ, માણસ તો મને પૂરેપૂરો સાજાની લાગ્યો!' હવે કીલાએ પોતાના સાથીનો બચાવ શરૂ કર્યો. 'એના દીદાર જ કહી દેતા'તા કે એ માણસને મન રૂપિયો તો હાથના મેલ સમો છે... ઘરમાં દોમદોમ સાહ્યબી દીઠી હોય એવા એના દીદાર લાગ્યા, મને તો.'

'અરે, શેની સાહ્યબી ને શેના દીદાર વળી! મને તો કોક મુંબઈના મવાલી જેવો લાગે છે. મજૂરી કરવાને બહાને ઘરનું બારણું ભાળી ગયો. મુંબઈમાં સોનેરી ટોળીવાળા આવા જ ગોરખધંધા કરે છે,' કહીને મનસુખભાઈએ ભય વ્યક્ત કર્યો: 'આ અમે સહુ ડેલી બંધ કરીને મેંગણી જઈએ છીએ, ત્યારે વાંસેથી એ મવાલી ઉંબરામાં ગણેશિયો ન ભરાવે તો નસીબદાર!'

સાંભળીને, ચંપા અસીમ ઘૃણાભરી નજરે મનસુખમામા તરફ તાકી રહી.

ચંપાના પ્રસન્ન ચહેરા પર એકાએક આવી ગયેલો આ ભાવપલટો પણ કીલા સિવાય કોઈના ધ્યાનમાં આવી શક્યો નહીં.

હવે તો ચંપાને રજમાત્ર શંકા ન રહી કે એ રમકડાં વેચનારો માણસ નર્યું નાટક જ ભજવી રહ્યો છે અને મામાને બનાવી રહ્યો છે. સ્વભાવસહજ હૈયાઉકલત ધરાવનાર આ યુવતીને ખાતરી થઈ ગઈ કે આ 'કાંગસીવાળા'ને નામે ઓળખાતો માણસ નરોત્તમ વિશે રજેરજ હકીકત જાણે છે. તે દિવસે આ જ સ્ટેશન પર આ જ સ્થળેથી એને સામાન ઊંચકી લેવાનું સૂચન પણ આ જ માણસે કર્યું હતું. એમાં અવશ્ય એનો કશોક સંકેત હશે જ, અને હવે એ જે અહેવાલ આપી રહ્યો છે, એમાં પણ એનો ગૂઢ સંકેત છે જ.

આટલી વારમાં તો પ્લૅટફૉર્મ ઉપર પોલીસ અને મિલિટરીના માણસો, સરકારી કોઠીના વડા કર્મચારીઓ, જુદાં જુદાં રજવાડાંના કારભારીઓ, દીવાનો, એકબે રાજવીઓ વગેરેનાં આગમન થઈ

ચૂક્યાં હતાં, એ જોઈને મનસુખભાઈએ કીલાને પૂછ્યું:

'આજે આટલી બધી ધમાલ શેની છે?'

'ખબર નથી?—પોલિટિકલ એજન્ટ આવે છે—'

'કોણ? વૉટ્સન સાહેબ?'

'હા.'

'ક્યાંથી?'

'સાસણના જંગલમાંથી—શિકાર કરીને આવે છે.'

સાંભળી ધીરજમામીને કમ્પારી છૂટી ગઈ. મોઢામાંથી ભયસૂચક સિસકારો પણ નીકળી ગયો.

'પણ એમાં આટલું બધું માણસ અહીં—'

'અરે સાત ફૂટનો સિંહ મારીને આવે છે—'

ધીરજમામીએ પ્લૅટફૉર્મ ઉપર જ થૂ... થૂ કરીને પોતાનો અહિંસાપ્રેમ અને જીવહિંસા પ્રત્યેનો તિરસ્કાર વ્યક્ત કરી નાખ્યો... મનસુખભાઈએ પૃચ્છા ચાલુ રાખી:

'સાત ફૂટ લાંબો સિંહ?'

'એક ઇંચ પણ ઓછો નહીં—'

'પણ સિંહ તો છ હાથથી લાંબો હોય એવું ક્યાંય સાંભળ્યું નથી—'

'પણ વૉટ્સન સાહેબની ગોળીએથી વીંધાય એ બધાય સિંહ છ ફૂટમાંથી સાત ફૂટ લાંબા થઈ જાય છે—'

'એનું કારણ શું, ભલા?'

'સાહેબનો એ. ડી. સી. છે, એ પોતાની પાસે ફૂટપટ્ટીનું ફીંડલું રાખે છે, એમાંથી એણે મોઢા આગળનો એક ફૂટનો પટ્ટો સંચોડો કાપી નાખ્યો છે,' કહી કીલાએ સ્ફોટ કર્યો: 'એટલે, ગમે એવડો સિંહ માપો તોય એક ફૂટ વધી જ જાવાનો, સમજ્યા ને?'

મનસુખભાઈ રસપૂર્વક શિકારનાં આ રહસ્યો સાંભળતા રહ્યા. માત્ર ચંપાને આ ગોરા સાહેબમાં, શિકારમાં કે સિંહમાં કશો રસ

નહોતો. એને તો હિંમત કરીને, કીલાને પૂછી નાખવાનું મન થતું હતું: 'બોલો, કહી દિયો, ક્યાં છે તમે મોકલેલો મજૂર? એ ક્યાં રહે છે? શું કરે છે? મને યાદ કરે છે કે નહીં? એને કહી દેજો કે હું એક વાર એમને વરી ચૂકી છું, એમાં મીનમેખ નહીં થાય હવે.'

પણ આ મૂક સંદેશને વાચા મળી શકે એ પહેલાં તો 'વન-ડાઉન' મેલ ફૂંફાડા નાખતો આવી પહોંચ્યો અને મનસુખભાઈ 'હાલો, આગળ હાલો, આખું ખાનું ખાલી છે,' કરતાકને ધીરજને અને ચંપાને ઢસરડી ગયા.

શણગારેલા શહેનશાહી સલૂનના એક દરવાજામાંથી ગોરાસાહેબ ઊતર્યા, ને બીજા દરવાજામાંથી સાત ફૂટ લાંબા મૃત વનરાજને ઉતારવામાં આવ્યો. હિંદના વડા હાકેમના આ એજન્ટને ઉમળકાભર્યો આવકાર મળ્યો. રાજવીઓ અને કારભારીઓ કમ્મરને કાટખૂણેથી ઝુકાવીને, લળી લળીને કુરનિસ બજાવી રહ્યા.

ગોરા અધિકારીની માંસલ ગરદન ફૂલહાર તળે દબાઈ ગઈ. એથીય વધારે ફૂલહાર અને કલગીતોરા તો મૃત વનરાજને મળ્યા.

સાહેબની પાછળ એમનાં મેમસાહેબ ઊતર્યાં અને એમની પાછળ એક કિશોરને લઈને આયા ઊતરી.

મામાની સાથે ડબ્બામાં ગોઠવાઈ ગયેલી ચંપા વિચારતી હતી: કીલાભાઈએ આ બધી રમત શું કામે કરી હશે? મારું મન માપી જોવા? મારું પોતાનું પારખું કરવા? ગમે એમ હોય. પારખામાં હું બરોબર પાર ઊતરી છું. એણે ભલે કસોટી કરી જોઈ. આ સોનું એમાં સો ટચથી ઓછું નહીં ઊતરે.

પ્લૅટફૉર્મ પર મેમસાહેબ સાથે કિશોરને લઈને આયા ઊતરી ત્યારે કીલો એક હાથમાં ઘૂઘરો ખખડાવતો, બીજે હાથે રેંકડી ઠેલતો અને મોઢેથી કર્કશ અવાજે રમકડાંની જાહેરાત કરતો પસાર થતો હતો. એમાંના એક પચરંગી રમકડા તરફ કિશોરે આંગળી ચીંધી એટલે કીલો ઊભો રહી ગયો.

બાળકે રમકડું ચીંધ્યું એટલે આયા સાથે મેમસાહેબ પણ ઊભાં રહ્યાં અને પત્નીને ઊભી રહેલી જોઈને વૉટ્સન સાહેબ પણ ઊભા રહી ગયા.

ફૂલહારનો વિધિ અધૂરો રહી ગયો, સ્વાગતવિધિ પણ અટકી પડ્યો અને સ્ટેશન પર સહુ કોઈ ગોરા કિશોર અને એણે હાથમાં લીધેલા એક રમકડા તરફ તાકી રહ્યા.

'વેરી ગુડ ટૉય, વેરી ગુડ!' કીલો મિતાક્ષરી અંગ્રેજીમાં પોતાનો માલ વેચવા મથતો હતો.

'આ દરમિયાન પોલિટિકલ એજન્ટની નજર પુત્ર તરફ નહોતી, રમકડાં તરફ પણ નહોતી. એમની વિચક્ષણ નજર તો આ રમકડાં વેચનારની મુખમુદ્રાને ધારી ધારીને અવલોકી રહી હતી. પણ કીલો, કોણ જાણે કેમ, સાહેબની નજરમાં નજર પરોવવાની હિંમત નહોતો કરતો. પોતાના ચહેરાનું બારીકાઈથી નિરીક્ષણ કરી રહેલી એ નજરને ટાળવા કીલો ઘડીક કિશોર તરફ, ઘડીક આયા તરફ, તો ઘડીક મેમસાહેબ ભણી જોયા કરતો હતો.

આખરે, લાટસાહેબના મોંમાંથી શબ્દો છૂટ્યા: 'તુમેરા નામ કીલાચંડ હૈ?'

ઉત્તરમાં 'હા' કહેવા જેટલા પણ કીલાને હોશ નહોતા રહ્યા. પોતાની અકળામણ ઓછી કરવા એ હકારમાં માત્ર માથું ધુણાવીને 'વેરી ગુડ ટૉય, વેરી ગુડ ટૉય'નાં પોપટવાક્યો અન્યમનસ્ક બોલ્યા કરતો હતો.

પણ. એ. જી. જી. સાહેબ એમ સહેલાઈથી આ માણસને છોડે એમ નહોતા. એમણે બીજો પ્રશ્ન પૂછ્યો:

'તુમ હેમટરામ કામદારકા લડકા હૈ?'

નવોઢા જેવી કઢંગી ઢબે કીલો નીચી નજરે 'હાં સા'બ! હાં સા'બ!' કરતો રહ્યો.

'કલ સુબ્હે મેં નવ ઘંટા પર કોઠી કી કચેરીમાં આવ!' ગોરા સાહેબે હુકમ ફરમાવ્યો.

સ્ટેશન પર એકઠો થયેલો આખો સમુદાય વિસ્ફારિત આંખે આ દૃશ્ય જોઈ રહ્યો અને વિસ્મય સાથે લાટસાહેબે રમકડાંવાળાને આપેલો આદેશ સાંભળી રહ્યો.

કીલાએ આદરપૂર્વક માથું નમાવીને આ આદેશ ઝીલ્યો ત્યારે કિશોરે પોતા માટે રમકડાંની આખરી પસંદગી કરી લીધી હતી.

કીલો અરધો અરધો થઈને બોલતો હતો: 'લઈ જાવ સાહેબ, સરસ રમકડું છે, લઈ જાવ!'

હવે પોલિટિકલ એજન્ટ જેવા માંધાતા કેવી રીતે આ રમકડું સ્વીકારશે એ અંગે લોકો અટકળ કરી રહ્યા હતા ત્યાં જ એ. જી. સાહેબે મેમસાહેબને સૂચના આપી દીધી:

'ટેઇક ધેટ ટૉય વિથ અસ, વી નીડ નોટ પે હિમ.' (રમકડું લઈ લો, પૈસા આપવાની જરૂર નથી.).

*

## ૨૯

# પ્રારબ્ધનો પરિહાસ

**સ્ટેશન** ઉપર આસમાની સુલતાની જેવો અણધાર્યો બનાવ બની ગયો. હિંદના વડા હાકેમના એજન્ટે રમકડાંની રેંકડીવાળા સાથે વાતચીત કરી! ઘણા લોકોને તો, સગી આંખે આ દૃશ્ય જોયું હોવા છતાં સાચું લાગતું નહોતું.

'આવડો મોટો લાટસાહેબ ઊઠીને કીલા જેવા મુફલિસ માણસ સાથે વાત કરે?'

'ન ભૂતો ન ભવિષ્યતિ' જેવી આ ઘટના અંગે સહુ પોતપોતાનાં મનફાવતાં અનુમાનો કરતા હતા:

'એ તો ગોરાસાહેબને આ મહુવાનાં રમકડાંની કારીગરી ગમી ગઈ એટલે રેંકડી પાસે ઊભીને કાંઈક પૂછગાછ કરી હશે—'

'ના રે ના. વિલાયતનાં રમકડાં પાસે આ આપણાં કાઠિયાવાડી લાકડાં શી વિસાતમાં... કારણ કાંઈક બીજું જ હશે.'

'અરે કીલાને હજી તમે ઓળખતા નથી. કાંઈક બખડજંતર કર્યું હશે ને વાંકમાં આવ્યો હશે એટલે ગોરાસાહેબે ઠપકો આપ્યો હશે.'

'કીલો છે તો અકડલકડિયો, પણ કાંઈક વાંકમાં આવી ગયો હશે.'

'અરે ભલો હશે તો રેલખાતાની રજાચિઠ્ઠી કઢાવ્યા વિના જ સ્ટેશન ઉપર રેંકડી ફેરવતો હશે એટલે ઠેઠ એજન્સી સુધી એના રિપોર્ટ થયા હશે.'

લોકોએ તર્કવિતર્ક કરવામાં કશું જ બાકી ન રાખ્યું. અને નવરા માણસોના કુતૂહલને વધારે ઉત્તેજે એવી ઘટના તો એ બની કે પોલિટિકલ એજન્ટ કીલા સાથે વાતચીત કરી ગયા અને બીજે જ

દિવસથી કીલો દેખાતો બંધ થઈ ગયો. એની રેંકડી તો રાબેતા મુજબ દાવલશા ફકીર અને ભગલા ગાંડાના સંયુક્ત કબજામાં જ રહી, પણ રેંકડી પર કીલાએ ઢાંકેલું શણિયું આ બેમાંથી એકેય સાથીદારે પાછું સંકેલ્યું જ નહીં. રમકડાં ખરીદવા માટે કોઈ ગ્રાહક આવી ચડે તોપણ ચરસ ફૂંકતો ફકીર આ પારકી થાપણને અડકવાની જ ના પાડતો. 'કીલાભાઈ કો આને દો. માલ ઉસકા હૈ, હમેરા નહીં,' એ એક જ જવાબ આપતો. સામો પૂછે, 'પણ કીલો ક્યાં છે?' ત્યારે ફકીર અફીણના ઘેનમાં અજબ લાપરવાહીથી ઉત્તર આપતો: 'ખુદા કુ માલૂમ!'

ઓલિયા ફકીરનો આવો મભમ જવાબ સાંભળીને પૃચ્છકોનું કુતૂહલ શમવાને બદલે બમણું ઉશ્કેરાતું.

લોકોની શંકાઓ વધારે ઘેરી તો એ કારણે બની કે કીલો એની ઓરડી ઉપર પણ દેખાતો નહોતો. આઠેય પહોર ઉઘાડી રહેતી ઓરડી પર એનો માલિક ઉપરાઉપર બે દિવસ સુધી ફરક્યો નહીં ત્યારે પડોશીઓએ પોતાનો પડોશીધર્મ બજાવીને ઓરડીની સાંકળ વાસી દીધી.

'ગોરા સાહેબે કીલાને કોઠીની કચેરીએ હાજર થવાનો હુકમ કર્યો તો ખરો... રેંકડીની પડખે ઊભેલા પોલીસે કાનોકાન સાંભળ્યું'તું.'

જાણભેદુઓ કલ્પનાની સહાયથી કીલાનું પગેરું કાઢવા મથતા હતા.

'કોઠીમાં ગયો તે કોઠીમાં જ રહી ગયો કે શું?'

'કે પછી એજન્ટ સાહેબે હાથકડી પહેરાવીને હેડ્યમાં ઘાલી દીધો?'

'કે પછી કાળે પાણીએ ધકેલી દીધો?'

'ભલું પૂછવું કીલાનું, કાંઈક કાળાંધોળાં કર્યાં હશે તો ભોગવવાં પડશે—'

આવા શંકાઘેરા વાતાવરણમાં જ ચંપાને મેંગણી મૂકી આવીને પાછા ફરેલા મનસુખભાઈએ કીલાની તલાશમાં સવારસાંજ સ્ટેશન

ઉપર અને સ્ટેશનથી કીલાની ઓરડી સુધી ધક્કા ખાવા શરૂ કર્યા. કીલાના પરિચિતો એમ સમજ્યા કે મનસુખભાઈ જેવા મોટા શેઠ રોજ ધક્કા ખાય છે, તે કીલા પાસેથી કશુંક વસૂલ કરવા આવતા લાગે છે. જરૂર કીલાએ કાંઈક કબાડું કર્યું છે. કોઈકની માલમિલકત ઓળવી છે; ક્યાંક હડફો ફાડ્યો છે, અથવા હાથફેરો કર્યો છે. નહીંતર ઘરબાર, રેંકડી બધું રેઢું મેલીને એકાએક પોબારા ગણી જાય ખરો?

મનસુખભાઈને તો કીલાને મળવાની એવી ચટપટી લાગી કે સવારસાંજ ઉપરાંત બપોર ટાણે પણ કીલાની ઓરડીએ આંટાફેરો કરવા માંડ્યા. પડોશીઓ તે હરેક વખતે એક જ જવાબ આપી દેતા: કીલાભાઈ હજી ફરક્યા જ નથી, કે નથી કાંઈ વાવડ!' મનસુખભાઈની વિદાય પછી, પાછળથી સહુ ભય અનુભવતા: 'સાચે જ કીલાએ કાંઈક ગોરખધંધા કર્યા લાગે છે! નહીંતર, આવડા મોટા શેઠિયા આમ દિવસમાં ત્રણ-ત્રણ ફેરી આંટા ખાય ખરા?'

બરોબર આઠ દિવસ સુધી આવી અફવાઓ વહેતી રહી. આખા રાજકોટમાં જાણ થઈ ગઈ કે સ્ટેશન પરથી કાંગસીવાળો ક્યાંક ભાગી ગયો છે.

ગામ આખામાં નરોત્તમ સિવાય બીજા કોઈને કીલા વિશે કશી માહિતી નહોતી.

બરાબર નવમે દિવસે શહેરમાં તોપના ધડાકા જેવા સમાચાર ફૂટ્યા:

'પોલિટિકલ એજન્ટના શિરસ્તેદારને હોદ્દે કીલાચંદ હેમતરામ કામદારની નિમણૂક થઈ છે.'

શહેરીઓને સહેલાઈથી ગળે ન ઊતરે એવા આ સમાચાર હતા.

'એલા, આ કયા કીલાની વાત છે? ઓલ્યો કાંગસીવાળો જ કે બીજો કોઈ?'

'એ જ, એ જ. રમકડાંની રેંકડી ફેરવે છે, એ જ કીલો.'

'પણ એની શાખ તો કાંગસીવાળો છે ને! આ કામદાર કે'દીનો થઈ ગયો? વળી બાપનું નામ હેમતરામ ક્યાંથી નીકળ્યું?'

'તુરત ગામનાં ડોસાંડગરાંઓએ યાદદાસ્ત ખંખોળી ખંખોળીને સંશોધન શરૂ કરી દીધું અને જોતજોતામાં તો આ સમાચારનો તાળો મેળવી કાઢ્યો:

'હા, હવે યાદ આવ્યું! હેમતરામ કામદાર કરીને સીતાપુર સ્ટેટના આજમ દીવાન હતા ખરા!... કાઠિયાવાડમાંથી એ પહેલવહેલા વિલાયત જઈને બૅરિસ્ટર થઈ આવેલા. એમણે એક તો સમુદ્રોલ્લંઘન કરીને મહાપાતક વહોરેલું, એટલું જ નહીં, મ્લેચ્છો સાથે માંસ-મદિરા ખાઈને કાયા ભ્રષ્ટ કરી આવેલા એવી શંકા પરથી આરંભમાં તો તેઓ નાત બહાર મુકાયેલા અને સમાજમાં બહિષ્કૃત બનેલા. પણ પછીથી, આ બહિષ્કૃત માણસ દીવાનપદે પહોંચવાથી, આપમેળે જ એને સમાજની સ્વીકૃતિ મળી ગયેલી. એકમાત્ર સીતાપુરના મહારાજા આ ધર્મભ્રષ્ટ કારભારીનો સ્પર્શ થયા પછી છૂપી રીતે ગંગાજળનું આચમન લઈને પોતાની દેહશુદ્ધિ કરી લેતા. સીતાપુરના લોકો હજી પણ યાદ કરે છે કે હેમતરામભાઈના ઘરમાં કેડ કેડ સમાણા ઊંચા ચૂલા હતા. બૈરાંઓ ઊભાં ઊભાં રસોઈ કરતાં, ટેબલખુરસી ઉપર કાચનાં ઠામમાં જમતાં અને હાથે કોળિયો ભરવાને બદલે છરીકાંટા વાપરતાં. મહારાજાનો બાળ પાટવી, રાજ્યના દીવાનનો દીકરો મંચેરશા અને પ્રાઇવેટ સેક્રેટરીનો પુત્ર કીલો એ ત્રણેય બાળગોઠિયા રજવાડી બગીમાં ભેગા ફરવા નીકળતા.

હા, રાજકોટવાસીઓને હવે જ યાદ આવ્યું કે સીતાપુર સ્ટેટની ગાદીના વારસા વિશેનો બહુ ગવાયેલો મુકદ્દમો લડવા માટે બૅરિસ્ટર કામદાર રાજકોટમાં આવતા ખરા. કિશોર વયનો કીલો પણ પિતાની સાથે કોઈ કોઈ વાર આવતો. એ વેળા કાઠિયાવાડમાંથી વિલાયત જઈ આવેલ આ એકમાત્ર 'દેશી' માણસ સાથે પોલિટિકલ એજન્ટને

સ્વાભાવિક રીતે જ મૈત્રી કેળવાઈ ગયેલી. બંને વચ્ચે સારો ઘરોબો થઈ ગયેલો.

પછી તો, ગાદીવારસાનો આ ખટલો છેક પ્રિવી કાઉન્સિલમાં પહોંચેલો અને બૅરિસ્ટર કામદાર એ માટે વિલાયત સુધી લડવા ગયેલા. ત્રણ-ત્રણ વરસ સુધી ચાલેલા આ ખટલાને અંતે બૅરિસ્ટર પરાજિત થઈને પાછા ફરેલા. ખટલો નિષ્ફળ ગયાના સમાચાર, અલબત્ત, ચોંકાવનારા હતા. પણ એથીય વધારે ચોંકાવનારી ઘટનાઓ તો એ પછી બનવા પામેલી, જેને પરિણામે આખું કાઠિયાવાડ ખળભળી ઊઠેલું. કોઈએ સીતાપુરના રાજવીના કાન ભંભેર્યા કે બૅરિસ્ટર કામદારે પ્રતિવાદીઓ પાસેથી જબરી લાંચ ખાધી છે, અને જાણી જોઈને મુકદ્દમો હારી ગયા છે. અને કાચા કાનના રાજવીએ પોતાના જ કારભારીના ઘર ઉપર જપ્તી બેસાડી. આવા મશહૂર કારભારીના ઘરબાર પર જપ્તી બેઠી એ સમાચાર જેટલા આઘાતજનક હતા, એથીય વધારે ગમખ્વાર બનાવ તો એ બન્યો કે જપ્તીના દિવસે જ શકમંદ સંજોગોમાં કારભારી હેમતરામ કામદારનું અવસાન થયેલું.

આ અણધાર્યા અવસાન અંગે પણ ગામમાં જેટલી જીભ હતી એટલાં અનુમાનો થવા પામ્યાં હતાં. એક વાયકા એવી હતી કે પોતાની પ્રામાણિકતા ઉપર આવેલું આ આળ ખમી ન શકવાથી લોકનિંદામાંથી બચવા ખાતર કામદારે અફીણ ઘોળીને આપઘાત કરેલો. બીજું અનુમાન એવું હતું કે રાજવીએ આગલી રાતે એક ભોજન-સમારંભ યોજેલો એ વખતે કારભારીના ખોરાકમાં ગુપ્ત રીતે ઝેર ભેળવી દેવામાં આવેલું. સાચી વાત શી હતી એ તો આજ સુધી કલ્પનાનો જ વિષય રહ્યો હતો. એ ગમખ્વાર બનાવને પરિણામે હેમતરામ કામદારનું કુટુંબ છિન્નભિન્ન થઈ ગયેલું. પતિના અવસાન પછી વૈધવ્યનો અને પ્રતિષ્ઠાહાનિનો બેવડો આઘાત કામદાર પત્નીથી લાંબો સમય જીરવી શકાયો નહીં. એક વેળા જેને ત્યાં

સુખસાહ્યબીની છોળો ઊડતી હતી એ ગૃહિણીને, મબલખ માલમિલકત અને ઘરવખરી સુધ્ધાં પર સરકારી સીલ લાગી ગયાં પછી જે દિવસો જોવા પડ્યા એ કોઈ પણ ગૃહિણીનું હૃદય ભાંગી નાખવાને બસ હતા. પત્નીને પતિવિયોગની કળ કદી વળી જ નહીં. કુટુંબ પર આવી પડેલ કલંકમય આપત્તિનું દુઃખ કણસતાં કણસતાં જ તેઓ મરી પરવાર્યાં.

યુવાવસ્થામાં પ્રવેશેલા કીલાને તો ત્રેવડો વજ્રાઘાત લાગ્યો. ક્ષયરોગની મરણપથારીમાંથી એ દૈવકૃપાએ ઊભો થયેલો ત્યારે મૃત્યુની ચોટ તો અનુભવી જ ચૂક્યો હતો. એમાં વૈવાહિક જીવનનો આઘાત ભળ્યો. સહુને ખાતરી હતી કે ક્ષય જેવા જીવલેણ રોગમાંથી આ યુવાન ઊગરશે નહીં, એ ગણતરીએ તો એની વાગ્દત્તાનું વેવિશાળ બીજે સ્થળે કરાયેલું પણ જાણે કે પ્રારબ્ધનો પરિહાસ કરવા જ કીલો મંદવાડમાંથી સાજો થઈને ઊઠ્યો. એની જિજીવિષા જોઈને સગાંસ્નેહીઓને પણ કૌતુક થયું. પણ રાજરોગમાંથી ઊગરી ગયેલો એ યુવાન, અગાઉનો આશાભર્યો, ઉમંગભર્યો, જીવનરસથી છલોછલ એવો કોડીલો ને કોડામણો કીલો નહોતો રહ્યો. એ તો હતું, પૂર્વાશ્રમના કીલાનું હાલતુંચાલતું પ્રેત માત્ર. અને જ્યારે એને જણાવવામાં આવ્યું કે એની વાગ્દત્તા મીઠીબાઈના જીવનમાં એક ભયંકર કરુણતા સરજાઈ ગઈ છે, ત્યારે આ યુવાનના દિલમાં તેમજ દિમાગમાં નિતાંત નિર્વેદ છવાઈ ગયો.

અને એ નિર્વેદમાં ઉમેરો કરનારી કૌટુંબિક આપત્તિ આવી પડી. નરશાર્દૂલ સમા પિતાનું જે નામોશીભર્યા સંજોગોમાં મૃત્યુ થયું, એ સંજોગોએ કીલાના ચિત્તતંત્ર ઉપર બીજી ચોટ મારી. અને એમાંથી એને હજી તો પૂરી કળ વળે એ પહેલાં જ તેની વહાલસોયી માતાએ આ દુનિયામાંથી વિદાય લીધી.

આટલી આપત્તિઓ કોઈ પણ વિચારશીલ માણસના હૃદયમાં

ર્ષ જન્માવવા માટે પૂરતી હતી. યુવાન કીલાના હૃદયમાં પણ
ન ફૂંફાડી ઊઠ્યો: માણસ ઉપર આટલાં દુ:ખો શા માટે?...
અને એ પ્રશ્નનો ઉત્તર મેળવવા એ ચાલી નીકળ્યો.
અજ્ઞાતવાસનાં પૂરાં પાંચ વરસ આ યુવાને ક્યાં અને કેવી રીતે
વ્યાં, એ તો કીલાનાં સગાંસ્નેહીઓ પણ કશું જાણી શકેલાં નહીં.
ર્ણપકર્ણ વાતો આવતી: કીલો બાવો થઈ ગયો છે ને ગિરનારમાં
ે યોગી સાથે રહે છે, એણે તો જૈન સાધુ પાસેથી દીક્ષા
ીકાર કરી છે અને પાવાપુરી તરફ વિહાર કરે છે, ના, ના એ
પરિવ્રાજક થઈને હિમાલય તરફ નીકળી ગયો છે, ના રે ના,
ી તો દીક્ષાય નથી લીધી ને યોગી પણ નથી થયો, એ તો,
ો ખાડો પૂરવા અજાણ્યાં ગામડાંમાં ભીખ માગતો ભટકે છે...
એ તો એટલે સુધી જાહેરાત કરી દીધી કે કીલો તો ક્યારનો
કર્ણિકાના ઘાટ ઉપર મરી પરવાર્યો છે.
આમાંની આ છેલ્લી જાહેરાતનો જાણે કે જવાબ આપવા જ કીલો
સવારના પહોરમાં રાજકોટની શેરીમાં મોટે સાદે બોલતો બોલતો
ળી પડ્યો: લ્યો, આ માથાં ઓળવાની વિલાયતી કાંગસી!...
માંથી જૂ, લીખ, ખોડો, સંધુંય ખંખેરી કાઢે એવી આ નવતર
સી!'
અને, બહુ લાંબી વાતો, બહુ લાંબા સમય સુધી યાદ ન રાખવાને
યેલી લોકસ્મૃતિ કીલાની મૂળ અટક 'કામદાર'ને સગવડપૂર્વક ભૂલી
અને એને 'કીલો કાંગસીવાળો' તરીકે પ્રસ્થાપિત કરી દીધો.
અને આજે એ લોકોનો લાડીલો કાંગસીવાળો—શહેરનાં આબાલવૃદ્ધ
જેને તુંકારે સંબોધતાં એ, રમકડાંની રેંકડી ફેરવીને પેટિયું
ારો માણસ—વેસ્ટ ઇન્ડિયા સ્ટેટ્સ એજન્સીમાં શિરસ્તેદારના
ણીય હોદ્દા પર સ્થાપિત થયો હતો.
સમાચાર સાંભળીને આરંભમાં તો લોકોએ આઘાત અનુભવ્યો.

પણ તુરત, જે તે પરિસ્થિતિને અનુકૂળ થવાને ટેવાયેલા લોકમાનસે આ નિમણૂકને વાજબી ઠરાવતાં કારણો પણ આપમેળે જ શોધી-ઉપજાવી કાઢ્યાં:

'અરે ભાઈ, ભાંગ્યું ભાંગ્યું તોય ભરૂચ! હમણાં ભલે કીલો રખડતો-રઝળતો થઈ ગયેલો, પણ અંતે ફરજંદ કોનું?—હેમતરામ કામદારનું!'

'બાપની હોશિયારી દીકરામાં આવ્યા વિના રહે? અંતે કદર થઈ ખરી!'

'પણ કૌતુક તો જુવો, કે આપણે સહુએ તો બિચારાને કાંગસીવાળો, કાંગસીવાળો કરીને સાવ કાંકરો જ કાઢી નાખ્યો'તો એમાં આ પારકા પરદેશના ગોરા સાહેબે એનું પાણી પારખ્યું!'

'લાટસાહેબ પણ સંબંધનો સાચવવાવાળો નીકળ્યો! હેમતરામભાઈ હારેનો જૂનો નાતો ભૂલ્યો નહીં. પોતાના દોસ્તારના દીકરાનો હાથ ઝાલ્યો ખરો!'

નવા શિરસ્તેદારની નિમણૂક થયાના સમાચાર સાંભળતાં જ રાજા-રજવાડાં તો આ નવા અમલદારને ખુશાલી પાઠવવા ભેટસોગાદો લઈ લઈને દોડી ગયાં. ઓળખાણને કલ્પવૃક્ષ સમી સમૃદ્ધિની ખાણ સમજનાર વ્યવહારડાહ્યા લોકો પણ ખુશાલી વ્યક્ત કરવાને બહાને સાકરના પડા લઈ લઈને કોઠીમાં કીલાને મળવા દોડી ગયા. દુનિયાદારીને ઘોળીને પી ગયેલો, ફરતલ ને જાણતર કીલો આ બધી મતલબી લીલાને એક મર્મજ્ઞની દૃષ્ટિથી અવલોકી રહ્યો. પોતાના હોદ્દાનો મોભો સમજીને એ મોઢા ઉપર મહાપરાણે ભાર રાખી રહ્યો હતો, પણ મનમાં તો સંસારની આ સ્વાર્થલીલા ઉપર દાર્શનિકની અદાથી હસતો જતો હતો. એને નવાઈ તો એ લાગતી હતી કે આજે 'આપણે તો એક જ કુટુંબનાં,' 'સાવ નજીકનું જ સગપણ,' 'એક જ ગોતરિયાં' વગેરે સંબંધોનો દાવો કરનાર આટલાં બધાં સગાંઓ એકાએક ક્યાંથી ફૂટી નીકળ્યાં? આટલા દિવસ આ

સહુ સગાં ને સંબંધીઓ ક્યાં સંતાઈ ગયાં હતાં? નાનપણમાં પિતા સાથે અમલદારીનો દોરદમામ નજરે જોઈ ચૂકેલો કીલો આ બધી ખુશામતભરી ખુશાલીઓથી અંજાઈ જાય એમ નહોતો. હેમતરામ કામદારની હયાતી દરમિયાન રજવાડાંના ખૂની ભપકા તો એણે આંખ ભરીને નિહાળ્યા હતા. તેથી જ તો, લાટસાહેબના અતિઆગ્રહને વશ થઈને શિરસ્તેદારના હોદ્દા પર આરૂઢ થયેલો કીલો બેચાર દિવસમાં જ એવો તો અકળાઈ ઊઠ્યો કે ખુશામત ને સિફારસના ગૂંગળાવનારા વાતાવરણમાંથી ઘડીભર મોકળાશ મેળવવા એ સાંજને સમયે સીધો પોતાના બાલમિત્ર મંચેરશાને મળવા દોડી ગયો.

*

કીલો જ્યારે મંચેરશાની પેઢી ઉપર પહોંચ્યો ત્યારે મંચેરશા પોતે અંદરના ઓરડામાં પરદેશોની ટપાલ તૈયાર કરવામાં રોકાયા હતા. આગળના ઓરડામાં નરોત્તમ સ્થાનિક ખરીદીઓના હિસાબ તૈયાર કરતો હતો.

કીલાને પેઢીનાં પગથિયાં ચડતો જોઈને જ નરોત્તમે એને ઉમળકાભેર આવકાર આપ્યો: 'પધારો, પધારો, શિરસ્તેદાર સાહેબ, પધારો!'

'અલ્યા, ગામ આખું તો ઠીક, પણ તું પોતેય મારી ઠેકડી કરીશ?' કીલાએ કહ્યું.

'એમાં ઠેકડી શાની? મોટા અમલદારને તો સાહેબ કહીને જ બોલાવાય ને?'

'અલ્યા, પણ આપણે બેય તો નાનામોટા ભાઈ ગણાઈએ. તું ઊઠીને મને સાહેબ કહે, એ શોભે?'

'પણ તમે ઊઠીને મને પરભુલાલ શેઠ કહો એ શોભતું હોય તો હું તમને શિરસ્તેદાર સાહેબ કહું એ શા માટે ન શોભે?'

નરોત્તમ અને કીલો બંને ખડખડાટ હસી પડ્યા.

કીલાના પરિચિત હાસ્યનો અવાજ સાંભળીને અંદરના ઓરડામાંથી મંચેરશા દોડી આવ્યા અને 'અરે, કીલા, દીકરા, તેં તો ગજબ કરી નાખિયો ને કાંઈ!' કહીને, પોતાના બાળગોઠિયાને પ્રેમપૂર્વક ભેટી પડ્યા.

બાજુમાં ઊભેલો નરોત્તમ, નાનપણના આ બે દિલોજાન દોસ્તોને અહોભાવથી અવલોકી રહ્યો.

અને પછી તો બંને બાળગોઠિયાઓએ કેટકેટલીય પેટછૂટી પ્રેમભરી વાત કરી. મંચેરશાએ કહ્યું:

'તેં તો બાવા, તોપનો ધડાકો કરી નાખિયો ને કાંઈ?'

'મેં નહીં, એ. જી. જી. સાહેબે. એણે પરાણે મને આ નવી પળોજણ વળગાડી—' કીલાએ ખુલાસો કર્યો.

'પણ આટલા દિવસ સુધી કઈ દુનિયામાં ગાયબ થઈ ગયો હતો?' મંચેરશાએ ફરિયાદ કરી: 'તારી તપાસ કરવા પાનસો માણસ તો પેઢી ઉપર આવી ગયેલા—'

'હું તો વૉટ્સન સાહેબને બંગલે જ પુરાઈ રહ્યો હતો—'

'તે લાટસાહેબે તને બંગલામાં પૂરી મૂકેલો?'

'લગભગ એવું જ,' કહીને કીલાએ ખુલાસો કર્યો: 'ઘરબાર છોડ્યા પછી પાંચ વરસ સુધી મેં શું શું કર્યું, ક્યાં ક્યાં ફરી આવ્યો, એ બધું સાહેબને સાંભળવું હતું—'

'બાવા, અમે બધું પૂછીએ છીએ ત્યારે તો કાંઈ સંભળાવતો નથી, ને આ વેલાતી સાહેબને બધું સંભળાવી બેઠો?' મંચેરશાએ બીજી ફરિયાદ કરી.

'પણ એ. જી. જી. સાહેબે બહુ આગ્રહ કર્યો ત્યારે નછૂટકે બધું કહેવું પડ્યું... ને એમણે એ બધું અક્ષરેઅક્ષર નોંધી લીધું—'

'નોંધી પણ લીધું?' મંચેરશાએ આશ્ચર્યથી પૂછ્યું: 'બધું નોંધી લઈને તારા ઉપર રિપોર્ટ કરવાના છે કે શું?'

'રિપોર્ટ નહીં, વાર્તા.' કીલાએ કહ્યું: 'વૉટ્સન સાહેબ તો

કાઠિયાવાડને ગામડે ગામડે ફરીને જૂના બહારવટિયાઓની વાત તૈયાર કરે છે ને!'

'બરોબર છે,' મંચેરશા વ્યંગમાં બોલ્યા: 'આ કીલો પણ કાદુ મકરાણી જેવો બહારવટિયો જ છે ને!'

'પણ મેં કાદરબક્ષ જેટલાં કોઈનાં નાક નથી કાપ્યાં!'

'અરે, તેં તો છરી કે ચપ્પુ વાપર્યા વિના જ ગામ આખાનાં નાક કાપી નાખિયાં છે,' મંચેરશાએ ટકોર કરી: 'શિરસ્તેદારની પોસ્ટ ઉપર પૂગીને તેં તો ભલાભલા મુછાળાઓનાં નાક શું, મૂછ પણ મૂંડી નાખી છે—'

'આમેય અમલદારોનું કામ ઊંધે અસ્તરે જ મૂંડવાનું હોય છે.' કીલાએ મિત્રની મજાકમાં પૂર્તિ કરી આપીને ઉમેર્યું: 'પણ મને તો લાટસાહેબે પરાણે આ લપ વળગાડી... મારા બાપુના એ જૂના દોસ્તાર હતા ને—'

'હું ક્યાં નથી જાણતો?... રોજ સાંજે બેઉ જણા સાથે જ ડિનર લેતા એ—'

'એ ડિનરમાંથી જ આ મોંકાણ ઊભી થઈ ને!' કીલાએ કહ્યું, 'હું ટેબલ ઉપર બાપુની પડખેની ખુરશીમાં બેસતો, એટલે સાહેબને મારો ચહેરોમહોરો બરાબર યાદ રહી ગયેલો... ને આટલાં વરસ પછી સ્ટેશન ઉપર મને રમકડાં વેચતો આબાદ ઓળખી કાઢ્યો—'

'કીલા, પણ હવે તારી એ રમકડાંની રેંકડીનું શું થવાનું?'

'રેંકડી તો ફરતી જ રહેશે—'

'પણ ફેરવશે કોણ?' મંચેરશાએ ઉગ્ર અવાજે પૂછ્યું, 'કોઠીની કચેરીમાંથી તું ફેરવવા આવીશ?'

'દાવલશા ફકીર ફેરવશે,' કીલાએ સ્વસ્થ અવાજે જવાબ આપ્યો. 'એ બિચારો ભીખ માગીને ચરસ ફૂંકે છે, એને બદલે હવે રેંકડીમાંથી રોટલા કાઢશે—'

'અલ્યા, તું તો આવડો મોટો અમલદાર થયો તોય રેંકડીનો મોહ છૂટ્યો નહીં?'

'નહીં જ છૂટે; ને છોડવોય નથી, મંચેરશા!' કીલાએ સમજાવ્યું. 'અમલદારી તો આજ છે, ને કાલ ન હોય. પણ રેંકડી તો કાયમ રોટલા આપે. તમે તો રજવાડામાં જ ઊછર્યા છો. એટલે જાણો છો, કે ઊતર્યો અમલદાર કોડીનો. હું પણ હોદ્દેથી ઊતરું તો પાછો રેંકડી ઉપર બેસી જઉં. બાકી આ બધાં માનપાન કીલાને નથી મળતાં. કીલાના હોદ્દાને મળે છે... મારા બાપુ કહેતા, કે સિપાઈને નહીં, સિપાઈની લાકડીને માન છે.'

માનપાન વિશેની વાતચીતમાંથી કયા કયા રાજવીઓ કીલાને નજરાણું કરી ગયા એની વાત નીકળી. કીલાએ જરા ક્ષોભ સાથે જણાવ્યું:

'આપણો અજુડો પણ સોનેરી સાફો ને મીઠાઈનો ટોપલો પરાણે મૂકી ગયો—'

નરોત્તમ આ 'અજુડો'નો અપરિચિત નામોચ્ચાર સાંભળીને વિચારમાં પડી ગયો, પણ મંચેરશા તો એનો સંદર્ભ તુરત સમજી ગયા. 'અજુડો' એ સીતાપુરના વર્તમાન ઠાકોર અજિતસિંહનું બાળપણનું આ ભાઈબંધોએ યોજેલું વહાલસોયું સંબોધન હતું. એ અજુ સાથે કીલો અને મંચેરશા રજવાડી બગીમાં બેસીને ફરવા નીકળતા, રમતો રમતા, મસ્તીતોફાન કરતા; પણ હવે અણગમતા બની ગયેલા એ નામનો ઉલ્લેખ સાંભળીને મંચેરશાએ પ્રકોપ ઠાલવ્યો:

'અજુડો તને મીઠાઈની ટોપલી આપી ગિયો? ને તેં એ ટોપલી લઈ પણ લીધી?'

'લઈ જ લેવી પડે ને!—માણસ સામેથી આપવા આવે એને આડા હાથ થોડા દેવાય છે?' કીલાએ કહ્યું.

'એ અજિતસિંહના બાપે તો હેમતરામને ઝેર ખવરાવિયું હતું, ને

એનો પોરિયો તને મીઠાઈ ખવરાવવા આવે...'

'બોલો મા, મંચેરશા, બોલો મા!' કીલાએ પોતાના મિત્રને અરધેથી બોલતો અટકાવી દીધો. 'ગઈ ગુજરી હવે યાદ ન કરાય. બધોય બનવાકાળ. જે થવાનું હતું એ થઈ ગયું. જૂનાં વેરઝેર સંભારવાથી શું ફાયદો? બાપુ કમોતે મર્યા એ હવે થોડા પાછા આવવાના હતા?'

બોલતાં બોલતાં કીલાનો અવાજ ગળગળો થઈ ગયો. પિતાના કરુણ મૃત્યુની યાદ તાજી થતાં ગળે ડૂમો ભરાયો. આંખમાં ઝળઝળિયાં આવી ગયાં એ પાઘડીના છેડા વડે લૂછી નાખ્યાં.

પોતાના મિત્રને શોકમગ્ન જોઈ સહૃદય મંચેરશા પણ મૂંગા થઈ ગયા.

નરોત્તમ તો આભો બનીને કીલા સામે તાકી જ રહ્યો. બાહ્ય દેખાવે રૂક્ષ અને કાઠી છાતીવાળો દેખાતો આ માણસ આટલો બધો સંવેદનશીલ અને પોચા હૃદયનો હતો? અહોનિશ આનંદની છોળો ઉડાડનાર આ હસમુખા માણસનું અંતર આંસુથી જ છલોછલ છે કે શું? હૃદયના અશ્રુપ્રવાહને ખાળી રાખવા ખાતર જ તો એ હરહંમેશ મોઢા ઉપર મુસ્કરાહટ નથી રાખતો ને?

વાતાવરણમાં એવી તો ગમગીની ફેલાઈ ગઈ કે ત્રણેય જણ સાવ મૂંગા જ બેસી રહ્યા. થોડી વારે સ્વસ્થ થયા પછી કીલાએ કહ્યું: 'જૂનાં વેરઝેર ભૂલી જઈએ, તો જ આ દુનિયામાં જીવી શકાય મંચેરશા!' અને પછી પોતાની આદત મુજબ એક સુભાષિત સંભળાવી દીધું: 'મીઠાબાઈસ્વામી વખાણ વાંચતાં વાંચતાં કહે છે એ સાચું છે, કે વેરથી વેર શમતું નથી, વનો વેરીને પણ વશ કરે સમજ્યા ને?'

પણ બન્યું એવું કે હેમતરામ કામદારના ઉલ્લેખથી આંસુ કીલાની આંખમાં આવ્યાં હતાં, પણ એનો આઘાત તો કીલા કરતાંય મંચેરશાને વધારે લાગ્યો હતો. આ સાચદિલ પારસી સજ્જન સાવ મૂંગા જ

થઈ ગયા હતા. આ સ્થિતિ ચકોર કીલાના ધ્યાન બહાર થોડી રહી શકે? તુરત એણે વાતાવરણમાંનો ગ્લાનિભાર દૂર કરવાના ઇરાદાથી વાતચીતમાં વિષયાંતર કર્યું:

'વેપારપાણી કેવાંક ચાલે છે, મંચેરશા?'

'ઘન્ના જ સરસ. આ મોસમમાં તો ઓતમચંદભાઈએ રંગ રાખી દીધો છે. અમરગઢ સ્ટેશન ઉપરથી ત્રીસ વૅગન માલ તો ચડી પણ ગયો છે. પેલી વેલાતી પેઢીવાલા તો વિચારમાં પડી ગયા છે!' મંચેરશાએ કહ્યું. અને પોતાની હરીફ વિલાયતી પેઢી યાદ આવતાં તુરત એમને મનસુખભાઈ પણ યાદ આવી ગયા. 'અરે, હું તને કહેતાં જ ભૂલી ગયો, કીલા, પેલા લાંબા ડગલાવાળા મનસુખલાલ ખરા ને, તે રોજ બબ્બે વાર તારી તપાસ કરવા અહીંઆં આવ્યા કરે છે!'

'આજ સવારના પહોરમાં જ એ મને મળી ગયા—ને સાકરનો પડો આપી ગયા—'

'બિચારા એક અઠવાડિયાથી તારી પાછળ પગરખાં ઘસતા હતા. રોજ સવારે ને સાંજે અહીં આવી આવીને તારા પરભુલાલ શેઠને પૂછી જોતા કે કીલાભાઈ ક્યાં ગિયા છે? એ તારા ભલાભોરા ખોદાયજી જેવા વાનિયાને તેં સાનસામાં લીધો છે કે શું?'

'સાણસામાં તો આજે એણે મને લીધો.'

'કીલા જેવા કીલાનેય વરી સાનસામાં લઈ શકે એવો માઈનો પૂત કોઈ પાકિયો છે ખરો કે?'.

'આ મનસુખભાઈએ મને જરાક સાણસામાં લીધો ખરો.' કીલાએ કહ્યું, 'આજ સવારમાં આવીને મને પૂછી ગયા, કે મંચેરશાની પેઢીવાળા પરભુલાલ શેઠ માણસ કેવા?'

'હા, પછી?'

'મેં કહ્યું કે સોના જેવા—'

'હા, પછી?'

'પછી એણે પૂછ્યું કે પરભુલાલ પરણેલા છે કે કુંવારા?' એટલે મેં કહ્યું કે, 'કાચા કુંવારા!'

'હવે સમજાયું, કે વાનિયો આટલા દિવસથી પેઢીનાં પગથિયાં શું કામે ઘસતો હતો તે.' મંચેરશાએ પૂછ્યું: 'પછી શું વાત થઈ કીલા?'

'પછી એણે કહ્યું કે, મારી એક ભાણેજ છે. મેંગણીમાં રહે છે, પરભુલાલ શેઠ કૃપા કરે તો એનું વેશવાળ કરવાનો વિચાર છે.'

'ફાવી ગયો, એલા નરોત્તમ!' મંચેરશા આનંદી ઊઠ્યા. 'દીકરા, તું તો હવે અદરાવાનો!'

કીલાએ કહ્યું: 'ધીરા ખમો, મંચેરશા, ધીરા ખમો. તમારા આ પરભુલાલ શેઠને એમ સીધેસીધા અદરાવી શકાય એમ નથી—'

'કેમ ભલા? સીધેસીધો નહીં તો શું આડો આદરાવીશ?' ઉત્સાહી મંચેરશાએ ઉગ્ર અવાજે પૂછ્યું.

કીલાએ શાંત અવાજે છતાં શ્રદ્ધાપૂર્વક જવાબ આપ્યો: 'હા, કોઈ આડી રીતે જ આ છોકરાને અદરાવવો પડશે, કેમ કે અત્યાર સુધીમાં આ કીલાએ એનું થોડુંક આડું વેતરી નાખ્યું છે.'

*

૩૦

# બહેનનો ભાઈ

**બપોરનું** રોટલા ટાણું હતું. ધોમધખતા તડકાને લીધે મેંગણીની શેરી-ગલીઓમાં મધરાત જેવો સોપો પડી ગયો હોય એમ લાગતું હતું. વેપારી-વાણોતર, મૂલી-મજૂર સહુ બે ઘડી વિશ્રાંતિ લઈ રહ્યાં હતાં.

પાદરમાં આવેલો એભલ આહીરના વાડાનો મારગ તો સાવ ઉજ્જડ લાગતો હતો. એભલ પોતે ઢોરનું ખાડું લઈને ચરિયાણમાં ગયો હોવાથી વાડો પણ ખાલી ખાલી લાગતો હતો. ઘરમાં ચૂલા પાસે બેઠાં બેઠાં હીરબાઈ આહીરાણી રોટલા ઘડી રહ્યાં હતાં, ત્યાં જ ખડકી ઉપર સાંકળ ખખડી.

'કોણ?' રોટલા ઘટવાના ટપાકા વચ્ચે હીરબાઈનો મીઠો મધ આવાજ રણકી ઊઠ્યો.

'ખડકી ઉઘાડો તો ઓળખાણ પડે ને!' સામેથી એટલો જ મીઠો સ્નેહભર્યો ઉત્તર આવ્યો.

હીરબાઈને આ અવાજ તો આછો આછો પરિચિત લાગ્યો. પણ બરોબર ઓળખી શકાયો નહીં, તેથી રોટલા ઘડતાં ઘડતાં જ લોટવાળે હાથે ઊભાં થયાં ને બારણું ઉઘાડવા ખડકી તરફ ગયાં.

'કોણ હશે, આવે ટાણે? મહીમહેમાન હોય તો તો વેળાસર આવી ગયાં હોય... હટાણું કરનાર પણ આવે તડકે તો ક્યાંથી આવે?' આમ વિચારતાં વિચારતાં ખડકીનો આગળો ઉઘાડ્યો.

તોતિંગ કમાડ ચણિયારાના લૂવામાંથી ચી...ચી અવાજ કરતું ઊઘડ્યું ત્યાં તો સામે એક ઘોડેસવાર દેખાયો. જાતવંત ઘોડી તંગ લગામે એક પગ ખોડો કરીને ઊભી હતી ને માથે આરૂઢ થયેલો

અસવાર આંખમાંથી અમી વરસાવી રહ્યો હતો.

'અરે, મારા શેઠ? ઓતમચંદ શેઠ! હીરબાઈના હૈયામાંથી હેતભર્યો ઉદ્ગાર નીકળી ગયો.

અસવાર ઘોડા પરથી છટાપૂર્વક નીચે કૂદી પડ્યો ને બોલ્યો: 'શેઠ નહીં, શેઠ નહીં, ભાઈ કહો, બહેન!'

'મારા વીરા! મારા વીરા!' કરતાં હીરબાઈએ લોટભર્યા એંઠે હાથે પણ આગંતુકનાં દુખણાં લીધાં. 'તમારો સાદ ન ઓળખાણો એટલે પૂછવું પડ્યું કે કોણ છે. આવો, આવો, માલીપા આવો!'

હીરબાઈએ ઘોડીનું ચોકઠું ઝાલી લીધું ને ઓતમચંદની પાછળ પાછળ પોતે ડેલીમાં પ્રવેશ કર્યો

ઓસરીની થાંભલી સાથે ઘોડી બાંધીને ગમાણમાંથી રજકો લાવીને નીર્યો. ઓતમચંદ માટે ખાટલી ઢાળીને માથે ધડકી નાખી.

પાણિયારેથી કળશો ભરતાં ભરતાં હીરબાઈએ પૂછ્યું: 'આ આયરના ગોળાનું પાણી પીશો કે અબોટ્યું બેડું ભરી આવું?'

કમર પર બાંધેલી ભેઠના તંગ ઢીલા કરતાં કરતાં ઓતમચંદે મજાક કરી: 'એક વાર તો ગોળાનાં પાણી પીને અભડાઈ જ ગયો છું, એટલે હવે વધારે અભડાવાપણું ક્યાં રહ્યું?'

સાંભળીને, મહેમાનની સાથે હીરબાઈ પણ હસી પડ્યાં.

પાણી પીતાં પીતાં અટકી જઈને ઓતમચંદ બોલ્યો: 'અરે બેન, રોટલો દાઝતો લાગે છે!'

'તાવડીમાં મેલીને ઊઠી'તી એટલે—'

'તો ઉથલાવો, ઉથલાવો, ઝટ!' નાકનાં ફોરણાં સડકાવી સડકાવીને ગંધ પારખતાં મહેમાને કહ્યું: 'રોટલામાં ભમરો ઊઠી આવશે!'

'બીજો ઘડીશ—' હીરબાઈએ લાપરવાહીથી કહી દીધું.

'એમ બાજરો કંઈ મફતનો આવ્યો છે, તે રોટલા બગડવા દઈએ!' કહીને ઓતમચંદ ઊભો થયો. 'હાલો, હું જ ચૂલા આગળ આવીને

બેસું. એટલે રોટલા ઘડવામાં તમને ખોટીપો ન થાય—'

'તમને ચૂલા આગળ બેસાડાય?' હીરબાઈએ ક્ષોભ અનુભવ્યો.

'હું પણ રોટલો ખાવા જ આવ્યો છું!' ઓતમચંદ બોલ્યો.

'બેનની ઠેકડી કરો છો, ભાઈ?

'ઠેકડી નથી કરતો, સાચું કહું છું, બેન! રોટલા ટાણે કાંઈ અમથો આવ્યો હોઈશ?'

'ભલે આવ્યા, ભાઈ! મારી આંખ માથા ઉપર!' હીરબાઈ હરખાઈ હરખાઈને બોલતાં હતાં:

'તમે આવ્યે મારું આંગણું ઊજળું થયું... પણ કોક હારે વાવડ તો કહેવરાવવા'તા!'

'વાવડ કહેવરાવવા જેટલું ટાણું જ ક્યાં હતું? હું તો અટાણે અહીં મેંગણીમાં છું, તો રોંઢા ટાણે સરપદડમાં હોઈશ, ને સીંજા ટાણે કોક ત્રીજે જ ગામે પડાવ હશે.'

ચૂલા નજીક ચાકળો નાખીને મહેમાનને બેસાડતાં બેસાડતાં આહીરાણીએ પૂછ્યું: 'હમણાં કાંઈ બહુ ગામતરાં કરવાં પડે છે?'

'મોસમ ટાણું છે ને!'

'મેંગણીમાં તમારે કાંઈ વેપાર છે કે શું?'

'અહીં વેપાર તો શું હોય? પણ મેંગણીમાંથી માલ જોખીએ છીએ... ...'

'કોનો?'

'વજેસંગ ઠાકોરનો—'

સાંભળીને હીરબાઈ તો જાણે કે ડઘાઈ જ ગયાં. અસાધારણ આશ્ચર્ય સાથે બોલતાં રહ્યાં: 'વજેસંગ ઠાકોરનો... ગામના ધણીનો? મેંગણીના દરબારનો માલ તમે જોખો છો, હેં ભાઈ?'

'અમારા ગજા પરમાણે—'

'ને વેચો છો કિયે ગામ?'

'મુંબઈથી વિલાયત ચડાવીએ છીએ.'

'ઠેઠ મુંબઈથી ઠેઠ વિલાત લગણ માલ ચડાવો છો?' હીરબાઈએ હેબતાઈ જઈને પૂછ્યું: 'તમે ઠેઠ મુંબી લગી જાવ છો, હેં ભાઈ?'

'હું નહીં. મારો નાનો ભાઈ નરોત્તમ રાજકોટમાં કામ કરે છે ને, એ મુંબઈના આંટાફેરા કર્યા કરે. હું તો એના વતી આપણા પંથકમાંથી માલ ભેગો કરી દઉં—'

મહેમાનને મોઢેથી એકેક વાક્ય સાંભળતાં, રોટલા ઘડતી હીરબાઈના હાથમાં લોટનો લૂઓ થંભી જતો હતો. એક વાર તો એ એવી તો વિસ્ફારિત આંખે મહેમાન તરફ તાકી રહ્યાં કે ઓતમચંદે જ એમને યાદ આપવી પડી: 'રોટલો ઉથલાવો, દાઝી જશે—'

'અરે! આ દીવી જેવા તાપમાં તાવડી બહુ આકરી થઈ ગઈ છે.' કહીને હીરબાઈએ ફરી એ જ વાત પૂછી: 'હેં ભાઈ, તમે અમારા ગામના દરબારનો વજે જોખો છો?'

'જોખી લીધો,' ઓતમચંદે કહ્યું, 'આજે હિસાબ ચૂકવવા ગયો હતો—'

'તમે અમારા દરબારને નાણાં ચૂકવશો?' હજી હીરબાઈને ગળે આ વાત નહોતી ઊતરતી.

'ચૂકવી આવ્યો—'

'કંયે? અટાણે?'

'ના, ના, સવારના પહોરમાં—'

'તે તમે સવારના પહોરના ગામમાં આવી ગયા છો?' હીરબાઈએ પૂછ્યું.

'હા, હિસાબનું કામકાજ તો વહેલું પતી ગયું'તું પણ ઠાકોર બહુ મહેમાનગતિ કરી એમાં રોકાઈ રહેવું પડ્યું. દરબારે ઠીકાઠીકની સરભરા કરી. કાવાકસુંબા તો અમને વાણિયાભાઈને સદે નહીં, પણ સમસાગરા દઈ દઈને કેસરિયાં દૂધ પાયાં. ને પછી તો બ્રાહ્મણને

બોલાવીને મારે સારુ નોખી રસોઈ કરાવતા'તા પણ મેં ના પાડી. કીધું કે ગોરદેવતાને ઠાલો દાખડો કરાવો મા, હું તો ગામમાં મારી બેનને ઘેર રોટલો ખાવા જઈશ—'

'સાચે જ તમે આમ કીધું, હેં ભાઈ?' હીરબાઈએ ફરી આશ્ચર્ય અનુભવ્યું.

'કહેવું જ પડે ને! મેંગણીમાં આવ્યો હોઉં, ને બેનનું ઘર મેલીને પારકે ઘેર ભાણું માંડું તો તમને કેવી ભોંઠપ લાગે!'

'પણ દરબાર જેવા ગામધણીને તમે સાચે જ જમવાની ના પાડી દીધી, હેં ભાઈ? એવા મોટા માણસને માઠું ન લાગે?'

'બેનનું નામ પડ્યું, એટલે દરબાર તો સમજી ગયા કે હવે આમાં વધારે તાણ્ય કરાય જ નહીં,' ઓતમચંદે કહ્યું, 'પણ બિચારા ગોરદેવતાને બહુ માઠું લાગી ગયું, એણે કીધું કે શેઠ, તમે તો મારા ચકાચક ચૂરમાના લાડવા ટાળ્યા!'

'નરભો ગોર તો ચકાચકનો જ લાલચુ છે!' હવે તો હીરબાઈએ નિરાંતે વાતો કરવા માટે ચૂલા પરથી તાવડી જ ઉતારી લીધી હતી. અત્યારે અહીં અનુપસ્થિત નરભા ગોરને એમણે સંભળાવી: 'ઈ ચૂરમાના સવાદિયાને શેની ખબર હોય કે શેઠની બેનનું ઘર આ ગામમાં જ છે!'

આટલું કહીને મહેમાનને ખબર પણ ન પડે એવી રીતે હીરબાઈએ ચૂલા ઉપર તાવડીની જગ્યાએ સેવ બાફવા માટે આંધણ ભરીને ચડાવી દીધું.

અને હેતાળવી વાતોમાં સેલારાં લેતાં લેતાં એવી જ સિફતપૂર્વક આંધણમાં કશુંક ઓરી દીધું.

શેરીમાં રમવા ગયેલો બીજલ થોડી વારમાં આવી પહોંચ્યો અને લાડપૂર્વક બોલવા લાગ્યો, 'મા, મા, ભૂખ લાગી છે—'

'ભૂખ ભૂખ કરે છે, પણ કોણ મહેમાન આવ્યા છે, એ તો જો!'

હીરબાઈએ પુત્રને કહ્યું: 'કહે જોઈએ, કોણ આવ્યા છે?'
મહેમાન તરફ થોડી વાર તાકી રહીને બીજલ બોલી ઊઠ્યો: 'મામા, મામા!'

ઓતમચંદે ઉમળકાભેર બીજલને બાથમાં લઈ લીધો ને પોતાના ખોળામાં બેસાડ્યો. પછી બાળક સાથે કાલી કાલી ભાષામાં વાતો કરતાં કરતાં એણે પોતાની ભેઠના છેડા છોડી નાખ્યા.

'હેય! રમકડાં! રમકડાં!' કરીને બીજલ આનંદી ઊઠ્યો. મહેમાને ભેઠમાંથી ઠલવેલાં આ નવતર રમકડાં તરફ હીરબાઈ પણ અહોભાવથી નિહાળી રહ્યાં.

'હેય! છૂકછૂક ગાડી!'

'હેય! પીપ, પીપ!'

'હેય! વાજું!'

એકેક રમકડું હાથમાં લઈ લઈને બીજલ એનું નામકરણ કરતો જતો હતો.

'ભાઈ, આ રમકડાં ક્યાંનાં?' હીરબાઈએ પૂછ્યું, 'આપણા સંઘેડિયા તો આવી ચીજ ઉતારતાં નથી—'

'આ તો વિલાયતી રમકડાં છે—ચાવી દેવાથી એની મેળે હાલવા મંડે એવાં—' કહીને ઓતમચંદે એંજિનને ચાવી આપીને છૂટું મૂક્યું. ઘૂરૂરૂરૂ અવાજ સાથે એંજિન ચાલવા લાગ્યું તેથી ગભરુ બીજલ ભડકીને આઘો ખસી ગયો.

હીરબાઈએ પણ આ ચમત્કાર જોઈને ભય અનુભવ્યો. બોલ્યાં: 'ભાઈ, આ તો ભારે કૌતુક જેવું છે. ક્યાંથી લઈ આવ્યા આવાં રમકડાં!'

'મુંબઈથી.'

'ઠેઠ મુંબીથી?'

'હા, આપણો નાનો ભાઈ નરોત્તમ રાજકોટમાં કામ કરે છે ને, એને મુંબઈના આંટાફેરા બહુ થાય છે. એણે આપણા બટુક સારુ આવાં

રમકડાં મોકલાવ્યાં એટલે મેં બીજલ સારુ બીજી જોડ્ય મંગાવી–'

સ્વયંસંચાલિત રમકડાં પ્રત્યેનો ભય ઓછો થતાં બીજલે પોતે જ એંજિન વગેરેને ચાવી આપવા માંડી ને ઉત્સાહપૂર્વક રમવા લાગ્યો.

હીરબાઈ તો હજી આ યાંત્રિક કરામતની પ્રશસ્તિ જ કરી રહ્યાં હતાં: 'શું કારસો કર્યો છે!... જાણે સાચકલી રેલગાડી જ જોઈ લ્યો... બુદ્ધિ કોઈના બાપની છે!...'

'ભૂખ લાગી છે,' 'ભૂખ લાગી છે' કરતો આવેલો બીજલ આ રમકડાંમાં એવો તો ગુલતાન થઈ ગયો, કે ખાવાની વાત જ ભૂલી ગયો.

'એલા, બધાંય રમકડાં ભાંગી નાખીશ મા. થોડાંક પટારામાં સાચવીને મેલી દે–' હીરબાઈએ પુત્રને સૂચન કર્યું.

'ભલે ને રમે!' ઓતમચંદે કહ્યું: 'રમવા ને ભાંગવા સારુ તો લીધાં છે–'

'પણ આમાંથી થોડાંક રમકડાં બીજલની વહુને મોકલાવીશ–'

સાંભળીને ઓતમચંદ માંડ માંડ હસવું ખાળી શક્યો. પૂછ્યું: 'બીજલની વહુ હજી રમકડે રમે છે?'

'હજી તો બિચારી ઘોડિયામાં છે,' હીરબાઈએ સ્પષ્ટતા કરી, 'પણ મોટી થશે એટલે એને રમકડાં જોઈશે જ ને! આવાં વિલાયતી રમકડાં જોઈને રાજી રાજી થઈ જાશે–'

ઓતમચંદ મનમાં ને મનમાં હસીને વિચારી રહ્યો: નરોત્તમે મુંબઈની બજારમાંથી આ રમકડાં લીધાં, ત્યારે એને ખબર પણ નહીં હોય કે આ તો ઘોડિયામાં રમતી બીજલની વહુના હાથમાં જવાનાં છે!

'હવે રોટલો પીરસશો, બેન?' આખરે ઓતમચંદે જ ભોજન માટે સૂચન કર્યું. 'સાંજ પહેલાં મારે હજી બે-ત્રણ ગામડે ફરવાનું છે.'

મોઢું જોઈ શકાય એવી ઝગારા મારતી કાંસાની તાંસળી મહેમાન સન્મુખ મૂકતાં આહીરાણીએ કહ્યું: 'આજે તે કાંઈ રોટલો પીરસવાનો હોય મારા ભાઈને?'

હજી તો ઓતમચંદ 'રોટલા નહીં તો શું પીરસશો?' એમ પૂછવા જાય એ પહેલાં જ એના ભાણામાં, ઘીમાં રસબસતી સેવ પીરસાઈ ગઈ હતી.

'આ શું? આ શું કરી નાખ્યું?' ઓતમચંદ પૂછતો રહ્યો.

'તમારી હારે વાતું કરવા રહી ને, એમાં રોટલા બધા દાઝી ગયા,' કહીને હીરબાઈએ ઉમેર્યું: 'તમે દરબારની ડેલીએ ચૂરમાના લાડવા મેલીને મારે આંગણે આવ્યા, તો બેન ગળ્યું મોઢું તો કરાવે કે નહીં?'

જમતાં જમતાં ઓતમચંદે એભલના સમાચાર પૂછ્યા.

હીરબાઈએ કહ્યું: 'એ તો ઢોરાં ચરાવવા જાય છે તે ઠેઠ સીંજા ટાણે પાછા વળે છે–'

'ફિકર નહીં, હું મારી ઘોડીને વાડી ઢાળી તારવીશ ને એભલભાઈને રામરામ કરતો જઈશ–'

'પણ તમને અજાણ્યા માણસને વાડી જડશે કેમ કરીને?'

'શું કામ નહીં જડે? ખળખળિયાને સામે કાંઠે ઢોર ચરે છે ને!' ઓતમચંદે કહ્યું: 'ખળખળિયું કાંઈ મારાથી અજાણ્યું થોડું છે? ખળખળિયાને કાંઠે જ હું ઢોરમાર ખાઈને પડ્યો'તો ને!–ને ત્યાંથી એભલભાઈ મને ઝોળીએ ઘાલીને અહીં લગી લઈ આવ્યા'તા ને!'

'તમને હજીય સંધુંય યાદ રહી ગયું છે ખરું?' આહીરાણીએ કહ્યું.

'આ તો જિંદગીભર યાદ રહેશે, બેન! તમે સગી મા જેવી ચાકરી કરીને મને મરવા પડેલાને જીવતો કર્યો, એ મરતાં લગીય કેમ કરીને ભુલાય?' ઓતમચંદ અહેસાન વ્યક્ત કરતો રહ્યો, 'તમારો તો હું ભવોભવનો ઓશિયાળો રહીશ... તમારા ગણનું સાટું વાળવાનું તો મારું ગજું નથી...!'

'મને, ભાઈ વિનાનીને ધરમનો ભાઈ જડી રિયો એ શું ઓછું ભાગ્ય છે, મારું? તમે તો મોટામાં મોટું સાટું વાળી નાખ્યું,' કહીને હીરબાઈ બોલ્યાં: 'ઉપરવાળા ભગવાને જ તમને અમારે આંગણે ઉતાર્યા–'

'મનેય એમ જ લાગે છે, બેન! ભગવાને જ મને તમારે આંગણે ઉતાર્યો. નીકર તો, ક્યાં પડ્યું વાઘણિયું. ક્યાં એ ખળખળિયાનો ભેંકાર કાંઠો ને ક્યાં આ અજાણ્યા ઘરની મહેમાનગતિ! પણ તમારે હાથે મારું આયખું લંબાવવાનું લખાયું હશે એ મિથ્યા કેમ કરીને થાય?'

'પણ મારા બીજલને મોસાળમાં મામા કહેવા જેવું કોઈ નહોતું રહ્યું, એને સગાથીય સવાયા હેતાળ મામા જડી રહેવાના હશે, એ પણ મિથ્યા કેમ થાય?'

'બીજલનાં લગનને હવે કેટલી વાર છે?' ઓતમચંદે પૂછ્યું.

'તમે મોસાળું લઈને આવો, એટલી જ વાર!'

'હું તો તૈયાર જ છું, બેન! તમે ખોટે કહેશો તોય સાચે જ આવીને ઊભો રહીશ.'

'તો આવતી અખાતરીજે આવી પૂગજો, લ્યો!'

'સાચે જ? નક્કી જ છે ને?'

'એમાં જરાય ફેર નહીં. અખાતરીજે બીજલ કંકુઆળો થાશે.' હીરબાઈએ કહ્યું, 'તમે મારી ભુજાઈનેય ભેગાં તેડતાં આવશો ને?'

'જરૂર, જરૂર.' ઓતમચંદે ખાતરી આપી.

જમી પરવારીને થોડી વારે વિદાય થતી વેળા ઓતમચંદે બીજલને કહ્યું, 'હાલ્ય મારા ભેગો, મને ખળખળિયાનો કેડો બતાવી જા.'

'જા બેટા, મામાને ઈશ્વરિયે જાવાનો કેડો બતાવી આવ!' હીરબાઈએ બીજલને મહેમાન સાથે મોકલ્યો.

થોડી વારે પુત્ર પાછો ફર્યો ત્યારે માતાએ એને પૂછ્યું: 'એલા, તારી આ ઝૂલડીના ગૂંજામાં દડા જેવું શું ઊપસી આવ્યું છે?'

બીજલ કશો જવાબ આપવાને બદલે હસતો હસતો મૂંગો જ રહ્યો ત્યારે હીરબાઈએ કુતૂહલથી એનું ખિસ્સું ખંખેર્યું તો એમાંથી મૂળાનાં પતીકાં જેવા ધોળા દૂધ ગોળ ગોળ સિક્કા ખણણણ કરતા સરી પડ્યા.

એ હતા, 'ચોટલાવાળી' રાણીની છાપવાળા, ચોખ્ખી ચાંદીના મુંબઈગરા રૂપિયા.

ભોંય પર વેરાયલા, નિઃસ્વાર્થ સ્નેહના પ્રતીક સમા એ ધવલોજ્જ્વલ સિક્કાઓ સામે તાકી રહેલી આહીરાણીના અંતરમાંથી ઉદ્ગાર નીકળી ગયા: 'આ ધરમનો માનેલો ભાઈ તો માના જણ્યા ભાઈથી સવાયો નીકળ્યો... બેનને આપવાનું કાપડું ભાણિયાના ગૂંજામાં મેલતો ગયો!'

આહીરાણી સ્નેહાર્દ્ર નજરે અને ઉપકૃત ભાવે ભાઈ તરફથી મળેલી સોગાદને અવલોકી રહ્યાં હતાં ત્યાં જ એમને કાને રૂપેરી ઘંટડી જેવો જ અવાજ આવ્યો: 'હીરીકાકી!'

'કોણ?' કહીને હીરબાઈએ ઊંચે જોયું ને બોલી ઊઠ્યાં: 'ચંપા! આવ્ય, આવ્ય, ગગી! આજ તો અટાણના પહોરમાં નવરી થઈ ગઈ?'

'નવરી તો નથી થઈ, પણ સંધાંય કામ કરવાં પડતાં મેલીને ખબર કાઢવા આવી છું—'

'કોની?'

'તમારા ભાઈની—' ચંપાએ હસતાં હસતાં કહ્યું: 'ઓતમચંદ શેઠની— મારા જેઠની ખબર કાઢવા આવી છું.'

'પણ તને ક્યાંથી વાવડ જડ્યા?'

'દરબારની ડેલીએથી—'

'દરબારની ડેલીએથી? કેવી રીતે? કોણે કીધું?'

'નરભા ગોરે... ગોર મહારાજે બાપુજીને કીધું, ને બાપુજીએ બાને વાત કરી એ હું સાંભળી ગઈ, એટલે ચૂલો જસીને સોંપીને હું ઝટ ઝટ નીકળી આવી—'

'પણ એક પગલાનો જ ફેર પડ્યો... હમણાં જ ઘોડીએ ચડીને હાલી નીકળ્યા—' હીરબાઈએ કહ્યું.

*

૩૧

# હું એને નહીં પરણું!

**બીજલના** ગૂંજામાંથી સરી પડીને નીચે જમીન પર દહીંના ફોદાની જેમ વેરાયેલા ચકચકતા સિક્કાઓ તરફ ચંપા પૃચ્છક નજરે તાકી રહી.

ચંપાના ચહેરા પર દેખાતો મૂંગો પ્રશ્નાર્થ સમજી જઈને હીરબાઈએ જ ખુલાસો કર્યો: 'ઓતમચંદ શેઠ આપતા ગયા—બીજલને ગૂંજે ઘાલતા ગયા—મને કાપડાના કરી... ...'

'સમજી! સમજી! ચંપા બોલી ઊઠી, 'તમારા ધરમના માનેલા ભાઈ આપતા ગયા—'

'ધરમના માનેલા ખરા, પણ સગાથી સવાયા—' હીરબાઈએ ઉમેર્યું.

'સાચું, સાચું.' કહીને ચંપા આ કાપડું આપી જનાર 'ભાઈ'ની આર્થિક સમૃદ્ધિની કલ્પના કરી રહી.

ઘણા દિવસથી ઊડતી વાતો કાને આવ્યા કરતી હતી કે ઓતમચંદ શેઠ એક વાર આર્થિક ફટકો ખાધા પછી હવે ફરી પાછા તરતા થઈ ગયા છે, શેઠે જૂના ચોપડા ઉથલાવવા માંડ્યા છે, ને જેનું જેનું લેણું રહી ગયું હતું એ સહુને ઘેરે જઈને વ્યાજ સાથે લેણી રકમ ચૂકવવા માંડી છે. નબળા દિવસોમાં અબ્દુલવશેઠને વેચી નાખેલી ઘોડાગાડી પાછી ખરીદી લીધી છે; વાસ્તુ કર્યા પછી થોડા જ દિવસમાં ત્યાગવી પડેલી નવી મેડી પણ ફરી પાછી લઈ લેવાની વેતરણ ચાલી રહી છે.

આવા આવા ગામગપાટા ચંપાના કાન સુધી પણ પહોંચતા હતા, પણ એનું પોતાનું ચિત્ત એવી તો સંતપ્ત દશામાં હતું કે

આવી વાયકાઓ એને બહુ સાચી લાગતી નહોતી. જે દિવસે એણે નરોત્તમને સ્ટેશન ઉપરથી સામાન ઉપાડતા મજૂરના સ્વાંગમાં જોયેલો તે દિવસથી આ યુવતીના કુમળા માનસમાં ગજબનાક ગૂંચવણ ઊભી થઈ ગયેલી. દિવસો જતા ગયા તેમ તેમ એ ગૂંચવણમાં એવો તો વધારો થતો ગયેલો કે એની ગઠની ગાંઠ કેમેય કરી છૂટી શકે એમ નહોતી. રાજકોટથી પાછા ફરતી વેળા સ્ટેશન ઉપર કીલાએ પેલી પાંચ રૂપિયાની નોટ પાછી વાળતાં મામાને મોઢે જે વાત કહી હતી એ સાંભળીને ચંપા અવશ્ય હરખાઈ હતી–પેલો 'મજૂર' તો ફર્સ્ટ ક્લાસના ડબ્બામાં બેસીને મુંબઈ જતો હતો, એવું સાંભળીને એણે ઊંડો પરિતોષ પણ અનુભવ્યો હતો–પણ ઊંડે ઊંડે એનું મન આ સમાચારોની સચ્ચાઈ અંગે શંકાશીલ હતું. 'આમ બની શકે ખરું? એક વાર જેણે વખાના માર્યા સ્ટેશન ઉપર મજૂરી કરી, એ આમ મુંબઈની સહેલસફર કરી શકે ખરું?' આ શંકાની સાથોસાથ જ ચંપાના ચિત્તમાં એક બીજું વહેણ પણ વહેતું: 'આમ કેમ ન બની શકે? સ્ટેશન ઉપરથી સામાન ઉપાડ્યો, એ મારી પરીક્ષા કરવા જ કેમ ન કર્યું હોય! મારું પાણી માપી જોવા ને મને છેતરવા જ આ નાટક કેમ ન કર્યું હોય?–એ સાચે જ મુંબઈનો વેપાર કેમ ન ખેડતા હોય! ઓતમચંદ શેઠ પોતે હવે આટલો મોટો વેપાર ખેડે છે, વજેસંગ ઠાકોર જેવાનો વજેભાગ વેચાતો લ્યે છે, તો એનો ભાઈ એનાથી સવાયો કેમ ન હોય!

આ બંને ચિત્તપ્રવાહોના સંગમસ્થાને જાણે એક નવું જ વિચારવહેણ રચાતું હતું: 'અરે, આવા સુખી હોય તો કેવું સારું! ભગવાન કરે ને એ આવું સુખ પામે તો હુંય કેટલી સુખી થાઉં!'

આ વિચારવહેણ થોડુંક આગળ વધતું હતું ત્યાં જ માર્ગમાં અંતરાય સમો પ્રશ્ન આવી ઊભતો હતો: 'પણ હું એટલે કોણ?' હું એની શું સગી? મારે ને એની વચ્ચે હવે શું સગાઈ? તે દિવસે

માથે ભાર ઉપાડીને મામાની ડેલીએ મૂકવા આવેલા, ત્યારે મેં એને કહેવા માંડેલું, 'અરે, તમે તો મારા—' ત્યારે એમણે અધવચ્ચે જ કહી દીધેલું ને, કે 'હવે કાંઈ નહીં.'

'સાચેસાચ હું એની કાંઈ નહીં?' આ પ્રશ્ન ચંપાના સંતપ્ત હૃદયને વારે વારે તાવી રહ્યો હતો.

'કેમ મૂંગી થઈ, ગગી?' હીરબાઈનો અવાજ કાન પર અથડાયો ત્યારે જ ચંપાને ખ્યાલ આવ્યો કે હું વિચારના વમળમાં અટવાઈ ગઈ છું અને હીરીકાકીએ મને પકડી પાડી છે.

તુરત એણે સ્વસ્થ થઈને, આહીરાણીને કશી ગંધ ન જાય એ માટે હોઠ પર જે શબ્દો આવ્યા એ ઉચ્ચારી નાખ્યા: 'હું તો આ બીજલના હાથમાં છે ઈ રમકડું જોયા કરતી'તી.'

'તને ગમે છે, આ રમકડું?' કહીને હીરબાઈએ બીજલના હાથમાંથી લઈને એ રમકડું ચંપાના હાથમાં મૂક્યું.

આ હતું, એક ગોરા યુગલનો આકાર ઉપસાવતું કાચનું રમકડું. આ પ્રદેશમાં આ રમકડું મળે જ નહીં, એમાં અંકિત થયેલ માનવીઓ પણ નવાં હતાં—એમના ચહેરામહોરા, એમનો પહેરવેશ અને એમની અદા બધું જ અહીં અજાણ્યું હતું.

'આ વિલાયતી રમકડાં તો જો, ગગી! આ ભાયડો-બાયડી ભેગાં ઊભાં છે; કેવાં લાગે છે!' હીરબાઈએ કહ્યું.

'આ તો ગોરા સાહેબલોક છે, હીરીકાકી!' ચંપાએ રાજકોટ જઈ આવ્યા પછી પ્રાપ્ત કરેલા અલ્પ જ્ઞાનનો ઉપયોગ કરીને ઉમેર્યું: 'આ સાહેબ છે, ને આ એની મઢમ છે! સાહેબે એની મઢમના માથા ઉપર છત્રી ઢાંકી રાખી છે—'

'શું વિલાયતના માણસની ચતુરાઈ છે, ગગી!' હીરબાઈએ અહોભાવ વ્યક્ત કર્યો: 'આવાં, અકલ કામ ન કરે એવાં રમકડાં કાઢ્યાં છે!'

'પણ આ વિલાયતી રમકડું આંહીં કેમ કરીને આવ્યું?' ચંપાએ પૂછ્યું.

'લે! હું તો તને કહેતાં જ ભૂલી ગઈ! આ તો ઓતમચંદ શેઠ હમણાં આપી ગયા બીજલને!'

'પણ ઓતમચંદ શેઠ ક્યાંથી લાવ્યા હશે? આપણા મુલકમાં તો આવાં રમકડાં થાતાં નથી ક્યાંય—'

'આ તો મુંબઈથી આવ્યાં છે!'

'મુંબઈથી!' ચંપાએ પૂછ્યું. 'મુંબઈથી કોણ લાવ્યું?'

'લે! તને ખબર નથી? ઓતમચંદ શેઠનો નાનો ભાઈ મુંબી જાય છે ને, એણે આ રમકડાં મોકલ્યાં—'

'કોને? બીજલને?'

'ના, ના, બટુકને... વાઘણિયે મોકલાવ્યાં'તાં, એમાંથી ઓતમચંદ શેઠ આટલાં બીજલ સારુ લેતા આવ્યા—'

ચંપાને સમજાઈ ગયું... ઘણું ઘણું સમજાઈ ગયું. આજ સુધી મનમાં ઘોળાઈ રહેલ શંકાઓ અને સંશયો પણ દૂર થઈ ગયાં. ઓતમચંદ શેઠની અને નરોત્તમની નૂતન સમૃદ્ધિની સાંભળેલી વાતો અને હવે કીલાભાઈએ પેલા 'મજૂર'ની મુંબઈની ખેપ વિશે જે વાત કરેલી એમાં પણ તથ્ય જણાયું.

શંકાઓનું નિવારણ થયા પછી ચંપા એક પ્રકારનો રોમાંચ પણ અનુભવી રહી. હીરબાઈએ જોવા આપેલા રમકડાનું એણે ફરી ફરીને નિરીક્ષણ કર્યું. ફરી ફરીને એને નખશિખ નિહાળી જોયું... આ રમકડું ચંપાના પ્રિય પાત્રે મોકલ્યું હતું. કોને માટે મોકલાવ્યું છે, એની શી ચિંતા? અત્યારે, એ મોકલનારની એક વેળાની વાગ્દત્તાના હાથમાં સાવ આકસ્મિક રીતે આવી પડ્યું હતું અને એમાં શાનું આલેખન હતું?—એક સ્ત્રી અને એક પુરુષનું. ભલે ને એ આકૃતિઓ પરાયા દેશનાં પરાયાં પ્રજાજનોની રહી! એ પ્રતીક તો ચિરંતન પુરુષ અને ચિરંતન નારીનું જ હતું ને!

'ભાઈ બિચારા કેવા હેતાળવા, કે વિલાતનાં રમકડાં આ ભાણિયાને રમવા આપી ગયા!' હીરબાઈ બોલતાં હતાં.

પણ આહીરાણીની આવી ઉક્તિઓમાં ચંપાને હવે રસ રહ્યો નહોતો. આ રમકડું કોણ આપી ગયું, અને કોને આપી ગયું એની પણ આ યુવતીને તમા નહોતી. એનાં પ્રણયપુષ્ટ ચક્ષુ તો રમકડામાં કંડારાયેલ સંજ્ઞાત્મક આકૃતિને જ ધારી ધારીને નીરખી રહ્યાં હતાં... યુવકને આલિંગીને ઊભેલી યુવતી અને યુવતીના મસ્તક ઉપર યુવકે ધરેલી છત્રછાયામાં એ કેટલી સુરક્ષિત અને નિશ્ચિંત લાગતી હતી! જીવનસાથીની છત્રછાયા તળે એ કેટલી આત્મશ્રદ્ધા અનુભવતી હતી!...

'ભાઈ બિચારા આવ્યા'તા તો વેપારને કામે—વજેસંગ ઠાકોરની ડેલીએ—પણ... પણ ભાણિયા સારુ આટલાં રમકડાં ભેઠમાં બાંધતા આવ્યા!' હીરબાઈ હજી પણ પોતાના ભાઈના પ્રેમની પ્રશસ્તિ કરી રહ્યાં હતાં.

ચંપા આ પ્રશસ્તિ તરફ સાવ બેધ્યાન હતી. એના પ્રિયમિલનોત્સુક ચિત્તતંત્રનો તાર તો સંધાઈ ગયો હતો, આ રમકડું મુંબઈની બજારમાંથી ખરીદીને મોકલી આપનાર વ્યક્તિ સાથે. તુરત ભોળી મુગ્ધાએ આ નિર્જીવ આકૃતિઓમાં વ્યક્તિત્વારોપણ પણ કરી દીધું... પોતાનું ને નરોત્તમનું સુખી સૌહાર્દ સરજાયું છે... અતૂટ અને અખંડ સાહચર્ય... એકબીજાને સહારે જીવી રહેલાં બે જીવનસાથીઓ... અરે! આ કાચના ઠીકરામાં કેટકેટલા ભાવો ભર્યા છે!

'ગગી, રમકડું તને બહુ ગમી ગયું, કાંઈ?' ચંપાને ક્યારની મૂંગી ઊભેલી જોઈને આખરે હીરબાઈએ પૂછી જ નાખ્યું.

'હા, કાકી!—જુઓને, કેવું મજાનું રમકડું છે!—ગમી જાય એવું!' કહીને, ચંપાએ જરા ખચકાઈને ઉમેર્યું: 'જાણે આપણને મોટેરાંને પણ રમવાનું મન થઈ જાય એવું!'

આહીરાણી ચંપાનું મનોગત પારખી ગયાં તેથી કે પછી કશા ખ્યાલ વિના જ બોલ્યાં: 'તું પણ હજી ક્યાં બહુ મોટી થઈ ગઈ છે! સાસરે નથી ગઈ ત્યાં લગી હજી બાળપણ જ ગણાય ને!' અને પછી પોતાની સ્વભાવગત ઉદારતાથી કહ્યું: 'આ પૂતળું તને ગમી ગયું હોય તો તું લઈ જા!'

સાંભળીને ચંપાનું હૈયું હરખાઈ ઊઠ્યું... પોતે જેની માગણી કરતાં શરમાતી હતી, એ વસ્તુ સામેથી જ આ રીતે વણમાગી આવી પડશે એવી તો એને કલ્પના પણ નહોતી.

'ના, ના, આ તો બીજલને રમવા સારુ મોકલ્યું છે, હું કેમ લઈ જાઉં?' કેવળ ઔપચારિક ઢબે ચંપા બોલી ગઈ.

'અરે બીજલને તો ઘણાંય રમકડાં પડ્યાં છે... આ છુક છુક ગાડી છે, આ વિલાયતી વાજાં છે...'

ચંપા ફરી હરખાઈ ઊઠી. મનમાં વિચારી રહી, મારા હૈયાની વાત હીરીકાકી જાણી ગયાં છે કે શું! હું આટલી વાર મૂંગી મૂંગી ઊભી રહી એમાં એ મારા મનની વાત સમજી ગયાં હશે?

ચંપા હર્ષાનુભવ સાથે થોડો ભય પણ અનુભવી રહી.

'લઈ જા, ગગી, લઈ જા!'

આહીરાણીએ આગ્રહપૂર્વક રમકડું આપ્યું, 'બીજલને તો ઘરમાં ગાડું એક રમકડાં પડ્યાં છે.'

પ્રેમાળ આહીરાણીએ પ્રેમપૂર્વક આપેલી આ ભેટ ઉપર ચંપાએ સાડલાનો છેડો સંકોરી દીધો.

'ઢાંકીને શું કામ લઈ જાશ?' હીરબાઈએ કુતૂહલથી પૂછ્યું.

'કોક જોઈ જાય તો?'

'જોઈ જાય તો શું થઈ ગયું વળી? શું કોઈની ચોરી કરી છે?'

'ના, ના, પણ કોઈ પૂછે, કે આ કોણે મોકલ્યું તો... તો.'

'તો કહી દેવું, ચોખ્ખું ને ચટ, કે નરોત્તમ શેઠે મોકલ્યું છે—'

'હાય હાય! એમ કહેવાય કોઈને?' એટલું બોલીને ચંપા હસત હસતાં ઘર તરફ જવા નીકળી.

ચંપા શરમાતી-સંકોચાતી છતાં મનમાં હરખાતી હરખાતી ઘે પહોંચી ત્યારે પણ કપૂરશેઠ અને સંતોકબા વચ્ચે ગંભીર ગુફ્તેગ ચાલુ જ હતી:

'દરબારની ડેલીએ આવ્યા! ઠાકોરનો ભાગ વેચાતો લીધો! સંતોકબા હજી પણ આશ્ચર્ય વ્યક્ત કરી રહ્યાં હતાં. 'મને તો વાત ગળે ઊતરતી નથી—'

'મનેય પરથમ તો નહોતી ઊતરતી, પણ નરભા ગોરે કીધું તં સાચું માનવું પડ્યું,' કપૂરશેઠ ગમગીન અવાજે કહેતા હતા.

'પણ ગામધણીનો માલ જોખવો એ કાંઈ રમત વાત છે કોથળિયુંમાં કસ જોઈએ—'

'હશે જ. કોથળિયું ઠલવ્યા વિના તે આવડો મોટો વેપાર થોડ થઈ શકે?'

'પણ કોથળિયું ઠલવવાનું એનું ગજું છે, ખરું? દીવાળું કાઢ્ય પછી તો સાવ ભૂખ ભેગા થઈ ગયા'તા—'

'મનેય એ જ કૌતક થાય છે.' કપૂરશેઠ બોલતા હતા, 'હમણાં હું ધોલેરે ગયો તો તંયે ખબર પડી કે સંધોય કપાસ ઓતમચં ટકો ઊંચો ભાવ આપીને ખંડી લીધો છે—'

'સાચું કહો છો?'

'હા, બજારમાં આજે ઓતમચંદની હૂંડી નગદ નાણાં જેવ ગણાય છે,' કપૂરશેઠ કોચવાતે હૃદયે કબૂલ કરતા હતા. 'આ સુધી સુરતવાળા આત્મારામ ભૂખણની હૂંડીના ભાવ ઊંચા બોલાત હવે વાઘણિયાની હૂંડીની સાખ વધી છે.'

'પણ આટલો બધો માલ લઈ નાખે છે ક્યાં?'

'વિલાયત ચડાવે છે, એમ વાત સાંભળી છે—'

'પણ વિલાયતમાં કપાસ નહીં ઊગતો હોય?'

'વિલાયતમાં તો, કહે છે કે કોલસા સિવાય કાંઈ નથી પાકતું એટલે અમેરિકાથી રૂ મંગાવીને મિલ ચલાવે છે. મનસુખલાલ ગયા કાગળમાં લખતા'તા કે હમણાં અમેરિકામાં લડાઈ ફાટી નીકળી છે એટલે વિલાયતની મિલો અટકી પડી, ને આપણા રૂની માંગ વધી ગઈ છે—'

સંતોકબાને આ આંતરરાષ્ટ્રીય અર્થકારણમાં કશો રસ નહોતો—વિશ્વવેપારની વિગતોમાં એમને ગતાગમ પણ નહોતી. એમને તો એક જ ચિંતા પરેશાન કરતી હતી: મુફલિસ ઠરેલો ઓતમચંદ ફરી પાછો માલદાર કેમ કરીને બની ગયો?'

વડીલો વચ્ચે ચાલી રહેલો આ સંવાદ સાંભળીને ચંપાને કહેવાનું મન તો થયું કે નરોત્તમને લીધે જ ઓતમચંદ શેઠ મુફલિસમાંથી માલદાર બન્યા છે; પણ એણે કશું બોલવાને બદલે મૂંગા રહેવાનું જ ઉચિત ગણ્યું. એ તો કરુણ છતાં રમૂજભરપૂર જીવનનાટકનો તાલ જોવા ઇંતેજાર હતી.

મોટી બહેન સાડલા તળે કશુંક છુપાવીને લાવી છે, એમ સમજાતાં જસીએ ચંપાને પૂછ્યું: 'છેડા નીચે શું ઢાંક્યું છે?'

'તારે શી પડપૂછ?' કહીને ચંપાએ પેલું રમકડું સંભાળપૂર્વક પેટીમાં મૂકી દીધું અને ફરી માતાપિતા વચ્ચે ચાલી રહેલા રસિક સંવાદ તરફ કાન માંડ્યા.

'એણે નરભા ગોર પાસે રસોઈ કરાવવાની ના પાડી, ને કીધું કે ગામમાં મારી બેનનું ઘર છે. ત્યાં જમવા જઈશ—'

'પણ ઓતમચંદ શેઠની બેનનું નામ તો આપણે સાંભળ્યું નથી, આ ગામમાં.' સંતોકબા કહેતાં હતાં: 'લાડકોરની એક આઘેની સગાઈની બેન છે ખરી; પણ એને ઘરે જમવા ગયા હશે તો તો આપણને ખબર પડ્યા વિના થોડી રહેવાની છે? એની છોકરી, શારદા તો

આપણી ચંપાની સહીપણી છે. આજે કોઈ મહેમાન જમવા આવ્યા હશે તો ચંપા જાણી આવશે—'

'મને તો લાગે છે કે એણે બહેનના ઘરનું બહાનું જ કાઢ્યું હશે— પોતાને ઘરે પહોંચવાની ઉતાવળ હશે, એટલે.'

'મનેય એમ લાગે છે.'

મનમાં આછું આછું મલકાતી ચંપા અંદરના ઓરડામાં ઊભી ઊભી ઓસરીમાં થતી આ વાતચીત સાંભળી રહી હતી, ત્યાં જ ટપાલીનો પરિચિત અવાજ કાને પડ્યો:

'લેજો, કપૂરબાપા!'

'લ્યો, મનસુખલાલનો જ કાગળ નીકળ્યો!' કપૂરશેઠ બોલ્યા.

'ફોડ્યા વિના તમને કેમ ખબર પડી?'

'એના અક્ષર ને આ વિલાયતી પેઢીનું છાપેલું નામ ઓળખાઈ જાય ને!'

'વાંચો તો ખરા, શું લખે છે!' સંતોકબાએ કહ્યું, 'કોઈ નવું ઠેકાણું ગોત્યું છે કે નહીં?'

'બિચારાએ હજાર ઠેકાણાં તો ગોતી દીધાં'તાં, પણ આપણી છોકરીને એકેય મનમાં ઊતર્યું નહીં એમાં કોઈ શું કરે?' કહીને ચંપા વિશે બબડતા કપૂરશેઠે કાગળ વાંચવા માંડ્યો.

કાગળ વંચાતો રહ્યો એ દરમિયાન ઓસરીમાં શાંતિ પથરાઈ ગઈ. પત્રનો સારાંશ જાણવા માટે સંતોકબા તલપાપડ થઈ રહ્યાં. પણ એમના કરતાંય, કાગળની વિગતો જાણવાની વધારે તાલાવેલી તો ચંપાને લાગી હતી. સંતોકબાની અધીરાઈમાં કેવળ કુતૂહલ હતું, ત્યારે ચંપાની અધીરાઈમાં ચિંતા હતી, ઉદ્વેગ હતો. પોતે મામાને ઘેર રહેલી એ દરમિયાન એને જે માનસિક સંતાપ વેઠવો પડ્યો હતો, એની અસર હજી પણ સર્વાંશે દૂર થઈ નહોતી. મુનસફના છોકરા સહિત જે અનેક હાલીમવાલી યુવાનો સમક્ષ એને ઉપસ્થિત થવું

પડેલું, એની રિબામણી એ હજી ભૂલી નહોતી. મામાના આજના કાગળમાં હજી કોઈ નવા યુવાન માટેનું સૂચન નીકળશે કે શું, એવો કલ્પિત ભય એ સેવી રહી.

અને એ કલ્પિત ભય સાચો પડ્યો.

કાગળ પૂરો વાંચી રહીને પિતાશ્રી બોલી ઊઠ્યા: 'આ વખતે તો મનસુખભાઈએ સારામાં સારું ઠેકાણું ગોત્યું છે!'

'સાચે જ?' સંતોકબાએ સંતોષ વ્યક્ત કર્યો. 'ચંપાનાં નસીબ અંતે ઊઘડી ગયાં!'

'ઘેરે ગાડીઘોડાની સાહ્યબી છે!' કપૂરશેઠે વિગતો આપવા માંડી. 'ને દેશાવરનો મોટો વેપાર!'

'કયા ગામના છે?'

'રાજકોટના જ!'

'પણ મૂળ કયા ગામના?'

'એ તો હજી લખે છે, કે બરાબર તપાસ કરી નથી, પણ રહે છે રાજકોટમાં જ,' કપૂરશેઠે કહ્યું, 'એનું નામ છે, પરભુલાલ.'

'નામ તો બહુ ઠાવકું છે. પણ બાપનું નામ? કુળ? શાખ?'

'એ સંધુંય વધારે તપાસ કર્યા પછી લખશે, એમ કહે છે. પણ આમાં લખે છે, કે આવો જુવાન બીજો કોઈ નહીં જડે...'

આ 'જુવાન' વિશેની આટલી વિગત સાંભળીને જ ચંપા એવી તો અકળાઈ ઊઠી કે એણે બહાર ઓસરીમાં આવી હિંમતભેર સંભળાવી દીધું:

'હું એને નહીં પરણું!'

*

૩૨

# સંદેશો અને સંકેત

**મંચેરશાના** 'કુશાદે' બંગલાની પરસાળમાં બેઠો બેઠો નરોત્તમ પોતાના વહી ગયેલા જીવનવહેણનું સિંહાવલોકન કરી રહ્યો હતો નાનીશી જિંદગીમાં બની ગયેલી મોટી મોટી ઘટનાઓ યાદ કરી કરીને એ હર્ષ અને શોકની મિશ્ર લાગણીઓ અનુભવી રહ્યો હતો

જીવનની આ ગંગાજમના ઉપર વિચાર કરતાં કરતાં નરોત્તમનું ધ્યાન કમ્પાઉંડની બહારના રસ્તા ઉપર ગયું. એક યુવતી આત્મશ્રદ્ધાભેર કમ્પાઉંડનો દરવાજો ઉઘાડીને અંદર આવતી જણાઈ

મંચેરશા તો અત્યારે ઘરમાં હતા નહીં, તેથી આ યુવતી કોને મળવા આવી હશે એ નરોત્તમને સમજાયું નહીં પણ યુવતી તો નરોત્તમ તરફ જ મુસ્કરાતી આગળ વધી, તેથી નરોત્તમને વધારે નવાઈ લાગી.

પરસાળનાં પગથિયાં ચડતાં ચડતાં એ જાણે કે ક્રૂરપણે કટાક્ષમ બોલી: 'કેમ છો, પરભુલાલ શેઠ?'

નરોત્તમ વધારે વિસ્મય પામીને આ આગંતુકને અવલોકી રહ્યો આ અજાણી વ્યક્તિને મોઢેથી 'પરભુલાલ શેઠ' જેવું સંબોધન સાંભળીને એ એવો તો ડઘાઈ ગયો હતો કે એને 'આવો' કહી આવકાર આપવાનું પણ ન સૂઝ્યું.

'ઓળખાણ-પિછાણ કાંઈ પડે છે?' યુવતીએ હિંમતભેર નજી આવતાં પૂછ્યું: 'કે પછી નરોત્તમભાઈમાંથી પરભુલાલ શેઠ થ એટલે જૂનાં સગાંવહાલાં સહુ ભુલાઈ ગયાં?'

આવો સીધો ને સટ પ્રશ્ન સાંભળીને નરોત્તમ વધારે ગૂંચવણ

પડ્યો. 'જૂનાં સગાં'નું સૂચન મળતાં એને આગંતુકનો અણસાર તો પરિચિત લાગ્યો, પણ એ ઓળખી કાઢવાનું હજી મુશ્કેલ બની રહ્યું.

નરોત્તમ વિસ્ફારિત આંખે આ 'જૂનાં સગાંવહાલાં'નું આક્રમણ અવલોકી રહ્યો હતો, ત્યાં જ આગંતુકે ત્રીજો પ્રશ્ન પણ પૂછી નાખ્યો: 'હવે તો મુંબઈ ખેડનારા મોટા વેપારી થઈ ગયા, એટલે મેંગણીવાળાં ગરીબ સગાંસાંઈ શેનાં સાંભરે?'

'કોણ? શારદા?' નરોત્તમ એકાએક બોલી ઊઠ્યો. ક્યારનો ઓળખ પાડવા મથી રહ્યો હતો, મનમાં નામ પણ ગોઠવી રહ્યો હતો. એમાં 'મેંગણીવાળાં સગાં'નો ઉલ્લેખ એને મદદરૂપ બની ગયો. હવે યાદ આવ્યું કે લાડકોરભાભીનાં દૂરનાં માસી મેંગણી ગામમાં રહે છે, એની આ દીકરી છે, અને એનું નામ છે, શારદા.

'તમને, શેઠિયા માણસને સગાંવહાલાંનાં નામ સબળ યાદ રહે છે?' ટોણાના જ ટીપસૂરમાં શરૂ થયેલી શારદાની ઉક્તિઓ આગળ વધી.

'તું તો ભારે મિજાજી નીકળી કાંઈ!' નરોત્તમે કહ્યું, 'ઝાઝે વરસે જોઈ, ને નામ ભુલાઈ ગયું હતું એમાં ઓળખતાં જરાક વાર લાગી ત્યાં તો મહેણાં ઉપર મહેણાં મારવા મંડી!'

'તમે મને એકલીને જ નથી ભૂલી ગયા... બીજાંય ઘણાને ભૂલી ગયા છો—'

'કોને?' નરોત્તમે પૂછ્યું, 'કોણ ભુલાઈ ગયું છે?'

'કોણ ભુલાઈ ગયું છે, એય પાછું ભુલાઈ ગયું લાગે છે!' શારદાએ કહ્યું, 'શેઠિયા માણસ કોને કહેવાય!'

નરોત્તમને સમજાતાં વાર ન લાગી શારદા શું કહેવા માગે છે. સાથોસાથ, આ યુવતીના અણધાર્યા આગમનનું કારણ પણ સમજાઈ ગયું.

જીવનવહેણના નવા પલટા અંગે નરોત્તમ વિચાર કરતો રહ્યો એટલી વાર આ બોલકણી છોકરી થોડી મૂંગી રહી શકે એમ હતી?

એના મોઢામાંથી તો નવો પ્રશ્ન વછૂટી જ ગયો હતો:

'યાદ તો કરી જુઓ! બરોબર સંભારી જુઓ. કોઈ કરતાં કોઈ યાદ આવે છે?'

કાબેલ ધારાશાસ્ત્રીની ઢબે જાણે કે ઊલટતપાસમાં પુછાયેલા આ અર્થસૂચક પ્રશ્નનો એકમાત્ર અને એકાક્ષરી ઉત્તર તો 'હા' જ હતો. પણ એ હકાર શી રીતે વ્યક્ત કરવો એ ભોળા નરોત્તમને સમજાયું નહીં.

'બરોબર સંભારી સંભારીને યાદ કરી જુવો!' શારદાની પજવણી ચાલુ હતી. 'કોણ ભુલાઈ ગયું છે, ભલા?'

હવે નરોત્તમને ખ્યાલ આવ્યો કે શારદા તો ચંપાની બાળગોઠિયણ છે, અને તેથી જ પોતાની સહીપણીનો સંદેશ લઈને અહીં આવી છે અને આટલા ઉત્સાહથી આ પજવણીભરી પૂછગાછ કરી રહી છે મારે મોટેથી ચંપાનું નામ લેવડાવવાની જાણે કે પ્રતિજ્ઞા કરીને જ અહીં આવી લાગે છે. સામી વ્યક્તિના આદેશ અનુસાર વર્તવામ નરોત્તમને જાણે કે પોતાનો અહમ્ ઘવાતો લાગ્યો તેથી એ કશ્ બોલવાને બદલે મૂંગો મૂંગો હસતો જ રહ્યો.

'તમે તો ભારે ભુલકણા નીકળ્યા, ભાઈ! માણસ જેવા માણસ આમ સંચોડા ભૂલી જાવ છો, તે તમારે પનારે પડનારાના તો કેવ હાલ થાય!' શારદાએ પ્રેમભર્યા પ્રહારો ચાલુ રાખ્યા. 'અરે, કાંઈ બોલવાને બદલે આમ મરક મરક શું કર્યા કરો છો?... મોઢામ મરી ભર્યાં છે?... કે પછી કોણ ભુલાઈ ગયું છે એનું નામ લેત શરમાવ છો?... અરે, તમે ભાયડા માણસ શરમાવા બેસશો ત અમે સાડલા પહેરનારીઓ શું કરશું પછી?... બોલી નાખો ઝટ કોણ ભુલાઈ ગયું છે?'

નરોત્તમે હવે બોલવા ખાતર જ બોલી નાખ્યું: 'કોઈ યાદ નથ આવતું—'

પણ આવો બનાવટી ઉત્તર સાંભળીને શારદા કાંઈ શાંત રહે એમ નહોતી. એણે તો સાડલા તળે ક્યારની ઢાંકી રાખેલી એક ચીજ બહાર કાઢી. નાનકડા કપડામાં વીંટાળેલી એ વસ્તુ તરફ નરોત્તમ કુતૂહલથી જોઈ રહ્યો. આ ચાલાક છોકરી હવે કયો દાવ અજમાવે છે એ જાણવા એ ઇંતેજાર બની રહ્યો.

શારદાએ એ નાનકડી પોટકી પર બાંધેલું કપડું છોડી નાખ્યું તો એમાંથી એક વિલાયતી રમકડું નીકળી પડ્યું. એક ગોરો સાહેબ છત્રી લઈને ઊભો છે અને એની છાયામાં લપાઈને એની મઢમ ઊભી છે.

નરોત્તમ તો આભો બનીને આ રમકડા તરફ જોઈ જ રહ્યો.

'હવે કાંઈ યાદ આવે છે?' શારદાએ કહ્યું, 'હવે તો તમે ગમે તેવા ભુલકણા હશો ને, તોય યાદ આવ્યા વિના નહીં રહે.'

નરોત્તમને એક યાદ તો તાજી થઈ પણ એ યાદને પરિણામે તો એ વધારે ગૂંચવણમાં પડ્યો. ઝડપભેર બોલી ગયો: 'આ રમકડું તો મેં બટુક સારુ વાઘણિયે મોકલાવ્યું'તું—'

'હવે ચંપાએ તમને મોકલાવ્યું છે.'

'પણ એની પાસે ક્યાંથી આવ્યું? કેમ કરીને આવ્યું?'

'એનું તમારે શું કામ?' શારદાએ કહ્યું, 'આ તો તમારી મોકલેલી ચીજ ચંપાએ પાછી તમને મોકલી દીધી ને ભેગાભેગું કહેવરાવ્યું પણ છે, કે—'

બોલતાં બોલતાં શારદા ઇરાદાપૂર્વક જરા ખચકાઈ, એટલે નરોત્તમે પૂછ્યું: 'શું? શું કહેવરાવ્યું છે?'

'એમ કહેવરાવ્યું છે કે આ રમકડામાં જે બે જણાં ભેગાં ઊભાં છે, એને ભેગાં જ રહેવા દેજો—'

'હા...'

'આ બેય જણાં નોખાં ન પડી જાય એનું ધ્યાન રાખજો—'

નરોત્તમ ઘડીભર મૂંગો થઈ ગયો તેથી શારદાએ વધારે ભારપૂર્વક

કહ્યું: 'સાંભળ્યું ને પરભુલાલ શેઠ, ચંપાએ કહેરાવ્યું છે કે આ રમકડામાં છે એવી આપણી જોડી પણ અખંડ જ રાખજો–'

નરોત્તમને આ આખીય રમત સમજાઈ ગઈ. ચંપાએ યોજેલો ચાતુરીભર્યો વ્યૂહ સમજાઈ ગયો. શારદાએ કરેલું દૂતીકાર્ય હવે સમજાઈ ગયું અને પોતાની વાગ્દત્તાએ આ નિર્જીવ રમકડામાં આરોપેલો સાંકેતિક સંદેશ પણ સમજાઈ ગયો.

'કેમ, કાંઈ મૂંઝવણમાં પડી ગયા, પરભુલાલ શેઠ?' શારદાએ પૂછ્યું.

'મને પરભુલાલ શેઠ કહીને બોલાવીશ તો હું તારી સાથે વાત નહીં કરું,' નરોત્તમે કહ્યું.

'પણ તમે પોતે જ આવું બનાવટી નામ રાખ્યું છે, પછી તો એ નામે જ તમને બોલાવવા જોઈએ ને?' કહીને, શારદાએ પૂછ્યું: 'આ બનાવટી નામે તો મેંગણીમાં કેવો ગોટાળો કર્યો છે, એની તમને ખબર છે?'

'મેંગણી સુધી આ નામ પહોંચી ગયું છે?'

'હા–'

'પણ પહોંચાડ્યું કોણે?'

'ચંપાના મામાએ, મનસુખભાઈએ,' શારદા બોલી. મનસુખભાઈએ મેંગણી કાગળ લખ્યો, કે ચંપા સારુ પરભુલાલ કરીને એક છોકરો ગોતી રાખ્યો છે–'

'સાચે જ?'

'હા. એ સમાચાર સાંભળીને ચંપાએ સંભળાવી દીધું કે પરભુલાલને હું નહીં પરણું–'

'તો પછી કોને પરણશે?'

'નરોત્તમને જ!' શારદાએ કહ્યું.

અને બંને જણાં ખડખડાટ હસી પડ્યાં.

'આ તો બહુ ભારે ગોટાળો થઈ ગયો!' નરોત્તમ બોલ્યો.

'તમે જ હાથે કરીને ગોટાળો ઊભો કર્યો છે, એમાં કોઈ શું કરે? શારદાએ કહ્યું: 'ચંપા તો બિચારી મને પરભુલાલ નામના કોઈક અજાણ્યા માણસ સાથે પરણાવશે એમ સાંભળીને ધ્રુસકે ધ્રુસકે રોયા કરે છે—'

'એટલો બધો ગોટાળો થઈ ગયો છે?' નરોત્તમે હસતાં હસતાં પૂછ્યું.

'ગોટાળો કરવામાં તમે કાંઈ બાકી રાખ્યું છે?'

'હજી તો થોડુંક બાકી છે,' નરોત્તમે કહ્યું. 'આમેય આટલો ગોટાળો થયો છે, તો હવે એને પૂરો જ કરજે...'

'હું પણ હજી ગોટાળો કરું?'

'હા, કરવો જ પડશે, નરોત્તમે કહ્યું: 'એ વિના બીજો છૂટકો નથી હવે.'

'પણ આવી બનાવટ તે કરાતી હશે, ભલા માણસ! ચંપા તો, પરભુલાલનું નામ સાંભળીને પોશ પોશ આંસુએ રુવે છે—ક્યાંક કૂવો-હવાડો ન પૂરી બેસે તો સારું—'

'અરરર!—એટલી બધી વાત!—'

'તે તમને અહીં બેઠાં શું ખબર પડે કે ચંપા બિચારી તમારી પાછળ કેટલી ઝૂરે છે! એટલે તો, હું અહીં આવતી'તી ત્યારે એણે આ રમકડું મોકલીને આટલું કહેવરાવ્યું કે—'

'પણ આ રમકડું એના હાથમાં આવ્યું, ક્યાંથી?'

'એ હું તમને નિરાંતે કહીશ... એની તો બહુ લાંબી વાત છે, શારદાએ કહ્યું: 'હમણાં તો તમે ઝટ જવાબ કહેવરાવી દિયો એટલે એના જીવને નિરાંત થાય.'

'ચંપાને તમે ભલે કહો કે પરભુલાલ મારું જ નામ છે; પણ બીજા કોઈને આ વાત કરવાની નથી—'

'કારણ?'

'કારણ એટલું જ કે બીજા કોઈને ખબર પડે તો વધારે ગોટા[illegible] થઈ જાય એમ છે—'

'તમે તે કેવી વાત કરો છો!'

'તને હમણાં નહીં સમજાય, પણ હું સાચું કહું છું. મારું ના[illegible] નરોત્તમ છે, એવી મનસુખભાઈને જાણ થઈ જાય તો એને બ[illegible] માઠું લાગી જાય!

'પણ આવાં નાટક તે ભજવાતાં હશે?'

'અરધું તો ભજવાઈ ગયું છે, એટલે હવે તો ગમે તેમ કરી પૂરેપૂરું ભજવવું પડે ને?' નરોત્તમે કહ્યું, 'માણસને ઘણી વાર સાચ[illegible] જિંદગી કરતાં નાટકની જિંદગી જોવી વધારે ગમે છે.'

'એ તો કોઈ પારકાની જિંદગીનાં નાટક જોવાં ગમે,' શારદા[illegible] કહ્યું, 'પોતાની જિંદગીમાં તે કાંઈ નાટક કરાતાં હશે?'

'કોઈ વાર કરવાંય પડે,' શારદા સાથેની આટલી વાતચીત પ[illegible] આટલી નિકટતા કેળવાઈ હોવાથી નરોત્તમે અંતરની વાત કહેવા માંડ[illegible]

'તને ખબર છે, અહીં રાજકોટમાં અમારાં સગાંવહાલાં બહુ [illegible] હું શરૂઆતમાં અહીં આવ્યો ત્યારે એ સહુ સગાં મારી ઓળખા[illegible] જ ભૂલી ગયાં હતાં. રસ્તામાં સામાં મળી જાય તો મને જોયો [illegible] જોયો કરીને આઘાં તરી જતાં. હવે એ બિચારાંને સહુને ખબર પ[illegible] કે મંચેરશાની પેઢીમાં પરભુલાલ નહીં પણ નરોત્તમ કામ કરે છે, [illegible] વળી પાછી એમને ઓળખાણ તાજી કરવાની તકલીફ લેવી પડે ને[illegible]

'સમજી! સમજી! ત્યારે તો સ્ટેશન ઉપર મજૂરી કરી, ત્યારે પ[illegible] નાટક જ ભજવતા હતા, ખરું ને?'

'મજૂરી? સ્ટેશન ઉપર?'

'કેમ વળી? માથે સામાન ઉપાડીને મનસુખભાઈને ઘેરે મૂ[illegible] આવેલા ને?' શારદાએ યાદ આપી. 'કે પછી, બીજું ઘણુંય ભૂ[illegible] ગયા, એમ એ વાત પણ ભૂલી જવા માગો છો?'

'પણ તને કોણે આ વાત કહી?' નરોત્તમે પૂછ્યું.

'ચંપાએ જ વળી, બીજું કોણ કહે? તમને મજૂરી કરતા જોઈને, બિચારીને ભોંય ભારે પડે એટલી ભોંઠામણ થઈ પડી. ને પછી છાને ખૂણે રોઈ રોઈને અરધી થઈ ગઈ—'

'ખરેખર?

'નહીં ત્યારે? બિચારીથી કોઈને કહેવાય પણ નહીં, ને સહેવાય પણ નહીં, આવું નાટક તમે તો ભજવેલું,' કહીને શારદાએ સીધો પ્રશ્ન ફેંક્યો: 'તમને જરાય દયા પણ નથી આવતી?'

હવે નરોત્તમને સમજાયું કે શારદાને વિશ્વાસમાં લીધા વિના છૂટકો નથી. તેથી એણે પોતાના રાજકોટનિવાસનો અથથી ઇતિ ઇતિહાસ રજૂ કરી દીધો. કીલા કાંગસીવાળાનો પરિચય આપ્યો. કીલાની દોરવણ તળે જ પોતે આગળ વધી રહ્યો છે એ સમજાવ્યું, સ્ટેશન ઉપર જે કહેવાતી 'મજૂરી' કરેલી એમાં પણ કીલાનું જ સૂચન હતું એની ખાતરી આપી.

આ બધો ઘટસ્ફોટ કરતી વેળા નરોત્તમની નજર તો ચંપાએ મોકલેલ પેલા સંજ્ઞાસૂચક રમકડા ઉપર જ કેન્દ્રિત થયેલી હતી.

નરોત્તમની આ નિખાલસ વાતો સાંભળી શારદાને એની નિષ્ઠા અંગે પ્રતીતિ થઈ. એ પ્રતીતિને કારણે જ એણે સૂચક પ્રશ્ન પૂછ્યો: 'તો પછી, હવે મેંગણી જઈને ચંપાને હું શું જવાબ આપું?'

સાંભળીને, પેલી યુગલમૂર્તિ સામે તાકી રહેલા નરોત્તમના મોઢા ઉપર ગંભીરતા છવાઈ ગઈ. પોતે વિચાર કરતો રહ્યો એટલી વારમાં તો શારદાએ ફરી વાર પૂછી નાખ્યું:

'ચંપાએ આ રમકડું મોકલીને એના હૈયાની વાત કહેવડાવી. હવે તમે શું કહેવડાવો છો?'

નરોત્તમ જાણે કે મૂંઝવણ અનુભવી રહ્યો હોય એમ મૂંગો મૂંગો મંચેરશાના દીવાનખાનામાં નજર ફેરવવા લાગ્યો.

'કાંઈક એવું કહેવરાવો, કે જેથી એને ઉચાટ ઓછો થાય. મનમ
કચવાટ ઓછો થાય, જીવને નિરાંત થાય—'

'તું મોઢે જ કહી દેજે ને' નરોત્તમે સૂચવ્યું.

'આવી વાતમાં મોઢાનાં વેણ કોઈ માને?'

'તું તો ભારે કાયદાબાજ નીકળી—મોટા બારિસ્ટર જેવી!' નરોત્ત
કહ્યું: 'મારી પાસેથી લેખિત દસ્તાવેજ લેવું છે?'

'દસ્તાવેજ પણ શું કામનું? ચંપાને બિચારીને વાંચતાં કે લખત
થોડું આવડે છે?' શારદાએ સ્ફોટ કર્યો. 'એટલે તો બિચારીએ પોતાન
મનની વાત તમને પહોંચાડવા સારુ આ રમકડાનું ઓઠું લીધું—'

'હું પણ એવું જ કંઈક ઓઠું લઉં તો કેમ? નરોત્તમ બોલતાં ત
બોલી ગયો. પણ તુરત પાછો મૂંઝવણમાં પડી ગયો.

'સોનાથી ઊજળું શું બીજું?' શારદાએ કહ્યું, 'તમેય કાંઈક એ
જ એંધાણ મોકલો કે બિચારીના અંતરનો ઉચાટ ઓછો થાય
ભેગાભેગું તમારું સંભારણું પણ નજર સામે રહ્યા કરે.'

શારદાને મોઢેથી 'સંભારણું'નું સૂચન સાંભળીને નરોત્તમે ઝીણ
નજરે દીવાનખાનામાં આમતેમ જોવા માંડ્યું.

દરમિયાન, શારદાએ ચંપાની વકીલાત કરવાનું તો ચાલુ
રાખ્યું હતું:

'મારી બહેનપણીને કાંઈક એવું સંભારણું મોકલો, કે આઠે
પહોર તમે એની આંખ સામે જ રહ્યા કરો—'

હવે નરોત્તમ હસવાનું રોકી ન શક્યો: 'મારી છબી પડાવી
મોકલું?'

'હાય હાય! આ શું બોલો છો? આ શહેરમાં રહીને તમે ત
સાહેબલોક જેવી વાત કરો છો!' શારદાએ ઠપકો આપ્યો. 'છબ
મોકલો, ને ચંપાનાં માબાપના હાથમાં આવે તો બિચારીને ગળાટૂંપ
જ દઈ દિયે કે બીજું કાંઈ કરે?'

દીવાનખાનાનાં રાચરચીલા પર શોધક નજર ફેરવતા નરોત્તમની આંખ એકાએક ચમકી ઊઠી. સામેની ટચૂકડી ટિપૉય ઉપર પડેલી હાથીદાંતની એક સારસ-સારસીની જોડલી ઉપર એની નજર ઠરી હતી. મંચેરશા મુંબઈ ગયેલા ત્યારે હાથકારીગરીનું આ કોતરકામ ખરીદતા આવેલા. આ જરથોસ્તી જીવ પોતે તો એકાકી હતા, પણ એમનું જિગર એક કવિનું હતું, એટલે આ પક્ષીયુગલનું પ્રતીક એમને જચી ગયેલું. એમાંનું આલેખન કેવું અર્થસભર અને સંજ્ઞાત્મક હતું! દ્વૈતમાંથી અદ્વૈત સાધતું સારસયુગલ એકબીજાની ડોકમાં ડોક પરોવીને ઊભું હતું. પુરુષ અને પ્રકૃતિનું સનાતન સત્ય એમાં મૂર્તિમંત થતું હતું. સારસ-સારસીની સુડોળ પ્રલંબ ગરદનો જાણે કે એકબીજી સાથે વણાઈ જઈને એક બની જતી હતી. બે જુદાં જુદાં શરીરો જાણે કે એક જ નાકે શ્વાસ લેતાં હતાં. માનવપ્રણયની પરિભાષા નહીં જાણનાર આ પક્ષીઓના પ્રસન્ન પરિતૃપ્ત મુખભાવ પોકારી પોકારીને કહેતા: 'અમે બે નથી, એક જ છીએ, અમારાં જીવન તાણાવાણાની જેમ વણાઈ ગયાં છે. અમને મૃત્યુ સિવાય બીજું કોઈ બળ વિચ્છિન્ન નહીં કરી શકે.'

નરોત્તમને યાદ આવ્યું કે સારસ-જોડલી જીવનપર્યંત સજોડે સંયુક્ત જ રહે. એક સાથીના વિયોગ પછી બીજું ઝૂરી ઝૂરીને આપમેળે જ મૃત્યુ પામે છે. અતૂટ સખ્યનું આ પ્રતીક નરોત્તમની આંખમાં વસી ગયું અને એ એણે શારદાના હાથમાં મૂકતાં કહ્યું:

'લ્યો, આ તમારી સહીપણીને આપજો.'

શારદા પણ ઘડીભર તો આ પ્રતીક તરફ પ્રસન્ન ભાવે જોઈ રહી. એમાં સમાયેલો ગૂઢાર્થ અને સાથેનો સાંકેતિક સંદેશ સમજતાં આ સ્ત્રીહૃદયને શાની વાર લાગે?

'કાલે જાતાવેંત, છાનીમાની ચંપાને આપી આવીશ,' શારદાએ ઉત્સાહભેર કહ્યું, 'બીજું કાંઈ મોઢામોઢ કહેવડાવવાનું નથી?'

'આ ચીજ પોતે જ ઓછું કહે છે કે હજી વધારે કાંઈ કહેવડાવવું
પડે?' નરોત્તમ બોલ્યો.

'સમજી ગઈ! સમજી ગઈ! આ બે પંખીની જેમ તમે ભેગાં જ
રહેવાનાં!' કહીને શારદાએ મજાકમાં ઉમેર્યું: 'નરોત્તમભાઈ, તમે તો
ગજબના પહોંચેલ નીકળ્યા! પણ એમાં કાંઈ નવાઈ જેવું નથી...
અંતે તો તમે વર કોના? ચંપાના જ ને!'

'ને તું પણ કાંઈ ઓછી માયા નથી!' નરોત્તમે વળતી મજાક
કરી. 'આ રમકડાના સાટાપાટાનું કારસ્તાન કરી ગઈ! તું પણ અંતે
તો સહીપણી કોની?—'

'તમારી ચંપાની જ! એણે તો મને આ સુઝાડ્યું. મારી તો આમ
અકલ પણ કામ ન કરે,' કહીને શારદાએ છેલ્લો ટોણો મારી લીધો
'જેવું તમે કારસ્તાન કર્યું, એવું ચંપાએ કર્યું—'

'ને એ બેય કારસ્તાનમાં કાસદિયાનું કામ શારદાએ કર્યું, બરોબર
ને?'

'હું તો તમારા આ નાટકમાં સખીની જેમ દાસી જેવું કામ કરું
છું સંદેશા લઈ આવવાનું ને લઈ જવાનું—'

'આને નાટક કહે છે, તું?'

'નહીં વળી? નરોત્તમભાઈ પરભુલાલ શેઠનો પાઠ ભજવે, એને
નાટક નહીં તો શું ચેટક કહેવાતું હશે?'

'તો હવે આ નાટકની વાત તારા મનમાં જ રાખજે,' નરોત્તમે
સૂચના આપી: 'મેંગણીમાં કોઈને પરભુલાલના સાચા નામની જાણ
કરજે મા—'

'એક ચંપા સિવાય,' કહીને શારદા હસતી હસતી બંગલા બહાર
નીકળી.

*

# ૩૩

# સ્વાર્થનાં સગાંઓ

'આઈ કીલાએ તો દીકરાએ કમાલ કરી નાખી!'

શારદાની વિદાય પછી બહારથી આવીને બંગલામાં પ્રવેશતાં જ મંચેરશાએ કહ્યું.

'શું કર્યું? શું કમાલ કરી?' નરોત્તમ પૂછતો રહ્યો.

મંચેરશા હજી એમના તોરમાં જ બોલતા હતા: 'આઈ ગામનાં મનીસ બી કમાલ છે!'

'શું થયું? કીલાભાઈની વિરુદ્ધમાં કાંઈ—'

'અરે વિરુદ્ધ શું, ને બિરુદ્ધ શું? આ તો કીલાને અદરાવવાની વાત કરે છે!'

હેં? કીલાભાઈને અદરાવવાની વાત?' નરોત્તમે અધ્ધર શ્વાસે પૂછ્યું: 'કોણ વાત કરે છે?'

'સવારથી બપોર સુધીમાં ત્રણ જણા તો આવીને મને કહી ગયા.' મંચેરશા બોલ્યા: 'કે કીલાને સમજાવો કે અમારી દીકરી સાથે લગ્ન કરે!'

'ખરેખર?'

'હા. બધા જાણે છે આય મંચેરશા બાવા કીલાના ભાઈબંધ છે. એટલે સહુ મને જ કહેવા આવે છે કે શિરસ્તેદાર સાહેબને સમજાવો.'

નરોત્તમને માટે આ સમાચાર અણધાર્યા હતા. આરંભમાં એને જરા આશ્ચર્ય થયું, પણ પછી આનંદ અનુભવ્યો. ઉત્સાહભેર એણે મંચેરશાને પૂછ્યું: 'તે હવે કીલાભાઈ પરણશે?'

'ક્રોનિક બેચલર તે કોઈ દહાડો પરનતા હશે કે?' મંચેરશાએ

મજાક કરી. 'કીલાને મેં કેટલોય સમજાવિયો, પણ સમજે ત્યારે ને
'તે તમને જે લોકો કહેવા આવ્યા અને તમે શું જવાબ દીધો
'મેં તો એવનને કહી દીધું કે બાવા તમે પોતે જ જઈને કીલા
વાત કરો...' તો બોલ્યા, કે 'કીલાને તો અમે કહી જોયું, પણ
માનતો નથી, માટે હવે તમે એના ભાઈબંધ હોવ, તે સમજાવોની
'સાચી વાત છે, નરોત્તમે કહ્યું, 'તમારે જ કીલાભાઈને સમજાવ
જોઈએ.'

'બાવા, મેં તો એને ઘન્નો સમજાવિયો, પણ એ તો એક
કીધા કરે છે—'

'શું?'

'કહે છે, કે આ લોકો કીલાને નહીં, પણ ગોરા સાહેબ
શિરસ્તેદારને પન્નાવવા આવ્યા છે...'

'બરોબર છે,' નરોત્તમે કહ્યું, 'એમાં ખોટું પણ શું છે?'

'પન કીલાને એ પસંદ નથી. એ તો કહે છે કે હું જેવો છ
એવો જ છઉં. આ તો મને નહીં પણ મારા હોદ્દાને છોકરી પન્નાવ
આવે છે.'

'એ વાત પણ ખોટી નથી!'

'તો પછી, કીલો તો કહે છે કે મારી બદલીમાં મારી ખુરસી
જ પન્નાવોની!' કહીને મંચેરશા અટ્ટહાસ્ય કરી ઊઠ્યા.

નરોત્તમ પણ કીલાની આવી આખાબોલી વાણી સાંભળીને હસ્યો
પણ પોતાના તારણહાર સમા મુરબ્બીના જીવનસાયુજ્યનો પ્ર
આમ મજાકમાં હસી કાઢવામાં આવે એ એને રૂચ્યું નહીં.

'કીલો તો કહે છે કે મારી ખુરસી સાથે તમારી છોકરીને ચા
ફેરા ફેરવો!' મંચેરશા હજી પોતાના ભાઈબંધની ઉક્તિઓ ટાં
ટાંકીને હસતા હતા, ને નરોત્તમને હસાવતા હતા.

પણ હવે નરોત્તમને આ પ્રશ્નની ગંભીરતા સમજાતાં હસવા

સૂઝતું નહોતું. જેમ જેમ મંચેરશા મજાક કરતા જતા તેમ તેમ નરોત્તમ વ્યગ્ર થતો જતો હતો. એવામાં જ, મંચેરશાની નજર ખાલી ટિપૉય ઉપર પડી, અને ત્યાં સારસ-બેલડી ન દેખાતાં પૂછ્યું:

'અરે! અહીં પેલું સ્ટૉર્ક પડેલું હતું તે ક્યાં ખસેડિયું?'

'સારસ ખસેડ્યું નથી, એ તો ગયું, ઊડી ગયું,' નરોત્તમે કહ્યું, 'સારસ પંખીને પાંખ આવી—'

મંચેરશાને આમાં કશું સમજાયું નહીં અને મૂંઝવણમાં માથું ખંજવાળતા રહ્યા એટલે નરોત્તમે વધારે મૂંઝવણપ્રેરક ઉક્તિ ઉચ્ચારી:

'પંખી ઊડી ગયાં, ને એને બદલે આ માણસ આવી ગયાં.'

અને શારદાએ આપેલું પેલું રમકડું ટિપૉય પર ગોઠવતાં કહ્યું: 'પંખીને બદલે હવે આ બે માણસ અહીં શોભશે—ગોરા સાહેબ ને એની મઢમ—'

ભલાભોળા મંચેરશા ગજબની ગૂંચવણમાં પડી ગયા.

'મૂંગા પંખી કરતાં બોલતાંચાલતાં માણસ વધારે સારાં.'

નરોત્તમ એકેક અર્થસૂચક વાક્ય બોલતો જતો હતો અને મંચેરશાના મનમાં જામેલી ગૂંચવણ ઉકેલવાને બદલે વધારે ગૂંચવાતી હતી.

'આઈ તારા નાતકમાં મુને તો કાંઈ સમજ પડતી નથી!' આખરે મંચેરશાએ કહ્યું,

નરોત્તમને આશ્ચર્ય થયું. થોડી વાર પહેલાં શારદા આવેલી ત્યારે એણે પણ 'નાટક'નો શબ્દપ્રયોગ કરેલો. સંભવ છે કે, કદાચ ચંપાએ પોતે જ એ શબ્દ શારદાને કહ્યો હોય. અને એમાં ખોટું પણ શું હતું? રેલવે સ્ટેશન ઉપર મજૂરનું પાત્ર ભજવનાર 'પરભુલાલ'ના નામાભિધાન વડે મોટો વેપાર ખેડનાર અને એ રીતે પોતાની વાગ્દત્તાને પણ વિમાસણમાં નાખી દેનાર માણસની પ્રવૃત્તિને 'નાટક' ન કહેવાય તો બીજું કહેવાય પણ શું?... અત્યારે મંચેરશાએ સાહજિક રીતે જ એ શબ્દપ્રયોગ કર્યો એ નરોત્તમને બહુ સૂચક લાગ્યો અને તેથી જ

એને સમજાયું કે પોતાના નિકટ સાથી સમક્ષ હવે આ નાટક ભજવ
યોગ્ય ન ગણાય. મંચેરાશા જેવા દિલસોજ માણસને વિશ્વાસમાં લેવા
મુનાસિબ લાગતાં એણે નિખાલસપણે બધો ઘટસ્ફોટ કરી નાખ્યો.

બે સરલહૃદય યુવકયુવતી વચ્ચે... બે મુગ્ધ વિરહાત્માઓ વચ્ચે...
આવી સંજ્ઞાત્મક વસ્તુઓ વડે થયેલ આ સંદેશ-વિનિયમની વા
સાંભળી મંચેરશાનો હમદર્દ આત્મા હલમલી ઊઠ્યોઃ

'શાબાશ, ડીકરા, શાબાશ!' કહીને એ જરથોસ્તી જીવ પોકાર
ઊઠ્યા: 'તું બી ખરો છૂપો રૂસ્તમ નીકલિયો, હોં! તેં બી કમા
નાતક ભજવી નાખિયા! પેલો બિચારી મનસુખલાલ તો તને હ
પરભુલાલ સમજીને એ જ તારી જૂની ફિયાન્સી જોડે અદરાવ
માગે છે! બિચારાની રેવડી દાણાદાણ કરી નાખવાનો તું—'

'જોઈએ હવે, આમાં કોની રેવડી દાણાદાર થાય છે, એ.' નરોત્ત
કહ્યું, 'કદાચ મારી જ રેવડી થઈ જાય એવું જોખમ છે—'

'હવે તો તું ને કીલો બેઉ જણા અદરાવાના થિયા. જોઈએ, હ
બેમાંથી કોન પહેલો પન્ની જાય છે—'

'કીલાભાઈએ જ પહેલાં પરણવું જોઈએ—'

'કીલો તો હવે પન્ની રિયો—'

'શા માટે? તમારે એમને સમજાવવા જોઈએ—'

'એ હવે સમજે એમ લાગતું નથી,' મંચેરશાએ જરા વિચાર કરી
કહ્યું, 'એણે તો સાધુબાવા પાસે બ્રહ્મચર્યની દીક્ષા લીધી છે ને!'

નરોત્તમ માટે આ સમાચાર સાવ નવા હતા. મંચેરશાને મોઢે
કીલા વિશેની આ નવી વિગત સાંભળીને એ ચોંકી ઊઠ્યો. એ પૂછ
લાગ્યો: 'ક્યારે? ક્યારે દીક્ષા લીધી છે? કોની પાસે દીક્ષા લીધી છે

'એ તો ઘરબાર છોડીને પાંચ વરસ સુધી બહાર ચાલ્યો ગયે
ને? ત્યારે બડરી-કેડારમાં કોઈ બાવાજી ભેટી ગયેલા ને એની જો
ભભૂત ચોળીને બેસી ગયેલો—'

'સાચું કહો છો? મને તો આજ સુધી આ વાતની ખબર પણ નહોતી—'

'કોઈને ખબર નથી,' મંચેરશાએ કહ્યું, 'ફક્ત હું, કીલો ને એનો ગુરુ ત્રણ માણસ સિવાય બીજા કોઈને આ વાતની ખબર નથી.'

'પણ હવે તો—'

'હવે તો એ ગુરુને છોડી નાસી આવ્યો છે.'

'નાસી આવ્યા છે? ગુરુને છોડીને?' નરોત્તમે વધારે આઘાત અનુભવ્યો. પૂછ્યું: 'શા માટે?'

'સાધુજીવનમાં એને કાંઈ સાર દેખાયો નહીં એટલે પાછો સંસારમાં આવી પડ્યો.'

'સંસારમાં પાછા આવ્યા જ છે, તો હવે રીતસરનો ઘરસંસાર માંડવામાં એને શું વાંધો છે?'

'મેં પણ એને એ જ કહ્યું, પણ માનતો નથી,' કહીને મંચેરશાએ ગંભીરપણે સૂચવ્યું: 'હવે તો તું એને સમજાવી જો! કદાચ તારી વાત માની જાય તો—

'ભલે, હું સમજાવીશ.' નરોત્તમે કહ્યું, 'ને મનાવીશ પણ ખરો—'

*

બીજે દિવસે નરોત્તમ કોઠીમાં કીલાને મળવા ગયો ત્યારે એને ઉંબરામાં પેસતાં જ કીલાએ પોતાની લાક્ષણિક ઢબે પોંખવા માંડ્યો: 'કેમ અલ્યા મોટા, હમણાં કાંઈ બહુ મોંઘો થઈ ગયો છે?'

'હું તો સાવ સોંઘો છું... તાંબિયાના તેર કરતાંય સોંઘો. નરોત્તમે નમ્રતાથી કહ્યું. અને પછી આટલા દિવસમાં આ મોટેરા વડીલ સાથે કેળવાયેલી નિકટતાની રૂએ એણે ઉમેર્યું: 'મોંઘા તો તમે થઈ ગયા છો!'

'અલ્યા, આ કીલાને મોંઘો કહેનારો તો આ ગામ આખામાં તું જ એક નીકળ્યો!'

'હું એકલો નહીં, ગામ આખું કહે છે કે કીલાભાઈ ખુરસી ઉપર બેઠા, પછી બહુ મોંઘા થઈ ગયા—'

'કોણ એમ કહે છે?'

'નામ જાણીને શું એમને સહુને ફાંસીએ ચડાવશો? હાથમાં અમલ આવ્યો છે, એટલે એનો આવો ઉપયોગ કરશો?' નરોત્તમે કહ્યું, 'નામ ગણાવીશ તો તમને માઠું લાગી જશે.'

'કીલાને તે વળી માઠું લાગતું હશે? આ દુનિયાએ આજ સુધીમાં મને માઠું લગાડવામાં કાંઈ કમી રાખી છે?' કીલાએ કહ્યું. 'મને માઠું લગાડવું હોય એટલું લગાડ તું તારે—'

'તો સાંભળો, નરોત્તમે શરૂ કર્યું. 'એક તો, મુનસફ સાહેબ કહે છે, કે તમે મોંઘા થયા છો—'

'હા, સાચું, પછી?'

નરોત્તમે આંગળીના વેઢા ઉપર અંગૂઠો મૂકતાં મૂકતાં ગણતરી આગળ વધારી, 'બીજા, મહાલકારીની કચેરીના અવલ કારકુન કહે છે કે—'

'બસ, બસ, બસ બહુ થઈ ગયું!' કીલાએ હસી પડતાં કહ્યું: 'સમજી ગયો, સંધુંય સમજી ગયો!'

'ત્રીજા, નગરશેઠ પોતે કહે છે, કે—'

'પણ કહું છું કે સમજી ગયો! હવે આ વસ્તીગણતરી બંધ કરીશ?'

'શું સમજી ગયા?' નરોત્તમે પૂછ્યું: 'કહો જોઈએ '

'તને મંચેરશાએ પઢાવીને અહીં મોકલ્યો છે!' કહીને કીલાએ સ્વગતોક્તિ ઉમેરી: 'પારસી પણ ભારે પાકા નીકળ્યા! પોતે ન ફાવ્યા એટલે આ લવરમૂછિયા છોકરાને મારી પાસે મોકલ્યો!'

'પણ શું કામ મોકલ્યો છે, એ તમે જાણો છો?'

'આ કીલાને કંકુઆળો કરવા. બીજું વળી શું કામ હોય?'

'હા બસ એ જ કામ છે. તમને કંકુઆળા કરવા છે... તમે ના પાડશો તોપણ—'

'પણ આમાં તો કીલો કંકુઆળો નથી થાતો, કીલાની ખુરસી કંકુઆળી થાય છે—'

'તમે તો આવા ને આવા જ આખાબોલા રહ્યા—શિરસ્તેદાર થયા, તોપણ'—

'હું આખાબોલો નથી, સાચાબોલો છું,' કીલાએ સમજાવ્યું: 'ને સાચું બોલી નાખું છું, એટલે જ સહુને કડવો ઝેર જેવો લાગું છું, સમજ્યો ને મોટા?'

'પણ જિંદગી આખી આવા કડવા ને કડવા રહેશો? જરાક તો મીઠાશ રાખો જીભમાં!'

'મીઠાશ રાખવાની તો બહુ મહેનત કરું છું પણ કોણ જાણે કેમ, દુનિયા જ એવી કપટી છે, કે જીભમાં કડવાશ ન આવતી હોય તોય આવી જાય—' કહીને કીલાએ સમજાવ્યું: 'જો ને આ ત્રણ નામ તેં ગણાવ્યાં, એ ત્રણેય જણાને કીલા સાથે સગપણ સાધીને પોતપોતાનો સ્વાર્થ સાધવો છે.

'એમાંય તમને સ્વાર્થ દેખાય છે? તમને કોઈ કન્યા આપવા આવ્યા, એમાંય સ્વાર્થની ગંધ આવે છે?'

'ગંધ નથી આવતી, આ તો નજરે જોઉં છું. આ નગરશેઠને એ. જી. જી. સાહેબની મહેરબાની મેળવવી છે એટલે મને લાગમાં લેવા માગે છે. મુનસફ સાહેબને મુનસફના હોદ્દાથી સંતોષ નથી. એને વળી ઉપલી કોરટમાં સરન્યાયાધીશ થવાના ધખારા છે. ત્રણ-ત્રણ વરસથી એ ખુશામત ને ખટપટ કરી રહ્યો છે, પણ ફાવતા નથી એટલે હવે મને રાજી કરવા નીકળ્યા છે. ને મહાલકારીની કચેરીના અવલ કારકુન એક ફંદામાં ફસાઈ ગયા છે, એણે ખાયકી બહુ ખાધી છે, એટલે ઉપરી ખાતામાં તેની નનામી ફરિયાદ થઈ છે. એને હવે નોકરી જાવાની બીક છે, એટલે મને લાગમાં લેવા નીકળ્યા છે—'

આવી આખાબોલી વાણી સાંભળીને નરોત્તમ અવાક થઈ ગયો

એટલે કીલાએ ઉમેર્યું: 'આ સહુનાં સ્વાર્થ સધાવવા સારુ આ કીલાએ ઘરસંસાર માંડવો?

'મને તો આ તમારી વાત ગળે ઊતરતી નથી,' નરોત્તમે કહ્યું 'એ લોકો બિચારા લાગણીથી તમને પરણાવવાની વાત લઈને આવ્યા એમાં અત્યારથી જ તમે કેમ માની બેઠા કે તમારી પાસે એ પોતાનો સ્વાર્થ સધાવવા માગે છે?'

'મોટા, તેં હજી મારા જેટલી દુનિયા જોઈ નથી, એટલે આવી વાત ઘડીકમાં નહીં સમજાય. આ શિરસ્તેદારની ખુરસી ઉપર બેસનારાએ આજ સુધીમાં કેવા ધંધા કર્યા છે, એની તને ક્યાંથી ખબર હોય? કીલાએ સ્ફોટ કર્યો: 'આજ સુધી સંધાય શિરસ્તેદાર લાંચિયા ને ખાઉધરા જ આવ્યા છે. એટલે તો એ. જી. જી. સાહેબે મને રઝળતા માણસને હાથ ઝાલીને આ હોદ્દા ઉપર બેસાડ્યો છે ને હવે હું પોતે જ એવા ધંધા કરું તો, મારું તો નહીં પણ મારા બારિસ્ટર બાપનું નામ લાજે ને?'

'એવું કામ કરવાનું કોઈ કહેવા આવે ત્યારે ના કહી દેજો.'

'પણ એના કરતાં આવી પળોજણમાં પડવાને બદલે હું પાછો રેંકડી હાંકવા જ ન હાલ્યો જાઉં? ભલાં મારાં રમકડાં ને ભલો હું—

કીલાનું દૃઢ વલણ જોઈને, અને પોતાની પાસે દલીલો ખૂટવાથી નરોત્તમ મૂંગો થઈ ગયો એટલે કીલાએ પોતાનું મંતવ્ય ભારપૂર્વક ઠસાવવા ઉમેર્યું: 'મોટા, તેં હજી દુનિયાના મામલા ઝાઝા જોયા નથી એટલે આવી વાત નહીં સમજાય. મારા વાલેશરી ને હિતેશરી થઈને ફૂટી નીકળેલા આ સહુ તો લાભેલોભે લોટે છે. બાકી આ કીલો તો ગામ આખાની નજર સામે સ્ટેશન ઉપર આટલાં વરસથી પડ્યો હતો. પણ ત્યારે કેમ કોઈ મારો ભાવ પણ નહોતા પૂછતા? આ તો મીઠીબાઈસ્વામી વખાણમાં કહે છે એમ, સમા સમાને માન છે. માણસ પોતે તો એના એ જ હોય છે. પણ સમો બળવાન છે. બાણાવળી

અર્જુન તો હતો એ જ હતો, ને એનાં ધનુષબાણ પણ એ જ હતાં. પણ એક સમે એને કાબા લૂંટી ગયા ને બીજે સમે એણે એ જ ધનુષબાણથી મચ્છવેધ કરી નાખ્યો, ને દ્રૌપદીને પરણી આવ્યા—'

'તમારો સમો પણ અત્યારે બળવાન છે, તો અર્જુનની જેમ મચ્છવેધ કરી નાખો,' નરોત્તમે કહ્યું, ને પછી, બીતાં બીતાં મજાકમાં ઉમેર્યું: ને ઘરમાં દ્રૌપદીની પધરામણી થવા દો—'

'પધારો! પધારો!' બારણા તરફ જોઈને કીલો ઉમંગભેર બોલી ઊઠ્યો.

નરોત્તમે જોયું તો બારણામાં એક કંગાલ ડોસો ઊભો હતો. એના કરચલીઆળા ચહેરા પર મૂર્તિમંત દૈન્ય દેખાતું હતું. થાગડથીગડ સાંધેલાં કપડાં એની દરિદ્રતા સૂચવતાં હતાં. નિસ્તેજ આંખોની પાંપણ ઉપર કોઈ અકથ્ય મૂંગી અંતરવેદનાનો ભાર તોળાતો હતો.

'પધારો, જૂઠાકાકા, પધારો!' કીલો ઊભો થઈને કોઈ ઉપરી અધિકારીનું સ્વાગત કરતો હોય એ ઢબે આદરપૂર્વક ઉંબરા સુધી પહોંચ્યો.

આવાં આદરમાન જાણે કે વધારે પડતાં લાગ્યાં હોય એવા સંકોચ સાથે ડોસો એક પગલું પાછો હઠી ગયો.

'અંદર આવો, અંદર આવો! બેસો!' કરીને કીલો આ આગંતુકને પ્રેમપૂર્વક ઓરડામાં દોરી લાવ્યો, ને સરકારી ખુરસી પર બેસવાનું કહ્યું.

જાણે કે ખુરસી જેવું અમીરી બેસણું જોઈને જ પોતે ભડકી ગયો હોય એમ ડોસો ગભરાતો ગભરાતો ભોંય ઉપર બેસી ગયો.

'નીચે બેસાય, કાકા?' કીલાએ ફરી એને ખુરસી પર બેસવા આગ્રહ કર્યો.

'મને કાકા કાકા કહીને શરમાવો મા, કામદાર!' ડોસાએ પહેલી જ વાર ધ્રૂજતાં ધ્રૂજતાં આટલા શબ્દો ઉચ્ચાર્યા. 'હું તો તમારા બાપુનો વાણોતર—'

પણ હું તમારી કાખમાં રમીને મોટો થયો છું ને?' કીલાએ મી
મધ જેવા પણ આર્દ્ર સ્વરે કહ્યું. 'બાપુનું ગામતરું થયા પછી
તમે જ બાપુને ઠેકાણે—'

'એ તો બારિસ્ટર સાહેબની મન-મોટપ તમારામાં ઊતરી
એટલે,' ડોસાએ કહ્યું, 'બાકી બીજા કોઈ તો આંખની ઓળખાણ
શેની રાખે?'

નરોત્તમ ક્યારનો આ વૃદ્ધને ઓળખવા મથી રહ્યો હતો.
માણસને અગાઉ ક્યાંક જોયા હોય એમ લાગ્યું. પણ ક્યાં જોયેલ
એ યાદ આવતું નહોતું. અણસાર પરિચિત લાગ્યો પણ ઓળ
મુશ્કેલ લાગી.

એવામાં જ કીલાએ વાત વાતમાં આગંતુકને પૂછ્યું: 'શું કરે
મીઠીબાઈસ્વામી?'

'ધરમધ્યાન ધરે છે, ને કરમ ખપાવે છે.' જૂઠાકાકાએ ઔપચારિ
ઉત્તર આપ્યો.

અને તુરત નરોત્તમનો સ્મૃતિદોર સંધાઈ ગયો અને યાદ આ
કે આ તો, તે દિવસે પોતે કીલાભાઈ જોડે ઉપાશ્રયમાં ગયેલો ત્ય
જોયેલા એ જ ડોસા... જેણે કીલાને 'કેમ છો કામદાર?' કહી
બોલાવેલા, અને કીલાએ એ સાચા નામોચ્ચાર બદલ ડોસાને મી
ઠપકો આપેલો...

'ઘણાય દિવસથી તમારી પાસે આવું આવું કરતો'તો. પણ અવ
નહોતું,' જૂઠાકાકા બોલતા હતા.

'કોઈ હારે કહેવરાવ્યું હોત, તો હું પોતે આવી જાત—' કીલા
વિનય દાખવ્યો.

'આમાં તો મારે જ આવવું પડે એમ હતું.'

'તમારું જ ઘર છે, કાકા—'

'કામદારના કુળની આ મોટાઈ હું ક્યાં નથી જાણતો?' ડો

વ્યથિત હૃદયે બોલતા હતા. 'પણ મૂંઝવણ એવી ભારે આવી પડી છે, કે અહીં આવતાં પગ નહોતો ઊપડતો–'

વ્યવહારદક્ષ કીલાને સમજતાં વાર ન લાગી કે ડોસા કોઈક નાજુક પ્રકારની મૂંઝવણ લઈને આવ્યા છે.

'તમે જરાય મૂંઝાશો નહીં, કાકા,' કીલાએ હિંમત આપી, 'મારા જેવું જે કાંઈ પણ હોય એ કહી દિયો–'

ડોસાની નિસ્તેજ આંખોના ડોળા કીલાને બદલે નરોત્તમ ઉપર નોંધાયા એ ઉપરથી કીલો સમજી ગયો કે તેઓ આ અજાણ્યા માણસની હાજરીનો ક્ષોભ અનુભવે છે. તુરત એણે કહ્યું: 'આને તમે ન ઓળખ્યો, કાકા? તે દિવસે હું અપાસરે આવ્યો ત્યારે મારી ભેગો હતો એ...'

'હા, હા, હવે અણસાર ઓળખ્યો.'

'એનું નામ નરોત્તમ. મારો નવો ભાઈબંધ છે ને મંચેરશાની પેઢીમાં ભાગીદાર છે–'

'બરોબર ઓળખ્યા!' જૂઠાકાકા બોલ્યા, 'તમે મીઠીબાઈસ્વામીને વંદવા આવ્યા'તા ત્યારે તમારી ભેગા હતા... ઓળખ્યા! ઓળખ્યા!'

કીલાએ ડોસાના હાવભાવ ઉપરથી પારખી લીધું કે, 'ઓળખ્યા, ઓળખ્યા...' એમ કરવા છતાં ડોસાને અત્યારે નરોત્તમની હાજરી અકળાવી રહી છે. કોઈક અત્યંત ગુહ્ય સત્યની અભિવ્યક્તિમાં આ ત્રાહિત વ્યક્તિ આડે આવી રહી છે. તુરત એણે નરોત્તમને સૂચન કર્યું: 'મોટા, ઘડીક બહાર ઓશરીમાં બેસ ને!'

નરોત્તમ ઊઠીને ઓસરીમાં ગયો, એટલે કીલાએ કહ્યું: 'બોલો કાકા, શી વાત છે?'

*

૩૪

# પાંખ વિનાની પારેવડી

**કીલા** તરફથી 'બોલો, કાકા!' એવો આદેશ મળ્યો છતાં જૂઠાકાકાની જીભ ઊપડી શકી નહીં. બે-ત્રણ વાર હોઠનો મૂંગો ફફડાટ થયો પણ એમાંથી વાચા ફૂટી શકી નહીં, તેથી કીલાના મનમાં ઉદ્‌ભવેલી શંકા વધારે ઘેરી બની. એમનો ક્ષોભ ઓછો કરવા કીલાએ કહ્યું:

'કાકા, મૂંઝાવ મા જરાય, મને ઘરનું જ માણસ ગણીને, જેવું હોય એવું કહી નાખો તમતમારે—'

'તમને ઘરનું માણસ ગણું છું એટલે તો આજે અહીં આવ્યો છું. પારકાને કાને તો આની ગંધ પણ જવા ન દેવાય એવી વિપદ આવી પડી છે—'

'આ કીલાને મોઢેથી કોઈને કાને વાત નહીં જાય. હું તો મોઢા ઉપર ખંભાતી મારીને ફરું છું, એ તમને ખબર છે?' કીલાએ ખાતરી આપી અને પછી, ડોસાની રુદ્ધ વાચાને મુક્ત કરવા અનુકૂળ વાતાવરણ ઊભું કરવા માંડ્યું, 'વિપદ તો આ સંસારમાં આવે ને જાય, તમે આટલાં વરસથી અપાસરામાં સંજવારી કાઢો છો, એટલે ઘણાંય સાધુસાધ્વીના ઉપદેશ સાંભળ્યા હશે. મીઠીબાઈસ્વામી વખાણમાં નથી કહેતાં, કે વિપદ પડે તોય વણસે નહીં, એનું નામ માણસ!'

'મહાસતીનાં વેણ તો મોંઘાં રતન જેવાં છે... ...' ડોસા બોલ્યા: 'પણ મારી વિપદ બહુ વસમી છે, કીલાભાઈ!-'

'એનું નામ જ પંચમકાળ, કાકા! દૂબળાં ઢોરને બગાં ઝાઝી, એમ તવાયેલાંની વધારે તાવણી થાય,' કીલાએ આશ્વાસન આપીને કહ્યું: 'કહી દિયો, જેવું હોય એવું—'

'વાત કીધી જાય એવી નથી, કીલાભાઈ!' ડોસાએ પોતાની
ંતરવેદના વ્યક્ત કરી: 'માલીપા ભડભડ હૈયાહોળી બળે છે.'
'એટલે તો કહું છું કે દુખિયું માણસ બીજા દુખિયાને કાને પેટછૂટી
ાત કરે તો હૈયાભાર હળવો થાય-'
'ભાર હળવો કરવા તો આ ઉંબરે પગ મેલ્યો છે; આવડા મોટા
ામમાં મારે તમ સિવાય બીજો કોઈ વિસામો નથી.' જૂઠાકાકા હજી
ંતરની વાત કરવાને બદલે આડાઅવળા ઉદ્ગારો કાઢીને મૂળ મુદ્દા
ર—અણગમતા કથન પર - આવવાનું ટાળતા હતા: 'બારિસ્ટર
ાબની અમીનજરમાં હું ઊછર્યો'તો... ને હવે તમારામાં તો બાપુ
રતાંય અદકાં અમી ભાળું છું...'
'હું તો રાંકના પગની રજ છું, કાકા! તમ જેવો જ દુખિયો જીવ
. દુખિયા માણસને વિપદ ટાણે બીજો દુખિયો સાંભરે એમાં શી
વાઈ?' કીલો ધીમે ધીમે ડોસાનો સંકોચ ઓછો કરતો જતો હતો:
ીઠીબાઈસ્વામી સાચું જ કહે છે, કે સુખ એકલાં એકલાં ભોગવવું
ારું લાગે; પણ દુ:ખ તો બે-ચાર જણ ભેગાં થઈને ભોગવીએ તો
ળવું લાગે—'
'મારી ઉપર તો દુ:ખનો ડુંગર આવી પડ્યો છે. મારે એકલાએ
એનો ભાર ભોગવવો પડે એમ છે—'
'તોય એક કરતાં બે ભલા. કહેવત ખોટી છે, કે એક કી લકડી,
ા કા બીજ?' કીલોએ કહ્યું. 'મારાથી જરાય જુદાઈ જાણશો મા
કા! જીવને નિરાંત રાખી, સરખાઈથી વાત કરો તો એમાંથી કાંઈક
સ્તો નીકળશે—'
કીલાનાં આટલાં સાંત્વનોને પરિણામે ડોસાએ થોડી સ્વસ્થતા પ્રાપ્ત
રી. ક્ષોભ અને સંકોચ દૂર થતાં એમણે શરૂ કર્યું:
'આપણી ગગી છે ને... મોંઘી—'
'હા, હા.

'એને ઘરકામ કરવા તેડાવી'તી—'

'કોણે?' કીલાએ જરા અધીરપથી પૂછ્યું.

'એનું કાળમુખાનું નામ લઈશ, તોય હું પાપમાં પડીશ...' જૂઠાકાકાએ કહ્યું, 'પણ આપણા અપાસરાના મુખીને તો તમે—'

'ઓળખું છું, ઓળખું છું!' કીલો ઉગ્ર અવાજે બોલી ઊઠ્યો 'પગથી માથા લગી ઓળખું છું. એની પાંથીએ પાંથીમાં હું ફરી વળ્યો છું. કાંઈ કરતાં કાંઈ અજાણ્યું નથી—'

'એ વારે ઘડીએ મોંઘીને કાંઈક ને કાંઈક ઘરકામ ચીંધ્યા કરતા આજે ઘઉં વીણવા છે, તે ઘેરે આવજે... આજે પાપડ વણવા છે એટલે જરાક હાથ દેવા આવજે... આમ એક કે બીજે બહાને ગગીને ઘેર તેડાવતા—'

'પણ તમે એને સબળ મોકલતા?' કીલાએ વચ્ચે પૃચ્છા કરી.

'ભાઈ, હું તો એને મોકલવામાં જરાય રાજી નહોતો... શેઠની આબરૂ તો ગામ આખું જાણે જ છે, એટલે મોંઘીને મોકલતાં મારું મન જરાય માનતું નહોતું...' જૂઠાકાકાએ કબૂલાત કરી. 'ને વળી શેઠાણીએ પોતે ઊઠીને મને ચેતવ્યો હતો... કાનમાં ફૂંક મારી રાખી'તી, કે મોંઘીને મોકલજો મા—'

'તોય તમે મોકલી?'

'કહું છું ને, કે આમાં વાંક મારો જ છે... મોટા માણસનું વેણ ઉથાપી ન શક્યો, ને મને-કમને મોકલાવી.'

'બહુ કરી તમે તો... હાથે કરીને ગાયને કસાઈવાડે મોકલાવી,' કીલાએ ઠપકો આપ્યો. 'પણ મોંઘી પોતે કાંઈ—'

'છોકરી એવી તો રાંકડી છે, કે સંધુંય મનમાં ને મનમાં ખમી ખાધું,' જૂઠાકાકાએ કહ્યું: 'બિચારી એની મા જેવી ગરીબડી... મરતાંનેય મર ન કહે એવી ટાઢીશીળી... મોંઘીના રાંકડા સ્વભાવમાંથી જ મોંકાણ ઊભી થઈ ને!'

'શું?... શું!'

ફરી ડોસા અસ્વસ્થ થઈ ગયા. કમ્પતા હોઠ એક-બે વાર ફફડ્યા, પણ એમાંથી વેણ જાણે કે પાછાં વળતાં લાગ્યાં. આખરે નછૂટકે, સઘળું મનોબળ એકઠું કરીને શરમમાં નીચી મૂંડીએ કહ્યું:

'મોંઘી બેજીવસુ...'

'ભગવાન! ભગવાન!' કીલાના હૃદયમાંથી દિલસોજીનો સાહજિક ઉદ્‌ગાર નીકળી ગયો.'

'કુંવારી દીકરીનો અવતાર રોળાઈ ગયો,' ડોસા બોલતા હતા.

'કરમની લીલા—'

'કપાળમાં કાળી ટીલી જેવું કલંક...'

'આવ્યું, એ હવે ભોગવવું જ પડે—'

'મારાં ધોળાંમાં ધૂળ—'

'સમજું છું, કાકા! પણ આ તો વાએ કમાડ ભિડાઈ ગયાં જેવું થયું છે... ...એમાં તમારો શું વાંક?'

'જાતે જન્મારે મારે એવું નીચાજોણું—'

'કરમમાં માંડ્યું હશે, એ મિથ્યા કેમ થાય?'

'કીલાભાઈ, આ તો જાંઘના જખમ જેવું... કહેવાય પણ નહીં ને સહેવાય પણ નહીં—'

'જાણું છું, કાકા! બરોબર જાણું છું,' કીલાએ કહ્યું, 'પણ હવે થયું અણથયું કેમ કરીને થાય? હવે તો સૂઝે એવો કાંઈક ઉપાય કરવો જોઈએ...'

'ઉપાય?' જૂઠાકાકાની આંખ ચમકી ઊઠી, 'આમાં તે શું ઉપાય થાય?'

'શેઠને વાત કરી જોઈ કે નહીં?'

'મને જાણ થઈ કે તરત જ—'

'એ શું કહે છે?'

'એ તો, પોતે ધરમના થાંભલા થઈને અધરમના ઉપાય બતાવે છે—'

'રામ! રામ! રામ!' કીલો કંપી ઊઠ્યો. 'આવાં પાપ કરવાનો વિચાર પણ માણસના મનમાં કેમ કરીને આવતો હશે!'

'એટલે તો હું શેઠના મોઢા ઉપર થૂ કરીને આવતો રહ્યો—'

'ઠીક કર્યું તમે. આવા ઉપાય બતાવનારને તો એક ખાસડું મારવું જોઈએ—'

'હું તો ગમે એવો તોય એનો આશરાતિયો માણસ, એટલે મારાથી તો બીજું શું થાય?' જૂઠાકાકા દીન અવાજે બોલ્યા, 'પણ કીલાભાઈ, તમારા હાથમાં હવે અમલ આવ્યો છે. તો તમે એને કાંઈ ઠપકો—'

'ઠપકો? હું તો હમણાં જ હુકમ કરીને એને હાથકડી પહેરાવી દઉં,' કીલો આવેગમાં બોલી ગયો. પણ તુરત સ્વસ્થ અવાજે ઉમેર્યું 'ના, ના, એને હરામખોરને હાથકડી પહેરાવીએ તોય કાંઈ ન થાય. ઊલટાની, સરકારની હાથકડી અભડાય. ને એમાં આપણને તો નુકસાન થયું છે એ થોડું અણથયું થવાનું હતું?'

આટલું કહીને કીલો મૂંગો થઈ ગયો—જાણે કે અંતર્મુખ દશામાં આ સમસ્યાનો કશોક ઉકેલ ન શોધતો હોય!

જૂઠાકાકા દિશાશૂન્ય ચિત્તે જમીન ખોતરતાં બોલતા રહ્યા: 'મારી મોંઘી તો બિચારી ગભરુડી ગાય જેવી... છાતીફાટ રુવે છે... માથાં પછાડે છે—'

અસહાય બાળાની યાતનાનું આ વર્ણન સાંભળીને સંવેદનશીલ કીલાએ પણ જાણે કે એટલી જ મનોવેદના અનુભવી. એની નજર સામે એક કારુણ્યમૂર્તિ તરવરી રહી અને ભદ્ર સમાજમાં એની અગૌરવપ્રદ સ્થિતિનો ખ્યાલ આવતાં આ દિલસોજ માણસને રૂંવે રૂંવે આગ ઊઠી.

'મારી આંખ્યના રતન જેવી મોંઘીનો મનખાવતાર રોળાઈ ગ્યો...' ઘવાયેલા પ્રાણીની જેમ જૂઠાકાકાનો જીવ રહી રહીને કણસતો હતો.

'એમ હિંમત હારી જાવ મા, કાકા!' કીલાએ દૃઢ અવાજે કહ્યું. 'આપણને જીવતર આપનારો તો હજાર હાથવાળો ઉપર બેઠો છે

કોઈ માણસનું જીવતર રોળી નાખવાનું બીજા માણસનું ગજું નથી.'

સાંભળીને, હતાશ જૂઠાકાકા કીલા તરફ આશાભરી મીટ માંડી રહ્યા. હજી એમને કીલાની ગૂઢ વાણી બરોબર સમજાઈ નહોતી, તેથી પૂછી રહ્યા: 'પણ મોંઘીનું જીવતર તો રોળાઈ જ ગયું, એમાં બાકી શું રહ્યું છે હવે?'

'કોણે કીધું કે રોળાઈ ગયું? એમ એક નાનકડી ભૂલ થાય, એમાં શું જિંદગી આખી હારી બેસાય?' કીલો આ વૃદ્ધ માણસને હિંમત આપતો હતો. 'ભૂલનો ઉપાય કરવો જોઈએ, કાકા! આપણને પગ ઉપર ગૂમડું થાય છે, તો ગૂમડા ઉપર પોટીસ મેલીએ છીએ. આખેઆખો પગ કાપી નથી નાખતા. પગ ખોટો પડી જાય, તો માણસને કાખઘોડી બંધાવીએ છીએ, પણ એને આખેઆખો મારી નથી નાખતા. સમજણ પડી ને, કાકા?'

સાંભળીને ડોસા વધારે આશાભરી આંખે કીલા તરફ જોઈ રહ્યા, પણ હજી એમને આ સલાહના રૂપકાર્થમાં બહુ સમજણ પડતી નહોતી.

કીલો ફેરવી ફેરવીને એકની એક વાત મભમ રીતે આ વડીલના મગજમાં ઠસાવવા મથતો હતો:

'જિંદગીમાં તો ઘણાય ખાડાખાબડા આવે. એકાદ ઠેકાણે પગ લપસી જાય, ને માણસ અંદર પડી જાય, તો એને હાથ ઝાલીને ટેકો આપીને બહાર કાઢવો જોઈએ. ખાડામાં પડેલાને માથે, મડદાંની જેમ ધૂળ વાળીને ઢાંકી ન દેવાય. જીવતા માણસમાં ને મરેલા માણસમાં આટલો જ ફેર. સમજણ પડી ને કાકા?'

ડોસા એકચિત્ત આ સલાહસૂચન સાંભળી રહ્યા અને એમાંથી એમને, 'હાથ ઝાલીને કાઢવું જોઈએ' શબ્દો જચી ગયા. 'હાથ ઝાલીને બહાર કાઢવું જોઈએ' અત્યંત સ્વાભાવિકપણે ઉચ્ચારાઈ ગયેલી આ ઉક્તિ વૃદ્ધના વ્યથિત ચિત્તમાં ફરી ફરીને ઉચ્ચારણ પામતી રહી અને એ શબ્દોમાંથી પિતાના વત્સલ હૃદયે પુત્રી માટે વાચ્યાર્થ પણ

ઘટાવ્યો: 'હાથ ઝાલીને બહાર કાઢવી જોઈએ—' વાહ! સૂચન તો સરસ છે, પણ વ્યવહારુ છે ખરું? એ જ તો મોટી મુશ્કેલી! અ તેથી જ તો એમણે નિખાલસતાથી પૂછી નાખ્યું:

'પણ મારી મોંઘીનો હાથ ઝાલે કોણ?'

આ પ્રશ્ન તો આખા સંવાદના સંદર્ભમાં બહુ સાહજિકપણે પુછાઈ ગયો હતો. પણ કીલાના સરવા કાનમાં... અને એથીય અદક સંવેદનશીલ હૃદયમાં... એણે એક વિશિષ્ટ ધ્વનિ પ્રગટાવ્યો.

'ઓલ્યા રાખહે જેને અભડાવી એ મારી નમાઈ ને નિમાણી દીકરીનો હાથ હવે ઝાલે કોણ?' ડોસાએ દર્દનાક સ્વરે પૂછ્યું. એની નિસ્તેજ આંખના ઊંડા ઊતરી ગયેલા ડોળા કીલા સામે એ જબરો પ્રશ્નાર્થ ધરી રહ્યા.

માસૂમ મોંઘીની અને એના જનક જૂઠાકાકાની અસહાય દશાની કલ્પના કીલાના હૃદયને વલોવી રહી.

કીલા માટે આ ક્ષણ જીવનની આકરામાં આકરી કસોટીની ક્ષણ હતી. ડોસાના આ એક જ પ્રશ્નમાં આ સાધુચિરત માણસનાં શી અને શરિયતની પરીક્ષા થવાની હતી.

તેથી જ, કીલાનું મન ચગડોળે ચડી ગયું. ક્ષણ-બે ક્ષણમાં એનું ચિત્તતંત્ર આખા અતીત જીવનની પરકમ્મા કરી આવ્યું. સા વાર સુધી એ શાંત બેઠો રહ્યો, પણ એના અંતરમાં તો જબ ઘમસાણ મચી ગયું હતું.

આખરે, વિચારતંદ્રામાંથી ઝબકીને એણે જોયું તો જૂઠાકાકા પ્રશ્નાર્થસૂચક આંખો હજી પણ કીલાની જ દિશામાં મંડાયેલી હતી એ મૂંગી નજર પણ બાપોકાર પૂછી રહી હતી: જવાબ આપો જવાબ આપો, મારી મોંઘીનો હાથ હવે ઝાલે કોણ?

આ પ્રશ્નનો ઉત્તર તાબડતોબ આપી શકાય એવો સહજ સહેલો નહોતો. કીલાને હજીયે મૂંગો બેઠેલો જોઈને ડોસાએ કહ્યું

'મારી પારેવડી જેવી મોંઘી હજી તો ઊગીને ઊભી થાય એ પહેલાં તો એની પાંખું કપાઈ ગઈ... હવે એ ઊડશે કેમ કરીને?'

સાંભળીને કીલો વધારે અંતર્મુખ બન્યો. ડોસા પોતાનું દર્દ વર્ણવતા રહ્યા.

'પાંખ વિનાની પારેવડી હવે જીવશે કેમ કરીને?'

'એને કોઈ પોતાની પાંખ ઉછીની આપે તો–' ક્યારનો મૂંગો બેઠેલો કીલો એકાએક આ સૂચક ઉક્તિ ઉચ્ચારી ગયો. પોતાના હોઠમાંથી કેમ કરીને આટલાં વેણ છૂટી ગયાં એની તો કીલાને પોતાને પણ નવાઈ લાગી.

'કોઈ પાંખ ઉછીની આપે?' ડોસાને આવી રૂપકવાણી સમજાઈ નહીં તેથી પૂછ્યું.

'હા,' હવે કીલાએ મક્કમ અવાજે ટપોટપ ઉત્તર આપવા માંડ્યા: 'પારેવડીની પાંખ ભલે કપાઈ ગઈ. પણ મીઠીબાઈસ્વામી કહે છે એમ, એક જીવ બીજા જીવને જિવાડે... માણસ માણસને તારે–'

'પણ મારી પારેવડીને પાંખ કોણ આપે? કેવી રીતે આપે?' ડોસાએ પોતાની શંકાઓ વ્યક્ત કરી.

'મને વિચાર કરી જોવા દિયો, કાકા!' કીલાએ કહ્યું. 'બેચાર દી પછી હું તમારી પાસે આવીશ, ને કાંઈક રસ્તો કાઢીશું–'

'ભલે ભાઈ!'

'ને મનમાં જરાય ઉચાટ રાખશો મા, સમજ્યા ને?' કીલાએ હૈયાધારણ આપી.

'ભલે, ભાઈ!' કહીને જૂઠાકાકા આશાનું આછુંપાતળું કિરણ લઈ વિદાય થયા.

*

જૂઠાકાકા ગયા કે તુરત કીલાએ બહાર રાહ જોઈને બેઠેલા નરોત્તમને હાંક મારી: 'મોટા, અંદર આવતો રહે હવે.'

ડોસા સાથે કીલાને શી વાત થયેલી એ નરોત્તમ જાણતો નહોતો. એ જાણવાની જિજ્ઞાસા પણ એને નહોતી. એને તો, પોતે જે કામ માટે આવ્યો હતો... મંચેરશા વતી જે પ્રશ્નનો જવાબ માગવા આવ્યો હતો... એ જ જાણવાની ઉતાવળ હતી તેથી એણે તો નાના બાળક જેટલી સરળતાથી પૂછ્યું: 'બોલો, મંચેરશાને શું જવાબ આપું?'

'અટાણે તો કાંઈ જવાબ નહીં આપી શકું,' કીલાએ કહ્યું: 'પણ મને ચાર દીની મુદત આપો. ચોથે દી હું પોતે આવીને જવાબ આપી જઈશ—!

કીલાભાઈ પાસેથી આટલો બધો ત્વરિત અને અનુકૂલ ઉત્તર મળી જશે એવી નરોત્તમે અપેક્ષા નહોતી રાખી તેથી આ ઉત્તર સાંભળીને એને આનંદ થયો. અને તેથી જ એણે ઉત્સાહભેર કહ્યું 'જુવો, આવતી પૂનમે તો મારે રૂની ગાંસડીઓ આગબોટમાં ચડાવવા મુંબઈ જાવું પડશે. એ પહેલાં તમારો જવાબ આવી જશે ને?'

'જરૂર—'

'તમારો જવાબ જાણ્યા વિના હું મુંબઈ નહીં જાઉં—' નરોત્તમે લાડ કરતાં કહ્યું.

'ઓહોહો! તું તો ભારે ચાગલો કાંઈ!'

'તમારો જ નાનો ભાઈ છું ને!' કહીને નરોત્તમ હસતો હસતો બહાર ગયો.

*

નરોત્તમ ગયો કે તુરત કીલાનું વિચારસંક્રમણ શરૂ થઈ ગયું.

એ પછીના ત્રણ દિવસ ને ત્રણ રાત એણે ભયંકર મનોમંથનમાં વિતાવ્યાં. એ માનસિક વલોપાત એની મુખરેખાઓ ઉપર પણ અંકિત થઈ ગયેલો એ જોઈને ખુદ વૉટ્સન સાહેબને પણ આશ્ચર્ય થયું

ગોરા સાહેબે આ ગમગીનીનું કારણ પૂછ્યું ત્યારે કીલાએ પહેલાં તો એ અંગત પ્રશ્ન રોળીટોળી નાખ્યો. પણ વિચક્ષણ દૃષ્ટિ ધરાવનાર સહૃદય સાહેબે જ્યારે વારંવાર એ વિશે પૂછપરછ કરવા માંડી ત્યારે કીલાએ આખી કથની અથેતિ કહી સંભળાવી. જૂઠાકાકાની પુત્રીની કરુણ પરિસ્થિતિ સમજાવી અને એમાંથી માર્ગ કાઢવામાં પોતાને અનુભવવી પડતી દ્વિધાનો ખ્યાલ આપ્યો.

કીલાને સ્વમુખેથી એના પૂર્વાશ્રમની રજેરજ હકીકત જાણી ચૂકેલા વૉટ્સન સાહેબને એની દ્વિધાવૃત્તિ સમજાતાં વાર ન લાગી. તેઓ જાણતા હતા કે કીલો એક વાર નિર્વેદાવસ્થામાં સાધુજીવનની દીક્ષા લઈ ચૂક્યો છે. એ દીક્ષાના પ્રતીક રૂપે રુદ્રાક્ષના મોટા મોટા પારાવાળી એક માળા પણ હજી એની ડોકમાં મોજૂદ હતી.

કીલાએ સાહેબ સમક્ષ કબૂલ કર્યું કે આ રુદ્રાક્ષની માળા જ મને મારી ફરજ-બજવણીમાં બંધનરૂપ બની રહી છે. સાધુજીવનની અસારતા સમજાતાં, ક્રિયાકાંડની નિરર્થકતાનું ભાન થતાં અને ત્યાગની ભાગેડુ વૃત્તિને બદલે જીવન-સંઘર્ષમાં ઝઝૂમવાની વૃત્તિ બળવત્તર બનતાં પોતે પાછો સંસારમાં પ્રવેશ્યો હતો. છતાં હજી આ રુદ્રાક્ષની માળા એને મુક્ત બનવા નહોતી દેતી. માળાનો એકેક મણકો જાણે કે લોખંડી સાંકળના અંકોડા સમો બની રહ્યો હતો.

કીલાની આ અનિશ્ચિત મનોદશા જોઈને વૉટસન સાહેબને નવાઈ લાગી. આવું દૃઢ મનોબળ ધરાવનાર માણસ આ બાબતમાં આટલી બધી દ્વિધા શા માટે અનુભવે છે?... પણ લાંબો વિચાર કરતાં એમને સમજાયું કે ભારતીય જીવનપ્રણાલીમાં ઊછરેલો માણસ એક વેળાના દીક્ષિત જીવનને આટલું મહત્ત્વ આપે એમાં નવાઈ જેવું કશું નથી. એને માત્ર એટલી જ પ્રતીતિ થવી જરૂરી છે, કે અંતરના પ્રામાણિક આદેશ સમક્ષ બીજા સર્વ બાહ્ય આદેશો અને બંધનો તુચ્છ છે.

અને કીલાને એવી સચોટ પ્રતીતિ કરાવવાનું કામ ગોરા સાહેબે

પોતાને માથે લઈ લીધું. એક આખો દિવસ એમણે કીલાને વિવિધ ફિલસૂફીનો અને ધર્મદર્શનોનો સાર કહી સંભળાવ્યો. જુદા જુદા સંતોના સૂચક જીવનપ્રસંગો વર્ણવ્યા અને પ્રતિપાદન કર્યું કે આચારધર્મ કરતાં હૃદયધર્મ ચડિયાતો છે.

આખરે કીલાને પ્રતીતિ થઈ કે સ્થૂલ લોકાચાર કરતાં હૃદયનો ધર્મ વધારે મહત્ત્વનો છે અને આ પ્રતીતિ થવાની સાથે જ એની આંખ ઉપરનાં પડળો ઊઘડી ગયાં, જીવનનો માર્ગ દીવા જેવો સ્પષ્ટ જણાયો.

હળવાફૂલ હૃદયે એ જૂઠાકાકાને ઘરે જઈ પહોંચ્યો.

કીલો આપેલા વાયદા પ્રમાણે સાચે જ પોતાને આંગણે આવી ઊભશે એ તો આ ડોસાને કલ્પના પણ નહોતી; તેથી જ તેઓ અરધા અરધા થઈને શિરસ્તેદારનો હોદ્દો ધરાવનાર આ અમલદારને આવકારવા ઉંબરા સુધી દોડી ગયા.

'હમણાં જ શેઠજી આવી ગયા.' ડોસાએ કહ્યું.

'શું કામે આવ્યા'તા?' કીલાએ કરડાકીથી પૂછ્યું.

'એય હવે તો મૂંઝાણા છે ને, એટલે આમાંથી રસ્તો બતાવવા આવ્યા હતા.'

'શું રસ્તો બતાવ્યો? શેઠજી પોતે મોંઘીને પરણી જશે?'

ડોસા દર્દભર્યું ખિન્ન હાસ્ય વેરીને બોલ્યા: 'એ વાતમાં શું માલ છે? એણે તો છોકરીને લઈને લાંબી જાત્રાએ જાવાનું મને કીધું—'

'ને પછી છોકરું આવે એને ગંગાજીમાં પધરાવી દેવાનું કીધું રાક્ષસે?' કીલાએ વધારે કરડાકીથી પૂછ્યું.

'ના, ના, એટલું બધું કહેતાં તો એની જીભ ન ઊપડી, પણ એ કોક ઓળખીતાના અનાથાશ્રમમાં મેલવાની વાત કરતા'તા ખરા.'

'આવી વાતનો વિચાર પણ કરજો મા, કાકા! અવતરનાર મૂંગો જીવે બિચારે શું ગુનો કર્યો છે કે એને અનાથાશ્રમમાં મૂકવો પડે?—

'પણ તો પછી કરવું શું કીલાભાઈ? મને તે આમાં કાંઈ સર્ય નથી સૂઝતી—'

છોરુ વચ્ચે એવા વિજોગ પડાવીએ, તો પાપ ન લાગે?' કીલો હજી રોષભર્યા અવાજે બોલી રહ્યો હતો.

'નસીબમાં જે વિજોગ લખ્યા જ હશે, તો તો...' ડોસાની જીભના લોચા વળવા લાગ્યા. 'જનમનારના છઠ્ઠીના લેખમાં જ જો લખ્યું હશે...'

'લેખ ઉપર મેખ મારશું, કાકા!' કીલાએ ગર્વભેર કહ્યું.

'કેવી રીતે?' ડોસા પૂછતા રહ્યા. 'પણ કેવી રીતે?

'જુવો. તમને કબૂલ હોય તો હું મોંઘીનો હાથ ઝાલવા તૈયાર છું.' કીલો બોલી ગયો, 'હું એને પરણી જઈશ, ને કહીશ કે આ મારું જ સંતાન છે—'

ડોસો તો ફાટી આંખે કીલા સામે તાકી જ રહ્યો. પોતે જે શબ્દો સાંભળ્યા એ સાચા હોવા વિશે એમને શ્રદ્ધા ન બેઠી. ચારેય તરફ દુઃખથી ઘેરાયેલા માણસને સુખની આછેરી ઝલક દેખાતાં જેમ ભ્રાંતિ ઊભી થાય, એવી જ સ્થિતિ જૂઠાકાકાની થઈ પડી, 'તમને કબૂલ હોય તો હું મોંઘીનો હાથ ઝાલવા તૈયાર છું,' આ શબ્દો સાચે જ ઉચ્ચારાયા હતા કે પછી કેવળ કાનમાં ભણકારા ઊઠ્યા હતા એ અંગે ડોસાના મનમાં સંભ્રમ પેદા થયો.

'મીઠીબાઈસ્વામીનો ઉપદેશ ભૂલી ગયા?' કીલાએ ફરી પોતાની લાક્ષણિક ઢબે એક સુવાક્ય ટાંક્યું: 'જીવ-પુદ્‌ગળને જાકારો દઈએ તો પાપમાં પડીએ—'

ડોસો તો પુલકિત હૃદયે આ માણસ સામે જોઈ જ રહ્યો.

'બાળક નમાયું ગણાય એનો વાંધો નહીં, પણ કોઈ જીવ બાપ-વિનાનો ઠરે તો એ બહુ હીણું કહેવાય.' કીલો સમજાવતો હતો: 'મોંઘીના બાળકને હું મારું જ બાળક ગણીશ.'

'તમે?... તમે?...' હર્ષાવેશના અતિરેકથી ડોસાનો અવાજ ગદ્‌ગદિત થઈ ગયો. બોલ્યા: 'પણ... પણ... આ તો પારકું પાતક—

'મારે માથે ઓઢી લઈશ!' કીલાએ દૃઢ નિર્ધાર જણાવી દીધો.

ડોસાને અત્યારે આ માણસ તારણહાર લાગ્યો; અધમોદ્ધારકથીય અદકો જણાયો. એણે દાખવેલા આત્મભોગ બદલ અહેસાન વ્યક્ત કરવા માટે આ અભણ વૃદ્ધ પાસે યોગ્ય શબ્દો નહોતા; એ તો લાગણીના અતિરેકમાં ઢગલો થઈને કીલાના પગમાં ઢળી પડ્યો અને હર્ષાશ્રુની અણખૂટ ધારા વડે આ ઉદ્ધારકના બંને પગના પોંચા પખાળી રહ્યો.

કીલાએ બે હાથ ઝાલીને ડોસાને ઊભા કરતાં કહ્યું: 'કાકા ઊભા થાવ, ઊભા. મને શરમમાં નાખો મા. હું તો તમારું છોકરું ગણાઉં... તમે તો મારા બાપુના ઠેકાણે છો... મને આશીર્વાદ આપો કે હું સુખી થાઉં—'

*

## ૩૫
# જ્યોત ઝગે

'સાંભળ્યું, બટુકની બા? નરોત્તમ લખે છે, કે...'

રાતે વાળુપાણીથી પરવારીને, ઓતમચંદ પિત્તળની દીવી પેટવીને ઘરમાં નામુંઠામું ઉતારવા બેઠો હતો. એ જ વખતે લાડકોર, પટારો ઉઘાડીને દરદાગીના તથા કપડાંલત્તાં ફેંદી રહી હતી. દકુભાઈના બાલુનાં લગન આવતાં હોવાથી લાડકોર થોડા દિવસથી એની તૈયારીઓમાં જ ગળાબૂડ રહેતી. અત્યારે પણ તે બાલુ માટેના દાગીનાના ઘાટ યોજવામાં એવી તો મશગૂલ હતી કે પતિએ નરોત્તમનો પત્ર આવ્યો હોવાની જે વાત કહી, એ એના કાન સુધી પહોંચવાને બદલે જાણે કે હવામાં જ ઊડી ગઈ.

'સાંભળ્યું? નરોત્તમની મુંબઈથી ટપાલ છે...' પત્ની બેધ્યાન છે, એમ સમજીને ઓતમચંદે ફરી વાર કહ્યું.

'હં... હં... હા...' કહીને લાડકોર ફરી કપડાં-દાગીના ફેંદવા લાગી.

ભોળુડી પત્ની પ્રત્યે પતિ સહાનુભૂતિયુક્ત સ્મિત વેરી રહ્યો.

ઓતમચંદે ફરી થોડી વાર નામું લખ્યા કર્યું અને પત્ની માનસિક રીતે આ પત્રની વાત સાંભળવા જેટલી સ્વસ્થતા દાખવે એની રાહ જોયા કરી. પછી સૂચક ટમકો મૂક્યો:

'સાંભળ્યું? આ નરોત્તમ તમને પગેલાગણ લખાવે છે—'

પણ પોતાના ભાઈને ઘેર લગનમાં જવાના અતિઉત્સાહમાં આ ત્રીજી વારનું કહેણ પણ લાડકોરે સાંભળ્યું-ન સાંભળ્યું કરી નાખ્યું અને સામેથી પૂછ્યું: 'બાલુની વહુ સારુ બંગડી ઘડાવશું કે બાવડા-સાંકળી?'

'બંગડી ને બાવડા-સાંકળી બેય વાનાં ઘડાવો!' ઓતમચંદે ગંભીર મુખમુદ્રા ધારણ કરીને કહ્યું, 'દકુભાઈનો દીકરો પરણતો હોય ને આપણે ઓછાં ઘરેણાં કરાવીએ તો આબરૂ જાય ને!'

અને ફરી ઓતમચંદ મૂછમાં હસતો હસતો કામે વળગ્યો.

હરખઘેલી લાડકોર બાલુના લગ્નપ્રસંગની આગોતરી યોજનાઓમાં વધારે ગુલતાન થઈ ગઈ. આ ઉદારચરિત ભગિની પોતાના ભાઈનો આખો ભૂતકાળ જાણે કે ભૂલી ગઈ હતી. વઢકણી ભોજાઈએ, મકાનમાં વાસ્તુમુહૂર્તને પ્રસંગે નણંદ ઉપર જે વીતક વિતાવેલાં, એની પણ લાડકોરને જાણે કે વિસ્મૃતિ થઈ ગઈ હતી. દુણાયેલા દકુભાઈએ પત્નીની ભંભેરણીથી અને મુનીમની ચડામણીથી જે અવળચંડાઈ આચરેલી, રંગમાં ભંગ પાડેલો અને આખરે જે ખુટામણ કરીને ઓતમચંદની પેઢીને પાયમાલીમાં મૂકી દીધેલી એ બધી જ ઘટનાઓ આ વહાલસોઈ બહેન અત્યારે વીસરી ગઈ હતી. ભાઈભોજાઈ પ્રત્યે લાડકોરના હૃદયમાં નરદમ સ્નેહ ભર્યો હતો. અને એમાં વળી એક ઘટનાએ સ્નેહભાવમાં ઉમેરો કર્યો હતો. હાથભીડના દિવસોમાં એક નાજુક ક્ષણે લાડકોરે પતિને ઈશ્વરિયે મોકલેલો અને દકુભાઈ પાસેથી પાંચ પૈસાની મદદની યાચના કરાવેલી. ઈશ્વરિયાની એ યાદગાર ખેપનો જે બનાવટી અહેવાલ ઓતમચંદે કહી સંભળાવેલો-દકુભાઈએ કરેલી ખાતરબરદાસ્ત અને ખાનદાનીની જે વાતો કરેલી, ઉદાર હાથે કરેલી મદદની, અને પછી વાઘણિયે પાછા ફરતા મારગમાં આડોડિયાઓએ સંધુંય લૂંટી લીધાની જે કપોળકલ્પિત કથની ર કરેલી - એ બધાંને પરિણામે તો 'મારા દકુભાઈ' પ્રત્યેની બહેનની મમતા દ્વિગુણિત થઈ ગઈ હતી.

એ દ્વિગુણિત મમતાથી પ્રેરાઈને જ તો અત્યારે એ ઈશ્વરિ જવાના અને ભત્રીજાનાં લગનમાં ફઈબા તરીકે મહાલવાના મો મોટા મનોરથ ઘડી રહી હતી ને!

ઓતમચંદ માટે આ પરિસ્થિતિ રમૂજ પ્રેરનારી હતી. ઈશ્વરિયેથી દકુભાઈના મારાઓના હાથનો મૂઢ માર ખાઈને પોતે દેવકૃપાએ જીવતો પાછો આવી શક્યો, એ વાતની લાડકોરને ગંધ સુધ્ધાં ન જાય એની ઓતમચંદે તકેદારી રાખી હતી. ઊલટાનું એણે તો વાઘણિયે આવ્યા પછી દકુભાઈની માયામમતાનાં મોંફાટ વખાણ કરીને પત્નીના મનોરાજ્યમાં માજણ્યા ભાઈ માટેનું અત્યંત મધુર ચિત્ર ઊભું કર્યું હતું. ઓતમચંદ જાણતો હતો કે એ ચિત્ર ભ્રામક છે, ઝાંઝવાં જેવું છે. પણ બળબળતે બપોરે, ધગધગતી વેળુમાં વટેમાર્ગુને ઝાંઝવાં પણ જોવાં ગમે છે; મૃગજળની પણ એક મોહિની હોય છે. ઝાંઝવાંનાં જળ માણસના તરસ્યા કંઠની તરસ ભલે ન છિપાવે, પણ આંખને તો અવશ્ય ઠારે છે, વાત્સલ્યભૂખી લાડકોર પણ અત્યારે દૂર દૂર ઈશ્વરિયાની સીમમાં દકુભાઈને આંગણે ભ્રામક છતાં નયનમનોહર મૃગજળ જોઈ રહી હતી, તો ભલે ને જોતી! ઓતમચંદ વિચારતો હતો: એ જીવનજળ ભ્રામક છે, એમ કહીને કોઈને ભગ્નાશ કરવાનું પાપ વહોરવું ન ઘટે.

લાડકોરના મનોરાજ્યમાં બાલુના લગ્નોત્સવનો આખો નકશો અંકાઈ ગયો હતો. વરરાજાનાં ફઈબા તરીકેની પોતાની ફરજબજવણીમાં કેટલા દાગીના, કેવાં કપડાં અને કેટલા રૂપિયા આપવા પડશે, એની વિગતો મનોમન નક્કી કરી લીધી. વળતે વ્યવહારે ભાઈભોજાઈ તરફથી પોતાને કેવાં મોટાં માનપાન અને પહેરામણી મળશે એની કલ્પના કરી લીધી, મામાને ઘેર લાડકા ભાણેજ તરીકે બટુક કેવો મહાલશે એનાં દૃશ્યો પણ એણે આંખમાં સમાવી લીધાં.

'બટુકની બા, આ દીવીમાં જરાક દિવેલ રેડશો?'

ચોપડા ચીતરતા ઓતમચંદે દીવીમાં એક વધારે વાટ પેટાવતાં કહ્યું.

'તમારે તે હજી કેટલુંક દિવેલ બાળવું છે?' લાડકોરે ઊભાં થતાં થતાં કૃત્રિમ રોષથી ટકોર કરી.

'આખી મોસમનો હિસાબ ચોખ્ખો કરવાનો છે ને!... આવત
અમાસે તો બધા ચોપડા લઈને મારે મંચેરશાની પેઢીએ પહોંચ
જાવાનું છે—!

હવે જ લાડકોરને યાદ આવ્યું કે થોડી વાર પહેલાં પતિ
નરોત્તમનો કાગળ આવ્યો હોવાની વાત કહેલી, પણ પોતે એમ
કશો રસ નહોતો લીધો.

'નરોત્તમભાઈનો કાગળ આવ્યો છે?' લાડકોરે જાણે કે ગુનાહિ
સ્વરે પૂછ્યું.

ઓતમચંદ ઇરાદાપૂર્વક મૂંગો રહ્યો.

'શું લખે છે કાગળમાં?' પત્નીએ ફરી વાર પૂછ્યું.

પતિએ હજી મૌન જ જાળવ્યું. ત્યારે લાડકોરે સંચિત અવા
કહ્યું: 'બોલતા કાં નથી?'

'ત્રણ-ચાર વાર તો બોલી જોયું, પણ તમને સાંભળવાની નવરા
જ ક્યાં છે?' ઓતમચંદે કહ્યું, 'તમારા ભાઈના વિચારમાંથી છૂ
થાવ, તો મારા ભાઈની વાત સાંભળો ને!'

'અરેરે! હું તો સાવ ભુલકણી, તે ભુલકણી જ રહી!' પ્રેમા
હૃદયની પારદર્શકતા દાખવનારું પ્રફુલ્લ હાસ્ય વેરતાં લાડકોરે કહ
'દકુભાઈ મને વહાલો છે, ને નરોત્તમભાઈ શું મને દવલો છે! દકુભા
માનો જાયો છે, તો નરોત્તમભાઈ પેટના જણ્યા બટુક કરતાંય સવા
છે... કાગળમાં શું લખે છે, વાંચો જોઈએ!'

'એક વાર મેં વાંચી સંભળાવ્યું કે નરોત્તમે તમને પગેલાગ
લખાવ્યાં છે, પણ તમે કાંઈ કાનસરો દીધો નહીં એટલે મેં કાગળ
જવાબમાં લખી નાખ્યું કે તમારાં ભાભી પગેલાગણ સ્વીકારવા
ના પાડે છે—'

'હાય! હાય! એવું તે કાંઈ લખાતું હશે? ફાડી નાખો એ જવા
ને ફરી દાણ મારા આશિષ લખો!' કહીને લાડકોરે આદેશ આપ્યો

'આખો કાગળ સરખાઈથી વાંચી સંભળાવો! મુંબઈથી શું સમાચાર લખે છે?'

'તમે ઈશ્વરિયેથી આવેલા દકુભાઈના કાગળમાં જ ગૂંચવાઈ ગયાં'તાં એટલે મુંબઈનો કાગળ સાંભળવાની નવરાશ જ ક્યાં હતી?' પતિએ ફરીથી ટોણો માર્યો.

'મારો તો શભાવ જ વીઘાભૂલો, એમાં હું શું કરું?' કહીને લાડકોરે દીન વદને વિનંતી કરી: 'હવે ભલા થઈને કાગળ વાંચો. નરોત્તમભાઈના સમાચાર જાણ્યા વિના મને ઊંઘ નહીં આવે—'

ઓતમચંદને લાગ્યું કે સરલહૃદય પત્નીને હવે વધારે પજવવી યોગ્ય નથી, તેથી એણે કહ્યું: 'સમાચાર તો સંધાય વેપારના છે.'

'કેવાંક છે, વેપારપાણી?'

'સારાં, ઘણાં જ સારાં, ઓતમચંદે કહ્યું, 'આપણી ધારણા કરતાંય વધારે સારાં—'

'તમારા મોઢામાં સાકર!' પત્નીએ પરમ સંતોષથી કહ્યું, 'નરોત્તમભાઈ અહીંથી શહેરમાં ગયા ત્યારે બરોબર શકન પકવીને જ ગ્યા'તા—'

'શકન તો કોણ જાણે, પણ જાવા ટાણે મેં એને ગળ્યું મોઢું કરાવ્યું'તું ને—'

'ને દુખણાં લઈને આઠેઆઠ આંગળાંના ટાચકા ફોડ્યા'તા.'

'બસ એ જ મોટામાં મોટા શકન,' પતિએ સઘળો જશ પત્નીને આપતાં કહ્યું, 'તમારી આશિષ વિના આટલા વેપારવણજ થાત જ નહીં.'

'કેવોક વેપાર થયો છે? સરખી માંડીને વાત તો કરો!'

'આમાં લખે છે, કે આપણે આખા પંથકનો કપાસ જોખ્યો'તો ને મંચેરશાએ વિલાયત ચડાવ્યો'તો એના તો સોના કરતાંય મોંઘા ભાવ ઊપજ્યા છે—'

'શું વાત કરો છો! કાલાં-કપાસિયાના તે કાંઈ સોના જેટલા ભા
ઊપજતા હશે?' લાડકોરે શંકા વ્યક્ત કરી. 'રૂ તો ધોળકા-ધંધૂકા
ઢેઢે પિટાય છે—'

'ધોળકા-ધંધૂકામાં ઢેઢે પિટાતું હશે. પણ વિલાયતમાં એનાં માણે
મોતી જેટલાં મૂલ ઊપજ્યાં છે,' ઓતમચંદે કહ્યું, 'મંચેરશાનાં
ભેગાં આપણાંય નસીબ ઊઘડી ગયાં—'

'કેવી રીતે પણ? સરખી વાત કરો!'

'વાત જાણે એમ છે, કે અમેરિકામાં લડાઈ ફાટી નીકળી
એટલે વિલાયતની કાપડ-મિલને રૂ નથી જડતું એટલે હવે આપ
રૂની બોલબાલા છે—'

'હા, સમજાણું!—'

'મુંબઈ તો આખું તેજીના વેપારમાં હાલકડોલક થઈ ગયું
ઓતમચંદે વધારે વિગતો આપી: 'ચારે કોરથી 'રૂ લાવો! રૂ લાવો
નો દેકારો બોલ્યો છે. જુવો ને, આ કાગળમાં લખ્યું કે નવું રૂ
બધુંય આગબોટમાં ચડી ગયું, ને હજીય માંગ તો ઊભી જ છે, એટ
હવે જૂના રૂના ભાવ પણ વધી ગયા છે, માણસ ગાદલાંગોદડાં
ઓશીકાં સોત ઉખેડાવી નાખીને મોંઘે ભાવે વેચી નાખે છે.'

લાડકોર ક્યારની ગંભીર વદને આ વૃત્તાંત સાંભળી રહી હ
તે આ છેલ્લી વિગત સાંભળીને ખડખડાટ હસી પડી.

'જાવ જાવ! ગોદડાંના ગાભાના તે બે દોકડાય ઊપજતા હશે

'વાઘણિયામાં ન ઊપજે પણ વિલાયતમાં ઊપજે. આપણું રૂ
જડે તો વિલાયતની મોટી મોટી વણાટ-મિલને તાળાં દેવાઈ જાય-

'આ પણ મોટું કૌતક કેવાય!—'

'કૌતક તો એવું થયું છે, કે રૂના વેપારીને આટલી બધી કમા
નાખવી ક્યાં, એની ફિકર થઈ પડી છે—' ઓતમચંદે નરોત્તમ
કાગળમાંથી વધારે વિગતો રજૂ કરી: જે માણસે જિંદગીભરમાં

રૂપિયાની નોટ નહોતી ભાળી, એની પાસે આજે લાખ લાખ રૂપિયાનો કસ થઈ ગયો ને મંચેરશા જેવા મુંબઈવાળા શેઠિયા જે મૂળથી જ લખપતિ જેવા હતા, એ આજે કરોડપતિમાં ગણાઈ ગયા છે—'

'એ તો ભરતામાં ભરાય—' લાડકોરે ટાપશી પૂરી.

'પણ ભરતામાં એટલું બધું નાણું ભરાઈ ગયું છે, કે હવે એની નિકાસ કરવાની મૂંઝવણ ઊભી થઈ છે. પતિએ પત્રમાંથી વધારે માહિતી આપી: 'નરોત્તમ લખે છે કે મુંબઈના સહુ વેપારી હવે જમીન ને મકાન ખરીદવા મંડ્યા છે. રૂના મોટા વેપારીઓએ છ-છ, સાત-સાત માળના જૂના માળા ખરીદી લીધા ને નવા નવા બંધાવવા માંડ્યા છે. પણ માંગ એટલી બધી જબરી છે, કે જમીનનો હાથ એકનો કટકોય ક્યાંય ગોત્યો જડતો નથી—'

'આ તો ભારે અચરજની વાત! જમીનની તે ક્યાંય ખેંચ પડતી હશે?' લાડકોરે પૂછ્યું.

'મુંબઈમાં ચારે કોર દરિયો રહ્યો ને એટલે ખેંચ પડે,' ઓતમચંદે સમજાવ્યું. 'વધારે જમીન જડતી નથી, એટલે હવે મુંબઈનો દરિયો પુરાય છે—!

'જાવ જાવ! દરિયો તે કોઈ દી પુરાતો હશે?'

'પણ આ કાગળમાં ખોટું લખ્યું હશે? પતિએ ફરી લેખિત પત્રનો હવાલો આપ્યો. 'મુંબઈમાં દરિયો પૂરવા સારુ એક કંપની ઊભી થઈ, એના શેરના પણ ત્રણસો ટકા જેટલા ભાવ વધી ગયા. મંચેરશા અને નરોત્તમે ભાગીદારીમાં આ કંપનીના શેર લીધા'તા. એમાં તેજીનો મોટો તડાકો થઈ ગયો—'

'ભાગ્યશાળીને ઘેર ભૂત રળે, એના જેવી વાત થઈ!!

'નરોત્તમ લખે છે કે મંચેરશા તો મુંબઈમાં સાત ભોંયવાળો માળો બંધાવે છે—'

'મંચેરશા સાત ભોંયવાળી મહેલાત ચણાવશે, તો એનો ભાગીદા
કેટલી ભોંયવાળી મેડી બાંધશે?' સમજુ ગૃહિણીએ સૂચક પ્રશ્ન પૂછ્યો
'આપણે કાંઈ મંચેરશા જેટલા માલદાર થોડા છીએ? પેઢીમ
નરોત્તમનો ભાગ તો રૂપિયે ચાર આની જ છે—'
'તો ચોથા ભાગ જેટલી ઊંચી મેડી ચણાવે... ભલે બે
માળવાળી બંધાવે,' લાડકોરે કહ્યું, 'પણ આવડા મોટા દેશાવરના વેપા
ખેડનારને હવે આપણા આ કૂબા જેવા ઝૂંપડામાં થોડા ઉતારાશે?
'મંચેરશામાં ને આપણામાં આટલો જ ફેર!' ઓતમચંદે કહ્
'એ રહ્યા પારસી, ને આપણે વાણિયા, સમજ્યાં ને? વાણિયાન
દીકરો નાણાંનો એંકાર ન કરે કે કમાણીનો દેખાવ ન કરે. આપણ
રહેણીકરણી તો ચીંથરે વીંટ્યા રતન જેવી કે'વાય—'
'તમારો શભાવ તો હજીય એવો ને એવો જ રિયો!' લાડકો
મીઠો છણકો કર્યો, 'નાના ભાઈએ ફાંટ ભરીને રૂપિયા ઠાલવ્યા, તો
તમે તો નરમ ઘેંશ જેવા રિયા!'
'નાણું થાય એમ એમ તો માણસમાં વધારે નરમાઈ આવ
જોઈએ,' ઓતમચંદે પોતાની ફિલસૂફી સમજાવી. 'બાવળમાં
આંબામાં આટલો જ ફેર: બાવળમાં કાંટા વધે એમ એ ઊંચો
ઊંચો વધતો જાય. આંબે મોર બેસે ને લેલૂંબ ફાલ આવે એમ
નીચો ને નીચો નમતો જાય...' આટલું કહ્યા પછી આ ધર્મપરાય
પાપભીરુ માણસના મોઢામાંથી એના સમસ્ત જીવનના નિચોડ સ
સુવાક્ય સાવ સાહજિકતાથી સરી પડ્યું: 'નમ્યો માણસ ભગવાન
ગમ્યો.'

'નમતાં રહેવાની હું ક્યાં ના પાડું છું?' લાડકોરે કહ્યું, 'પ
રહેવાની નિંજરી તો સારી જોઈએ ને?'
'આપણે આ રહીએ છીએ એ શું ખોટી છે? ભગવાન રા
એમ રહેવું જોઈએ—'

પતિની શિખામણ સાંભળીને લાડકોર મૂંગી થઈ ગઈ. પણ એના મનમાં એક સૂચન તો ઘોળાતું જ રહ્યું. આખરે, બીતાં બીતાં પણ એણે અંતરની વાતને વાચા આપી: 'આપણી જૂની મેડી શેખાણી શેઠ પાસેથી પાછી લઈ લઈએ તો કેમ?'

ઓતમચંદે આવા જ સૂચનની અપેક્ષા રાખી હતી. એ જાણતો હતો, કે અનેક આશાઓ સાથે બાંધેલી નવીનકોર વાસ્તુ-પૂજેલ મેડી મેમણ શેઠિયાને વેચી નાખવી પડેલી એ ઘટનાએ લાડકોરના હૃદય ઉપર કારી ઘા કરેલો. આ પહેલાં ઘણી વાર પત્નીએ એ બાબતનો રંજ વ્યક્ત કરેલો અને આજે હવે નાનેરા ભાઈના પુરુષાર્થ વડે નસીબ આડેનું પાંદડું ઊડી ગયું હોવાથી એ જૂનું રહેણાક ફરી પાછું મેળવી લેવાના લાડકોરને ઓરતા થાય એમાં કશી નવાઈ નહોતી.

'સાંભળ્યું છે, કે શેખાણી શેઠને આપણું ઘર ઓછે-અધકે પાછું કાઢી નાખવું છે, સાચી વાત?' લાડકોરે ફરીથી એ જ વાત છેડી.

'હા, શેઠ પોતે બેત્રણ વાર મને કાનમાં ફૂંક મારી ગયા છે, કે કોઈ ઘરાક હોય તો કહેજો—'

'તો પછી પારકું ઘરાક ચીંધવા કરતાં આપણે પોતે જ શું કામે ઘરાક ન થાવું? લાડકોર કહેતી હતી, 'એ મેડીમાં રહેવા ગયા વિના મારા જીવને શાંતિ નહીં વળે—'

'એ તો હું જાણું છું,' ઓતમચંદે કહ્યું, 'પણ એક વાર એ ઇમારત આપણા નસીબમાંથી ખડી, એમાં ફરી પાછું ક્યાં રહેવા જવું?'

'એ તો આપણા દિવસ એવા નબળા આવી ગયા એટલે મેડી કાઢી નાખવી પડી. પણ હવે હાથ પહોંચતો થયો છે, ને મકાન પાછું જડે એમ છે, તો શું કામે લઈ ન લેવું?'

'ભલે, હું દાણો દાબી જોઈશ—'

'ને ભેગાભેગી આપણી ઘોડાગાડીનુંય થાતું હોય તો સાટું કરી લેજો—' લાડકોરે બીજું સૂચન કર્યું.

'ગાડી તો આમેય વેપારધંધાને કામેય લેવી પડે એમ છે તો નવીનકોર જ ન લઈએ?'

'ના, આ જૂની છે, એ જ સોના જેવી છે,' લાડકોરે સમજા 'એ જ ગાડી ને એ જ વશરામ ગાડીવાન પાછા આવે તો બ રાજી થાય.'

જૂની ગાડી માટેના પત્નીના આગ્રહ પાછળ જે માનસિક લાગ કામ કરી રહી હતી એ સમજતાં ઓતમચંદને વાર ન લાગી. મેડી અને જૂની ગાડી... બંને જડ વસ્તુઓ સાથે એક પ્રકારનો જી નાતો બંધાઈ ચૂક્યો હતો. એ એક પ્રેમસગાઈ હતી. સંજોગોવશ એ પ્રેમસગાઈ ખંડિત થઈ હતી, પણ આજે હવે એ પુનઃ સં જવાની શક્યતા ઊભી થઈ હતી.

'નરોત્તમ પોતે જ મેડી ને ગાડી બેય ખંડી લેવાનું આ કાગ લખે જ છે,' ઓતમચંદે કહ્યું.

'તો તમે બોલ્યા કેમ નહીં?'

'જાણી જોઈને કાગળનો એટલો ભાગ મેં નહોતો સંભળા મારે તમારું મન જાણી લેવું'તું—'

'તે હવે જાણી લીધું ને?'

'હા. બરોબર—'

આ દંપતી નવપ્રાપ્ત સુખની વાતોમાં એવાં તો રમમાણ ગયાં કે રાતના કેટલા પ્રહર વીતી ગયા છે એનો પણ ખ્યાલ ન રહ્યો. દીવીની ઝંખવાતી વાટમાં લાડકોરે બીજી દિવેલ પૂર્યું અને ફરી બંને વાતોએ વળગ્યાં. આવી જ ઉજાગરાભરી રાત થોડા સમય અગાઉ પણ વીતી હતી... જ બટુક ભૂખ્યે પેટે ઊંઘી ગયેલો, ને લાડકોરે પતિને ઈશ્વરિયે જ અને દકુભાઈ સમક્ષ યાચના કરવાનું સમજાવવામાં આખી ગાળી હતી. પણ એ ઉજાગરો ઉદ્વેગભર્યો હતો, આજનો ઉજા

ઉલ્લાસભર્યો હતો. આજે એમને નૂતન જીવનનાં સ્વપ્નો સાકાર થતાં લાગતાં હતાં. તેથી જ તો આજના અજંપાનાં માધુર્યની ઉત્તેજનામાં એમણે મળસકા સુધી અતીત જીવનની અને આવતી કાલના જીવનની સુખદુ:ખની વાતો કર્યા કરી.

આખરે ત્રીજી વાર પણ દીવીની વાટ ઝંખવાવા માંડી. પણ હવે ત્રીજી વાર એમાં દિવેલ પૂરવાની આવશ્યકતા નહોતી, કેમ કે એમના જીવનની જેમ આ આવાસમાં પણ નવપરોઢનો ઉજાશ પથરાવા માંડ્યો હતો.

*

૩૬

# કોથળીનો ચોર કોણ?

**ઓતમચંદ** પ્રાતઃકર્મોથી પરવારીને પેઢી ઉપર ગયો અને દુક ઉઘાડીને ગાદીતકિયા ઉપર બેઠો, ત્યાં એક બિહામણી વ્યક્તિ દુકાન ઉંબરે આવી ઊભી. આવનાર માણસ વયોવૃદ્ધ તો હતો જ, એનો લઘરવઘરિયો પહેરવેશ જાણે કે એના વાર્ધક્યમાં ઉમેરો કર હતો. એણે જે ડૂચા જેવી પાઘડી પહેરી હતી એને કોઈ જાતનું કા કહેવા કરતાં લીરા-ચીંદરડાંનો લબાચો જ કહેવો યોગ્ય ગણાય. ઉપરનાં લૂગડાં પણ એવાં તો જર્જરિત હતાં કે એમાં ઉપરાઉપ ચડેલાં થીગડાં વિનાનું કોઈ સ્થળ શોધવું મુશ્કેલ હતું. અને મોઢા ઉ એવી તો મૂર્તિમંત કંગાલિયત દેખાતી હતી કે પહેલી નજરે તો બાર-બાર વરસનો લાંબો દુકાળ વેઠીને આવ્યો હોય એવી જ છાપ

પહેલી નજરે તો ઓતમચંદ પણ એને ઓળખી ન શક્યો ત આગંતુકે દીનભાવે પૂછ્યું:

'ભૂલી ગયા, શેઠ? અણસારેય નથી ઓળખાતો?'

ઓતમચંદ વધારે મૂંઝવણ અનુભવીને આગંતુકની ઓળખ પા મનમાં મથામણ કરી રહ્યો. એ જોઈને પેલા માણસે પોતાની વે વ્યક્ત કરી:

'ક્યાંથી ઓળખાઉં? દીદાર જ સંચોડા બદલાઈ ગયા! વેળા તંયે માણસનો ચહેરોમોરોય નહીં વરતાતો હોય?'

આગંતુકના દીદાર કે ચહેરોમોરો તો ઓતમચંદ ન વરતી શક પણ આટલી વાતચીત પછી પરિચિત અવાજ ને રણકો ઓળખ આવતાં એ એકાએક બોલી ઊઠ્યો:

'અરે! તમે મુનીમ તો નહીં?—મકનજીભાઈ જ કે બીજા?'

'છઉં તો મકનજી જ, પણ હવે મુનીમ નથી રિયો,' ડોસાએ કહ્યું. 'રસ્તે રખડતો ભિખારી થઈ ગયો છું.'

'કેમ? કેમ ભલા?'

'મારાં કરમ. બીજું શું? અહીંનાં કરેલાં અહીંઆં જ ભોગવવાં પડે છે.'

'પણ થયું શું? સરખી વાત તો કરો!'

'દકુભાઈએ મને દગો દીધો. મને બાવો કરીને કાઢી મેલ્યો. હવે તો ભભૂત ચોળવાની બાકી છે.'

'આટલી બધી વાત!—'

'અરે કાંઈ કીધી જાય એમ નથી. મને તો હાથનાં કર્યાં હૈયે વાગ્યાં!' કહીને મુનીમે તો જાણે કે કોઈની પ્રાણપોક પાડતા હોય એમ નાટકી ઢબે ઠૂઠવો જ મૂક્યો: 'દકુભાઈએ મને ભોળાને ભરમાવ્યો.'

ઓતમચંદને જરા હસવું આવ્યું, મનમાં વિચારી રહ્યો: આ નટખટ મુનીમને ભોળો તો કોણ કહી શકે? એ તો પેલી કહેવતની જેમ, ગોળી ભૂલીને ગોળો ઉપાડી આવે એવો ભોળો છે!

'જરાક સમતા રાખો, મુનીમજી! આમ રાંડીરાંડની જેમ રોવા બેસો એ આ ઉંમરે શોભે?' ઓતમચંદે કહ્યું.

'હું તો હવે રાંડીરાંડ કરતાંય નપાવટ થઈ ગયો... દકુભાઈએ તો મને નાળિયેરની કાચલી પકડાવીને ભીખ માગતો કરી મેલ્યો—'

'ભગવાન કોઈ પાસે ભીખ ન મગાવે!' ઓતમચંદે દુઆ ગુજારી.

'ભગવાન ભલે ન મગાવે. પણ દકુભાઈએ મારી પાસે ભીખ મગાવી,' મુનીમ હજી રડમસ અવાજે બોલતા હતા. 'પોતે તો ડૂબ્યા, પણ ભેગો આ ગરીબ માણસને પણ ડુબાડ્યો.'

'કોણ ડૂબ્યા?' ઓતમચંદે ચિંતાતુર પૂછ્યું, 'દકુભાઈ ડૂબ્યા?'

'જરાતરા નહીં, ગળાબૂડ.'

'કેમ કરતાં—'

'કાળાધોળાં કરવામાં—'

'પણ મોલમિનથી સારી કમાણી કરીને આવ્યા'તા ને—'

'એ મોલમિનની જ મોંકાણ ઊભી થઈ ને!' મુનીમે સમજાવ્યું સંધુંય કબાડું છતું થઈ ગયું—'

'કબાડું?' ઓતમચંદે આઘાત અનુભવ્યો, 'દકુભાઈએ કબા કર્યું'તું?'

'કબાડું નહીં તો શું પરસેવો પાડીને આટલું કમાણા'તા શેઠિયાઓના ઘરમાં ઘામો દઈને—'

'ઘામો દઈને? શું વાત કરો છો?' ઓતમચંદે ઠાવકે મોઢે વા આગળ ચલાવી. પણ મનમાં તો એને યાદ આવી જ ગયું કે મા પેઢીમાંથી પણ તમે બેય કાબાઓ ઘામો દઈને જ નીકળેલા અ હવે, કૂંડું કથરોટને હસે એ ઢબે એક કાબો બીજા કાબાની કૂથ કરવા બેઠો છે.

'પણ પાપના ઘડાને ફૂટતાં કેટલી વાર!' નિંદારસનો રે આગળ ચલાવતાં મુનીમ બોલ્યા, 'સંધુંય ભોપાળું છતું થઈ ગ મોલમિનવાળાએ મુંબઈની છૂપી પોલીસની મદદ લીધી—'

'છૂપી પોલીસ? ઓતમચંદે અધ્ધર શ્વાસે પૂછ્યું, 'મુંબઈની છૂ પોલીસ?'

'આકરા રોગનો ઉપાય પણ આકરો જ કરવો પડે ને!' મુની વિગત સમજાવી. 'પોલીસે પગેરું કાઢ્યું ઠેઠ ઈશ્વરિયાના પાદરમાં ને બેસાડી દીધી જપ્તી દકુભાઈની ડેલી ઉપર—'

આ સમાચાર ઓતમચંદ માટે સાવ અણધાર્યા હતા તે સહાનુભૂતિથી પૂછતો રહ્યો: 'પછી? પછી શું થયું?'

'પછી તો દકુભાઈને પહેરાવી દીધી બંગડિયું. સોનાની ન લોઢાની!—'

આવા અલંકારિક શબ્દપ્રયોગોમાં ઓતમચંદને સમજણ ન પડતાં એ મોઢું વકાસીને તાકી રહ્યો, એટલે મુનીમે સ્ફોટ કર્યો:

'સમજ્યા નહીં, મારા શેઠ? લોઢાની બંગડી એટલે હાથકડી, બીજું શું વળી?'

'દકુભાઈને હાથકડી? બિચારાને જેલમાં નાખ્યા?'

'નાખ્યા'તા પણ છોડાવવા પડ્યા—'

'કોણે છોડાવ્યા?'

'કપૂરશેઠે,' કહીને મુનીમે ઉમેર્યું: 'દકુભાઈની સાખ પાછી બહુ સારી ને, એટલે એને જામીન પણ કોણ જડે? છેવટે કપૂરશેઠ જામીન પડ્યા, ને દકુભાઈની હાથકડી છૂટી—'

'સારું થયું, ભાઈ! કપૂરશેઠે જમીન આપ્યા એ પણ સારું કર્યું.'

'શું કરે બિચારો બીજું? બાલુ વેરે છોકરી વરાવીને કાકા મટીને ભત્રીજા થઈ બેઠા. લાજેશરમે પણ વેવાઈની આબરૂ તો સાચવવી પડે ને!'

એકેકથી અધિક આઘાતજનક સમાચાર સાંભળીને ઓતમચંદના મોઢામાંથી ઉદ્ગાર નીકળી ગયા: 'અરેરે! બિચારા દકુભાઈ તો બહુ દુઃખી થઈ ગયા!'

'ભેગો મનેય દુઃખીના દાળિયા કરતા ગયા એનું કાંઈ નહીં?' મુનીમે ફરિયાદ કરી, 'દકુભાઈનું તમને દાઝે છે, ને આ ગરીબ મુનીમનું કાંઈ નહીં?'

'તમારેય નોકરી તૂટી ગઈ એ આ ગઢપણમાં આકરું લાગશે.'

'અરે નોકરીની વાત ક્યાં માંડો છો! મારી આખી જિંદગી તૂટી ગઈ!' મુનીમે ઘટસ્ફોટ કર્યો, 'નોકરીને કોણ રૂવે છે? મારી તો સંધીયે માલમિલકત તમારા દકુભાઈ ઓળવી ગયા!'

'તમારી માલમિલકત? કેવી રીતે?...' ઓતમચંદને આમાં સમજણ ન પડી.

'બર્માની કમાણી ખૂટી પડી પછી મારી મૂડી ઉછીની માગી
આ ગરીબ માણસ પાસે ખાવા સારુ ન હોય, પણ જાવા સારુ
ચપટી-મૂઠી હતું એ બધું ઉસરડીને દકુભાઈને ધીરી દીધું.' મુની
ફરી રડતે અવાજે ચલાવ્યું, 'મને તો એમ કે શેઠની મોટી સા
છે, એટલે મૂડી પાછી વ્યાજ સોતી દૂધે ધોઈને આપશે. પણ માણ
જેટલા મોટા એટલા જ ખોટા. મોટાનાં મોટાં ભોપાળાં—'

'પણ તો પછી મૂડી ધીરતાં પહેલાં તમારે વિચાર કરવો હતો ને

'મને શું ખબર કે ઢોલની માલીપા પોલંપોલ છે? હું તો દકુભાઈ
સાજાની માણસ સમજીને ભીડને ટાણે ટેકો દેવા ગયો. પણ મોલમિન
મોટું કબાડું કરીને આવ્યા હશે, ને એના છાંટા ઈશ્વરિયા લગી ઊડ
એની મને શું ખબર?'

'હોય, એમ જ હાલે. માણસના ત્રણસો ને સાઠેય દિવસ સર
નથી જાતા. કોઈ વાર છત તો કોઈ વાર અછત—'

'પણ શેઠ, છત ડાહી ને અછત ગાંડી. દકુભાઈની દાનત
ખોરી ટોપરાં જેવી હશે એની મને શું ખબર! પેટમાં જ પાપ. પો
તો ખુવાર થયા, પણ જાતી જિંદગીએ મનેય ખુવારને ખાટલે કર
ગયા—'

સાંભળીને ઓતમચંદ વિચારમાં પડી ગયો. દકુભાઈનું જીવન
આવી રીતે આખો આંટો ફરી રહીને પાછું મૂળ સ્થાને આવી ઊભ
એવી તો એને કલ્પના પણ નહોતી. થોડી વાર વિચાર કરીને એ
દિલસોજી દાખવી: 'બિચારા દકુભાઈને તો ધરમીને ઘેર ધાડ પડ
જેવું થયું!'

'એ વાતમાં શું માલ છે, શેઠ? દકુભાઈ કેવાક ધરમી હતા,
તો તમારા કરતાં હું જ વધારે જાણું છું,' મુનીમે હવે તો બેધ
વાટવા માંડ્યું, 'બાપદીકરાનાં બેયનાં લખણ સરખાં જ છે—'

'બાલુની વાત કરો છો?' ઓતમચંદે પૂછ્યું.

'હા, એ બાલુડો તો વળી એના બાપનેય સારો કહેવડાવશે. કુટુંબનું નામ ઉજાળશે. જોજો તો ખરા, જીવતા રહો તો!'

નિંદારસની આ પરાકાષ્ઠામાં ઓતમચંદે બહુ રસ ન બતાવ્યો એટલે મુનીમે વાતને નવો વળાંક આપ્યો:

'શેઠ, તમે તે દિવસે ઈશ્વરિયે આવ્યા'તા ને ઓસરીમાં બેઠા'તા ત્યારે રૂપિયાની કોથળી ખોવાઈ ગઈ'તી એ સાંભરે છે?—'

'કેમ ન સાંભરે?' ઓતમચંદે ગંભીરભાવે કહ્યું, 'હું પોતે જ કોથળી બગલમાં મારીને ઉપાડી ગયો'તો, પછી કેમ ન સાંભરે?'

સાંભળીને, ક્યારનો રોદણાં રોઈ રહેલો મુનીમ પહેલી વાર ખડખડાટ હસી પડ્યો, ને બોલ્યો: 'શેઠ, તમે પણ ઠીક રોનક કરો છો હોં! તમારા ઉપર તો ખોટું આળ ચડાવ્યું'તું તોય તમે તો કહો છો કે કોથળી બગલમાં મારીને લઈ ગયો'તો!'

'હું ન લઈ ગયો હોઉં તો મારી પછવાડે પસાયતા ધોડે ખરા? ને હું ન લઈ ગયો હોઉં તો કોથળી જાય ક્યાં?'

'કોથળી ક્યાં ગઈ એ કહું?'

'તમે શું કહેવાના હતા, કપાળ? કોથળી તો સીધી મારા ઘરમાં ગરી ગઈ. પછી તમે શું કહેવાના હતા?'

'તમે પણ ઠીક ટાઢા પહોરની સુગલ કરો છો, હોં શેઠ?' મુનીમે કહ્યું, 'કોથળીનો ચોર તો દકુભાઈના ઘરમાં જ હતો, ને ઠાલા તમારી વાંહે પસાયતા ધોડાવ્યા!'

'દકુભાઈના ઘરમાં જ ચોર?'

'હા, ઘરના ને ઘરના ઘરફોડુ...'

'કોણ?... કોણ?'

'પાટવીકુંવર બાલુ. બીજો કોણ? છોકરો હજી તો ઊગીને ઊભો થાય છે ત્યાં જ લખણ ઝળકાવવા માંડ્યાં છે—'

'સાચે જ?'

'મારું ન માનો તો પૂછી જુવો ઈશ્વરિયાના ખોડા ઢેઢને પણ
એક નાનું છોકરુંય દકુભાઈના આ ઉઠેલપાનિયાની આબરૂ જાણે છે
'પણ એણે કોથળી ચોરી, એમ કોણે કહ્યું?' ઓતમચંદે પૂછ્
'ગામ આખું કહે છે. બાલુડો આજથી જ 'બાપ મૂવે બમણા'
ભાવની હૂંડી લખતો ફરે છે ને મોટા ફટાયાની જેમ ફાટ્યો ફરે છે
'પણ એને આટલાં બધાં નાણાંની જરૂર શું પડે?' ઓતમચં
પૂછ્યું, 'બાપ મૂવે બમણા'ના ભાવની હૂંડી લખીને એનાં નાણ
વાપરે છે ક્યાં?'

'નાણાં હાથમાં હોય તો વાવરવાનાં ઠેકાણાં ક્યાં ઓછાં છે
બાલડો બત્રીલખણો પાક્યો છે. કાઠી ગરાસિયાનાં સંધાંય કર્
વાણિયાના કુળમાં આવી ઊતર્યાં છે...' કહીને મુનીમે હજી જાણે
બાલુનું શિરમોર સમું સુલક્ષણ વર્ણવવા કોઈ અત્યંત ગુપ્ત બાત
રજૂ કરતો હોય એ ઢબે સાવ ધીમે અવાજે કહ્યું: 'તમને ખબ
છે શેઠ? એક-બે વાર તો ગામની આહીરાણીયુંએ બાલિયાને બલો
બલોયે ઢીબી નાખ્યો તોય એને હજી સાન નથી આવી.'

'પણ હું કહું છું કે ઓસરીમાંથી રૂપિયાની કોથળી હું જ ઉપા
આવ્યો છું, ને ઠાલો બાલુને બિચારાને શું કામ બદનામ કરો છો
ઓતમચંદે ફરી પોતા ઉપર ચોરીનું આળ ઓઢવાનો પ્રયત્ન કર
પણ આ વખતે પોતે જ ગાંભીર્ય જળવી ન શક્યો તેથી મુનીમ
સાથે એ પણ હસી પડ્યો.

'પસાયતા ખાલી હાથે પાછા આવ્યા ને ખાતરીબંધ વાત ક
કોથળી ઘરની બહાર ગઈ નથી એટલે દકુભાઈને બાલુ ઉપર વહે
પાકો થયો.' મુનીમે કોથળી-પ્રકરણ આગળ લંબાવ્યું. 'કપૂરશેઠ ચાંદ
કરીને મેંગણીને મારગે પડ્યા કે તરત જ દકુભાઈએ બાલુને લાકડી
લાકડીએ લમધારી નાખ્યો. છોકરો બિચારો મૂઢ માર ખાઈને ત્ર
દી લગણ ખાટલે રિયો—'

ઓતમચંદને કહેવાનું મન તો થયું કે પસાયતાના હાથે મૂઢ માર ખાઈને હું પણ ત્રણ દી લગી મેંગણીમાં આહીરને ખોરડે ખાટલાવશ જ રહ્યો હતો, પણ જીવનની એ નાજુકમાં નાજુક ઘટના એણે આજ સુધી લાડકોરથી પણ છાની રાખેલી એ આ બે દોકડાના મુનીમ આગળ ખુલ્લી કરવાનું એને ઉચિત ન લાગ્યું.

*

૩૭

# બંધમોચન

'શું છે, મોટા?' મુંબઈના શું સમાચાર છે?' કીલાએ લહેરી અદાથ નરોત્તમને પૂછ્યું.

'મુંબઈના તો બહુ સારા સમાચાર છે. પણ તમારા શું સમાચા છે?' નરોત્તમે સામો સૂચક પ્રશ્ન પૂછ્યો.

'મારા પણ બહુ સારા સમાચાર છે,' કીલાએ કહ્યું.

'શું છે, કહો જલદી.'

'ના. પહેલાં મુંબઈના સમાચાર કહી સંભળાવ, પછી મારા.'

'મુંબઈ તે હાલકડોલક છે,' નરોત્તમે કહ્યું.

'શેમાં હાલકડોલક છે?'

'તેજીના તડાકામાં. નાણાંની છાકમછોળ ઊડે છે. મુંબઈમાં ના સોંઘું થાય છે, પણ માણસ મોંઘાં થઈ ગયાં છે. રૂની ગાંસ જેટલાં મોંઘાં...'

'એટલે જ અત્યારે મંચેરશા અહીં દેખાતા નથી,' કીલા બંગલામાં આમતેમ નજર ફેરવીને કહ્યું. 'રૂના વેપારમાં લખપ થઈ ગયા એટલે હવે આ જૂના ભાઈબંધનો ભાવ પણ નહીં પૂછે

'મંચેરશા એની અગિયારીએ ગયા છે. હમણાં આવી પહોંચશે નરોત્તમે કહ્યું. 'કીલાભાઈ, મુંબઈમાં હમણાં જમીન ને મકાન નાણાં રોકવાનો એવો તો વાયરો ચાલ્યો છે, કે મંચેરશા વતી એક માળાનો સોદો કરતો આવ્યો છું—'

'મંચેરશા માળાવાળા થાશે, ત્યારે એનો ભાગીદાર માળા વિના રહેશે?' કીલાએ પૂછ્યું. અને પછી હસતાં હસતાં સૂચન કર્યું,

પણ મુંબઈના પાદરમાં મેલાત ઊભી કરી દે!'

'ના ભાઈ, આપણે તો ભલું આપણું વાઘણિયું, ને ભલી આપણી નિંજરી—'

'પણ આવડી મોટી પેઢીના ભાગીદાર પરભુલાલ શેઠનો મોભો શું?'

કીલાનો કટાક્ષ સાંભળીને નરોત્તમ હસી પડ્યો, પણ તરત એણે ગંભીર ભાવે કહ્યું: 'કીલાભાઈ, મોટાં માણસની મેડી જોઈને આપણાં ગરીબનાં ઝૂંપડાં પાડી ન નખાય. પણ મેં મોટા ભાઈને લખ્યું'તું કે આપણું જૂનું ઘર ઓછેઅધકે પાછું જડે એમ હોય તો લઈ લેજો, તે આજના કાગળમાં સમાચાર છે, કે આપણી જૂની મેડીનો ને ભેગાભેગો ઘોડાગાડીનો પણ સોદો પતી ગયો છે—'

'સરસ!' કીલાએ ઉદ્‌ગાર કાઢ્યો.

'આવતે અઠવાડિયે ભેળસીના ટકા ભરાઈ જાશે, એટલે ઘરનો કબજો જડી જાશે—'

'શાબાશ!'

'ને કબજો જડશે કે તરત જ રહેવા જશે—'

'કમાલ! કમાલ!' કીલો પોકારી ઊઠ્યો.

'વધારે કમાલ તો ઘોડાગાડીની થઈ, કીલાભાઈ!' નરોત્તમે હરખભેર સમાચાર આપ્યા. 'બટુકને જે ઘોડાગાડી બહુ વહાલી હતી એ જ ગાડી ને એ જ ગાડીવાન વશરામ પાછા આપણે ઘેર આવી ગયા. પરમ દિવસે મોટા ભાઈ ઘરની ઘોડાગાડીમાં બેસીને મેંગણીના ઠાકોરને મળી આવ્યા—'

'ગાડી આવી ગઈ, તો હવે ભેગાભેગી લાડી પણ આવી જશે—' કીલાએ મર્મવાક્ય ઉચ્ચાર્યું.

નરોત્તમ મૂંગો મૂંગો પૃચ્છક નજરે તાકી રહ્યો એટલે કીલાએ ઉમેર્યું: 'પરમ દિવસે મનસુખભાઈ પાછા કોઠીમાં આવ્યા હતા. અખાત્રીજે એની નાની ભાણેજનાં લગન છે—'

'કોનાં? જસીનાં?' નરોત્તમે પૂછ્યું.

'નામ તો કોણ જાણે. પણ ચંપાની નાની બેનનાં લગન છે,' અ
કહ્યું, મને કહે, 'પરભુલાલ શેઠને લઈને મેંગણી આવો—'

'હજી એ માણસે પરભુલાલ શેઠને ઓળખી નથી કાઢ્યા
નરોત્તમે પૂછ્યું.

'એ માણસ એવો તો બુડથલ છે, કે જિંદગી આખી તને ન
ઓળખે' કીલાએ કહ્યું, 'હવે તારે પરભુલાલ શેઠ તરીકે એના ભ
મેંગણી જાવાનું—'

'તમે તો મારું નામ બદલીને ભારે ગોટાળો ઊભો કર્યો!—'

'મારે એક ગોટાળો ઉકેલવાનો હતો, એટલે બીજો ગોટાળો ઊ
કર્યા વિના છૂટકો જ નહોતો. પગમાંથી કાંટો કાઢવા માટે કાંટો જ ક
આવે. તારો ગોટાળો ઉકેલવામાં આ નવો ગોટાળો કામ આવશે

'પણ આ પરભુલાલ શેઠનો વેશ ક્યાં સુધી ટકશે?' નરો
જરા ગભરાતાં પૂછ્યું.

'મેંગણીના પાદર સુધી—'

'પછી? પછી તો ફજેતો જ થાશે ને?'

'આપણો નહીં, એ લોકોનો.'

'પણ આપણું આ નાટક ઉઘાડું પડી જાશે ત્યારે શું કરશું?

'આ કીલો સૂત્રધાર બધું સંભાળી લેશે—'

'મને તો આમાં કંઈ સમજણ નથી પડતી, નરોત્તમે અકળા
વ્યક્ત કરી. 'મને તો ભારે મૂંઝવણ થઈ પડશે—'

'મૂંઝવણ તો થાશે મનસુખભાઈને ખરેખરી!' કીલાએ કહ્યું, '
પરભુલાલ શેઠનું આંધળે બહેરું કૂટી માર્યું, એની ઠીકાઠીકની રો
જામશે!'

'તમને તો આવી ગંભીર વાતમાંય રોનક જ સૂઝે છે!'

'મોટા, જિંદગી આખી રોનક છે, જો જીવતાં આવડે તો.' કીલ

પોતાનું જીવનસૂત્ર સમજાવ્યું, 'જેને રોનકથી જીવતાં ન આવડે એને પછી જિંદગી આખી રોવાનું જ રહે છે–'

'પણ તમને રોનક થાશે, ને મારી રેવડી થઈ જાશે, એનું શું?'

'વાતમાં શું માલ છે?' કીલાએ ગર્વભેર કહ્યું, 'આ કીલો બેઠો હોય ત્યાં લગી તારી રેવડી થાય એ વાતમાં શું માલ છે? મોટા, તું મૂંગો મૂંગો જોયા કરજે આ કીલાની કરામત!'

કીલાની આત્મશ્રદ્ધા પ્રત્યે આદર દાખવીને નરોત્તમ થોડી વાર તો મૂંગો રહ્યો. પણ આખરે બોલ્યા વિના ન રહેવાયું: 'તમે ગમે તેમ કહો, પણ મને તો આમ નાટક ભજવવું ગમતું નથી'

'અરે મોટા, નાટક ભજવવાનું તો મનેય નથી ગમતું. પણ શું કરીએ? દુનિયાને સાચું જોવા કરતાં નાટક જોવામાં જ વધારે મઝા આવે છે. એટલે તો, મારે કામદાર મટીને કાંગસીવાળાનો વેશ ભજવવો પડ્યો'તો. ને તારી પાસે મેં નરોત્તમને બદલે પરભુલાલ શેઠનો પાઠ ભજવાવ્યો,' કીલોએ સમજાવ્યું. 'ને ખૂબી તો એ થઈ કે લોકોને કામદાર કરતાં કાંગસીવાળો વધુ વહાલો લાગતો'તો એમ આ મનસુખભાઈને ને કપૂરશેઠને પણ નરોત્તમને બદલે પરભુલાલ મનમાં વસી ગયો– ઓળખ્યા પારખ્યા વિના જ.' આટલું કહીને એણે વળી એક વ્યવહારોક્તિ કહી સંભળાવી, 'મોટા, દુનિયાનો રિવાજ છે... સાચાં કરતાં સ્વાંગ વધારે ગમે... વસ્તુ કરતાં વેશ વધારે વહાલો લાગે–'

'પણ આ ભૂંગળ વિનાની ભવાઈમાં મારો વેશ રંગલા જેવો થઈ જાશે, એનું શું?'

'રંગલાનો નહીં, મિયાંબીબીનો વેશ થાશે, તું જોજે તો ખરો!' કીલાએ જાણે કે આગાહી કરતો હોય એ ઢબે નરોત્તમનો વાંસો થાબડીને કહ્યું, 'આ મિયાં મેંગણી પહોંચે એટલી જ વાર. બીબી તો ત્યાં બેઠાં જ છે. ને મિયાંબીબી બેય જણાં રાજી જ છે તો પછી વચમાં કાજી શું કરવાના છે?'

'તમે તો જાણે કે ભવિષ્ય ભાખતા હો, એમ બોલો છો!'

'ને એ પણ કુંડળી જોયા વગર!' કીલાએ પોરસભર્યા અવાજે કહ્યું, 'હું કહું એમાં મીનમેખ થાય તો મૂછ મૂંડાવી નાખું. હું કોણ? ઓળખ્યો મને? કીલો-કાંગસીવાળો!'

'હા, ઓળખિયો! ઓળખિયો! પગથી માથા લગી ઓળખિયો!' બારણામાંથી મંચેરશા હસતા હસતા દાખલ થયા, અને કીલાને ઉદ્દેશીને બોલ્યા: 'તું ઠીક આજે અહીંયાં જ મલી ગયો. હું હમણાં અગિયારીમાંથી બહાર નીકળતો હતો ત્યાં મુનસફ સાહેબની ઘોડાગાડી નીકળી. મને જોઈને સાહેબે ગાડી ઊભી રાખી, ને પૂછવા લાગિયા કે મેં તમને સોંપેલા કામનું શું કીધું? કીલાભાઈ સાહેબે શું જવાબ આપીયો?'

'કીલાભાઈ સાહેબે?' કીલાએ 'સાહેબે' શબ્દ ઉપર ભાર મૂકીને આશ્ચર્ય બતાવ્યું.

'તું તો હવે એ. જી. જી. સાહેબનો આસિસ્ટન્ટ થઈ ગયો, એટલે મુનસફ તો તને સાહેબ કહીને જ બોલાવે ને!'

'મરી ગયા હવે સાહેબ થઈને.'

'મેં મુનસફને કીધું કે કીલો આજકાલમાં જવાબ આપશે. બોલ, હવે તારો શું જવાબ છે?'

'હું પણ ક્યારનો એ જ પૂછું છું, પણ કીલાભાઈ આડીઅવળી વાત કર્યા કરે છે,' નરોત્તમે કહ્યું.

'ના, આજે તો હવે સીધેસીધી જ વાત કહેવા આવ્યો છું.' કીલાએ અજબ સ્વસ્થતાથી કહ્યું, 'મેં પરણવાનું નક્કી કરી નાખ્યું છે—'

'શાબાશ! શાબાશ! જીવતો રહે ડીકરા!' મંચેરશા પોકારી ઊઠ્યા અને ઉમંગભેર પૂછ્યું: 'મુનસફની પોરી જોડે જ કે?'

'ના,' કીલાએ મક્કમતાથી કહ્યું.

'તો પછી નગરશેઠની?'

ફરી વાર કીલાએ નકારમાં ડોકું ધુણાવ્યું.

'તો પછી કોને?' મંચેરશાએ મૂંઝવણમાં પૂછ્યું: 'તલાટી સાહેબની—'

'ના, એ પણ નહીં!'

ત્રીજા પ્રશ્નનો પણ નકારમાં ઉત્તર સાંભળીને મંચેરશા અને નરોત્તમ બંને જણ વિમાસણમાં પડી ગયા. થોડી વાર તો તેઓ વધારે મૌખિક પ્રશ્ન પૂછવાને બદલે કુતૂહલભરી આંખે કીલા સામે તાકી જ રહ્યા. મંચેરશાની અને નરોત્તમની ચાર-ચાર આંખ જાણે કે મૂંગા પ્રશ્નાર્થ ફેંકી રહી: કોણ? કોણ? કોણ? કોણ?

આ અવ્યક્ત કુતૂહલ સંતોષવા જ કીલાએ મંચેરશાને ઉદ્દેશીને કહ્યું, 'તમે આપણા જૂઠાકાકાને ઓળખો છો ને?—આપણે નાના હતા ત્યારે વાડીએ પોંક ખાવા લઈ જતા એ?—'

'બૅરિસ્ટરકાકાની દફતર-પેટી ઉપાડતા, એ જ કે?'

'હા, એ જ—'

'તે એવન હજી લગી જીવતા છે કે?'

'હા, પણ મરવાને વાંકે—'

'શું કરે છે એ?'

'અહીં અપાસરામાં પગીની નોકરી કરે છે. સંજવારી કાઢે, સાધુ-સાધ્વીની સેવા કરે, ને મકાનની દેખરેખ રાખે.'

ચકોર નરોત્તમ આટલી વિગત ઉપરથી ઘણું ઘણું સમજી ગયો. એને યાદ આવ્યું કે તે દિવસે હું કીલાભાઈ પાસે બેઠો હતો ત્યારે આ ડોસા કશીક ખાનગી વાત કરવા આવેલા અને મને બહાર બેસાડવામાં આવેલો.

મંચેરશા ઉત્કંઠ બનીને અધખૂલા મોંએ આ ડોસા વિશે વધારે વિગતો સાંભળવા તલપાપડ થઈ રહ્યા હતા, એને કાને શબ્દો અથડાયા:

'એ જૂઠાકાકાની દીકરી મોંઘી સાથે હું આવતી કાલે પરણવાનો છું—'

નરોત્તમને આ સમાચારમાં બહુ આશ્ચર્ય ના લાગ્યું, પણ મંચેરશા

તો જાણે કે અવાક થઈને કીલા સામે જોઈ જ રહ્યા. એમને લા
કે કીલાના આ નિર્ણયમાં જરૂર કશુંક રહસ્ય છે.

વિચિત્રતા એ બની કે પોતાના એકરંગી જીવનની એકધા
મજલમાં હવે નવી પગદંડી પર પ્રસ્થાન કરી રહેલો કીલો સંપૂર્ણપ
સ્વસ્થ હતો, ત્યારે એ સમાચાર સાંભળનાર મંચેરશા અસ્વસ્થ
અનુભવી રહ્યા હતા.

કદાચ પોતાના જિગરજાન મિત્રની આ અસ્વસ્થતા પારખી જઈ
કીલાએ બધો ઘટસ્ફોટ કર્યો. મોંઘીની વિષમ પરિસ્થિતિની વિગ
આપી. જૂઠાકાકાની સંકડામણ સમજાવી, અને એક માસૂમ માતૃત્વ
નિષ્કલંક રાખવા પોતે લીધેલા નિર્ણયનું વાજબીપણું પ્રતીતિકર રી
રજૂ કર્યું, ત્યારે મંચેરશાની અસ્વસ્થતા ઓછી થઈ—બલ્કે એમ
સંતોષ થયો.

આજ સુધી નરોત્તમના હૃદયમાં કીલા માટે અસાધારણ અહોભ
હતો. આજ સુધીમાં એણે આ સાથીદારને જુદા જુદા સ્વરૂપ
નિહાળ્યો હતો. એના જીવનનાં ઘણાં પાસાંનો એને પરચો થ
ચૂક્યો હતો, પણ આજે એનો જે પરિચય થવા પામ્યો એ અભૂત
હતો. બાહ્ય સ્વરૂપે રૂક્ષ, રમતિયાળ, રંગીભંગી જેવો જણાતો
માણસ આટલો બધો મૃદુ, ધીરગંભીર અને ધીટ છે, એવી
નરોત્તમને કલ્પના પણ નહોતી. કોને ખ્યાલ હતો કે કટુભાષી કીલ
હૃદયઝરણું આટલું મિષ્ટ હશે? કોને ખબર હતી કે એના જીવન
ઉપરટપકે દેખાતા કઠણ કાળજામાં માનવપ્રેમનાં આવાં મીઠાં મી
ભર્યાં હશે? અને તેથી જ કીલાનું આ અજાણ્યું જીવનપાસું જો
પછી નરોત્તમનો એના પ્રત્યેનો અહોભાવ હવે પૂજ્યભાવમાં પલટ
ગયો. આ પૂજ્યભાવ એટલો તો હૃદયગત હતો, આત્મલક્ષી હતો
નરોત્તમ એને શબ્દો દ્વારા વાચા આપી ન શક્યો. માત્ર અંતર
જ આ પૂજ્ય વ્યક્તિને એ પ્રણિપાત કરતો રહ્યો.

મંચેરશાનું અંતરવહેણ પણ આ જ દિશામાં વહી રહ્યું હતું. એ જરથોસ્તી જીવ તો હર્ષોલ્લાસથી ગળગળા થઈ ગયા હતા. આખરે નરોત્તમ જે હૃદયભાવ વ્યક્ત નહોતો કરી શક્યો એને મંચેરશાએ વાચા આપી. કીલાને વહાલપૂર્વક ભેટી પડતાં એમણે કહ્યું:

'કીલા, દોસ્ત, તું ખોદાયજીનો મનીસ છે, ખોદાયજીનો—'

નરોત્તમે આ અભિપ્રાયમાં મૂક સંમતિ આપી. કીલો વિનમ્રભાવે નીચું જોઈ રહ્યો.

*

બીજે દિવસે સ્ટેશનનાં પગથિયાં પાસે બે ઘોડાવાળી ચકચકતી ફેટન આવીને ઊભી રહી. ગાડી થોભાવતાં પહેલાં કોચમૅન મારગમાંથી એકબે ભિખારીઓને બાજુ પર હઠાવવા પગ દાબીને ટણણણ કરતી જે મધુર ઘંટડી વગાડેલી એનો અવાજ સાંભળીને પ્લૅટફૉર્મના બાંકડા પર ઊંઘતો એજન્સીનો પોલીસ બેબાકળો જાગી ઊઠ્યો. ગણવેશ સમોનમો કરીને એ ઊભો થયો અને જોયું તો ગાડીના આગલા ભાગમાં સરકારી પોશાક પહેરેલ કોચમૅન દેખાયો તેથી એ બમણો ગભરાયો. અત્યારે ટ્રેનનો ટાઇમ નથી છતાં કોઠીમાંથી કયા અમલદાર આવ્યા હશે, શું કામે આવ્યા હશે, એમ એ વિચારતો હતો ત્યાં જ ગાડીનું બારણું ઊઘડ્યું, અને એમાંથી નખશિખ અમલદારી પોશાકમાં સજ્જ થયેલો કીલો ઊતર્યો.

સ્ટેશનનાં પગથિયાં ચડીને કીલો સીધો પ્લૅટફૉર્મ પર ગયો અને રમકડાંની રેંકડી પર સૂતેલા દાવલશાને ઢંઢોળવા લાગ્યો: 'ઊઠો, સાંઈ, ઊઠો! આમ ધોળે દિવસે ઊંઘતા રહેશો તો રેંકડીનું ઉઠમણું થઈ જાશે.'

ફકીરે જાગ્યા પછી ફરી પડખું ફરીને ઊંઘવા માંડ્યું ત્યારે કીલાએ કહ્યું: 'લ્યો આ ચલમ. બેચાર સટ ખેંચી લ્યો, એટલે ઊંઘ ઊડી જાશે—'

દાવલશાને પરાણે જાગ્રત કર્યા પછી કીલાએ પૂછ્યું: 'ક્યાં ગયો ભગલો ગાંડો?'

હજી ફકીરને બોલવાના હોશ નહોતા તેથી તેણે આંગળી ચીંધીને દૂરના એક બાંકડા ઉપર પછેડીની સોડ તાણીને સૂતેલી વ્યક્તિ બતાવી, એટલે કીલાએ ત્યાં જઈને એની પછેડી ખેંચી લીધી. બોલ્યો:

'ઊઠ એય કુંભકરણ! બેઠો થા ઝટ, નીકર બે લાફા પડશે–' પોતાના બંને જૂના સ્વજનોને સાબદા કરીને કીલાએ હુકમ કર્યો: 'ચાલો, બેસી જાવ ગાડીમાં–'

'ક્યાં લઈ જાવ છો?' દાવલશાએ પૂછ્યું, ફકીરને હંમેશાં બીક રહ્યા કરતી કે મને કોઈ પોલીસ પકડી જશે.

'ચોકી ઉપર નથી લઈ જાતો,' કીલાએ કહ્યું, 'મારાં લગ્નમાં લઈ જાઉં છું–'

દાવલશાએ ગભરાઈને પૂછ્યું: 'તમારાં લગનમાં?'

'મારાં નહીં તો શું તમારાં લગનમાં?' કહીને કીલાએ બંને સાથીદારોને પરાણે ગાડીમાં ઘુસાડ્યા અને એમની વચમાં પોતે બેઠો પછી કોચમેનને હુકમ આપ્યો: 'મંચેરશાને બંગલે.'

રસ્તામાં દાવલશાના ઓલિયા જીવથી પૂછ્યા વિના ન રહેવાયું: 'કીલાભાઈ, આ શાદી કરવાનું તમને ક્યાં સૂઝ્યું!'

'સંજોગે સુઝાડ્યું, સાંઈ!' કહીને કીલો મૂંગો થઈ ગયો.

મંચેરશાને બદલે લગ્ન-સમારંભમાં ગામનાં મહાજન સાથે કીલાને આમંત્રિતોમાં આ બે જૂના સાથીદારો ઉપરાંત માત્ર પોલિટિકલ એજન્ટ અને એમનાં પત્ની જ હતાં. મેમ સાહેબે કીલાના પૂર્વજીવનની જે વિગત જાણી લીધેલી, અને એ જીવનસૃષ્ટિમાં પોતે કલાકારની જે રસ લેતાં હતાં, તેથી રેલવે સ્ટેશન પરના કીલાના આ બે વિલક્ષણ જોડીદારોને તેઓ વિશેષ રસપૂર્વક અવલોકી રહ્યાં.

ખુદ મહાજનના મોવડીઓને આજનો વિચિત્ર શંભુમેળો જો

અચરજ થયું હતું. એક બાજુ મંચેરશા અને પરભુલાલ શેઠ, બીજી બાજુ વૃદ્ધ જૂઠાકાકા અને એમનાં આપ્તજનો, ત્રીજી બાજુ ફકીર દાવલશા અને ભગલો ગાંડો. ચોથી બાજુ ગોરા લાટસાહેબ અને એમનાં પત્ની. એમની વચ્ચે હરફર કરતા કીલાનું વિલક્ષણ વ્યક્તિત્વ જોઈને મહાજનના શેઠિયાઓ માંહોમાંહે કાનસૂરિયાં કરીને સુગલ અનુભવતા હતા પણ સત્તા આગળ શાણપણ નકામું, એ ન્યાયે સત્તાધારી શિરસ્તેદારની શેહમાં દબાઈને કશી ટીકા કરી શકતા નહોતા.

લગ્નવિધિ શરૂ થતાં પહેલાં મંચેરશાને અને નરોત્તમને બોલાવીને કીલો અંદરના ઓરડામાં ગયો અને મૂંગા મૂંગા બારણું વાસી દીધું.

નરોત્તમ તો કીલાભાઈ હવે શું કરવા માગે છે એનાં અનુમાનો કરતો કુતૂહલપૂર્વક બધું જોઈ રહ્યો. બારણું વાસીને કીલાને શી મસલત કરવાની હશે એનો મંચેરશાને પણ ખ્યાલ ન આવી શક્યો.

કીલાની મુખમુદ્રા ગંભીર હતી. એણે ધીમે રહીને બાલાબંધી અંગરખાની કસ એક પછી એક છોડવા માંડી તેથી નરોત્તમનું કુતૂહલ બમણું ઉશ્કેરાયું.

કીલાએ સાવ સાહજિક રીતે ડિલ ઉપરથી અંગરખું ઉતારી નાખ્યું.

ઉઘાડી માંસલ ડોકમાં મોટા મોટા રુદ્રાક્ષની મણકાવાળી એક માળા શોભી રહી.

'જુવો મંચેરશા, સાંભળ મોટા, બદરી-કેદારના સ્વામીજીએ મને સાધુજીવનની દીક્ષા આપેલી એની આ માળા છે,' કીલાએ કહ્યું, 'હું સાધુ તો ક્યારનો મટી ગયો'તો; મઠમાંથી ભાગી છૂટીને પાછો આપણી દુનિયામાં આવતો રહ્યો'તો, પણ સાધુજીવનની માયા સાવ નહોતી છૂટી, એટલે જ અંગરખાની આડશમાં આ માળા પહેરી રાખેલી —'

મંચેરશા અને નરોત્તમ માળાના મણકા તરફ ટગર ટગર તાકી રહ્યા.

'આજે હવે હું સાચેસાચ સંસારી થાઉં છું, એટલે હવે આ માળા—'

નરોત્તમે ધાર્યું કે હવે કીલાભાઈ આ માળા ઉતારી નાખશે, પણ ત્યાં તો એણે બે હાથ વડે ઝાટકો મારીને હવે આ માળા તોડી નાખું છું.' કરતાકને મણકા વેરવિખેર કરી નાખ્યા.

મંચેરશા 'અરે અરે! કીલા આ શું?' કરતા રહ્યા અને માળાના મણકા જમીન પર વેરણછેરણ થઈ ગયા.

'આ માળા મારી છાતી ઉપર સીસાની જેમ બેઠી હતી.'

કીલાએ સમજાવ્યું, 'એક વાર સંસાર કડવો ઝેર લાગ્યો ત્યારે આ માળા ડોકમાં ઘાલી'તી. પણ સાધુજીવન નજરે જોયા પછી તો એમાં સંસાર કરતાંય વધારે સડો ને વધારે ગંદવાડ લાગ્યો. એના કરતાં તો સંસારજીવન ક્યાંય અદકું, ઊજળું ને ઉજમાળું છે. સાધુ થઈને કાયાનું કલ્યાણ કરવાનાં ને પરલોકનું ભાથું બાંધવાનાં પડળ મારી આંખે બાઝ્યાં હતાં, હવે લાગે છે કે સંસારમાં રહીને જ કાયાનું ને આત્માનું કલ્યાણ થઈ શકે છે. સાધુજીવનની હેડમાંથી હવે હંમેશનો છૂટો થાઉં છું, ને તમારી બેય જણની સાક્ષીએ આ ડોકમાં પડેલી બેડી તોડી નાખું છું—'

બારણા પર ટકોરા પડ્યા. ગોર મહારાજનો અવાજ સંભળાયો: 'કીલાભાઈ, સાબદા થાવ ઝટ!—ચોઘડિયું વહી જાશે—'

અને કીલાએ ચોંપભેર અંગરખું પહેરીને કસ બાંધવા માંડી.

*

## ૩૮
# બાપનો વેરી

'બીજે દિવસે શહેરમાં તોપના ધડાકા જેવા સમાચાર વાયુવેગે ફેલાઈ ગયા.

'કીલો કાંગસીવાળો હવે કંકુઆળો થયો!'

અને એની ઉપર ટીકાટિપ્પણ પણ શાનાં બાકી રહે? લગ્નપ્રસંગે હાજર રહેલા મહાજનના મોવડીઓએ જ મભમ મલ્લિનાથી ફેલાવવા માંડી.

'માનો કે ન માનો પણ દાળમાં કાંઈક કાળું તો છે જ—'

'એ વિના આમ ઘડિયાં લગન લેવાં પડે?'

કીલાના કોઈ કોઈ હિતેચ્છુઓ વળી વધારે ઉગ્ર પ્રહારો કરતા હતા.

'આને તમે લગન કહો છો? અરે, આ તો ઘરઘરણું થયું, ઘરઘરણું—'

'હા, હા, નાતરિયા વરણ જેવું જ, જૂઠાભાઈની મોંઘી હારે કીલાએ માટલા ફોડી લીધાં એમ જ કહો ને!'

અને પછી જૂઠાકાકાના વધારે જાણભેદુઓ વળી મોંઘીની શારીરિક સ્થિતિ વિશે તર્ક દોડાવતા હતા.

'માનો ન માનો પણ આમાં કંઈક ગોટાળો થઈ ગયો છે—'

'થઈ જાય ભાઈ, થઈ જાય. છોકરીની બિચારીની હજી બાળકબુદ્ધિ છે. ભૂલથી પગ આઘોપાછો પડી પણ જાય—'

'ને કીલાને તો ગામ આખું ઓળખે છે... એને નહીં ઉલાળ કે નહીં ધરાર—'

'એ તો ઘેર ઘેર ફરીને કાંગસી વેચતો ત્યારથી જ એના ઉપર

સહુને વહેમ હતો કે માણસની ચાલચલગત સારી નથી.'

'એ વહેમ હવે સાચો પડ્યો! જૂઠાડોસાની ભોળી છોકરીને ભરમાવી!'

'ને પછી નછૂટકે લગન કરી નાખીને બધુંય ભીનું સંકેલી લીધું—'

આમ, લોકવાયકાએ પારકું કલંક કીલા ઉપર ઓઢાડી દીધું.

'ભલે ગોરા સાહેબનો શિરસ્તેદાર થયો. પણ અંતે તો રમકડાંની રેંકડી ફેરવનારો જ, કે બીજો કોઈ? માણસનું પોત પરખાણા વિના રહે ખરું?'

'હળાહળ કળજગ આવ્યો છે, ભાઈ! ધરતી ઉપર આવાં પાપ થતાં હોય, પછી વરસાદ તો શેનો આવે?'

આમ ધીમે ધીમે કીલાના 'કુકર્મ'ને કુદરત સાથે પણ સાંકળી દેવાયું.

'બહુ કરી, કીલાએ તો સાંભળતાંય કાનમાંથી કીડા ખરી જાય એવું કામ કર્યું છે!'

'મંચેરશાના બંગલામાં બંધ બારણે છાનાંમાનાં લગન પતાવી નાખ્યાં. પણ પાપ તો પીપળે ચડીને પોકાર્યા વિના રહે?'

આ બધા પ્રહારો તો કીલાની ગેરહાજરીમાં જ થતા હતા. એની હાજરીમાં તો પ્રશંસાનાં પુષ્પો જ વેરાતાં હતાં. ઘણા શાણા માણસો તો સામે ચાલીને કીલાને મુબારકબાદી આપી આવ્યા. કેટલાક ગણતરીબાજ લોકો તો વળી ભેટસોગાદ પણ આપી આવ્યા.

કીલાના આવા મુલાકાતીઓમાં એક દેવળિયાના દરબાર સર અજિતસિંહજી પણ હતા. એક દિવસ કીલો મોડી સાંજે કોઠી પર પહોંચ્યો ત્યારે એના આંગણામાં સાફો-સુરવાલ-અચકન પહેરેલ એક માણસ રાહ જોતો બેઠો હતો. આંગણે આટલા અસુરા કયા દરબાર આવીને બેઠા હશે એની કલ્પના કરતો કરતો કીલો નજીક પહોંચ્યો અને બેચાર ડગલાં દૂરથી ઓળખાણ પડતાં જ પોકારી ઊઠ્યો:

'ઓહોહો અજુભા!—અરે! બાપુ અજિતસિંહ!'

'મને વળી બાપુ ને સિંહજી કહેવાતું હશે, કીલાભાઈ!' દરબારે ઊભા થઈને ભેટી પડતાં કહ્યું, 'હું તો આપણા બાળપણનો અજુડો!'

'બાળપણની વાત બાળપણ ભેગી ગઈ, હવે તો તમે સર અજિતસિંહજી; કે. સી. આઈ. ઈ. કહેવાવ છો!' કીલાએ મજાકમાં કહ્યું: 'તમારી પછવાડે તો ઇંગરેજ સરકારે આખી એ-બી-સી-ડી જોતરી દીધી છે!'

'આ ઇલકાબ તો ગળામાં ઘંટીના પડ જેવા થઈ પડ્યા છે!' દરબારે દિલની વાત કહી દીધી.

અજિતસિંહે ઉચ્ચારેલ આ એક જ ઉક્તિ ઉપરથી કીલાને એમના આગમનનું રહસ્ય સમજાઈ ગયું. કોઠીની કચેરીમાં આ દરબાર વિશેનું જે અત્યંત ખાનગી દફતર કીલાએ જોયેલું, એમાંના જે ગુપ્ત દસ્તાવેજો વાંચેલા, એ ઉપરથી કીલાને ખ્યાલ તો હતો જ કે અજુભા બિચારા જીવ સાંકડા ભોણમાં આવી ગયા છે. પણ એ સાંકડા ભોણમાંથી નીકળવા માટે તેઓ આટલી ત્વરાએ જૂના બાલસાથીનું શરણું શોધશે, તેવું કીલાએ નહોતું કલ્પ્યું.

'આપણે તો નાનપણના ભાઈબંધ.' અજિતસિંહે ધીમે ધીમે કીલા સાથે નિકટતા કેળવવા માંડી, 'મારા બાપુ ને તમારા બાપુને તો ઘર જેવો નાતો—'

'સાચું, સાચું,' કીલાએ સૂર પુરાવ્યો. એના હોઠ ઉપર તો શબ્દો આવી ગયેલા કે એ નાતાને લીધે જ તો તમારા બાપુએ બૅરિસ્ટર સાહેબને ઝેર આપીને મારી નાખેલા, ને અમારા ઘર ઉપર જપ્તી બેસાડેલી.

પણ કીલો પરાણે મૂંગો રહ્યો.

'તમે તો બહુ કરી કીલાભાઈ!' અજુભા બોલ્યા, 'છાનાં છાનાં લગન કરી નાખ્યાં, ને આ જૂના ભાઈબંધને નોતરવો જ ભૂલી

ગયા!' કીલો અર્થસૂચક નજરે આ જૂના ભાઈબંધ તરફ તાકી રહ્યો.

'તમે ભલે ને મને ભૂલી ગયા, પણ હું થોડો તમને ભૂલવાનો હતો?' કહીને અજિતસિંહે રેશમના કાપડમાં વીંટાળેલી એક ચાંદીની રકાબી કાઢી. બોલ્યા: 'આટલું આ શુભ પ્રસંગે જૂની ભાઈબંધીનું સંભારણું સાચવો!'

અજિતસિંહે પોતાના આગમનનું ખરું પ્રયોજન ઢાંકવા માટે આ 'શુભ પ્રસંગ'નો જે ઉપયોગ કર્યો એ જોઈને કીલાએ મનમાં રમૂજ અનુભવી. દરબારને અપમાન ન લાગે એવી મધુરતાથી કીલાએ ભેટ-સોગાદ પાછી સોંપીને કહ્યું: 'હું તો હવે સરકારી અમલદાર થયો, એટલે મારાથી આવું કાંઈ લેવાય નહીં. આજે હું રમકડાંની રેંકડી ફેરવતો હોત, તો તો હું સામે આવીને તમારા જેવા ભાઈબંધ પાસેથી ભેટ માગી લેત. પણ હવે—'

'હજીય આપણી ભાઈબંધી તો...'

'એવી ને એવી જ છે. પણ હું સરકારનો નોકર ગણાઉં એટલે આવી ચીજવસ્તુ લેતાં પહેલાં મારે વિચાર કરવો જોઈએ...'

'પણ આ તો આપણો જૂનો નાતો...'

'સાવ સાચો—'

'ને હું હરખ-ઊલટથી આ લાવ્યો.'

'સાવ સાચું—'

'તો એમાં વાંધો શું?'

'વાંધો તો કાંઈ નહીં, પણ આપણા દેશમાં અમલદારની મથરાવટી મૂળથી જ મેલી છે ને એમાં આવા વહેવારથી વધારે મેલી થઈ જાય...' કીલાએ સમજાવ્યું, 'અમલદારી કરવી એ ખાંડાની ધાર ઉપર ચાલવા જેવું આકરું છે, અજુભા! ને અમલનાં પરિણામ તો અફીણ જેવાં છે એ તમે ક્યાં નથી જાણતા? માણસ ગમે એટલો જાગતલ હોય તોય અમલનો કેફ ચડી જતાં વાર ન લાગે.'

'પણ આ તો આપણો પ્રેમનો નાતો કહેવાય. એકબીજાને ઊલટ આવે ને એકથી લાખ રૂપિયા દઈએ.'

'તમારી વાત સોળ વાલ ને માથે રતી જેટલી સાચી અજુભા!' કીલાએ દૃઢતાથી કહ્યું, 'પણ આ કોઠીની ખુરસી ઉપર બેઠા પછી મને કોઈનું કાંઈ ન કળપે—'

દરબારે ફરી ફરીને, આ ભેટ સ્વીકારવાનો આગ્રહ કરી જોયો. ફરી ફરીને જુદી જુદી રીતે, દબાણભરી દલીલો કરી જોઈ. પણ એ બધી જ દલીલોને અંતે પણ કીલો પહેલાંના જેટલો જ મક્કમ રહ્યો ત્યારે અજિતસિંહે વધારે આગ્રહ કરવાનું માંડી વાળ્યું.

'બીજા શું સમાચાર છે?' કીલાએ ઔપચારિક ઢબે પૂછ્યું, 'બધું ક્ષેમકુશળ છે ને?'

'છે તો બધું ક્ષેમકુશળ,' કહીને દરબાર થંભી ગયા. પછી થોડી વારે એકેક શબ્દ ઉચ્ચારવા લાગ્યા: 'પણ... પણ...'

'કાંઈ ચિંતા જેવું છે? કાંઈ મનનો ઉચાટ? કાંઈ ઉપાધિ...?'

'ઉચાટ તો એવો છે, કે કાંઈ કીધો જાય નહીં, કીલાભાઈ!'

'કહેવાની જરૂર નથી. તમારી સામેનું તહોમતનામું મેં વાંચ્યું છે,' કીલાએ મિત્રભાવે કહ્યું: 'તહોમત બહુ ગંભીર છે અજુભા!'

'મારી એક નજીવી ભૂલનું એ પરિણામ છે. અદાવતિયા ભાયાતોએ ગરાસની ખટપટમાં ગોરા સાહેબના કાન ભંભેર્યા છે.' અજિતસિંહે કહ્યું, 'તમે જે કાગળિયાં વાંચ્યાં છે એ મારાં કાળમુખાં કુટુંબીઓએ જ લખાવ્યાં છે—'

'પણ લખાણ એવું આકરું છે, કે સાબિત થાય તો તમારે રાજગાદી છોડવી પડે. દેવળિયા ઉપર કોઠીનો કારભાર મુકાઈ જાય ને તમારે કદાચ માંડલેની જેલમાં પણ જાવું પડે... કાળા પાણીએ.'

'જાણું છું. ને એટલે તો તમારી પાસે આવ્યો છું,' દરબારે નીચી મૂંડીએ કહ્યું, 'કાળાં પાણીની કેદની નામોશી મારાથી નહીં ખમાય.

ગઢની મેડીએ અફીણનો ગાંગડો તૈયાર રાખ્યો છે–'

'ગાંડી વાત કરો મા, અજુભા!'

'બીજું શું કરું? મારે તો ઘરનાં જ ઘાતકી પાક્યાં એમાં કરમનો વાંક શું કાઢવો?' દરબાર રડમસ અવાજે બોલ્યા, 'કીલાભાઈ, આ ભાઈબંધને જિવાડવો કે મારવો, એ તમારા હાથમાં છે.'

'ભગવાનના હાથમાં કહો, ભાઈ! ઉપરવાળા સિવાય બીજું કોઈ આપણને જિવાડતું નથી, ઉપરવાળા સિવાય બીજું કોઈ આપણી જિંદગી ટૂંકાવી શકતું નથી. ભગવાન ઉપર ભરોસો રાખો, ભાઈ!'

'રાખવા જાઉં છું, તોય નથી રહેતો. ચારેય કોરથી ઘેરાઈ ગયો છું. આમાંથી તમે છોડાવો તો જ છૂટી શકે એમ છું–'

'હું! હું તો એક મામૂલી માણસ–'

'પણ ગોરા સાહેબના શિરસ્તેદાર!' અજિતસિંહ યાચક અવાજે બોલ્યા, 'સાહેબને કાને વેણ નાખો ને સાહેબના દિલમાં દયા આવે તો મારો બગડેલો ભવ સુધરી જાય એમ છે–'

સાંભળીને કીલો મૂંગો રહ્યો એટલે અજુભા આગળ વધ્યા: 'કીલાભાઈ, આટલું કામ કરો. તમારા હાથની જ વાત છે... જિંદગી આખી તમારો ગણ નહીં ભૂલું.'

'આ તો બધા મોટા સરકારી મામલા કહેવાય, દરબાર!' કીલો બોલ્યો. 'એમાં માથું મારવાનું મારું ગજું નહીં–'

'તમારા એક વેણથી મારી વિપદ ટળી જાય એમ છે. સાહેબને સમજાવો તો ભવ સુધરી જાય એમ છે–'

'હું વિચાર કરી જોઈશ,' કીલાએ આશ્વાસન આપીને થોડી વારે અજિતસિંહને વિદાય કર્યો.

અને સાચે જ, કીલાએ આ નાજુક બાબત ઉપર બહુ વિચાર કરી જોયો. અજિતસિંહનું ચિત્ર જુદે જુદે સ્વરૂપે આંખ આગળ રજૂ થવા લાગ્યું. બાળપણનો ગોઠિયો અજુભા, પિતાને ઝેર આપીને મારી

ાખનાર અને કુટુંબને પરેશાન કરનાર રાજવીનો પુત્ર અજુભા. આ ેમાંથી કયા માણસનો નાતો જાળવવો? શૈશવકાળના મિત્રનો? કે ાપના વેરીનો?

કીલાને બીજી પણ એક દ્વિધા પજવતી હતી, પોતે જે અમલદારી હોદ્દો ભોગવી રહ્યો છે, એ હોદ્દાનો ઉપયોગ આવા કામ માટે કરવો ોગ્ય ગણાય? અજિતસિંહને ઉગારી લેવામાં બીજા કોઈને અન્યાય તો નહીં થઈ જાય?'

આખી રાત આવા મનોમંથનમાં વિતાવ્યા પછી કીલાએ સવારના પહોરમાં જ અજિતસિંહ અંગેના ખાનગી દફતરનાં કાગળિયાં ફરી વાર વાંચી જોયાં અને જ્યારે જણાયું કે અજિતસિંહને ઉગારવાથી કોઈ વ્યક્તિને અન્યાય થવાનો ભય નથી, ત્યારે એણે એ. જી. જી. સમક્ષ સૂચન મૂક્યું:

'ન્યાયના સિદ્ધાંતનો ભંગ ન થતો હોય તો દરબાર ઉપર દયા કરો!'

ગોરા સાહેબ થોડી વાર તો આ ગરવા શિરસ્તેદાર સામે જોઈ જ રહ્યા. પછી પૂછ્યું:

'દયા? દેવળિયાના દરબાર ઉપર દયા?'

'હા.'

'હેમતરામ કામદારનો દીકરો જ દેવળિયાના દરબાર ઉપર દયા કરવાનું કહે છે?'

'હા સાહેબ.'

'બૅરિસ્ટરને જેણે ઝેર આપેલું એના દીકરાને બચાવવાની વાત તમે કરો છો?'

'બાપનું વેર બાપુ સાથે ગયું. હવે જૂનાં વેરઝેર સંભારવાથી શું ફાયદો?' કીલાએ કહ્યું, 'બાપુ તો સાગરપેટા હતા. એને કોઈ ઉપર વેરભાવ નહોતો. અજુભા ઉપર આપણે દયાભાવ દાખવશું તો તો બાપુનો આત્મા જ્યાં હશે ત્યાં રાજી થાશે.'

ગોરા સાહેબ કીલાની પ્રેમવાણી સાંભળી રહ્યા. એમને પ્ર
થઈ કે સદ્ગત બૅરિસ્ટરના બધા જ સદ્ગુણ અદકા પ્રમાણમાં
પુત્રમાં ઊતર્યા છે.

*

૩૯

# ઊનાં ઊનાં આંસુ

એ વહેલી પરોઢે વાઘણિયામાં 'વિલાયતી નળિયાંવાળી મેડી'ને નામે ઓળખાતી ઇમારતને દરવાજે એક ઘોડાગાડી ઊભી હતી.

ગાડીની આગલી બેઠક પરથી ગાડીવાન મંદ અને મીઠા અવાજે પરભાતિયું ગાતો હતો:

*જાગિયે રઘુનાથ કુંવર*
*પંછી બન બોલે...*

ગાડીવાનની ગોદમાં, ઘોડાની લગામ ઝાલીને બેઠેલો એક કિશોર વારે વારે પૂછ્યા કરતો હતો:

'વશરામકાકા, ઝટ ગાડી હાંકો ને! મોડું થાશે તો ખેતરમાંથી મોરલો ઊડી જાશે—

'બા આવ્યા વિના ગાડી કેમ કરીને હંકાય, બટુકભાઈ!' ગાડીવાન બાળકને સમજાવતો હતો, ને ફરી પરભાતિયું લલકારવા માંડતો હતો.

બાળક અકળાઈને ઘરની દિશામાં બૂમ પાડતો હતો: 'બા, હાલો ને ઝટ, ઝાડ ઉપરથી દેવચકલી ઊડી જાશે—'

'આવું છું, બટુક, આવું છું... જરાક ધીરો થા, બેટા!' ઘરમાં ગૃહિણી પુત્રને વહાલભર્યો જવાબ આપીને ફરી પતિ સાથે દલીલ કરવા લાગતી હતી.

'આવું તે ક્યાંય શોભે? મારા દકુભાઈનો દીકરો પરણે ને તમે જ લગનમાં ન આવો તો કેવું માઠું લાગે?'

'પણ મારે આ ઓચિંતું કામ આવી પડ્યું ને! ખેપિયો ચિઠ્ઠી આપી ગયો, એટલે મારે અંતરિયાળ જોખ કરવા જવું પડશે—'

પોતે હોંશે હોંશે બંધાવેલી નવી મેડી એક વાર વેચી નાખ્યા પછી એમાં ફરી વાર વસવાટ કરી રહેલાં પતિપત્ની વચ્ચે વહેલી પરોઢમાં આ વાતચીત ચાલી રહી હતી.

'વેપાર તો બારેય મહિના કરવાનો જ છે ને!' લાડકોર કહેતી હતી, 'લગન-અવસર તો કોક વાર જ આવે—'

'પણ હું લગનને દિવસે આવી પહોંચીશ, ઓતમચંદ ખાતરી આપતો હતો.

'છેલ્લી ઘડીએ આવો એ શોભે? મારા દકુભાઈને કેટલું માઠું લાગે!

'તમે અને બટુક વહેલેરાં જાવ છો, એટલે બહુ માઠું નહીં લાગે ને હું પણ લગનને દિવસે ઘોડી ઉપર આવી પૂગીશ—'

ગાડીમાં બેઠાં બેઠાં પાવો વગાડી રહેલા બટુકે ફરી બૂમ પાડી 'બા, ઝટ હાલોની, હવે તો દેવચકલી ચારો ચણવા ઊડી ગઈ હશે—

સાંભળીને ઓતમચંદે પત્નીને કહ્યું, 'હવે બહુ ખોટી થાવ મા બટુક બિચારો અથરો થઈ ગયો છે—'

'પણ તમે લગનને દિવસે તો સાચોસાચ આવી પૂગશો જ ને? લાડકોરે ઓસરીનાં પગથિયાં ઊતરતાં ઊતરતાં પૂછ્યું.

'એમાં કાંઈ કહેવું પડે મને?'

'તમારા આવ્યા વિના મારો દકુભાઈ બાલુની જાન નહીં જોડે હોં!

'દકુભાઈનાં હેત-પ્રીત હું ક્યાં નથી જાણતો?'

'તો ઠીક!' કહીને પતિ ઈશ્વરિયે અચૂક આવી પહોંચશે એની ખાતરી થયા પછી જ લાડકોર ઘોડાગાડીમાં બેઠી.

'આટલું બધું જરજોખમ ભેગું છે એટલે જરાક જાળવીને જાજ હોં, વશરામ!' ઓતમચંદે ગાડીવાળાને સૂચના આપી.

'એમાં કહેવું ન પડે. મારગ આખો જાગતો છે. સોનાના ચ લઈને નીકળીએ તોય કોઈનો ભો નહીં,' કહીને વશરામે ગા હંકારી.

ઘોડાની ડોકમાંની ઘૂઘરમાળ ગાજી ઊઠી.

અને જાણે કે ઘોડાના ડાબલા અને ઘૂઘરાના રણકાર સાથે તાલ મેળવવા જ બટુકે પાવાનો સૂર છેડ્યો.

પિતૃગૃહે જતી અને હરખથી અરધી અરધી થઈ રહેલી લાડકોરે બટુકને પૂછ્યું:

'આપણે કોને ઘેર જઈએ?'

'મામાને ઘેર.'

'કેનાં લગનમાં?'

'બાલુભાઈનાં—'

'આ પાવો કોણે મોકલ્યો'તો તને?'

'બાલુભાઈએ—'

બટુકે ટપોટપ અનુકૂળ ઉત્તરો આપી દીધા તેથી લાડકોરને પરમ સંતોષ થયો. ઈશ્વરિયાના પસાયતાઓના હાથનો મરણતોલ માર ખાઈને ઓતમચંદ મેંગણી જઈ પહોંચેલો અને ત્યાંથી હીરબાઈ આહીરાણી પાસેથી બીજલનો જે પાવો બટુક માટે લેતો આવેલો એ 'મામાએ મોકલાવ્યો' એવો જ ખ્યાલ આજ સુધી પ્રચલિત રહેલો. બટુક માટેનું આ રમકડું બાલુએ નહીં પણ બીજલે મોકલાવેલું છે એની ગંધ સુધ્ધાં ઓતમચંદે આવવા નહોતી દીધી. અને તેથી જ તો દકુભાઈ, સમરથ અને બાલુ માટે હૃદયમાં અધિકાધિક ભાવ લઈને લાડકોર ઉમંગભરી ઈશ્વરિયે જઈ રહી હતી ને?

વાઘણિયાની સીમ છોડીને ગાડીએ વગડાનો કેડો લીધો. ઘોડાના ડાબલા, ઘૂઘરાના રણકાર, પાવાનો સૂર અને ઊઘડતા પરોઢની અણબોટી તાજગીથી પ્રેરાઈને વીતરાગી જેવા વશરામે હલકભેર ભજનનાં વેણ ઉપાડ્યાં હતાં:

*ખૂંદી તો ખમે માતા પ્રથમી*
*ને વાઢી તો ખમે વનરાય...*

*કઠણ વચન બોલ્યાં સાધુડાં ખમે,*
*ને નીર તો સાયરમાં સમાય...*

ઉગમણું આભ રાતુંચોળ થઈ ગયું અને ઉજાસ વધી ગયો એટલે બટુકે પોતાના પ્રિયજન સમા મોરલાની અને દેવચકલીની ખોજ આદરી.

મારગમાં મળતા પરિચિત ગાડાખેડુઓ અને ભરવાડણો ઘોડાગાડીથી ભડકી મારગની કોરે સરી જતાં હતાં ને વશરામને પૂછતાં હતાં: 'કેણી કોર?'

'ગામતરે—'

'કિયે ગામ?'

'ઈશ્વરિયે, લગનમાં—'

'કોનાં?'

'દકુભાઈના દીકરાનાં—'

એકેક પ્રશ્નોત્તર સાંભળીને લગનઘેલી લાડકોર હરખાતી હતી.

વાઘણિયાના પરિચિત વટેમાર્ગુઓ આ ગાડીને ને એમાંનાં પ્રવાસીઓને ઓળખી કાઢતાં મનશું વિચારતાં હતાં: આનું નામ જિંદગીની ઘટમાળ. આ ગાડી એક વાર ઓતમચંદ શેઠને કાઢી નાખવી પડી'તી. આજે પાછી એ જ ગાડી ને એ જ મેડીનો ભોગવટો કરે છે. માણસના હાથમાં હોય એ હાલ્યું જાય, પણ કરમમાં હોય એ ક્યાંય ન જાય.

બટુકને ઘણા દિવસ પછી પરિચિત ગાડીમાં લાંબી સફર કરવાનું મળ્યું હોવાથી મસ્ત હતો, 'હેય, કાબર! કાબર! હેય, હરણ! હરણ!' એમ કરીને એ આનંદાવેશમાં ઊભો થઈ જતો હતો, પણ આજે એના શિશુસુલભ આનંદોદ્‌ગારોમાં સૂર પુરાવીને ઉત્તેજન આપનાર નરોત્તમ હાજર ન હોવાથી બટુકનો અરધો આનંદ ઓસરી જતો હતો. એની બાલસ્મૃતિમાં પણ ભૂતકાળનો એક સુખદ પ્રસંગ તાજો

થતો: પોતે આ જ ગાડીમાં નરોત્તમની બાજુમાં બેઠેલો, સામી બેઠક પર મેંગણીનાં મહેમાનો બેઠાં હતાં, એવામાં પોતે એક પક્ષી જોયું અને નરોત્તમને પૂછેલું: 'કાકા, ઓલ્યું ઝાડ ઉપર બેઠું એને શું કહેવાય?' બટુકને કમનસીબે એ ઘડીએ કાકા અન્યમનસ્ક હતા તેથી કશો ઉત્તર ન મળેલો. કિશોરે ફરી ફરીને એ જ પ્રશ્ન પૂછ્યા કરેલો, પણ નરોત્તમ તો પોતાની જ હૃદયકુંજમાંથી ઊઠતો કુહૂકુહૂ રવ સાંભળવામાં એટલો રમમાણ હતો કે ભત્રીજાને ઉત્તર આપવાનો એને અવકાશ જ નહોતો. આખરે, વારંવાર પુછાતા 'કાકા, ઓલ્યું ઝાડ ઉપર બેઠું એને શું કે'વાય?' પ્રશ્નનો ઉત્તર નરોત્તમને બદલે એક યુવતીએ આપી દીધેલો: 'એનું નામ કોયલ.' પોતાના બાલિશ પ્રશ્નનો પણ આટલા સમભાવ અને સ્નેહથી ઉત્તર આપનાર એ અજાણી યુવતી સાથે આ બાળકને આટલા ટૂંકા સહવાસમાં પણ સ્નેહગાંઠ બંધાઈ ગયેલી. પણ અદેખી વિધાતાએ સ્નેહસંબંધ જાણે કે સદાયને માટે તોડી નાખેલો. આ અણસમજુ કિશોર એ પ્રસંગ હજી ભૂલ્યો નહોતો. અને અત્યારે આ વ્યક્તિઓની ગેરહાજરી અજાણપણે પણ એ અનુભવતો હતો ખરો.

બટુકને જે અનુભવ અજાણપણે થતો હતો એ લાડકોરને આજ સુધી સભાનપણે સતાવી રહ્યો હતો. પણ અત્યારે તો એનામાં સ્ત્રીસુલભ ઉત્સવપ્રિયતા એટલી વધી ગઈ હતી કે એના ચિત્તમાં ઈશ્વરિયું, દકુભાઈ અને બાલુ સિવાય બીજો કોઈ વિચાર પ્રવેશી શકે એમ જ નહોતો.

બટુક પોતાનાં આપ્તજન સમાં પક્ષીઓ સાથે ગેલ કરતો હતો. લાડકોર આગામી લગ્નોત્સવની યોજનાઓ ગોઠવતી હતી. વશરામ પોતાનાં પ્રિય ગીતો લલકારતો હતો. ને પાણીપંથો ઘોડો કાચા ધૂળિયા મારગ ઉપર ધૂળના ગોટેગોટા ચડાવતો ને માથોડું માથોડું ઊંચી ખેપટ ઉડાડતો ઝડપભેર પંથ કાપતો હતો.

'લ્યો, આ ઈશ્વરિયાની સીમનાં ઝાડવાં દેખાણાં!' વશરામે જાહેર કર્યું ત્યારે જ લાડકોર પોતાનાં દિવાસ્વપ્નોમાંથી જાગી, ને બોલી:

'બટુક, મામાનું ગામ આવી ગયું.'

પણ પાકા બે પ્રહર સુધી નિસર્ગ વચ્ચે પ્રવાસ કરીને કુદરત-પ્રાણી-પક્ષીસૃષ્ટિ સાથે તદ્રૂપ થઈ ગયેલા આ કિશોરને હવે મામાના ગામમાં બહુ રસ રહ્યો હોય એમ લાગ્યું નહીં.

'આ ઈશ્વરિયાનું પાદર!' વશરામે બીજી જાહેરાત કરી.

અને પલક વારમાં તો દકુભાઈની ડેલીને બારણે ગાડી ઊભી રહી.

*

લાડકોર હોંશે હોંશે ભાઈભાભી અને ભત્રીજા સાથે વાતો કરતી હતી અને દકુભાઈનું અપરાધી હૃદય વધારે ક્ષોભ અનુભવતું હતું.

'બટુક, મામાએ મોકલ્યો'તો એ પાવો વગાડ્ય, દીકરા!'

લાડકોરનું આ વાક્ય સાંભળીને ઘરનાં માણસો વિચારમાં પડી ગયાં.

માતાએ આપેલા આદેશ અનુસાર બટુકે સાચે જ પાવો વગાડ્યો ત્યારે તો દકુભાઈની વિમાસણનો પાર ન રહ્યો.

'આ પાવો કોણે મોકલ્યો'તો, બટુક?' લાડકોરે પૂછ્યું.

બટુકે કહ્યું: 'બાલુભાઈએ —'

સંક્ષુબ્ધ દકુભાઈ બાલુ સામે જોઈ રહ્યો. ગૂંચવાયેલો બાલુ સમરથ તરફ તાકી રહ્યો અને શરમિંદી સમરથ મૂંગી મૂંગી જમીન ખોતરી રહી. સહુનાં મનમાં સવાલ સળવળી રહ્યો: 'કોણે મોકલ્યો'તો આ પાવો? ક્યારે મોકલ્યો'તો આ પાવો? કોની સમજફેર થાય છે?'

બટુક ભોળે ભાવે પાવો વગાડતો રહ્યો અને બાળક કરતાંય અદકેરી ભોળી લાડકોર પોતાના ભાઈભાભીનાં ગુણગાન ગાતી રહી.

લગનને આગલે દિવસે દકુભાઈને આંગણે મોટો જમણવાર યોજાયો હતો. ફળિયામાં મોટા મોટા ચૂલા ઉપર દેગ ચડી હતી.

ઓસરીમાં લાડકોર બેઠી બેઠી સમરથ પાસે માથું ઓળાવતી હતી. નણંદની પાછળ નાનકડી માંચી ઉપર બેઠેલી ભોજાઈ લાડકોરના માથામાં ધૂપેલ ચાંપીને કાંસકી ફેરવતી હતી.

હોંશીલાં ફૈબાએ બાલુના લગનના જમણવાર માટે મોટી મોટી તૈયારીઓ કરેલી. એક ચૂલા ઉપર કંદોઈ વડી-પાપડ તળી રહ્યો હતો અને એ માટે લાડકોરની બાજુમાંનો ઓસરીમાંનો તેલનો ખાણિયો ખુલ્લો મૂકી દેવામાં આવ્યો હતો.

કંદોઈ તપેલાં ભરી ભરીને ખાણિયામાંથી તેલ ઉલેચતો જતો હતો.

લાડકોર પોતાની ભોજાઈ સાથે સુખદુઃખની વાતો કરી રહી હતી. અત્યારે એ વઢકણી સમરથનો આખો ભૂતકાળ ભૂલી ગઈ હતી. પોતાને ઘેરે વાસ્તુ પ્રસંગે ભોજાઈએ મોહનમાળા જેવી મામૂલી વાતમાંથી જે મહામોટી રામાયણ ઊભી કરી હતી અને રંગમાં ભંગ પાડ્યો હતો એ પ્રસંગ પણ આજના શુભ પ્રસંગે આ સહિષ્ણુ સ્ત્રી વીસરી ગઈ હતી.

એવામાં ઓસરીનો તેલનો ખાણિયો ઉલેચાતો ઉલેચાતો છેક તળિયા સુધી ખાલી થઈ ગયો અને કંદોઈએ હજી એક વધારે તપેલું ભરવા માટે ખાણિયામાં છેક ઊંડાણમાં હાથ નાખ્યો ત્યારે તપેલું જાણે કે કશીક ભારેછલ્લ વસ્તુ સાથે ભટકાતું લાગ્યું.

'આ ખાણિયામાં પાણો પડ્યો છે કે શું?' એમ બોલતાં બોલતાં કંદોઈએ પોતાનો આખો હાથ અંદર ઉતારીને પેલી ભારેખમ ચીજ બહાર ખેંચી કાઢી.

તેલથી રસબસ થયેલી પાણકોરાની આ કોથળી તરફ લાડકોર કુતૂહલપૂર્વક તાકી રહી, સમરથ સંશય અને શંકાપૂર્વક.

કંદોઈએ એ કાળીમેશ કોથળી જોરપૂર્વક ખાણિયાની કોર ઉપર પડતી મૂકી એટલે ચોખ્ખી ચાંદીના મુંબઈગરા રૂપિયાનો પરિચિત અવાજ રણકી ઊઠ્યો.

'ઓહોહો ભાભી! મારો દકુભાઈ ભાર્યે મોટો નાણાંવાળો છે ને શું!' માથું ઓળાવતી લાડકોરે પાછળ જોયા વિના જ સમરથની મજાક કરી, 'તમારા તો તેલના ખાણિયામાંથીય રૂપિયાની કોથળિયું નીકળે છે ને શું!'

પણ ભોજાઈ તરફથી આ મશ્કરીનો કશો ઉત્તર જ ન મળ્યો, એટલે લાડકોરે મજાક ચાલુ રાખી:

'તમારે તો સંજવારીમાંથીય સાચાં મોતી નીકળે એવી સાહ્યબી લાગે છે! તેલના ખાણિયામાંથીય આટઆટલા રૂપિયા નીકળે છે તો પછી પટારામાં તો શું નહીં ભર્યું હોય!'

આ વખતે તો ભોજાઈ તરફથી કશોક ઉત્તર મળશે જ એવી નણંદને અપેક્ષા હતી પણ સમરથને મોઢેથી કોઈ વેણ સાંભળવાને બદલે એની આંખમાંથી ખરેલાં ઊનાં ઊનાં આંસુ લાડકોરના હાથ ઉપર ટપક્યાં ત્યારે એ ચમકી ઊઠી. વાળમાં કરતી કાંસકી અટકાવીને પડી ગયેલી સરસ સેંથી વીંખાઈ જવાની પરવા કર્યા વિના એણે ડોક ફેરવીને પછવાડે જોયું તો સમરથનું મોટું કાળુંધબ્બ થઈ ગયેલું દેખાયું

*

## ૪૦
# આગલા ભવનો વેરી

'અરે ભાભી, તમારી આંખ ભીની કાં?' લાડકોરે સમરથને પૂછ્યું, 'રુવો છો શું કામ?'

પણ સમરથને મોઢેથી શો ઉત્તર મળવાને બદલે આંખમાંથી વધારે આંસુ જ ખર્યાં ત્યારે લાડકોરને લાગ્યું કે આમાં કશુંક આડું વેતરાયું છે. માથું ઓળવાનું માંડી વાળી, હાથમાં તલનું કચોળું લઈને એ ઊભી થઈ ગઈ અને સમરથને પણ માંચી પરથી ઊભી કરતાં પૂછ્યું:

'મારાથી કાંઈ અવળું વેણ બોલાઈ ગયું?... તમને માઠું લાગી ગયું?'

પણ કશો ખુલાસો કરવાને બદલે સમરથ ભોંઠામણ અનુભવતી નીચું જોઈ ગઈ.

કેડ સમાણા ઊંડા ખાણિયામાંથી રૂપિયાની કોથળી ખેંચી કાઢનારો કંદોઈ ક્યારનો હાથમાં તપેલું ઝાલીને ખોડચાંની જેમ ઊભો રહેલો અને આટલાં કલદાર કાઢી આપવા બદલ શાબાશીના શિરપાવની રાહ જોઈ રહ્યો હતો, એ હવે આ દશ્ય જોઈને અકળાઈ ઊઠ્યો તેથી પૂછ્યું:

'આ કોથળી ક્યાં મેલું?'

'ચૂલામાં,' સમરથે કહ્યું.

લાડકોરના મનમાં જે શંકા ઉદ્‌ભવેલી એ આ સાંભળી વધારે ઘેરી બની. એણે હાથનો સંકેત કરીને કંદોઈને અહીંથી ચાલ્યા જવાનું સૂચવ્યું. પછી એકલી પડતાં એણે સમરથને પૂછ્યું:

'ભાભી, આ શું થઈ પડ્યું આટલી વારમાં?'

'કાંઈ કહેવાની વાત નથી–' કહીને ફરી વાર શરમિંદી સમરથ આંખો ઢાળી ગઈ.

'પણ ઘડીક વારમાં જ? હજી હમણાં તો કેવા મજાના ટહુકા કરતાં હતાં!' લાડકોરે પોતાના જ સાડલા વડે સમરથની આંખમાંથી આંસુ લૂછતાં લૂછતાં કહ્યું, 'કાલે તો બાલુની જાન જૂતશે ને આજે આમ આંખ ભીની કરાય?'

'મારી આંખ સામેથી ઓલી કાળમુખી કોથળી આઘી કરો!' સમરથે પહેલી જ વાર શબ્દોચ્ચાર કર્યો.

'શું કામ આઘી કરીએ ભલા? મૂળાનાં પતીકાં જેવા રૂપિયા કાંઈ મફત આવ્યા છે?' લાડકોરે કહ્યું, 'ને જોખમ સાચવવું હોય તો ગમે એવે ઠેકાણે મૂકવું પડે. ખાણિયામાં શું, ભમરિયા કૂવામાંય સંતાડવું પડે... બીકાળા ગામમાં રહેવું કાંઈ રમત વાત છે?'

'સંતાડ્યું નહોતું—'

'ભલે ને સંતાડ્યું! એમાં શરમ શેની વળી?'

'કહું છું, કે કોથળી સંતાડી નહોતી...'

'સમજી, સમજી! મારા દકુભાઈએ ખાણિયામાં જોખમ મેલ્યું હશે. ભાયડા માણસની મેલમૂકની આપણને શું ખબર પડે?'

'કહું છું કે ખાણિયામાં કોઈએ કોથળી મેલી નહોતી—'

'ઝાઝી વાતનાં ગાડાં ભરાય. ગમે એણે મેલી હોય. તમને તો ખરે અવસરે દહીંના ફોદા જેવા રૂપિયા જડ્યા, એ જ મોટા શકન!'

'શકન નહીં,' સમરથ અચકાતે અવાજે બોલી, 'અપશકન કહો, બહેન!'

સાંભળીને લાડકોર વધારે ગૂંચવણમાં પડી. ખાણિયામાંથી રૂપિયા નીકળ્યા, એને સમરથ અપશુકન શા માટે કહે છે? શું આ ચોરી-ચપાટીનો માલ હશે? કોઈની થાપણ ઓળવી હશે?

'ભોળી લાડકોરે પૂછી જ નાખ્યું: 'ખાણિયામાં આ જોખમ છાનુંછપનું મેલ્યું'તું?'

'છાનું તો ફક્ત અમારાથી જ હતું—'

'કોણે મેલ્યું'તું?'

'કોઈએ નહોતું મેલ્યું—'

'તો પછી આવડી મોટી કોથળી ખાણિયામાં આવી પડી ક્યાંથી!'

'એની મેળે જ પડી'તી... પડી ગઈ'તી—'

'ગાડાનાં પૈડાં જેવા ગોળ ગોળ રૂપિયા કાંઈ જાણ બહાર થોડા પડી જાતા હશે?—'

'તમે નહીં માનો, બહેન, પણ સાચું કહું છું—અમારી જાણ બહાર જ કોથળી આખી ખાણિયામાં સરકી ગઈ'તી—'

'ક્યારે? ક્યારે?'

'એ તો યાદ આવે છે ને હવે જ સંધુંય સમજાય છે...' સમરથે ખુલાસો કર્યો, બાલુનું વેશવાળ કર્યું તે દિવસે અમે—'

'હા, તે દિવસે તો બટુકના બાપુ પણ અહીં આવ્યા'તા ને—'

'હા તે દિવસે જ, ખાણિયામાંથી તેલ ભરવા આ ઢાકણું ઉઘાડ્યું'તું, ને રસોઈની ઉતાવળમાં હું ઢાંકણું પાછું ઢાંક્યા વિના જ રાંધણિયામાં વહી ગઈ'તી—'

'હા... હા... ...પછી?'

'બજારમાંથી તેલનો બીજે ડબો મંગાવ્યો'તો, એ રેડીને પછી ઢાંકણું ભીડી દઈશ, એમ કરીને હું રાંધણિયામાં ભજિયાં તળતી'તી—'

'હા, પછી?'

'ઓસરીમાં મારા નણદોઈ એકલા જ બેઠા'તા... બીજું કોઈ નહોતું—'

'ઓરડામાં કે ઓસરીમાં?'

'તમારા ભાઈએ એને ઓસરીમાં જ બેસાડી રાખ્યા'તા... ઓરડામાં કાંઈક ખાનગી વાતચીત થાતી'તી, ને એટલે—'

'સમજી! સમજી! પછી શું થયું?' લાડકોરની ઉત્કંઠા વધી ગઈ.

'ઓસરીમાંથી નણદોઈ ક્યારે ઊભા થઈને ડેલી બહાર નીકળી

ગયા એની કોઈને ખબર પડી નહીં... કોઈને ખબર પડી નહીં,' સમરથે ઘટનાના તાણાવાણા મેળવવા માંડ્યા. 'એવામાં બાલુ બજારમાંથી રૂપિયા રોકડા કરાવીને કોથળી લઈને આવી પૂગ્યો. ને આવ્યો એ ભેગો જ પાછો બ્રાહ્મણને બરકવા ઉતાવળો પાછો ગયો, એટલે આ કોથળી આ ખાણિયાની કોર ઉપર મેલતો ગયો—'

'પણ કોર ઉપરથી ખાણિયાની અંદર કોણે નાખી દીધી?'

'મેં કીધું નહીં, કોઈએ અંદર નહોતી નાખી.'

'તો ખાણિયામાં આ કોથળી વિયાણી કે શું?' સમરથના અંતરમાં ઘૂંટાતી વેદના સમજનારી લાડકોરે મજાક કરી, 'આવા ખાણિયા તો બાઈ, નસીબદારને ઘેર જ હોય—'

'નસીબદારને ઘેર નહીં, નસીબના ફૂટેલને ઘેરે હોય, એમ કહો.'

'ફૂટેલ નસીબ શું કામે બોલવું પડે ભલા?'

'તમે સાચી વાત જાણતાં નથી, એટલે જ આવી ઠેકડી સૂઝે છે તમને—'

'તો સાચી વાત કહો ને તમે—' લાડકોરે વિનંતી કરી.

'થવાકાળે એવું થયું, કે બાલુ કોથળી મેલીને ગયો, ને હું રાંધણિયામાં હતી ત્યાં બહારથી બે મીંદડાં વઢતાં વઢતાં ઓસરીમાં આવ્યાં ને ભફાક કરતોકને અવાજ થયો.'

'શેનો?'

'શેનો અવાજ થયો'તો એ તો તે દિવસે ખબર નહોતી પડી. હું તો રસોઈની ઉતાવળમાં હતી એટલે રાંધણિયામાંથી નીકળી જ નહોતી. પણ હવે સમજાયું કે મીંદડાંએ વઢતાં વઢતાં કોથળીને ઠેલો મારી દીધો હશે એટલે એ કોર ઉપરથી ઊથલીને ખાણિયામાં જઈ પડી. એવામાં બજારમાંથી એક મજૂર તેલનો ડબો લઈને આવ્યો, એણે ઓસરીમાંથી જ ઊભાં ઊભાં પૂછ્યું કે, 'આ ડબો ક્યાં રેડું?' મેં રાંધણિયામાંથી જ કીધું કે, 'રેડ ખાણિયામાં.' એ તો આખો ડબો

ખાણિયામા રેડીને થઈ ગયો હાલતો. ને કાળામેંશ ઊંડા ખાણિયાના અંધારામાં કોથળી અંદર જ દટાઈ રહી... તે દીની ઘડીથી આજના દી લગી—'

સાંભળીને લાડકોરે હર્ષભેર કહ્યું, 'નસીબદાર કે એમ કરતાંય નાણું સચવાઈ રહ્યું—'

'નાણું સચવાઈ રહ્યું, પણ સારપ લૂંટાઈ ગઈ.' દકુભાઈ જેવા શઠ માણસના સહવાસમાં રહ્યા છતાંય સમરથ અત્યારે કોથળીપ્રકરણ અંગે પશ્ચાત્તાપ અનુભવી રહી હતી. અનાયાસે જ એને હૈયાની વાત હોઠે આવી ગઈ, 'આ ખાણિયે રૂપિયા સંઘરી રાખ્યા, પણ ઘરની ખાનદાની ખાલી કરાવી નાખી—'

લાડકોરને આવા અસંબદ્ધ ઉદ્‌ગારોમાં કશી સમજ પડે એમ નહોતી તેથી એ તો મોઢું વકાસીને ભોજાઈ તરફ તાકી જ રહી.

ગુનેગાર સમરથને લાગ્યું કે નણંદની આ વેધક નજર મારા ઉપર મૂંગું તહોતમ ઉચ્ચારી રહી છે, તેથી એ એવી તો ગભરામણ અનુભવી રહી કે આપમેળે જ બોલી ઊઠી:

'બેન, અમે તમારાં ગુનેગાર છીએ. ન કરવા જેવાં કામ અમે અભાગિયાં કરી બેઠાં છીએ—'

સાંભળીને લાડકોરે વળી વધારે આશ્ચર્ય અનુભવ્યું આ બધું શું ચાલી રહ્યું છે! સમરથની સૂધસાન ઠેકાણે છે કે નહીં? કોથળીની સાવ વિસાત વિનાની વાતમાંથી આટલું મોટું વતેસર શા સારુ કરી રહી છે? કે પછી કાંઈ આંધળે બહેરું કુટાઈ રહ્યું છે?

લાડકોર આવી વિમાસણ અનુભવતી હતી ત્યારે સમરથનો ચિત્તપ્રવાહ જુદી જ દિશામાં વહેતો હતો. એને થયું કે ઓતમચંદ ઉપર કોથળી ચોરવાનું જે આળ ઓઢાડેલું અને માથેથી ઢોરમાર મારેલો એની રજેરજ વિગત નણંદ તો જાણતાં જ હશે, એથી એણે પાણી પહેલાં જ પાળ બાંધવાની ઢબે કબૂલત કરવા માંડી.

'બેન અમે નગણાં નીકળ્યાં... તમારા આટઆટલા ગણ ઉપર અવગણ કર્યો... અમને કમત સૂઝી... અમારે હાથે કાળાં કરમ થઈ ગયાં છે... તમે તો સમદરપેટાં છો... ભલાં થઈને અમારો વાંક ભૂલી જાવ—'

લાડકોર તો દિગ્મૂઢ બની ગઈ. સમરથ શું બકી રહી છે એ જ એને ન સમજાયું.

'શેનો વાંક? શી વાત છે?'

'તમે તો સંધુંય જાણો છો!' સમરથે કહ્યું.

લાડકોર સમજી કે ભોજાઈ હજી પેલા વાસ્તુપ્રસંગે મોહનમાળાના દાગીનામાંથી થયેલ કજિયાની વાત કરી રહી છે, તેથી એણે તો ભોળેભાવે કહ્યું:

'અમે તો ભૂલી જ ગયાં છીએ, પછી માફ કરવાપણું રહ્યું ક્યાં? વાસ્તુની વાત તો વાસ્તુ ભેગી થઈ ગઈ. હવે એને યાદ કર્યે શું વળે? ગઈ તિથિ તો બ્રાહ્મણેય ન વાંચે—'

લાડકોરની આ ગેરસમજે સમરથના મનમાં વળી બીજી ગેરસમજ ઊભી કરી. એને થયું કે ઓતમચંદ ઉપર ઓઢાડેલી ચોરીના આરોપની વાત તો નણંદ જાણે જ છે, અને ઇરાદાપૂર્વક વાસ્તુપ્રસંગની ઘરેણાંની આડી વાત ઉખેળે છે. તેથી, એણે તો સ્વરક્ષણ માટે આગોતરી જ કબૂલત કરી નાખવા આગળ ચલાવ્યું:

'વાસ્તુવાળી વાત તો હવે જૂની થઈ. એ ટાણે અમે તમને દૂભવવામાં કાંઈ કચાશ નહોતી રાખી, પણ એ તો હવે ગઈ ગુજરી ગણાય. પણ અમે અભાગિયાંએ તો તમને ફરી વાર દૂભવ્યાં—'

'ફરી વાર?'

'હા, બાલુના સગપણ ટાણે—'

'બાલુના સગપણ ટાણે તો અમે હાથભીડમાં હતાં. એટલે મારા દકુભાઈએ એમને સારી પટ મદદ કરી'તી...'

'હેં? કોણે કીધું?'

'બટુકના બાપાએ,' લાડકોર બોલી.

સાંભળીને હવે સમરથ ગૂંચવણમાં પડી. ગભરાતાં ગભરાતાં બોલી: 'આવી ઠેકડી કરો મા. અમે તમારા ઉપર ગુજારી છે, એવી તો બાપના વેરી ઉપર પણ ન ગુજરે!'

'તમે તો અમારા માઠા દિવસમાં માથે હાથ રાખ્યો'તો' લાડકોરે ભોળે ભાવે પ્રશસ્તિ શરૂ કરી, 'મારો દકુભાઈ કાંઈ ઓછો હોંશીલો છે! બટુકના બાપુ વાઘણિયેથી એક દી રહેવાનું કહીને ઈશ્વરિયે આવ્યા'તા. એને તમે આઠ-આઠ દી લગી ખસવા જ ન દીધા! ને રોજ રોજ ફરતાં ફરતાં મિષ્ટાન્ન જમાડ્યાં, એની વાત તો હું હજી નથી ભૂલી. આજે લાડવા તો કાલે લાપશી! ત્રીજે દી દૂધપાક તો ચોથે દી ચૂરમું! મારા દકુભાઈનાં હેતપ્રીત પાસે બીજાં સહુનાં હેતપ્રીત હેઠાં!'

હવે તો સમરથ શિયાંવિયાં થવા લાગી. નણંદની એકેક ઉક્તિ એને દઝાડતી હતી. કરગરીને કહેવા લાગી:

'અમારી ગરીબ માણસની બહુ ઠેકડી કરી તમે તો, હવે હાંઉ કરો, બેન! અમારાથી ભૂલ થતાં થઈ ગઈ પણ ભલાં થઈને સંધુંય ભૂલી જાવ!'

'એમાં તમારો શું વાંક? તમે તો તમારા ભાણિયા સામું ભાળીને એના બાપુને સારીપટ રૂપિયા ભેગા બંધાવ્યા'તા... પણ અમારાં નસીબ ફૂટેલાં, ને મારગમાં આડોડિયાએ આંતરીને સંધુંય લૂંટી લીધું એમાં તમારો શું વાંક?'

સમરથે ચોંકી ઊઠીને પૂછ્યું: 'શું લૂંટી લીધું?'

'મારા દકુભાઈએ ભાણિયા સારુ મોકલ્યું'તું એ સંધુંય જોખમ લૂંટી લીધું મૂવા આડોડિયાએ... પીટડિયાવને શૂળ નીકળે! એને રૂંવે રૂંવે રગતપીત થાય, મરી ગયાં વને!' ઓતમચંદે કથેલા લૂંટારાઓને

લાડકોરે સારી પેઠે શાપ આપી રહ્યા પછી ઉમેર્યું:

'નખોદિયાને નદીને કાંઠે આંતરીને સંધુંય ખંખેરી લીધું. માથેથી પરોણે પરોણે સબોડી નાખ્યા એ વળી અદકલહાણનું. કડીઆળી લાકડીઉંની ભરોડ્યું લીલી લીલી કાચ જેવી વાંસામાં ઊઠી આવી'તી, એ તો મહિના દી લગી રુઝાણી નહીં.'

'એને આડોડિયાએ નહોતા આંતર્યા—'

'આડોડિયા નહીં તો બહારવટિયા હશે—'

'બહારવટિયા પણ નહોતા—'

'તો કોક કાંટવરણિયા ડફેર હશે. કાળમુખા મૂવા... ...એનાં કાંધ કૂતરાં ખાય! નખોદિયાવનાં પેટમાં દયાનો છાંટો નહીં હોય.'

'કોઈ કાંટવરણિયાયે નહોતા ને ડફેર પણ નહોતા—'

'તો પછી એના વાંસામાં ભૂંગળ ભૂંગળ જેવી જાડી ભરોડ્યું કોણે ઉઠાડી?'

'પસાયતાવે—'

'પસાયતાવે? કયા ગામના પસાયતાવે?'

'અમારા ઈશ્વરિયાના જ—'

સાંભળીને લાડકોરે આઘાત અનુભવ્યો. પૂછ્યું: 'પસાયતા? પસાયતા ઊઠીને કોઈને આંતરતા હશે ખરા?'

'અમે જ એને આંતરવા વાંસે મોકલ્યા'તા—' સમરથ બોલતાં બોલી ગઈ. નણંદભોજાઈ વચ્ચેની વાતચીત હવે એ કક્ષાએ પહોંચી ગઈ હતી, જ્યારે સમરથ આપમેળે જ એમાં ઘસડાતી જતી હતી.

'તમે પોતે જ પસાયતાને વાંસે મોકલ્યા'તા? શું કામે?' લાડકોર કંપતા અવાજે પૂછી રહી. 'શું કામે? એણે તમારે શું બગાડ્યું'તું? એનો શું વાંકગુનો હતો?

'અમને એના ઉપર વહેમ આવ્યો'તો—રૂપિયાની કોથળી ચોરી ગયાનો—' લાગણીના આવેશમાં સમરથે કબૂલત કરી નાખી, 'મારા

નણદોઈ ઓસરીમાં જ બેઠા'તા ને કોઈને કાંઈ કીધા વિના જ ગામ બહાર નીકળી ગયા'તા. પણ ઓસરીમાં મીંદડાં વઢ્યાં ને કોથળી ખાણિયામાં ઊથલી પડી એની મોર જ એ ડેલી બહાર નીકળી ગયા એની અમને ખબર નહીં. એટલે ચોરીનું આળ એના ઉપર આવ્યું. તમારા ભાઈએ વાંસોવાંસ પસાયતા ધોડાવ્યા, ને ખળખળિયાને કાંઠે એને આંતરી લીધા... કોથળી કઢાવવા સારુ ધોકે ધોકે ઢીબી નાખ્યા પણ કોથળી તો આંયકણે ખાણિયામાં પડી હશે એ કોને ખબર?'

અત્યાર સુધી સ્વસ્થ ચિત્તે પ્રશ્નો પૂછી પૂછીને પોતાના મનની શંકાઓનું નિવારણ કરી રહેલી લાડકોર આ છેલ્લી શંકાનું સમાધાન થયા પછી રોષપૂર્વક ત્રાડી ઊઠી:

'અરરર! મારા ધણી ઉપર આવાં આળ ચડાવ્યાં'તાં? તમને શરમ ન થઈ?'

'થાતાં થઈ ગયું, બેન! અમને અમારાં કરમે જ આવી કમત સુઝાડી.'

'બળ્યાં તમારાં કરમ! તમે તે માણસ છો કે હેવાન?—'

'અમે તો હેવાન કરતાં બેજ નીકળ્યાં... પણ હવે ગઈગુજરી ભૂલી જાવ, બહેન!' સમરથ કરગરવા લાગી, 'હવે તો તમારું ખાસડું ને અમારું માથું—'

'અમારું ખાસડુંય કાંઈ સોંઘું નથી' લાડકોરે કુપિત અવાજે કહ્યું, 'તમ જેવાં ખવીસને માથે અડે તો મારું ખાસડુંય અભડાય.'

બોલતાં બોલતાં લાડકોરની આંખમાંથી જાણે કે અંગારા ખરતા હતા અને રૂંવે રૂંવે આગ ઊઠતી હતી.

સમરથ દીન વદને યાચતી હતી: 'માફ કરો બેન! એક ગનો તો રાજાય માફ કરે—'

'હવે વળી માફી કેવી ને વાત કેવી!' લાડકોરે કહ્યું, 'આ તો બટુકના બાપુએ આજ સુધી મને કાંઈ વાત ન કરી, ને સાવ અજાણી રાખી એટલે હું હૈયાફૂટી તમારે આંગણે આવી ઊભી. હવે તો આ

ઘરનો ઓછાયો લઉં તોય મને પાપ લાગે—'

આટલું કહીને એ કોપાયમાન ચંડિકાની જેમ ઊભી થઈ અને મોટેથી બૂમ પાડી: 'બટુક!'

ફળિયામાંથી કોઈએ કહ્યું, 'બટુકભાઈ જમવા બેઠા છે.'

લાડકોર દોડતી ફળિયામાં જઈ પહોંચી અને ભાણા ઉપર બેઠેલા બટુકને ઝડપભેર ઉઠાડી લીધો. બોલી, 'આ કસાઈના ઘરનો કોળિયો ગળે ઉતારજે મા—'

ઓળ્યા વિનાનો ચોસર ચોટલો આમતેમ ઉછાળતી અને હાકોટા પાડતી લાડકોર સાક્ષાત્ ચંડિકા સમી લાગતી હતી. સમરથ વધારે ને વધારે વિનમ્રતાથી એને શાંત થવા વીનવી રહી હતી, પણ તેમ તેમ તો લાડકોરનું સ્વરૂપ વધારે ઉગ્ર થતું જતું હતું.

એ જ ઉગ્ર અવાજે એણે ત્રાડ પાડી: 'વશરામ!'

ડેલી બહારના ઓટા ઉપર ચુંગી ફૂંકી રહેલા વશરામે ડેલીમાં દાખલ થઈને પૂછ્યું: 'શું કીધું, બા?'

'ગાડી જોડો ઝટ!'

લાડકોરનો આ આદેશ, વશરામની પાછળ પાછળ જ ડેલીમાં દાખલ થયેલા દકુભાઈએ સાંભળ્યો, તેથી એમણે કુતૂહલથી પૂછ્યું:

'અટાણે જમવા ટાણે ગાડી જોડીને ક્યાં જવું છે, બેન?'

'વાઘણિયે!'

સાંભળીને દકુભાઈ ઉપર જાણે કે વીજળી ત્રાટકી.

સમરથે, ઘડીક વારમાં આ શું મચી ગયું એનો ખુલાસો કર્યો અને ખાણિયાની પાળ ઉપર પડેલી કોથળી બતાવી.

ફાટી આંખે કોથળી તરફ તાકી રહેલા દકુભાઈના મોઢા ઉપર જાણે કે શાહી ઢોળાઈ ગઈ.

લાડકોરે ફરી ગાડીવાનને સાબદો કર્યો: 'વશરામ, ગાડી જોડો ઝટ. મારે અસૂરું થાય છે.'

'બેન, આમ લગન-અવસર ઉકેલ્યા વગર જવાય ક્યાંય?' દકુભાઈએ કહ્યું.

'તારા અવસરમાં મેલ્ય પૂળો!'

'પણ કાલ સવારમાં તો બાલુની જાન જૂતશે—'

'હવે બાલુ મારો ભત્રીજો નહીં... ને તું મારો ભાઈ નહીં.'

હવે સમરથે નણંદને સમજાવવા પ્રયત્ન કર્યો: 'જમવા ટાણે આમ હાલતાં થઈ જવાય બેન?... ભાણાં પીરસાઈ ગયાં છે—'

'હવે આ ભવમાં તો હું આ ભાણે નહીં જમું,' લાડકોરે સંભળાવી, 'આ થાળીમાં પીરસ્યાં છે, એ પકવાન નથી, ગવતરીની માટી છે, ગવમેટ છે—

'જરાક ટાઢાં પડો, બેન!' દકુભાઈ વીનવવા લાગ્યો, 'જીવ ઠેકાણે રાખીને જમી લ્યો.'

'આજથી આ ઘરના ગોળાનું પાણી જ મારે હરામ! અન્નનો એક દાણોય મને ન કળપે—' કહીને લાડકોરે ફરી ગાડીવાનને પડકાર કર્યો, 'વશરામ, આ સરસામાન મૂકો ઝટ ગાડીમાં—'

'આમ અંતરિયાળ અવસર રઝળાવીને હાલ્યાં જાવ, એ શોભે બેન?' દકુભાઈએ કહ્યું.

'સગા બનેવીને ચોર ઠરાવવાનું ને માથેથી ઢોરમાર મારવાનું તને શોભે?'

દકુભાઈએ અને સમરથે બેનને વીનવવામાં કશી મણા ન રાખી. બેય જણાં લાડકોરને પગે પડ્યાં ત્યારે લાડકોરે ગર્જના કરી: 'ખબરદાર મારા પગને અડીને મને અભડાવી છે તો!'

'બેન, આ શું બોલે છે?'

'સાચું બોલું છું. તું માણસ નથી; ચંડાળ છો ચંડાળ!' બટુકને આંગળીએ લઈને ડેલીના બારણા તરફ જતાં જતાં પણ લાડકોર હાકોટા પાડતી હતી: 'તારા કરતાં તો કસાઈ ને ખાટકી સાત થોકે

સારા હોય. ખાટકી તો જનાવરને જ મારે, પણ તું તો માણસ-મારો નીકળ્યો.'

આટલું કહીને લાડકોર ભાઈ પ્રત્યેની સઘળી ઘૃણાના પ્રતીકરૂપે એના પર થૂંકી અને બોલી: 'થૂ તને!'

આવી ભયંકર ઘૃણાને પણ દકુભાઈ ગળી ગયો અને વધારે ઝનૂનથી બેનને રોકવા મથી રહ્યો. ઝડપભેર એ ડેલીને ઉંબરે જઈ આડો ઊભો રહ્યો. બટુકને લઈને આગળ વધતી લાડકોરનો મારગ આંતરવા બારસાખ ઉપર આડા હાથ ધરીને બોલતો રહ્યો:

'નહીં જાવા દઉં... ...નહીં જાવા દઉં...'

'ખસ આઘો, ખસૂડિયા કૂતરા!' કહીને લાડકોર ભાઈના હાથને ઝાટકો મારીને ઝડપભેર ગાડીમાં જઈ બેઠી.

ક્યારનો ગળગળો થઈ ગયેલો દકુભાઈ હવે ધ્રુસકે ધ્રુસકે રડીને વીનવવા લાગ્યો:

'બેન, મારાં રાંધ્યાં ધાન રઝળાવીને આમ હાલી જ મા. મારો વાંકગનો ખમી ખા... બેન, આ ગરીબ ભાઈ ઉપર જરાક દયા કર...'

'તારા જેવા તરકડા ઉપર દયા? તને તો શૂળીએ ચડાવું તોય મારા જીવને શાતા નહીં વળે... સગી બેનનો ચૂડલો ભાંગવા તૈયાર થાનારાને તો કાગડાં-કૂતરાંને મોતે મારવો જોઈએ.' કહીને લાડકોરે વશરામને હુકમ કર્યો, 'હાંક ઝટ, હાંક. આ ગોઝારા આંગણામાં ઊભવામાંય મને પાતક લાગે છે.'

તરણોપાય તરીકે દકુભાઈ ઘોડાનું ચોકડું ઝાલીને આડો ઊભો રહ્યો અને ગાડીવાનને કહેવા લાગ્યો, 'નહીં હાલવા દઉં, ગાડી નહીં હાલવા દઉં...'

ભાઈબહેન વચ્ચેના આ કલહમાં અત્યાર સુધી મૂક સાક્ષી જ બની રહેલ વશરામે હવે લાડકોરને સમજાવ્યું, 'બા, માના જણ્યા ભાઈનું વેણ રાખો—'

'હવે મારે કોઈ માનો જણ્યો ભાઈ નથી,' લાડકોરે સંભળાવ્યું, 'આજથી હું નભાઈ થઈ સમજજો... આજથી હું નપિયરી...'

'બેન, આવાં વેણ બોલ્ય મા, બેન, મારું કાળજું કપાય છે, બેન!'

'ખબરદાર, જો મને બેન કહીને બોલાવી છે તો જીભ ખેંચી કાઢીશ! તું તો મારો આગલા ભવનો વેરી છો, વેરી.'

'આમ હાલી જા, તો મને મરતો ભાળ્ય, બેન!'

'તારા નામનું તો મેં અટાણથી નાહી નાખ્યું છે, તારે જીવતે જીવ નાહી નાખ્યું એમ સમજજે... આજથી મારે ભાઈના ઘરની ને પિયરિયાંની દશ્ય દેવાઈ ગઈ—'

'હવે હાંઉં કર્ય, બેન, ને હેઠી ઊતર—'

'નહીં ઊતરું, નહીં ઊતરું, નહીં ઊતરું,' કહીને લાડકોરે ગાડીવાનને ફરમાવ્યું, 'ઝટ હાંકી જા, મને આ વેરણ ધરતીમાં વીંછી કરડે છે—'

ભાઈ ઘોડાનું ચોકડું ઝાલી રાખીને દીનવદને બોલતો હતો: 'નહીં હાલવા દઉં, નહીં હાલવા દઉં...'

'હીણા કામના કરનારા, તારી ઉપર તો ગાડીનું પૈડું પીલીને હાંકી જાઈશ તોય મને પાપ નહીં લાગે—' કહીને કુપિત લાડકોરે ગાડીવાનને આદેશ આપી દીધો, 'દકુડાની ઉપર પૈડાં ભલે ફરી જાય, ભલે પિલાઈ જાય, પણ ઝટ વહેતો થા—'

આખરે વશરામે બળપૂર્વક દકુભાઈના હાથમાંથી ચોકડું છોડાવ્યું ને ગાડી આગળ વધારી.

હીબકતો દકુભાઈ ગાડીની પાછળ ક્યાંય સુધી જોતો રહ્યો.

દરવાજાની દોઢીમાંથી ગાડી પસાર થઈ ત્યારે ઓતમચંદને તરણતોલ માર મારનારા પસાયતાઓ આ નવતર વાહનમાંના પ્રવાસીઓ તરફ કુતૂહલથી જોઈ રહ્યા.

ઈશ્વરિયાની સીમ છોડીને વાઘણિયે જવા માટે ખળખળિયાની દિશામાં ગાડી આગળ વધતી હતી. લાડકોર હજી કુપિત મનોદશામાં

હોવાને કારણે સાવ મૂંગી બેઠી હતી. હવે સમજણો થયેલો બટુક પણ આ અણધાર્યા બનાવથી એવો તો સ્તબ્ધ થઈ ગયો હતો કે પોતાનો પ્રિય પાવો વગાડવાનું પણ એ વીસરી ગયો હતો. એકમાત્ર વશરામ, સીમની ઘેરી શાંતિમાં આજની ઘટનાને નિરપેક્ષપણે વાગોળતો વાગોળતો, પોતાના પ્રિય ભજનની એક તૂક લલકારી રહ્યો હતો:

*કોણ સાચું રે... ...*
*સંસારિયામાં સગું તારું કોણ સાચું રે...*

## ૪૧

# હર્ષ-શોકની ગંગાજમના

રોંઢો નમતાં સુધીમાં ઘોડાગાડી ખળખળિયાને કાંઠે આવી પહોંચી, એટલે વશરામે લાડકોરને કહ્યું, 'ઘોડો તરસ્યો થયો હશે, જરાક પોરો ખવરાવીને પાણી પાઈ દઉં?'

'સારી પટ પાઈ લ્યો. પછી વાઘણિયા લગી ક્યાંય પાણીશેરડો નહીં આવે,' લાડકોરે કહ્યું, 'આ મૂંગા જીવને ભૂખતરસ લાગે, તોય કાંઈ બોલી થોડો શકે છે?'

વશરામે ઘેઘૂર આંબલી તળે ઘોડાગાડી, છોડી નાખી. લાડકોર અને બટુક ક્યારનાં ગાડીમાં બેઠાં બેઠાં અકળાઈ ગયાં હતાં તેથી પગ છૂટો કરવા નીચે ઊતર્યાં.

વશરામ ઘોડાને નદીના હેઠવાસ પટમાં દોરી ગયો.

ઈશ્વરિયેથી ઉશ્કેરાઈને નીકળેલી લાડકોર હજી પણ ધૂંધવાયેલી જ હતી. દકુભાઈ ઉપરનો રોષ હજી શમ્યો નહોતો. તેથી જ, નદીકાંઠે ઊડતાં અપરિચિત પક્ષીઓ વિશે બટુક ક્યારનો બાને પૂછપરછ કરી રહ્યો હતો, છતાં બા તરફથી કશો ઉત્તર નહોતો મળતો.

ઉદ્વિગ્ન લાડકોર અત્યારે દકુભાઈ કરતાંય વધારે તો ઓતમચંદ ઉપર મનમાં રોષ ઠાલવી રહી હતી. પતિએ આજ સુધી આ બાબતે કશી વાત કેમ કરી નહીં?' પોતા ઉપર આવાં ઘોર વીતક વીતી ગયાં છતાં આજની ઘડી સુધી એક હરફ પણ કેમ ઉચ્ચાર્યો નહીં? ઊલટાની દકુભાઈની હેતપ્રીતના મોટા મોટા મલાવા કરી કરીને મને ભરમમાં નાખી દીધી... એ ભરમમાં રહીને જ હું મોટે ઉપાડે ઈશ્વરિયે આવી પૂગી... ને ભરમ ભાંગ્યા પછી હવે પાછી વાઘણિયે જાઉં છું—'

'બા, બા, બાપુ આવે! બાપુ આવે!' બટુક આનંદભેર બોલી ઊઠ્યો.

'હોય નહીં, ક્યાં છે?'

'ઓલ્યા ઘોડા ઉપર! ઓલ્યા ઘોડા ઉપર!'

સામી દિશામાંથી રવાલ ચાલે ઘોડીને રમાડતા આવતા અસવારને લાડકોર ન ઓળખી શકી પણ બટુકની ઝીણી નજરે એનો અણસાર ઓળખી લીધો હતો.

લાડકોર હજી તો આશ્ચર્યમાંથી મુક્ત થાય એ પહેલાં તો, હરણફાળે આવતી ઘોડીએ પાણીમાં ડાબો પાડ્યો અને અસવાર બોલી ઊઠ્યો: 'અરે! તમે અહીં ક્યાંથી?'

અને આ પ્રશ્નનો ઉત્તર મળે એ પહેલાં તો ઘોડી નદી ઓળંગીને આ કાંઠે આવી ઊભી.

પૂરપાટ આવતી જાતવંત ઘોડીને અસવારે એકાએક થોભાવતાં એ બે પગે ઝાડ થઈ ગઈ અને હણહણી ઊઠી. આધેડ ઉંમરે પણ ઓતમચંદ એક જુવાનની છટાથી નીચે કૂદી પડ્યો ને બોલ્યો: 'અહીં ક્યાંથી અંતરિયાળ?'

ઉપરાઉપરી બની રહેલી અણધારી ઘટનાઓથી લાડકોર એવી તો હેબતાઈ ગઈ હતી કે પતિને ત્વરિત ઉત્તર પણ ન આપી શકી.

ઓતમચંદને પણ પત્નીનું આ મૌન અકળાવી રહ્યું તેથી એણે કહ્યું: 'બાલુનાં તોરણ તો કાલ્યની તથ્યનાં છે ને? આજે તમે આમ અહીં—'

'તિખારો મેલો એના તોરણમાં!' ચકમક અને ગજવેલના ઘર્ષણમાંથી ઝરતા તણખા જેવા જ શબ્દો લાડકોરની જીભમાંથી ખર્યા.

'શુભ પ્રસંગે આવાં વેણ ન બોલીએ—'

'ન બોલવાં હોય તોય બળતે પેટે બોલાઈ જાય છે—'

'પણ આમ ઓચિંતું કેમ વાજું ફટકી ગયું? સરખી વાત તો કરો!'

'વાત શું કરે, કપાળ!' લાડકોર હજી ધૂંધવાતી હતી. 'તમે તો

મીંઢા તે સાવ મીંઢા જ રહ્યા! આવી હીણપત થઈ તોય તમે તો હોઠ સીવી જ રાખ્યા!'

હવે ઓતમચંદને ગંધ આવી કે દકુભાઈને ઘેર કશુંક આડું વેતરાઈ ગયું છે. પણ શી ઘટના બની છે એ સીધેસીધું પૂછવાને બદલે એણે પત્નીને ઔપચારિક આશ્વાસનો આપવા માંડ્યાં.

'હોય એ તો... એમ જ હાલે—'

'એમ જ શું હાલે કપાળ!' લાડકોર બોલી, 'તમારા ઉપર એ નૂગરાઓએ રૂપિયાની કોથળી ચોરવાનું આળ મેલ્યું ને માથેથી ઢોરમાર માર્યો તોય તમે—'

'કોથળી ચોરવા જઈએ તો માર પણ ખાવો પડે,' ઓતમચંદે રોનક કરી, 'આ તો માથા સાટે માલ છે, ખણખણતા રૂપિયા કાંઈ રેઢા પડ્યા છે?'

'પણ રૂપિયા તો તેલના ખાણિયામાંથી નીકળ્યા... મારી નજર સામે જ અકબંધ કોથળી બહાર આવી—'

'સાચું કહો છો?' ઓતમચંદ વિચારમાં પડી ગયો. પત્નીનું આ એક જ વાક્ય એના ચિત્તમાં વીજળી જેવો ઝબકારો કરી ગયું. આજ સુધી સહુથી અજાણી રહેલી આ ભેદભરપૂર ઘટનાનો ઘટસ્ફોટ થઈ ગયો. કોથળીની આસપાસ જામેલાં અનેકાનેક અનુમાનોનું આવરણ જાણે કે પલકવારમાં ભેદાઈ ગયું અને ઓતમચંદની આંખ સામે આખીય ઘટના દીવા જેટલી સ્પષ્ટ થઈ ગઈ.

'તમે તો મીંઢા તે કાંઈ મીંઢા! આજ લગી મોઢા ઉપર ખંભાતી જ મારી રાખ્યું!' લાડકોર હજી વસવસો કરતી હતી. 'આજ સુધી સગી ધણિયાણીનેય સાચી વાત ન કરી!'

'વાત કર્યે શું વળવાનું હતું? ઠાલું બોલ્યું બહાર પડે,' ઓતમચંદે સમજાવ્યું, 'એમાં તો ઘોડીનાંય ઘટે ને ઘોડેસવારનાંય ઘટે ને? આપણા ભેગી દકુભાઈની આબરૂ ઓછી થાય ને?'

'એને નકટાને વળી આબરૂ ક્યાં હતી, તે ઓછી થાય? એ બે દોકડાના માણસે ઊઠીને તમારી લાખ રૂપિયાની આબરૂ ઉપર ઘા કર્યો, માથે પસ્તાળ પાડી એ બધુંય તમે ખમી કેમ ખાધું?'

'ખમી ખાવું પડ્યું. એ વખતે આપણો સમો નબળો હતો, એટલે નિંદા ખમી ખાવી પડી. સમો સમો બળવાન છે, માણસ તો એનાં એ જ છે.'

'પણ કોથળી તો એની મેળે જ ખાણિયામાં પડી ગઈ'તી... મીંદડાં વઢ્યાં, એના હડસેલાથી—'

'એ તો હુંય હવે સમજી ગયો કે આમાં કોઈનો વાંક નહોતો...'

'ઓલ્યા રાખહ જેવા પસાયતાએ તમને ઢીબી નાખ્યા, એમાંય કોઈનો વાંક નહોતો?'

'ના,' ઓતમચંદે સમજ પાડી. 'પસાયતા તો દકુભાઈના મોકલાવ્યા આવ્યા'તા. ને એમાં દકુભાઈનોય શું વાંક બિચારાનો?'

'હજી તમે એને બિચારો કહો છો?'

'બીજું શું કહેવાય! દકુભાઈએ ઓસરીમાં કોથળી નહીં જોઈ હોય, એટલે મારા ઉપર વહેમ આવ્યો હશે. હું ઓસરીમાં એકલો બેઠો'તો ત્યાં સુધી તો કોથળી ખાણિયાની કોર ઉપર પડી'તી. પણ પછી હું કંટાળીને, કોઈને કાંઈ કીધા વિના જ બહાર નીકળી ગયો, ને કોથળી ક્યાંક અલોપ થઈ ગઈ, એટલે મારા ઉપર જ વહેમ આવે એમાં શું નવાઈ?'

'તમે તો નરસી મેતા જેવા છો એટલે તમારા મનમાં તો કોઈનો વાંક જ નહીં વસે—'

'કારણ કે આમાં કોઈ કરતાં કોઈ માણસનો વાંક નથી, ઓતમચંદે આ કરુણાંતિકાનું કારણ ફિલસૂફની ઢબે સમજાવતાં કહ્યું, 'વાંક કોઈનો કાઢવો જ હોય તો ખાણિયાની પાળે આવી પૂગેલાં મીંદડાંનો જ કાઢી શકાય. ને મીંદડાંને કાંઈ માણસ થોડાં ગણી શકાય? એટલે

આમાં કુદરતની કરામત જેવું થઈ ગયું છે... માણસની કાંઈ ભૂલ નથી થઈ—'

'સગા બનેવી ઉપર આવાં વીતક વિતાડ્યાં તોય તમને એની ભૂલ નથી લાગતી?'

'ના. કુદરત જ આવી ભૂલ કરાવે છે. માણસ તો કુદરતના હાથમાં રમકડા જેવો છે... આ બટુકના હાથમાં પાવો છે, એના જેવો જ—'

બટુકના પાવાનો ઉલ્લેખ સાંભળીને લાડકોર બોલી ઊઠી: 'તમે તો આજ સુધી કહેતા હતા ને કે આ પાવો દકુભાઈના બાલુએ મોકલાવ્યો છે?'

'એ તો તમને રૂડું મનાવવા ખાતર જ—'

'રૂડું મનાવીને મને છેતરી?' લાડકોરે ઉગ્ર અવાજે પૂછ્યું, 'સાચું કહો હવે, આ પાવો કોણે મોકલ્યો'તો?'

'હાલો, અબઘડીએ જ એ મોકલનારનો મેળાપ કરાવી દઉં—'

'ક્યાં? કયે ઠેકાણે?'

'અહીંથી બહુ આઘું નથી. ઓલ્યાં આઘે આઘે મેંગણીની સીમનાં ઝાડવાં દેખાય!' ઓતમચંદે કહ્યું: 'તમારો ઠીક ભેટો થઈ ગયો! હું એકલો જાતો'તો ત્યાં તમારો સથવારો થઈ ગયો.'

'ક્યાં જાતા'તા?'

'ઈશ્વરિયે નહીં, મેંગણી જાતો'તો.'

'કેમ ભલા?'

'મારી બેનને ઘેરે લગન છે. ભાણિયાનાં—'

'તમારી બેન? મેંગણીમાં?' લાડકોરે પૂછ્યું, 'કોઈ દી નામ તો સાંભળ્યું નથી—'

'આ તો મારી ધરમની માનેલી બેન છે એટલે તમે ક્યાંથી ઓળખો?'

'તમે હજીય ઠેકડી કરો છો મારી?'

'ઠેકડી નથી કરતો, સાચું કહું છું. તમે ઈશ્વરિયે બાલુનાં લગન કરવા ઘરેથી નીકળ્યાં'તાં. હવે દકુભાઈથી રિસાઈને, લગન કર્યા વિના પાછાં ઘરે જાવ તો અપશુકન જેવું ગણાય. એટલે હવે હાલો મારી ભેળાં મેંગણી. બેનના ભાણિયા બીજલનાં લગન પતાવીને સહુ રંગેચંગે પાછાં વળશું—'

'આ સંધુંય સાચું બોલો છો?' લાડકોર હજી સંશય સેવતી હતી. 'તમારી ધરમની બેનનું નામ શું?'

'હીરબાઈ... એભલભાઈ આયરની ઘરવાળી,' કહીને ઓતમચંદે ખળખળિયાને કાંઠેથી એભલ આહીર એને કેવી રીતે ઝોળીએ ઘાલીને મેંગણી લઈ ગયેલો, હીરબાઈએ કેવી કાળજીથી બેશુદ્ધ માણસની સારવાર કરેલી, એ બધી વીતકકથા પત્નીને કહી સંભળાવી.

સાંભળીને લાડકોર કંપી ઊઠી. 'અરર! તમને પીટડિયા પસાયતાએ આટલા બધા માર્યા'તા? વગડા વચ્ચે તમને મડદાંની જેમ મેલીને હાલ્યા ગ્યા'તા?'

'હા.'

'આવી ભેંકાર જગામાં દીપડોબીપડો આવ્યો હોત તો?'

'તમારાં પુન્ય આડાં આવ્યાં, ને દીપડાને બદલે દેવ જેવો એભલ આવી ચડ્યો, ને મને ફાંટમાં નાખીને મેંગણી લઈ ગયો!'

'હાલો, ઝટ હાલો, મારે એ દેવ જેવા માણસનું મોઢું જોવું છે—'

'વશરામ, ગાડી જોડો!' ઓતમચંદે કહ્યું, 'ને મારી ઘોડીની પછવાડે પછવાડે હાંકતા આવો. મેંગણી તો હવે ઢૂંકડું જ છે—જુવો સામે દેખાય એનાં ઝાડવાં—'

મેંગણીના ઝાંપામાં ઓતમચંદે ઘોડી ઝુકાવી ત્યારે દોઢીમાં ખાટલા પાથરીને પડેલા સિપાઈઓ આ અસવારને ઓળખી ગયા. આખી મોસમમાં વજેસંગ દરબારને ત્યાં ઓતમચંદ વારંવાર આવ્યા કરતો, તેથી આ સંત્રીઓએ આજે પણ એવું અનુમાન કર્યું કે એ દરબારી

મહેમાન છે. એ અનુમાનને કારણે તો આડા પડીને આરામ કરતા સિપાઈઓએ આ અસવારને સલામો પણ ભરી દીધી.

પણ અસવારની પાછળ પાછળ એક ઘોડાગાડી પણ દાખલ થઈ અને એ આખો રસાલો દરબારગઢની દિશામાં વળવાને બદલે આહીરવાડા તરફ વળ્યો, ત્યારે સિપાઈઓને નવાઈ લાગી.

ગઢની રાંગેથી નેળમાં વળીને ઘોડેસવાર એભલ આહીરની ડેલીએ આવી ઊભો. પાછળ ગાડી પણ આવી.

આજે ઓતમચંદને ડેલીની સાંકળ ખખડાવવાની જરૂર નહોતી. ડેલીનાં બારણાં ઉઘાડાં જ હતાં ને આંગણમાં મોટો માંડવો બાંધેલો હતો. માંડવા તળે ખાટલાઓ ઢાળી ઢાળીને કદાવર આહીરો હુક્કા ગગડાવતા બેઠા હતા, એ આ ઉજળિયાત અસવારને જોઈને ઊભા થઈ ગયા.

ઘોડીના ડાબલા, ને આંગણામાં થોભતી વેળાની હણહણાટી સાંભળીને અંદરના વાડામાંથી હીરબાઈ બહાર દોડી આવ્યાં ને અસવારને જોતાં જ બોલી ઊઠ્યાં:

'આવ્યો મારો વીર! સમેસર આવી પૂગ્યો!'

ઓતમચંદ ઘોડી ઉપરથી નીચે ઊતર્યો કે તરત હીરબાઈએ દુખણાં લેતાં લેતાં કહ્યું, 'સારું થયું, અવસર ઉપર આવી પૂગ્યા ભાઈ! મામા વિના મારો બીજલ અણોહરો લાગતો'તો—'

ઓતમચંદે પાછળ આવેલી ઘોડાગાડી તરફ આંગળી ચીંધીને કહ્યું કે બટુક અને બટુકની બા પણ સાથે આવ્યાં છે, ત્યારે તો હીરબાઈ હરખઘેલી થઈ ગઈ. એણે એભલને કહ્યું, 'ભાઈ તો મારી ભુજાઈનેય તેડતા આવ્યા છે! ધન્ય ઘડી, ધન્ય ભાગ્ય!'

લાડકોર બટુકને લઈને ગાડીમાંથી ઊતરી એટલે પતિએ એને આ અજાણ્યાં માણસોની ઓળખાણ આ રીતે આપી:

'દકુભાઈએ તમારો ચૂડલો ભાંગવા જેવું કામ કર્યું ને આ

એભલભાઈએ તમારા ચૂડલાની રક્ષા કરી—'

'જીવતા રિયો ભાઈ!' લાડકોરના મોઢામાંથી અહેસાનનો ઉદ્‌ગાર નીકળી ગયો.

'ને આ મારી હીરબાઈબેને, પેટના જણ્યાથીય મારી અદકી પળોજણ કરી કરીને બે દિવસે મને બોલતો કર્યો—'

'તમે મારા કપાળના ચાંદલાની રખ્યા કરી છે, તો તમારાં પેટ ઠરશે... તમારો આ ગણ તો ભવોભવ નહીં ભુલાય,' કહીને લાડકોર આ આહીરાણી સાથે જાણે કે જનમ-જનમની પ્રીત હોય એટલી આત્મીયતાથી વાતોએ વળગી ગઈ.

'અરે! પણ વરરાજા કેમ નથી દેખાતા?' ઓતમચંદે પૂછ્યું, 'મારો ભાણિયો ક્યાં છે?'

'બીજલ! બેટા બીજલ!' હીરબાઈએ વાડામાં બૂમ પાડી, 'બેટા બારો આવ્ય, જો મામા આવ્યા!'

કપાળમાં મોટો ચાંદલો ને માથા કરતાં બમણો ફેંટો બાંધેલો એક કિશોર બહાર આવ્યો કે તુરત ઓતમચંદે એને વહાલપૂર્વક તેડી લીધો અને બટુકને એની ઓળખાણ આપી:

'બટુક, આ તારો પાવો આ બીજલભાઈએ મોકલ્યો'તો—'

બટુકે પૂછ્યું: 'મામાના બાલુભાઈએ નહીં?

'ના, આ બીજલભાઈએ—'

લાડકોર સમજી ગઈ. આખી ઘટનાના ત્રાગડા મળી રહ્યા. પોતાને થયેલી પ્રતીતિ વધારે પાકી કરવા એણે પૂછ્યું: 'તો પછી આ પાવાભેગું તમે ગોળપાપડી ને તલસાંકળીનું ભાતું લેતા આવેલા, એ કોણે બંધાવ્યું?'

'આ મારી હીરબાઈબેને—'

'હેં?' લાડકોરે સુખદ આશ્ચર્ય વ્યક્ત કર્યું, 'હીરબાઈબેનના હાથની ગોળપાપડી આપણે ખાધી'તી?'

'હા,' હીરબાઈ બોલ્યાં, 'તમે અભડાઈ ગયાં!'

ઓતમચંદે લાગણીવશ થઈને કહ્યું, 'તમ જેવાં દેવાંશી માણસના હાથની પરસાદી પામીને અમે પુણ્યશાળી થયાં, એમ કહો, બેન!'

એક ઉજળિયાત દંપતી અને એક શ્રમજીવી દંપતી વચ્ચેનો આ પ્રેમાળ વાર્તાલાપ સાંભળીને, એભલને ઘેર આવેલાં નાતીલાં મહેમાનો તો આભાં જ થઈ ગયાં.

જોતજોતામાં લાડકોર અને હીરબાઈના જીવ મળી ગયા. આ ઉજળિયાત ગૃહિણી આહીરાણીને લગનની તૈયારીમાં લાડકોર મદદ પણ કરવા લાગી.

સહુથી વધારે આત્મીયતા તો બટુક અને બીજલ વચ્ચે કેળવાઈ ગઈ. સંસારના અટપટા વ્યવહારોથી અજાણયા અને ઊંચનીચના ભેદોથી પણ આજ સુધી અલિપ્ત રહેલા આ એકલવાયા કિશોરોને એકબીજાની સોબત બહુ જચી ગઈ.

ઓતમચંદને લાંબી ખેપની ખેપટ લાગતાં હાથપગ અને મોઢું ધૂળથી રજોટાઈ ગયું હતું. ભેઠ છોડીને એણે હાથમોં ધોયાં ને પછી સહુ જમવા બેઠાં.

જમી પરવારીને એકલાં પડતાં ઓતમચંદે કમર પરથી હળવેક રહીને વાંસળી છોડી અને હાક મારીને બીજલને બોલાવ્યો.

પતિનો અવાજ સાંભળીને બીજલ સાથે લાડકોર પણ આવી પહોંચી અને કુતૂહલથી પૂછવા લાગી: 'આ શું?'

'વાંસળી,' ઓતમચંદે કહ્યું, 'ઠેઠ વાઘણિયેથી કેડ્યે બાંધતો આવ્યો છું એટલે ડિલ ઉપર ભાર લાગે છે—'

'તે સેંથકના રોકડા રૂપિયાનો ભાર ભેગો ન ફેરવતા હો તો!'

'રૂપિયાનો ભાર નથી,' ઓતમચંદે ભારેખમ મોઢે કહ્યું. અને પછી. મૂંગે મૂંગે વાસળીમાંથી એક પછી એક ચીજ ખંખેરવા માંડી.

'અરે! આ તો હાથની પોંચી!' લાડકોરે પૂછ્યું: 'કોને સારુ?'

'મારા ભાણિયા બીજલ સારુ—'

'ને આ કાનનાં ઠોળિયાં?'

'એય વરરાજાનાં—'

'ને આ હાંસડી—?'

'એ મારી બેન હીરબાઈની!'

'ને આ કન્ટેસરી?'

'એય મારી બેન પહેરશે—'

સાંભળીને લાડકોર તો ઉત્તરોત્તર વધારે અચંબો અનુભવી રહી. પૂછ્યું: 'આટલું બધું ક્યાંથી લાવ્યા?'

'કોઈની કોથળી ચોરીને નથી ઘડાવ્યું, ગભરાશો મા. સંધુંય વાઘણિયાના સોની પાસે ઘડાવ્યું છે—'

'તમે તો મીંઢા, તે સાવ મીંઢા જ રહ્યા! સરોસર મીંઢા!' લાડકોરે ફરી મીઠો રોષ ઠાલવ્યો, 'મને તો વાત પણ ન કરી!'

'વાત કર્યે શું વશેકાઈ?' કહીને ઓતમચંદે બીજલને ઘરેણાં પહેરાવવા માંડ્યાં.

'પણ આટલું બધું સોનું તમે ઘડાવ્યું ક્યારે?'

'છ મહિનાથી ઘાટ ઘડાતા હતા... તમે તમારા ભત્રીજા સારુ ઘડાવતાં'તાં, ને હું ભેગા ભેગા આ મારા ભાણિયા સારુ ઘડાવતો જાતો'તો.'

'તમે તો મીંઢા, તે કાંઈ જેવાતેવા મીંઢા! જાણે ગોરજીની જેમ મોઢે મોપત્તિ જ બાંધી રાખી ઠેઠ લગી!'

'મૂંગા રહેવામાં મઝા છે, એટલી બોલ બોલ કરવામાં નથી.'

'અરે પણ સગી ધણિયાણીનેય વાત ન કરાય?'

'મારા ભાણેજના લગનનું મોસાળું મારે કરવાનું, એમાં તમને વાત કરવાથી શું ફાયદો?'

'તે હું તમારી કાંઈ સગી થાઉં કે નહીં?' હવે લાડકોરે અર્થસૂચક

વાત કરી, 'તમારો ભાણેજ તમને વહાલો છે, તો મને શું દવલો હશે?'

'તમારી વાત તમે જાણો!'

ઓતમચંદે હસતાં હસતાં બીજલના કાંડા ઉપર લબદા જેવી ભારે સોનાની પોંચી પહેરાવી.

'તમે તો મૂંગામંતર રહીને મને ભોંઠામણમાં મૂકી દીધી!' મીંઢા કાંઈ મીંઢા!'

'કેમ ભલા? તમારે શેની ભોંઠામણ ભલા?'

'આ તમે પોતે બીજલના મામા થઈ બેઠા એકલા એકલા, ને હું એની મામી ન ગણાઉં?'

'ગણાવું હોય તો ગણાવ!'

'ગણાવું હોય તો એટલે શું? તમે આટલું મોટું મોસાળું કરશો ને હું શું હાથ જોડીને બેસી રહીશ?' કહીને લાડકોરે કલાત્મક ભ્રૂભંગ કર્યો.

પત્નીનો આ લાક્ષણિક ભ્રૂભંગ ઓતમચંદ આ ઉંમરે પણ મૂછમાં હસતાં હસતાં રસપૂર્વક નિહાળી રહ્યો અને હવે પછી એ માનુની કેવો અભિનય દાખવે છે એની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યો.

ત્યાં તો પતિને પણ આશ્ચર્યમાં ગરકાવ કરી મૂકીને લાડકોરે કેડ પર ભરાવેલી ચાવીનો ઝૂડો ખેંચી કાઢ્યો, અને ઈશ્વરિયેથી સાથે લાવેલી પોતાની પેટીનું તાળું ઉઘાડ્યું.

'આમ આવો જોઈએ, ભાણાભાઈ!' લાડકોરે બીજલને પોતા પાસે બોલાવ્યો, 'મામાનાં હેત જોઈ લીધાં હોય તો હવે મામીનાં જુવો!'

અને લાડકોરે હજી પણ પેલો કલાત્મક ભ્રૂભંગ ચાલુ રાખીને પેટીમાંથી પાંચ-સાત બાંધણે બાંધેલો એક મોટો દાબડો ઉઘાડ્યો.

બીજલને એક પછી એક ઘરેણાં પહેરાવતાં લાડકોર હજી પણ ચાલુ ભ્રૂભંગે બોલતી હતી, 'જુઓ કોનાં હેત વધે છે ને કોનાં મોસાળાં ચડિયાતાં થાય છે—મામાનાં કે મામીનાં?'

'અરે! આ દાગીના તો તમે બાલુ સારુ ઘડાવ્યા'તા હોંશે હોંશે- ઓતમચંદે ટકોર કરી.

'હવે તો આ બીજલ જ મારો બાલુ-' લાડકોર હજી વધારે ભ્રૂભંગ કરતી કરતી બોલતી હતી, 'જુઓ હવે કોણ વધારે હેતાળ નીકળ્યું- મામા કે મામી?'

'ભઈ, તમારી તોલે હું તો ક્યાંથી આવું?-'

'જુઓ હવે કોનાં ઘરેણાં વધ્યાં? તમારાં ઘડાવેલાં કે મારાં?'

'ભાઈ, તમે તો લખમી માતાનાં અવતાર ગણાવ ને હું રહ્યો ગરીબ હિંગતોળ વેપારી-'

'મારાથી આજ લગી સંધુંય છાનું રાખ્યું ને, તે હવે લેતા જાવ!... મીંઢા તે કાંઈ મીંઢા!'

'અરે! આ શું?' હીરબાઈએ આવીને, ઘરેણાંથી લદબદ બીજલને જોતાં જ પૂછ્યું, 'આ શું? આ શું?'

બીજલ બોલ્યો: 'મામાએ પહેરાવ્યાં!'

'ને મામીએ નહીં?' લાડકોરે વચ્ચે જ બીજલની ભૂલ સુધારી.

'હા, મામીએ પહેરાવ્યાં!'

હીરબાઈ તો આ દૃશ્ય સાચું જ ન માની શક્યાં. પરંપરાથી માત્ર રૂપાનાં જ ઘરેણાં પહેરનાર આ ગરીબ કોમમાં સોનાનાં દર્શન જ દુર્લભ હતાં, ત્યાં દીકરાના ડિલ પર આટલું સૂંડલોએક સોનું જોઈને માતા ગળગળી થઈ ગઈ. બોલી રહી:

'આટલું બધું તે હોય, ભાઈ?'

'ગરીબ માણસે ગજાસંપત પરમાણે કર્યું છે,' ઓતમચંદે કહ્યું, 'બાકી, તમારા ગણનું સાટું તો તમને આખેઆખાં સોને મઢીએ તોય વાળી શકાય એમ નથી.'

લાડકોરે સૂર પુરાવ્યો: 'બેન, તમે મારા ધણીનું જતન ન કર્યું હોત, તો આજે મારા હાથમાં આ ચૂડલોય શેનો સાજો રહ્યો હોત!'

'પણ આટલાં બધાં ઘરેણાં તે હોય, મારા ભાઈ?' હીરબાઈ હજી લાગણીવશ હતાં.

'આ તો ફૂલ નહીં, તો ફૂલની પાંખડી જેવું છે, બેન!' ઓતમચંદે ખુલાસો કર્યો. 'બાકી, આ કાંઈ તમારા ગણનું સાટું વાળવા સારુ નથી કર્યું. જેણે નવી જિંદગાની આપી, એના ગણનું સાટું તો એક ઉપરવાળા સિવાય બીજું કોણ વાળી શકે? અમે તો જનમભર ને ભવોભવ તમારાં ઓશિયાળાં થઈને અવતરીએ—તમારે આંગણે આ બાંધ્યાં છે એવાં મૂંગાં ઢોર થઈને અવતરીએ—તોય અમારાં જીવતર ધન્ય ધન્ય થઈ જાય, બેન!'

નીતર્યાં નીર જેવા સાચા દિલની આ વિનયવાણી સાંભળીને હીરબાઈને પોતાનો મૃત ભાઈ સાંભરી આવ્યો, અને એક આંખમાંથી શોકનું એક આંસુ ખર્યું, પણ તુરત ખ્યાલ આવ્યો કે આ ધરમનો માનેલો ભાઈ તો સગા મા-જણ્યાથી સવાયો છે, ત્યારે એનું હૃદય આનંદથી પુલકિત થઈ ઊઠ્યું અને હર્ષના આંસુ ખર્યાં.

હર્ષ અને શોકનાં, માનવજીવનના તાણાવાણા જેવાં એ અશ્રુપ્રવાહની ગંગાજમના ઓતમચંદ અને લાડકોર એકીટસે જોઈ રહ્યાં. અનુભવી રહ્યાં.

*

૪૨

# પ્રાયશ્ચિત્ત

**સાંજ** પડવા ટાણે શેરીમાં બીજલ જોડે રમવા ગયેલો બટુક એક સમાચાર લાવ્યો: 'બા, બા, મેં નરોત્તમકાકાને જોયા!'

'ગાંડો થા મા, ગાંડો,' લાડકોરે કહ્યું, 'બીજું કોક હશે. નરોત્તમભાઈ અહીં મેંગણીમાં ક્યાંથી આવે?'

'આવ્યા છે! મને કાખમાં તેડી લીધો ને!'

'હોય નહીં.'

'પૂછી જુઓ બીજલને!' બટુકે કહ્યું.

બટુકના સાથી બીજલે પણ શાખ પુરાવી કે અમે બજારમાં નીકળ્યા ત્યારે એક માણસે બટુકને ઓળખી કાઢ્યો, ને એની ભેગા એક બીજા જણ હતા એણે આહીરવાડનું ઠામઠેકાણું પણ બરોબર પૂછી લીધું... અને છતાં લાડકોરને ગળે આ વાત ઊતરતી નહોતી.

લાડકોર આ સમાચારથી આશ્ચર્ય અનુભવતી હતી ત્યારે ઓતમચંદ એ સમાચાર ઠંડે કલેજે સાંભળી રહ્યો હતો—કેમ જાણે એના નાના ભાઈના આગમનની માહિતી આગોતરી ન મળી હોય! તેથી જ તો, નરોત્તમ આવ્યા વિશે લાડકોર વારંવાર પૂછપરછ કરતી હતી ત્યારે ઓતમચંદ લાપરવાહીથી જવાબ આપ્યા કરતો હતો: 'નરોત્તમ આવ્યો પણ હોય—'

'પણ અહીં મેંગણીમાં શું કામ આવે?'

વેપારી માણસને હજાર જાતનાં કામ હોય. અહીં મેંગણીમાં તો શું પણ ઠેઠ લંકા લગી કામ નીકળે!'

પતિ તરફથી મર્મયુક્ત ઉત્તરો સાંભળીને લાડકોર વધારે ને વધારે

વહેમાતી જતી હતી. આખરે આવા અસ્પષ્ટ ઉત્તરોથી કંટાળીને એણે બોલી નાખ્યું: 'તમે તો મીંઢા જ રહ્યા! સગી પરણેતરનેય સાચી વાત નથી કહેતા!'

'સાચી વાત હું શું કહું?' ઓતમચંદે ફરીથી દ્વિઅર્થી ઉત્તર આપ્યો, 'સાચું જે કાંઈ હશે એ બધું વાજતુંગાજતું માંડવે આવશે—'

અને સાચે જ, રાતે વાળુપાણી પતી ગયા પછી એભલ આહીરને માંડવે એક અજાણ્યા માણસનો અવાજ ગાજી ઊઠ્યો: 'ઓતમચંદભાઈ છે ઘરમાં?'

'કોણ?' અંદરની ઓસરીમાંથી ઓતમચંદે ઊઠતાં ઊઠતાં પૂછ્યું.

'હું કીલો!... કીલો કાંગસીવાળો!' બહારથી ઉત્તર આવ્યો.

'અરે! તમે હવે કાંગસીવાળા શેના કહેવાવ?' ઓતમચંદે કહ્યું, 'તમે તો હવે કામદાર ને શિરસ્તેદાર થઈ ગયા છો!' ભેટી રહ્યા પછી કીલો બોલ્યો:

'આ મારી અડીખમ કાયા આડે તમારો નાનો ભાઈ ઢંકાઈ ગયો છે એના તરફ નજર કરો!'

'બટુકે અમને વાવડ આપી દીધા'તા, કે નરોત્તમકાકા આવ્યા છે!'

'નરોત્તમકાકા કે પરભુલાલકાકા?' કીલાએ વ્યંગમાં કહ્યું, 'આજે અમને બધેય ઠેકાણેથી ખોટું જ નામ સાંભળવા મળે છે.'

'બધેયથી?'

'હા. અમે મનસુખભાઈ ભેગા વેપારને નાતે એની ભાણીનાં લગનમાં અહીં આવ્યા છીએ. પણ કપૂરશેઠ તો આને જોતાંવેંત જ બોલ્યા કે આ તો પરભુલાલ નહીં, પણ નરોત્તમ છે,' કીલાએ કહ્યું: 'મને તો આ ગોટાળામાં કાંઈ સમજ નથી પડતી!'

'ગોટાળો થઈ ગયો છે, તો હવે પૂરો જ કરો!'

'પણ આ ગોટાળો તો અમને આકરો પડી જાય એમ છે. આ પરભુલાલને તો કપૂરશેઠ પોતાની છોકરી હારે પરણાવી દેવાની

વાત લઈને બેઠા છે!'

'કઈ છોકરી?' ઓતમચંદે પૂછ્યું.

'ચંપા. બીજી કઈ?' કીલાએ કહ્યું, 'કપૂરશેઠ તો એક જ વાત લઈને બેઠા છે કે આ પરભુલાલ નહીં પણ નરોત્તમ જ છે. કહે છે કે આ તો અમારા જૂના જમાઈ છે ને એને ફરીથી અમારા જમાઈ બનાવવા છે—'

'બહુ કરી કપૂરશેઠે તો!'

ઓતમચંદ હજી લાપરવાહીથી જ બોલતો હતો.

'કરવામાં તે કાંઈ બાકી રાખી છે!' કીલો બોલ્યો, 'હું તો સમજાવી સમજાવીને થાક્યો કે આ જણ નરોત્તમ નહીં પણ પરભુલાલ છે, પણ કેમેય કરીને માનતા જ નથી—'

'ભારે કઠણાઈ ઊભી કરી!'

'કઠણાઈ તે કાંઈ જેવીતેવી! અમે તો મનસુખભાઈ સિવાય બીજા કોઈને ઓળખીએ નહીં. એમાંથી કપૂરશેઠ ઓળખાણ કાઢી પડ્યા! કહે, કે આ તો મારા જમાઈરાજ નરોત્તમ જ. બીજા કોઈ નહીં! જૂનું સગપણ તૂટી ગયું છે, પણ હવે ફરીથી સાંધી દિયો!' કીલાએ ગંભીરભાવે કહ્યું, 'ઓતમચંદભાઈ, અમને તો નમાઝ પઢતાં મસીદ કોટે વળગ્યા જેવું થઈ ગયું છે!'

'થાવા દિયો! એ જ લાગના છો!'

'કોણ? અમે?'

'ના, ના, તમે, નહીં; કપૂરશેઠ—'

'તો ઠીક. બિચારા જીવ અમને હાથેપગે પડીને કરગરી રહ્યા કે માફ કરજો, અમે તમને ઓળખ્યા નહીં—'

'માણસની સાચી ઓળખ કરવી બહુ આકરી છે, કીલાભાઈ.'

'પણ આ તો ઓળખ થઈ એમાં અમારા પરભુલાલ ઉપર આફત આવી પડી એનું શું? કપૂરશેઠ કહે છે કે તમે તો ભગવાનના મોકલ્યા

જ મારે આંગણે આવ્યા છો. તો હવે ઉંબરો નહીં વળોટવા દઉં... અમને તો કેદખાના જેવું થઈ પડ્યું છે.'

ઓતમચંદે અને કીલાએ સારી વાર સુધી આ શૈલીએ વાતચીત કર્યા કરી. લાડકોર એ કૃત્રિમ સંવાદની એકેક ઉક્તિ સાંભળતી હતી, ને એના મનમાં ગૂંચવણ વધતી જતી હતી. પણ કીલાની હાજરીમાં કશું પૂછવાનું એને યોગ્ય નહોતું લાગતું.

કીલાની વાતચીતો તો મોડે સુધી ચાલી. વાસ્તવમાં, લાડકોર અને બટુક ઊંઘી ગયા પછી જ ગંભીરપણે ચર્ચાઓ જામી.

છેક પાછલી રાતે કીલા સાથે નરોત્તમે મોટા ભાઈની વિદાય લીધી.

*

બીજે દિવસે જસીનાં લગન હોવાથી ઈશ્વરિયેથી બાલુની જાન આવીને મેંગણીના પાદરમાં પડી.

કપૂરશેઠે હોંશે હોંશે જાનના સામૈયાની તૈયારી કરવા માંડી.

ગામનાં કુતૂહલપ્રિય તરુણો 'જસીના વર'ને જોવા પાદરમાં પહોંચી ગયા.

'ક્યાં છે વરરાજા? ક્યાં છે વરરાજા?' કરતાં આ યુવક-યુવતીઓ પાદરમાં છૂટેલાં ગાડાંઓ વચ્ચે ઘૂમી વળ્યાં પણ ક્યાંય વરરાજાનાં દર્શન થયાં નહીં તેથી એમનું કુતૂહલ બમણું ઉશ્કેરાયું. પૂછગાછ થવા લાગી તેમ તેમ જાનૈયાઓ ગુસ્સે થતા ગયા અને ગામલોકોને તતડાવવા લાગ્યા.

આખરે, લાંબી શોધખોળને અંતે એટલી ખબર પડી કે છેવાડે ઊભેલા એક બંધ માફાવાળા ગાડામાં વરરાજા બેઠા છે.

'પણ તો પછી બહાર કેમ નથી નીકળતા?'

ઓળખીતાઓએ પૃચ્છા કરી: 'બાલુભાઈ ગાડામાંથી હેઠા કેમ નથી ઊતરતા?'

'કોઈની લાજ કાઢે છે?'

ધીમે ધીમે પાદરમાંથી ગામની શેરી સુધી વાત પહોંચી: 'જસીનો વર માફાવાળા ગાડામાં પુરાઈને બેઠો છે—'

શેરીમાંથી કપૂરશેઠની ડેલી સુધી સમાચાર પ્રસરી ગયા: 'વરરાજા તો ઓઝલપડદે પુરાણા છે. ગાડામાંથી હેઠા જ નથી ઊતરતા—'

સામૈયું લઈને રવાના થઈ રહેલા કપૂરશેઠ આ સમાચાર સાંભળીને જરા ખચકાઈ ગયા.

'શું છે?' એવી પૂછગાછ ચાલી. એટલામાં તો ગામના બે અડીખમ જુવાનોને ખભે એકેક હાથ ટેકવીને હવે અપંગ બની ગયેલો મકનજી મુનીમ ખોડંગાતો ખોડંગાતો કપૂરશેઠની ડેલી તરફ આવતો દેખાયો.

મુનીમને જોઈને કપૂરશેઠને આશ્ચર્ય થયું. આટલો પરિશ્રમ વેઠીને આ અપંગ માણસ અહીં સુધી શા માટે ખેંચાઈ આવ્યો હશે? વિવેક કરવા કપૂરશેઠે કહ્યું:

'મુનીમજી! તમે તો બહુ તકલીફ લીધી ને કાંઈ!'

'લેવી પડી, શેઠ!!'

'અરે, પણ અમે હમણાં જ સામૈયું કરવા જઈએ છીએ, તમને વાહનમાં બેસાડીને અહીં લઈ આવત, જો ઉતાવળ ન કરી હોત તો—'

'ઉતાવળ કરવી પડી, શેઠ!—મુનીમના આ બંને ઉત્તરો સાંભળીને કપૂરશેઠને નવાઈ લાગી. દાણો દાબી જોવાની ઢબે પૂછ્યું: 'કાંઈ બહુ ઉતાવળા ઉતાવળા આવ્યા આજે તો!'

'આવ્યા વિના છૂટકો જ નહોતો—'

આ સાંભળીને તો કપૂરશેઠ વહેમાયા જ. મનમાં થયું કે મુનીમના મનમાં જરૂર કાંઈ કહેવા જેવી વાત હશે. તેથી જ તો, મકનજીને પોતાના ખભાનો ટેકો દઈને, ઓસરીમાં ન બેસાડતાં એને અંદરના ઓરડામાં લઈ ગયા.

સંપૂર્ણ એકાંત સાધ્યા પછી કપૂરશેઠે પૂછ્યું: 'સહુ સારા સમાચાર છે ને?'

'સમાચાર તો સારા જ હોય ને?' કહીને મુનીમે એક શબ્દ ઉમેર્યો: 'પણ—'

બસ. આ એક જ શબ્દ 'પણ' સાંભળીને કપૂરશેઠ વિચારમાં પડી ગયા. પૂછ્યું:

'કેમ ભલા? કાંઈ અઘટિત બની ગયું છે?'

'ના રે!' અઘટિત તો કાંઈ નથી બન્યું, પણ—'

'પણ? પણ શું છે?' કપૂરશેઠે વધારે શંકાશીલ થઈને પૂછ્યું: 'દકુભાઈ શેઠને ઘેરે છે તો સહુ સાજાનરવાં ને?'

'હોવે! સહુ સાજાનરવાં ને રાતાં રાયણ જેવાં. પણ—'

'હજીય પણ? કાંઈ કહેવાપણું છે?'

'કહેવાપણું તો શું હોય બીજું? પણ—' મુનીમને મોઢેથી હરેક વાક્યને છેડે 'પણ' સાંભળી સાંભળીને કપૂરશેઠ ગૂંચવાયા.

એવામાં એક માણસ 'ક્યાં ગયા કપૂરશેઠ? ક્યાં ગયા કપૂરશેઠ?' કરતો, શોધતો શોધતો અંદર આવી પહોંચ્યો અને બોલ્યો: 'અરે! તમે હજી અહીં છો? બહાર તો તમારી ગોતાગોત થાય છે. હાલો, સામૈયામાં મોડું થાય છે—'

'થાવા દિયો'—કપૂરશેઠે તોછડો જવાબ આપી દીધો.

'પણ ઢોલી ઉતાવળો થાય છે. આપણું પતાવીને એને એભલ આહીરને માંડવે ઢોલ વગાડવા જવું છે—'

'જાવા દિયો—'

'અરે પણ આપણા સામૈયાનું બહુ મોડું થાશે—'

'ભલે થાય,' કહી કપૂરશેઠ ફરી મુનીમને પૂછવા લાગ્યા: 'સાચી વાત કરો... શું છે?'

'મામલો જરાક બગડી ગયો છે, શેઠ!'

'ફરીથી પોલીસની ટાંચ આવી છે?'

'ના રે ના. હવે દકુભાઈના ઘરમાં રહ્યું છે શું તે ટાંચ લાવનારા ખાટી જાય!'

'તો પછી કાંઈ બીજી મૂંઝવણ આવી પડી છે?'

'મૂંઝવણ તો માણસ માતરને આવે, પણ દકુભાઈને કરમે કાંઈક વધારે—'

'શું? શું? ઝટ બોલી નાખો, મુનીમજી!'

'વરરાજા માથે વિપદ—'

'વિપદ? વરરાજા માથે?' કપૂરશેઠનો શ્વાસ જાણે થંભી ગયો: 'કેમ કરતાં?'

'કેમ કરતાં, તે એને કરમે. બીજું શું?' હવે મુનીમ ઠંડે કલેજે બોલતો હતો:

'વિપદ કાંઈ વણનોતરી થોડી આવે?'

'કાંઈ રજાકજા થઈ છે?'

'થોડીઘણી નહીં, સારી પટ—'

'હેં? કોણે કરી?'

'ગઈ સાલ જેણે કરી'તી એણે જ—'

'કોણે? ગામના આહીરોએ?'

'બીજું કોણ કરે?'

સાંભળીને કપૂરશેઠ શરમાઈ ગયા. ધીમે અવાજે પૂછ્યું: 'પણ એ વાત તો ઠામૂકી ઢંકાઈ ગઈ'તી ને?'

'સૂરજ ઊગ્યો એ પછી છાબડે થોડો ઢંકાવાનો હતો?' મુનીમે મર્મવાક્ય ઉચ્ચાર્યું, 'બાલુ તો બત્રીસને બદલે તેત્રીસલક્ષણો પાક્યો—'

'અરેરે!' મારી દીકરીનાં નસીબ—'

'ફૂટી ગયાં એમ સમજો. આજ સવારે જાન જૂતવાની હતી, ને કાલે આગલી જ રાતે ઈશ્વરિયાના આહીરોએ બાલુને લાકડીએ

લાકડીએ લમધારી નાખ્યો—'

'અરરર! મૂવા આહીર તો જમડા જેવા લાગે છે—'

'પોતાની બેન-દીકરીની છેડતી થાય એ કોણ સાંખી શકે?'

બાલુની ઉપર કડીઆળી ડાંગું પડી, માથામાં ફૂટ થઈ, ને ભોંયભેગો થઈ ગયો. એ તો વળી ગામના ઓળખીતા બે-ચાર કણબી વચ્ચે પડ્યા એમાં શૂળીનું સંકટ સોયથી પતી ગયું—'

'કોક ગલઢાવનાં પુન્ય આડાં આવ્યાં હશે—'

'તોય એક હાથ તો કોણીમાંથી ખડી ગયો. ને ડિલે આખે આવડાં આવડાં ચાંભા ઊપડી આવ્યાં—'

'આ તો વિવાહમાં વિઘન જેવું થયું?'

'એટલે જ તો મને લાગ્યું કે કપૂરશેઠને સંધીય સાચી વાત આગોતરી કહી રાખું, પછી તમારે કહેવાપણું ન રહે કે મુનીમે મને ચેતાવ્યો નહીં. આપણને કોઈના વાંકમાં આવવું ન ગમે. હું તો વાત કહું સાચી—'

ફરી એક માણસ અંદરના ઓરડામાં ધસી આવ્યો, ને બોલ્યો: 'વેવાઈવાળા પાદરેથી આપણે માંડવે આવ્યા છે ને પૂછે છે કે સામૈયાંને હજી કેટલી વાર છે?'

'એને કહી દિયો કે ઉતાવળા થાવ મા,' કપૂરશેઠે ફરી પેલા માણસને ધૂત્કારીને પાછો કાઢતાં કહ્યું, 'ઘોડે ચડીને આવ્યા છો, તે અમે જાણીએ છીએ—'

'વરરાજા તો બિચારા હવે ઘોડે ચડી શકે એમ પણ નથી રહ્યા.' મુનીમે કહ્યું, 'હાડકાં એવાં તો ખોખરાં થઈ ગયાં છે કે ચાર જણે ટેકો દીધો ત્યારે તો માંડ માંડ ગાડે બેસી શક્યો—'

'આ તો બહુ કહેવાય. છોકરો સાવ ઉઠેલપાનિયો પાક્યો!'

'એટલે તો હું અટાણે લંગડાતો લંગડાતો પણ તમારે આંગણે આવીને ઊભો,' મુનીમે ગંભીર મુખમુદ્રાએ કહ્યું, 'મને મારું પાપ ડંખ્યું—'

'પાપ?' કપૂરશેઠ ચોંકી ઊઠ્યા, 'શેનું પાપ વળી?'

'મારાં કરેલાં કરતૂકનું, મુનીમે કબૂલત કરી, 'બાલુનું સગપણ મેં કરાવ્યું'તું... ને મેં તમને છેતર્યા હતા—'

'છેતર્યા હતા? આ શું બોલો છો, મુનીમજી?'

'જિંદગીમાં આજે પહેલી વાર સાચું બોલું છું, તો બોલી લેવા દો, મુનીમની રુક્ષ મુખમુદ્રા ઉપર આર્દ્ર રેખાઓ ઊપસી આવી, 'પાપનું પ્રાછ્ત કરી લેવા દો.'

'શેનું પાપ ને શેનું પ્રાછ્ત વળી?'

'મેં તમને છેતર્યા છે. દકુભાઈનો છોકરો તો પહેલેથી જ કબાડી હતો... પણ મેં તમને ભરમાવ્યા ને જસીનું સગપણ કરાવેલું... બાલિયો તો કોળી-વાઘરી કરતાંય વધારે ખેપાની પાક્યો છે. કૂતરાં- બિલાડાં કરતાંય બેજ, એટલામાં સંધુંય સમજી જાવ, શેઠ!'

'અરેરે,' કપૂરશેઠ સંધુંય સમજી ગયા તેથી નિસાસો મૂક્યો. 'મારી છોકરી આવા કપાતરને પનારે પડશે તો બિચારીનો ભવ બગડશે—'

'હજીય કાંઈ મગ-ચોખા ભેગા નથી થઈ ગયા.' મુનીમે ફરી મર્મવાણી ઉચ્ચારી: 'હજીય છોકરીનો ભવ સુધારવો તમારા હાથમાં છે.'

ફરી એક માણસ અંદર ધસી આવ્યો ને બોલ્યો: 'દકુભાઈ શેઠ પોતે ડેલીએ આવ્યા છે... કહે છે, બપોર થઈ ગયા, તોય હજી સામૈયું કેમ નથી કરતા?'

'એને કહી દિયો કે થાતું હશે એમ થાશે બધું,' કહીને પેલા માણસને પાછો ધકેલી કાઢ્યા પછી ઉમેર્યું, 'કરમી ગગાની જાન જોડીને મોટે ઉપાડે આવ્યા છે તે જાણીએ છીએ.'

મુનીમે ફરી વાતનો તંતુ સાંધ્યો, ને સૂચવ્યું: 'હજી પણ બાજી હાથમાંથી નથી ગઈ... રમતાં આવડે તો...'

'પણ કેવી રીતે?'

'સામૈયું કરવાનું જ માંડી વાળો!'

'પણ... પણ... પછી?'

'પછી શું?' પાદરમાંથી જ પાછાં વાળો!' મુનીમે કહ્યું, 'એ ઉઠેલપાનિયાને પનારે તમારી છોકરી પડશે તો બિચારીને કૂવોઅવેડો જ પૂરવો પડશે.'

સાંભળીને કપૂરશેઠ કંપી રહ્યા હતા ત્યાં ફરી પેલો માણસ અંદર ધસી આવ્યો તેથી એમણે વડચકું જ ભર્યું: શું કામે પણ અહીં આવ્યા કરે છે?'

'જરૂરી કામે આવ્યો છું—'

'દકુભાઈને કહી દે કે—'

'દકુભાઈની વાત નથી—'

'તો બીજી કઈ વાત છે?'

'એભલભાઈને ઘેરે ઈશ્વરિયાના આહીર આવ્યા છે, એ વાત કરે છે—'

'શું વાત કરે છે?'

'કે દકુભાઈના બાલુને તો કાલે રાતે સાંબેલે સાંબેલે સોરી નાખ્યો છે—'

'જાણીએ છીએ અમે તારી મોરના—' કહીને કપૂરશેઠે ફરી પેલા માણસને હાંકી કાઢ્યો પણ એમના મનમાં મુનીમે જે શંકા પેટવી હતી એને આ ઈશ્વરિયાના આહીરો તરફથી સમર્થન મળી રહ્યું.

દકુભાઈને સાથે લઈને કપૂરશેઠ પાદરમાં પહોંચ્યા અને કહ્યું: 'વરરાજાને શું કામે માફામાં પૂરી રાખ્યા છે?'

'નજરાઈ ન જાય એટલા સારુ.'

'અહીં અત્યારે કોઈ મૂઠબૂઠ નાખે એવી મેલી વિદ્યા જાણનાર માણસ નથી. તમતમારે એને બેધડક હેઠા ઉતારો—'

પછી વરરાજાને પ્રગટ કરવા કે ન કરવા એ અંગે બંને વેવાઈઓ

વચ્ચે સારી રકઝક ચાલી. પણ કપૂરશેઠે જ્યારે વરરાજાનાં પ્રત્યક્ષ દર્શન કરવાનો દુરાગ્રહ ચાલુ જ રાખ્યો ત્યારે દકુભાઈએ નછૂટકે માફો ઉઘાડ્યો ને બાલુને નીચે ઊતરવાનું કહ્યું.

ચાર જાનૈયા ગાડા પર ચડી ગયા અને જાણે કે લાશ હેઠી ઉતારતા હોય એ રીતે બાલુને હેઠો ઉતાર્યો. સો સો સમરાંગણોમાં જખમી થઈને આવેલા રાણા સંગ જેવા બાલુના દીદાર જોઈને કપૂરશેઠ ડઘાઈ ગયા. ઠંડે કલેજે બોલ્યા:

'વરરાજાને આટલી બધી તકલીફ આપો મા. એને ફરી પાછા માફામાં બેસાડી દિયો—'

દકુભાઈએ ખુલાસો કર્યો: 'કાલે હાલતાં હાલતાં પગ લપસી ગયો, એમાં આટલું બધું લાગી ગયું—'

'હું જાણું છું, ઈશ્વરિયા ગામની ધરતી જ એવી લપસણી છે, એમાં વરરાજા બિચારા શું કરે? પગ આઘોપાછો પડી જ જાય—'

'કોણીમાંથી હાડકું ઊતરી ગયું—'

'ઊતરી જ જાય ને! કડીઆળી પડે પછી કોની કોણી સાજી રહે?' કહીને કપૂરશેઠે છેવટનું સંભળાવી દીધું: 'હવે તો મૂંગા મૂંગા મેપાણી મોર્ય ઈશ્વરિયા ભેગા થઈ જાવ ઝટ!'

*

## ૪૩

# ભગવાને મોકલ્યા!

જે દિવસે રાજકોટથી મહેમાન આવવાના હતા તે દિવસે સવારથી જ ચંપાને એની સહીપણી શારદા પજવી રહી હતી: 'પરભુલાલ શેઠના શું સમાચાર છે?' સાંભળીને ચંપા શરમાઈ જતી હતી ને સામું સંભળાવતી હતી: 'જા રે લુચ્ચી! મારા કરતાં તો તું હવે એને વધારે ઓળખતી થઈ છો!'

શારદા વધારે પજવણી કરતી હતી: 'જાણું છું, દિવસ ને રાત એની રાહ જોયા કરે છે તે... મારાથી કાંઈ અજાણ્યું છે?'

'તારાથી શું અજાણ્યું છે?' ચંપા કબૂલત કરતી.

ફરી શારદા પૂછતી: 'પણ પરભુલાલ શેઠ આવશે ક્યારે હવે?'

'કેમ અલી, તું આટલી બધી ઉતાવળી થાય છે?' ચંપા પૂછતી હતી, 'પરણવાનું મારે, ને ઉતાવળ તને કેમ?'

'બહેનબાને ઝટપટ પરણાવી નાખવાની મને ઉતાવળ છે,' કહીને શારદા પૂછતી હતી, 'ક્યાં ગયું, હું લાવેલી એ રમકડું?'

'આ રહ્યું!'

'હં... રોજ આની સામે છાની છાની જોયા કરે છે, એ હું નથી જાણતી?' શારદાએ મીઠો ઠપકો આપ્યો, 'આ સારસ ને આ સારસી... આ જુગલજોડી ઉપરથી તારી નજર ખસતી જ નથી, એ શું મારાથી અજાણ્યું છે?'

'તારાથી શું અજાણ્યું છે બેન? તારાથી મેં શું છાનું રાખ્યું છે?'

'તો ઠીક!' ચંપાનો આવો એકરાર સાંભળીને શારદાનો અહમ્‌ભાવ સંતોષાતો હતો. 'પણ આ બે પંખી ભેગાં થઈ જાય પછી આ

બહેનપણીને ભૂલી તો નહીં જાય ને?'

'તને કેમ કરીને ભૂલીશ, બેન?' ચંપા કહેતી હતી,' તેં તો પરભુલાલ શેઠને કાને મારું વેણ પહોંચાડ્યું—'

'અલી, તું પણ એને પરભુલાલ શેઠ જ કહે છે કે શું?'

'બીજું શું કહું? ઘરમાં સહુ એને એ જ નામે ઓળખે છે એમાં મારાથી સાચું નામ કેમ કરીને લેવાય?'

'પણ અબઘડીએ એ આવી પહોંચશે. ને ઘરમાં સહુને એની સાચી ઓળખ થઈ જાશે, પછી શું કરશું?'

'મનેય એ જ ચિંતા થયા કરે છે... પછી શું કરશું?' ચંપાએ કહ્યું.

'તું ચિંતા કરવી રહેવા દે...' શારદાએ હિંમત આપી, 'હું બેઠી છું ને! એને અહીં આવવા તો દે! પછી એ તારા પરભુલાલ શેઠ છે, ને આ શારદા છે!'

'તારા પરભુલાલ શેઠ એટલે શું?

'તારા એટલે તારા જ! બીજા કોઈના નહીં!'

'પણ તુંય હજી એને પરભુલાલ શેઠ કહીને જ ઓળખીશ?'

'ત્યારે બીજું શું કહું? સાચે નામે ઓળખવા જાઉં, ને ક્યાંક આડું વેતરાઈ બેસે તો?'

'તું તો ભારે પહોંચેલ નીકળી, બેન!'

'પહોંચ વિના આવાં પરાક્રમ થતાં હશે!'

*

જસીની હાજરીમાં શારદા જાણે કે પોતે પરભુલાલ નામના કોઈ માણસને ઓળખતી જ ન હોય એવો વર્તાવ કરતી. તેથી, ઓછી અકલની જસી પૂરેપૂરી ભ્રમમાં પડી ગયેલી. ચંપા માટે શોધાયેલા કોઈક અજાણ્યા પરભુલાલ કરતાં પોતાનો વર બાલુ તો ક્યાંય ચડિયાતો છે, એવી શેખી પણ એ કર્યા કરતી. આમેય એ વારંવાર

પોતાના વરનાં વખાણ તો કરતી જ. એમાં વળી લગનનો દિવસ નજીક આવતાં તો એ બાલુની પ્રશસ્તિ કરતાં થાકતી જ નહીં. વિચક્ષણ શારદા પણ આ પ્રશસ્તિમાં સૂર પુરાવતી અને બેવકૂફ જસીને એવો ખ્યાલ આપતી કે તારો વર ચંપાના વર કરતાં તો ક્યાંય વધારે હોશિયાર છે. વધારે શ્રીમંત છે, વધારે સુશીલ છે.

અને આખરે જ્યારે મનસુખલાલ સાથે બે મહેમાનો આવ્યા, ત્યારે પરભુલાલ શેઠને જોઈને ચંપાનાં માબાપ કરતાંય વધારે આશ્ચર્ય તો જસીએ જ અનુભવેલું. નરોત્તમને જોઈને જસીને તો રીતસર આઘાત જ લાગેલો. કપૂરશેઠ અને સંતોકબાએ આરંભિક આશ્ચર્ય પછી, કીલાએ ગોઠવેલા આ 'કારસ્તાન'ને એક સરસ મશ્કરી તરીકે ઉમળકાભેર આવકારી લીધેલું, ત્યારે જસીને તો એના આઘાતની કેમેય કરીને કળ વળી શકેલી નહીં. કેમ કે, એ જાણતી હતી કે બાલુ કરતાં નરોત્તમ બધી જ બાબતમાં ચડિયાતો છે.

અને જ્યારે એણે જોયું કે એક વેળા જેનું વાગ્દાન રદ થયેલું એ હવે નવા લેબાસમાં આવેલા નરોત્તમ સાથે ફરીથી ચંપાનો વિવાહ કરવા માબાપ ઇંતેજાર છે, ત્યારે તો જસીની ઈર્ષ્યાની અવધ આવી રહી. મોટી બેનના નસીબમાંથી ખરી પડેલો આવો મજાનો વર ફરી પાછો મળશે એ જાણીને લગ્નોન્મુખ જસીનો આનંદોત્સાહ ઓસરી ગયો.

પોતાની સાથે આવેલ પરભુલાલ શેઠ બીજો કોઈ નહીં પણ નરોત્તમ જ છે, એવી જાણ થતાં મનસુખભાઈ શરમાઈ ગયા. એમણે નરોત્તમની માફી માગી, અને કીલાને પ્રેમાળ ઠપકો આપ્યો.

'કીલાભાઈ, તમે તો કમાલ કરી! મને અટાણ લગી સાવ અંધારામાં જ રાખ્યો!'

'હું પોતે જ આજ સુધી અંધારામાં હતો, પછી તમને શી રીતે અજવાળું કરી શકું?'

'હવે રાખો, રાખો! બહુ થઈ રોનક! ભલા માણસ, આવી આકરી

ઠેકડી તે કરાતી હશે?'

'આકરી મરી ગઈ છે, તે તમારી ઠેકડી કરું?' કીલાએ કહ્યું.

'કાંઈ વાંધો નહીં, કાંઈ વાંધો નહીં,' કહીને મનસુખલાલે ઉમેર્યું, 'જે થયું છે, એ સારું થયું છે—'

'કુદરતે જે ધાર્યું હતું એ જ થયું છે—' વચ્ચે કપૂરશેઠ બોલ્યા.

'કીલાભાઈ, તમે તો કમાલ કરી!' કરી ફરીને મનસુખલાલ આ ઉદ્‌ગાર કાઢી રહ્યા હતા.

'ભાઈ, અજાણ્યા ને આંધળા બેય બરાબર ગણાય. હું તો આ પરભુલાલથી અજાણ્યો હતો ને તમારાથી તો વળી સાવ અજાણ્યો હતો,' કીલાએ કહ્યું, 'એમાં આ આંધળે બહેરું કુટાઈ ગયું—'

'ના, ના, આંધળે બહેરું તો કાંઈ નથી કુટાયું,' કપૂરશેઠે કીલાના કથનમાં સુધારો કર્યો, 'જેવો થાવો જોઈએ એવો જ જોગાનુજોગ થઈ ગયો છે—'

'તમને ભગવાને જ અમારે આંગણે મોકલ્યા એમ કહો ને!' સંતોકબાએ કહ્યું.

'ભગવાન ઉપર બહુ ભરોસો રાખવા જેવું નથી,' કીલાએ મમરો મૂક્યો, 'ભગવાન તો ઘણીય વાર સાચા માણસને ખોટે ઠેકાણે, ને ખોટા માણસને સાચે ઠેકાણે મોકલી દિયે છે.'

'હવે રાખો, રાખો, કીલાભાઈ!' મનસુખલાલે કહ્યું, 'તમે તો બહુ રોનક કરી અમારી. હવે હાંઉં કરો, ભલા થઈને!'

*

મકનજી મુનીમે બાલુની જાન પાછી વળાવ્યા પછી એક ચોંકાવનારી વાત કરી. એણે જાહેર કર્યું કે દકુભાઈને ત્યાં ઓસરીમાંથી રૂપિયાની જે કોથળી ચોરવાનું આળ ઓતમચંદ ઉપર આવેલું, એ કોથળી કોઈએ ચોરી જ નહોતી. તેલના ખાણિયામાંથી એ કોથળી અકબંધ હાથ આવી, અને એ વાતની જાણ લાડકોરને થઈ, તેથી એ ભાઈને ઘેરથી કાયમના

અબોલા લઈને, લગનને આગલે દિવસે જ પાછી ચાલી ગયેલી... અને પછી, મુનીમે ભાઈબહેન વચ્ચે જામેલી ભયંકર જીભાજોડીનું વર્ણન ઝમકભરી શૈલીમાં કરી બતાવ્યું અને લાડકોરની વિદાય વેળાનાં દૃશ્યો તાદૃશ્ય કરી બતાવ્યાં ત્યારે તો સાંભળનારાંઓ અવાક થઈ ગયાં.

'કોથળી કોઈએ ચોરી જ નહોતી?' થોડી વારે કપૂરશેઠે પૂછ્યું.

'ના, કોઈએ નહીં—'

'તો પછી ઓતમચંદ શેઠનું નામ એમાં આવ્યું'તું એ?' હવે મનસુખભાઈએ પૂછ્યું.

'સાવ ખોટું. ઓતમચંદભાઈને તો તે દિવસે દકુભાઈએ અંદર બોલાવવાને બદલે ઓસરીમાં જ બેસાડી રાખેલા એટલે એને અપમાન લાગેલું, ને મૂંગા મૂંગા બહાર નીકળી ગયેલા એટલે જ એના ઉપર વહેમ આવેલો,' મુનીમે કહ્યું, 'ને વહેમમાં ને વહેમમાં દકુભાઈએ વાંસે પસાયતા દોડાવેલા ને બિચારા ઓતમચંદ શેઠને મારી મારીને લોથ કરી નાખેલા.'

સાંભળીને કપૂરશેઠ અને મનસુખલાલ બંને જણા ઊંડા વિચારમાં પડી ગયા. જે મુદ્દા ઉપર ઓતમચંદને ચોર ગણીને એની સાથેનો સંબંધ તોડી નાખેલો, એ મુદ્દો જ આખો અસત્ય સાબિત થતાં એમની વિમાસણ વધી પડી. દકુભાઈ તો વહેમના વમળમાં અટવાઈને અવિચારી કૃત્ય આચરી બેઠેલા, પણ ચોરીના આરોપના સાવ અધ્ધર સમાચાર ઉપર આધાર રાખીને આપણે જે પગલું લીધેલું એનું ભયંકર વિપરીત પરિણામ નીપજ્યું છે, એનું એમને હવે ભાન થયું. પોતે હાથે કરીને જ, ચંપાનું લગ્નજીવન વેડફી નાખ્યું છે એની પ્રતીતિ થઈ. તેથી જ બગડી બાજી સુધારી લેવા માટે એમણે નરોત્તમ જોડે જ ચંપાના પુનર્વિવાહનો પ્રસ્તાવ મૂક્યો.

*

૪૪

# મોંઘો મજૂર

શારદાને ઘેર ચંપા, નરોત્તમ અને શારદાની ત્રિપુટી વચ્ચે સરસ ગોષ્ઠી ચાલી રહી હતી. અગાઉ વાઘણિયામાં વાસ્તુમુહૂર્ત પ્રસંગે નવી મેડીના માઢિયામાં ત્રણ મુગ્ધ હૃદયોની ત્રિપુટી વચ્ચે જે મિજલસ જામેલી, એવી જ આ મિજલસ હતી. માત્ર એમાં જસીનું સ્થાન અત્યારે શારદાએ લીધું હતું, એટલો જ ફેર.

આ હૃદયત્રિપુટી વચ્ચેની ચર્ચાનો વિષય પણ પ્રણયકલહ જેવો ઉગ્ર છતાં હૃદયંગમ હતો. નરોત્તમ સામે ચંપાની ફરિયાદ એ હતી કે 'તમે સ્ટેશન ઉપરથી મારો સરસામાન શા માટે ઊંચક્યો?'

નરોત્તમનો બચાવ એ હતો કે 'મજૂર માણસને કોઈ પણ ઉતારુની મજૂરી કરવાનો અધિકાર છે.'

'પણ તમે ખરેખર મજૂર તો હતા જ નહીં?' ચંપાએ કહ્યું.

'મજૂરમાં વળી ખરો મજૂર ને ખોટો મજૂર હોઈ શકે?' નરોત્તમે સામી દલીલ કરી.

'જો તમે ખરા મજૂર હતા, તો ફરી કોઈ દિવસ સ્ટેશન ઉપર કેમ દેખાયા નહીં?'

'તમને શી રીતે ખબર પડી કે હું ફરી કોઈ દિવસ સ્ટેશન ઉપર નહીં દેખાયો હોઉં?'

'અમે રોજ સવારમાં જ છાની તપાસ કરતાં. હું ને મામી—'

ચર્ચાના આવેશમાં ચંપાથી બોલતાં તો બોલાઈ ગયું, પણ પછી એને તુરત ખ્યાલ આવ્યો કે આ 'છાની તપાસ'ની વાત આમ ખુલ્લી કરી દેવામાં ઔચિત્ય નથી જળવાતું, તેથી તે શરમાઈ ગઈ.

નરોત્તમે કહ્યું: 'એવી છાનીછપની તપાસ કરનારાઓની આંખે અમે ચડીએ એટલા સસ્તા નથી, સમજ્યાં ને!'

'જાણીએ છીએ, કેવાક મોંઘા છો એ તો?' હવે ચંપાએ પણ હળવી ઢબે જ આગળ ચલાવ્યું, 'મજૂરી તો મામા પાસેથી રોકડી બે આના લીધી હતી, કે વધારે?'

'ને મામાના ખિસ્સામાંથી સરી પડેલા બસો રૂપિયા ભરેલા પાકીટ ઉપર થૂથૂકારો કરીને પાછું આપ્યું, એનો હિસાબ નહીં ગણો?'

નરોત્તમે આ વાક્ય ઉચ્ચાર્યું હતું તો મજાકમાં, પણ ચંપા માટે એ સહજ રીતે જ એક અસહ્ય મહેણું બની રહ્યું. પાકીટ પાછું સોંપીને ગર્વભેર ચાલ્યો ગયેલો એ મજૂર મનસુખમામા માટે જ હીણપતભરી નામોશી સર્જતો ગયેલો એની શરમમાંથી તો ચંપા આજ સુધી મુક્ત થઈ શકી નહોતી. અને અત્યારે જે વિનોદપૂર્ણ વાર્તાલાપ જામ્યો હતો, એમાં આ ટોણો સાંભળીને મૂંગી થઈ ગઈ.

'અમે એટલા બધા સસ્તા નથી, સમજ્યાં ને!' નરોત્તમે ફરી સંભળાવ્યું.

સાંભળીને ચંપાએ વધુ ક્ષોભ અનુભવ્યો.

આ ત્રિપુટીનું મૌન અસહ્ય લાગવાથી અને ચંપાનો ક્ષોભ ઓછો કરવાના ઇરાદાથી આખરે શારદાએ જ બોલવું પડ્યું:

'નરોત્તમભાઈ તો બસો રૂપિયા, ને માથે બે આના જેટલા મોંઘા છે; સમજ્યાં ને?'

'બસ?' ચંપાએ હવે હિંમતભેર ઉત્તર વાળ્યો, 'મૂલ આંકી આંકીને આટલું જ આંક્યું ને?—બસો રૂપિયા ને માથે બે આના જેટલું જ?'

આ વળતા ટોણાનો હવે શી રીતે પ્રતિકાર કરવો એ નરોત્તમ વિચારતો હતો, ત્યાં શારદા જ એની મદદે આવી પહોંચી.

'આ તો તમારા સરસામાન ઉપાડનાર મજૂરનું અમે મૂલ આંક્યું

છે, બાકી નરોત્તમભાઈનું પોતાનું મૂલ તો લાખે લેખાં માંડીએ તોય થઈ શકે એમ નથી—'

'બહુ સારું, લો!' ચંપાએ પ્રસન્ન ચિત્તે છતાં કૃત્રિમ વિરોધ દાખવતાં કહ્યું.

'કેમ વળી? ભૂલી ગયાં?—' નરોત્તમે સંભળાવી: 'પાકીટ પાછું સોંપ્યું, એનું નામ તમે કીલાભાઈ હારે મોકલાવેલું એ મેં પાછું કાઢેલું એ ભૂલી ગયાં? ને એ વખતે જે સંભળાયેલું એ યાદ છે?'

'હા, બરાબર યાદ છે. તમારું એકેએક વેણ યાદ છે—' ચંપાએ આખરે પરાજિત થઈને કહ્યું, 'અમને પજવવામાં તમે કાંઈ બાકી નથી રાખ્યું—'

'એમાં પજવણી શાની ભલા?' નરોત્તમે કહ્યું, 'મનસુખભાઈએ મોટે ઉપાડે મને બક્ષિસ મોકલવા પહેલાં વિચાર કરવો જોઈતો હતો! મને શું માગણ-ભિખારી માની લીધો?'

'માગણ-ભિખારી તો નહીં, પણ મજૂર તો ખરા જ ને!' ચંપાએ ટકોર કરી.

ફરી શારદાએ નરોત્તમ વતી ઉત્તર આપ્યો: 'મજૂર ખરા પણ ગામ આખાના નહીં, તમારા એકલાના જ, ચંપાબેન!'

'હા, એ તો હું જાણું જ છું,' કહીને ચંપાએ એનો બેવડો અર્થ ઘટાવી લીધો. 'હું જાણું જ છું, કે એ મારી એકલીના જ છે.'

'મજૂર જ હોં, બીજું કાંઈ સમજી ન બેસતાં!' નરોત્તમે સુધારો કર્યો.

'જોયા હવે મોટા સમજાવવાવાળા!' ચંપાએ પહેલી જ વાર ભ્રૂભંગ કરીને કહ્યું, 'હું જોઈશ, હવે પછી મારી કેવીક મજૂરી કરો છો એ!'

*

૪૫

## ગ્રહશાંતિ

**પાદરમાંથી** જ બાલુની જાનને પાછી વળાવી દીધા પછી કપૂરશેઠ સમક્ષ અત્યંત કપરો પ્રશ્ન ઊભો થયો: હવે શું કરવું?

'લીધેલાં લગન ખડી ગયાં!'

'બાંધેલો માંડવો વીંખવો પડશે!'

'અપશુકન! અપશુકન!'

ડોસી શાસ્ત્રની દમદાટીઓથી કપૂરશેઠ ડરી ગયા.

'ગ્રહશાંતિ કર્યા પછી કોઈનાં લગ્ન જ ન થાય તો ઘરમાં અશાંતિ થઈ જાય.'

દાપાં-દક્ષિણા સિવાય બીજા કશામાં રસ નહીં ધરાવનાર ગોર મહારાજ તો અનેક જાતની કપોલકલ્પિત ડરામણીઓ દેખાડવા લાગ્યા.

'આ તો પાતક કહેવાય! મહાપાતક!'

કપૂરશેઠે કહ્યું: 'એ તમારા મહાપાતક કરતાંય એક વધારે મોટા પાતકમાંથી ઊગરી ગયો છું, એટલો ભગવાનનો પાડ માનીએ! મારી જસીની જિંદગી ધૂળધાણી થાતી રહી ગઈ, એટલા આપણે નસીબદાર, એમ સમજો ને!'

પણ દાપા-દક્ષિણા ગુમાવી બેઠેલા ગોર મહારાજ એમ સહેલાઈથી શાના સમજી જાય? એમણે તો થોકબંધ શાસ્ત્રવચનો ટાંકવા માંડ્યાં. આ ઘર ઉપર અનેક આપત્તિઓ આવી પડશે, એવી આગાહી કરી, છતાં કપૂરશેઠ ગભરાયા નહીં.

પણ જ્યારે ભુદેવે ધમકી આપી કે લગ્નમાં આવી પડેલા આ વિઘ્નને પરિણામે તમારા ઉપર નવેનવ ગ્રહ કોપી ઊઠશે, ત્યારે

કપૂરશેઠે સંભળાવી દીધું:

'નવેનવ ગ્રહ ભલે કોપતા, પણ દસમા ગ્રહને મારે આંગણે આવતો અટકાવ્યો છે, એની મને નિરાંત છે—'

'દસમો ગ્રહ?' ગોર મહારાજ ચોંકી ઊઠ્યા, 'જ્યોતિષશાસ્ત્રમાં નવ ગ્રહથી વધારે એક પણ ગ્રહ હોઈ જ કેમ શકે?

'જ્યોતિષશાસ્ત્રમાં ભલે ન હોય, અમારો સંસારશાસ્ત્રમાં તમારા નવેય ગ્રહને આંટી જાય એવો આકરો દસમો ગ્રહ હોય છે... એને અમે જમાઈ કહીને ઓળખીએ છીએ—'

'શાંતં પાપં... શાંતં પાપં...! આ શું બોલો છો, શેઠ?' ગોર મહારાજ ધ્રૂજી ઊઠ્યા, 'જામાતા જેવા જામાતાને તમે દસમો ગ્રહ ગણો છો?'

'હા, ને એ ગ્રહ તો વળી એવો હઠીલો કે બાકીના નવ ગ્રહની શાંતિ થાય, પણ દસમો તો કાયમ અશાંતિ જ ઊભી કર્યા કરે. એ તો સસરાને માથે જિંદગી આખી જડબેસલાક લોઢાને પાયે પનોતી જેવો... ને એ પનોતીય પાછી સાડાસાતી નહીં પણ યાવચ્ચંદ્રદિવાકરૌ જેવી—' કહીને કપૂરશેઠે ફરી સંતોષ વ્યક્ત કર્યો, 'એ દસમા ગ્રહની વક્રદષ્ટિને મેં પાદરમાંથી જ પાછી વળાવી દીધી એની મને નિરાંત છે. હવે તમારા બાકીના નવેનવ ગ્રહને જે કરવું હોય એ ભલે કરી લિયે—'

ગોરને લાગ્યું કે કપૂરશેઠ પાસે તો હવે પોતાનું કશું ઊપજી શકે એમ નથી, તેથી એણે સંતોકબાનું શરણું લીધું. અનેકાનેક દેવો, રાંદલ મા કોપાયમાન થશે, કુટુંબ ઉપર અણધાર્યાં વિઘ્નો આવી પડશે, એવી એવી ડરામણીઓ દેખાડી...

'ઘરમાં રાંદલ મા થાપ્યાં છે, અને વરઘોડિયાં પગે લાગી રહે પછી જ થાનકનું ઉથાપન કરી શકાય. હવે વરઘોડિયાં વિના જ એનું ઉથાપન કરીએ તો રાંદલ મા રૂઠ્યાં વિના રહે ખરાં?'

સાંભળીને સંતોકબા થરથરી ઊઠ્યાં: 'રાંદલ મા રૂઠશે!'

એમણે પતિ સમક્ષ ધા નાખી: 'રાંદલ મા રૂઠશે!'

ગોરદેવતાની ધમકીઓને જરાસરખીય દાદ ન દેનાર કપૂરશેઠ પત્નીની ફરિયાદ સાંભળીને મૂંઝાઈ ગયા.

'આ તમે કેવું અવિચારી કામ કરી બેઠા! કપાળમાં કંકુઆળા વરને માંડવેથી વળાવ્યો! પીઠી ચોળેલાને પાદરમાંથી પાછો કાઢ્યો!'

પત્નીની રોકકળ વધી અને પતિની અકળામણ વધી.

'પણ વરરાજાનાં પરાક્રમ જ એવાં હતાં કે એને પાછા વળાવ્યા વિના બીજો છૂટકો જ નહોતો—'

'અરે, પણ રાંદલ મા રૂઠશે તો આપણું ધનોતપનોત નીકળી જાશે!'

'કાલે નીકળતું હોય તો હવે આજે જ નીકળવા દો!' કંટાળીને કપૂરશેઠે સંભળાવી દીધું.

'હાય રે હાય! આ તમે શું બોલી ગયા?' પત્નીએ રોકકળ શરૂ કરી, 'હવે આ માંડવાનો માણેકથંભ કેમ કરીને ઉખેડશું?'

'ખોદી કાઢીને... બીજી કઈ રીતે વળી?'

'હાય રે હાય! તો તો આપણું ઘર જ આખું ખેદાનમેદાન થઈ જાય ને! ખોડેલા માંડવા નીચે લગનવિધિ કર્યા વિના તે થાંભલા પાછા કઢાતા હશે ક્યાંય?'

'પણ જેની લગનવિધિ કરવાની હતી, એ લાડકડો તો એનાં લખણને કારણે હાલ્યો ગયો પાછો!' કપૂરશેઠે ઉગ્ર અવાજે સંભળાવ્યું, 'હવે તો આપણી પોતાની લગનવિધિ ફરીથી કરીએ તો છે!'

'હાય હાય! આવું બોલતાં શરમાતા નથી?' કહીને સંતોકબા ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યાં.

'શાંત થાવ! શાંત થાવ! આજના શુભ પ્રસંગે આવા સંતાપ ન શોભે, બા!' ગોર મહારાજ વચ્ચે પડ્યા: 'શાસ્ત્રમાં કહ્યું છે: ચિત્તશાંતિ વડે સર્વ શુભકામનાઓ સફળ થાય છે!'

'પાટમાં પડે તમારાં સાસ્તર! મારે ઘેર વિવાહમાં વિઘન આવી પડ્યું એનું તો કાંઈ કરતા નથી!'

'શાસ્ત્રમાં કહ્યું છે, સ્વસ્થ ચિત્તે વિચાર કરવાથી વિઘ્નો પણ દૂર થઈ શકે છે, બા! ગભરાશો નહીં!'

'તમારે ભામણભાઈને શું? તમારે તો ગમે તેમ કરીને તમારું તરભાણું ભરવાનું—'

'ગમે તેમ કરીને નહીં, બા, વરકન્યાને પરણાવીને જ તરભાણું ભરી શકાય, અન્યથા નહીં.'

'ગોર!' હવે કપૂરશેઠે ક્રોધભર્યો પડકાર કર્યો, 'તમારું તરભાણું તો ટળ્યું... હવે તમે પોતે ટળશો અહીંથી?'

'બ્રહ્મપુત્રને જાકારો? યજમાનને શ્રીમુખેથી ગોરદેવતાનું અપમાન?'

'શાંતં પાપં... શાંતં પાપં...' ગોર બોલ્યા, 'જાકારો આપશો તોય નહીં જઈ શકે. શાસ્ત્રવચનથી વિરુદ્ધ વર્તન શી રીતે કરી શકું?

'માર ઝાડુ તારાં શાસ્ત્રવચનને. અહીંથી અમારાં લોહી પીતો ટળીશ હવે?'

'કટુવચન ન ઉચ્ચારો, શેઠ! શાસ્ત્રમાં કહ્યું છે, ક્રોધ એ સર્વ આપત્તિઓનું મૂળ છે!' ઠંડે કલેજે ગોરદેવતા બોલ્યા. 'આ શુભ હસ્તે મેં રાંદલ માની થાપના કરી છે... હવે આ જ શુભ હસ્તે એની ઉથાપના કર્યા વિના જાઉં તો મારા ઉપર જ દૈવી વિઘ્ન આવી પડે.'

'તો ઉથાપના કરીને જા. પણ અહીંથી રસ્તો માપ ઝટ!' કપૂરશેઠે હુકમ કર્યો.

'જ્યાં સુધી માતાજી સમક્ષ વરઘોડિયાં વંદન ન કરે, ત્યાં સુધી થાનકની ઉથાપના ન થઈ શકે. શાસ્ત્રવચનથી વિરુદ્ધ વાત...'

'પણ વરઘોડિયાં કાઢવાં ક્યાંથી હવે?' કપૂરશેઠે કહ્યું, 'હવે તો તમે ને તમારાં ગોરાણી વરઘોડિયાં થાવ તો છે!'

'એટલે બધે દૂર જવાની જરાય જરૂર નથી, શેઠ!'

'દૂર ન જઈએ તો નજીકમાં કોણ છે?—'

'છે... છે!'

'કોણ પણ?'

'વરઘોડિયાં જ. બીજું કોણ?'

'ક્યાં છે?' કપૂરશેઠે કુતૂહલથી પૂછ્યું.

'નજર સામે જ છે—'

'નજર સામે?'

'હા, મને તો દીવા જેવાં દેખાય છે—વર ને કન્યા બેય—'

'કોણ, પણ?'

'ચંપાબેન... ને... ને ઓલ્યા આવ્યા છે, એ પરભુલાલ શેઠ—'

'અલ્યા, એનું સાચું નામ નરોત્તમ છે, પરભુલાલ શેઠ નહીં—'

'શાસ્ત્રોને નામ સાથે સંબંધ નથી, કામ સાથે જ સંબંધ છે, ગોરે પોતાના ઘરનો શાસ્ત્રાર્થ ઘટાવ્યો. 'કન્યાને તો કૌમાર્યગ્રહ ઉતારવા માટે ઝાડના થડ સાથે ફેરા ફેરવી શકાય... અરે, કોઈ મનુષ્યજાતિમાંથી વર ન મળે તો છેવટે ફૂલના દડાને પણ શાસ્ત્રોએ તો વર તરીકે માન્ય કરેલ છે, તો આપણી પાસે તો નરો માંહે ઉત્તમ કહેવાય એવા નરોત્તમભાઈ છે, પછી શી ફિકર છે?'

'હા... ...!'

'હા... ...!'

કપૂરશેઠને અને સંતોકબાને બંનેને ગોરનું આ સૂચન ટપક કરતુંક ને ગળે ઊતરી ગયું.

યજમાનને પોતાની યોજના જચી છે, એમ સમજાતાં જ ગોરે આંગળી અને અંગૂઠા વડે ચપટી વગાડીને કહ્યું: 'શાસ્ત્રવચન છે કે શુભસ્ય શીઘ્રમ્—'

'પણ આટલી બધી ઉતાવળથી કામ પાર પડી શકે ખરું?'

'કહેવાય છે કે મુલતવી રાખવાનાં માઠાં ફળ—'

'પણ આ તો ઘડિયાં લગન જેવું થઈ જાશે—'

'થવા દો, શેઠ! કહેવાય છે, સારાં કામ આડે સો વિઘ્ન! શાસ્ત્રવચન છે, કે—'

'હવે તું તારાં શાસ્ત્રવચનની વાત બંધ કર, તો અમે કંઈક વિચાર કરી શકીએ—'

'અવશ્ય વિચારો! પૂર્ણપણે વિચારો! શાસ્ત્રવચન છે કે વિચારશીલ મનુષ્ય જ—'

'હવે ઘડીક મૂંગો રહીશ?'

'જેવી યજમાનની ઇચ્છા!'

ગોર ખરેખર મૂંગો થઈ ગયો પછી કપૂરશેઠે કીલા સમક્ષ પોતાની નાજુક મુશ્કેલી વર્ણવી, અને એના નિવારણ માટે નિખાલસપણે, ચંપા જોડે નરોત્તમનાં લગન કરી નાખવાનો પ્રસ્તાવ મૂક્યો.

'આ લગનબગન જેવી વાતમાં આ કીલો કાંઈ ન જાણે, ભાઈસા'બ!' કહીને એણે સૂચવ્યું, 'નરોત્તમના ભાઈને વાત કરો.'

'ઓતમચંદ શેઠ તો ઠેઠ વાઘણિયે બેઠા, ને અહીં અમારો ગોર—'

'ઓતમચંદભાઈ તો અહીં તમારા ગામમાં જ છે—'

'ક્યાં? ક્યાં છે?'

'એભલ આહીરને ઘેર—'

કીલા પાસેથી આટલી બાતમી મેળવીને તુરત કપૂરશેઠ એભલ આહીરના વાડા તરફ ઊપડ્યા.

*

૪૬

# ઘોડાગાડીના ઘૂઘરા

**જસી** માટે બંધાયેલા લગ્નમંડપમાં તે રાતે જ, ઓતમચંદ, બટુક ને લાડકોરની હાજરીમાં ચંપા અને નરોત્તમનાં લગ્ન પતી ગયાં.

મેંગણીના દરબારને જાણ થઈ કે ઓતમચંદ શેઠ ગામમાં આવ્યા છે, ને એભલ આહીરને ઘેર એનો ઉતારો છે, ત્યારે દરબાર જાતે એભલના વાડે જઈ ચડેલા. ગુપ્તવેશે રહેલા આ અતિથિને મીઠો ઠપકો પણ આપેલો. પછી તો દરબારે ગોરા સાહેબના શિરસ્તેદાર કીલાભાઈને પણ ઓળખી કાઢ્યો, તેથી તો પોતે ખડે પગે ખાતરબરદાસ્તમાં અને લગ્નવિધિમાં હાજર રહ્યા અને નરોત્તમને ધામધૂમથી પરણાવ્યો.

લગ્નવિધિ દરમિયાન કીલો વારંવાર મનસુખલાલને કહ્યા કરતો હતો:

'મનસુખભાઈ, તમે તો ભારે કરી અમારા ઉપર!'

'મેં કે તમે?'

'તમે, આ જુવો ને, અમે અહીં આવ્યા આંટો મારવા, ને તમે તો પરભુલાલને પરણાવી પણ દીધો!'

'ભલા માણસ, હવે તો એનું સાચું નામ નરોત્તમ કહીને બોલો! કે હજીય પરભુલાલને નામે હાંક્યે રાખશો?'

'એનું સાચું નામ નરોત્તમ પણ નથી—'

'નરોત્તમ પણ નહીં? ત્યારે શું વળી?'

'મોટો!' કીલાએ કહ્યું, 'મેં એને પહેલેથી જ મોટો કહીને બોલાવ્યો છે, એટલે હવે નરોત્તમ જેવું અઘરું નામ જીભે નહીં ચડે! તમારે

મન ભલે એ નરોત્તમશેઠ હોય કે પરભુલાલ હોય, મારે મન તો બસ મારો મોટો જ!'

કીલો જ્યારે આ રીતે સંતોષ વ્યક્ત કરી રહ્યો હતો, ત્યારે એભલ આહીર અને હીરબાઈ વળી આજના અણધાર્યા શુભ પ્રસંગને પરિણામે કીલા કરતાંય અદકી કૃતાર્થતા અનુભવી રહ્યાં હતાં.

એકમાત્ર લાડકોર એની આદત મુજબ, પતિએ પોતાને ઘણી ઘણી બાબતોથી આજ સુધી અજાણ રાખવા બદલ ઓતમચંદને પ્રેમાળ ઠપકો આપી રહી હતી:

'તમે તો મીંઢા તે કાંઈ મીંઢા! મને તો આ બધી વાતની ગંધ પણ ન આવવા દીધી!'

પત્ની તરફથી વારંવાર પોકારાતા આ તહોમતનામા અંગે ઓતમચંદ પાસે એક પણ ઉત્તર નહોતો, તેથી એ મૂંગો જ રહેતો હતો. અને પરિણામે, પત્ની વધારે ને વધારે ઉગ્રતાથી ફરિયાદ કર્યા કરતી હતી:

'તમે તો મૂંગા તે કાંઈ મૂંગા! મોઢામાં જાણે કે મગ જ ભરી રાખ્યા કાંઈ!'

આ પ્રહારો સામે પણ ઓતમચંદ તો મૂંગો જ રહેતો હતો, તેથી લાડકોર વધારે ચિડાતી હતી.

બીજે દિવસે સહુ વાઘણિયા જવા ઊપડ્યાં. ઓતમચંદની એક ઘોડાગાડીમાં તો બધાં ઉતારુઓ સમાય એમ નહોતાં, કેમ કે, એમાં ત્રણ નવી વ્યક્તિઓ—નરોત્તમ, ચંપા અને કીલા—નો ઉમેરો થઈ ગયો હતો. તેથી દરબારે પોતાની ઘોડાગાડી હોંશભેર કાઢી આપી. ઓતમચંદે પોતાની ઘોડી અહીં જ રહેવા દીધી, જેથી કીલા સાથે ગાડીમાં બેસીને આખે રસ્તે ગપ્પાં મારી શકાય.

વિદાય વેળાએ સારો મેળો જામ્યો. વળાવનારાઓમાં દરબારથી માંડીને એભલ, હીરબાઈ ને બીજલ સુધીનાં સ્વજનો હતાં. પોતાની

બહેનપણીના વિયોગને કારણે શારદાની આંખ તો સુકાતી જ નહોતી.
મેંગણીના પાદરમાંથી એકને બદલે બે ઘોડાગાડીઓ સામટી
ઊપડી અને ઘૂઘરાના રણકારે આખી સીમને ભરી દીધી.
કીલા માટે આજે જીવનનો ધન્ય પ્રસંગ હતો. આખે મારગે એ
ઓતમચંદને પોતાની અને ભેગાભેગી નરોત્તમની પણ આપવીતી
કહેતો જતો હતો. વચ્ચે વચ્ચે મનસુખલાલની બેવકૂફીની મજાક
ઉડાવતો જતો હતો: 'બિચારા મનસુખલાલ! એનામાં બધુંય છે, પણ
મીઠાની જરાક તાણ રહી ગઈ છે, એટલે ભલો માણસ ઓળખી
જ ન શક્યો કે હું કોણ?... કીલો કાંગસીવાળો!'
'હવે તમને કાંગસીવાળા ન કહેવાય! તમે તો મોટા લાટસાહેબના
શિરસ્તેદાર!' ઓતમચંદે એક વાર કહ્યું.
'ના રે ભાઈ, કાંગસીવાળાની પદવી તો શિરસ્તેદાર કરતાં
સાતગણી ઊંચી છે,' કીલાએ સમજાવ્યું. શિરસ્તેદારનો હોદ્દો તો
ગોરાસાહેબે આપ્યો છે, પણ કાંગસીવાળાની પદવી તો મારા
લોકભાઈયુંએ દીધી છે. આ દુનિયામાં મારા જિગરજન બંધવા
ત્રણ જણા છે—'
'કોણ, કોણ?' ઓતમચંદે પૂછ્યું.
'એક મારો ભાઈબંધ દાવલશા ફકીર, બીજો ઓલ્યો ભગલો
ગાંડો... ને ત્રીજો મારો મોટો—'
'મોટો? એ કોણ વળી?'
'તમારો નાનો ભાઈ... જેને મનસુખલાલ બિચારા જીવ હમણાં
લગી પરભુલાલ શેઠ ગણતા હતા, એ જ—'
સાંભળીને ઓતમચંદ હસ્યો.
પણ ત્યાં તો કીલાએ એક ગંભીર વાત ઉચ્ચારી: 'હું તો કાલે
સવારે આ શિરસ્તેદારી છોડીને પાછો સ્ટેશન ઉપર રમકડાં વેચવા
બેસી જઈશ—'

'એમ તે કરાતું હશે, કીલાભાઈ?'

'શું કામ ન કરાય? રેંકડી ફેરવવામાં જે સુખ છે એ અમલદારી કરવામાં નથી, ઓતમચંદભાઈ!'

આમ વાતો ચાલતી રહી ને ઘોડાગાડીઓ આગળ વધતી રહી.

ખળખળિયા પાસે આવતાં ઓતમચંદે કહ્યું: 'અહીં એક દિવસ મારી મરણપથારી નખાઈ ગઈ'તી, પણ એભલભાઈ આહીરે આવીને મને જિવાડી દીધો—'

'અમે બધી વાત જાણી લીધી છે, ઓતમચંદભાઈ! તમે તો બહુ વીતક વેઠ્યાં—'

'તોય તમારા કરતાં ઓછાં!' ઓતમચંદે કીલાને કહ્યું, 'તમારી સંધીય વાત પણ મેં જાણી લીધી છે.'

'તો તો આપણે બેય જણા સરખા ને સમદુખિયા!'

'દુખિયા ગણો કે સુખિયા ગણો!' ઓતમચંદે તારણ કાઢ્યું: 'કદાચ આપણા જેવા સુખી બીજા કોઈ નહીં હોય!'

'મને પણ એમ જ લાગે છે!'

ઘોડાગાડીઓએ અમરગઢ સ્ટેશનના પાટા ઓળંગ્યા, કે તુરત જ ઘૂઘરાના અવાજ સાંભળીને બાવા-સાધુઓથી માંડી સ્ટેશન માસ્તર સુધીનાં માણસો ઘૂમરી વળીને ગાડીઓને ઘેરી વળ્યાં અને 'શેઠ! શેઠ!' કહીને સહુ સિફારસ કરવા લાગ્યાં.

ગાડી વાઘણિયાને મારગે આગળ વધી એટલે કીલાએ ટકોર કરી, 'તમારાં તો અહીં બહુ માન છે, ઓતમચંદભાઈ!'

'મારાં નહીં, મારી ઘોડાગાડીનાં. જેમ અમલદારને નહીં પણ અમલદારની લાકડીને સલામ ભરાય છે, એના જેવું જ આ છે.' ઓતમચંદે કહ્યું, 'હજી કાલે સવારે જ હું ઉઘાડે પગે ટાંટિયા ઘસતો અહીંથી નીકળતો, ત્યારે કોઈ ભાવ પણ નહોતું પૂછતું.'

'એ જ દોરંગી દુનિયાના રિવાજ છે!'

વાતો કરતાં કરતાં થોડેક આગળ ગયા, ત્યાં તો કીલો એકાએક બૂમ મારી ઊઠ્યો:

'ગાડી ઊભી રાખો જરાક, ઘડીક ઊભી રાખો!'

આગલી ગાડીમાંથી વશરામે આ હાકલ સાંભળીને ગાડી થોભાવી દીધી.

'કેમ ઊભી રખાવી ભલા?' ઓતમચંદે પૂછ્યું.

'અરે! સામેથી મહાસતીજી વિહાર કરતાં આવે છે!... મીઠીબાઈસ્વામી પધારે છે!' કીલાએ કહ્યું, 'વરઘોડિયાંને મહાસતીને વંદન કરવાનો આવો મજાનો મોકો ક્યાંથી મળત?'

થોડી વારમાં તો સામેથી શ્વેત વસ્ત્રધારી મીઠીબાઈ અને એમનાં શિષ્યાઓ આવી પહોંચ્યાં, એટલે બંને ગાડીઓમાંથી સહુ નીચે ઊતરી ઊભાં રહ્યાં.

કીલાએ એકબીજાના ખબરઅંતર પૂછ્યાં. મીઠીબાઈએ કહ્યું કે 'અમે વિહાર કરીને હવે અમરગઢ જઈએ છીએ.' કીલાએ નરોત્તમનાં લગનના સમાચાર આપ્યા તેથી સાધ્વીજી ખુશ થયાં.

કીલાએ નરોત્તમને કહ્યું: 'તમે વરઘોડિયાં મહાસતીજીને પગે લાગો!'

નવદંપતી વંદન કરવા જતાં હતાં ત્યાં જ મીઠીબાઈએ કહ્યું, 'મને નહીં, કીલાભાઈને વાંદો!'

'અરે આ શું બોલ્યાં?' કીલાએ પૂછ્યું.

'સાચું જ બોલી છું!' મહાસતીએ કહ્યું, 'અમે તો સંસાર છોડીને આ માથું મૂંડાવીને સાધુ થયાં, પણ તમે તો સંસારમાં રહીને સાધુથીયે સવાયા થઈ ગયા છો!

'મને શરમાવો મા, મહાસતીજી!'

'તમ જેવા સાચા સાધુને જોઈને શરમાવાનું તો હવે અમ જેવાંને જ રહ્યું—'

એક વેળા સંસારમાં જેમનું વાગ્દાન થયેલું, એવી બે સાધુચરિત વ્યક્તિઓને એકબીજાથી તદ્દન નિરાળા એવા ભિન્ન ભિન્ન લેબાસમાં ઊભેલી સહુ જોઈ રહ્યાં.

*

ફરી ગાડીઓ આગળ વધી ને વાઘણિયાની સીમ બબ્બે ગાડીઓના ઘૂઘરાથી ગાજી ઊઠી.

આગલી ગાડીમાં નરોત્તમ અને ચંપાની જોડ બેઠેલી. લાડકોર હજી પણ કોઈ કોઈ વાતના સંદર્ભમાં પતિ અંગે ફરિયાદ રજૂ કર્યા કરતી હતી:

'બટુકના બાપુ મીંઢા તે કાંઈ મીંઢા! મને તો સાવ અજાણી જ રાખી. છેવટની ઘડી લગી કાંઈ કીધું જ નહીં, એવા મીંઢા!'

બટુક ફરી પોતાનાં પ્રિય પક્ષીઓ સાથેની મૂંગી ગોષ્ઠીમાં ગરકાવ થઈ ગયો હતો. કોઈ કોઈ વાર એ પાવો વગાડતો અને કોઈ ઊડતા પક્ષીની ઓળખ પૂછતો: 'કાકા, ઓલ્યું ઊડે છે, એને શું કહેવાય?'

એવામાં, એક વાર નરોત્તમ અન્યમનસ્ક હતો ત્યાં જ બટુકની ચકોર નજર ખેતરમાં પક્ષીયુગલ ઉપર પડી. આજ સુધીમાં આ કિશોરે એ પક્ષીની જાત કદી જોયેલી નહીં તેથી એ પૂછવા લાગ્યો:

'કાકા, ઓલ્યાં બે ઊભાં, એને શું કહેવાય?'

પણ નરોત્તમ બેધ્યાન હતો તેથી, કે પછી પોતાને પરિચિત એ પક્ષીયુગલ જોઈને એ કશાક ઊંડા વિચારમાં ઊતરી ગયો તેથી, એ બટુકને કાંઈ ઉત્તર ન આપી શક્યો.

બટુકે ઉપરાઉપરી ત્રણ વાર પૂછ્યું, 'કાકા, કહો ને, ઓલ્યાં બે ઊભાં એને શું કહેવાય?'

ચાંચમાં ચાંચ પરોવીને ઊભેલી એ સારસ-જોડલી તરફ નરોત્તમ

એકીટશે તાકી રહ્યો હતો, ત્યાં જ બટુકની અધીરપ સંતાપવા ચંપાએ એને ઉત્તર આપી દીધો:

'એ એક પંખીનું નામ સારસ અને બીજીનું નામ સારસી: એનું એક રમકડુંય હું તમારા સારુ લાવી છું, હોં બટુકભાઈ!'

પોતે જ શારદા મારફત મોકલાવેલા સારસ-યુગલના પ્રતીકનો આવો અણધાર્યો ઉલ્લેખ સાંભળીને નરોત્તમ શરમાઈ ગયો. જાણે કે એને પજવવાના જ ઉદ્દેશથી ચંપાએ બટુકને વધારે લાલચ આપી.

'ઘરે જાતાંવેંત જ હું તમને મારી પેટીમાંથી આ પંખીનું રમકડું કાઢી દઈશ, હોં બટુકભાઈ!

નરોત્તમે કૃત્રિમ રોષભરી આંખે ચંપા તરફ જોયું, ત્યાં તો ચંપાએ બટુકને સંભળાવવાના બહાના તળે નરોત્તમને સંભળાવ્યું:

'ને પછી આ ખેતરનાં સારસ-સારસી રોજ આપણા ઘરમાં જ રહેશે, સમજ્યા ને બટુકભાઈ!'

આ સહુમાં સ્થિતપ્રજ્ઞ શો સ્વસ્થ વશરામ એના ભજનગાનમાં ગુલતાન હતો. એ તો પોતાની મીઠી હલક વડે આખા વગડાને ભરી દેતો ગાતો હતો:

*ખૂંદી તો ખમે માતા પ્રથમી*
*ને વાઢી તો ખમે વનરાઈ...*
*કઠણ વચન ઓલ્યાં સાધુડાં ખમે*
*ને નીર તો સાયરમાં સમાય...'*

*

# શ્રી ચુનીલાલ મડિયાનાં પુસ્તકો

**નવલકથા**

વ્યાજનો વારસ-પાવક જ્વાળા-ઈંધણ ઓછાં પડ્યાં-વેળા વેળાની છાંયડી-લીલુડી ધરતી ભા. ૧/૨-પ્રીતવછોયાં-શેવાળનાં શતદલ-કુમકુમ અને આશકા-સધરાના સાળાનો સાળો-સધરા જેસંગનો સાળો ભા. ૧/૨-ગ્રહાષ્ટક વત્તા એક-ઇન્દ્રધનુનો આઠમો રંગ-આલા ધાધલનું ઝીંઝાવદર

**નાટક**

રંગદા-વિષવિમોચન-રક્તતિલક-શૂન્યશેષ-રામલો રોબિનહૂડ-નાટ્યમંજરી-હું ને મારી વહુ

**કવિતા**

સૉનેટ

**સંપાદન**

શ્રેષ્ઠ નાટિકાઓ-નટીશૂન્ય નાટકો-આંતરરાષ્ટ્રીય એકાંકીઓ-ઝવેરચંદ મેઘાણી સ્મૃતિઅંક

**નાટ્યવિષયક**

નાટક ભજવતાં પહેલાં

**પ્રવાસ**

જય ગિરનાર

**નવલિકા**

ઘૂઘવતાં પૂર-ગામડું બોલે છે-પદ્મજા-રૂપ-અરૂપ-ચંપો ને કેળ-શરણાઈનો સૂર-તેજ અને તિમિર-અંતઃસ્રોતા-જેકબ સર્કલ, સાત રસ્તા-ક્ષણાર્ધ-ગોરજ-મડિયાની શ્રેષ્ઠ વાર્તાઓ-મડિયાની ગ્રામકથાઓ-મડિયાની હાસ્યકથાઓ-મડિયા વાર્તાવૈભવ-મારી વાર્તાઓ-ક્ષત-વિક્ષત-ખાકનું પોયણું

**ચરિત્ર**

વિદ્યાપ્રેમી ફાર્બસ

**નિબંધ**

ચોપાટીને બાંકડેથી-છીંડું ખોળતાં

**વિવેચન**

ગ્રંથગરિમા-વાર્તાવિમર્શ-કથાલોક-શાહમૃગ-સુવર્ણમૃગ-ગુજરાતી સાહિત્યમાં ડોકિયું

**અનુવાદ**

શ્રેષ્ઠ અમેરિકન વાર્તાઓ-કાળજાં કોરાણાં-કામણગારો કર્નલ

# ચુનીલાલ મડિયા





**જન્મ : તા. ૧૨-૮-૧૯૨૨ • મૃત્યુ : તા. ૨૯-૧૨-૧૯૬૮**

નવભારત
સાહિત્ય મંદિર
e-mail : info@navbharatonline.com
web: www.navbharatonline.com
Like facebook.com/Navbharat Sahitya Mandir
OUR APP IS NOW LIVE ON Google Play App Store

ISBN 818440219-8
9788184402193
₹ 350.00